

સતત એક જ રેખા વડે સર્જેલી અટપટી સુંદર ભાત • કલાકાર : લીઓનાર્દો દ વિંચી

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ સડસઠમું • અળંગ ૮૦૧ મો અંક • સપ્ટેમ્બર '૯૪

તંત્રી : ધીરુ પરીખ

સંપાદક : બિહારીલાલ ટાંક

કુમાર સળંગ અંક ૮૦૦

નિવેદન

ઈ.સ. ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે તાત્કાલીન ગુજરાતની ઊગતી પેઢીના સંસ્કાર ઘડતરની ઉદાત્ત ભાવનાથી 'કુમાર' માસિકનો આરંભ કરેલો. વિવિધ વિષયોની સચિત્ર અને સુરુચિપૂર્ણ રજૂઆત કરવી તે આ સામયિકની પાયાની નીતિ. અંગત સાહસ લેખે શરૂ કરેલા આ સામયિકને ત્યારે બચુભાઈ રાવતનો નિષ્ઠાપૂર્વકનો સાથસહકાર સાંપડી રહ્યો. આમ, આ બેલડીએ 'કુમાર' માસિક દ્વારા ગુજરાતના પ્રજાજીવનને વધુ સંસ્કારાભિમુખ કરવામા ઐતિહાસિક ફાળો આપ્યો છે. પ્રજાનો હૂંફાળો સહકાર પ્રાપ્ત થતાં સામયિક સમૃદ્ધ બનતું ચાલ્યં અને એમ આવી પહોંચ્યો ૧૦૦મો અંક. આ અંકને સીમાસ્તંભરૂપ બનાવવા તેને દળદાર બનાવ્યો અને એમ શતાંક પ્રકટ કરવાની પરંપરાનો પ્રારંભ થયો. એ જ રાહે ૨૦૦મો, ૩૦૦મો, ૪૦૦મો, ૫૦૦મો, ૬૦૦મો એમ વિશિષ્ટ રૂપે શતાંકો પ્રકટ થયા. અલબત્ત, સંજોગોવશાત્ ૭૦૦મો અંક શતાંક સ્વરૂપે પ્રકટ કરી શકાયો નહોતો. વચ્ચે ત્રણેક વર્ષના વિરામ બાદ 'કુમાર'નું પુનઃ પ્રકાશન શરૂ થતાં આ વર્ષે ૮૦૦મો અંક પ્રકટ કરવાનું ટાણું આવી પહોંચ્યું.


આ ૮૦૦મા અંકમાં અત્યાર સુધીમાં એટલે કે ૬૭ વર્ષની તેની કારકિર્દીમાંથી કેટલુંક ઉત્તમ પુનર્મુદ્રિત કરીએ તો આ માસિકના સંસ્થાપક અને આદ્યતંત્રની સદ્‌ગત રવિશંકર રાવળ તથા 'કુમાર' લિમિટેડ બન્યા પછી તેનું તંત્રીપદ સંભાળી 'કુમાર'ને તેની ચરમ સીમાએ પહોંચાડનાર સદ્‌ગત બચુભાઈ રાવતને ઊચિત અંજલિ ધરી શકાય. આ દૃષ્ટિથી 'કુમાર'ના લગભગ ૩૫૦૦૦ પૃષ્ઠોમાંથી ૨૦૦ પૃષ્ઠોની સામગ્રીનું ચયન કરવાનું નક્કી કર્યું. કામ ઘણું જ કપરું. શું લેવું ન શું જતું કરવું, એ મૂંઝવણભરી પરિસ્થિતિનો સામનો કરીને પણ સર્જનાત્મક-બિનસર્જનાત્મક સામગ્રીનો એક અચ્છો સંચય થઈ શકે અને જેમાં 'કુમાર'નું યત્કિંચિત પ્રતિબિંબિત પણ પડી શકે એવી રીતે પશ્ચાત્કાલીન સામગ્રીનું ચયન કર્યું. આમ કરતાં અનેક લેખકો-કલાકારોની કૃતિઓને આ પૃષ્ઠમર્યાદામાં સમાવી ન જ શકાય તે સહજ છે. 'કુમાર'માં જે ચિત્રોના થોડા બ્લૉક્સ પ્રાપ્ય હતા તેમાંથી પણ થોડા અહીં રજૂ કર્યા છે. આથી આર્ટ્પ્લેટ્સમાં કેટલાક નવા ચુનંદા ચિત્રો રજૂ કર્યાં છે, જે સહુને સંતર્પક જણાશે તેવી અમારી પ્રતીતિ છે.

આ ક્ષણે આ અંકમાં જેમની કૃતિઓ પસંદ કરાઈ છે તે સહુ સર્જકોનો આભાર માનીએ છીએ, અને બીજા અનેકોની કૃતિઓ સ્થળ સંકોચને કારણે આમાં સમાવી શક્યા નથી. તેનો વસવસો અનુભવીએ છીએ. આવો દળદાર અંક તૈયાર કરવામાં ખાસ્સો સમય જાય તે સ્વાભાવિક્તાનો સ્વીકાર કરી સહુ ગ્રાહકોનેએ ૮૦૦મા અંકના પ્રકાશનના થોડા વિલંબને નિભાવી લીધો છે, તેથી તેમના પણ આભારી છીએ. આ અંકમાં જાહેરખબર આપનાર સહુ સંસ્થાઓ-વ્યક્તિઓનો પણ આભાર માનીએ છીએ. અંતે આ અંક પ્રકટ કરીને 'કુમાર'ના બે સદ્‌ગત તંત્રીઓ રવિશંકર રાવળ અને બચુભાઈ રાવત પ્રત્યે અમે કૃતજ્ઞતાની લાગણી અનુભવીએ છીએ.

- તંત્રી

સૂચના : ઓક્ટોબર-નવેમ્બરનો અંક સંયુક્ત રૂપે નવેમ્બરના અંતે પ્રકાશિત થશે. આ અંકમાં પ્રત્યેક કૃતિ નીચે કૌંસમાં મૂકેલો આંકડો 'કુમાર'નો સળંગ અંક દર્શાવે છે.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ.
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમેન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ.
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫).
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૫૦૦; છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦




ગોપજીવનનું સંગીત

ચિત્રકાર : ભીખુભાઈ આચાર્ય

સ્થાન સમર્પિત

નૉબલ્સ કન્સ્ટ્રક્શન, નૉબલ્સ ચૅમ્બર્સ, નેહરુ બ્રિજ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૯



લંકા ઉપર આક્રમણ કરવા પૂર્વે તે અંગે ચર્ચા કરતા રામ-લક્ષ્મણ વગેરે તથા તેમની રીંછ અને વાનરની સેનાના સૈનિકો સાથેનું આ ચિત્ર જમ્મુતરફ ૧૭મી સદીમાં પ્રસરેલી પહાડી ચિત્રશૈલીનું એક વિગતસભર સુંદર દષ્ટાંત છે.



એક કિલ્લાને તોડી પડાતો જોઈને

[અમદાવાદના કિલ્લાનો થોડો ભાગ તોડી પડાતો રસ્તે ચાલતાં રોજ નજરે પડતો એ સામાન્ય લાગતા દૃશ્ય પર રચેલી પાંચ સૉનેટની આ માળામાં મૂકેલા ભાવ અને વિચાર હૃદયસ્પર્શી અને ચિંતનભર્યા છે. લાંબું કાવ્ય, થોડા અજાણ્યા શબ્દો અને કવિતાનું પ્રવાહિત્વ જો કોઈ વાચકને એનો રસ લેતાં વારે તેમ લાગતું હોય તો છેડે આપેલા સહાયક અન્વયની મદદ લીધા પછી તો કાવ્યનો રસાસ્વાદ એ મહેનત એળે નહિ જવા દે. વળી, આ સૉનેટમાળાની રચનામાંના એક કસબ તરફ પણ ધ્યાન ખેંચીએ. દરેક સૉનેટની છેલ્લી લીટી જે શબ્દથી પૂરી કરી છે તે જ શબ્દ વડે નવા સૉનેટની પ્રહેલી લીટી શરૂ કરીને કથનના પ્રવાહને ઝીલી લીધો છે; અને એ વલણ આગળથી દરેક સૉનેટમાં એ શબ્દ વડે નવો વિચાર શરૂ કરીને કાવ્ય આગળ લીધું છે. આમ આખી માળામાં એક સળંગ દોરો પરોવાઈ રહે છે.
– બ.]

૧

અહીં નથી મુહૂર્ત, મંગલપ્રદીપ ના, ધૂપ ના,
ન કુંકુમ, ન પુષ્પ, સ્વસ્તિક નથી, નથી અર્ચના,
પુરોહિત ન મૌલવી, ન અહીં મંગલપ્રાર્થી કો,
ન શિલ્પગુરુ કો, નથી અગણ્ય સંઘ તજ્જ્ઞો તણો,
નહીં બૃહદ યોજના, ઢગ નહીં સરંજામના.
અહો બદનસીબ કોટ ! તુજ આજ ઉત્પાતને
સમે અહીં નથી જ કોઈ કશું જે હતું ત્યાં તદા
યદા પ્રથમ તારી ઈંટ અહીંયાં મુકાઈ મુદા.
મજૂર અહીં સો-પચાસ ઘણકોશકોદાળી લૈ
મથે, પરમ જીર્ણ તોય હજી વક્ષ તારે દૃઢે
ઝીંકે સતત ઘા, ઉસાસભર ખિન્ન અંગાંગમાં.
જરા ખણણ, ધૂળગોટ, ગબડે તૂટેલી ઈંટો,
અને ઢગ બની ઢળે યુગયુગો ઊભેલી કથા;
પસાર સહુ થાય ત્યાંથી, નહિ આજ કોને વ્યથા.

૨

વ્યથા અહીં નથી; તથા નવ નથી હવાં કોઈને:
પુરાતન સમે ભલે તવ પ્રશસ્ત કાયા પરે
ઠર્યાં અયુત નેણ ને અયુત અંતરોની દુવા,
નિહાળી તુજ દુર્ગ-રૂપ જન શ્વસ્ત સૌ પોઢતાં.
પુરાતન સમે ભલે અચળ દીર્ઘ દુર્ધર્ષ તું,
ખડો અરિદળોની સંમુખ અભેદ્ય ઉત્તુંગ તું,
બની કમઠ-ઢાલ વજ્જર વિદારી પાછાં કર્યાં,
પ્રરક્ષક તું ચંડ આ નગરશ્રી તણો દિગ્ગજ !
હવાં નથી તું, દુર્ગ ! દુર્ગમ, અભેદ્ય, ઉત્તુંગ ના;
તને ટપી જતાં અહીં ત્રણ બદામનાં મ્હેલડાં,
ઝટોઝટ ઊંચાં ઊંચાં શિર કરી વિહાસે તને,
ખણે શૂકર શ્વાન ગર્દભ લલાટ તારું ખરે.
શી ચંચલ દશા ! કશી ન'તી કરામતોની કમી,
કૃતાંત તણી કૂચને પણ શકી ન એકે ક્રમી.

૩

અતિક્રમી શક્યું નહીં કદમ કાળનાં કોઈ, સૌ
અનુક્રમી રહ્યું કૃતાંત-પગલી,પૃથુ પંથ પે
ધરા-રથ ધસે, હવાં બૃહદ ઉચ્ચ અભ્રંકષ
બને ક્ષણ પછી લઘુ અવચ ને ધરાશાયી તે.
અહો સફર શી અપૂર્વ, અતિકાય હે દુર્ગ, તેં
નિહાળી નજરે મનુષ્ય લઘુકાયની, વામણો
ધરા ઉપર શું ટગુમગુ પળંત જંતુ સમો
ધસે ગગન આંબતો ગરુડ, માતરિશ્વા શું વા !
હવે અચળ દુર્ગના દિન ગયા, ગયા તે દિનો
ચઢી બુરજગોખ ધૂમ ઘમસાણના ખેલના,
ગયા ભુજબળો તણા, પ્રખર દ્વંદ્વના, ટેકના.
હવે અસિ ન, અશ્વ, ચાપ, નહિ તોપ બંદૂક, ના
કશુંય અહીં કામ્યાબ, તહીં જીર્ણ ને વૃદ્ધ હે,
તને નહિ નિભાવશે જગ જિગીપણા-ક્ષુબ્ધ આ !

૪

જિગીપુ જગક્ષુબ્ધ આજ, નહિ પાજ એકે ક્યહીં,
અફાટ મદ-ક્ષોભ-સાગર વિષે ન નૌકા ક્યહીં,
યુગોયુગ ટકી તું અંતર ટકાવી રાખ્યે ગયો,
હવે તુંય તૂટે, પછી કશું જ એવું જે ના તૂટે ?
મથી મથી મનુષ્યજાત રચી દુર્ગ તું શા શકી,
ખરે, પણ ત્યહીં ન આશ ટકવાની ના ના ટકી.
થતા સુગમ દુર્ગ, દુર્ગરચના હવે ક્યાં હવી ?
જળો મહીં, હવા મહીં, ગગન માંહિ, અંત્રિક્ષમાં ?
અહો ધસમસે મનુષ્ય-ઉરની જિગીપા-ક્ષુધા,
રચે અશનિ-શસ્ત્ર-અસ્ત્ર દુરજેય અન્યોન્યથી;
પ્રચંડ પણ હાથ હેઠ પડતા, ઉરો થંભતાં,
અજેય કંઈ આજ તે અતિ સુજેય કાલે થતું.
જયાજય તણાં અહા વિકૃત ઘોર આ દંગલો,
બધા જય-પરાજયો, સકળ મંગલો જંગલો.

૫

બધા જય-પરાજયો ? સકળ મંગલો જંગલ ?
નહીં. જહીં લગી હજી પરમ સત્ય ના જીતશે
તહીં લગ અહીં અઘોર ઘમસાણ રહેશે મચી,
અને ધરતી હા સદા રુધિર-પંક રહેશે પચી.
તુંયે અડગ દુર્ગ આજ ડગતો, ડગાવે તને
કયું પરમ સત્ય ? શું અચળ દુર્ગ તો તે જ જે
રચાય મનુ-અંતરે વિમલ સત્ય-સંધાનનો,
સમસ્ત જગને અમોઘ પ્રણયેથી સંરક્ષતો ?
સુદૂર અહ સ્વપ્ન ! રમ્ય અભિરામ માંગલ્ય શું !
ઊડે ઊડતી ધૂળમાં મધુર ઝાંય એ ભાવિની.
તું આ ખરતી કાંકરી મહીં હરે નિરાશા બધી,
અને ચડતી આશ ઊર્ધ્વ ગગને સુદુર્ગા બની.
ભલે અહીં ન ધૂપ દીપ ફૂલમાળ, ના અર્ચના,
છતાં અહીં ધુળેટીમાં નવવસંત-આરાધના.

સુન્દરમ્
(૨૦૦)

તારી પહેલી ઈંટ અહીં મુકાઈ ત્યારે ધૂપદીપ વગેરે તથા પુરોહિત, શિલ્પી આદિ જે કાંઈ હતું તે આજ આ ખોદાણ વેળા નથી; છે માત્ર તારા હૈયા પર ઘા ઝીંક્યે જતા મજૂરો; યુગોથી ઊભેલી કથા અહીં ઢળીને ઢગલો થતી જાય છે તેની કોઈ પસાર થનારને વ્યથા પણ નથી. વ્યથા નથી, પરવા પણ નથી; શાં તારાં પ્રાચીન કાળનાં રૂપ-શક્તિ ! નગરશ્રીના પ્રચંડ દુર્ગમ દિગ્ગજ જેવો તું, તેણે એક કાળે દુશ્મનદળો સામે જે અભેદ્ય ખડા રહીને તેમને પાછાં વાળેલાં, તેવો અભેદ્ય ઉત્તુંગ તું આજ નથી. આજ ત્રણ બદામનાં મકાનો તને ટપીને ઊંચાં ગયાં છે, ને કૂતરાં-ગધેડાં તારું શિર ખણે છે. 'શી ચંચળ દશા છે ! કરામતની કાંઈ કમી નહોતી, છતાં કાળની કૂચને કોઈ અટકાવી ન શક્યું. ખરેખર, કાળનાં કદમ કોઈ રોકી નથી શક્યું. તે જ આ વામન માનવીની કેવી સફર જોઈ છે ! એક વખતે જે જમીન પર જંતુ જેવો ટગુમગુ કરતો તે આજ આકાશ આંબતો થઈ ગયો છે. અચળ દુર્ગોના એ દિવસો ગયા, લડાઈની એ પદ્ધતિઓ ગઈ; જીત-જીતની ઝંખના કરતું આજનું જગત એ કાંઈ નભાવવાનું નથી.

જીતની એ ઝંખનાને કોઈ જ રુકાવટ નથી. કિલ્લાને હવે શું કરે ? પાણી, હવા, ગગનમાં માણસ પહોંચ્યો. ત્યાં ક્યાં કિલ્લા રચવા ? એ ઝંખના તો આજે એકએકથી દુર્જેય શસ્ત્રાસ્ત્ર યોજી રહી છે; આજ મંગલ ત્યાં કાલ જંગલ થાય છે; આજ જય તે કાલ પરાજય બને છે. આ જયના પરાજય અને મંગલનાં જંગલ શું સદા ચાલ્યા જ કરશે ? તારા જેવો અડગ દુર્ગ પણ આજ શાથી ડગે છે ? શું જગતને પ્રેમના બળથી રક્ષતો વિમલ સત્યસંધાનનો દુર્ગ જ્યાં સુધી માણસના હૃદયે નહિ રચાય ત્યાં સુધી આ ઘમસાણ ચાલ્યા જ કરવાનું ? એ રમ્ય સ્વપ્ન દૂર છે; છતાં આ ઊડતી ધૂળમાં એ મધુર ભાવિની ઝાંખી થાય છે. આ ખરતી કાંકરીઓ સાથે તું નિરાશા ખેરવી નાખે છે. ને આશા સુદુર્ગ બનીને ગગનમાં ઊંચે ચડે છે. ભલે આજ અહીં ધૂપદીપની સામગ્રી નથી; પણ આ ધુળેટીમાં જ એ નવવસંતની આરાધના છે.

આયુષ્યના અવશેષે / રાજેન્દ્ર શાહ

(હરિણી)

૧. ઘર ભણી

ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની,
વિજન પથને ચીલે ચીલે તમિસ્ર મહીં ઘનઃ
સ્વપન મધુરી નિદ્રાનું તે દગો મહીં અંજન
ભરતી ઘૂઘરી ધોરી કેરી મીઠા રણકારથી.
ચરમ પ્રહરે ઠંડી ધીમા સમીર મહીં ભળી,
સ્મૃતિદુખ મને વ્યાપે તેવી બધે પ્રસરી રહી.
લઘુક દીવડે સૂતી સીમા બધી બનીને લહી
સજળ, તમ-ને ઓઢી પાછું જતી પડખું ફરી.
પથ-તરુ તણા નીડે પંખી ક્યહીં ફરકે અને
કદીક અથવા તારો કોઈ ખરે, બસ એટલું
કળિત બનતું, ત્યાંયે ઊંડા મને કરણો સહુ
કણકણની આ માટી કેરી કથા નીરખી રહે.
જનમ-સ્થલની ઝાંખી આયુષ્યની અવધે કરું,
ભર્યું જવ હતું તેની યાદે સૂને ઘર સંચરું.

૨. પ્રવેશ

ભર્યું ઘર હતું તેના સૂના રજોમય પ્રાંગણે
લઘુક ગઠડી મૂકી આયુષ્યના અવશેષની :
ત્યહીં ધૂમસથી છાયેલા તે વિપણ્ણ ઉજેશની
ટશર ગગને લાગી; જાગી દિશા અનુકંપને.
ખબર પૂછતાં મોટેરાં જે જીવંત રહ્યાં જૂજ,
નજર કરી લૈ કામે લાગી જતી વહુવારુઓ,
કુતૂહલ થકી પ્રેર્યાં આવી વળ્યાં કંઈ બાળકો,
ક્ષણ ભસી પછી શ્વાને સૂંઘી લીધા ચરણો મુજ.
મુખથી ઊઘડ્યાં તાળાં, દ્વારે કર્યું જરી ક્રંદન,
અચલ સ્થિતિમાં ગાત્રો જેનાં જડાઈ ગયાં હતાં;
ભીતર થકી ત્યાં ભીની વાસી હવા તક લાધતાં
ધસી રહી શી ! કો પ્રેતે જાણે લહ્યું નિજ મોચન.
ઘર મહીં જતાં અંધારાંએ ઘડી લીધ આવરી,
કિરણપરશે જૂનાં પાત્રો વળી નીરખ્યાં ફરી.

૩. સ્વજનોની સ્મૃતિ

જીરણ થઈને ભીંતે ઝૂકી ઊભો હજી ખાટ આ,
રજનિ નમતાં જે ઢાળીને પિતાજી પુરાણની
જીવનબળને દેતી કે'તા કથા રસની ભરી,
પુર ઘરસમું હેતે મ્હોર્યું હતું પરસાળમાં.
મુગ્ધ મરકતું માનું જેના સ્વરે ઘર ગુંજતું :
નિતનિત વલોણાનાં એનાં અમી ધરતી હતી,
સુરભિ હતી જ્યાં સૌની વાંછા સદા ફળતી હતી,
અવ અહીં ઝૂલે ખાલી સીકું, વિના દધિ ઝૂરતું.
અહીં ઉપરની મેડી જોને કશી વલખી રહી !
પ્રિય ! ઊછળતાં બે હૈયાંનો થયો અહીં સંગમ.
અહીં પૂનમની રાતે મોજે ચડ્યાં ભરતી સમ :
ગગન ઝીલતી જાળી જાળાં થકી અવ આંધળી.
ગિરિસર સમું હંસોનો જે કલધ્વનિ રેલતું,
તમરું પણ ત્યાં આજે મૂંગી વ્યથાથી ન બોલતું.

૪. પરિવર્તન

શિશુ હૃદયના ઉલ્લાસે હ્યાં ઊભી ઝરૂખા કને
ઇહ નીરખતો ચીલો, બંકી ધરી ગતિ દૃષ્ટિમાં
ક્ષણક્ષણ રમી સંતાતો ને અનંતન સૃષ્ટિમાં
ભ્રમણ અરથે જાતો, પૂંઠે વિમુગ્ધ મૂકી મને.
તલસતું હતું હૈયું કેવું સુદૂર અગમ્યને
પથ વિહરવા કાજે ! – જેની અપૂર્ણ કથા તણા
ધૂમસ પર અંકાતી મારી સુરંગીન કલ્પના;
નિજ રચિત, આનંદે જોતાં દગો, ભવિતવ્યને.
હજીય ઝરૂખો એનો એ, હું, અને વળી પંથ આ,
પણ અવ અહીં આવી ઘેરી વળે ગતની સ્મૃતિ :
બિન મૂક થયું તોયે એની સુણી રહું ઝંકૃતિ,
વિવિધ સમયે છેડ્યા તે સૌ મળે સ્વર વૃંદમાં.
સરલ મનનાં ચાંચલ્યોનાં હવે નહિ ક્રીડનઃ
અવ હૃદયના શૂન્યે લાધ્યું પ્રશાન્ત નિમજ્જન.

૫. જીવનવિલય

અવ હૃદયના શૂન્યે પામી રહ્યો લહું છું લય,
અહીં નહિ હવે સંકલ્પો ને નહીં કંઈ વૃત્તિયે,
તદપિ મુજ કર્મોની પેલી પ્રફુલ્લિત સૃષ્ટિ તે
ચહુ દિશ થકી ગર્જે આદ્યંત જીવનનો જય.
શબદ ઊપન્યો તેવો જોકે શમે, પણ એહના
અસીમિત જગે વ્યાપી રે' છે અનંત પ્રતિધ્વનિઃ
નહિવત બની રે'તું માટી મહીં, પણ બીજની
તરુવરતણાં પર્ણે કેવી રમે શત એષણા !
જીવનનું જરા આઘે રૈ'ને કરું અહીં દર્શન,
ઊગમ નહિ વા ન્યાળું કોનાય તે વળી અંતને;
રૂપની રમણા માંહી કોઈ ચિરંતન તત્ત્વને
નીરખું, નિજ આનંદે રે'તું ધરી પરિવર્તન.
ગહન નિધિ હું, મોજુંયે હું, વળી ઘનવર્ષણ,
અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન.

(૨૮૯)

સુગંધ વણ યે / ઉપેન્દ્ર પંડ્યા

ધખ્યા પ્રખર ધોમ, લ્હાય ધરતી પરે લાગી ગૈ,
અને ગગનમાંય તે અગન આજ ફેલી ગઈ.
તપ્યા ભરબપોર : શાંત સુનકાર ઘેરી વળ્યો.
હતો અનિલ લોલ મસ્ત લહરંત તેયે કશો
કરાલ લબકંત જીભ થકી ઝાળ ફુત્કારતો
શિકારી કૂતરા જિસ્યો દડબડંત દોડ્યે જતો !
ન કોકિલકિલોલ : મંજુ નહિ આમ્રકુંજો 'થવા
લીલી લીલી તૃણાવલી યન : નરી જ ઉજ્જડ્ જિંહાં
જમીન : તહીં લાલઘૂમ ગુલમ્હોર ઝૂલી રહ્યાં !
લપેટી શિરપેચ લાલ, જરી બંકડો ઝૂકીને
પ્રચંડ કડિયાળી ડાંગ પર હૈયું ખોલી અને
બપોર બળતો દુહા પર દુહા જ લલકારતો
દુહાગીર જવાન શો,
દીઠો મદિલ લાલ લાલ ગુલ તુંય લ્હેરાવતો.
અપૂર્વ ઉરરંગથી જ ભરપૂર રંગે ભર્યું
સુગંધવણ્યે સુગંધમય ધન્ય તારું જીવ્યું !

(૩૦૦)

વળાવીને આવું / જયન્ત પાઠક

વળાવીને આવું શિશુ-શિશુજને; ઘર મહીં
બધે કેવી શાંતિ ! ઘડી પૂરવનું ક્ષુબ્ધ ભવન
તીણા મીઠા બાલસ્વરથી, ઊભું શું રોકી શ્વસન !
પડ્યું છે ખૂણામાં શિશુનું પ્રિય એ પારણું, અને
મનસ્વી ટોળીનાં શિશુ સમ પડેલાં રમકડાં;
અરે છેલ્લે એનાં બદલી દૂર ફેંકેલ કપડાં
પડ્યાં પેલા ખૂણે; ભીંત પર લીલાની જ લિપિના
લખ્યા લીટા જોઉં, પડીય હજી તો પેન્સિલ કને.
થતું જાણે : ભેદી નરી નીરવતા આ ભવનની
મને ઓચિંતા એ પરિચિત સ્વરો કાન પડશે,
છુપાયેલું જાણે શિશુ કહીંક તે 'કૂકડી કૂક'
કરી સંતાવાને બદલ ઢૂંઢવા બ્હાર સરશે,
અને જાણે સદ્ય સ્મિતથી કરશે વિસ્મયમૂક.

(૩૭૩)

જીવન / મકરન્દ દવે

અમોને વાત કો'દી ભૂલથી સુખની ન પૂછો :
કદી આનન્દ છે હૈયે, પરંતુ સુખ નથી.
અમોને સાથ કો'દી આવીને આંસુ ન લૂછો,
કદી આક્રંદ છે વીલું પરંતુ મુખ નથી.
અમે તો એટલું જાણી ગયા છીએ ફકત કે
મળી છે જિંદગી — એનું ન સુખ, કે દુઃખ નથી.

(૨૯૪)

તવ સ્મૃતિ / મનસુખલાલ ઝવેરી

મને હજીય સાંભરે ક્ષિતિજ પાસની ટેકરી,
પરોવી જહીં નેણ મેં વરસ કૈંક વીતાવિયાં,
પડ્યો સ્વજનથી અને ઘરથી દૂર જ્યારે હતો.
કદી કિરણ સૂર્યનાં કનકની રસી, એહની
કરે પ્રકટ રુદ્ર ને ગહનભવ્ય શૃંગચ્છવિ :
તદા નિકટ એટલી સરકી આવતી એહ કે
થતું : અબઘડી જ એની ઉરકન્દરાથી ઊઠી
પ્રતિધ્વનિ ગભીર સાદ મુજનો, સુણાશે અહીં.
પછેડી વળી પાતળી કદીક ઓઢીને, ધુમ્મસે
લપાવી નિજ રૂપ એ સરી જ દૂર દૂરે જતી;
અદૃશ્ય વળી સાવ એ થઈ જતીય ક્યારેક તે.
તવ સ્મૃતિય એ સમી કદીક ગૂઢ, ક્યારે વળી
અગૂઢ સળકે : તથાપિ દૃઢ મૂલ ને શાશ્વત
રહી છ ક્ષિતિજે સદા હૃદયનું રખોપું કરી.

(૩૦૦)

વળાવી બા આવી / ઉશનસ્

રજાઓ દિવાળી તણી થઈ પૂરી, ને ઘરમહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની :
વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘર તણાં
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ, સહુયે :
લખાયેલો કર્મે વિરહ, મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં.
સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા,
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું;
બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી.
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે !

(૩૦૦)

તારાં નેણ / ભાનુપ્રસાદ ત્રિવેદી

આ આભનું અતલ ઢાંકી રડે છ મેઘ
ને તોય તે વીજલ હાસ્ય કરે અકાળે;
ખાલી જરા હૃદય થાય - ન થાય ત્યાં તો
શી ઊર્મિની સઘન રૂપ-કમાન વાળે !
આવી કશી અકલ એ ગતિ હું નિહાળું
તારાં રહસ્યમય નેણ મહીં સુચારુ ! (૩૪૧)

પ્રસૂતિગૃહ-જતાં, આવતાં / હેમન્ત દેસાઈ

'હવે પછી આવું, દિવસ ઊજળો લેઈ, ઊજળું
તમારા ન્હાનાનું મુખ મલકતું, મારું ય હસું
હસું.... ત્યારે !' 'ત્યારે સહજીવનના પુદ્‌ગલ સમું
હશે સ્વપ્નું કોઈ ઘર ગજવતું આપણ સખી,
અને...' શબ્દો મારા જ્યમત્યમ દબાવી દરદના
ઉછાળામાં 'જાઉં' (કહી ધડકતી છાતી, દડતી
જરી, પાછી આછી ઊઠતી હસી આંખો) સમયના
અજાણ્યા ઓછાયા સહ ગઈ પ્રિયે, તું ઘર થકી...!
અને પાછી આવી.... (મન દૃઢ કરી) વત્સલ ઘણી
કુણેરી છાતીએ... શિશુ મલપતુ ? ના - નહીં નહીં;-
સખી, તારા મારા જિવતર તણું દર્દ જીવતું
દબાવી બે હાથે ! તનય તનથી, અંક થકી યે
ગુમાવીને ! મારું સતત રડતું સ્વપ્નું થઈને
સ્વયં ! વ્હાલી મારી, સમય છલનામાં સળગતી ! (૫૫૨)

હવે આંખોનું નામ નહિ આંખો / રમેશ પારેખ

સખીરી, હવે આંખોનું નામ નહિ આંખો.
આંખો તો મોગરાની ડાળીનું નામ
એને શમણું જોયાનું ફૂલ ઝૂલે,
રુંવેરુંવામાં પડે મ્હેકતી સવાર
જ્યારે પાંપણની પાંદડીઓ ખૂલે;
હાથમાંથી સરકીને વહી જાતાં ભાનસાન
વીંઝે રે દૂર દૂર પાંખો...
દીધું ન જાય કોઈ પંખીનું નામ
એવી હોઠોમાં ઊપડતી મ્હેક,
જાણે બધું નજરાઈ જાતું ન હોય
એમ જેને જોઉં તે મ્હેક-ગ્હેક;
એટલું ય ઓછું ન હોય એમ ફળિયામાં
આંબાની લૂમઝૂમ આંખો....
સખીરી, હવે આંખોનું નામ નહિ આંખો. (૫૫૨)

એકાકાર / સુભાષ શાહ

સમુદ્રનો ભૂતકાળ
વહે આજે નદી મહીં,
નદી તણું ભાવિ
પેલાં વાદળોમાં ગગડે છે;
આજ અને કાલ
પેલાં હિમતણાં શિખરોમાં
થીજી ગઈ.
બધું હવે એકાકાર... (૪૯૫)

જઠરાગ્નિ / ઉમાશંકર જોશી

રચો રચો અંબરચુંબી મંદિરો,
ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા;
મઢો સ્ફટિકે, લટકાઓ ઝુમ્મરો,
રંગે ઉડાવો જળના ફુવારા !

રચો રચો ચંદનવાટિકાઓ,
રાચો રચી કંચનસ્તંભમાલા;
ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો,
ને કૈંક ક્રીડાંગણ ચંદ્રશાલા.
રચો ભલે !
અંતરભાર શિલા.
એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે ?
દરિદ્રની એ ઉપહાસલીલા
સંકેલવા કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે !
ખંડેરની ભસ્મકણી ન લાધશે ! (૧૦૯)

રાતરાણીએ મીંચ્યાં લોચન / સુરેશ દલાલ

રાતરાણીએ મીંચ્યાં લોચન, સૂરજમુખીએ ખોલ્યાં,
સૌરભભીનો સૂર લઈને વનપંખીઓ બોલ્યાં.
કાજળનો દૂર કરી કામળો
જાગી ઊઠ્યા પ્હાડ,
પડછાયા થઈ પોઢ્યા'તા એ
પ્રકટી ઊઠ્યાં ઝાડ;
શમણાંના આ બુંદ બુંદને પાંદડીઓએ ઢોળ્યાં,
રાતરાણીએ મીંચ્યાં લોચન, સૂરજમુખીએ ખોલ્યાં !
અંધકારનો દરિયો ડૂબ્યો,
કિરણ કિરણની રેતી,
દરિયા રણના કાંઠા વચ્ચે
જાય સદા યે વહેતી;
આંસુ ને સ્મિતના સરવરમાં નયન કમળ આ કોળ્યાં,
રાતરાણીએ મીંચ્યાં લોચન, સૂરજમુખીએ ખોલ્યાં !
(૫૦૦)

જીવતો ડૂબી ગયો / જલન માતરી

બુદબુદા રૂપે પ્રકટ થઈ ડૂબનારાની વ્યથા
ઠેસ દિલને, બુદ્ધિને પેગામ એવો દઈ ગઈ
કેટલાં હલકાં છે આ સાગરનાં પાણી ? શું કહું !
જીવતો ડૂબી ગયો, ને લાશ તરતી થઈ ગઈ ! (૫૫૨)

વિશાળાં મેદાનો / પ્રજારામ રાવળ

વિશાળાં મેદાનો અવનિ પર ખુલ્લાં પ્રસરિયાં
ગમે નિત્યે; ધીરે નજરપટ વિસ્તારું મુદથી.
છવાયેલો કૂણાં સુખસ્પરશ લીલાં તૃણ થકી,
ઉનાળાનો કિંવા પડતર પડેલો પટ લૂખો,
ભલે ઊંચોનીચો, વિષમ અતિ; ખામી ન સુખમાં !

મને મેદાનોની નરી બૃહદતા તૃપ્તિકર, હા !
વિશાળાં મેદાનો, વિતત કલકલ્લોલ જલધિ,
અને ઝૂક્યું બ્હોળું ગગન નીરખું મોદિત સદા.
નિહાળું ખુલ્લી આ સહુ બૃહદતા વિસ્તૃત ઢળી
અને બંધાયેલું અતિ લઘુક સીમા સુદઢમાં
લભે મુક્તિ મારું મન; મન તણો બદ્ધ પટ કે
અહો, ધીરે ધીરે મૃદુ મૃદુ સુવિસ્તારિત થતો...

(૪૦૦)

પડઘા / રાજેન્દ્ર શુકલ

પછી આંખમાં આછરી જાય છાયા,
પછી શ્વાસમાં ઓગળી જાય પડઘા.

પુરાઈ હશે વાવ કોઈ પુરાતન,
કબૂતરની પાંખોના સંભળાય પડઘા.

ડુબાવી દીધો છે અમે શબ્દ છેલ્લો,
હવે માત્ર જળના આ ફેલાય પડઘા.

અચળ મૌનના આભઊંચા શિખર ઓ
તળેટીમાં કોના આ કરમાય પડઘા ?

ધબકવું હૃદયનું થયું બંધ આખર,
કહો ક્યાં સુધી એમ સચવાય પડઘા !

(૫૦૩)

વીર નર્મદનો ગુજરાતીઓને બોધ / બ. ક. ઠાકોર

ન શોક કરશો કદાપિ રસિકો વિમાસી મુજ તાવણી;
જુવો સકલ જીવ-જીવન, ન એક બે-દરદ ભાળશો :
ભલે દરદ, ઘા ભલે, અપયશો ભલે, અભિભવો ભલે,
સદાય ઉર પ્રેમમાં, રુધિર જો રહે બ્હડતું શૌર્યમાં.

(૧૧૪)

પિતાની પ્રથમ મૃત્યુતિથિએ / ચિનુભાઈ મોદી

તમે મારાથી કાં દૂર દૂર થતા જાવ ? તમને
ધકેલે ધીમેથી સમય...

સવારે ઊઠ્યામાં સ્મરણ થઈ આવે પ્રથમ, તો
વિના કોઈ બ્હાને અવશ ઉપર મોંફાટ રડતાં,
કડી સંબંધોની સહજ પણ ઢીલી થઈ ન'તી,
ઘરે વાતેચીતે વિષય પણ એ એ જ; મળતાં
પથે સ્નેહીઓ તો સ્મરણ સઘળાં યાદ કરતાં તમારી સાથેનાં.

હવે વીત્યે થોડો સમય, નથી હું યાદ કરતો
પહેલાંની પેઠે; કદીક લઉં ચ્હા બે કપ યદિ
તમારી પેઠે તો સ્મરણ ઉરમાં જાય છલકી;
વરે ધીમેધીમે મુજ ઉરદશાને ઘર બધું.
તમારાથી હું યે દૂરદૂર થતો જાઉં; હળવે
મને યે દે ધક્કો સમય...

(૪૬૧)

વણ-રેખાયું વન / મણિલાલ દેસાઈ

પ્હાડમાંથી પ્હાડ, ઝાડમાંથી ઝાડ વણરેખાયું વન,
ઊડતું રે'તું થઈને સૂડો ડાળથી ડાળે મન.

પ્હાડની ઓથે ભૂખરા પટે વ્હેતું સૂકું ઝરણ,
કોતર કુંજે કૂદતું જાતું હોય ન જાણે હરણ !

પટના વિશાળ પથરા પાડે સિંહને ગળે ત્રાડ,
ધ્રૂજતી ટેકરી-ટોચ થઈને વનનાં ઝીણાં ઝાડ.

ક્યાંક ભૂરા, ક્યાંક સાવ લીલા, ક્યાંક વનફૂલે લાલ-પીળા,
છાંયડા કાબરચીતરા જાણે વાઘ-વરુશા, શીળા.

પથરા-કોતર, સાગ ને સીસમ ક્ષિતિજ આભથી દૂર,
વણદેખાયા રાનનું જાણે વધતું રે'તું પૂર !

પ્હાડમાંથી પ્હાડ, ઝાડમાંથી ઝાડ વણરેખાયું વન,
ઊડતું રે'તુ થઈને સૂડો ડાળથી ડાળે મન !

(૫૦૩)

શિશિર / દિનેશ કોઠારી

કાળા કાળા બરફની રાત,
બરફની રાત મહીં પોલાદની નદી,
પોલાદની નદી કાંઠે પથ્થરનું વન.
પથ્થરના વન વિષે ચીતરેલાં વાઘ-વરુ
ઘૂઘવતાં થીજી ગયા ઘૂવડની ઘૂક:
ૐ શાન્તિઃ શાન્તિઃ શા....

(૪૯૩)

આવે ભલે / જશવંત લ. દેસાઈ

આવે ભલે નિષ્ફળતા ફરી ફરી,
એ આવતી ના કંઈ ખાલી હાથે;
પ્રત્યેક વેળા
અમૂલ્ય એ અર્પતી હર્ષશૂન,
-જેની ન કૈં કિંમત તે સમે દીસે.
નિઃસીમ આનંદથી કિંતુ ઊછળે
હૈયું, યદા આગળ સર્વ શૂનની
સાફલ્ય મૂકી બસ એકડો દે !

(૪૦૦)

ત્યાગ ? / ગીતા પરીખ

આ લોકમાં ને પરલોક માંહે
વસી રહેલા સહુ પ્રેમીઓને
મેં પ્રશ્ન પૂછ્યો : 'નિજ ચાહનારના'
કાજે કર્યો ત્યાગ તમે, કહો, શો ?
ત્યાં બોલ્યું કો, 'મેં મુજ મા-પિતાનું
વાત્સલ્ય ઠેલી પિયુ સંગ લીધો.'
ને કો વધ્યું, 'મેં મુજ વારસાની
અખૂટ સંપત્તિ ત્યજી, ત્યજી ઘર
પ્રિયા તણો હાથ ગ્રહ્યો ખરેખર !'
ને કોઈ કહે, 'પ્રીતમ-માંદગીમાં
મેં શુશ્રૂષા કરી સદા અનિમેષ નેને
ખર્ચી દીધું સઘળું સ્વાસ્થ્ય જ મારું સ્નેહે.'
ત્યાં સાદ જાગે ગત કોઈ પ્રાણનો :
'બચાવવાને મુજ પ્રેયસીને
મેં તો – અકસ્માત થકી – કરેલ
આત્મા તણું અર્પણ પ્રેમભીનું.'
કોઈ વધ્યું, 'પ્રીતમ-મૃત્યુ સ્હેવું
ના લાગતાં શક્ય કરી દીધું 'તું
મેં એમની સંગ જ અગ્નિસ્નાન.'
બોલી ઊઠે કો મૃતનો અવાજ
ત્યાં : 'પામતાં ઇચ્છિત પ્રેયસી ના
મેં પથ્થરે શિર ફૂટી દીધું મમ.'
ને આમ લાખ્ખો સ્વર પ્રેમ-ત્યાગની
કથા તણાં સપ્તક કૈં ગુંજાવતાં
જાગી રહ્યા'તા...

....ત્યહીં મૂંગી મૂંગી
સામાન્ય સ્ત્રી કો સુણતી હતી બધું.
મેં પૂછ્યું એને બહુ, બોલી અંતે,
'મેં સ્વામીને 'અન્ય' ગણ્યા કદી ના
મારા થકી કેમ કહું કર્યો છે
કૈં ત્યાગ મેં એમની કાજ કો દી ?' (૪૦૦)

અતીતની માધુરી / લાભશંકર ઠાકર

સવાર શી શ્રાવણની ભીની ભીની !
ને રોજની જેમ જ રમ્ય પોડશી
(હૈયાસરે એક કીલેલ પોયણી)
પસાર રસ્તા પરથી થઈ; અરે
શાને પરંતુ મૃદુ પોપચાં જરા
ઊંચાં કરીને નિત જેમ જોયું ના ?
અને ન આછી મલકાટમાધુરી
રેલાઈ ગોરા મુખ ગોળની પરે ?
જલેભર્યા કો' ઘનની તિરાડથી
ઝરી નરી કાંચનસેર પાતળી.
ને એ વિષે શી ઝળકી હળુહળુ
લીલીલીલી કૈં અભિરામ ઓઢણી !
તારુણ્યતાલે સરકંત દૃષ્ટિ
પૂંઠે ગઈ, ને પથના વળાંકમાં
ભીનાભીના અંચલને ઝુલાવી
વળી ગઈએ કમનીય પોડશી.
ને તન્મના દૃષ્ટિ વળાંક-ખૂણે
ઊભી રહી આકુલ ચૂપચાપ.
આષાઢ ને શ્રાવણ કૈં સરી ગયા,
એ વાતને તો વરસો વહી ગયાં.
ને તો ય વાતાયનમાં હું કો'ક દિ
ઊભો રહી કો' પથના વળાંકને
ટીકી રહું છું અનિમેષ જ્યારે,
ત્યારે ફરી કો'ક અકથ્ય તત્ત્વ
આવી મને સ્પર્શી જતું, હલાવતું
અસ્તિત્વ આખું.
હૈયું બને કૈં પથ ધૂળિયો અને
તારુણ્યતાલે ધૂળને ઉડાડતાં
પસાર જાણે પદપદ્મ શાં થતાં !
ખભો હલાવી
જગાવતું કોઈક; પંથ શૂન્યના
વળાંકથી હું મુજ દૃષ્ટિ વાળીને
આવી પછી બેસી જઉં જ બેઠકે.
ભરું, ઉપાડી કપ, ઘૂંટ કૉફીનો.
સભાનતાનું લઈ તીવ્ર શસ્ત્ર રે
નાખું કરી નષ્ટ સમગ્ર માધુરી
અતીતની, ને વળું વાતચીતમાં.
સંસારમાં હું શબ શો ભમી રહું.

(૪૬૭)

રાજસ્થાન / રઘુવીર ચૌધરી

વગડે વગડે ઝાડ ટચૂકડાં
ક્યાંક હોય તે પાન વિનાનાં ઝૂરે;
ડુંગર ડુંગર ભૂરા કોરા,
ઝરણ વિનાનાં પથ્થરિયાં મેદાન,
વસેલાં ખૂણેખાંચરે ગામ.
સૂર્યના ખુલ્લા એ આકાશમહીં
નિજ છબી વિનાની ફ્રેમ નીરખતું.,
જુગજુગનો નિર્વેદ જીરવતું,
પ્રશ્ન વિનાનું ચિત્ત હોય ત્યમ
નિયત શાંતિમાં પ્રસર્યું રાજસ્થાન.
ઊંટનાં સ્તબ્ધ રુંવાં શું ઘાસ,
ઘાસ પર વરસી આવે રેત,
રેતનો રંગ ઊંટની પીઠ ઉપર ને
આંખોમાં પણ ફરકે એવો.
હરતાં ફરતાં
જરાક અમથા કાન માંડતાં
મરુભોમનો શોક સાંભળી શકો તેમ પણ.
માણસના ચહેરા પર જાણે
ઊંડી લુખ્ખી રેખાઓમાં
એકમાત્ર ભૂતકાળ વિકસતો;
નથી હવે ઇતિહાસ એમના હાથે....
બધો પરાજય ખંડિયેરના કણકણમાં
ઊપસેલો દેખો.
મીરાંબાઈએ છોડેલા મંદિરની વચ્ચે
જ્યોત વિનાનું બળે કોડિયું
દેશદેશના મૃગજળ જેવી એક પદ્મિની
જૌહરની જ્વાળાઓમાં સૌભાગ્ય સાચવે.
મારા ગામે ભાગોળે બેઠેલા.
ધીરે હુક્કો પીતા વૃદ્ધો માટે,
પૂજાનો સામાન ગ્રહીને જતી કન્યકા
કાજે,
આજે ઊંટ તણી પીઠે લાદીને
લાવી શકતો નથી હું રાજસ્થાન.
હવે તો આંખમહીં એ ટકે એટલું સાચું.

(૪૯૫)

વ્યથા / મનહર મોદી

પાંપણો પલકી અને નયનો ઢળ્યાં,
રૂપનું છલ કારમું સહવું પડ્યું;
દિલ મહીં ધિક્કાર ફેલાયો છતાં,
'આપને ચાહું છું હું' કહેવું પડયું. (૪૯)

કાળની કેડીએ / નિરંજન ભગત

કાળની કેડીએ ઘડીક સંગ,
રે ભાઈ, આપણો ઘડીક સંગ;
આતમને તોય જનમોજનમ લાગી જશે એનો રંગ !

ધરતીઆંગણ માનવીના આ ઘડીક મિલનમેળા,
આખર તો સૌ અલગ એવી આવશે વિદાયવેળા;
તો કેમ કરીનેય કાળ ભૂલે ના એમ ભમીશું ભેળા.
હૈયાનો હિમાળો ગાળી ગાળીને વહશું હેતની ગંગ !

પગલેપગલે પાવક જાગે ત્યાં ઝરશું નેનની ઝારી,
કંટકપથે સ્મિત વેરીને મ્હોરશું ફૂલની ક્યારી,
એકબીજાને જીતશું, રે ભાઈ, જાતને જાશું હારી.
ક્યાંય ન માય રે એટલો આજ તો ઉરને થાય ઉમંગ !

(૫૪૨)

જ્યાં ચરણ રુકે ત્યાં કાશી / હરીન્દ્ર દવે

જ્યાં ચરણ રુકે ત્યાં કાશી.
ઝાકળના બિંદુમાં જોયો
ગંગાનો જલરાશિ–જ્યાં૦
જ્યાં પાય ઊઠે ત્યાં રાજમાર્ગ, જ્યાં તરતો ત્યાં મહાસાગર,
જે ગમ ચાલું એ જ દિશા મુજ ધ્રુવ વ્યાપે સચરાચર;
થીર રહું તો સરકે ધરતી
હું તો નિત્ય પ્રવાસી–જ્યાં૦
સ્પરશું તો સાકાર, ન સ્પરશું તો જે ગેબી માયા,
હું જ ઉકેલું, હું જ ગૂંચવું, એવા ભેદ છવાયા;
હું જ કદી લપટાઉં જાળમાં
હું જ રહું સંન્યાસી–જ્યાં૦
હું જ વિલાસે રમું, ધરી લઉં હું જ કદી એકધ્યાન,
કદીક હું અવમાનું, માગું કદી દુષ્કર વરદાન;
મોત લઉં હું જાચી, જે પળ
લઉં સુધારસ પ્રાશી–જ્યાં૦

(૪૦૦)

સદા દિવાળી / ચિમન કલાલ

કેવી પળે તેં પદરેખ પાડી:
ભાળું સદા આંગણમાં દિવાળી !
બને કદી જો તુજ નેણ રાતાં,
બપોરિયાં લાલ છતાં જ થાતાં !
શબ્દો કૂદીને મુખમાંથી ઊડે;
માણી લઉં : તડતડિયાં જ ફટે !
તારા-સળીના તણખાય ઝીલું,
જ્યારે નિહાળું મુખ ખીલું ખીલું ! (૪૪૧)

મોગરો / બાલમુકુન્દ દવે

વણવાવ્યો ને વણસીંચિયો
મારા વાડામાં ઘર પછવાડ રે
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.
આતપનાં અમરત ધાવિયો
ધોળો ઊછર્યો ધરતીબાળ રે.
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.
આવે સમીરણ ડોલતા
કંઈ કુદરત કરતી લાડ રે.
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.

આડો ને અવળો ફાલિયો
મસ ફૂલડે મઘમઘ થાય રે.
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.
એવો મ્હોર્યો અલબેલડો
એને ચૂંટતાં જીવ ચૂંટાય રે,
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.
સૃષ્ટિ ભરીને વેલ વાધતી
વળી વાધે નિભવિતાન રે.
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે.

કળીએ કળીએ રાધા રમે
એને પાંદડે પાંદડે કહાન રે.
મોગરો મ્હોર્યો મ્હોર્યો રે. (૨૯૭)

શ્યામ / નિનુ મઝુમુદાર

મેશ ન આંજું, રામ !
લેશ જગ્યા નહીં, હાય સખીરી ! નયન ભરાયો શ્યામ.
એક ડરે હું રેખ ન ખેંચું ભલે હસે વ્રજવામ,
રખે નયનથી નીર વહે તો સંગ વહે ઘનશ્યામ-મેશ૦
કાળાં કરમનો કાળો મોહન કાળું એનું નામ,
કાજળની વધુ કાળપ લાપે કરશે કેવાં કામ-મેશ૦ (૩૪૪)

હવે / ઈન્દુકુમાર ત્રિવેદી

વતનથી શ્હેર ભણી દોડી રહી ટ્રેન મહીં
જોતો રહું : મુસાફરો આવ-જાવ કરી રહ્યાં;
જોતો રહું; બારી બ્હાર, બારી બ્હાર....
'ક્યારના શું આમતેમ જોયા કરો ?
બાળકની જેમ બસ જોયા કરો બારી બ્હાર ?
એનાં એ જ ખેતરો ને ઝાડવાં,
આ નદી-તાળાં, ડુંગરાઓ, કોતરો ને ગામડાં;
બાકી રહ્યું હોય તેમ
ટીકીટીકી તારાઓમાં જોયા કરો ?'
'બાળકની જેમ ?
હવે... બાળકની જેમ !' (૪૯૫)

હાઈકુ / સ્નેહરશ્મિ

ઝરૂખે ચાંદો

ઝરૂખે ચાંદો
ઝરે ઝાકળ બિન્દુ :
ચૂંદડી ભીંજે
(૫૦૦)

પાનખર

પર્ણ વિનાની
ડાળીઓમાં સૂરજ
ટીંગાતો જાય
(૫૦૦)

કામ કામ / પિનાકિન્ ઠાકોર

ખાખોયે વખત મારે કરવાનું કામ કામ;
નહિ એકેય ઘડીનો રહે લેવાનો વિરામ.
સવારથી ઊઠીને હું ચડી જાઉં કામે,
ક્યારેક તો મોડી સાંજે
ક્યારે માંડ અધરાતે વળું હું વિરામે.

જાણું છું કે કામમાં તો લાગતી ન કૈં નાનમ,
કામ કરવાનું એ તો કર્મયુગ કેરો ધર્મ,
અને વળી કરું જે તે બધો સ્નેહ કેરો શ્રમ,
પોતાનાંને કાજે કર્મ જીવનનો એ જ મર્મ.

સતત આ ચાલ્યે જતું સંસારનું ઋતુચક્ર,
પૃથ્વી કેરી ધરી જેવી ગતિ એની નિત્ય વક્ર;
ઋતુઓ કૈં પલટાય, પલટાય વારેવારે,
કમલના દલ જેવો કોરો ભીંજાઉં ના ક્યારે.

પણ કોઈ વેળા ક્યાંક જોવાઈ જતાં જરાક,
નાનાંમોટાં કાળાંધોળાં આભનાં બાદલ વળી
ખેતરને ખોળે ઝૂલે ફૂટતા અંકુર લીલા,
ફૂલ ફોરે કળીમાંથી કોળીને ખીલી ઊઠેલાં,
શિશુ કાલાં ખડખડ હસતાં શાં લળી લળી.

મનને ખૂણે એકાદ ઘડી એવું ઝંખી રહું,
બસ બેઠો બેઠો ક્યાંક આ બધું હું જોયા કરું.
બીજી પળે જાગી જાઉં; ક્યાં છે એવી નવરાશ ?
ક્યારેક નિરાંતે એ સૌ વિચારીશું રાખી આશ;
હમણાં તો ચાલ જીવ ભાગ અહીંઆંથી ભાગ,
કામે લાગ, કામે લાગ, કહી આગે ડગ ભરું.
કમલદલથી ઝરી ગયું બિંદુ જલ કેરું. (૪૦૦)

ચાહું / વિનોદ અધ્વર્યુ

આ જિંદગી ક્ષીણપ્રવાહ તોયે
ચાહું વહે માત્ર સરસ્વતી શી
નિત્યે તપ્યા નિર્જલ કો મરુસ્થલે !
ખારા સમુદ્રે શમવા થકી તો
છો રેતમાં થાય વિલુપ્ત ! જ્યાં ઝરી
કો વીરડામાં, વસમા ઉનાળે
બે ઘૂંટ મીઠા બની તીવ્ર તૃષ્ણા
સંતોષવાનું કદી ભાગ્ય સાંપડે ! (૩૭૬)

ધોમ / પ્રદ્યુમ્ન તન્ના

આકરા તપે ભાણ

ભૂંજાઈ ચાલી ભોમકા ને કાંઈ તતડી ઊઠ્યા પ્હાણ !
જહીં ભાળું તહીં લપકે બધે આજ શું અગનઝાળ ?
ઝરતી જાણે તણખા તીખા કેરની પાંખી ડાળ !
હમણાં રે'શે ભભકી ઓલ્યું સાવ સૂકું ચરિયાણ.

આકરા તપે ભાણ

કોક મેલી ગ્યું વગડા માંહીં દીવડિયુંના ઢગ ? !
થોરને ડાંડે-ડાંડલે કેવી પ્રગટી જોને શગ !
ટેકરે-ટીંબે ભડકે બળે ખાખરા કેરાં રાન !

આકરા તપે ભાણ

વાયરો યે તે થઈને વેરી અવળોસવળો વાય,
ગવન ઘેરાં લાલ રે સઈ ! રહીરહી લહેરાય;
ઝળહળ ઝીલે ઝાંય એની આ નીતરેલાં નવાણ !

આકરા તપે ભાણ

ત્રાંબા કેરી ગાગર હારે માંડતું જાણે હોડ,
તગતગે કૈં મુખડું તારું તડકે રાતું ચોળ !
ન્યાળ, લે આંહીં આભલામાં, જો કીધ ન સાચું માન !

આકરા તપે ભાણ. (૪૪૮)

-તો આવ્યાં કને / ચંદ્રકાન્ત શેઠ

શોધતો હતો ફૂલ ને, ફોરમ શોધતી હતી મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.

ક્યાંક રે આંબો ટહુક્યો એની
વનમાં મ્હેકી વાત,

કમળ જેવો ખીલતો દિવસ,
પોયણા જેવી રાત;

શોધતો રહ્યો ચાંદ, ને રહી ચાંદની શોધી મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.

આંખ મીચું ત્યાં જૂઈનું ગાલે (૪૯૫)
અડતું ઝાકળફૂલ

મનમાં જાણે લ્હેરવા લાગે
વ્યોમની કિરણઝૂલ.

શોધતો જેની પગલી, એનો મારગ શોધે મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.

ફાગણઘેલીને / દિલીપ ઝવેરી

ફાગણને આગ કહે કો'ક,
મેં તો ગોરી ! તારા આંગળીના ટેરવામાં દીઠી.
પાંદડી અડે ને હું તો દાઝું, કે કોયલનો ચંપાતો બોલ-અંગારો,
આંખો મીચું ને તો ય પાંપણમાં તાહ, અરે સપનામાં એજ રે તિખારો;
તારા હોઠોથી હોઠ આ જલાવવાનું રોક,- ફાગણને૦
પ્રીતમાં મહેક્યું કોઈ ફૂલ સમું, કાંટાની કોઈના હિયામાં વહી શૂળ,
સાગર માનીને કોઈ છલક્યું, કે ઊડ્યું થઈ સહરાની ઝંઝામય ધૂળ;
મારે તો કહેવાના બોલ બધા ફોક, - ફાગણને૦
રોમ રોમ પીડ તો ય મુખ પરે પ્રીત મીઠી,
(કે) આગ તારી આંગળીના ટેરવામાં દીઠી. (૫૦૦)

આંકડા ભીડી / વ્રજલાલ દવે

પંડની સાથે આંકડા ભીડી,
નેણને રાખી બ્હારથી બીડી,
મન ગમે તે ગાઈ લેવા દો.

દૂરને મારગ ફૂલનાં વનો, ખેંચતાં રે હીરબંધ
રૂપની પારે પૂગતાં પ્હેલાં આંખ તો થાતી અંધ,
અધખીલેલી પાંપણ-પ્રોએ આંગણું કૂણું છાઈ લેવા દો.

કોક લાખેણી ચાંદની ઢળે જળ-જમીને અંક
દિન ઊગ્યે ક્યાં ઢૂંઢવા એના અંગના પાગલ રંગ ?
સેંજળ વાવી જૂઈને હવે હાથને હૈયે પાઈ લેવા દો.

જળની રંગત લ્હેરખી નભે સરતાં શેની વાર ?
'તેજના દોરે પ્રથમી વીંટું' - સૂરજ થાય ખુવાર !
કોકના કાચે તંત બંધાવા નજરુંની અવળાઈ રહેવા દો
મન ગમે તે ગાઈ લેવા દો. (૫૦૦)

હેમંતની સાંજ / યોસેફ મૅકવાન

ઝાડના ડાંખળે ડાળીએ
સૂર્યનાં કિરણ ચોંટી રહ્યાં;
પાસમાં
ટૂંટિયું વાળીને શાંત છે પથ પડ્યો !
ચોતરફ
વાયુના કાફલા બરફ શા આભને લૈ વહે;
ક્યાંકથી આવતો પંખીનો નાદ પણ
થૈ કરો કાનમાં વાગતો.
એમ લાગે ઘડી
સાંજ આ ચિત્રમાં હોય જાણે મઢી ! (૪૯૪)

ક્યાં જાવું ? / 'ગાફિલ'

તરંગોને તો દરિયો છે, ભલા આરાએ ક્યાં જાવું ?
વિચારો કાજ છે દુનિયા, આ દિલ મારા એ ક્યાં જાવું ?
જીવનનો સાથ સ્વીકારું કે પાલવ મોતનો પકડું ?
નથી સમજાતું એના એક અણસારાએ, ક્યાં જાવું ?
નથી પડતું લગારે ચેન જેનાં દ્વારા વિણ દિલને
દિયે છે એ જ જાકારો, એ જાકારાએ ક્યાં જાવું ?
રુદનનું એ જ છે કારણ કે બે આંખો, સ્વપ્ન લાખો,
ને હર સ્વપ્ને ફૂટે રસધાર, એ ધારાએ ક્યાં જાવું ?
મના રડવાની કરતાં પહેલાં સમજાવે મને કોઈ,
કોઈની યાદમાં તડપેલ અંગારાએ ક્યાં જાવું ?
ન ફાવ્યું તો ગયાં કરમાઈ પુષ્પો પાનખર આવ્યે,
ખરી શકતા નથી. કંટક, એ દુઃખિયારાએ ક્યાં જાવું ?
મળી રહે છે સહારો દેહને કબ્રે સ્મશાને, પણ-
ઠરી ને ઠામ થાવા જીવ-વણઝારાએ ક્યાં જાવું ?
મરણનો સાથ પણ મળતો નથી એને, અરે કિસ્મત
મરણ વાંકે જીવનનો ડોળ કરનારાએ ક્યાં જાવું ?
નહીં ઠેલી શકું એને હું જાણું છું છતાં ગાફિલ,
જીવન છોડી મરણના એક પડકારાએ ક્યાં જાવુ ? (૩૪૬

કાંટો / ધીરુ પરીખ

શોક્ય, મારી ઝાંખરે ભરાણી ઝીમી
કે કાંટો બટક દઈને બટક્યો,
ગોત્ય કરું આભલાંને અંજવાસ
કે કાંટો કઈ કોર જઈને અટક્યો !
મર્ય, ત્યાં તો ટેરવે ટશિયો ફૂટ્યો
કે કાંટો ચટક દઈને ચટક્યો,
અર્ય, મેં તો મોંમાં આંગળી મેલી
કે કાંટો તઈં ચોર થઈને છટક્યો !
હાય, ઇ તો રુદિયા હોંહરો નેહર્યો
કે કાંટો ખટક દઈને ખટક્યો;
લાહ્ય મેલી લીલા જીવતર માંહ્ય
કે કાંટો કઈ મૉર થઈને ભટક્યો !
શોક્ય, તારી જીભની ચંદન-ડાળે
કે કાંટો સરપ થઈને લટક્યો;
શોક્ય, મારી ઝાંખરે ભરાણી ઝીમી
કે કાંટો બટક દઈને બટક્યો ! (૫૪૮)

રસ રૂપનો / હરિશ્ચન્દ્ર ભટ્ટ

આંખો ભરી ભરી પીધો રસ રૂપનો એ
ને જે વધ્યો નયનના જલમાં વહ્યો'તો
(ને એ જ માત્ર તમને સહુને જણાયું) (૨૨૪)

ઊપડી ડમણી / ભાનુપ્રસાદ પંડ્યા

દા'ડી સાંજે સીમથી વળતું વાતનું રમ્ય ટોળું,
વીંખી, લીધું ટીખળ મહીંથી એક, પેલા કૂવાના
કાંઠે દીઠા કમનીય વળાંકો વીંટીને, નદીની
રેફૂડીની રમત બધી પાનેતરે ગોપવીને,
તોફાનોની ઢગલી અમથી એક નાની કરીને,
ઓગાળીને નયન ગમતીલાં, મજાકો વિખેરી,
માફાવાળી ડમણી નીકળી નૂર લૈ આંગણાનું !

સાંતી છોડી ગુસપુસ કરી ગોઠડી ભેરુ સંગે
મોં ભાળ્યાની ચગળીચગળી કોઈ મધ્યાહ્નવેળા
છાંયે બેસી ઝગતી બીડીનાં ગૂંચળાંમાં ધસંતું
શેઢે જોયું રૂપ ધૂમસિયું ! આજ ગાડું ભરીને
સોડે બેઠું ! રજનીભરનું રુક્ષ એકાંત લીલું
લીલું થાશે ! મબલખ લણી પાક સૌ સોણલાંનો
સાફાવાળી ઊપડી ડમણી ગામને ગોંદરેથી ! (૫૩૫)

કૃષ્ણ-રાધા / પ્રિયકાન્ત મણિયાર

આ નભ ઝૂક્યું તે કાનજી ને ચાંદની તે રાધા રે !
આ સરવરજલ તે કાનજી ને પોયણી તે રાધા રે !
આ બાગ ખીલ્યો તે કાનજી ને લ્હેરી જતી તે રાધા રે !
આ પરવતશિખર તે કાનજી ને કેડી ચડે તે રાધા રે !
આ ચાલ્યાં ચરણ તે કાનજી ને પગલી પડે તે રાધા રે !
આ કેશ ગૂંથ્યા તે કાનજી ને સેંથી પૂરી તે રાધા રે !
આ દીપ જલે તે કાનજી ને આરતી તે રાધા રે !
આ લોચન મારાં કાનજી ને નજરૂં જુએ તે રાધા રે !
(૩૩૪)

પાસપાસે તો ય / માધવ રામાનુજ

પાસપાસે તો ય કેટલાં જોજન દૂરનો આપણો વાસ !
જેમ કે ગગન સાવ અડોઅડ તો ય છેટાંનો ભાસ.

રાત દિ'નો સથવાર તે સામે મળવાનું તો કોઈ દા'ડો સુખ મળતું નથી !
આવકારાનું વન અડાબીડ બારણું ખોલી ફળિયામાં સળવળતું નથી !
આંસુને યે દેઈ દીધો ભવનો કારાવાસ...

ઝાડથી ખરે પાંદડું એમાં ય કેટલાં કિરણ આથમ્યાનું સંભારણું હશે !
આપણી વચ્ચે 'આવજો'ની કોઈ ભીંત હશે, કે યાદ જેવું કોઈ બારણું હશે ?
પડખે સૂતાં હોય ને લાગે શમણાંનો સે'વાસ
પાસ પાસે તો ય. (૫૬૦)

એથી જ / મનોજ ખંડેરિયા

એથી જ રંગરંગથી સઘળું ભર્યું હતું,
આંખો મહીં પતંગિયાએ ઘર કર્યું હતું.

નભમાં તરંગો આમ અમસ્તા ન હોય કૈં :
કોનું ખરીને પીછું હવામાં તર્યું હતું ?

જે આજ ફૂટપાથ ઉપર પાંદડાં પડ્યાં,
નભ કાલ એના ફરફરાટે ફરફર્યું હતું.

પોલાણ ખોલી બુદ્દ્બુદાનું જોયું જ્યાં જરી
એમાં ય એક આખું સરોવર ભર્યું હતું !

આવીને પાછું બેઠું'તું પંખી યુગો પછી,
ક્યાં અમથું શુષ્ક વૃક્ષ ભલા પાંગર્યું હતું ?

આ શબ્દ મારા મૌનને એવા ડસી ગયા :
ભમરાએ જાણે કાષ્ઠનું પડ કોતર્યું હતું ! (૫૩૪)

ફરકે રૂમાલ / હરિકૃષ્ણ પાઠક

ફરકે રૂમાલ રંગમેળો.

ફોરે ફુલેલ તેલ ફરફરતાં ઓડિયાં
મ્હોરે વગડાઉ ફૂલ વેલો. - ફરકે ૦

નરવાં ગળાંનો એવો ઊઠે ગુંજાર,
આજ તડકીનો તોર છે અનેરો,
ધમધમતે મારગડે ગાડાંની સંગ
કાંઈ ગરવો થૈ ચાલતો ગડેરો ! - ફરકે ૦

ઘમ્મરિયો ઘેર એવાં અજવાળાં પાથરે
ને સાફલિયા મારતા ફેરો,
વળતાંની વાટ બધી વીતકની થૈ જાશે
માણી લ્યો એટલો ઉજેરો ! - ફરકે ૦ (૫૩૫)

...તાં જઈએ / રતિલાલ યોગી

માર્ગમાં ડૂબવાના ડરથી કાં ડરતા જઈએ ?
ચાલ, નાનું શું યે ઝરણું થઈ ઝરતા જઈએ !
જિંદગી જીરવીએ, મોતને પણ જીરવીએ,
ફૂલની જેમ ખીલીએ અને ખરતા જઈએ !
બૂઝાવી દઈએ શમા તેજની મર્યાદાની,
આંખે અંધારનું અંજન જરી કરતા જઈએ !
ભૂલી જઈએ એ બધી દ્વેષ ને જખ્મોની કથા,
પ્રેમ કરતા રહીને એ ય વીસરતા જઈએ !
શું થયું આપણને એ ન મળી પાંખો તો ?
જાળવીને અકેકું ડગલું જો ભરતા જઈએ ! (૪૯૩)

મરજીવા / 'સુધાંશુ'

મરજીવા - ત્રીવર વનવન ઊભા
ઝંઝાદરિયા રચાં ફોરી;
અગન વરસતા તાપ તરીને
રસકસે ઊઠ્યાં કોળી;
મરજીવા મબલખ પામતા !
મરજીવા - નવલખ આભલ ખેલે
અંધાર લોઢની લ્હેરે;
અમિત મહાકાલોનાં નીર ઉલેચીને
ધ્રુવની ધૃતિ સંકોરે;
મરજીવા મબલખ પામતા !
મરજીવા - ધરતીદરવેશો દઈ દેહને
અજરા અભયાને વરે;
મૃત્યુ મારે એના પંચભૂતોને,
દુજું શું દેહીને કરે !
મરજીવા મબલખ પામતા !
મરજીવા - જગન પુરુષનો હોમ ને
બલિવીર બળતે બળે;
જલતી રખ્યાના તણખ-કણે
એને મોતીઅંબારો મળે;
મરજીવા મબલખ પામતા !
(૪૪૭)

ઠામ / નલિન રાવળ

ચાંદો તારાં તારા ચૂપ,
માળે ડૂબી ઘુવડ-ઘૂક;
પાને પાને પોઢી રાત,
તળાવ જંપ્યું કહેતા વાત.
બાંધી લીલી તરણાંઝૂલ,
ઝૂલતાં લેટ્યાં ફૂલે ફૂલ;
ઠંડો ધીરો વહેતો વા,
મીઠા કો હૈયાની હા.
ફરતું ફરતું શમણું એક,
આવ્યું વગડે અહીંઆં છેક;
થાક્યું પાક્યું બોલ્યું 'રામ'
સૂવા માટે જોયે ઠામ.
દ્હોકી ઊડી ફૂલસુવાસ,
'આવો દઉં અંતરમાં વાસ.' (૪૪૮)

ઢોલિયે / રાવજી પટેલ

અમે અજાણ્યા ક્યાં લગ રે'શું ?
કહો તમારા ઘરમાં ?
કહો તમારા ઘરમાંથી વળી
તબો-તમાકુ પંડ ઊઠીને ક્યારે લેશું ?
દખણાદી પરસાળ ઢોલિયો ઢળ્યો,
ક્યારનો પડ્યો પડ્યો હું
જતાં આવતાં ઘરનાં માણસ ભાળું;
બોલ તમારા સુણી માંહ્યથી
પાંપણ વાસી
અમો ખોલીએ દુવાર આડું !
જોઉં જોઉં તો બે જ મનેખે
લહલહ ડોલ્યે જતો ડાયરો !
કોણ કસુંબા ઘોળે ?
ખૂંટે કોણ ઘેનનાં ફૂલ ?
હથેલી માદક લહરી શી રવરવતી -
દિન થઈ ગ્યો શૂલ....
હમણાં હડી આવશે પ્હોર -
રાતના ઘોડા ગોરી,
સાગઢોલિયે પાંખ ફૂટશે;
કમાડ પર ચોડેલી ચકલી
શમણું થઈ ઘરમાં ફડફડશે.
જુઓ પણે પરસાળ સૂંઘતો ચાંદો.
અમને ઘડીવાર તો ગંધ ઊંઘની આલો,
આલો શ્વાસ તમારો ઓઢું, જંપું.
અંધકારથી પડખાંનો આ-વેગ
હવે તો બાંધો
ઢળ્યે ઢોલિયે... (૫૦૦)

વિશિષ્ટતા / ભગીરથ મહેતા

પ્રત્યેકની કૈંક વિશિષ્ટતા છે.
સહુ નથી એક નિશાન તાકતા,
સહુ નથી એક જ સ્થાન દોડતા,
કે જેમની આગળ કો થવા ચહે,
ને જીતવાની વળી કલ્પના કરે.
આ જિંદગી છે બસ ખેલવાનું;
ને ખેલવામાં નહિ જીતવાનું,
પરન્તુ આનન્દવું ખેલવામાં.
(૨૨૬)

મેઘમયૂર / શભુપ્રસાદી જોષી

ભરીભરી શી ભૂરીધૂસર
ટેકરીઓની હાર !
સાવ અટૂલો પુષ્ટ મેઘ કો'
(– મધ્ય ટોચનું શિખર
એક હો વાધ્યું !)
સોહે મુજ પાંપણની ધાર !
ભરીભરી શી ભૂરીધૂસર
ટેકરીઓની હાર !
મેઘ વિષે હું મયૂર પેખું :
મયૂર કેરી પગલીમાંથી
વિસ્તરતી શી
ભીનીભીની ભોંય....અહો ત્યાં
રંગપિચ્છની રજ શાં અંકુર નીલ
.... પાતળી કલગીથી આ
પારિજાતનાં ગરંત ફૂલ અપાર !
ભરીભરી શી ભૂરીધૂસર
ટેકરીઓની હાર !
નાની અમથી
ટગરમગર ઓ આંખ મહીં હું
વીજરેખનું શૈશવ શોધું:
ત્યહીં અચાનક
પ્રસન્ન માદક હવા રેલતી
બુલંદ શો ટહુકાર !
ભરીભરી શી ભૂરા ઘૂસર
ટેકરીઓની હાર ! (૫૦૦)

વસંત આજે પોઢે / ચન્દ્રકાન્ત ટોપીવાળા

પવન-ખાંધ પર ચઢ્યો જનાજો
કોયલ ગાય મરાસયા !
ઝાકળની આંખોમાં અનગળ
બારે મેઘ વરસિયા !
બ્હાવરી મંજરી શિર પટકે ને
ભમરાઓ દુઃખ જલ્પે !
રડી રડીને લાલ સૂજેલી
આંખે ખાખર વિલપે !
પરિમલનાં રેશમી કફનોને
લપટી અંગે ઓઢે !
ફૂલ ફૂલની કબરોમાં ઊંડે
વસંત આજે પોઢે !
(૫૦૦)



ગ્રીસનો પ્રજ્ઞ પુરુષ

પાઈથાગોરાસ

મિસરની પતિતાવસ્થા શરૂ થઈ હતી. ભારત સાર્વત્રિક ઉન્નતિને શિખરે હતું. ત્યારે, પશ્ચિમ ધીમે ધીમે મનોવિકાસ પામતું જંગલી અવસ્થામાંથી બહાર આવી સંસ્કૃતિનાં અજવાળાં ઝીલતું હતું. એ અજવાળાં પહેલું ઝીલનાર ગ્રીસ. ભારતે જ્ઞાનદીક્ષા આપેલા મિસર મારફત એ દીક્ષિત બન્યું ને પછી તો સદીઓ સુધી પશ્ચિમનું બુદ્ધિસમ્રાટ બની રહ્યું.

પુરાણા ગ્રીસનો પહેલો જ્યોતિર્ધર થેલ્સ. ગ્રીસના પ્રાથમિક જ્યોતિર્ધરો આપણા ભારતના જ્યોતિર્ધરોને મુકાબલે ભલે વામણા લાગે, ભાસ્કરાચાર્ય, વરાહમિહિર કે આર્યભટ્ટની ચરણરજના જ અધિકારી લેખાય; છતાં આપણે ભૂલવું નથી જોઈતું કે જંગલી પશ્ચિમમાં એમનો ઉદય નવયુગનો સૂચક હતો. ખાસ કરીને ભારતે પોતાનો જ્ઞાનમહિમા પોતાની સીમામાં જ સંકેલી લીધેલો એ વખતે.

એ રીતે આ થેલ્સ પશ્ચિમનો પ્રજ્ઞ પુરુષ હતો. સૂર્યને એક હાથનો તેજનો ગોળો માનનારાઓને તેણે તેનું પ્રમાણ સમજાવ્યું - આજે આપણે જાણીએ છીએ તેટલું ૮,૬૪,૦૦૦ માઈલનું તો નહિ, છતાં અગાઉ કોઈની કલ્પનામાં નહિ આવેલું એટલું જબરું. કશાં જ સાધનો વગર વર્ષની લંબાઈ પણ એણે ૩૬૫ દિવસની નક્કી કરી, ને ગ્રહણો પર પ્રકાશ પાડ્યો. મિસરમાં જઈ એ ભૂમિતિ શીખી લાવ્યો, જેના પરથી પાશ્ચાત્યો એના આખા શાસ્ત્રનું એકીકરણ કરી શક્યા. આથી જ પાશ્ચાત્યો તેને 'વિજ્ઞાનનો પિતા' ગણે છે.

પરંતુ વિશ્વ વિષે તેની કલ્પના તદ્દન બેહૂદી હતી. પૃથ્વીને તે વિશ્વનું કેન્દ્ર માનતો ને રકાબી જેવા આકારના એ કેન્દ્ર આસપાસ વિશ્વ ફરી રહેલું માનતો. પૃથ્વીની ઉત્પત્તિ પાણીમાંથી ગણાવી પાણીને જ એણે મૂળ તત્ત્વ મનાવ્યું. ઈ.સ. પૂર્વે સાતમી સદીના એના જ સમકાલીન. એનાકસીમૅન્ડરે પછી હવા, પાણી, અગ્નિ ને માટી એ ચાર મૂળતત્ત્વો ગણાવ્યાં.

એમની એક સદી પછીના એનાક્સીમેનિસે વળી હવાને જ સૃષ્ટિનું આદ્યકારણ ગણાવી, એ હવાના વિશાળ સમુદ્ર પર આખી પૃથ્વી પાંદડા જેમ તરતી હોવાનું જાહેર કર્યું. જીવન શ્વાસોચ્છ્વાસથી ટકે છે. એટલે આત્મા પણ એણે હવાનો બનેલો મનાવ્યો !

ત્યાર બાદ એફેસસના હેરાકલીટસે વળી ઉષ્માને જીવનનો આદિ સ્રોત મનાવી.

પણ આ ચર્ચાકાળે ગ્રીસે એક એવો પુરુષ પેદા કર્યો, જે તેના વ્યક્તિત્વે ને પ્રતિભાએ અમર રહ્યો છે. ભૂમિતિના વિદ્યાર્થીઓથી એ નામ અજાણ્યું નહિ હોય.

અજબ ગણિતી ને ફિલસૂફ એ પાઈથાગોરાસનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૮૨માં સામોસ મુકામે થયેલો. શ્રીમંત બાપનો પુત્ર હોઈ ત્યારના સર્વોત્તમ ગુરુઓ પાસે શિક્ષણ લેવાનો લાભ તેને મળ્યો.

ઊંચા સોટા જેવા તરવરિયા ને ખુશમિજાજ, આશા, કુતૂહલ ને આદર્શથી ઝળકતી જ્ઞાનાકુલ આંખોવાળા પાઈથાગોરસને એ શિક્ષણથી સંતોષ ન વળ્યો. નાણાંની એક થેલી લઈ, બેફિકરો બની એ પૂર્વ તરફ ચાલી નીકળ્યો. બાબિલોનના પંડિતોને ચરણે બેસી એણે જ્ઞાન મેળવ્યું, પણ મનની જે શાંતિ માટે તે ખામતો હતો તે તેને ત્યાં ન મળી.

અને એ ચિત્તશાંતિ તો સદીઓથી જેની આસપાસ કિંવદંતિઓ વણાયેલી એ રહસ્યભૂમિ ભારત વિના બીજે ક્યાંથી મળે ? એટલે તે હિન્દ આવ્યો. અહીં એને વિજ્ઞાન મળ્યું, તત્ત્વજ્ઞાન મળ્યું, જે જોઈએ તે મળ્યું, પણ એક ભેટ એવી મળી, જેણે એની આખી જિન્દગીનું નવઘડતર કર્યું. એ ભેટ ભગવાન બુદ્ધની. બુદ્ધનો ઉપદેશ પચાવી એણે સંપૂર્ણ ચિત્તશાંતિ મેળવી.

હિંદથી પાછો ફરી તે મિસર પહોંચ્યો. ત્યાંથી ભૂમિતિ શીખી ગ્રીસની ભૂમિ પર એણે ફરી પગ મૂક્યો ત્યારે એ હસમુખો તરવરિયો જુવાન નહોતો રહ્યો. એ તો ત્રેપન વર્ષનો શાંત, ગંભીર, બુઝર્ગ આદમી બની ગયો હતો; પરંતુ એ બુઝર્ગીમાં બિરાદરી ને એખલાસ હતાં. બુદ્ધના આદેશાનુસાર તેણે ત્યાં એક સંઘ સ્થાપ્યો અને ગ્રીકોને સંયમ, શુદ્ધિ ને ધ્યાનની માત્રાઓ પાઈ તેમને નિર્વાણનો માર્ગ બતાવ્યો.

પણ દુનિયા આજ એને સંભારે છે તેનું કારણ તો એ પહેલી કોટિનો ખગોળશાસ્ત્રી હતો તે. એના પછી કોપરનિકસ સિવાય કોઈએ ખગોળમાં એટલી ક્રાન્તિ કરી નથી. એણે જ પહેલું શીખવ્યું કે પૃથ્વી ગોળ છે ને એક મધ્યસ્થ તેજપિંડ - હેસ્ટીઆ - ની આસપાસ ફરે છે. એ હેસ્ટીઆ તે સૂર્ય નહીં, કારણ એણે સૂર્યના પ્રકાશને પણ હેસ્ટીઆના તેજના પુનરાવર્તનરૂપે ગણાવ્યો છે.

ભગવાન તથાગતનો આદેશ ઝીલી પશ્ચિમની પ્રજામાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર

ખરેખરો તો એ આંકડા પાછળ દીવાનો હતો. એમાંથી એણે શા સિદ્ધાંતો તારવ્યા એ આપણે નથી જાણી શકતા. કારણ એનું એ જ્ઞાન એની સાથે જ દફનાવાઈ ગયું. લખવાનો એને ખૂબ કંટાળો હતો. એના પછી સદી રહીને થીબ્ઝના ફિલોલૉસે તેની અપૂર્ણ યાદી કરેલી તે પરથી જણાય છે કે બધી વસ્તુઓનું મૂળ તેણે સંખ્યામાં જ ઘટાવેલું. એ ઉપસિદ્ધાંતમાં 'વેગ' ઉમેરીએ એટલે આજનો આખો પરમાણુવાદ બની જાય. 'એક'ને એણે સઘળી સંખ્યાઓના ગર્ભરૂપે જણાવ્યો છે.

એણે શોધી કાઢ્યું કે તંતુવાદ્યોના તંતુની લંબાઈના પ્રમાણ પર ધ્વનિની તીવ્રતા આધાર રાખે છે. ભૂમિતિ સાથે અંકગણિતનો મેળ સાધી ગણિતમાં એણે નવી જ દિશા ખોલી. પ્રાતઃકાળ ને સાયંકાળના તારા એણે જુદા તારવ્યા અને ગ્રીકોને શીખવ્યું કે ચન્દ્રને તેનો પોતાનો પ્રકાશ નથી, એટલું જ નહીં, ગ્રીકોને પહેલાં તોલમાપ પણ એણે જ આપ્યાં.

એનાં લખાણોમાં સ્ત્રી સંબંધી એકે શબ્દ નથી આવતો એ એક તાજુબી છે. એ પરણ્યો હતો કે નહીં ? પરણ્યો હતો, તો બાબિલોન, હિંદ કે મિસરમાં - ક્યાં ? આ પ્રશ્ન અનુત્તર રહે છે તેમ એનું આખર જીવન પણ અંધારામાં રહે છે. જગત નથી જાણતું કે જન્મે ગ્રીક ને આચારેવિચારે ભારતીય એ તત્ત્વદર્શી પુરુષ ક્યાં ને ક્યારે અવસાન પામ્યો.

પાઇથાગોરાસ આ રીતે અંધકારમાં વિલીન થયો ત્યારે ગ્રીસમાં ઈસુની પાંચ સદી પૂર્વે એક બીજી પ્રતિભાનો ઉદય થયો. એનું નામ ઍનાકસેગોરાસ. પૃથ્વીના ભૌતિક ફેરફારો પર એણે પ્રકાશ પાડ્યો તથા ગ્રહણનું સાચું કારણ શોધી કાઢ્યું. જીવશાસ્ત્રમાં એને હદથી જ્યાદે રસ હતો. એણે જ માછલી પંખા વડે શ્વાસોચ્છ્વાસ લે છે એ પહેલું શોધી કાઢ્યું. વળી વસ્પતિને પણ તે શ્વાસોચ્છ્વાસ લેતી સજીવ લેખતો, ને તે પણ આનંદ ને દુઃખના સંવેગ અનુભવતી હોવાનું એણે જાહેર કર્યું.

એણે ઘણા વિષયો પર ઘણું ઘણું લખ્યું છે. એ લખાણ સત્ય સાથે મોટે ભાગે કલ્પનાઓનો શંભુમેળો છે. એને તો વિશ્વના કોયડાઓનો ઉકેલ જોઈતો હતો. બુદ્ધિ અટકી ત્યાં એણે કલ્પનાનો સહારો લીધો, અને એ રીતે જવાબ મેળવ્યાનો સંતોષ માન્યો.

અને એવો તત્ત્વાન્વેષી પુરુષ વહેમ ને અંધશ્રદ્ધાના તાણાવાણાએ વણાયેલા ધર્મનાં જાળાંકૂંડાળાં ક્યાંથી સહે ? સૂર્ય ને ચંદ્રનું બંધારણ એણે પૃથ્વી જેવું જ હોવાનું જણાવ્યું ને ચમત્કારોની ઠેકડી ઉડાડવા માંડી. લોકો પોતાના માની લીધેલા દેવોને જરાયે સ્થાનભ્રષ્ટ થવા દેવા નહોતા માગતા. તેમણે તેને પકડ્યો, જેલમાં પૂર્યો ને મોતની સજા સુણાવી. ઘરડા મિત્ર પેરીક્લીસની સહાયથી જેમતેમ છુટકારો મેળવી એ લૅમ્પસૅક્સ ચાલ્યો ગયો ને ત્યાં જ અવમાનિત અવકીર્તિત અવસાન પામ્યો.

મેટાપોન્ટમમાં નિવૃત્ત જીવન સ્વીકારી પાઇથાગોરાસ આવી હાલાકીથી બચી ગયેલો એ ખરું, પણ એના શિષ્યોને તો ઍનાક્સેગોરાસથીયે કપરો દંડ ચૂકવવો પડ્યો. પચાસ વર્ષ સુધી તેના શિષ્યોએ તેના જીવનકાર્યની સમીક્ષાઓ આદરી તેના સિદ્ધાંતો વહેતા રાખ્યા. પરંતુ ગ્રીસના ધર્માંધો એ બરદાસ્ત ન કરી શક્યા. ઝ્યૂસના એ ચુસ્ત પૂજકોએ તેમને નાસ્તિક ઠરાવ્યા ને એક વખત કોઈક મિલો નામના શખ્સને ઘેર બધા એકત્ર થયા હતા ત્યાં લગભગ પચાસ જેટલા સઘળાને ગરદન મારી એ ધર્મધુરંધરોએ ઘર પણ સળગાવી મૂક્યું.

આમ પાઈથાગોરાસનો પંથ નાશ પામ્યો. એ હત્યારાઓનાં તો નામ પણ ભૂંસાઈ ગયાં છે, ને જે દેવો માટે એ હત્યાકાંડ આદરાયેલો એ દેવોયે આજે માત્ર પુરાણકથામાંનાં પાત્રો તરીકે જ અવશિષ્ટ રહ્યા છે; જ્યારે એ સૌના અવશેષો પર પાઇથાગોરાસની જાજ્વલ્યમાન મૂર્તિ અવિચ્છિન્ન ઊભી છે. **(૨૦૨)**

— અશોક હર્ષ

- બ્રિટિશ અમલમાં સમ્રાટ પાંચમા જ્યોર્જની ભારતની મુલાકાત વેળા સંગીતજ્ઞ પંડિત વિષ્ણુ દિગંબરજીને આમંત્રણ આપવામાં આવેલું, ત્યારે એમણે આપેલી કે 'મારા હિંદુસ્તાનના રાજા (લોકમાન્ય ટિલક૦ માંડલે-બ્રહ્મદેશની જેલમાં બંદીવાન હોય ત્યાં સુધી હું આ રાજાનું મોં પણ જોવા ઈચ્છતો નથી.

- આપણા દેશના, વેપાર અર્થે જાપાન ગએલા એક શેઠને, ત્યાંના જાપાની મિત્રે ભોજન માટે આમંત્ર્યા. શેઠને તો ટેવ મુજબ છાંડીને ઊટ્યા. ભોજન પૂરું થયે યજમાનની નોકર બાઈએ થાળીમાં છાંડેલું અનાજ જોતાં ઘરમાલિકને કહ્યું : 'માફ કરજો સાહેબ, પણ દેશનું અનાજ જે ઘરમાં આ રીતે વેડફાતું હોય એ ઘરમાં મારાથીકામ નહિ થાય.' માલિકે સાચી સ્થિતિનો ખ્યાલઆપ્યો ત્યારે એ માંડ રોકાઈ.

ગુજરાતી સાહિત્યમાં ઘરદીવડા જેવી પ્રકાશી ગયેલી સ્ત્રીકવિ

દિવાળીબાઈ

- સુરેશ દીક્ષિત -

ગુજરાતી સાહિત્ય સ્ત્રીઓએ રચેલા સાહિત્યની અને તે કરતાં યે સાચવેલા સાહિત્યની અને તે કરતાં યેસાચવેલા સાહિત્યની કદર થઈ નથી. મીરાંબાઈ વિના બીજી કોઈ સાહિત્યક સ્ત્રી જનસામાન્યમાં જાણીતી નથી. પરંતુ મીરાંબઈ ગુજરાતની રહેવાસી ન હતી અને તેનું સાહિત્ય છે એ કો'ક કબૂલે પણ નહીં. પર્વત પાસે ટેકરી, નદી પાસે ઝરણું અને વૃક્ષ નીચે વેલો ઢંકાઈ જાય તેમ દીવાળીબાઈ, કૃષ્ણાબાઈ અને ગવરીબાઈનાં નામ આપણા સાહિત્યના ઇતિહાસનાં પાનાંમાં છુપાઈ ગયાં છે. ઈસુની અઢારમી સદીનાં તેઓ ઘરદીવડાં છે. તેમના જન્મ પહેલાં કેટલીયે સદીથી બાળલગ્ન, વૈધવ્ય, સતીનો અગ્નિપ્રવેશ વગેરે સ્ત્રીઓના જીવન માટે નિર્માણ થયાં હતાં. ભક્તો 'નારી નિંદાનું અંગ' ગાતા. 'નારી નરક કી ખાણ', 'નારી નિર્દય, નઠોર, કઠણ, કૃપણ' વગેરે તેમને માટે લખાઈ ચૂક્યું હતું. આમ છતાંય રણમાં ઝરણા જેવી કોઈકોઈ સતી, શૂરી અને પતિવ્રતા સ્ત્રીઓ પૂજાતી. એવા ફક્ત પુરુષના જમાનામાં ખડૂણેખાંચરે દબાયેલી, ડરાએલી સ્ત્રીઓ પણ ધર્મસાહિત્યમાં રસ લેતી અને સાક્ષી સમા એ ત્રણ છે.

ડભોઈનો એક બ્રાહ્મણ વતન સંવત ૧૮૪૭ (ઈ.સ. ૧૭૯૧)ના દુષ્કાળમાં એક રામભક્ત સાધુને વિધવા છોકરી સોંપી તીર્થયાત્રાએ ચાલી નીકળ્યો. આ છોકરી તે દીવાળીબાઈ. સાધુએ તે છોકરીને વાંચતાંલખતાં શીખવી રામાયણનું અધ્યયન કરાવ્યું. ત્યાર પછી આબાઈ અયોધ્યાની જાત્રા કરી આવી અને રામભક્ત તરીકે એની ખ્યાતિ પ્રસરી. કોઈ ધાર્મિક પાટીદારે તેને ગોલવા ગામમાં રામમંદિર બંધાવી આપ્યું. વખત જતાં શ્રદ્ધાળુઓએ વડોદરામાં પણ એવું એક મંદિર બંધાવી આપ્યું. આ ધર્મનિષ્ઠ બાઈ ઉપર નીતિભ્રષ્ટતાના આરોપ ચડેલા. ઈર્ષાની આગ તેના ઉપર વરસેલી. છેવટે આ સાધ્વી અયોધ્યા જવા નીકળી અને ગુજરાતમાંથી ગઈ તે ગઈ, ફરી કદીય પાછી ન આવી. દિવાળીબાઈના જીવન સંબંધે ઝાઝી માહિતી નથી. મધ્યકાલીન સાહિત્યમાં કાવ્યને અંતે આત્મચરિત્ર કે તિથિવાર લખીને તેના ઉપર લેખકનો સહીસિક્કો ન મરાતો હોત તો આજ કેટલાય લેખકો ખોવાત.

'અવતરી બ્રાહ્મણને ઘેર, સંતો રામના રે;
પામી દુઃખડાં પેર પેર, સંતો રામના રે.
બાળાપણમાં વિધવા બાઈ, સંતો રામના રે;
ગયાં મુડકા નામે ગવાઈ, સંતો રામના રે.'

× × ×

'દિવાળી કરી રામભજન, વસિયાં સુખે રે;
મૂળે ડભોઈ નામે ગામ, વસિયાં સુખે રે.
ત્યાંથી ગોલવા માંહી મુકામ, વસિયાં સુખે રે;
ત્યાંથી વડોદરે અધવારું, વસિયાં સુખે રે.
મંદિર રામજીનું બાંધ્યું સારું, વસિયાં સુખે રે;
રાત-દહાડો રામજી રામ, વસિયાં સુખે રે.'

તુલસીપંથની આ બાઈએ રામનામે મનુષ્યરૂપી દેહપથ્થર ભવસાગરે તાર્યો છે. શુદ્ધ સાહિત્યની દૃષ્ટિએ એની ગરબીઓમાં કવિત્વ નથી, કળા નથી. સાદી ભાષા ને સાદી કડીમાં મનના તાપસંતાપ ટાળવા આ કાલીઘેલી વિધવા રામભક્તિ કરે છે. ન તો શૃંગાર, હાસ્ય કે કરુણા તેની કવિતા કે ભાષામાં છે. તેનામાં નવુંનવતેરું કશું જ નથી. વિષય પણ અવનવો નથી. પરંતુ આપણા સાહિત્યમાં કૃષ્ણની ચોપાસ જેટલું સાહિત્ય ઘડાયું છે તેટલું રામ પાછળ નથી લખાયું. વાલ્મીકિ, વ્યાસ અને તુલસીદાસનાં રામાયણ જાણીતાં છે. ગુજરાતીમાં ગિરિધર, ઉદ્ધવ અને વિષ્ણુદાસનાં રામાયણ સચવાયાં છે. દિવાળીબાઈએ રામજીવનના જ પ્રસંગો વર્ણવેલા છે. દેશના રાજકીય ઇતિહાસમાં રાજાઓની લડાઈઓ, વંશોની ચડતીપડતી અને દેશના કલહકંકાસ તથા વ્યક્તિઓની મહત્ત્વાકાંક્ષાઓ અને પ્રભાવ કે જુલ્મ નજરે પડે છે. સમાજના જીવનનું પ્રતિબિંબ, લોકની રહેણીકરણી, આચારવિચાર અને પ્રજાના જીવનનું ઘડતર જાણવા માટે તો સાહિત્ય એક મોટું સાધન છે. સામાજિક દૃષ્ટિએ દિવાળીબાઈ જેવી રંકના વિચાર અને વાણી ભૂતકાળ સમજવા અમૂલ્ય છે. પુરાણા, ઘસાયેલા, કાટ ખાધેલા સિક્કા કે લેખ જેવું તેના સાહિત્યનું મૂલ્ય છે. રામના જીવનના જન્મથી રાજ્યાભિષેક સુધીના ચાર પ્રસંગોમાં અઢારમી સદીના ગુજરાતના સામાજિક જીવનના અને વિચારના પ્રત્યક્ષ ઓળા છે. કલ્પના આછી છે. પ્રેમાનંદ જેવા કવિના આલેખનમાં રામાયણના પ્રસંગ-વર્ણનમાં કલ્પના અને કવિત્વથી એટલા ફરી જાત કે એમને સમજવા સમજાવનારની આવશ્યકતા ઊભી થાત; ભાષ્ય કે વિવેચનની જરૂર પડત.

'કાંઈ તોરણ બાંધ્યાં છે તાનમાં,
કાંઈ ચંદરવા અતિ માનમાં રે; છે આનંદ આજ.
કાંઈ આસોપાલવ આણિયા,
કાંઈ ભોગ ઘણા મન માણિયા રે; છે આનંદ આજ.
કાંઈ ધૂપ તો સારા કર્યા;
કાંઈ સાથીઆ તો સારા ભર્યા છે; આનંદ આજ
કાંઈ રાજમે'લ રંગાઈ ગયા,

દિવાળી આનંદ તો અતિશે થાય રે; છે આનંદ આજ.

આથી વધારે સીધુંસાદું મંડપનું વર્ણન કયું હોઈ શકે !

દિવાળીબાઈની રામજન્મની ગરબીઓ દશરથની ત્રણ સ્ત્રી કૈકેયી, સુમિત્રા અને કૌશલ્યાને ગર્ભ રહે છે ત્યાંથી શરૂ થાય છે. ત્યાર પછી રૂઢિ અનુસાર તે સ્ત્રીઓનાં રક્ષાબંધન, સીમન્ત વગેરે તેમાં કરાવે છે. બાપનું તેરમું, બૈરીનું સીમન્ત અને માનું શ્રાદ્ધ એ કુટુંબના લહાવા ગુજરાતમાં આજેય કંઈક પ્રચલિત છે. સીમન્તમાં રાજાએ ગામ જમાડ્યું, દસ દિવસના ઓચ્છવ કર્યા અને દૂઝણી ગાયો આપી. આ પ્રસંગે દશરથ પાસે એનાં જીવના જીવ કૈકયીએ માગી માગીને માટી માગી, સુમિત્રાએ નળિયું અને કૌશલ્યાએ કોયલા-રાખોડી ખાવાને માગ્યાં. સ્ત્રીઓની મનોવાંચ્છનાનું આ ચિત્ર સ્ત્રી વિના બીજું કોણ ઓળખી શકે ? રઘુવંશમાં દિલીપની સ્ત્રીને કાલિદાસે માટી ખાતી વર્ણવી છે. આજે પણ ગામડાંઓમાં આ જાતની ઘણી વિચિત્રતાઓ જાણીતી છે. પ્રજાના આહારમાં કેલ્શિયમની ઊણપનો એ પુરાણો પુરાવો હશે ? સમાજના કહેવાતા ગામડીઆ અને અભણ કે અર્ધશિક્ષિત વર્ગમાં 'ગજરામારુ', 'ગુલાબકાવલી' અને 'સદેવંત સાવલીંગા'ની વાતો 'નૂપુરઝંકાર' કે 'પૃથિવીવલ્લભ' કરતાં વધારે પ્રચલિત હોય કે સન્માનિત હોય તો તેનું કારણ સીધો માનવહૃદયના પ્રાથમિક ભાવનો વિષય, સમજાય એવી એ જ વર્ગની ભાષા અને જીવનમાં અનુભવાય એવી રસિક્તાને લીધે છે. વિદ્વાનોને માન્ય એવું સાહિત્ય એ વર્ગમાં પરભાષા અને પરલોકી સાહિત્ય જેવું છે. જીવનની કેટલીયે સત્ય હકીક્તો દિવાળીબાઈએ જણાવી છે. સામાજિક રીતરિવાજનાં એમનાં વર્ણન રસિક છે. રાજમહેલની રહેણીકરણી પ્રજાના જીવનને અનુરૂપ છે. ભલી બાઈએ છયે શાસ્ત્રથી ઊંચું બૈરક શાસ્ત્ર એમાં સમાવ્યું છે.

દિવાળીબાઈની કવિતામાં શિખાઉ ચિત્રકાર જેવી વાંકીચૂકી રેખા છે; રંગ નથી, ભાત કે ભરત નથી. પરંતુ તેનામાં નિરીક્ષણશક્તિ છે. બાળલીલામાં બાળક્રીડાનું વર્ણન આજે પણ ઘેર ઘેર અને ઘોડીએ-પારણે એનું એ જ છે. જ્યાં સુધી જગતમાં બાળક અવતરશે ત્યાં સુધી એ જ રહેશે. જિદ્દ કરવી, બચકાં ભરવાં, ખડીઆ ઢોળવા, કાગળ ફાડવા એમાં ક્યાં છોકરાં કોને ઘેર નિપુણ નથી હોતાં ?

'ઘડીમાં હસતારમતા રામ, કીકિયારીઓ કરે જી રે;
ઘડીમાં રડતા કોળેકોળ, હઉથી ઝાઝા ડરે જી રે.
ઘડીમાં પકડવા દોડે ધાઈ, હઉને ભાગવા જી રે.'

આવા જ નિરીક્ષણથી દોરેલા કેટલાક પ્રસંગો હૃદયસ્પર્શી છે. કાળાં વાળમાં ધોળું પળિયું જોઈ ચોંકી જતો દશરથ અને આવતી વૃદ્ધાવસ્થાનાં તેમાં થતાં દર્શન આજે પણ ઘણાને મૂંઝવે છે. આવાં થોડાંક ચિરંજીવ તત્ત્વ આ બાઈની કવિતામાં છે ને છે જ. કવિતા જો માનવના માનસનો અને હૃદયનો ઇતિહાસ હોય તો તે અહીં થોડે અંશે છે. ખરું છે કે ધારધારા નથી પણ થોડાં ફોરાં જ છે :

'ચાટલામાં મુખ નિહાળે રાયજી.
એને અવનવું એક તો થાય જી રે; તમે સુણો સહુ.
એક પળિયળું તો દીઠું રાયજી,
તેથી અવનવું એક તો થાય જી રે; તમે સુણો સહુ.
જોઈ પળિયું ને ભડકચા રાયજી,
તેથી રાણી તો ઘણું કચવાય જી રે; તમે સુણો સહુ.'

દિવાળીબાઈની કવિતામાં એક ઉચ્ચ કલ્પના રામ નિદ્રામાંથી વહેલા ન જાગે માટે ચંદ્રને કરાતી વિનંતીમાં છે :

'હું તો ચાંદાને કહું ધીમો ચાલે,
એ છે દેવ કચમ સામું ભાળે રે; બાઈ દિન ન ઊગે.
તોય ચાંદાને દેઉં દવાઈ,
તારા ગુણલા નહિ ગાઉં ભાઈ રે; બાઈ દિન ન ઊગે.
ચાંદા દેવ તારા સુખ માટે,
અમને દુઃખી કરે શે સાટે રે; બાઈ દિન ન ઊગે.
મૂઓ ચાંદો મારું ના માને,
દિવાળી દુઃખી કર્યો ભગવાને રે; બાઈ દિન ન ઊગે.'

વીસમી સદી પહેલાં હિંદુ સમાજમાં બ્રાહ્મણ અને અસ્પૃશ્ય શૂદ્ર વચ્ચે આભ-જમીનનો ફેર હતો. નર અને નારીમાં પણ ઊંચનીચનો તફાવત હતો. 'બાયડી બુદ્ધિ વગરનો બનાવ' એને 'નહિ ભજનનો અધિકાર.' રૂઢીએ બાળવિધવા માટે અનીતિનાં અને અધોગતિનાં દ્વાર ખુલ્લાં મૂક્યાં હતાં. જે કાળમાં વૈધવ્ય એટલે છેડા વગરનું દુઃખ હતું અને જીવતાં મરી રહેવાનું હતું તે સમયે ઈશ્વરભક્તિ એ જ દુઃખીનો આરો હતો. તેમાંય ગરીબી અને લાચારીમાં રામશરણ વિના છૂટકો જ ન હતો. રામનામે દિવાળીબાઈને વૈધવ્યે વિમળ કરી છે, વિધવાનો અવતાર ધન્ય કર્યો છે.

'ઊંચનીચ વિધવા-સધવાય, રામજીને એક છે રે;
એને નથી ધનનું કામ, રામજીને એક છે રે.
એ તો જુએ છે સારી નીત, રામજીને એક છે રે;
વળી બીજી જુએ છે સારી રીત, રામજીને એક છે રે.'

નીતિમય જીવન ગુજારી આ બાઈ સાધ્વીજીવન જીવી ગઈ છે. સમાજના બંદીખાનેથી કૂદી પડી તે શૌર્યમય જીવન વટાવી ચાલી છે. અંધકારમાં નીકળેલા તણખા જેવી તેની ગરબીઓ અને ભજન છે. પરલક્ષી અને વર્ણનાત્મક પદ્ય તેની જિહ્વાએ વસ્યું છે. સાહિત્યને દફતરે પરીક્ષક તેનું સ્થાન ગમે તે નક્કી કરે. પરંતુ માનવતા અને નીતિને ચોપડે તે ઊંચે છે. અંધાધૂંધીના સમયે ત્યજાયેલી, કચડાયેલી વિધવા એ મૂંગી સ્ત્રીઓની વાચા છે, તેમનું પ્રતીક છે. (૧૯૯)

પોલીસના પ્રમાદ, સરકારની સુસ્તી ને કાયદા-ન્યાયની જડતાને તોડી ફાંસીને માચડે જતા અનેક નિર્દોષોને શોધીશોધીને બચાવનાર
'છેલ્લા આશરાની કોર્ટ'નો સ્થાપક

અર્લ સ્ટૅનલી ગાર્ડનર

એનાં અનેક પુસ્તકો ઉપરથી તારવીને તૈયાર કરનાર
પુષ્કરભાઈ ગોકાણી



એક દાદર પાસેથી કોઈ માણસનું શબ મળી આવ્યું. એની પાસેથી એક રિવૉલ્વર પણ મળી. એમાંથી એક ગોળી છૂટેલી હતી. મરનારના શરીરમાં પણ ગોળી પેસી જવાથી જ તેનું મોત થયું હતું. આપઘાતનો કેસ લાગતો હતો. પણ ના, આસપાસની વધુ તપાસ કરતાં એવું જણાતું હતું કે હાથમાં રિવૉલ્વર લઈ એ દાદર ઊતરતાં લથડ્યો હશે, તો પછી કેસ અકસ્માતનો ગણાય.

પરંતુ ડૉ. ગર્બરે જ્યારે શબચ્છેદન (પોસ્ટમૉર્ટમ) કર્યું ત્યારે ખબર પડી કે જે ગોળીથી એ માણસ મર્યો હતો એ તો ૦.૩૨ કેલિબરની હતી, જ્યારે તેની પાસેની રિવૉલ્વર ૦.૨૮ કેલિબરની હતી. એટલે તેના શરીરમાંની ગોળી જુદી જ રિવૉલ્વરમાંથી છૂટી હતી. મતલબ કે કેસ આત્મહત્યા કે અકસ્માતનો નહીં, પણ ખૂનનો હતો. તપાસ થતાં પરિણામ એ આવ્યું કે તેને કોઈ સાથે ઝઘડો થયો હતો તેમાં સામા માણસે ગોળી મારી, પણ તરત તેનું મોત ન થયું. તે પોતાની રિવૉલ્વર લેવા દોડ્યો, પણ લઈને દાદર પર આવતાં ગોળીની અસરમાં એણે ભાન ગુમાવ્યું. પડતાં પડતાં પિસ્તોલમાંથી ગોળી છૂટી હશે (તે દાદરમાં ખૂંપી ગયેલી મળી આવી) દરમિયાન એની શક્તિ ક્ષીણ થઈ જઈ એ મરી ગયો હશે. વધુ તપાસ કરતાં ખૂનીનો પણ પત્તો મળી ગયો. પણ જો ડૉ. ગર્બરે ગોળીની જાત ન તપાસી હોત તો મરનારની વિધવાને વીમો ન મળ્યો હોત, મરનારને ન્યાય ન મળ્યો હોત અને ગુનેગાર સમાજમાં વધુ ગુના કરવા છૂટો રહ્યો હોત.

બીજો કિસ્સો : એક અમેરિકન પોતાની કારમાં બેસી મિત્રો સાથે જતો હતો. રસ્તામાં એક હબસીએ તેની ગાડીને વટાવીને (ઑવરટેઈક કરીને) પોતાની ગાડી આગળ કરી દીધી. અમેરિકનનો પિત્તો ગયો. તેણે પોતાની ગાડી ઝડપથી આગળ લઈ પેલા હબસીની ગાડીને ફૂટપાથ પાસે દબાવીને અટકાવી. બંને ગાડીઓ ઊભી રહી. અમેરિકન ગુસ્સામાં મોટર બહાર નીકળી હબસી તરફ ધસ્યો. ડરના માર્યા હબસીએ પોતાનો હાથ આગળ કર્યો અને એ જ વેળા અમેરિકન એના પગ પાસે ઢળી પડ્યો. છ કલાક બાદ એ હૉસ્પિટલમાં મરી ગયો. એના મિત્રોએ જુબાની આપી કે હબશીએ એને જોરથી મુક્કો માર્યો અને તેથી એ મરી ગયો. હબસીને માટે ખોટી સજા નિશ્ચિત જણાવા લાગી. પણ ડૉ. ફિશરે પોસ્ટમૉર્ટમ કરી જાહેર કર્યું કે મરનારનું મોત હબસીના મુક્કાથી નહીં પણ અતિશય ગુસ્સે થવાથી લોહીનું દબાણ એકદમ વધી જઈ તેના મગજની એક નસ ફાટી ગઈ હતી એને લીધે જ થયું હતું. હબસી તદ્દન નિર્દોષ જાહેર થયો.

ત્રીજો કિસ્સો : એક ક્લબની બહાર કેટલાક માણસોના એક ઝઘડામાં એક જણ મુક્કો વાગતાં મરી ગયો. બચાવપક્ષે દલીલ કરી કે અતિશય દારૂ પીવાને પરિણામે 'ઍસિડોસિસ' થઈ તેના શરીરમાં ઝેર વ્યાપી જતાં તે મરી ગયો હતો. પણ ડૉ. ફ્રેઇરિચને શબચ્છેદનમાં એવું કોઈ ઝેર જોવા મળ્યું નહીં. એટલે શંકા ગઈ કે મૃત્યુ એવા ઝેરથી નહોતું થયું પણ પૂર્વયોજિત રીતે ગણતરીપૂર્વક અમુક જગ્યાએ જોરદાર મુક્કો લગાવીને જ તેને મારી નાખવામાં આવ્યો છે. અને આ હકીકત સાબિત થતાં ગુનેગાર છટકી જતો રહી ગયો.

એક વીમા કંપનીનો દાવો એવો હતો કે પોતાને ત્યાં વીમો ઊતરાવનાર આ મરનારે અગાઉ બે વખત આપઘાત કરવા

પ્રયત્ન કરેલો. આ વખતે પણ તેણે એ જ રીતે પ્રયત્ન કરતાં ઝેર પીધું હતું. વધુમાં પોતાના કાંડાની નસ કાપી નાખી લોહી વહેવડાવી મરણ નિપજાવ્યું છે, એટલે વિમાની રકમ પર તેની વિધવાનો કોઈ હક રહેતો નહોતો; પણ ડૉ. કૉન્ડોને સાબિત કરી આપ્યું કે મરનારની હોજરીમાં, અલબત્ત, ઝેર હતું, અને કાંડા પરનો કાપ પણ ખરો; પણ ઝેર લોહીમાં પ્રસર્યું જ નહોતું અને કાપમાંથી ભાગ્યે જ થોડું લોહી નીકળ્યું હતું. વધુમાં હૃદયની તપાસ કરી તેમણે એ પણ પુરવાર કરી દીધું કે મરનારનો પ્રયત્ન કારગત નીવડે એ પહેલાં જ તેનું કુદરતી રીતે મરણ થઈ ચૂક્યું હતું. અને વિધવા બાઈને વીમાની રકમ મળી ગઈ.

સરકસમાં એક ગોરીલો છૂટી ગયો. તેની સાથેની ઝપાઝપીમાં એક રિંગમાસ્ટર માર્યો ગયો. ઝપાઝપી વખતે રિંગમાસ્ટરના હાથમાં છરી હતી એટલે ત્યાં લોહી પણ હતું જ. ડૉક્ટરે લોહી તપાસ્યું અને સાબિત થયું કે લોહી બે જાતનું છે : બે જુદા જુદા ગ્રૂપનું છે; પણ એક રિંગમાસ્ટરનું ને બીજું લોહી ગોરીલાનું નહિ પરંતુ કોઈ બીજા માણસનું જ છે. તપાસ કરતાં એ ગોરીલાને ખોરાક આપનાર માણસ ઘવાયેલો માલૂમ પડ્યો. તેણે જ ગોરીલાને છૂટો મૂકી ઝપાઝપીનું બહાનું તૈયાર કરી એ બહાના હેઠળ ઈર્ષ્યાને કારણે એનું ખૂન કર્યું હતું. એ લોહીના ડાઘાની તપાસ ન થઈ હોત તો ?

આ બધા કિસ્સાઓ પાછળ ગુનાશોધનમાં વિવિધ વ્યક્તિઓએ જે બુદ્ધિકૌશલ દર્શાવ્યું છે તે તમામે, અલબત્ત, ગુનાશોધનમાં અમૂલ્ય ફાળો આપ્યો છે; પરંતુ એ બધાએ સત્ય ન્યાય સ્થાપવામાં કરેલી મદદને આગળ લાવનાર અને આવા કિસ્સાઓમાં ડૉક્ટરી તપાસનું મહત્ત્વ સ્થાપનાર મુખ્ય માણસ તો અર્લ સ્ટૅન્લી ગાર્ડનર. અંગ્રેજી ડિટેક્ટિવ સાહિત્યના શોખીનોને એ નામ અપરિચિત નથી. એમણે રચેલી એ કથાઓ સનસનાટીભર્યું વાચન માત્ર નથી, એ દ્વારા એમણે સમાજની અનેક રીતે સેવા કરી છે.

અત્યારે સિત્તેર વર્ષ વટાવી ગયેલા* અર્લ સ્ટૅન્લી ગાર્ડનરે જીવનની શરૂઆત વકીલાતથી કરેલી. પચીસ વર્ષ સુધીની એ વકીલાત દરમિયાન તેઓ ઘણાખરા સાચા કેસ જ લડતા રહ્યા. સાંયોગિક પુરાવાના ભોગ બની સજા પામતા કેટલાયે નિર્દોષ અને નિઃસહાય માણસોના કેસ કંઈ પણ ફી લીધા વિના લડીને એમણે તેમને બચાવ્યા છે. અને પરિણામે જીત મળતાં સામા પક્ષને એમની મોટી ફી ચૂકવવી પડી છે. કેટલાક અસાધારણ કેસોમાં સમાજના હિતમાં તેમણે કાયદો ઉલ્લંઘવા જેટલી પણ હિંમત દાખવી છે. પોતાને પૂરતી તપાસ કરવાનો વખત મળે એટલા સારુ ઘણી વાર પુરાવાઓને એમણે દાબી પણ રાખ્યા છે. કોઈ વાર કોઈ સાક્ષીને મળવા તેના ઘરમાં સીધી રીતે પ્રવેશ મળી શકે નહીં ત્યારે ટપાલી, ટેલિફોન કંપનીના કારીગર કે ગૅસ કંપનીવાળા બની ઘણાનાં ઘરમાં એમણે પ્રવેશ કરી તાગ મેળવ્યો છે.

લાઈ ડિક્ટેક્ટર (સાચુંખોટું જાણી લેનાર) યંત્રની પરીક્ષા હેઠળ ગુનો કબૂલ કરનાર વ્યક્તિઓને પણ પકડાવી દેવાને બદલે ઊંડી તપાસ કરી જોવા જેટલી તેઓ ચીવટ રાખતા. આવા જ એક કેસમાં એમને લાગ્યું કે ખૂન કરનારે એવી સિફતથી ખૂન કરેલું અને એવી પરિસ્થિતિ સર્જી હતી કે બીજી વ્યક્તિને એમ જ લાગ્યું કે પોતે જ એ ખૂનને માટે જવાબદાર છે; અને એ રીતે એ ખૂનનો એકરાર પણ એણે કરી લીધો ને એને ફાંસીની સજા થઈ. પણ ગાર્ડનરની ખંતભરી તપાસે સાચી હકીકત બહાર આણી અને પેલો નિર્દોષ માણસ બચી ગયો. વકીલાત કરતાં કરતાં એમણે આવા તો કંઈક નિર્દોષોને બચાવી લીધા છે.

છેલ્લાં ઘણાં વર્ષોથી તેઓ વકીલાત છોડી કેલિફોર્નિયાની પર્વતમાળામાં લાકડાની એક કેબિનમાં રહે છે. 'એ. એ. ફેર'ના નામે એમણે લખેલી વાર્તાઓમાંનાં 'ડૉનાલ્ડ લેમ' અને 'બર્થા કુલ' તથા તેમની 'કુલ ઍન્ડ લેમ'ની ડિટેક્ટિવ એજન્સીથી તો ઘણા પરિચિત હશે. વર્ષોનાં વર્ષો સુધી આ એજન્સી અને આ પાત્રો દ્વારા ગુનાશોધનની પદ્ધતિનું એમણે બહુ ઉમદા ઉદાહરણ આપ્યા કર્યું છે. આ કથાઓ, અલબત્ત, કાલ્પનિક છે, પરંતુ તેની પાછળ એમના પોતાના અનુભવોના નિચોડ છે. એમાં રજૂ કરેલા ઘણા પ્રસંગો એક યા બીજી રીતે એમની વકીલાત દરમ્યાન એમની સમક્ષ ઊભા થયેલા જ છે. પાછળથી હમણાં એમણે પોતાના ખરા નામ અર્લ સ્ટૅન્લી ગાર્ડનરને નામે લખવા માંડ્યું છે. આ ખરા નામ હેઠળ એમણે લખેલી કથાઓનો નાયક પૅરી મેસન એક વકીલ ડિટેક્ટિવ છે. કેસની વિગતો મેળવતા જઈ મોટે ભાગે કોર્ટમાં જ પડેલી સાક્ષીઓની જુબાનીમાંથી પુરાવા શોધી કાઢી તેના એવા સચોટ અર્થ ઘટાવે છે કે આખા કેસની દિશા જ ફેરવાઈ જાય. સર આર્થર કૉનન ડૉઈલના શેરલૉક હોમ્સ જેટલી જ લોકપ્રિયતા આ પૅરી મેસનને પણ વરી છે. હોમ્સના સાથીદાર ડૉ. વૉટસનની જગ્યાએ અહીં મેસનની સેક્રેટરી ડેલા સ્ટ્રીટ કંઈ અનોખું જ વ્યક્તિત્વ ધરાવે છે. બંને પાત્રો એટલાં તો જીવંત ને વાસ્તવદર્શી છે ને વાંચતાં વાંચતાં આપણે એની સાથે એવા તો ઓતપ્રોત થઈ જઈએ કે જ્યારે તેઓ કંઈ પણ જોખમ ખેડતાં હોય ત્યારે આપણને તેમની ચિંતા થવા લાગે. વળી, પૅરી મેસન અને ડેલા સ્ટ્રીટ વચ્ચેના સંબંધો પણ એટલા બધા ઔચિત્યભર્યા તથા શુદ્ધ રહે છે કે, 'રોમાન્સ'નાં શોખીન ઘણા વાચકોને એ નથી ગમતું. એ બંને વચ્ચે પ્રેમ પાંગરતો જોવા ઘણા વાચકો ગાર્ડનરને પત્રો પણ લખે છે. પરંતુ ગાર્ડનર તેમને એક જ જવાબ આપે છે : 'ડિટેક્ટિવોનું કામ ગુનેગારોને શોધી સજા કરાવવાનું છે, પ્રેમ કરવાનું નહીં.'

પોતાનાં થોકબંધ લખાણો તેઓ ડિક્ટેફોન પર ઉતારે છે, ને

* આ ચરિત્ર કુમારના સળંગ અંક ૪૫૦, એટલે કે જૂન ૧૯૬૧માં, પ્રકટ થયેલું.

તેના પરથી કાગળ પર ઉતારવા તેમણે સાત જેટલા સેક્રેટરીઓ રાખ્યા છે. એ ઉપરાંત પણ બીજા માણસોની જરૂર પડે છે. તે બધાને તેઓ માસિક લગભગ પચીસ હજાર રૂપિયા પગાર ચૂકવે છે. પોતાની વાર્તાનું વસ્તુ તૈયાર થઈ ગયા બાદ ત્રણ-ચાર દિવસમાં જ તેઓ આખી કથા તૈયાર કરાવી લે છે. એમની ઘણી કથાઓ દુનિયાની લગભગ બારેક ભાષાઓમાં અનૂદિત થઈ છે. એમાંની કેટલીકની તો પચીસથીયે વધુ આવૃત્તિઓ પ્રકટ થઈ ચૂકી હશે. ૧૯૫૨ સુધીમાં માત્ર કેનેડા અને અમેરિકામાં જ તેની સાડા છથી સાત કરોડ નકલો વેચાઈ હતી. પૉકેટ બુક, પૅન્થર બુક અને પેન્ગિવ સીરિઝમાં એમની બસો ઉપરાંત કથાઓ પ્રકટ થઈ છે. કાયદામાં ડૉક્ટરી વિદ્યાનો ઉપયોગ કરવા પર તેઓ બહુ ભાર મૂકે છે. એમની ઘણી કથાઓ પણ ડૉક્ટરોને જ અર્પણ થયેલી છે. ડૉક્ટરી તપાસ દરમિયાન જ જો શક્ય એટલી વધુમાં વધુ તપાસ થઈ શકે તો પછી આખા કેસને ઉકેલવામાં ઘણી સરળતા થઈ જાય એ એમના આ લખાણની શરૂઆતમાં રજૂ કરેલા કેટલાક કિસ્સાઓ પરથી સમજી શકીશું. ખૂનના કેસમાં મૃત્યુ થયાનો વખત નક્કી કરવો એ ઘણો જ મહત્ત્વનો મુદ્દો છે. મરનારે ક્યારે ખોરાક લીધો છે અને હોજરી અગર આંતરડામાં અત્યારે ખોરાક ક્યાં છે ને કેટલો પચ્યો છે તેની તપાસ પરથી મૃત્યુનો લગભગ ચોક્કસ સમય નક્કી થઈ શકે છે. સામાન્ય સંજોગોમાં ખોરાકનું પાચન લગભગ ઘડિયાળ જેટલી નિયમિતતા ધરાવે છે.

આપણે ત્યાં લખાતી ડિટેક્ટિવ કથાઓમાં આલેખાતા બુધ્ધુઓની જમાત જેવા પોલીસોને કર ભરતી પ્રજા પોતાના રક્ષણ માટે કદી ચલાવી ન લે. પોલીસખાતું પણ સમજદાર હોય છે, એમને પણ એમની ફરજનું ભાન હોઈ શકે, એ દર્શાવવા એમણે ડિસ્ટ્રિક્ટ ઍટર્ની ડગ સેલ્બીનું પાત્ર સર્જી તેને હાથે ઘણા કેસમાં ન્યાય મળતો દર્શાવ્યો છે. સાથોસાથ પોલીસખાતાને સાથ આપવા માટે નાગરિકોની પણ કેવી ને કેટલી ફરજો છે તે પણ તેમણે એ કથાઓ દ્વારા વ્યક્ત કર્યું છે. સામાન્યતઃ મનાય છે તેમ આવી કથાઓ માનસ વિકૃત કરે છે એમ એમની કથાઓ વાંચ્યા પછી પણ કહેવું એ તો ભૂલભરેલું જ ગણાય.

'ક્લ્યુ ઑવ ફરગૉટન મર્ડર'માં એમણે વેધક પ્રશ્નો પૂછી સાક્ષીઓ અને શકમંદ વ્યક્તિઓના જવાબો પરથી જ કેવી સચોટ રીતે ખરા ખૂનીને પકડી પાડ્યો છે એ જો જોઈએ તો એમની શક્તિનો ખ્યાલ આવે.

સામાન્ય નાગરિક ગુનાના સંજોગોમાં ફસાઈ પડે તો તરત બુદ્ધિ બતાવીને કેવી રીતે માર્ગ કાઢી શકે એ એમણે 'ટેરી ક્લેઈન'ના પાત્ર દ્વારા દર્શાવ્યું છે. 'મર્ડર અપ માઈ સ્લીવ' અને 'કેસ ઑવ બૅકવર્ડ મ્યૂલ'ની કથાઓ એનાં ઉદાહરણ છે.

હમણાં વળી તે 'ચાર્લ્સ જે. કેની'ના નામે પણ લખે છે. પોલીસરક્ષણ પાછળ કેટલીક વખત ખોટી આબરૂ ખાતર પોલીસ કેટલાક ગુનેગારોને પણ જતા કરે છે, કે જેના દ્વારા તેઓ એમ માને છે કે, કેટલાંક રહસ્યો ઉકેલી શકાશે. ગાર્ડનરને આ બાબતની ચીડ છે. ફરજમાં આવી ઢીલાશ ચલાવી ન જ લેવાય. કેટલાક ગુના રાજદ્વારી (પ્રધાન કે ગવર્નરની) અસર નીચે દબાવી દેવાય છે. તેની સામે ગાર્ડનર છડેચોક લખે છે. આવી રાજદ્વારી અસર નીચે ચાલતા કૌભાંડને ખુલ્લું કરતું એક રૂપક તેમણે ચાર્લ્સ કેનીના નામે લખેલી નવલકથા 'ધિસ ઇઝ મર્ડર'માં યોજ્યું છે.

વર્તમાનપત્ર પણ કાયદામાં કેવી વિશિષ્ટ મદદ કરી શકે એ પણ એમની કથાઓમાંથી જોઈ શકાય છે. ડગ સેલ્બીના કેસમાં 'બ્લેઈડ' અને 'ક્લેરીઅન'ના ખબરપત્રીઓની દોડમાં કેસ ઝળહળતી રીતે ફતેહ પામતો જોવા મળે છે. ફ્રેન્ક દુર્યા અને ગ્રેમ્પ વિગિન્સનું પાત્ર રચી નાનાં શહેરોમાં બનતા ગુનાઓને પણ ઓછાં સાધનો વડે ઊકલતા દર્શાવ્યા છે.

આજે તો દર શનિવારે અમેરિકાના ટેલિવિઝન પ્રેક્ષકો 'રેનોલ્ડ બર' દ્વારા રજૂ કરાતા 'પૅરી મેસન'ના પાત્રને તો પ્રત્યક્ષ જોવા પામે છે અને એ દ્વારા ઘણાને કાયદાની બાબતોમાં નવું માર્ગદર્શન પણ મળે છે.

'ધ સેટરડે ઈવનિંગ પોસ્ટ'માં સ્વ. આલ્વા જૉનસન અર્લ સ્ટૅનલી ગાર્ડનરના કેસોની આલોચના કરતાં એની સાથોસાથ ગાર્ડનરની જીવનઝરમર પણ લખતા. એ દ્વારા ગાર્ડનરની ન્યાયપ્રિયતા અને સેવાભાવના જાણીને ઘણા માણસો પોતાના કેસની વિગતો લખી મોકલી એમની અંગત સલાહ માગતા. ગાર્ડનર પણ એ બધી વિગતો જોઈ જોઈ સલાહ અને ભલામણો આપતા; પણ જે કેસમાં ચોક્કસ ગેરઈન્સાફ થયાનું તેમને લાગે એની પાછળ તો તેઓ પોતાની બધી શક્તિઓ કામે લગાડતાંયે અચકાતા નહીં. હજીયે તેઓ એમ જ કરે છે, એટલું જ નહીં પણ હવે તો તેમના હાથમાં વધુ જોર આવ્યું છે. એ માટે એમણે એક વિશિષ્ટ કાર્યપ્રણાલિકા ઊભી કરી છે.

એક દિવસ એમના પર એક પત્ર આવ્યો. એલ મૅથ્યુસ જુનીઅરના એ પત્રમાં વિલિયમ માર્વિન લિન્ડલેને થયેલા ગેર-ઈન્સાફની વાત હતી. પત્ર મળ્યો ત્યારે લિન્ડલે સાનફ્રાન્સિસ્કોની જેલમાં ફાંસીની રાહ જોઈ રહ્યો હતો. દસ જ દિવસ પછી એને ફાંસી મળવાની હતી. સુપ્રીમ કોર્ટમાં ચુકાદો આવ્યા પછી પણ આ કેસ ફરી બે વખત તપાસાયો હોઈ હવે તેનો ચુકાદો અફર હતો. રજા પર ઊતરતા કૅલિફૉર્નિયાના ગવર્નર વૉરેને લેફ. ગવર્નર ફ્રેડ હાઉસરને ખાસ સૂચના પણ આપી હતી કે કરવા જેવી બધી જ તપાસ થઈ ચૂકી હોઈ હવે આ ફાંસી કોઈ પણ સંજોગોમાં મુલતવી રાખવી નહીં.

વિગત એવી હતી કે કેલિફૉર્નિયામાં યુવા નદીને કિનારે એક ખૂન થયેલું. ધંધામંદીને લીધે લોકો પણ એક જ જગ્યાએ

સ્થાયી ન રહેતાં એકબીજે સ્થળે ભટકતા રહેતા હતા, એટલે લાંબા સમય પછી એ ખૂનની તપાસ કરાય તોયે ત્યાંથી અગાઉનો કોઈ સાક્ષી મળી શકે તેમ નહોતું.

બનેલું એવું કે નદીમાં બે યુવાન છોકરીઓ નહાતી હતી. રાતા વાળવાળો એક યુવાન એમને જોઈ રહ્યો હતો. સામે કાંઠે એક ભરવાડ ઘેટાં ચારતો હતો. નજીકમાં એક બોટ-હાઉસ હતું. વિલિયમ લિન્ડલે આ બોટ-હાઉસમાં જ કામ કરતો. છોકરીઓનું ઘર પણ નજીકમાં જ હતું.

નાહીને બંને બહાર આવી, કપડાં બદલ્યાં, પોતાના પિતા સાથે થોડી વાતચીત કરી પછી એક જણી પેલા બોટ-હાઉસ તરફ ગઈ અને એક જણી પગ ધોવા ફરી નદીકાંઠે ગઈ.

વીસેક મિનિટ પછી તેમાંની એક યુવતી લગભગ મરેલી હાલતમાં મળી આવી. તેના પર ગુજરેલા અત્યાચારનો તેણે પ્રબળ સામનો કર્યો હોય તેમ લાગતું હતું. તેના નખ લોહીવાળા હતા. મરતાં મરતાં તેના પિતા તથા અન્ય સાક્ષીઓ સમક્ષ તે એટલું જ બોલી શકી કે 'પેલા બદમાશ રાતા વાળવાળાએ જ મારી આ દશા કરી છે. જૂઠું બોલી એણે જ મને બોટ-હાઉસમાં...' અને એના પ્રાણ છૂટી ગયા. વધુ કંઈ ખુલાસો મળી શક્યો નહીં.

યુવતીના શબ્દો પરથી લોકોએ બોટ-હાઉસમાં કામ કરતા લિન્ડલેને પકડ્યો. પોતે એ બનાવને વખતે તો કોઈ બીજે જ સ્થળે હોવાનો બચાવ તેણે રજૂ કર્યો. એ માટેના પુરાવાઓ અને સાક્ષીઓ પણ આપ્યા. પણ એ બચાવ પરથીયે બરાબર ખૂનને વખતે જ એ ક્યાં હતો તેની કોઈ સાબિતી નહોતી મળતી ને એનો બચાવ તૂટી પડતો. અધૂરામાં પૂરું ભરવાડે એના રાતા વાળ પરથી તથા તેના કથ્થાઈ કોટ પરથી તેને ઓળખ્યો અને પોતે તેને મરનાર યુવતી સાથે ઝપાઝપી કરી નદીના પાળાની પાછળ લઈ જતાં જોયો હોવાનું જણાવ્યું. વળી આ બનાવ વખતે કોઈ પાસે ઘડિયાળ પણ ન હતું. આથી મૃત્યુનો સમય એકબીજાએ અંદાજે જ નક્કી કર્યો હતો.

નાહતી છોકરીઓ જોઈ સંયમ ગુમાવી તેણે કરેલા અમાનુષી કૃત્ય પ્રત્યે સ્વાભાવિક જ કોઈનેયે સહાનુભૂતિ ન હતી. વર્તમાનપત્રોએ પણ તેને સારી પેઠે તિરસ્કૃત કરી મૂક્યો હતો. નીચલી કોર્ટમાંથી ઉપલી કોર્ટમાં ને ત્યાંથી સુપ્રીમ કોર્ટમાં તેનો કેસ ચાલીને તેને ફાંસીની સજા થઈ હતી. મૅથ્યુસે આ કેસ લીધેલો. 'હેબીઅસ કૉર્પસ' તથા 'ઍરર કોરમ નોવિસ' અને 'કોરમ વૉલિસ'ની રિટ (સબળ કારણ વગર ભૂલનો કે શકનો લાભ આપ્યા વિના પકડી ન રાખવો જોઈએ તેવી અરજીઓ) દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે અરજીઓ કાઢી નાખી હતી એટલે હવે આ 'રિટ'નું બહુ મહત્ત્વ રહેતું નહોતું. ખુદ લિન્ડલેને પણ હવે આ બધા પ્રયત્નોમાં ખાસ શ્રદ્ધા રહી નહોતી.

પણ મૅથ્યુસની સબળ માગણી પરથી ને ગવર્નર વૉરેનની મંજૂરીથી સુપ્રીમ કોર્ટે એક રેફરી નીમ્યો અને અવનવી વિગતો બહાર આવી : (૧) પૂરતા સાક્ષીઓ તપાસાયા નહોતા કેમ કે એમાંના કેટલાક તો સ્થળાંતર કરી ગયેલા; (૨) બનાવ વખતે કોઈ પાસે ઘડિયાળ ન હોઈ સમય માત્ર અંદાજે જ નક્કી કરાતો હતો; (૩) ભરવાડ રંગઅંધ (કલર બ્લાઇન્ડ) હતો ને એને દરેક રંગ રાતો દેખાતો હતો એટલું જ નહીં પણ સૌગંધપૂર્વક જુબાની આપવાની ગંભીરતા પણ તે સમજતો ન હતો; અને (૪) બનાવ વખતે ત્યાં બીજો કોઈક પણ રાતા વાળવાળો હોઈ શકે એ સ્વાભાવિક લાગતું હતું.

આ અહેવાલ પરથી ફરી કાળજીપૂર્વક તપાસ ચાલી. રાતા વાળવાળો બીજો કોઈ તો મળે તેમ નહોતું; લિન્ડલેનો બચાવ ખૂનના સમયે જ તૂટી પડતો હતો અને છેલ્લે મરનાર છોકરીએ કહેલા શબ્દો પરથી રાતા વાળવાળો ને બોટ-હાઉસવાળો માણસ બીજો કોણ હોઈ શકે ? એટલે એની ફાંસી કાયમ રહી. ગવર્નર રજા પર ઊતર્યા ને ફાંસીની હવે મુલતવી નહીં રાખવાની સૂચના આપતા ગયા હોઈ લિન્ડલે માટે માત્ર દસ જ દિવસ રહ્યા હતા.

ગાર્ડનર બધી વિગતો જોઈ ગયા. મૅથ્યુસની તપાસનો તેમણે અભ્યાસ કરી લીધો. છોકરીઓની, તેના પિતાની, લિન્ડલેની, ખૂન પછી પોલીસે આવીને સાક્ષીઓને મળીને તપાસ્યાની વગેરે દરેકે-દરેકની હિલચાલ અને તેના સમયને તેઓ કાળજીપૂર્વક તપાસી ગયા અને તે દરેક વિગતને એકબીજી સાથે સાંકળીને તેમણે એક સમયપત્રક તૈયાર કર્યું. ફરીફરીને એ સમયપત્રક પણ ચકાસી લીધું ને તેને સચોટ તાર્કિક અને બુદ્ધિગમ્ય બનાવ્યું. તેમણે તારવી કાઢ્યું કે ખૂનનો જે સમય નક્કી થતો હતો એ સમયે તો લિન્ડલે મરનાર યુવતીના જ પિતામા સાથે મોટરમાં લગભગ ત્રણેક માઈલ દૂર હતો. એટલે બનાવના સ્થળે આવીને તરત જ યુવતી પર બળાત્કાર કરે ને પછી શાંતિથી પોતાને કામે લાગી જાય એ સંભવી જ ન શકે. યુવતી તેના પિતાને મરવાની હાલતમાં મળી તે પહેલાં પંદરેક મિનિટથી તો તે એ હાલતમાં હશે જ. બીજું ખૂની સાથેની ઝપાઝપીમાં યુવતીએ તેને જે ઉઝરડા પાડ્યા હશે તેમાંથી નીકળેલું લોહી યુવતીના નખમાં ભરાયેલું હતું, પણ લિન્ડલેના મોં પર ક્યાંયે ઉઝરડા નહોતા, એટલે મોં પર ઉઝરડાવાળો ને રાતા વાળવાળો બીજો કોઈ તો જાણે હવામાં ઓગળી ગયો હતો. હા, એ વિસ્તારમાં રાતા વાળવાળો એક અફીણ વેચનારો હતો ખરો, અને પોતાની ઉઘરાણી પણ જતી કરી એ આ વિસ્તારમાંથી જતો રહેલો. પરંતુ તે મળે નહીં ત્યાં સુધી આગળ કઈ રીતે તપાસ થઈ શકે ?

લિન્ડલેની ફાંસી આડા હવે કલાકો ગણાતા હતા. ગાર્ડનરે પોતે કરેલી તારવણીની વિગતો સુપ્રીમ કોર્ટના દરેક ન્યાયધીશને લખી મોકલી. રાજ્યના ઍટર્ની જનરલનેયે તેની વિગત મોકલી. ગર્વનરને વર્તમાનપત્રમાં એક ખુલ્લો પત્ર લખ્યો ને એ પત્રે પણ તેને માટે ખાસ આવૃત્તિ પ્રકટ કરી. લાગતાવળગતા દરેકને ખાસ

ટપાલથી સંદેશા પહોંચાડ્યા અને સાબિત કર્યું કે બનાવના સમયમાં થોડી છૂટછાટ મૂકીએ તોયે લિન્ડલે દોષિત ન હોઈ શકે.

એની આ બધી મહેનતનું તરત પરિણામ આવ્યું. ઇનચાર્જ ગવર્નર ફેડે ફાંસી મુલતવી રાખી. ગવર્નરની ઑફિસ પર નાગરિકોનો ધસારો થવા લાગ્યો. અસંખ્ય પત્રોનો તો જાણે વરસાદ વરસ્યો. પણ સાચો ખૂની ક્યાં ? કાયદાની જડતાએ એના અભાવે લિન્ડલેને છોડ્યો તો નહિ જ, પણ તેને ફાંસી મળતી તો રહી જ ગઈ ને જન્મકેદ મળી. સુપ્રીમ કોર્ટના ચુકાદા ઉપર ફેરફાર ? અને એ પણ દયાની અરજી કાઢી નખાયા પછી ? ન્યાયતંત્રના ઇતિહાસમાં આવા કિસ્સા વિરલ જ ગણાય.

ગાર્ડનરની ન્યાયપ્રિયતા, સેવાભાવ ને બુદ્ધિકૌશલને જ આ બધું આભારી છે. પણ આવા બીજાયે કેટલાક નિર્દોષો માર્યા નહીં જતા હોય ? ગાર્ડનરને પણ આ જ ચિંતા થતી હતી. 'આર્ગોસી' (Argosy) પત્રના માલિક હેરી સ્ટીગરને પણ આ જ પ્રશ્ન થતો હતો. બંને મિત્ર હતા. સ્ટીગરે આખરે અર્લને જણાવ્યું કે, 'તમને હવે આવો કોઈ પણ કેસ નજરે પડે કે જેમાં નિર્દોષ આરોપી સજા પામે છે તો તેની વિગતોના પ્રકાશનને માટે 'આર્ગોસી'નાં પાનાં ખુલ્લાં છે. આપણે એ છાપીને પ્રજાનો અવાજ ઉઠાવીશું.'

ગાર્ડનરને પણ આ વિચાર ગમી ગયો. ઉજાગરા કરીને એણે એક યોજના ઘડી કાઢી. કેસની વિગતો છપાય અને લોકો એ વાંચી જાય એટલું જ પૂરતું નથી; એની સાથોસાથ લોકો પોતે પણ તેમાં ઊંડો રસ લઈ અવાજ ઉઠાવે તો જ કંઈક અર્થ સરે. એટલે આવા કેસમાં જેમ જેમ તપાસ આગળ ચાલતી જાય તેમ તેમ વિગતવાર તે પ્રકટ થતી રહે એ રીતની તેમણે ગોઠવણ કરી. સુપ્રીમ કોર્ટે કાઢી નાખેલા અને જેમાં ખરેખર જ ગેરઇન્સાફ થયો લાગતો હોય ને જેની વિગતોમાં કૈંક વૈશિષ્ટ્ય હોય એ દાવાઓ પ્રકટ કરવાનું નક્કી થયું. સાધનો અને વ્યવસ્થાને અભાવે લિન્ડલે પૂરો ઇન્સાફ ન પામી શક્યો એનો વસવસો ગાર્ડનરને સતત રહ્યા કર્યો. પણ આવા બીજા અનેક લિન્ડલે માટે તેઓ હવે કટિબદ્ધ થયા.

સામાન્યતઃ સુપ્રીમ કોર્ટ સર્વોચ્ચ અદાલત ગણાય છે. પણ અર્લ માને છે કે આવી કોઈ પણ અદાલત સર્વોચ્ચ ન ગણાય. જનતા જ સાચા અર્થમાં સર્વોચ્ચ ગણાય. એ જનતાની અદાલતનાં પ્રોસિડિંગ્સ ને ચુકાદા 'આર્ગોસી'માં પ્રકટ થાય. પણ આટલી યોજના જ પૂરતી નહોતી. એ માટે જરૂરી સાધનો, માણસો, બનાવની જગ્યાએ જઈ ત્યાં તપાસ કરી શકવા માટેની યોગ્ય સવલતો વગેરે પણ જોઈએ. અને એ માટે 'આર્ગોસી રહસ્ય-શોધન સમિતિ'ની રચના થઈ. ગુનાશોધનની દરેક શાખાના સ્પેશિયાલિસ્ટની મદદ લેવાનું વિચારાયું.

એમના આ વિચારનો તરત જ પડઘો પડ્યો. લીગલ મેડિસિનના નિષ્ણાત અભ્યાસી અને 'હોમીસાઈડ ઇન્વેસ્ટિગેશન' નામક સૈદ્ધાંતિક અને સરકારમાન્ય પાઠ્યપુસ્તક-લેખક તથા ડૉક્ટર હોવા ઉપરાંત એક સારા વકીલ ડૉ. લી મૉગ્રન સ્નાઈટરે તેમને સાથ આપવા કબૂલ્યું. રેમન્ડ શિન્ડલર નામે એક વિખ્યાત ગુનાશોધકની મદદ પણ તેમને મળી. આ શિન્ડલરે લિ, જિમ'ની ટોળી પકડી પાડવામાં મોટો ફાળો આપેલો. આ ટોળકીએ સરિયામ માર્ગ પર ઑફિસ ખોલેલી. વાહનોનાં નિયંત્રણ માટે અને ઝડપથી ગાડી ચલાવનારનો દંડ કરવા માટે રાખેલી પોલીસ એવા દંડની વાર્ષિક લાખો ડૉલરની આવક તેમને આપતા. પણ એમને ખબર સુધ્ધાં ન પડી કે આ કમાણી સરકારી તિજોરીમાં નહિ પણ એક બદમાશ ટોળકીને માટે જમા થાય છે. 'ધી કમ્પલીટ ડિટેક્ટિવ'માં આ શિન્ડલરનું પ્રેરણાયાદક ચરિત્ર આવેલું છે.

આ ઉપરાંત લાઈ-ડિક્ટેટર પોલીગ્રાફ(જૂઠું બોલેલું પકડી પાડનાર યંત્ર)નું સંચાલન કરવા માટે એમને ડેટ્રોઈટ પોલીસ ફોર્સના એલેક્સ ગ્રેગરીની સહાય પણ મળી. ગાર્ડનરના એક કેસ દરમિયાન તેમના પરિચયમાં આવનાર વૉશિંગ્ટન રાજ્યની જેલના વૉર્ડર ટૉમ સ્મિથ અને બૉબ હે પણ એમની આ પ્રવૃત્તિથી આકર્ષાઈને એમની સાથે જોડાયા. કાયદાની સલાહ માટે ગાર્ડનરે પોતે જવાબદારી ઉપાડી લીધી.

પણ આ તો સૌની કામગીરીની સેવાની વાત થઈ. પણ એ કામગીરી દરમ્યાન ટેલિફોન, ટ્રંકકોલ, ટેક્સી, હવાઈ મુસાફરી, સાક્ષીઓને ખોળી લાવવાનો તેમને આપવાનો ખર્ચ, હૉસ્પિટલના અને અન્ય રેકર્ડ મેળવવાના ખર્ચ, ઇત્યાદિ અનેક જાતના ખર્ચનો ભાર પણ કંઈ નાનોસૂનો ન જ હોય. એ બધી જવાબદારી 'આર્ગોસી' પત્રે ઉપાડી. ઉપરાંત બધી કામગીરીના અહેવાલો છાપવાના. એક સામયિકપત્ર કેટલોક ખર્ચ વેઠી શકે ? તપાસમાં કેટલો સમય જાય તે પણ નક્કી નહીં. છતાં સ્ટીગરે ગાર્ડનરની યોજના સ્વીકારી લીધી. વિગતો છપાય, લોકો તેનો પડઘો પાડે, પછી જ કંઈ અસર નીપજે. પોલીસખાતું તેમાં બહુ જ ઓછી સહાય કરે, અને સરકારી સહાય તો નહીં જ, એટલે ક્યારેક તો 'આર્ગોસી' બંધ કરી દેવા જેવી સ્થિતિ આવી જતી છતાં ધીરજથી ને કરજ કરીકરીને પણ સ્ટીગરે કામ ચાલુ રાખ્યું ને આ 'કોર્ટ ઑવ લાસ્ટ રીસોર્ટ'(છેલ્લા આશરાની કોર્ટ)ને નિભાવી રાખી. ગાર્ડનર પણ પોતાના આ કાર્યની સફળતાનો બધો યશ 'આર્ગોસી'ને જ આપે છે. પાછળથી તો 'આર્ગોસી'ને પણ હવે એનો બદલો મળી ચૂક્યો છે.

આ સર્વોચ્ચ અદાલતનો પહેલો કેસ...

વૉશિંગ્ટનની વેલાવેલા જેલના રેક્ટર રેવરન્ડ ડબલ્યુ. એ. ગિલ્બર્ટે પંદર વર્ષ જૂનો એક કેસ ગાર્ડનરને સોંપ્યો. ક્લૅરન્સ બોગી, કેદી નં. ૧૬૫૮૭, એ જેલમાં જન્મકેદ ભોગવતો હતો. મૉરિટ્ઝ પીટરસનના ખૂનનો તેના પર આરોપ હતો. અગાઉ પણ તેણે બે વખત જેલ ભોગવી હતી. જોકે એ પોતે તો આ ત્રણમાંથી

એકે ગુનો કર્યાનું કબૂલતો નહોતો.

ધંધાકીય મંદીના વખતની વાત. બોગી ત્યારે લાકડાં વહેરી ગુજરાન ચલાવતો. પણ તે કહેતો કે હકીકતે તે એક તાંબાની ખાણનો માલિક હતો. લોકો તેને જુઠ્ઠો ને પાજી સમજતા.

એક દિવસ એણે એક પોલીસને કોઈ ડોશીને ધમકાવતો જોયો. વાત એમ હતી કે ડોશીની હદમાં ઊગેલા એક ઝાડને લીધે પાસેની ફૂટપાથ ઊખડી ગઈ હતી. ડોશીએ તે સમારી આપવાની હતી પણ એ અસહાય હતી. બોગી ડોશીની મદદે ગયો. અફસરને સમજાવીને એણે એ ફૂટપાથ સમારી આપવાનું માથે લીધું. બેકાર સાથીદારો અને 'અહીં તહીં'થી એકઠા કરેલા સિમેન્ટ વડે એણે એ કામ કરી આપ્યું અને ડોશીના આગ્રહ છતાં તેઓએ એ માટે એક પાઈ પણ લેવાની ના પાડી. ડોશીએ એનું સરનામું લઈ લીધું અને પોતાની એક શ્રીમંત બહેનપણીને ડોશીએ આ વાત લખી જણાવી. એ બહેનપણી પાસે સારી પેઠે જમીન-જાગીર હતી. એટલે એનાં સગાંસંબંધી એને તંગ કર્યા કરતાં. એની જાગીરમાં તાંબાની એક ખાણ પણ હતી. એણે બોગીના પેલા માનવતાભર્યા કામના બદલા તરીકે એ ખાણ એના નામ પર ચડાવી લીધી. પણ એનો દસ્તાવેજ પેલા સંબંધીઓએ વચ્ચેથી જ ગુમ કરી દબાવી રાખ્યો. બોગીને છોડાવવા માટેની તપાસ દરમ્યાન આ વિગત પ્રકટ થઈ. ગાર્ડનરે પેલો દસ્તાવેજ પણ મેળવ્યો.

ગાર્ડનરે એનો આખો કેસ જોયો. વાત એમ હતી કે એક દિવસ એક બૅંકમાં લૂંટ થઈ. નાસી જતી ટોળીમાંથી કોઈએ એક કોટ નીચે ફેંકી દીધો. પુલ નીચેથી જતા બોગીને એ કોટ મળ્યો, પોતાને બંધબેસતો હોઈ એણે એ પહેરી લીધો ને પોલીસે જ્યારે તેને પકડ્યો ત્યારે જ તેને ખબર પડી કે એ કોટના ગજવામાં તો લાખો ડૉલરની નોટો હતી ! સજા થઈ, અરજીઓ પણ થઈ ને સદ્ભાગ્યે એની ફેરતપાસમાં એ છૂટી ગયો.

પણ એ જેલવાસ દરમ્યાન એને જૉન ડૉની સાથે પરિચય થયો. એ એક અઠંગ ખેલાડી હતો. એક રિટાયર્ડ પોલીસ અમલદાર સાથે મળી એણે એક લૂંટની યોજના વિચારી હતી. એ કામ વખતે બહાર ધ્યાન રાખનાર એક માણસની એને જરૂર હતી. બોગીને તેણે તેમાં સંડોવવા ધાર્યું. બોગીને તેની મા અત્યંત વહાલી હતી તે એણે જાણી લીધું. એ માને મારી નાખવાની ધમકી આપી જૉન ડૉએ બોગીને પોતાના સાથમાં તૈયાર કર્યો. બોગી ફરી પકડાયો. તાજનો સાક્ષી થયો અને ઓછી સજા પામી છૂટી ગયો. પણ જૉન ડૉએ કિન્નો રાખ્યો અને બદલો લેવાની ધમકી પણ આપી. એક ડેપ્યુટી શેરીફે એ સાંભળેલું પણ ખરું અને તેની તેણે ઍફિડેવિટ પણ આપી હતી.

તે પછી એવું બન્યું કે મોરિટ્ઝ પીટરસન નામે એક માણસ એક બૉર્ડિંગ હાઉસમાં રહેતો હતો. ગામ બહાર તેણે એક ખંડેર જેવું મકાન પણ ભાડે રાખેલું. ઘણી વાર એ ત્યાં પડ્યો રહેતો. ત્યાં એક વાર કોઈએ લૂંટ કરી, પણ પીટરસને પોલીસમાં જાહેરાત કરવા ના પાડી. લૂંટ તો માત્ર એક કોટ અને પગરખાંની એક જોડની જ થયેલી. તા. ૨૪મી જૂને એ બનાવ બન્યો. પછી ૨૬મી જૂને સવારે પડોશી એ પીટરસનના મકાનમાં કંઈ ઝપાઝપી થતી જોઈ. એક માણસ નાસી ગયો ને બાજુના જંગલમાં પેસી ગયો. પાછળ પડેલા લોકો નિરાશ થઈ પાછા ફર્યા. પોલીસ આવી. પીટરસન ઘાયલ થયો હોઈ તેને હૉસ્પિટલમાં પહોંચાડ્યો. મરતાં મરતાં તેણે તેની પુત્રીને મારનારનું નામ કહેલું.

પણ ખૂન થયા પછી ગુનેગારોને નહિ પકડી શકવાના કારણે પોલીસ બદનામ થતી હતી. વૉશિંગ્ટનમાં એક ખૂન માટે જૉન ડૉને જન્મકેદ ભોગવવી પડે તેમ હતું. તેથી તેણે ઇડાહોની જેલમાં એવી શરત કરી કે જો મને ઇડાહોમાં જ રાખવામાં આવે અને મારા પર ફરી કામ ચલાવવામાં ન આવે તો એ પીટરસનના ખૂનીને પકડી આવું.

અને એણે જૂનું વેર યાદ રાખી બોગીને આ કિસ્સામાં ફસાવી દીધો. કમનસીબી તો એ હતી કે આ વખતે પણ બોગીના શરીર પર પીટરસનનો તા. ૨૪મી જૂને ચોરાયેલો કોટ જ પહેરેલો હતો. પેલા ડેપ્યુટી શેરીફની ઍફિડેવિટને કોરે મૂકીને જૉન ડૉની ખોટી એલીબી મંજૂર રહી. બોગીને જન્મકેદ થઈ.

પંદર વર્ષ વીતી ગયા પછી ગાર્ડનર પાસે બોગીનો આ કેસ આવ્યો. ઉપરની બધી વિગતો તો ગાર્ડનરની તપાસ દરમ્યાન બહાર આવી હતી. ગાર્ડનરે અને તેમના સાથીઓએ ફેરતપાસ આદરી. જોન ડોનો લાઈ ડિટેક્ટર ટેસ્ટ લેવાયો. દાવાની નકલ માટે જોઈતા ૭૫૦ ડૉલર મેળવવા બોગીએ જેલમાં મળતી દરેકેદરેક સગવડ જતી કરી. તે છતાંયે એટલી રકમ એ બિચારો એકઠી ન કરી શક્યો. એ જ વખતે એકાદ નાના ગુનાસર થોડી સજા પામી તેની સાથે જેલ ભોગવતા એક પૈસાદારે એને મદદ કરી અને ગાર્ડનરને દાવાની નકલ મળી.

ડેપ્યુટી શેરીફની ઍફિડેવિટ પણ મેળવાઈ. 'આર્ગોસી'માં વિગતો પ્રકટ થવા લાગી. લોકોએ શોર ઉપાડ્યો. ખર્ચ માટે ફાળો થયો. વિમાનોમાં રખડીરખડીને ગાર્ડનરે સાક્ષીઓ એકઠા કર્યા. પંદર વર્ષ વીતી ગયાં હોઈ બધાં ક્યાં ક્યાં પડ્યા હતા. પણ તેઓએ બોગીને જોઈ એટલું તો ચોક્કસપણે કહ્યું કે મારીને નાસી જનાર બોગી જેવો બેઠી દડીનો નહિ પણ ઊંચો હતો.

બીજી બાજુ બોગીની જીવનકથની પણ છપાવા લાગી. એની એક આવડત એ હતી કે એના જેવો ઓછી મહેનતે કળથી મોટાં તોતિંગ લાકડાં ફેરવી શકનાર બીજો કોઈ શોધ્યો જડે તેમ નહોતો. જો બોગી છૂટી જાય તો લોકો તેને એ કામ આપવા પણ તૈયાર હતા.

તપાસ આગળ ચાલતી ગઈ. એક ધોબી મળ્યો. પીટરસનને મારનારે એને કોટ વેચવા આપ્યો. ધોબીએ તે સોદો અરધા ડૉલરમાં પતાવ્યો અને પછી બોગીએ એ જ કોટ એક ડૉલરમાં

વેચતો લીધેલો. એક બાઈ પણ મળી જેના છોકરાને ડિસ્ટ્રિક્ટ ઍટર્નીએ બોગીની તરફેણમાં સાક્ષી પૂરવા બદલ ધમકાવેલો. જોકે એ છોકરો તો હયાત નહોતો.

જૉન ડૅ પાસેથી મળેલી વિગતો આપવાની જરૂર નથી. ગવર્નરે વચન આપ્યું કે બોગી છૂટી જશે. પણ હજી બોગી છૂટ્યો નહોતો. કારણ ? 'ટાઈમ્સ' એ ખબર છાપી ન લે ત્યાં સુધી એને છૂટો ન કરવાનું રાજકીય દબાણ ! કેસને માટે 'આર્ગોસી'એ કરેલું બેશુમાર ખર્ચ, છેલ્લા આશરા-સમિતિના સભ્યોની જહેમત અને સમયનો ભોગ. એ બધું બાજુએ રહે ને યશ 'ટાઈમ્સ'ને ! પણ જનતાની અદાલત ક્યાં અજાણ હતી ? બોગી છૂટી ગયો - પંદર વર્ષ પછી.

જિંદગીનાં એ અમૂલ્ય વર્ષો બગડવા બદલ સરકાર સામે તેણે કશો દાવો પણ ન કર્યો. પ્રજાએ તેને માટે બેથી ત્રણ લાખ ડૉલરનું ફંડ કર્યું. બાળપણની એની એક સખીએ તેની સાથે લગ્ન પણ કર્યું. બોગી ફરી પોતાના કામે લાગી ગયો. તાંબાની ખાણની એને પરવા ન હતી. જનતાની સર્વોચ્ચ અદાલત કંઈ થોડી જડ હતી ? તેણે તેને ઘણું આપવા તૈયારી બતાવી. પણ, એ જાતમહેનતમાં માનતો હતો. એની કામ કરવાની શક્તિ જોઈ સૌ આશ્ચર્ય પામી ગયા. એક દિવસ એણે પોતાની કામગીરીનો વિક્રમ સ્થાપ્યો. ઘેર આવી પત્નીને વાત કરી. આનંદથી પત્નીએ એને ચુંબનથી વધાવ્યો. હાથ-મોં ધોવા તે બાથરૂમમાં ગયો ત્યાં જ તે અવસાન પામ્યો. મોં પરનું સંતોષનું સ્મિત હજીયે એમનું એમ જ હતું. કેદનું જીવન, નિરાશાની ગડમથલ અને આ મહેનતભર્યું કાર્ય, સૌએ એકસામટી અસર કરી. પણ આખરે એ આબરૂસર અને પ્રામાણિક માણસ તરીકે ગયો એ શું ઓછું હતું ? આનો બધો યશ ગાર્ડનરને ઘટે છે.

જીવનકથામાં નાયક ક્યારે અને ક્યાં જન્મ્યો, કેટલું ભણ્યો, ક્યારે પરણ્યો, કેટલાં બાળકો એ વગેરે બધું અને એની તારીખો જાણવા કરતાં એણે કરેલાં નક્કર કાર્યોને અંજલિ આપવી વધુ યોગ્ય નથી ?

સિત્તેર વર્ષ વીતી ગયા પછી યે ગાર્ડનરની તંદુરસ્તી સારી હતી. તે કદી ધૂમ્રપાન કરતા નહિ ને દારૂ પણ બહુ થોડો જ લેતા ઈ. ૧૯૭૦માં એમનું અવસાન થયું છે. (૪૫૦)

હુકમનું પાનું

જર્મનીના વીટેમ્બર્ગ ગામનો એક સામાન્ય સાધુ પોપની અમાપ સત્તાને તોડી પાડે, ફ્રાન્સના કોઈ ગામડાની એક ખેડૂત છોકરી ઇંગ્લૅન્ડના સુસજ્જ સૈન્યોનો પરાભવ કરે, અને કાઠિયાવાડના નાનકડા દરિયાકાંઠાનો દૂબળા શરીરવાળો આદમી ભલભલી સલ્તનતનાં યે હાજાં ગગડાવી દે, ત્યારે જગતને આશ્ચર્ય થયા વિના ન રહે. પણ એમાં આશ્ચર્ય જેવું કશું નથી. ઈશ્વરની એ સનાતન કાર્યરીતિ છે, અને તેની પાછળ તેનો એક સરળ અને એટલો જ સબળ નિયમ વર્તે છે.

આપણે જોઈએ છીએ કે પત્તાની રમતમાં એક મામૂલી - દુડી કે તીડીનું હલકું - પાનું પણ બાદશાહ ને એક્કાને પરાસ્ત કરી શકે છે - જો એ હુકમનું પાનું હોય તો. એમ આપણી આ જીવન-મરણની રમતમાં પણ બધાં હુકમનાં પાનાં જ વિજયી હોય છે. તેમનાં હૃદયમાં એક રાજેશ્વરી મૂર્તિ વિરાજમાન હોય છે. લ્યૂથરનો ઈસુ, જોનનો દેવદૂત કે મહાત્માજીનો અંતરાત્મા.

- ગમે તે નામથી તેને ઓળખો, તેની ઈચ્છામાંથી તેમનાં કાર્ય ઉદ્ભવે છે. તેમનું હૃદય એક મહાશક્તિ સાથે એકરૂપ થયું હોય છે; અને એ વિશ્વ-ચૈતન્ય સાથેના સંયોગથી તેમનામાં એવું અભૂતપૂર્વ બળ આવે છે કે જેની સામે દુનિયાની ગમેતેવી જુલ્મગાર સત્તા પણ ટકી નથી શકતી.

પણ આવી અમોઘ શક્તિ માત્ર પોતાના માનીતા અમુકને જ ઈશ્વર આપે છે તે સાચું નથી. ઊલટું, વધારે સાચું એ છે કે આપણે સૌ એ શક્તિના વારસદાર છીએ. ખુલ્લું દિલ, શ્રદ્ધા, સચ્ચાઈ અને નિયત માર્ગે પગલું ભરવાની દૃઢતા, એટલી મૂડી હોય તો ઘણું. આપણે જાતના લોભ માટે રાતદિવસ કામ કરીએ છીએ; પરિણામે આવે છે નિરાશા, થાક, અસંતોષ. એક વાર લાભ કે હાનિની ગણતરી છોડી, તમારામાં ઊંડે ઊંડેથી આવતા અવાજને સાંભળવાની તસ્દી લઈ, તેના કહ્યા પ્રમાણે આચરી તો જુઓ ! એક વાર તેના હુકમનું પાનું બની તો જુઓ ! કદાચ તેના વચન પ્રમાણે કરવાથી પરાજય પણ આવશે, તો યે તેનો સ્વાદ તમે કુનેહથી મેળવેલા વિજય કરતાં જુદો જ હશે. કદાચ એ પરાજય જ ખરો વિજય હશે.

ત્યારે વાત આ છે : આપણી સાચીખોટી ધારણા નહિ, પણ એક પરમ સત્ય, એક પરમ શક્તિની ઈચ્છા આપણા દરેક કાર્યની પ્રેરક હો ! એ ઈચ્છાને ઓળખવી તે પણ મુશ્કેલ નથી. કહ્યું કે ખુલ્લું દિલ, પેલી શ્રદ્ધા અને સચ્ચાઈ રાખો : અજવાળું આપમેળે ઊતરશે. પણ આપણે સરળ માર્ગને અટપટો બનાવી દેવાનું જ શીખ્યા છીએ. ટૂંકી દૃષ્ટિ, બાંધેલા પૂર્વગ્રહો ને જાત પર વધુ પડતો વિશ્વાસ, આ સીધાં કિરણોના પ્રકાશને બાધક છે. આજના ડોલાયમાન વાતાવરણમાં શ્રદ્ધાની હોડી સ્થિર રહેવી મુશ્કેલ છે. સચ્ચાઈની સહનશીલતાના દોર કાચા છે.

પણ જો એક નિશ્ચય કરો, પૂરા દિલની પ્રતિજ્ઞા કરો તો પડતા-આખડતા પણ તમે એને પહોંચ્યા સિવાય નહિ રહો. ચિંતાતુર ચહેરે જગન્માતા એવા - ભલેને ખૂણે જન્મેલા - પણ વીર બાળકની ખોજ કરી રહી છે. અને તેના હુકમનું એક પાનું ગમે તેવાની જોહુકમી પણ તોડી શકે છે એ તો તમે જાણો છો. (૫૫૨)

મકરન્દ દવે

દારુણ ઝંઝાવાતો ને કરાલ ઝાકળદંશ જ્યાં આદમીને ઊભો જ થિજાવી દે છે અને ધરતીની છાજલી સમા ધ્રુવપ્રદેશ પર જઈને વસાહત કરનાર યાન વેલઝલની ખતરનાક સફરની રોમાંચકથા

સાઈબીરિયાના ઠંડા વેરાનમાં એક પુલ પર લુહાર તરીકે રોજે જતા કોઈ તરુણના દિલમાં ધ્રુવપ્રદેશોની વાતો સાંભળી ત્યાં પહોંચવાની તાલાવેલી જાગે. જાગતાં જ બીજું બધું છોડી પારાવાર મુસીબતો ઓળંગી ત્યાં પહોંચે. અને એ કરાળ વેરાનનો સ્થાયી વસાહતી બને. એ વાત પહેલી નજરે તમારા માન્યામાં નહિ આવે. ઘણાંને નહોતી આવી. પણ ઈર્કુટ્સ્કના એ લુહાર યાન વેલઝલે તો એ રંગદર્શી ભૂમિની વાસ્તવિકતા આકંઠ પીધી છે. એના કુટુંબને વારસો જ, જર્મનો જેને 'Wanderlust' - ભમતારામ કહે છે તેનો મળ્યો હતો. એનો ભાઈ અંતરના એ અવાજને વશ થઈ ઠેઠ ઑસ્ટ્રેલિયા પહોંચેલો ને એના અંતરાળમાં તે ક્યાં ગુમ થયો તેનો આજ સુધી પત્તો નથી.

ને વેલઝલ પણ ૧૮૮૪માં લુહારકામ શીખીને ઝગરેબથી પગપાળો ઊપડી જિનોઆ, ટ્રીએસ્ટે, બોસ્નિયા, સર્વિયા ને ઠેઠ રૂમાનિયા સુધી રખડી આવ્યો હતો. આટ્લાંટિક પાર કરી ઉત્તર અમેરિકામાં તે ઘૂમ્યો હતો ને પશ્ચિમ આફ્રિકામાં ટેબલ પર્વત સુધી આથડ્યો હતો. હિંદી મહાસાગર પણ પાર કરી વ્લાડિવૉસ્ટૉક, પોર્ટ આર્થર ને ઠેઠ બાઇકાલ સુધી ભટકી પછી જ તે ઈર્કુટ્સ્ક પહોંચ્યો હતો. એટલે એના ધ્યેયને પહોંચવા માટે જોઈતાં અનુભવ, સાવધાની ને ઝિંદાદિલી તો એ સંચીને જ બેઠો હતો.

એને થયા કરતું : 'જો રાજદ્વારી કેદીઓમાંનો કોઈ માથા ફરેલો જણ કોઝાકોના પહેરામાંથી છટકી જઈ, બંધનો સહિત જંગલો ને વેરાનો ઓળંગી જાય છે, તો હું મુક્ત મનુષ્ય શા માટે નહિ ? ને હું તો તરુણ, મજબૂત ને તંદુરસ્ત છું, સાધનસંપન્ન પણ છું.' અને એના અંતસ્તલમાંથી જાણે તેનો જવાબ આવતો : 'તું ચાલી નીકળ, ચાલી નીકળ, તું ફતેહમંદ જ થવાનો.'

પુલનું કામ પૂરું થયું કે એ ઊપડ્યો. બેવડા તળિયાની એક ઘોડાગાડીમાં એણે જોઈતાં સઘળાં ઓજારો ને સામાન ભરી લીધો. ઝાઝું ભણેલો પણ એ ન હતો. એટલે નકશાનાં ચિતરામણોનો તેને કશો અર્થ ન હતો. ઉત્તરમાં જવાનું છે – એ દિશાએ જ આગળ વધતા રહેવાનું છે, એટલો જ માત્ર ખ્યાલ તેને હતો. આંખ ઓળંગી પણ ન શકે એવાં સૂકાં ઘાસનાં બીડો વીંધી પચીસ દિવસે તે કીરેન્સ્ક પહોંચ્યો. એ બીડોમાં ભૂલથી પણ એક સળગતી કાંડી પડી ગઈ હોત તો શી વલે થાત ?

ત્યાંથી આગળ વધતાં વિટિમ નદી આવી. દોઢસોએક વાર પહોળી એ નદીને કાંઠે બે દિવસ રખડ્યો ત્યારે તેને ગાડાના ચીલા એક ઠેકાણે પાણીમાં પેસતા જણાયા. ત્યાં પાણી છીછરું હતું. એટલી નાની નદી પાર કરતાં પણ બે કલાક લાગ્યા, એટલી વેગભર તે ધસતી હતી. બીજે જ કાંઠે માથોડાપૂર ઘાસ આવેલું હતું. ને એ પાર કર્યું ત્યાં તો ઊંચાં ને ગીચ ઝાડોવાળું એવું જંગલ શરૂ થયું કે કેનેડા ને આલાસ્કાનાં કપરાં ગણાતાં ગીચ જંગલો તેની પાસે કંઈ વિસાતમાં નહિ. કેટલેક ઠેકાણે તો અંધારું એટલું વધી જતું કે ભરબપોરે દીવો સળગાવવો પડતો ! પણ ત્રણ દિવસે એકલપંડે તે આખું પાર કરી ગયો ત્યારે તેનાં અનુભવ, હિંમત ને આત્મપ્રત્યય અનેકગણાં વધી ગયાં હતાં. એ એકાકિતામાં આગળ વધતાં પહેલાં એને વિચારો આવતા કે આવામાં હાથપગ ભાંગ્યો કે બીજી ગંભીર ઈજા થઈ યા માંદો પડ્યો તો શી વલે થશે ? પણ પછી તો કેમ જાણે પોતે યે એ ભયંકરતાનો જ એક ભાગ હોય તેમ એ નિર્ભીક બની ગયો.

ત્યાંથી આગળ વધતાં ટુન્ડ્રના ખરબચડા વિસ્તાર આવી લાગ્યા. ફૂટ-દોઢ ફૂટની જ્યાંત્યાં પથરાયેલી ટેકરીઓ પર ગાડી આમતેમ ઊલળતી રહેતી. ક્યારેક એ પાણીમાં સમાઈ જતી ને ઘણી વખત તો પાણી બગલ સુધી પહોંચતું. આમ ને આમ ટીચાતો તે લીનાને કાંઠે ઓલેકમિન્સ્ક પહોંચ્યો. એના સોનાના વિસ્તારો પર હજારો કામદારો કામ કરી રહ્યા હતા. નદી પણ ત્યાં ખૂબ મોટી હતી ને સ્ટીમરો આવી નાંગરતી. ત્યાંથી જોઈતો સામાન ભરી તે ઊપડ્યો.

પાછું અનંત જંગલ શરૂ થયું. બીવર, વરુ, શિયાળ ને જરખ હવે દેખાવાં શરૂ થયાં. મંગોલ ભરવાડો ક્યાંક ક્યાંક ભેટતા. એમના ઉટમજગ્રામના મહેમાન થઈ, સુરોવાર (ઘોડીનું દૂધ) તથા દાંત ભાંગી નાખે એવા રોટલાની મહેમાનગત ચાખતો તે યાકુટ્સ્ક થઈ શિગાલાવા તરફ વળ્યો. રસ્તામાં ચુકચી, ચાઉચી, યુર્તન, યાકુત, લામુત વગેરે મંગોલ જાતિઓનો ભેટો થતો જ રહ્યો. એક જાતિ વચ્ચે તે ઊતર્યો ત્યાં તેના મુખીએ એક સ્ત્રીને તેની પત્ની બનાવી સાથે લઈ જવા કહ્યું. વેલઝલે ના પાડતાં એ લોકોએ એ સ્ત્રીનું પેટ ચીરી નાખી તેને નદીમાં ફેંકી દીધી ! એક ઠેકાણે તે ઊતર્યો ત્યાં સૂતી વખતે ત્યાંના રિવાજ મુજબ તેને બધાં કપડાં કાઢી નાખવાં પડ્યાં. ઊંઘવાનો ઢોંગ કરી એ પડ્યો હતો ત્યાં તો આખા યજમાનકુટુંબે ભેગા થઈ એની પેટી ઉઘાડી. બધી વસ્તુઓ તપાસી ને તે પર આશ્ચર્ય ને વખાણ વરસાવી પાછી જેમની તેમ બરાબર ગોઠવીને મૂકી દીધી. એટલે સુધી કે દીવાસળીની એક પેટીયે ગેરવલ્લે નહોતી ગઈ.

અને ત્યાંથી આગળ વધતાં તો વેલઝલને કલ્પના યે ન



ધોળકાની શેરી

કલાકાર : નટુભાઈ પરીખ



શિવ-પાર્વતી : તેહરી ગઢવાલમાં અલકાનંદાની ઘાટીમાં આવેલા કીર્તિનગરથી લગભગ પાંચેક કીલોમીટર દૂરના રાણીહાટ મંદિરની સુંદર પ્રતિમા.

સુવર્ણાવર્ત

ધ્રુવપ્રદેશનો વસાહતી

★

આવી પણ એક તમન્ના છે ને ! ક્યાંય નહીં ને છેક ઉત્તર ધ્રુવમાં – થિજાવીને મારી નાખે એવા બરફના એ વેરાન પડથાર પર જઈ વસવાનો એને નાદ લાગ્યો. અને – અને દુનિયાની કપરામાં કપરી સાહસ-સફર ખેડી એ ત્યાં પહોંચ્યો, પહોંચીને વસાહત કરી, ને હજીયે વસે છે : ત્યાં – જ્યાં મોત હંમેશનું મહેમાન બની બારણે ટકોરા મારતું ખડું હોય છે; ત્યાં – જ્યાં દારુણ ઝંઝાવાતો ને કરાલ ઝાકળદંશ આદમીને ઊભો ને ઊભો ઠારી નાખી તેનાં અંગ ખેરવી નાખે છે; ત્યાં – જ્યાં વરસમાં છ માસ સમસ્ત ક્ષિતિજ પર અનસ્ત સૂર્ય અદ્‌ભુત રંગરોમાંચ કરી રહે છે એ સુવર્ણાવર્તમાં.

– અશોક હર્ષ –

આવેલી એવી જબરી નદી યાના આડી આવી ઊભી. એનાં પૂર એના કિનારા પર કેટલેય સુધી ફરી વળેલાં. ઊછળી ઊછળી એનાં મોજાં ઉત્તર તરફ ધસ્યે જતાં હતાં. હવે ? ઇન્સાનની તો ગંધ સરખી ત્યાં નહોતી. કિનારે કિનારે તે ખૂબ આથડ્યો, પણ ક્યાંયે કારી ફાવે એમ ન જણાયું. ને નદી થીજી જાય તે માટે શિયાળા સુધી રાહ જોવી એ પણ એને પોસાય તેમ ન હતું.

પણ એ હારી ખાય એવો ન હતો. એણે ઓજારો સજ્યાં. ઝાડ કાપી કાપી, છોલી છોલીને, લાકડાની ખીલીઓ વડે જ ત્રેવડા તળિયાનો એક મોટો તરાપો કર્યો, જેથી ઘોડો પાણીમાં ડૂબેલો ન રહે. ચાળીસ વાર જેટલાં લાંબાં લાકડાં વડે કેટલા દિવસે તરાપો તૈયાર થયો ને તે પર ચડી બેસી બંને કિનારા પર નજર રાખતાં તેણે તે પાણીમાં હડસેલી દીધો. રસ્તામાં ઘણેક ઠેકાણે ઊતરવા પ્રયાસ કર્યો, પણ વ્યર્થ. આગળ ને આગળ તે તણાતો જ ગયો.

છેવટે શાતીનાક નજીક તે ઊતર્યો ત્યારે એવો તો થાકી ગયો હતો કે એનાથી ઊભા પણ રહી શકાતું નહોતું. આખે ડિલે એને ધ્રુજારી છૂટવા માંડી હતી. જેમતેમ ત્યાંના કોઝાક અધિકારી પાસે પહોંચ્યો. બધી વાતથી તેને વાકેફ કરતાં તેણે ઝૂંપડું ખોલી આપી આરામ લેવા કહ્યું, અને ધ્રૂજનું કારણ અતિશ્રમથી આવેલો તાવ જણાવ્યો. ઘોડાને ચરવા મૂકી એ ઊંઘવા પડ્યો તે પડ્યો. વચ્ચે કોળિયા બે કોળિયાની ઉદરપૂર્તિ સિવાય સતત પાંચ દિવસ ને પાંચ રાત એ ઊંઘ્યો ત્યારે શરીરમાં પાછી સ્ફૂર્તિ જણાઈ.

આરામ થતાં એ ઊપડ્યો. સીલવિતાર પહોંચી ત્યાંથી કોલીમા નદી ભણી વધતાં તેને કહેવામાં આવ્યું કે એ નદી પર કોલીમ્સ્ક નામક ત્રણ સ્થાનો આવેલાં હતાં : અપર કોલીમ્સ્ક, મધ્ય કોલીમ્સ્ક અને નિમ્ન કોલીમ્સ્ક. એમની વચ્ચે નદીને કાટખૂણે જ, ઓળંગવી મુશ્કેલ એવી ડુંગરાની ધારો આવેલી હતી. એણે પણ એવી જહેમતમાં પડવા કરતાં કોલીમા આવી લાગતાં કુહાડી સજ કરી ને પહેલાં કરતાંયે વધુ મજબૂત તરાપો બનાવી કાઢ્યો. સાંજ પડતાં કિનારાના કોઈ ઝાડ સાથે તરાપો બાંધી તે ગાડી પર ઊંઘી જતો ને સવારના પાંચ વાગ્યે ઊઠી, બે કલાકમાં રસોઈ પતાવી સાત વાગ્યે તો ઊપડી નીકળતો.

નિમ્ન કોલીમ્સ્ક પહોંચીને ત્રણ મહિનાના સાથીદાર તરાપાને તજવો પડ્યો; પણ એથીયે વધુ જૂના સાથીદાર તેના ઘોડાથીયે વિદાય લેવી પડી. કારણ કે, આગળ આવતો પટ ઘોડાથી સહ્યો જાય એમ ન હતો. એ માટે તો રેનડીઅરો જ જોઈએ. આંસુભીની આંખે ઘોડાને એણે વિદાય આપી ને રેનડીઅરોની ગાડીમાં બધા જરૂરી સામાન સાથે તેણે મજલ આગળ લંબાવી. રેનડીઅરો વેચનારે તેને તાકીદ આપેલી કે દિવસમાં એક વખત તો તેમને ચરાવવાં જ. દોઢ દિવસ સુધી જો ચારો ન મળ્યો તો એ આગળ પગલું નહિ ઉપાડે ને લાંબા થઈ સૂઈ જશે. એની ખોરાકીની દરકાર ન રાખનાર કમભાગી ઇન્સાનો બૂરી વલેથી મોતને ભેટેલા હોવાનાં બયાનો પણ એણે આપ્યાં.

આ ચેતવણીનો ભય મનમાં સંઘરી તે કોલ્યુચિન ટાપુ તરફ વધ્યો. રેનડીઅરો ઘોડા કરતાં પાંચગણી ઝડપે બરફની પડથાર પર જાણે વહેતાં જતાં હતાં. એટલી ઝડપે વરુઓની ભૂરી આંખોનો ત્રાસ પણ બુઠ્ઠો બની જતો હતો.

એ કોલ્યુચિન પહોંચ્યો ત્યાં સુધીમાં દરિયો થીજી ગયો હતો એટલે વ્હેલોના શિકારી કોઈ વહાણ પર જગ્યા મેળવી આગળ વધવાની મુરાદ બર આવે એમ ન લાગ્યું. આથી સેન્ટ લૉરેન્સ ટાપુ

તરફ તે આગળ વધ્યો. એનાં દાઢીમૂછ ને જટા વધી વધીને પવન તથા ઠંડીથી એવાં તો બરછટ બની ગયેલાં કે તેણે પોતે લખ્યું છે તેમ તે વાંદરાનો નહિ તો કોઈ જંગલીનો જાતભાઈ તો જરૂર લાગે. જિંદગીમાં એણે કદી ન જોયેલા એવા એસ્કિમો લોકો અહીં મળ્યા. એમાંના કેટલાક રશિયન ભાષા જાણતા હતા. તેમણે તેને ઉત્તરના પ્રદેશોની જોઈતી માહિતી આપી. ન્યૂ સાઈબીરિયા ટાપુઓની મુસાફરી આકરી હોઈ રેનડીઅરોથી એ શ્રમ સહન નહીં થાય એમ જણાવી એને તેમણે બેર ટાપુઓ પર પહોંચવા કહ્યું.

ને એ મુજબ તે બેર ટાપુઓ પર પહોંચ્યો. પણ ત્યાં ન મળે એકે ઝાડ કે ઝરણું કે ન મળે એના ખુશનુમા ઢાળો પર કશી લીલોતરી. બરફ ને ખામોશી બધે વ્યાપી રહેલી. સૂકાં માછલાં ખાઈને, બરફ ચૂસીને એણે વખત ગુજારવા માંડ્યો. ઠંડીથી બચવા માટે શરીર શેકવા બળતણ ન મળે, એટલે તેણે નાચી, કૂદી, દોડીને તેના શરીરને ગરમી આપવી પડતી.

એ શાપિત ટાપુ પર એ ખૂબ રઝળ્યો. રઝળી રઝળીને પગની તાકાત પણ ઓસરવા આવી. 'શું આ જ અંજામથી મારો ફેંસલો થશે ?' તે વિમાસતો હતો. ત્યાં તો માછલી રંધાવાની વાસ આવી. વળી ખૂબ રખડ્યો, પણ કશો જ પત્તો ન મળ્યો. વળી પાછો વિમાસણે ચડ્યો, 'હું ભ્રમમાં તો નથી ને ? કે ગાંડો તો નથી થઈ ગયો ને ?' પણ ત્યાં સેંટ લૉરેન્સના એસ્કિમોએ તેને કહેલી વાત યાદ આવી કે ધ્રુવવાસી એસ્કિમો બરફની સપાટી નીચે ઘર ખોદીને રહે છે. બૂમો પાડતો એ આગળ વધતો ગયો ત્યારે એક બખોલમાંથી રૂંવાટીએ લપેટેલો એક નાનો આકાર બહાર નીકળતો દેખાયો. તેણે અણસારે એને સમજાવ્યો એટલે કોલસાનો ગંજાવર જથ્થો એને દેખાડયો. એ કોલસાના મદાર પર રહી બરફ ઓગળવાની ને કોઈ વ્હેલર આવવાની રાહ જોતો, સસલાંના શિકાર પર નભતો, એક ખડક પરની ગુફામાં નિવાસ રાખી વેલઝલ સ્થિર થયો.

આખરે બરફ કડાકા કરતો તૂટવા લાગ્યો ત્યારે એક રશિયન વ્હેલર જહાજ આવી પહોંચ્યું. એનો કપ્તાન બહુ કડક હતો. ખૂબ સવાલ-જવાબ પછી, વેલઝલ લુહારકામ જાણતો હતો તેથી તેને સાથે લેવા એણે હા પાડી ને બદલામાં ખોરાકી, પોશાક ને આવતા શિયાળા માટેનો બધો સરંજામ આપવા કહ્યું. વળતાં એને ન્યૂ સાઈબીરિયા ટાપુ પર ઉતારી દેવાનું કહેલું તે મુજબ, ૮૩ અક્ષાંશે પહેલી વ્હેલ પકડ્યા બાદ તેને ત્યાં ઉતારી દેવામાં આવ્યો. કપ્તાન પૂરો પ્રામાણિક હતો. એણે તેને ડબાબંધ ખોરાકનો જથ્થો, દારૂગોળો, ઓજારો, હર્ક્યુલિસ પાઉડર, ડાયનેમાઈટ, દરેક ત્રણસોની એવી છ પેટી મીણબત્તીઓની, પાટિયાં, બૂટ, ગરમ કપડાં – ટૂંકા માં, જોઈતી તમામ વસ્તુઓ પૂરી પાડી. ભરતીનાં પાણી ન પહોંચે એટલે દૂર એ બધો સામાન મુકાવી, જરાયે વખત ગુમાવ્યા વિના તાબડતોબ આશ્રયસ્થાન મેળવી લેવાની શિખામણ તેને આપી, છેલ્લી વારના હાથ મિલાવી તે વિદાય થયો.

અને વેલઝલની જિંદગીમાં નવો સફો શરૂ થયો.

તજાયેલો ને એકલો, અતાગ સાગરને તાકતો વેલઝલ બેઠો. એના રેનડીઅર એની પાસે દોડી આવ્યાં. એ નાગી વેરાન ભૂમિ પર મોતની ને તેની વચ્ચે આ પશુઓ જ માત્ર આડરૂપ હતાં. તેમને પસવારતાં તેની આંખમાં આંસુ આવી ગયાં.

હવે એ આશ્રયસ્થાનની શોધમાં પડ્યો. બસો ફૂટ ઊંચા ખડકો વચ્ચે આવેલી એક ખાઈ તેને માટે સુયોગ્ય જણાઈ. ધ્રુવના ઝંઝાવાતોના ઉઝરડા પડેલી એ ખાઈના ખડકમાંગુફા કોરી તેને બમણાં મજબૂત બારણાં જડી દીધાં. હવા-અજવાળા માટે દાટો દઈ શકાય તેવું એક બાકોરું તૈયાર કર્યું. વાર્નિશ તરીકે તેણે લીલનો ઉપયોગ કર્યો. પછી સઘડી માટે ગુફાની વચ્ચોવચ એક વાર ઊંડો ને એક વાર પહોળો ખાડો ખોદી કાઢ્યો ને તેમાં તળિયે લાકડાં, ઉપર કોલસા ને મથાળે સૂકું લિચન ગોઠવી દીધું. (ધ્રુવપ્રદેશના કોલસા બેન્ઝીન જેમ તરત જ સળગી ઊઠનારા હોય છે.)

ઑક્ટોબરનો વચગાળો આવતાં સુધીમાં હવામાં ઠંડીનું પ્રમાણ વધી ગયું. ધ્રુવશિશિરની શરૂઆત થઈ ચૂકી હતી. સાગરનો ઘુઘવાટ હવે ગર્જના મટી જઈ માત્ર સિસકારારૂપે રહ્યો હતો. ભયંકર ધુમ્મસ પડવા માંડ્યું. એ ધુમ્મસમાં પારો નીચે ને નીચે ઊતરતો ગયો ને દરિયો વધુ ને વધુ શાંત થતો ગયો. બરફ તેના પર જામતો જતો હતો, પણ હજુ પૂરો ભારઝલો નહોતો બન્યો. ભરતી વખતે એનું પડ હાલી ઊઠતું ને ક્યારેક તો નીચેની હવા દબાઈને એવી ઓચિંતી ધસી નીકળતી કે આસપાસથી બરફના ટુકડા વામો ઊંચા ઊડી પડતા ને તેનો અવાજ તો એવો થતો કે તોપના ધડાકાનેયે આંટી જાય. એ ઊડેલા ટુકડા નીચે પડતાં-વેંત તો પાછા જામી જતાં. એ ધડાકાભડાકા વચ્ચે ઊંઘ તો આવે જ શાની ? એ પરિસ્થિતિમાં ઘણાયે ધ્રુવસફરીઓ ગાંડા બની ગયાના પણ દાખલા બન્યા છે.

ને એ વખતે ધ્રુવક્ષિતિજના પલટાતા દૃશ્યનું બયાન તો ગમે તેટલું આબેહૂબ છતાં અનુભવ વગર કલ્પનામાં ઊતરવું મુશ્કેલ છે. આખો વિસ્તાર ધીમે ધીમે અંધારાની ચાદરમાં લપેટાવા લાગ્યો. નવેમ્બરમાં પહેલવહેલો ઔદીચ્યપ્રકાશ (northern Lights) દેખાયો. થોડો થોડો વખત દેખાઈ તે અદૃશ્ય થતો. ચોથી વાર ડિસેમ્બરના પ્રારંભમાં એ પ્રકાશ દેખાયો ને પછી સદાનો અદૃશ્ય થયો. થોડા દિવસ રહી જુદા જુદા રંગો આકાશમાં ફૂટવા માંડ્યા. ક્ષિતિજ પરના એ રંગો જેમ જેમ સ્પષ્ટ તતા ગયા તેમ તેમ તેમાં જુદી જુદી આકૃતિઓ દેખાવા લાગી. ક્યારેક સામસામાં લશ્કરો કૂચ કરતાં લાગે. તો ક્યારેક ગજદળો દોડાદોડ કરતાં લાગે. ખરેખર, એ દૃશ્ય અવર્ણ્ય જ છે.

પછી ધીમે ધીમે આકાશ કાળું થતું ગયું ને તેમાં તારા ફરતા દેખાયા. દસેક દિવસ એ ચાલ્યું. નાતાલથી થોડા દિવસ અગાઉ

આકાશમાં સાપ જેમ વળોટાતું ધુમ્મસ દેખાયું. ધ્રુવશિશિરની એ આગાહી હતી. પછી એ બધું જ અદૃશ્ય થઈ ગયું ને ખરેખરો શિયાળો બેઠો. પારો ડિગ્રી ફેરનહાઈટ નીચે પહોંચી ગયો. ઠંડી એટલી તો સિતમ હતી કે બહાર રહેનાર માણસની અંતઘડી જ આવી લાગે.

ને હવે ઝંઝા શરૂ થઈ. જરાક બારણું ઉઘાડતાં જાણે તડાતડ ગોળીઓ ફૂટી રહી હોય એમ બહારના અવાજો કાનમાં તમરાં બોલાવી દેતાં. અંધારું એટલું તો ગાઢું બન્યું કે પોતાનો હાથ પણ જોઈ ન શકાય. એ આખી રોમાંચક રંગકથાનો અહીં તો શતાંશ ભાગ પણ ઉતારી શકાય એમ નથી.

માર્ચની ૨૦મીએ આઠ વાગ્યે સૂર્ય દેખાયો. આગના રક્તવર્ણા એ ગોળામાંથી જાણે રુધિરનો પ્રવાહ વહી નીકળ્યો હોય તેમ સઘળી જમીન પણ રક્તવર્ણી બની ગઈ. સાડા બારે એ આથમી ગયો. દિવસાનુદિવસ તે ઊંચો આવતો ગયો ને વધુ વધુ વખત પ્રકાશવા લાગ્યો. અને મે મહિનામાં તો તે દિવસ ને રાત પ્રકાશવા લાગ્યો.

પાછો બરફ તૂટવો શરૂ થયો. પણ હવે જામતી વખતના જેવા તેના તોફાની ધડાકાભડાકા નહોતા થતા. જૂન મહિનામાં તો બરફના પડના ટુકડા પડી ગયા.

વીજળીની ચમકરેખ જ્યાં સ્વપ્નવત્ છે, દુનિયાની હસ્તી આરંભાઈ ત્યારથી વરસાદનું એકે ટીપું જ્યાં નથી પડ્યું, જ્યાંનું આકાશ એકે વાદળું નથી સંઘરતું ને ગર્જનાની તો કલ્પના પણ નથી આવતી, એવા આ સુવર્ણાવર્તના વિશેષ અનુભવો ખુદ વેલઝલની જબાનમાં સાંભળવામાં વધુ લિજ્જત આવશે. એ પહેલાં એટલું કહેવું જરૂરી છે કે શિયાળો ઊતરતાં એણે એ પ્રદેશમાં રખડી કેટલાક એસ્કિમોને મિત્રો બનાવી લીધા હતા ને તેમની પાસેથી રૂંવાં ખરીદી, આવતાં જહાજોને તે વેચી, બદલામાં જોઈતો માલ ખરીદીને આખા ધ્રુવકંઠારના વેરવિખેર વસાહતીઓને પૂરો પાડવાનો વેપાર એણે શરૂ કરી દીધો હતો. એ દરમિયાન એણે જે ધીરજપૂર્વક જહેમતો વેઠી છે એ અજબ જ છે. હવે એનું બયાન સાંભળો :

આ સુવર્ણાવર્તમાં વરસ તો જરા વારમાં વીતી જાય છે. એવાં વરસો વીતતાં ગયાં ને તે સાથે હું વધુ ને વધુ ઘરડો ગયો. મારા અનેક જૂના મિત્રોનું સ્થાન નવા મિત્રો લેતા જતા હતા.

ઉદાસ ધ્રુવરાત્રિ ઓગળીને ઉપાની નિશાનીઓ જણાવા માંડે કે અમારી આંખો ક્ષિતિજ પર ધ્રુવપક્ષી(Arctic bird)ને જોવા તલપાપડ થઈ રહે. કબૂતર જેવડું એ સફેદ પક્ષી સદા એકલવિહારી છે. દખ્ખણમાંથી આવી એ ધ્રુવ તરફ ઊડતું જાય છે. બહુ જ ઊંચું અને નીરવ એનું ઊડાણ હોય છે. લગભગ ૮૯ અક્ષાંશ સુધી પહોંચી એ પાછું વળતું મનાય છે. અમે ભૂમિવાસીઓ હજુ અંધારામાં હોઈએ ત્યારે આ પક્ષી સૂર્યના પહેલાં તેજ ઝીલે છે.



વસંતનાં પહેલાં કિરણો અમે એ પંખીની પાંખો પર જ જોઈએ છીએ. અહીંના લોકો એને બહુ મોટો દેવ માને છે, કારણ તેઓ માને છે કે સૂર્યને તે જ દોરી લાવે છે. અને ખરેખર, એ પાછું ફરે છે તે સાથે ક્ષિતિજ પર સૂર્ય દેખાય છે ! એ પાછું વળતાં એસ્કિમો લોકો હાથ ઊંચા કરી એને અભિનંદે છે.

વસંત બેસતાં હું મારા એસ્કિમો મિત્ર જોડે શિકારે ઊપડતો. કેનેડામાં ઠેઠ મેકેન્ઝી નદી સુધી અમે પહોંચી જતા, જ્યારે ઉનાળામાં ફ્રાન્ઝ જોસેફલૅન્ડ સુધી. હવે તો હું અહીંનો રીઢો વસાહતી બની ચૂક્યો હતો. એશિયાના પૂર્વતમ ચુકચી પ્રદેશથી તે પશ્ચિમમાં આલાસ્કા ને હર્શેલ ટાપુઓ સુધીનો પટ હું ખૂંદતો રહેતો. ઠેઠ અનાદીરના ખાણખોદિયા સુધીના બધા ધ્રુવવસાહતીઓને હું મળી ચૂકેલો.

એસ્કિમો લોકોની રહેણી ખૂબ ગંદી હોય છે. એમના નિવાસોમાંથી ઉકરડા જેવી બદમો ઊઠતી હોય છે. બધી કુદરતી હાજતોયે એ લોકો અંદર કરવાના. એ ગંદકીમાંથી જન્મતા કેટલાક કીડા ક્યારેક એમને શરીરે ચડી ચોંટી રહે છે ને ચામડી કોરતા ઠેઠ હાડકા સુધી પહોંચે છે. કાળાં માથાં ને સફેદ શરીરવાળા આ કીડાની પીડાથી ચીસો પાડતા એ મારી પાસે આવે એટલે પહેલાં તો હું ૭૨ ટકા મિશ્રણનું બેન્ઝિન એ કોરાયેલા ભાગ પર છાંટી, ઢીલા પડેલા કીડાને ખેંચી કાઢું. પછી મલમ લગાવી, ફરી કદી આવા ગંદા ન રહેવાના એની પાસે સોગન લેવડાવું. સાનફ્રાન્સિસ્કોથી દવાઓનો સારો જેવો જથ્થો હું મગાવી રાખતો.

સ્કર્વીનો ઉપદ્રવ પણ અહીં બહુ છે. પગથી શરૂ થઈ ક્યારેક

તો જડબાં સુધી તે પહોંચે છે. એ રોગમાં શરીર પરનું માંસ ગળતું જ જાય છે. બાફેલા બટાટાનો ખોરાક એ સામે ઠીક રક્ષણ આપે છે. પણ જો એ લાગુ પડ્યો ને શરૂઆતમાં જ નાબૂદ ન થયો તો કમનસીબ રોગીને રીબાઈને મર્યે જ છૂટકો. એવો જ ઉપદ્રવ ન્યુમોનિયાનો છે. વાતો કરતા કે નાચતાકૂદતા હોઈએ ત્યાં તો ઓચિંતો કોઈ એસ્કિમો ચીસાચીસ કરી મૂકે ને થોડી વારમાં તો તરફડીને મરી જાય. એથી ઊલટું, ક્ષયનું આ પ્રદેશમાં નામનિશાન નથી.

જ્યારે અહીંના કરાલદંષ્ટ્રા ઝાકળદેશ(frost-bite)ની દારુણતા તો રોમાંચ ખડાં કરનારી હોય છે. પગે એનો દંશ લાગે છે તો નળા સુધીનો ને ક્યારેક ઘૂંટણ સુધીનો ભાગ અક્કડ થઈ જૂઠો પડી જાય છે. એસ્કિમો વૈદો હાડકાંની કે લોઢાની કરવતથી એ જૂઠો ભાગ વહેરી કાઢી, ઉપર બાળકની ચામડી મઢી દે છે. એવાં કોઈ એસ્કિમો માવિતર નથી જે આવાં કામમાં પોતાના બાળકનો ભોગ ધરતાં અચકાય. પણ દંશ પામેલાનો મોટો ભાગ તો આખી જિંદગી રીબાવા કરતાં મોત જ પસંદ કરે છે ને આપઘાત કરી મરી જાય છે.

મને એક દાખલો યાદ છે. એક કોઈ કમભાગી ઈન્સાન તોફાનમાં સપડાયો ને મુકામે પહોંચતાં સુધીમાં તો દંશ કમર સુધી પહોંચી ગયો. મગજ ઠેકાણે રાખી કામળો ઓઢી એ સ્લેજમાં સૂઈ રહ્યો. એનાં કૂતરાં એને પાઢતા અહીં આવ્યાં, ત્યાં અંદર કંઈ સળવળતું ભાળી અમે ત્યાં પહોંચ્યા. દંશ છાતી સુધી પહોંચી ગયો હતો ને કામળા નીચે જૂઠા પડેલા પગ ખરી જઈને છૂટા થઈ પડ્યા હતા. એના બચવાનો કશો સંભવ જ ન હતો.

એક વખત અમે બેઠા હતા ત્યાં એક સ્વીડ આવીને મને કહે, મારાં આંગળાં વળતાં નથી ને અંદર દરદ થયા કરે છે. મેં શિખામણ આપી કે ટેબલ પર હાથ પછાડ. એણે એ પછાડ્યો ને તે સાથે બધાં આંગળાં ઊડીને ખંડમાં વેરાઈ પડ્યાં. ઝાકળદેશનું એ પહેલું દૃશ્ય હું કદી નહીં ભૂલું. એક જણનું તો એ દંશથી નાક ખરી પડ્યું ને પછી નકટું જીવન એને એવું તો ઝેર જેવું લાગ્યું કે ગોળી ખાઈ મારી સામે જ એણે આપઘાત કર્યો.

અકુદરતી મોતની અહીં નવાઈ નથી. કાચા બરફમાં ગરક થઈને કે જંગલી જનાવરોથી ચિરાઈને આ વિસ્તારમાં અનેક જિંદગીઓ ખતમ થઈ છે. અશક્ત માણસ દુનિયાના બીજા ભાગોમાં મોડીવહેલી પણ મદદ મેળવી શકે, પણ અહીં તો એને સિઝાઈને તરફડી મરવાનું જ રહે. કેનેડા સુધ્ધાંમાં અનેક શિકારીઓ જાતે શિકાર બની ગયા છે.

આ મુલકમાં કોઈ વ્યક્તિ મરણને કાંઠે આવતાં જ લાવરીના કદનું એક કાળું પંખી દેખા દે છે, જેને અહીંના લોકો કાલપક્ષી (Death-bird) તરીકે ઓળખે છે. મરણાસન્ન વ્યક્તિના મુકામ પર તે બેસે છે, ત્રણ તીણી ચીસો પાડે છે ને પછી ઊડી જાય છે. એના ઊડવા પછી થોડી જ વારે પેલી વ્યક્તિના પ્રાણ પણ ઊડી જાય છે !

આ સુવર્ણાવર્તનું સ્વાતંત્ર્ય, જગતમાં સાચામાં સાચું સ્વાતંત્ર્ય છે. ગમે ત્યાં જાઓ, ગમે ત્યાં ઘૂમો, ગમે તે કરો, કોઈ પૂછનાર કે રોકનાર નહિ. સોવિયેટ સરકારે હવે આ પ્રદેશમાં રસ લેવા માંડ્યો છે, પણ એના રંગદર્શનને એ કશો નવો ઓપ આપી શકે તેમ નથી.

પરંતુ માણસના સ્વાર્થે આ પ્રદેશમાં પણ પગપેસારો કર્યો છે. ભોળા એસ્કિમોના લોહીના પિપાસુ ઘણા ગોરા નીવડ્યા છે જે અહીં 'આંધળા વાઘ' તરીકે ઓળખાય છે. એસ્કિમો લોકો પાસેથી થોકબંધ રૂંવાં તેઓ ખરીદી લે છે અને પછી ભાવ ચુકવતી વેળા સલ્ફ્યુરિક ઍસિડ અને મેથીલેટેડ સ્પિરિટ મેળવેલી બ્રાન્ડી તેને પીવડાવે છે. એ પીતાંવેંત બિચારા એસ્કિમોનું પેટ ફૂલી જાય છે, મોંમાંથી ફીણ નીકળવા માંડે છે, તેને ચિત્તભ્રમ થઈ તે દોડાદોડ કરી મૂકે છે. ભોગજોગે એના હાથમાં કુહાડી રહી હોય તો સામે મળતા હરેકનો તે ફેંસલો કરતો આવે છે. આમ ગાંડા બનેલા એક જણે તો એક વખતે ત્રીસ જેટલાં ખૂનો કરી નાખેલાં. આ 'આંધળા વાંઘ' ક્યારેક ધ્રુવવસાહતીઓની પણ આવી જ વલે કરે છે.'

વેલઝલની વસાહતનું આ પ્રસંગોચિત બયાન પૂરું થયું. આજકાલ કરતાં ચાળીસ વર્ષ થયાં, કોઈ ધ્રુવર્ષિ પેઠે આ સુવર્ણાવર્તનો તે વસાહતી બની રહ્યો છે. એ બધાંય વર્ષોનો જે રંગદર્શી અનુભવ એણે લખ્યો છે તેવો દિલમાં તનમનાટ પેદા કરતો અનુભવ બીજા કોઈએ નથી લખ્યો. અને તેનું કારણ, સફરી તથા વસાહતી જીવન વચ્ચે રહેતો તફાવત છે. પ્રખ્યાત ચેક લેખકે કારેલ કાપેક એનાં સંસ્મરણો વિષે લખ્યું છે : "Welzl's memoirs are a genuine revelation : this is no mere description of eternal ice, but of eternal humanity, however harsh its surroundings have made it."

ઈ.સ. ૧૯૨૪માં સાનફ્રાન્સિસ્કોથી માલ ભરીને 'Seven sisters' જહાજમાં વેલઝલ સફર કરતો હતો ત્યાં યુનાઇટેડ સ્ટેટ્સને પાસિફિક કાંઠે એ જહાજ ભાંગ્યું. ત્યાંના સત્તાધિકારીઓને કશા દસ્તાવેજો કે વીઝા ન મળતાં તેને તેના દેશ ચેકોસ્લોવાકિયા ધકેલી દીધો, જેના સ્વતંત્ર અસ્તિત્વની વેલઝલને જાણ પણ ન હતી.

અમેરિકાથી ઊપડીને પહેલવહેલી મુસાફરી એણે હામ્બુર્ગ મુકામે ખંડિત કરી અને ત્યાંના ચેક કૉન્સ્યુલેટ પાસેથી પોતાની રાષ્ટ્રીયતાનાં પ્રમાણપત્રો, વીઝા ને ન્યૂ સાઈબીરિયા જવાનો પરવાનો મેળવ્યો. અહીં એને એક પ્રોફેસરનો ભેટો થયો. ઉત્તરની ભાષાઓનો એક કોશ તે તૈયાર કરી રહ્યો હતો. વેલઝલે તેને ઘણી માહિતી પૂરી પાડી ને એ માહિતી પર પ્રોફેસર એટલો ખુશ થયો કે એને સારી જેવી રકમથી નવાજ્યો. વેલઝલને ત્યારે જ પોતાનો અનુભવ કેટલો કીમતી છે તેનું પહેલી વાર ભાન થયું.

એ જ અરસામાં આમુનસેનના ધ્રૌવ ઉડ્ડયનના અહેવાલોથી

છાપાંની કટારો ભરાતી હતી. 'Lidove Noviny'માં એ અહેવાલ વાંચી તેને પોતાના અનુભવો બહાર પાડવાનું મન થયું. એ પત્રના તંત્રી રૂડોલ્ફ ટેસ્નોલિડેકને એણે પત્ર લખ્યો. ચેક ખમીર પર મુસ્તાક એ તંત્રીએ તરત તેને મુલાકાતે બોલાવ્યો ને એ મુલાકાતનું પરિણામ તે વેલઝલનો પરિચય આપતું પુસ્તક 'Welzl, the Eskimo.' આથી પ્રોત્સાહન પામી વેલઝલે પોતાનો અનુભવ કાગળ પર ઉતારવા માંડ્યો. માત્ર પ્રાથમિક શિક્ષણ પામેલા વેલઝલનું એ લખાણ છાપી શકાય એવું ન બન્યું. પણ ટેસ્નોલિડેક જેવો તંત્રી એ અમૂલ્ય અનુભવ રઝળતા મૂકે એમ ન હતો. એ જાતે તેની રોજ મુલાકાત લેતો ગયો. બધા મિત્રો ભેગા થઈ ચા કે કૉફી ઉડાવતા જાય, સવાલજવાબ થતા જાય ને વેલઝલ પોતાના અનુભવ કહેતો જાય. એ રીતે એનાં 'સુવર્ણાવર્તમાં ત્રીસ વરસ' (Thirty Years in the Golden North), 'ધ્રુવસંપત્તિને શેઢે શેઢે' (In the Track of the Polar Treasures) વગેરે ગ્રંથો બહાર પડ્યા. હામ્બુર્ગથી ન્યૂ સાઈબીરિયા પહોંચતાં સુધીમાં પોતાના ગુજરાન માટે તથા ત્યાં પહોંચવા જેટલાં નાણાં એકઠાં કરવા માટે પણ એને અવનવાં સાહસો કરવાં પડેલાં છે.

ચેકોસ્લોવાકિયાના મરહૂમ પ્રમુખ માઝારિકને હાથે બહુમાન પામી ઈ.સ. ૧૯૨૯માં વેલઝલ પાછો પોતાના મુકામે પહોંચી ગયો છે ને હજુ ત્યાં જ રહે છે. એના જીવન અને એના સંદેશે યુરોપમાં તો એક નવો જ ચીલો ચાલુ કર્યો છે. અને આપણા જુવાનોયે પોતાની સાહસવૃત્તિને થોડી વાર ગલીપચી અનુભવાવી બેસી નહિ રહે તો આ પાનાં પર પણ એ જીવન અને તેનો સંદેશ ઉતાર્યાં સાર્થક થશે. (૧૯૮)

આવરણ

'પ્રેમ બે પ્રેમીઓની મધ્યમાં આવેલ પારદર્શક આવરણ છે.' ખલીલ જીબ્રાનની આ ઉક્તનું સમર્થન કરતી, ઘૂંઘટપટમાં છૂપાયેલ પ્રેયસીને વિનવતી, એનાં દર્શનની ઝંખના વ્યક્ત કરતી ઉર્દૂના નામાંકિત સૂફીઓની થોડીક પંક્તિઓ નીચે આપી છે. પંક્તિઓમાંની એ પ્રેયસી, એ યાર તે સ્વયં પરમબ્રહ્મ (હકીકી) જ છે.

ઘૂંઘટપટ પરની આ પંક્તિઓનું ઉદ્‌ગમ છે યહૂદીઓના પ્રબોધક હઝરત મૂસા (અ.સ.*)નો એક પ્રસંગ. પંક્તિઓનો ગૂઢાર્થ સમજવા માટે એ પ્રસંગ જાણવો જરૂરી છે.

યહૂદીઓના એ પ્રબોધકે તૂરે-સીનાઈ (ઇજિપ્ત) નામના પહાડ પર પ્રભુદર્શનની રઢ લીધી. પ્રભુએ પ્રસન્ન થઈ પ્રબોધકને પોતાના સ્વરૂપની એક આછી ઝલક (તજલ્લી) આપી ને પરિણામે એ પહાડ બળી ગયો ને ખુદ પ્રબોધક ચાલીસ દિવસ સુધી બેભાન રહ્યા. (સેસીલ બી.ડી. મેલોના પ્રખ્યાત ચલચિત્ર 'Ten Commandments'માં આ પ્રસંગ વણી લેવાયો છે.)

મુસ્લિમ મત બ્રહ્મ-જ્યોતિને ખૂબ જ ઉગ્ર ગણે છે, ઉપર્યુક્ત પ્રસંગ એ સત્યનું સમર્થન કરે છે. આમ પાઠક સહેજે સમજી શકશે કે ઉર્દૂ કાવ્યોમાં આવરણ માટે વપરાતા શબ્દો - નકાબ, પર્દા, હિજાબ તેમજ ચિલમન - આકાશ માટે છે, જ્યારે બર્ક (વીજળી), તજલ્લી (જ્યોતિ) બ્રહ્મજ્યોતિ માટે છે.

વિનંતી

તસવ્વુરમેં ચલે આતે, તુમ્હારા ક્યા બિંગડ જાતા
તુમ્હારા પર્દા રહ જાતા, હમેં દીદાર હો જા. (અજ્ઞાત)

તમો મારા કલ્પના-ચિત્રમાં પણ આવ્યાં હોત તો કેટલું સારું થાત ? તમારે ઘૂંઘટ ઉઠાવવો જ ન પડત ને મને તમારાં દર્શન થાત.

દીદાર જબ નહીં તો યે આંખે ફુઝૂલ હૈં,
ઉનકો ભી ટાંક લીજિયે અપને નકાબ મેં. (અજ્ઞાત)

જ્યારે તમારાં દર્શન જ ભાગ્યમાં ન હોય, તો પછી આ નેત્ર શાં કામનાં ? એમને પણ તમારા ઘૂંઘટમાં ટાંકી લો. (ઘૂંઘટ દીપી ઊઠશે.)

આત્મચિંતન

હિજાબ અપની નઝરકા તો હમ ઉઠા ન સકે,
ઉન્હીં કે હુસ્ન કે પરદે ઉઠાયે જાતે હૈ. (સીમાબ)

મારી દૃષ્ટિ પર પડેલું આવરણ તો દૂર કરી શક્યો નથી, એ પહેલાં એમના રૂપને નિરાવૃત કરવા દોડી રહ્યો છું.

એ ઝૌકે નઝર માયૂસ ન હો પરદોં કે ગિરાયે જાને સે,
જબ ઇસ્ક તમાસા બનતા હૈ, જલવે ભી નજારા કરતે હૈ, (અજ્ઞાત)

ઓ તૃપાતુર આંખ, અગર એ પોતાના ઝરૂખા પર પરદા નાખે તો તું ઉદાસ ન થઈશ. જ્યારે એમના પ્રેમમાં તું ઉન્મત્ત બનીશ, ત્યારે તારા પાગલપણનો તમાશો જોવા (અન્ય સાથે) પણ પોતાના ઝરૂખા પરથી ચક હટાવી લેશે.

વાસ્તવિકતા

તાકત કહાં મુશાહિદે બેહિજાબ કી,
મુઝકો તો ફૂંક દેગી તજલ્લી નકાબ કી. (અસગર ગોંડવી)

જ્યારે એમના પ્રજ્વલિત ઘૂંઘટ પરની જ્યોતિ જ બાળી નાખે છે ત્યારે એમનું નિરાવૃત દર્શન, કેમ કરીને સહ્ય બનશે ?

'કલીમ' શુક્ર કરો હશ્ર તક ન હોશ આતા,
હુઈ યહ ખૈર કિ વહિ શૌખ બેનકાબ ન થાય. (અમીર મીનાઈ)

હે હઝરત મૂસા (અ.સ.) પાડ માનો કે એ ચંચળ નિરાવૃત્ત ન હતાં, નહિ તો ન્યાયના દિવસ સુધી આપ ભાનમાં ન આવત.

આત્મજ્ઞાન

નકાબ રુખસે ઉઠા દી મગર કમાલ યહ હૈ,
મેરી નઝર કા ભી પરદા ઉઠા ગયા હૈ કોઈ. (જોશ મલસીઆની)

કેવું વિચિત્ર ! પોતાનું મુખાવરણ તો દૂર કર્યું, સાથેસાથે મારી દૃષ્ટિ પરનું આવરણ પણ દૂર કરતાં ગયાં. - ફતેહ બી. વૈદ્ય

* દિવંગત વ્યક્તિના નામ આગળ આપણે માનાર્થે જેમ સ્વર્ગસ્થ (સ્વ.) શબ્દ મૂકીએ છીએ તેમ હઝરત મુહમ્મદ પયગંબર સિવાયના બધા પયગંબરોનાં નામ પછી અરબી ભાષાના અ.સ. અક્ષરો મુકાય છે. એનું પૂરું રૂપ છે 'અલય હિસ્સલામ' એટલે કે 'અલ્લાહનું (તેમને) રક્ષણ હો.' (૫૩૮)

લઘુકથા

આશ્વાસન

દેવેન્દ્રના અવસાનના સમાચાર વર્ષાએ સાંભળ્યા ત્યારે પ્રથમ તો એને હળવો આંચકો લાગી ગયો, પણ પછી ધીરે ધીરે હૈયામાં થોડી ટાઢક વળતી હોય એવો અનુભવ એને થયો; અને વહેલી તકે આ વાત બકુલાને કહેવાની એને ચટપટી થઈ.

બકુલા અને દેવેન્દ્રને અગાઉ ઘણો મનમેળ હતો. દેવેન્દ્ર સાથે લગ્ન કરવાની એની ઇચ્છા પણ તીવ્ર હતી. પણ પોતાના મનની નબળાઈને લીધે એ ન તો દેવેન્દ્રને આ વાત કરી શકી કે ન તો એણે કોઈની મારફતે પોતાનાં માબાપને આનો ઇશારો થવા દીધો; અને પોતે દેવેન્દ્રને ન મેળવી શકી એ વાતનો કાયમી વસવસો એને રહી ગયો. ઘણીયે વાર એ પોતાની સખી વર્ષા આગળ પોતાના આ ગૂઢ રંજની વાત કરતી અને દુઃખ અનુભવતી. વર્ષા એના આશ્વાસન માટે જાતજાતની વાતો કરતી, અને ખાસ કરીને તો નસીબનો વાંક કાઢી એને સાંત્વન આપવા પ્રયત્ન કરતી; પણ વ્યર્થ !

યુવાન દેવેન્દ્રના અવસાનના સમાચાર વર્ષા માટે આજે કંઈ આનંદનો વિષય તો નહોતો જ, પણ બકુલાના હૈયામાંથી કાયમી રંજનો કાંટો દૂર કરવાની આ તક સમજી એને આ સમાચાર આપવા તે અધીરી બની રહી.

બકુલાને ત્યાં એ પહોંચી ત્યારે તો એ ઘરનાં માનવીઓ વચ્ચે ઘેરાયેલી હતી : સાસુ, સસરા, નણંદ, દિયર, દેરાણી...

છતાંય કશુંક બહાનું કાઢી એ એને મેડી ઉપર લઈ ગઈ. સમાચાર આપીને તરત કહેવા લાગી : 'બોલ હવે, તું જ કહે, ભગવાન જે કરે એ સારા માટે નથી કરતો ?... તારાં લગ્ન દેવેન્દ્ર સાથે થયાં હોત તો કેવો ભારે અનર્થ થઈ જાત ! વીસ વર્ષની વયે વિધવા થઈ જવાય તો જીવન કેવું કપરું બની જાય ? એટલે હું તો કહું છું કે દેવેન્દ્ર સાથે તું પરણી ન શકી એમાં પરમેશ્વરનો જ આશીર્વાદ માની નિરાંત અનુભવ.

થોડી વાર સુધી તો બકુલા કશુંય ન બોલી. એના અંતરમાંથી એક ભારે નિઃશ્વાસ નીકળી પડ્યો.

'કેમ બોલતી નથી ? શા વિચાર કરે છે ?'

બકુલાએ જવાબ આપ્યો : '...તો કદાચ એમનું મોત નયે થયું હોત ?'

'કેમ ?'

'મારા ગ્રહોનું બળ જ કદાચ એમને બચાવી લેત.' (૪૯૩)

મોહનલાલ પટેલ

ગુજરાતના મિલ ઉદ્યોગના આદ્ય

રણછોડલાલના પિતા સાઠોદરા નાગર છોટાલાલ શરૂમાં પાટણ અને પાછળથી વડોદરામાં દીવાનને ત્યાં કારભારીની નોકરી કરતા હતા. જીવનનાં પાછલાં વર્ષોમાં તેમણે અમદાવાદમાં કાયમનો વસવાટ સ્વીકાર્યો હતો. કહેવાય છે કે છોટાલાલ તેમની પત્ની અને બે પુત્રીઓ સાથે ગિરનારની યાત્રાએ ગયેલા ત્યારે, કોઈ તપસ્વીઓ આશીર્વાદ આપ્યાથી તેમને મોટી ઉંમરે પુત્રપ્રાપ્તિ થઈ, તે જ આ રણછોડલાલ. તેમનો જન્મ સંવત ૧૮૭૯ના ચૈત્ર વદ અમાસના દિવસે, સને ૧૮૨૩ના એપ્રિલની ૨૯મી તારીખે અમદાવાદમાં થયો હતો.

એકના એક પુત્રને મા-બાપે લાડકોડથી ઉછેર્યા. માબાપ લાડમાં તેમને 'બાપાભાઈ' કહીને બોલાવતાં. બાપાભાઈની વર્ષગાંઠને દિવસે મોટો જમણવાર થતો. આ લાડકવાયા બાપાભાઈની પાંચ-છ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધી તે ઘરની બહાર એકલા નીકળેલા નહીં ! ઘરમાં જ એ રમ્યા કરે. રાત્રે અંધારામાં તો બહાર નીકળી જ શાના શકે ? પણ કોને ખબર કે આ જ બાપાભાઈ આગળ જતાં સાહસવીર થશે ? દર બીજે-ત્રીજે દિવસે તેમનાં માતુશ્રી નજર બાંધે. મરચું કે રાઈ બળ્યાની સોડમ આવે કે પાડોશીઓ બોલી ઊઠે : 'એ બાપાભાઈની નજર બાંધી.' સાત વર્ષની વયે ખેડાના શિરસ્તેદાર બાપુજીની પુત્રી જેઠીબા સાથે તેમનું લગ્ન થયું. વરઘોડામાં હાથીઘોડાની સવારીનો ઠાઠ ઘણો હતો.

એ વેળાએ આધુનિક કેળવણી વિસ્તાર પામી નહોતી. આખા અમદાવાદમાં બેત્રણ ખાનગી ગામઠી નિશાળો હતી. રણછોડલાલ આ ગામઠી શાળાએ ભણવા બેઠા. દસેક વર્ષની વયે ફારસી ભાષાના ને ચૌદ વર્ષની વયે અંગ્રેજી ભાષાના અભ્યાસનો ખાસ પ્રબંધ તેમને માટે કરવામાં આવ્યો. ભોળાનાથ સારાભાઈ તેમના સહાધ્યાયી હતા.

અભ્યાસ પૂરો થતાં રણછોડલાલ ઈ.સ. ૧૮૪૨માં વીસ વર્ષની વયે સરકારી નોકરીમાં જોડાયા. પ્રથમ કસ્ટમ ખાતામાં માસિક રૂપિયા પંદરના પગારે દાખલ થયા અને પોતાની હોંશિયારીને લીધે વધતાં વધતાં પોલિટિકલ એજન્ટની ભલામણથી અઠ્ઠાવીસ વર્ષની વયે રેવાકાંઠાના દફતરદાર થયા. પાછળથી ખટપટને લીધે તેમને એ નોકરી છોડવી પડી.

તેઓ નોકરીમાંથી મુક્ત થયા એ એકંદરે તો ઠીક જ થયું. હવે તેમણે કોઈ નવો ઉદ્યોગ શરૂ કરવાનો વિચાર કર્યો. પ્રથમ તો, ખાંડનાં કારખાનાં કાઢવાનો મનસૂબો કર્યો, પણ એનો આધાર શેરડી પર રહે, અને તેની પેદાશ બારેમાસ એકસરખી ન પણ થાય, એ કારણે એ વિચાર પડતો મૂક્યો.

સ્થાપક અને આજના અમદાવાદના ઘડવૈયાં દીર્ઘદ્રષ્ટા ગુજરાતી

આજથી એક સો ને બોતેર વર્ષ પહેલાં ૧૮૨૩ માસ એપ્રિલની ૧૯મી એ જેમનો જન્મ થયો, ને આજથી બરાબર સો વર્ષ પર મેની ૩૦ મી તારીખે જેમણે પહેલી મિલ સ્થાપી હોઈ આ વર્ષે એ ઉદ્યોગની શતાબ્દી ઊજવાય છે ત્યારે, એ દેશદાઝી ને દીર્ઘદ્રષ્ટા ગુજરાતીનું જીવનસ્મરણ કરીએ.

– નરોત્તમ વાળંદ, એમ.એ.



રાવબહાદુર

રણછોડલાલ છોટાલાલ

સી.આઈ.ઈ.

ઈ.સ. ૧૮૪૭માં તેમને કાપડ ઉદ્યોગ શરૂ કરવા અંગે સૌ પ્રથમ વિચાર આવ્યો. હિંદુસ્તાનનું રૂ છ હજાર માઈલ દૂર વિલાયત જઈને કાપડ બનીને આવે છે છતાં પરદેશીઓને નફો મળે છે, તો અહીંનું રૂ અહીં જ કામમાં લેવાય તો કેટલો બધો નફો થાય ! સત્તરમી સદીમાં મછલીપટ્ટમ અને ઢાકાના કાપડની યુરોપમાં નિકાસ થતી. વળી, એક જમાનો એવોય હતો કે અમદાવાદમાં બનતી અતલસો અને મશરૂની દેશપરદેશમાં ઘણી માગ હતી. મહમૂદી અતલસ સત્તાવીસ રૂપિયે ગજ વેચાતું અને 'ગુજરાતી'ના નામે પંકાયેલું થાન (તાકો) ચારસો રૂપિયે વેચાતું. છીંટ અને સોનાસળીનાં વસ્ત્રો પર તો યુરોપીય લલનાઓ ફિદા થઈ જતી હતી. પાછળથી બ્રિટિશ પાર્લમેન્ટે ભારતના કાપડ પર પ્રતિબંધ મૂકતાં ભારતના એ ઉદ્યોગ પર જીવલેણ ફટકો પડ્યો, એટલું જ નહીં પણ ભારતનું રૂ પરદેશ જઈને કાપડ રૂપે પાછું આવીને પરદેશીઓનાં ગજવાં ભરવા લાગ્યું.

આ સર્વ બાબતોએ રણછોડલાલને વિચાર કરતા કરી મૂક્યા અને તેમણે સૂતર કાંતવાનું કારખાનું નાખવાનો નિશ્ચય કર્યો.. ગુજરાતના રસાલાના ઉપરી મેજર ફુલજેમ્સ સાહેબની આ બાબતમાં સલાહ લઈને તેમણે વિલાયતની બ્રાયન એન્ડ ડંકન કંપનીને પત્ર લખીને યંત્રસામગ્રીની તેમ જ તે બાબતના કરારની માહિતી મગાવી. ત્યાંથી એ સર્વ માહિતી આવી પહોંચતાં તેમણે રૂના મબલખ પાકની ભૂમિ ભરૂચમાં, નર્મદાકિનારે એ કારખાનું નાખવાની તૈયારી કરી.

આ સાહસ કરતાં પહેલાં તેમણે વર્તમાનપત્રોમાં જાહેરાત કરીને કેટલાક વેપારીઓને તેમાં ભાગીદાર થવાને નોતર્યા. પણ કોઈ ઝંપલાવવા તૈયાર ન થયું. સૌનાં મનમાં એમ હતું કે, આ ઉદ્યોગમાં હાથ નાખવા જેવું હોત તો અમારાથીયે વધારે કાબેલ અને શ્રીમંત ગણાતા મુંબઈના વેપારીઓ અત્યાર લગી હાથપગ જોડીને બેસી શાના રહેત ?

આમ કોઈનોય સહકાર ન સાંપડતાં અંતે રણછોડલાલે જાતે જ આ સાહસ માથે લીધું. નિષ્ણાતોની સલાહ અને પુસ્તકોના વાચન દ્વારા એની માહિતી મેળવી લીધી.આ વિષયનાં ઘણાં પુસ્તકો પોતાના પુસ્તકાલયમાં વસાવ્યાં. એવામાં ઈ.સ. ૧૮૫૧ની સાલમાં ભરૂચમાં કપાસ લોઢવાના સંચાના માલિક જેમ્સ લૅન્ડન નામના અમેરિકન સદ્‌ગૃહસ્થનો ભેટો થયો. તેમણે કારખાનામાં સંચા ગોઠવી આપવાનું અને મૅનેજર તરીકે કામ કરવાનું કબૂલ કર્યું. આખરે, રૂપિયા ચાર લાખના ભંડોળથી ભરૂચમાં સૂતરનું પ્રથમ કારખાનું ઈ.સ. ૧૮૫૨માં નખાયું. (પછી તો ઈ.સ. ૧૮૫૪માં મુંબઈમાં શેઠ કાવસજી દાવર નામના ઉદ્યોગવીરે પણ સૂતર કાંતવાની મિલ કાઢી.)

શરૂઆતમાં અનેક મુશ્કેલીઓ નડી. કારખાનામાં બળતણ માટે કોલસા કે લાકડાં તો જોઈએ. પંચમહાલ જિલ્લાના પ્રદેશમાં લોઢાની અને કોલસાની ખાણો નીકળી શકે તેમ છે એમ ફુલજેમ્સ સાહેબે જણાવતાં રણછોડલાલે એ ખાણો શોધવા માટે 'ગુજરાત કોલ એન્ડ આયર્ન કંપની લિમિટેડ' સ્થાપી. પણ સંશોધન કરવાની સરકારી પરવાનગી ન મળી, એટલે એ કંપનીનું કામ આટોપી

લેવું પડ્યું. વળી, સૂતરના કારખાનામાં અણશિખાઉ કારીગરો ભાંગફોડ ઘણી કરતા, તેમને સમજાવીને ધીરજપૂર્વક કામ લેવું પડતું. પાછળથી અમેરિકન સદ્‌ગૃહસ્થ સાથે મતભેદ થતાં ભરૂચનું કારખાનું બંધ કરવું પડ્યું.

છતાં રણછોડલાલ હિંમત હાર્યા નહીં. તેમણે ભરૂચને બદલે અમદાવાદમાં કારખાનું શરૂ કરવાનું નક્કી કર્યું. એ વેળાએ હિંદના દાદા દાદાભાઈ નવરોજી વિલાયતમાં હતા. રણછોડલાલે તેમને સંચાની ખરીદી અંગે લખી જણાવ્યું. દાદાભાઈએ મિલના સંચા ખરીદીને સ્ટીમરમાં એક નિષ્ણાત અંગ્રેજ ઇજનેર સાથે રવાના કર્યા. સંચા મુંબઈ આવ્યા. તે વખતે દેશમાં હજી રેલવે આવી નહોતી, એટલે સંચા હોડી મારફતે ખંભાત લાવીને, ખંભાતથી ગાડામાર્ગે અમદાવાદ લાવવાની યોજના હતી. પણ સંચા ખંભાત પહોંચે એ પહેલાં જ હોડીઓએ જળસમાધિ લીધી અને પેલો નિષ્ણાત ઇજનેર કૉલેરા થતાં મૃત્યુ પામ્યો. અન્ય કોઈ પ્રારબ્ધવાદી કે કાચા કાળજાનો માનવી હોત તો આટલી અપશુકનિયાળ એંધાણીથી ચેતીને આગળ વધતો જરૂર અટકી ગયો હોત. પણ એ ખંતીલા ઉદ્યોગવીરે પાછીપાની કરી નહીં. ફરી સંચા ખરીદવામાં આવ્યા અને મુંબઈ ને ખંભાત થઈને એ અમદાવાદ આવ્યા.

અમદાવાદમાં શાહપુરના વેરાન વિસ્તારમાં કામચલાઉ છાપરાં ખડાં કરીને એ સંચા ગોઠવવામાં આવ્યા. ઈ.સ. ૧૮૫૯માં 'અમદાવાદ કૉટન સ્પિનિંગ ઍન્ડ વીવિંગ કંપની' સ્થાપીને એક લાખ રૂપિયાની મૂડીથી મિલ ઊભી કરવા માંડી અને ત્રેસઠ કામદારો તથા પચીસસો સ્પિન્ડલો સાથેની એ મિલે ઈ.સ. ૧૮૬૧ના મે માસની ૩૦મી તારીખે સાંજે પોણા પાંચ વાગ્યે પહેલી સીટી વગાડી. જાણે ગુજરાતના ભાવિ માન્ચેસ્ટરના ઉજ્જ્વળ ભાવિના આનંદની એ ચીસ હતી !

અમદાવાદની મ્યુનિસિપાલિટીના કારભાર પરત્વે પણ ઉદ્યોગવીર રણછોડલાલની યશસ્વી કારકિર્દી હતી. તેઓ ઈ. ૧૮૬૯માં સરકાર તરફથી મ્યુનિસિપાલિટીના સભાસદ નિમાયા. ઈ.સ. ૧૮૮૪માં તેઓ મ્યુનિસિપાલિટીના કાયમ અને પ્રથમ પ્રમુખ થયા. 'ધૂળ, ધન અને ધુમાડા'થી પંકાયેલા અને 'ગર્દાબાદ' તરીકે તિરસ્કારાયેલા અમદાવાદની કાયાપલટ કરવાના તેમણે પ્રયત્નો આદર્યા. શહેરનું આરોગ્ય જાળવવાના ચાંપતા ઉપાયો લીધા. કચરો નાખવાની જગાઓ દૂર ખસેડી. જ્યાં પાણી ભરાઈ રહેતું તે ખાડાઓની પુરામણી કરાવી. નવાં મેદાનો અને મોટા રાજમાર્ગો તૈયાર કરાવ્યા. શહેરમાં જાજરૂ અને પેશાબખાનાં વધારાવ્યાં.

તેમની ખાસ સેવા તો પાણીના નળ અને ગટરની યોજના પરત્વે છે. એ વેળા શહેરમાં કૂવાનું પાણી વપરાતું. ઘણાંખરાં (આશરે આઠ હજાર જેટલાં) ઘરોમાં ટાંકામાં વરસાદનું પાણી સંઘરીને બારે માસ પીવાના ઉપયોગમાં લેવાતું. સાબરમતી નદીનું પાણી પૂરતું સ્વચ્છ નહોતું રહેતું. વળી, ઉનાળામાં તેનું વહેણ પાતળું પડી જતાં તેના પાણીનો પૂરો ઉપયોગ થઈ શકતો નહીં. જમણવારોમાં ગાડાં મારફત પાણીની કોઠીઓ લાવવી પડતી. આવા સંયોગોમાં આગનો બનાવ બને ત્યારે ઘણી મુશ્કેલી નડતી. ગંદા પાણીનો નિકાલ મોરી ને ખાળકૂવા મારફતે થતો. એને લીધે જમીન કાયમ ભેજવાળી રહેતી. વળી, પાણી પીવાના કૂવામાં પણ ખાળકૂવાનાં પાણી ઝમતાં, એથી આરોગ્યને નુકસાન થતું. જે ઘરોમાં ખાળકૂવા નહોતા, તેના ગંદા પાણીનો નિકાલ રસ્તા પર થતો. આમ ભેજવાળી અને અનારોગ્યક હવાને કારણે મલેરિયા, પ્લેગ વગેરે રોગોમાં દર વર્ષે સેંકડો લોકો મૃત્યુવશ થતા.

પાણીના નળની યોજના રણછોડલાલે રજૂ કરી ત્યારે ખૂબ વિરોધ થયો. ખુદ મ્યુનિસિપાલિટીના સભાસદોએ ટંકશાળમાં મોટી વિરોધસભા બોલાવી. નળનું પાણી અપવિત્ર છે, તેથી પીવાલાયક નથી, એમ અનેક ધર્મપ્રેમીઓએ જાહેર કર્યું. વિરોધના આ વંટોળને ન ગણકારીને રણછોડલાલે યોજના અમલમાં મૂકી. નળ માટે રસ્તા ખોદાવા લાગ્યા ત્યારે લોકો ગાળો ભાંડતા કહેવા લાગ્યા કે આ તો રણછોડલાલની ઘોર ખોદાય છે ! અંતે રૂપિયા અગિયાર લાખના ખર્ચે શહેરમાં નળ આવ્યા.

પાણીનું સુખ તો થયું, પણ વધુ છૂટથી વપરાતા પાણીનો ગટરના અભાવે યોગ્ય રીતે નિકાલ થતો નહિ, અને ભવિષ્યમાં રોગચાળો ફેલાવાનો ભય ઝઝૂમી રહ્યો હતો. આથી રણછોડલાલે ડ્રેનેજની યોજના વિચારી. આની જાહેરાત થતાં ફરી લોકો અને છાપાંએ ધાંધલ કરી મૂકી. અલબત્ત, કેટલાક શાણા લોકોએ નળના કાર્યની સફળતા જોઈને આ યોજનાને ઉમળકાભેર વધાવેલી, પણ મોટા ભાગના લોકો તો એની વિરુદ્ધમાં પડ્યા. ફરીથી ટંકશાળમાં મોટી સભા મળી અને લોકોએ ગટર વિરુદ્ધ બુમરાણ મચાવ્યું ! છતાં રણછોડલાલ ડગ્યા નહીં. તેમણે એક નિષ્ણાત ઇજનેરને રોકીને રૂપિયા ત્રણ લાખના ખર્ચે આ કામ સફળતાપૂર્વક પાર પાડ્યું. આમ, લોકોની ગાળો ને પથરા ખાઈને, તેમને સમજાવવાના પ્રયત્નો જારી રાખીને અને છેવટે વિરોધ સહી લઈને પણ રણછોડલાલે નળ અને ગટરની યોજના પાર પાડી.

ઉદ્યોગપ્રેમી અને ઉદારચરિત રણછોડલાલે એ ઉપરાંત પણ અનેક લોકોપયોગી કાર્યો કરીને પ્રજાની પ્રીતિ મેળવી હતી. ઈ.સ. ૧૮૭૦માં તેમણે અન્નાશ્રમની સ્થાપના કરી, જેમાં આળસુ સાધુઓ કે અણઘડ બ્રાહ્મણોને નહીં પણ અપંગ માણસો ને અનાથ બાળકોને પોષવામાં આવતાં. મિલમાં કામ કરી શકે તેવા માણસોને યોગ્ય રોજી પણ આપવામાં આવતી. બજારમાં જતા-આવતા મુસાફરોની પીવાના પાણીની સગવડ માટે જાહેર રસ્તા પર તેમણે ઈ.સ. ૧૮૯૪માં 'રણછોડલાલ ફુવારો' બનાવરાવ્યો. તેના હોજમાંથી જાનવરોને માટે પાણીની સગવડ કરવામાં આવી.

ઈ.સ. ૧૮૭૯માં પાંચકૂવા દરવાજા બહાર 'રણછોડલાલ ડિસ્પેન્સરી' શરૂ કરી. તે વેળાના વાઈસરૉય લૉર્ડ ડફરીનનાં પત્નીના નામના 'લેડી ડફરીન ફંડ' દ્વારા ઈ.સ. ૧૮૮૯માં પચાસ હજારના ખર્ચે, 'વિક્ટોરિયા જ્યુબિલી હૉસ્પિટલ' સ્થાપવામાં આવી. ગરીબ ને અશક્ત માણસોને ઘેર બેઠાં સારવાર મળે એ હેતુથી રૂપિયા વીસ હજારના ખર્ચે ઈ.સ. ૧૮૯૪માં 'રણછોડલાલ મેડિકલ હોમ રીલિફ ડિસ્પેન્સરી' તૈયાર થઈ તેમ જ આજુબાજુનાં ગામડાંનાં માણસોના લાભાર્થે તે વેળાના મુંબઈના ગવર્નર લૉર્ડ હૅરિસની યાદગીરીમાં તેનું નામ 'લૉર્ડ હૅરિસ ટ્રાવેલિંગ ડિસ્પેન્સરી' નામથી ફરતા દવાખાનાની વ્યવસ્થા પણ કરી.

કેળવણીના ક્ષેત્રે પણ રણછોડલાલે ઉદાર હાથે ને મોકળા મને દાન કર્યાં. ઈ.સ. ૧૮૯૨માં તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને રૂપિયા સાડા બાર હજાર આપી 'રા. બ. રણછોડલાલ છોટાલાલ કન્યાશાળા' સ્થપાવી તથા શાળા માટે પાંચ હજાર રૂપિયાનું મકાન ખરીદી આપ્યું. રૂપિયા સાત હજારના ખર્ચે તેમણે 'વેદ સનાતન આર્યધર્મ સંરક્ષક સભા' સ્થાપી. અમદાવાદની ગુજરાત કૉલેજના ફાળા માટે અનેક સદ્‌ગૃહસ્થો પાસે અને રાજારજવાડાંમાં જઈને ભંડોળ એકઠું કરવામાં મદદ કરી. તેમના પુત્રના જ નામથી ગુજરાત કૉલેજની વિજ્ઞાનશાખાને 'માધવલાલ રણછોડલાલ સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ' નામ અપાયું છે. પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે 'રા. બ. રણછોડલાલ છોટાલાલ વિદ્યાલય'ની સ્થાપના કરવામાં આવી. ઉપરાંત પોતાના ખાનગી વિદ્યોત્તેજક ફંડમાંથી પણ તેઓ ગરીબ અને લાયક વિદ્યાર્થીઓને ફીની મદદ આપતા. હુન્નરકળાના ઉત્તેજન માટે તેમણે અમદાવાદનો જે કોઈ વિદ્યાર્થી મુંબઈની વિક્ટોરિયા જ્યુબિલી ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ માટે જાય તેને બે સ્કોલરશિપો આપવાની જોગવાઈ કરી.

સેવાપરાયણ ને પ્રવૃત્તિશીલ રણછોડલાલ આયુષ્યના અંત લગી અનેકવિધ પ્રવૃત્તિઓમાં પરોવાયેલા રહ્યા. ઈ.સ. ૧૮૬૮થી તે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આજીવન સભ્ય બન્યા ને ઈ.સ. ૧૮૮૮થી ૧૮૯૮ સુધી તેના પ્રમુખ તરીકે રહ્યા. અમદાવાદની મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે પણ ઈ.સ. ૧૮૮૪થી ઈ.સ. ૧૮૯૮ લગી સતત ચૌદ વર્ષ સુધી સેવા બજાવી. અમદાવાદના મિલઓનર્સ ઍસોસીએશનના પણ તેઓ પ્રમુખ હતા. તેમની ઉચ્ચ પ્રતિષ્ઠાને કારણે સરકારે તેમને ઈ.સ. ૧૮૯૨માં લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય નીમ્યા. તે પછી તો તેઓ ત્રણ વાર કાઉન્સિલમાં નિમાયા. તેમની સેવાઓની નોંધ લઈને મુંબઈ સરકારે ઈ.સ. ૧૮૮૬માં સી.આઈ.ઈ.નો ઇલકાબ આપ્યો. અમદાવાદના નાગરિકોની સભાએ પણ માનપત્ર આપ્યું.

તેઓ સ્વભાવે સૌજન્યશીલ અને ધાર્મિક વૃત્તિના પુરુષ હતા. પિતાની ધર્મપરાયણતાનો વારસો તેમને મળ્યો હતો, એટલે છેક નાનપણથી સંધ્યાપૂજાનો નિત્ય નિયમ સાચવતા. પાછળથી ભોળાનાથ ને મહીપતરામની મૈત્રીને કારણે તેઓ 'પ્રાર્થના સમાજ'માં જતા ખરા, છતાં જૂની ધર્મશ્રદ્ધા પર અસર નહોતી થઈ. લક્ષ્મીની છોળોમાં ઊછરેલા છતાં તેમનામાં કોઈ બાબતે ઉછાંછળાપણું પ્રવેશ્યું નહોતું. સુધારક વલણને લીધે બાળલગ્ન, મોટા જમણવાર અને મૃત્યુ પાછળના બારમાના રિવાજ તરફ તેમને નફરત હતી. તેમનું જીવન મિતાહારી અને સાદાઈભર્યું હતું. રસોઈ થતાં અગાઉ ઘરમાં માણસોને પૂછવામાં આવતું કે કેટલી દશમી ખાશો ? અને એ ગણતરીએ રસોઈ થતી. સૂર્યોદય પહેલાં ઊઠીને, નિત્યકર્મથી પરવારીને, સંધ્યાતર્પણ કરીને મ્યુનિસિપાલિટીને લગતાં કાર્યો માટે ગાડીમાં નીકળી જવું એ તેમનો નિત્યક્રમ હતો. પંચોતેર વર્ષની વય લગી આંખ, દાંત અને કાનની સંપૂર્ણ તંદુરસ્તી ભોગવનાર અમદાવાદના ઘડવૈયા રણછોડલાલનું ઈ.સ. ૧૮૯૮ના ઑક્ટોબરની ૨૬મી તારીખે અવસાન થયું. એમની સેવાપરાયણતા અને ઉદારતાના અમૂલ્ય વારસો તેમના પુત્ર માધવલાલ અને પૌત્ર ચિનુભાઈ સુધી પહોંચ્યો. એ ચિનુભાઈ તો પોતાની અનન્ય સખાવતો, ને ઉચ્ચ સંસ્કાર-સેવાથી અંગ્રેજ સરકારનું મોંઘું બૅરોનેટપદ પામેલા. આમ, એ ત્રણ પેઢીઓએ કરેલી સેવા કૃતઘ્ન અને ઇતિહાસશત્રુ બન્યા સિવાય અમદાવાદ ભૂલી શકે તેમ નથી. (૪૪૮)

ઊંઘમાં ચાલનારાં

મારા વતનના શહેરમાં એક મા-દીકરી રહેતાં હતાં, જેમને ઊંઘમાં ચાલવાની ટેવ હતી.

એક રાત્રે, જગત શાંતિથી ઘેરાઈ ગયું હતું ત્યારે એ સ્ત્રી અને તેની પુત્રી ઊંઘમાં જ ચાલતાં ચાલતાં તેમના ધુમ્મસભર્યા બગીચામાં મળ્યાં.

અને તે સ્ત્રી બોલી : આખરે તો તું મારી શત્રુ ! તારે લીધે મારું યૌવન નાશ પામ્યું. તેં મારાં અસ્થિ ઉપર તારું જીવન-ચણતર કર્યું. દાઝ તો એવી ચડે છે કે તારો ટોટો પીસી નાખું !'

અને તેની પુત્રી બોલી : 'સ્વાર્થી ડોકરી ! ધિક છે તને ! તું મારી અને મારી સ્વતંત્રતાની વચ્ચે આડી આવે છે. તું મારા જીવનને તારા કરમાઈ ગયેલા જીવનનો પડઘો બનાવવા ઇચ્છે છે ! તું તો મરી ગઈ હોત તો સારું થાત !'

એ જ વેળા કૂકડો બોલી ઊઠ્યો ને બંને સ્ત્રીઓ જાગી ગઈ. માએ મૃદુતાથી કહ્યું : 'તું છે, મારી વહાલી દીકરી કે ?' ને પુત્રીએ ધીમેથી જવાબ આપ્યો : 'હા, વહાલી મા.'

(ખલિલ જિબ્રાન કૃત 'ધ મૅડ મૅન'માંથી) (૫૩૩)

રાવજી પટેલ

'કુમાર'ના ૫૩ અને ૫૪મા વર્ષ–૧૯૭૬ અને '૭૭માં વાચકોમાં અત્યંત રસ જગાડનાર વિનોદી પરિચયમાળા 'વિનોદની નજરે' માંનો એક લેખ

– વિનોદ ભટ્ટ

અવસાન પામેલા માણસનું મોટામાં મોટું સુખ એ હોય છે કે પછી એના વિશે આપણે ગમે તે બેધડકપણે કહીએ. લખીએ તે સાચુંખોટું કરવા એ તો નથી જ આવવાનો એની આપણને પાકી ખાતરી હોય છે. રાવજી પટેલ વિષેય ઘણાને મોઢે ઘણું ઘણું સાંભળવા મળતું; એ મર્યો એ અરસામાં : 'સાલો, મારું કહેવું માન્યો હોત તો આટલો જલદી ના મરત...' 'અમેય રાવજીને ઘણી મદદ કરેલી. પણ આપણું તો ભૈ એવું – જમણો હાથ શું આપે છે એની ડાબા હાથને ક્યારેય જાણ જ ન થવા દઈએ.' (જોકે એ મહાશય પોતાના પૈસા ઝભ્ભાના જમણા નહીં, પણ ડાબા ખિસ્સામાં રાખે છે.) જે લોકો રાવજીને જોઈને ફૂટપાથ બદલી નાખતા તેઓ તેની વાત કરતાં પોતાનો અવાજ હજીય ભીનો કરી શકે છે. રાવજીના જીવતાં જે પ્રકાશકો એના પુસ્તક માટે એને બાઈબાઈ ચારણીની રમત રમાડતા હતા એ લોકો રાવજીનાં પુસ્તકો પોતાને જ મળે એ વાસ્તે સિફારસો કરાવે છે. રાવજી આટલો મોટો કવિ નો'તો. મૃત્યુએ તેને મોટો, વધારે મોટો બનાવી દીધો.

આ રાવજી વિષે તો હું પણ ઘણુંબધું લખી શકું. મારી કલ્પનાશક્તિને કામે લગાડીને, દાનવીર બનીને, એનો વાલી થઈને અનેક વાર્તા બનાવી શકું.... બનાવીશ. જરૂર પડશે તો એ પણ કરીશ; પણ આજે નહિ. આજે તો, રાવજી મને કેવો લાગ્યો છે, મારી નજરમાં તે કેવો ઝિલાયો છે એ જ કહીશ.

રતનપોળની ઝવેરીવાડમાંથી દોશીવાડાની પોળમાં જવાનો એક રસ્તો છે. સામે વાઘણપોળ છે. તેના ડાબા હાથે સાતભાઈની હવેલી છે. એ જ ડહેલામાં જમણી બાજુ તરફના, પડ્યો કે હવે પડશે થઈ રહેલા દાદરનાં પગથિયાં એકશ્વાસે ચડીને હું અને વિનોદ જાની 'સ્ત્રી જીવનકાર્યાલય'માં પહોંચી જતા. કૉલેજના પહેલા-બીજા વર્ષમાં ભણીએ. તંત્રીઓને રૂબરૂ મળવાના, તેમની સાથે આત્મીયતા કેળવવાના અભરખાય હતા એ દિવસોમાં. શ્રી મનુભાઈ જોધાણી-મનુકાકા-પાન ચાવતા પાટ પર આડા પડ્યા હોય. અમને જોતાં જ 'આવો દીકરા' કહી પાનની પિચકારી મારે, અમે સહેજ આઘા ખસી જઈએ. બપોરે લગભગ સાડા-ત્રણ-ચારના સુમારે ગયા હતા. 'અલ્યા ચા-બા પીવો છો ?' મનુકાકાએ પૂછ્યું. ના પાડવાનો વિવેક કરવો કે પછી પી જ નાખવી એ અમે નક્કી કરીએ ત્યાર પહેલાં જ મનુકાકાએ બૂમ પાડી : 'બટા (બેટા) રાવજી... ફર્સ્ટ ક્લાસ ચા મૂકજે.... જરા.' મોટુંમસ ભૂરું શર્ટ ને પટાવાળો લેંઘો પહેરેલો નિસ્તેજ ચહેરો છતાં ચમકતી આંખોવાળો રાવજી નામનો એક છોકરો બેઠો બેઠો 'સ્ત્રીજીવન'નાં સરનામાં લખતો'તો. કાકાનો અવાજ સાંભળી લખતાં તે સહેજ અટક્યો. કશુંક બબડ્યો. અમારી સામે ઊડતી આંખે જોયું – ક્ષણપૂરતું જ. ફરી લખવા માંડ્યો. રૅપર પરનું સરનામું પૂરું કરી, ફાઉન્ટનપેન બંધ કરી તે ઊભો થયો. સ્ટૅન્ડમાંથી કપરકાબી કાઢ્યાં. ચા મૂકી. પહેલાં અમારી પાસે ખાલી કપરકાબી મૂકી ગયો. ચા બની એટલે સાણસીથી ચાની તપેલી પકડી અમારી પાસે લાવ્યો. અમારા કપમાં ચા ગાળી 'અલ્યા તારો ચા–?'

'મારે નથી પીવો.' ટૂંકો ઉત્તર.

અમે ચા પી લીધી એટલે કાચનાં ઠોબળાં તે લઈ ગયો. ધોઈને સ્ટૅન્ડમાં ભરાવી દીધાં ને ફરી પાછો રૅપર લખવા બેસી ગયો. 'આ છોકરોય કવિતા-બવિતા કરે છે.' મનુકાકાએ કહ્યું.

રાવજી સાથેનું અમારું આ પહેલું મિલન. પછી તો ઘણો સમય વચ્ચે પસાર થઈ ગયો. ક્યારેક, ક્યાંક રાવજી મળી જતો. પણ વધારે મળવાનું તો 'સંદેશ'માં થતું. એ 'સ્ત્રી'માં કામ કરતો. હું મિત્રોને મળવા ને ક્યારેક વાર્તા આપવા જતો. પછી તો એ 'સંદેશ'માં દેખાતોય બંધ થઈ ગયો. વળી પાછી 'ગુજરાત સમાચાર'માં તેણે દેખા દીધી.. થોડા વખતમાં તો ત્યાંથી પણ ગાયબ થી ગયો. એક વખત ગાંધી રોડ પર મળી ગયો. 'કેમ દેખાતો નથી ?' મેં પૂછ્યું.

'બસ, નથી દેખાતો.' ટૂંકો ઉત્તર. 'પણ તારી નોકરી ?'

'સમય હોય તો ક્યાંક બેસીએ. મારાથી બહુ ઊભા નથી રહેવાતું.' તે બોલ્યો. અમે ચંદ્રવિલાસમાં બેઠા.

'તેં નોકરીનું પૂછ્યું ને ?' મારી સામે જોઈ પાણી પીતાં તે બોલ્યો.

'હા; તેં 'સંદેશ' કેમ છોડ્યું ?'

'હસવું આવે એવી વાત છે. સાંભળવી છે ?' કહી તેણે શરૂ કર્યું. 'તું તો જાણે છે કે 'સ્ત્રી'નું કામ હું કરતો. વચ્ચે ચૂંટણીઓ આવી. ચૂંટણીમાં ઊભી રહેલ સ્ત્રી ઉમેદવારોમાંની અમુક હારી ગઈ ને અમુક જીતી ગઈ. મેં હાળું ભૂલભૂલમાં જીતેલીને બદલે હારેલી સ્ત્રીઓના ફોટાના બ્લૉક કરવા મોકલી આપ્યા. લીલાબહેનને ખબર પડતાં મને બોલાવીને પૂછ્યું : 'રાવજી, તમે હારેલા ઉમેદવારોના ફોટા બ્લૉકમાં કેમ મોકલ્યા ?'

'કેમ, એ લોકો ઊભાં નો'તાં – ચૂંટણીમાં ? હાર-જીત એ તો બે'ન ગૌણ વાત છે. મુખ્ય વાત જ ઊભા રહેવાની છે.' મેં ગબડાવ્યું. હાળી ભૂલ તો થઈ ગયેલી, પણ કબૂલ કેમ કરીને થાય ? લીલાબહેન તો ખિજવાઈ ગયાં. મને કહે : 'તમારી ભૂલ

થઈ ગઈ એમ કહેતા નથી, ને ઉપરથી ખોટી દલીલો કરો છો ?' એટલે પછી આપણાથી ના રહેવાયું. મારાથી બોલાઈ ગયું : 'જુઓ બે'ન, માણસ છે તે ભૂલેય થાય. એક વાર થઈ; કદાચ બીજી વારેય થશે...' પણ લીલાબહેન મને બીજી વાર તક આપવા નો'તાં માગતાં. એટલે કહ્યું : 'કાલથી ના આવતા.'

'શા માટે કાલથી ? આ ઘડીએ જ નીકળી જાઉં છું.' બોલી નોકરી છોડીને આપણે તો ચાલી નીકળ્યા.

મારી સામે જોઈ તે જાણે મોટી ધાડ મારી હોય તેમ હસ્યો. પછી બોલ્યો : 'અને પછી 'ગુજરાત સમાચાર'માં દાખલ થઈ ગયો - 'શ્રીરંગ'નું કામ કરવા. વચ્ચે મારો હાથ ઊતરી ગયો. જ્યારે ગુસ્સો કરું છું ત્યારે એકાદ અંગને ઈજા પહોંચાડું છું. હાથનું ઠેકાણું પડતાં દોઢેક મહિનો લાગ્યો. કામ પર પાછો ગયો એ જ દિવસે 'શ્રીરંગ'નાં પાનાં પડાવવાનાં હતાં. હું કમ્પોઝમાં પાનાં પડાવતો'તો, ત્યાં પવનની જેમ શાંતિલાલ (માલિક - ગુજરાત સમાચાર) ત્યાં ધસી આવ્યા. આવતાં જ મને ઊભેલો જોઈને પૂછ્યું, 'કેમ ઊભા છો ?'

'એટલે ?' હું અચંબામાં પડી ગયો. 'કોનું કામ છે ? કોને મળવા આવ્યા છો ?' તેમણે એકસામટા બે સવાલો પૂછ્યા. મને તો, વિનોદ, કાપ્યો હોય તો લોહી ના નીકળે ! મેં કહ્યું, 'સાહેબ, હું 'શ્રીરંગ'માં કામ કરું છું.' જાણે હું જૂઠું બોલતો હોઉં તેમ શાંતિલાલે ફૉરમૅનને બોલાવીને પૂછ્યું, 'આ માણસ અહીં નોકરી કરે છે ?' પેલાએ ડોકું હલાવી હા પાડી એટલે... 'સારું, સારું... કામ કરો. કામ કરો...' બોલતાં શાંતિલાલ ઝડપથી બહાર નીકળી ગયા. મને હાળું માઠું લાગ્યું. જે માણસને આપણા અસ્તિત્વી ખબર નથી, તેને ત્યાં આપણે નોકરી કરીએ છીએ ? લોહી-પસીનો એક કરીએ છીએ એનીય જેને જાણ નથી એવાને ત્યાં હોવું ન હોવું શો ફેર પડે છે ? એથી. તું જ કહે, મારું કે'વું ખોટું છે ?' વળી પાછો મારી સામે જોઈને હસવા માંડ્યો. નોકરીની અત્યંત આવશ્યકતાવાળો માણસ, આટલી આસાનીથી નોકરી છોડી શકે ? પણ આ તો રાવજી. સ્વમાનની આકરી કિંમત ચૂકવીને રાવજી જ એ કરી શકે.

એને હું બહુ ભોળો માણસ નહીં કહું; કેમ કે ભોળા હોવું એ ગુણ નથી, દુર્ગુણ છે. પણ એ ઘણો જ ભલો હતો. પરોપકારી પણ ખરો. મિત્રો માટે થાય એટલું કરી છૂટતો. એનો જ એક કવિ-મિત્ર, પોતાની ગર્લ-ફ્રેન્ડને લઈને રાવજીની રૂમ પર અવારનવાર જતો. (એ કવિનું નામ નહીં આપું, કેમ કે સાંભળ્યું છે કે, કવિની પત્ની સારી નિશાનબાજ છે. રાઈફલ ટ્રેઈનિંગનો ડિપ્લોમા ધરાવે છે... અને અત્યારે એની બંદૂક કરતાં ગુજરાતી સાહિત્યને એ કવિની તેમ જ મારી ઘણી જરૂર છે એવું ખુદ અમને બંનેને લાગે છે) રાવજી શાણો, સમજુ. પેલા બે એની રૂમ પર આવે એટલે, 'થ્રી ઇઝ અ ક્રાઉડ' સમજીને ત્યાંથી છટકવા ફાંફાં મારે. માળું, ફલાણું ખૂટી ગયું છે, કે ઢીંકણું ખલાસ થઈ ગયું છે, કે એવાતેવા બહાને પેલા બેને મૂકીને સરકી જાય. ખરા બપોરે અહીંતહીં આથડે. દોઢ-બે કલાકે ઘેર પાછો ફરે. પાછો ભોંઠપ અનુભવતા ભાવે માફીયે માગે. 'મારા કારણે તમારે લોકોને બહુ બેસી રહેવું પડ્યું, નહીં ?'

રાવજી પોતાના કરતાં બીજાનો ખ્યાલ હંમેશાં વધારે કરે. એક વાર લાભશંકરના દવાખાને મળી ગયો. મને કહે, 'મારે તારું થોડું કામ છે... નીચે આવે છે ?' અમે નીચે ફૂટપાથ પર ઊભા રહ્યા, એટલે તે બોલ્યો, 'મારે લક્ષ્મીને છૂટાછેડા આપવા છે.'

'કવિ કે લેખકે લક્ષ્મીને છૂટાછેડા આપવાના ના હોય; લક્ષ્મી જ એ લોકોને છૂટાછેડા આપી દે છે.' મેં રમૂજમાં કહ્યું.

'મશ્કરી નથી કરતો, વિનોદ. લક્ષ્મીને મારે છૂટાછેટા આપવા જ છે,

ત્યારે જ મને ખબર પડી કે તેની પત્નીનું નામ લક્ષ્મી છે.

'એને માટે, રાવજી, સબળ કારણ જોઈએ.

'એટલે ?'

'તારી પત્ની પાગલ છે ?' 'ના.'

'તું છે ?'

'ના; પણ હું કવિ છું એ કારણ ના ચાલે ?'

'એ કારણસર તારી પત્ની ડાયવૉર્સ માગી શકે, તું નહીં.... ને તેય અમેરિકા જેવા કોઈ પશ્ચિમના દેશમાં.... આ દેશમાં નહીં... પણ તારે ડાયવૉસ કેમ જોઈએ ?'

'આપણે આમેય બહુ લાંબું જીવવાના નથી. એ બિચારી વિધવા બને એ કલ્પનાથી જ હું તો ધ્રૂજી ઊઠું છું.' એ બોલ્યો. એ વખતે એનો અવાજ સાચે જ ધ્રૂજતો હતો.

પોતાના મિત્રો માટે ખિસ્સામાંની છેલ્લી પાઈ વાપરતાંય રાવજી અચકાય નહીં; એટલું જ નહીં, ભૂલેચૂકેય તેને પૈસા ખર્ચતો રોકવા પ્રયત્ન કરીએ તો સાલો માઠું લગાડી બેસે - અબોલા લઈ લે ! એક વખત કેટલાક મિત્રોને હોટેલમાં નાસ્તો કરાવવામાં તેણે બધા જ પૈસા ખરચી નાખ્યા. બસભાડાના પૈસાય ના બચ્યા. પાછો વટનો કટકો. ચાલતો ઘેર ગયો, ને વધુ પડતું ચાલવાને કારણે શ્રમથી બીમાર પડી ગયો.

રાવજી અળવીત રોય એટલો, ને રમતિયાળ પણ હતો – નાનપણમાં. કહે છે કે બચપણમાં સાતતાળીની રમત રમવી તેને બહુ જ ગમતી. તાળી આપીને તે દોડી જતો. દેરી પાછળ, પીપળાની ઓથે ને ખેતર હોય તો ડૂંડાંની વચ્ચે તે લપાઈ જતો. ને પોતાને પકડવા મથનારની સામે, અવાજ વગરનું હસતો. પણ આમ તો એ માણસ હતો. એટલે માણસમાં હોવી જોઈએ એવી એકાદ-બે નબળાઈઓ પણ એનામાં હતી. ક્યારેક તે જૂઠું બોલે. પણ કોઈનેય છેતરવા નહીં, કેવળ હસાવવા—ગમ્મત કરાવવા. પોતે કેવો મૂરખ છે, બાઘો છે, એની જોડી કાઢેલી વાતો કરીને સાંભળનારને પેટ પકડીને હંસાવે.

અને હા. એ થોડો ચુગલીખોર પણ ખરો. કોઈ વાત તેને કહ્યા પછી તમે એમ કહો કે, 'જોજે ભાઈ, આ વાત ફલાણાના કાને ના જાય પાછી...' ત્યારે એ કહે : 'તું તારે બેફિકર રહેને, યાર!' ...અને પછી તમે જેને એ વાત ન કહેવાની તાકીદ આપી હોય એને તો એ ખાસ કહે, યાદ રાખીને કહે, ભૂલ્યા વગર કહે !

એક વખત મને તે 'ગુજરાત સમાચાર'ના ઝાંપા પાસે મળી ગયો. "'રે'* માં કેમ નથી આવતો ?' તેણે પૂછ્યું.

'બસ, એમ જ...' મે કહ્યું, 'નહિ આવીને હુંયે સુખી છું ને એ લોકોય સુખી હશે.' અને એ જ સાંજે લાભશંકરને રાવજીએ કહી દીધું કે વિનોદ તમારા માટે આમ કહેતો'તો... ને બે-ત્રણ દિવસ પછી મને મળ્યો ત્યારે તેણે પાછું મનેય કહ્યું, 'લ્યા, તારો પેલો સંદેશો એ લોકોને મેં પહોંચાડી દીધો છે.'

'કયો સંદેશો ?' મને પહેલાં તો સમજાયું નહીં, એટલે તેણે ચોખવટ કરી, 'પેલો સુખી છું વાળો...'

'અરે સુવ્વર ! એ તો તારા સવાલના જવાબ રૂપે જ મેં તને કહેલું. એ તારા જ્ઞાન માટે હતું, જ્ઞાનના પ્રચાર માટે નહીં.'

'એમ ? ...તો તો મેં બાફ્યું, નહીં ?' બોલી હસતો હસતો તે જતો રહ્યો.

આ ચુગલીખોર પ્રકૃતિ એ જ તેને કવિ થવા પ્રેર્યો હશે, કદાચ... દરેક સર્જક ચુગલીખોર હોય છે. તે કશું જ હૃદયમાં સંઘરી શકતો નથી. સંગ્રહખોરી તેને ખપતી નથી. લાગણીઓના પોપટોનેય તે પાળીને કેદ કરતો નથી. તેમને સદાય તે ઊડતા જ રાખે છે.

કોણ જાણે કેમ, પણ દસમી ઑગસ્ટ ઓગણીસ સો અડસઠના રોજ તેને બાળપણની જૂની રમત સાંભરી આવી. સાતતાળી આપીને તે દોડી ગયો. એ ક્યાંક સંતાઈને, એને શબ્દોમાં પકડવા મથતા આપણને જોઈને અવાજ વગરનું હસતો હશે. બાકી રાવજી ગુજરી ગયો છે એવું કોઈ કહે તો સાચું માનશો નહિ. ખુદ એ જાતે આવીને કહે તોપણ. (૬૩૦)

રહસ્યકથા

ખિસ્સા-ખાતર

શહેરની પોલીસ - ટુકડી ને કૉસ્મૉપોલિટન જિમખાના વચ્ચે મૅચ રમાઈ રહી હતી. ઇન્સ્પેક્ટર દીક્ષિત પોલીસ ટુકડીના ડાબોડી ખેલાડીને રન પર રન કરતો રસપૂર્વક નિહાળી રહ્યા હતા, ત્યાં જિમખાનાનો પટાવાળો આવીને સલામ કરીને ઊભો રહ્યો : 'માફ કરજો સાહેબ, પણ સેક્રેટરી સાહેબે સલામ કહેવડાવ્યા છે અને કહ્યું છે કે જરા તસ્દી લઈને ઑફિસમાં આવી જશો ? થોડી ગરબડ થઈ છે.'

રમત જોવી પડતી મૂકી દીક્ષિત જિમખાનાની ઑફિસમાં ગયા. સેક્રેટરી ઉસ્માને તેમને આમ અચાનક તસ્દી આપવા માટે દરગુજર ચાહીને કહ્યું કે 'અમારા કૅપ્ટન દુલેરાયના ગજવામાંથી ચોરી થઈ છે. ડ્રેસિંગ રૂમમાં કોટ રાખી એ પાંચેક મિનિટ બહાર ગયેલા ને પાછા આવી જુએ તો સો-સોની બે નોટો તેમના પાકીટમાં ન મળે !'

દીક્ષિતે તુરત દુલેરાયને બોલાવીને પૂછતાં તેણે પણ એમ જ કહ્યું કે ફક્ત પાંચેક મિનિટ જ તે કોટ ત્યાં રાખી દિશાએ ગયેલા.

'જ્યારે હું કોટ રાખવા આવેલો ત્યારે મેં બૂચ અને જમશેદને રૂમમાં કંઈક વાતો કરતા જોયેલા.' દુલેરાયે જરા ચિડાઈને આગળ જણાવ્યું, 'પાંચેક મિનિટ બાદ જ્યારે હું પાછો ફર્યો ત્યારે મેં બૂચને પૅવિલિયન પર જઈને રમત જોતો જોયેલો.

'અને જમશેદને મેં આ બાબત થોડી પૂછતાછ કરી જોઈ.' સેક્રેટરીએ ઉમેર્યું. 'પણ તેણે કહ્યું કે પોતે તો ફક્ત અંદરથી કોઈ પાસેથી સિગારેટ-બિગારેટ મળે તો તે લેવા આવેલો, અને દુલેરાયના પાછા ફર્યા પહેલાં તો ચાલ્યો ગયેલો.'

'એટલે એ પાંચ મિનિટના ગાળા દરમ્યાન થોડો સમય તો ડ્રેસિંગ રૂમ તદ્દન ખાલી જ રહેલો, ખરું ?' દીક્ષિતે પૂછ્યું.

'હા, એ બંનેની વાત ખરી હોય તો એમ જ.' સેક્રેટરીએ જવાબ દીધો.

'તમે જમશેદને પૂછ્યું ત્યારે કેટલી રકમ ચોરાઈ છે તે જણાવેલું ખરું ? દીક્ષિતે સેક્રેટરીને પૂછ્યું.

'ના, મેં એ બાબત તો બૂચને કે જમશેદને કહી નથી; પણ બંને મારી પૂછતાછથી વિચારમાં પડી ગયેલા તો લાગતા હતા.'

દીક્ષિતે દુલેરાય તરફ જોઈ આંખોથી એ જ પ્રશ્ન કર્યો. તેણે પણ જણાવ્યું, 'મેંયે કોઈને રકમ માટે કશું કહ્યું નથી. ફક્ત સેક્રેટરીને એટલું જણાવેલું કે મારા કોટમાંથી બસો રૂપિયા ગયા કહેલું છે.'

આટલી પૂછપરછ પછી વિચારમાં પડી ગયેલા દીક્ષિતને ઉદ્દેશી સેક્રેટરીએ કહ્યું કે 'બને તો, સાહેબ, આ વાત બહાર ન પડે તે રીતે જ આપ તપાસ ચલાવો તો સારું; કેમ કે આમાં તો જિમખાનાની આબરૂનો સવાલ છે.'

'ના, ના, મારે હવે કોઈને કંઈ કહેવા-પૂછવાપણું રહેતું જ નથી. પૈસા કોણે લીધા છે તે મેં શોધી કાઢ્યું છે.' દીક્ષિતે કહ્યું.

ઉપર થયેલી વાતચીત પરથી જ ઇન્સ્પેક્ટર દીક્ષિતે ચોર ઓળખી લીધેલો. તમે કહી શકશો કે પૈસા કોણે લીધા હશે ? શોધી ન શકો તો ખરા ચોરની ઓળખાણ આ નીચે આપી છે.

(૦૦૦)

સેક્રેટરી ઉસ્માને જ પૈસા ચોરેલા. કેમ કે 'સો-સોની બે નોટો' ચોરાયાનો ઉલ્લેખ તેણે જ કરેલો. દુલેરાયે તો માત્ર મોઘમ 'બસોની રકમ' ચોરાયાની જ વાત કરેલી. ઉસ્માને તે ન લીધા હોય તો સો-સોની બે નોટો ખોવાઈ હતી એટલી બધી વિગત તે ક્યાંથી જાણે ?

માજા વેલાનું મૃત્યુ

'સુન્દરમ્'



પ્રાચીન કાળના કોઈ કુલપિતાની અદાથી માજો વેલો બેઠો હતો. તેના માથે, આકાશમાં અદૃશ્ય થતી ડાળીઓવાળા, કોઈપોવનના વૃક્ષ જેવા ઊંચા ઊંચા ટાવરની છાયા ઢળી રહી હતી. તેની આસપાસ તેનો ત્રણ ત્રણ ચાર ચાર પેઢી સુધીનો પરિવાર ફેલાઈને પડ્યો હતો. તેની દીકરીની દીકરીનાં જોડિયાં બાળક તેના બે ખભા પર ટિંગાયાં હતાં. તેનો સાઠ વરસનો દીકરો તેને પડખે જ ઊભા પગ પર માથું ઢાળી બેઠો હતો. તેના પચાસ વરસના બીજા છોકરાના બે છોકરાની વહુઓ થોડેક છેટે તેમનાં બચ્ચાંને ધવરાવતી દોણીઓમાંથી કંઈક વસ્તુઓ તાસળીમાં કાઢતી બેઠી હતી અને એવાં બીજાં અનેક સ્વજનો, જેની સંખ્યા ગણતાં કે યાદ રાખતાં માજા વેલાને આવડતું ન હતું તે બધાં નક્ષત્રના તારાઓની પેઠે આમતેમ ફેલાતાં બેઠાં હતાં.

શિયાળાની સાંજના સાતેકનો વખત હતો અને તપોવનના યજ્ઞના ધુમાડાની પેઠે કારખાનાનો ધુમાડો સર્વત્ર વ્યાપેલો હતો. યજ્ઞના ધુમાડાની પેઠે તે પણ આંખોને બાળતો હતો. યજ્ઞના ધુમાડાની પેઠે તેનામાં પણ ગંધ જતી, પણ તે માત્ર ગટરની. સુગંધિત હવિની નહીં. શહેરના કોટ બહાર મોટરોના એક અડ્ડા પાસે એક ઊંચા ટાવરની પડખે ફૂટપાથ ઉપર, રોજની પેઠે આજે પણ માજા વેલાની સંતતિ ભેગી થયેલી હતી.

સાંજ વેળાએ પોળના લોકો ખાઈ પરવારવાની તૈયારીમાં હોય ત્યારે માજા વેલાની સંતતિ માથે એક નાનકડું દોણું મૂકી મીઠા તીણા રણકતા અવાજે 'માબાપ, કંઈ આલજો કે...' ના ટહુકા કરતી ગલીએ ગલીમાં ફરી વળતી અને પોતાનું દોણું ભરાયે પેલા ટાવર પાસેના અડ્ડા તરફ લહેકાતી ચાલે રવાના થતી. આદમીઓ પોતપોતાના શાકના કે પ્યાલા-બરણીના ટોપલા સાથે કે ખાલી હાથે ત્યાં ક્યારના આવીને બેસતા. જેમ જેમ દોણાં આવતાં થતાં તેમ તેમ તેમાંની વસ્તુઓને ઇન્સાફ અપાયે જતો; અને છેવટે થોડુંઘણું વધે તે વાસમાં પડી રહેતાં ડોસાંડગરાં માટે લઈ જવાતું.

આજે માજા વેલાને થોડો તાવ આવેલો એટલે ઘણાંએ ના કહેલી, છતાં તે આવવા તૈયાર થયો. ગઈ કાલે એક લગ્નમાંથી જે વસ્તુઓ આવેલી તે પરથી તે લગન માટે તેનો અભિપ્રાય ઊંચો બંધાયેલો. અને એ લગન, નાત, જમણ બધું જોવા માટે તેની ઉત્સુકતા વધેલી.

'માજા દાદા, તમને બરાગત ચડી છે ને શું કરવા આવો છો ?' નીકળતાં નીકળતાં તેમના ભત્રીજાએ કહ્યું.

'અરે બરાગતની મા પરણે !' માજા વેલાએ ખૂંખારીને કહી નાખેલું અને લાકડીને ટેકે મોટરોથી ભરેલા રસ્તા ઓળંગતો, હોટેલોના ભપકાદાર દીવા જોતો, માજો વેલો આવીને ટાવરની ભીંતે બેસી પડ્યો. તેને સહેજ હાંફ ચડી. પણ તે થોડી વારમાં બેસી ગઈ.

તેની દીકરીની દીકરીનાં જોડિયાં બાળક તેની આસપાસ બે ગલૂડિયાંની પેઠે વીંટળાઈ તેની મૂછો ખેંચતાં, તેને ખભે ચડી જતાં, તેનો ખોળો ગૂંદતાં ગેલ કરવા લાગ્યાં. માજો વેલો એ છોકરાંઓને રમાડતાં, આસપાસનાં છોકરાં-વહુઓની વાતો સાંભળતાં સાંભળતાં, માણસોથી ભરાઈને જતા ખટારા, સાઇકલો, મોટરસાઇકલો, મોટરો વગેરેને જોઈ રહ્યો.

મોટરના અડ્ડા ઉપર એક માણસ સિગારેટ પીતો ઊભો હતો. તેની મીઠી ધુમાડી માજા વેલાના નાકમાં આવી. તેની જીભ સળવળી. પેલા માણસને ફૂંક લેતો તે તાકીને જોઈ રહ્યો. સિગારેટ પીનારે તે થોડીક પીને નાખી દીધી. માજા વેલાએ તરત એક છોકરાને દોડાવ્યું : 'જા તો, લલિયા, પેલી બીડી લઈ આવ.'

'સિગારેટ, દાદા'

'હા, શીગરેટ; માળા શહેરી થઈ ગયા તો બહુ !' માજા વેલાએ પોતાનો મીઠો અસંતોષ જણાવ્યો, અને છોકરો સિગારેટ લઈ આવ્યો તેને, વચ્ચે વચ્ચે છોકરાને એકાદ દમ ભરવા દઈ,

પોતે પીવા લાગ્યો અને આસપાસનાંને કહેવા લાગ્યો :

'હજી વીજી ન દેખાઈ !' 'મલકાને ક્યાં મોકલ્યો છે ?' 'વ્હાલડી, તું તો જાણે નકરી વાણિયણ જેવી લાગ છ.' 'અરે, ભાણકી, તારી છોડી કેમ આટલી બધી રોવે છે ?' 'કલી ડોસી માંદી પડી છે ?' 'હેં, પેલો મગિયો ઇસ્પિતાલમાં મરી ગયો ?'

તેનાં સાઠેક વરસની ઉંમર સુધીનાં 'છોકરાં' આ પ્રશ્નોના ખપજોગા જવાબ આપી વળી પાછાં પોતાની વાતમાં ઢળી જતાં હતાં. છેવટે માજાએ એક સવાલ કરી બધાંને ચોંકાવી મૂક્યાં : 'અને પેલા ધાડમાં ગયા છે તેમની તો તમે કોઈ મને વાતેય નથી કરતા !'

માજા વેલાની પાસે બેઠેલો તેનો પળિયાંવાળો છોકરો એકદમ કાન સરવા કરી બોલ્યો : 'બાપા, જરા ધીરે બોલો કે. પોલીસવાળો અહીં જ આંટા મારે છે.'

એવામાં જ અડ્ડા ઉપર આવીને ઊભેલી મોટી ઘર જેવડી મોટરમાંથી એક ઊંચો પોલીસ ઊતર્યો અને કેડ પરનો ડંડો હલાવતો ચાલ્યો ગયો. તેની પાછળ તુચ્છકારની નજર નાખતો માજો વેલો ધીરેથી બોલ્યો :

'હવે જોઈ તારી પોલીસવાળી ! આ એવા તો સત્તરને ગુંજામાં ઘાલીને અમે ફર્યા છીએ !'

'દાદા, એક વાત કહો ને, પેલી તમારી ધાડની !' તેમનો એક પ્રપૌત્ર આવીને તેમને વળગ્યો અને માજા વેલાએ કેટલામીય વાર પોતે શહેરમાં ધાડ પાડી હતી તેની વાત કહેવા માંડી. મોટા માણસોને તો એ વાત જૂની થઈ ગઈ હતી એટલે તેઓ પોતાની વાતમાં મચ્યાં રહ્યાં. માત્ર તેમણે ડોસાને કહ્યું : 'ડોસા, હળવેથી બોલો, હળવેથી.'

માજા વેલાએ વાત ધીરેથી કહેવા માંડી, પણ તેની કહેવાની છટા એવી હતી કે બીજી વાતો કરનારનો એક કાન તો તેના તરફ જ રહેવા લાગ્યો.

અને માજા વેલાએ ભૂતકાળ ઊખેળવા માંડ્યો : 'ગામડેથી શહેરમાં અમે આવેલા ત્યારે આ કોટ બહાર દરવાજા કને પડી રહેતા. દાતણ વેચતા, એઠું માગી લાવતા, અને રાતને પહોર એકલદોકલ કોઈ મળે તો તેને ખંખેરી લેતા. પણ તે આ દરવાજા આગળ નહીં હોં કે ? આ શહેરને તો બધા સત્તર દરવાજા છે. તે બીજા કોક દરવાજે. અહીં તો ગરીબ ગાય થઈને જ રહેવું પડે ને ? અને આ જ્યાં ટાવર છે ત્યાં તો કશુંય નહોતું ! હા, કશુંય નહીં. એક ઊંડો ખાધરો હતો. તેમાં લોક ઝાડે ફરવા આવે. એઠ નાખી જાય, પતરાળાં નાખી જાય. અમે તો ઠેરવેલું કે આ દરવાજે કશુંય ના કરવું. પણ એક વાર લગનગાળો હતો અને તારી દાદી એઠ લઈને આવતાં ખબર લાવી કે એક ઘાંચણ હજારેક જેટલાના દાગીના પહેરીને પતરાળાં નાખવા આવે છે. તે મેં તો ઘણોય વાર્યો. પણ મારો પેલો નગુડિયો ઝાલ્યો ન રહ્યો અને ઘાંચણને ખંખેરી લીધી. પણ એ તો બહુ બુમાટા કરવા લાગી. પછી શું થાય ? એની ગળચી દાબી દીધી અને ખાડામાં નાખી દઈ નાસી ગયા. હા, પછી પોતાના ભાગનાં ઘરેણાં વેચતાં અમારામાંનો એક પકડાયો હતો. પણ મારા ભાગનાં તો મેં ગાળી જ નાખ્યાં હતાં. તોય અમને બબ્બે વરસની સજા થયેલી. એ અમારી પહેલી થાપ.'

છોકરાંઓ નવાઈભરેલે મોંએ સાંભળી રહ્યાં. 'હેં દાદા, તે અહીં ટાવરેય નહોતો ?' 'ના.' 'અને દાદા, આ પેલી મોટી બત્તીયે નહોતી ?' 'ના, ભાઈ. આવા રસ્તા ય નહોતા અને હાથહાથની ધૂળ, અને કૂતરાંય કેટલાં બધાં, ભસ ભસ કર્યા કરે. પણ અમને ઓળખે હાં કે ? અને લોક તે વેળા તો ખાઈ જાણતા, ઓઢી-પહેરી જાણતા ભાઈલા, હવે તો એ ખાય છેય શું ? હવે તો ઘી વગરના વરા. અને તેય મહીં શું મળે ? અને હવે બાયડીઓ ઠાઠવાળી શણગારેલી તો ભારે હોય છે, પણ એ તો બધાં ખોટાં ઘરેણાં, ખાલી શોભાનાં. કોઈને ખંખેરીએ તોય માંડ આઠદસ રૂપિયાનો માલ હાથ આવે.'

'તે દાદા સિગરેટોય નહોતી ?'

'ના ભાઈ, પહેલે તો લોક હુક્કા પીતા. ને હું ને મારો ભાઈ એક લુવાણાને ઓટલેથી હુક્કો ઉઠાવી લાવેલા. આખી રાત વાસમાં બેસી પીધા કર્યો. દહાડે તો કંઈ આપણા વાસમાં બેસી પીવાય ? સાતેક રાત અમે હુક્કો પીધો. પછી હુક્કો વહેંચવાની તકરાર થઈ એટલે અમે તે ભાંગી નાખ્યો !'

'તે દાદા, કહે છે તમે રૂપિયા બનાવતા ?'

'હા !' માજો વેલો બોલવા જતો હતો, પણ એના છોકરાએ એને રોકી રાખ્યો; 'બાપા, મૂંગા રહો કે, એ વાત અહીં ના કાઢશો.'

માજો વેલો ઘડીક ચૂપ રહ્યો. વાતો સાંભળવામાં મગ્ન એવું એક છોકરું બોલી ઊઠ્યું. 'મા, મને ભૂખ લાગી છે.' અને ઊઠીને મા તરફ જતું જતું બોલ્યું : 'દાદા રૂપિયાની વાત ઘેર જઈને કહેજો, હો કે ?'

'હા, બેટા, જા, જો કે તારી મા શું લાવી છે ?'

'તે દાદા, તમે કેટલા બધા રૂપિયા બનાવેલા ?' એક બીજા છોકરાએ પૂછ્યું.

'આટલા બધા !' હાથને માટલી માય તેવડા પહોળા કરી માજો વેલો બોલ્યો અને એ પહોળા કરેલા હાથમાં તે છોકરાને તેણે ઉપાડી લીધું.

'દાદા, તમારી મૂછો રૂપિયા જેવા ધોળી છે નહીં ?' છોકરાએ માજા વેલાના થોભિયા જોડે રમતાં કહ્યું. માજો વેલો હસ્યો અને મૂછને હથેળીની પૂંઠથી ઊંચી ચડાવતાં બોલ્યો : 'ના બેટા. એ તો સૂતરફેણી જેવી છે, ખંભાતની સૂતરફેણી જેવી.'

'એ શું દાદા ?' છોકરાની જિજ્ઞાસા વધી.

'અરે બાપ, તેં હજી સૂતરફેણી નથી ખાધી ?' માજો વેલો જમાના પર અફસોસ કરવા લાગ્યો. 'અરેરે, અમે જેટલું ખાધું છે તેટલું તમને જોવાનુંય નહીં મળે. હવેના લોક શું ખાઈ જાણે ?' અને દૂર બેઠેલા ટોળા તરફ જોઈને બોલ્યો : 'અલ્યા, કોઈનામાં સૂતરફેણી આવી હોય તો લાવજો આંહી !'

સ્ત્રીઓ જરાક રણકતું હસી. પુરુષોમાંથી કોક ધીમેથી બોલ્યું : 'ડોસાનેય શું મરતેમરત ભસકા થાય છે !'

'અલ્યો, કોઈ સાંભળો છો કે નહીં ?' માજો વેલો ફરી બોલ્યો.

'એ, આવશે તો આપશું, દાદા. આ હજી દાળભાત આવ્યાં છે.' કોકે કોમળ અવાજે કહ્યું.

'એ સારું સારું, ભાઈ; મારે નથી ખાવી, આ તો છોકરાને જરા બતાવવી હતી.'

'અને સૂતરફેણી આવે ત્યાં લગી તેનું વર્ણન કરવાનો છોકરાંઓએ આગ્રહ કરતાં માજો વેલો સમજાવવા લાગ્યો : 'છે તે, તમે છાણાં થાપો છો ને, છાણાં, તેવી નાનકડી છાણા જેવી હોય હોં કે.'

'છીઃ છીઃ !' છોકરાં બોલી ઊઠ્યાં.

'અરે સાંભળો તો ખરાં ! પણ તે ધોળી, સાવ ધોળી. નકરી દૂધ જેવી !'

'હેં !' બાળશ્રોતાઓની આંખો આશ્ચર્યથી પહોળી થઈ.

'અને ગળી ગળી ! અને અંદર કેસર હોય તો પીળી.'

'પીળી ? ખીચડી જેવી ?'

'હા, એવીક. અંદર એલચી, બદામ, પિસ્તાં, જાવંત્રી, એવું એવું બધું હોય !'

'દાદા, એ બધું શું ?' છોકરાં બોલી ઊઠ્યાં.

'અરે, તમે એ બધું નથી ભાળ્યું હજી ?' માજો વેલો નવાઈ પામ્યો. તેને પોતાનાં છોકરાંઓ ઉપર તિરસ્કાર આવ્યો કે આ નાનાં છોકરાંઓને તેણે હજી લગી કંઈ ખવડાવ્યું નથી, બતાવ્યું નથી. તેને કોક ગાંધીની દુકાન ફોડીને બધો સૂકો મેવો છોકરાંઓ માટે લઈ આવવાનું મન થયું. તે ધીમેથી બોલ્યો : 'કોક દી દેખાડીશ, બેટા. જીવતો રહ્યો તો.'

'તે દાદા, તમારી મૂછો કેમ ધ્રુજે છે ?' એક છોકરું બોલ્યું.

'અરે દાદાના ખભા ધ્રુજે છે !' બીજું બોલ્યું.

'દાદા, સૂતરફેણી ખાવો તો મટી જાય ?' ત્રીજું બોલ્યું.

'રહો કે, હું લઈ આવું.' અને એમ કહી પોતાના બાપા પાસે જઈ તેને વળગી કહેવા લાગ્યું : 'બાપા, દાદાને સૂતરફેણી ખવાડી હોય તો ? દાદા ધ્રુજે છે !'

તે મોટો માણસ, માજા વેલાનો પુત્ર, માજા વેલા તરફ ફર્યો : 'ડોસા, બરાગત ચડી કે શું વળી ? મેં ના નોહતું કીધું ?'

'કંઈ નથી, બેટા ! એ તો સહેજ ટાઢ વાય છે !' માજો વેલો બોલ્યો : 'તમે તમારે કરતા હો એ કરો, બાપા !' પણ ડોસાની પાસે આવીને તેના ભત્રીજા વનાએ ડોસાને હાથ અડાડી જોયો. ડોસાને તાવ ચડવા માંડ્યો હતો. પોતાના શરીર પરની લીલી કામળ ડોસાને તેણે ઓઢાડીને કહ્યું : 'લો હવે. બહુ બોલશો મા !' અને તે છોકરાંને દૂર ભગાડી મૂકવા લાગ્યો. ત્યાં માજા વેલાએ કહ્યું : 'છો બેઠાં એ મારી કને !'

તે ટાવરની ભીંતને અઢેલી જરા વધુ ઢળ્યો અને પોતાની આસપાસની હિલચાલો તરફ જોઈ રહ્યો. તેની વહુ-દીકરીઓ વારે વારે ઊઠબેસ કરતી હતી. કોક એક દોણું ઠાલવી વળી ફરી દરવાજા ભણી જતી હતી. દૂરદૂરથી બૅન્ડવાજાં સંભળાતાં હતાં. દરવાજાની અંદર આઘે બત્તીઓનો મોટો ઉજાસ દેખાતો હતો. લોકોનો કોલાહલ રોજ કરતાં વિશેષ હતો.

માજા વેલાને અહીં આવતાં રોકનાર ભત્રીજાને દાદા તરફ વિશેષ વહાલ હતું. તે દાદા પાસે આવ્યો અને બોલ્યો : 'દાદા, કંઈ ખાવું છે ?'

'ના, ભાઈ, આવશે તે ખાઈ લઈશું.'

'ના, ના, તમે કંઈ સૂતરફેણીની વાત કરતા હતા ને ?'

'ના ભાઈ, એ તો આ છોકરાંને દેખાડવી'તી જરા !'

'સારું બીજું કાંઈ જોઈએ છે ?' અને તે પાસે પડેલું બોચિયું ઉપાડી, માથાનું ફાળિયું ઠીક કરતો, હાથમાં લાકડી લઈને ઊપડ્યો. તેને જતો જોઈ માજો વેલો ચોંક્યો. છોકરો ભારાડી હતો. ક્યાંક હાથ મારીને જરૂર ઉપાડી લાવશે. પણ ઝલાઈ ગયો તો ? માળા પોલીસવાળા હવેના બહુ હોંશિયાર થઈ ગયા છે. ના, ના, આજનો દહાડો એણે ખમી જવું જોઈએ. અને માજા વેલાએ જોરથી બૂમ પાડી : 'વના, એ વના, પાછો. આવ, પાછો.'

પણ વનાને તેનો અવાજ પહોંચ્યો નહીં. દરવાજા પાસેની બત્તીના અજવાળામાં તેની પડછંદ પીઠ માજા વેલાને દરવાજામાં દાખલ થતી દેખાઈ... માજા વેલાને એકદમ થાક ચડી આવ્યો. એ જરાક ટૂંટિયું વળી વિશેષ લંબાયો.

તેનાથી બે'ક હાથ છેટે છોકરાં, તેની પાસેથી આઘાં હટી, આવેલી દોણીઓની સામગ્રી ઉપર ઝૂકતાં હતાં. બે'ક તાંસળીમાં દોણીમાંના પદાર્થો ઠાલવવામાં આવતા હતા. તેમને બેય હાથે લઈ તેઓ ખાતાં હતાં અને ખાતાં ખાતાં કશુંક પોતાને ન ઓળખાય એવું નીકળે કે તરત બોલી ઊઠતાં હતાં : 'અલ્યા, ઉતરફેણી ! ઉતરફેણી !'

ટાવરમાં દસના ટકોરા પડ્યા. સામેના દરવાજા પાસે પહેરા પર ઊભેલો પોલીસ હટી ગયો. પોલીસને ગયેલો ભાળી માજા વેલાને ક્યાંકથી એકદમ નિરાંત વળવા લાગી. માજો વેલો

પોતાની જાત પર ચિડાયો. સિપાઈડાંની બીક લાગે છે ડોસા તને ? ના, ના. હજી તો પોતે ધાડામાં જાય એવો છે ! પણ એને વનો યાદ આવ્યો. એ પેલા દરવાજામાં ઘડી વાર ઉપર દાખલ થયો ત્યારે એની પીઠ કેવી દેખાઈ હતી ? એ પોલીસના હાથમાં ઝડપાઈ ગયો તો ? એય હજારને ભારે પડે એવો તો છે. પણ આજે એમ થાય છે કે છોકરો પોતાની કને જ રહે તો કેવું સારું !

'અલ્યો, કંઈક ઓશીકે મૂકવાનું છે કે ?' થોડી વારે માજા વલાએ પૂછ્યું.

'દાદા, આ ટોપલીનો ટેકો કરો.' કહી એક પ્યાલા-બરણીવાળી છોડીએ ડોસાના માથા નીચે પોતાનો ટોપલો ગોઠવી આપ્યો.

માજો વેલો 'હાશ' કરી લાંબો થયો. 'પથરા માળા ટાઢા લાગે છે, કોઈ દી નહીં ને આજે જ વધારે !' તેને મનમાં થયું. પણ તે શાંત પડ્યો પડ્યો પાસે છોકરાં ઉમંગભેર ખાતાં હતાં તેમને જોવામાં મન પરોવવા લાગ્યો.

એક જુવાન છોડી ઢળકતી ચાલે માથે દોણી લઈને આવી પહોંચી. એ વનાની છોડી હતી. માજા વેલાને ખાસ વહાલી હતી. તેણે દોણી નીચે મૂકી ન મૂકી તેટલામાં છોકરાં તેની આસપાસ ફરી વળ્યાં : 'શું લાવી, ખુડી ?' 'ખુડી, મને !' 'ખુડી, મને !'

'રહો કે, બહુ સારું સારું લાવી છું. ખમો જરા.' કહી દોણી પર હાથ ઢાંકી તે બધાંને દૂર રાખવા લાગી. છોકરાં ખાવાની વસ્તુઓથી ખરડાયેલાં તાંસળાં હાથમાં લઈ તેની આસપાસ ભમવા લાગ્યાં. રાણીની છટાથી ખુડી બોલી : 'જુઓ, એમ લેનબંધ બેસી જાઓ. દરેકને થોડું થોડું મળશે ! હાં, બરાબર; બેસો હવે, આપું છું હોં કે ?' અને તે તેના વહાલા દાદા પાસે પહેલાં ગઈ.

'દાદા, ઊંઘી ગયા કે ? કંઈ ખાવું છે ?'

માજો વેલો સહેજ ઝબક્યો. ખુડીને જોઈ તેની આંખમાં હેત આવ્યું. ઝાંખા અજવાળામાં તે છોડીને જોતો બોલ્યો : 'ખુડી કે ? બેટા, શું છે ? શું લાવી છે ?'

અને દાદાના કાન પાસે મોં લઈ જઈ ખુડી બોલી : 'આઈસક્રીમ !'

'આવી રતે આઈસક્રીમ !'

'હા, દાદા, એક કલપમાં જઈ ચડી હતી. તે પડિયાના પડિયા મેં ભરી આણ્યા છે. એવો તો સારો છે ! દાદા, એક લગીરેક ખાઓ ને !'

'ના, ના, મને ઠીક નથી.'

'એ તો મટી જશે દાદા, લગીરેક, તમને મારા સમ.'

અને માજો વેલો ખુડીના આગ્રહથી, થોડો બેઠો થઈ પડિયો મોંઢે વળગાડી આઈસક્રીમ પીવા લાગ્યો. પીતાં પીતાં પોતાની ધોળી મૂછો પલળતી તેને તે હથેળી વતી સાફ કરતો જતો હતો.

આઈસક્રીમ પીતાં પીતાં છોકરાંઓનું ધ્યાન દાદા તરફ ગયું અને બોલી ઊઠ્યાં : 'જુઓ જુઓ, લ્યા, દાદાની મૂછો કેવી લાગે છે !' અને ખડખડાટ હસવા લાગ્યાં.

આઈસક્રીમનો પડિયો પૂરો કર્યા પછી માજા વેલાને નીચેના પથરા વધારે ટાઢા લાગવા માંડ્યા. તેણે પૂછ્યું : 'છોડીઓ ! કોઈ કને કંઈ પાથરવાનું છે ?'

ખુડી તેની પાસે આવી. દાદાને ધ્રૂજતા જોઈ તેમને ડિલે હાથ અડાડી તે બોલી : 'માડી રે ! દાદા, કેવીક બરાગત તમને ચડી છે ! ચાલો વાસમાં જઈએ.'

'એ તો ઊતરી જશે, બેટા; તારો બાપો હમણાં આવે, પછી સૌ ભેગાં જઈએ.'

બીજા આદમીઓ ડોસાની વધારે નજીક આવ્યા અને 'કાકા, કેમ કંઈ ઠીક નથી વળી ?' આવા ડિલે શું કરવા આવ્યા ?' 'અરે, કેવું ડિલ ધીકે છે !' એમ બોલતાં તેની આસપાસ બેઠા અને વળી પોતાની વાતોએ વળગ્યા તથા જે જે ખોરાક આવતો જતો હતો તેને ઈન્સાફ આપવા લાગ્યા.

ખુડીએ પ્યાલા-બરણીઓવાળી પાસેથી આવેલાં લૂગડાં ઝૂંટવી લાવીને દાદાની નીચે પાથરી આપ્યાં. માજા વેલાને હૂંફ વળી. 'દીકરી, સો વરસની થજે. બેસ બેટા, મારી પાસે ઘડીક બેસ.' અને તે તેના માથા પર હાથ ફેરવવા લાગ્યો અને મનમાં મનમાં બોલવા લાગ્યો : 'ખોડિયાર મા ! મારી ખોડિયાર મા !'

ખુડી ખોડિયાર માતાની આપેલી હતી. એની બાધા-આખડીઓ માની ડોસાએ છોકરીને જીવતી રાખી હતી. ડોસાને પોતાના સગા છોકરાછોકરીઓનાં છોકરાં કરતાં પણ ખુડી પર વધારે વહાલ હતું.

'બેટા, જોકે, તારો બાપો ક્યાંય દેખાય છે ?' માજા વેલાએ પૂછ્યું. એને બેચેની વધવા લાગી હતી. ખુડી ઊભી થઈ દરવાજા ભણી નજર નાખવા લાગી.

બધાંએ લગભગ ખાઈ લીધું હતું. છોકરાં હજી એક તાંસળીમાં બબ્બે ત્રણત્રણ ભેગાં મળી થોડું થોડું બટકાવતાં હતાં અને દોણીમાંથી નીકળતી વસ્તુઓનાં નામ બોલતાં જતાં હતાં. માજો વેલો તે સાંભળતાં મનમાં હસતો હતો. 'ભૂખડીઓ સાવ. આ છોકરાય તે કેવાક ! કશું જ લાવતા નથી !'

વસ્તીની અવરજવર ઓછી થવા લાગી હતી. આસપાસની દુકાનો બંધ થવા લાગી. દુકાનોના દીવા ઓલવાતા ગયા. દૂર માત્ર એક રસ્તા વચ્ચે બત્તી સળગતી રહી. જાણે હવે જ રાત પડી હોય એમ લાગતું હતું.

માજા વેલાની નજર એકાએક ટાવર ભણી ગઈ. અધધધ. કેવડોક ઊંચો બાંધ્યો છે ! આ જરાક થથરે ને તૂટી પડે તો ! માજા વેલાને ટાવર થથરતો લાગ્યો. 'ઘડપણ દેખાવા લાગ્યું તને, માજા

વેલા !' ડોસો મનમાં બબડ્યો : 'અરે આટલે ઊંચેથી તો અમે ભૂસકા મારીને નાઠા છીએ.' અને તેની નજર આગળ પોતાનાં રોમાંચક જીવનના પ્રસંગો ખડા થવા લાગ્યા. પોતાની આ નવી પ્રજા પોતાની સરખામણીમાં કેટલી કાયર હતી : 'આ ઘર ફોડ્યું કે કોકનું ખિસ્સું કાતર્યું, કે ક્યાંક પડેલી ચીજ ઉપાડી આણી; બસ ! હા, વનો એક હતો. ખરો ભારાડી. કંઈક મારું નામ રાખે એવો !'

અને વનો પોતાની પાસે નથી તે તેને યાદ આવ્યું. તે બોલી ઊઠ્યો : 'વનો હજી ના આવ્યો ?' 'આવતો હશે, ચાલો આપણે હવે જઈએ બધાં.' કરી કેટલાક આદમીઓએ ઊઠવા કર્યું. 'ઊઠો દાદા, તમને ઘેર પહોંચાડીએ. કેવાક ધરુજો છો ?'

'જાવ તમારે જવું હોય તો ! હું ને વનો જોડે આવીશું !' કહી ડોસો ટાવર ભણી પડખું ફરી ગયો.

'લો આવ્યા. આવ્યા, મારા બાપા આવ્યા !' ખુડી બોલી ઊઠી. ડોસાએ ડોકું ફેરવ્યું. સામેના દરવાજામાંથી વેગભેર પણ સાવધાનીથી લપાતો વનો આવતો હતો. બધાં આતુરતાથી તેની રાહ જોવા લાગ્યાં.

વનાએ પાસે આવી લૂગડામાં વીંટેલો એક કંડિયો નીચે મૂક્યો. છોકરાં કંડિયાની આસપાસ 'શું છે ? શું છે ?' કરતાં વીંટળાઈ વળ્યાં.

'બધુંય છે !' વનો થોડુંક ચિડાઈને બોલ્યો.

'ઉતરફેણીય છે !' પેલા જોડિયામાંથી એક બોલ્યું.

'હા !' ફરી વનો હસ્યો અને કંડિયો ખોલવા લાગ્યો. 'ધોળા છાણા' જેવી એક મઘમઘતી વસ્તુને તેણે કંડિયામાંથી બહાર કાઢી. અને તેને ભાંગી ભાંગી દરેકને વહેંચવા માંડી.

'અલ્યો, તમે દાદાને કંઈ ખવાડ્યું કે નહીં ? ખવાડ્યું ? આઈસક્રીમ ખવાડ્યો ? ખુડીએ ? અરે વાહ ! લાવો, દાદાને એક તાંસળી આપો.' અને એક તાંસળી લઈ તેમાં કંડિયામાંથી આણેલી બધી વસ્તુઓ થોડી થોડી મૂકી તે ડોસા પાસે લઈ ગયો. 'દાદા, થોડુંક ચાખશો કે ?'

માજો વેલો બેઠો થઈ ગયો. હંમેશની ખાવાની ટેવ પ્રમાણે તે બેય પગે ઊભો બેઠો. જમણા હાથમાં તાંસળી લીધી અને ડાબા હાથથી અંદરની વસ્તુઓને અડવા લાગ્યો.

'બધે અંધારું થઈ ગયું છે. કશું દેખાતું નથી. શું શું લાવ્યો ?'

'તમે ઓળખો ને દાદા ?' વનો સહેજ હસીને બોલ્યો.

'એમ કે !' માજા વેલાએ સામે હસીને કહ્યું અને દરેક ચીજમાંથી એકેક બટકું લેતાં તે બોલવા લાગ્યો : 'આ તો જલેબી, આ તો હલવો છે. હેં, આ મેસૂર છે. આ કળીનો લાડવો ? આ શું મગશ કે મોહનથાળ ? અને અરે આ, હેં શું સૂતરફેણી પણ લાવ્યો છે ?' અને તેણે વનાને પાસે બોલાવી કાનમાં પૂછ્યું : 'ક્યાંથી ઉપાડી લાવ્યો બધું ? હેમખેમ છે ને બધું ?'

'ખોડિયાર મા બધું હેમખેમ રાખે છે, દાદા ! તમે તમારે ખાઓ ને !' અને ઊઠીને તેણે કંડિયાની વસ્તુઓ બધાંને વહેંચી દીધી અને કંડિયાને દૂર એક કચરા પેટીમાં નાખી આવ્યો.

ઊભે પગે બેઠો બેઠો માજો વેલો પરમ સંતોષથી ખાવા લાગ્યો. ખાતાં ખાતાં તેની ટેવ પ્રમાણે તે મૂછોને હથેળી વતી ઊંચી ચડાવતો જતો હતો. સૂતરફેણી ખાતાં ખાતાં તેને ખંભાત યાદ આવ્યું. દરિયાની ભરતી તેને દેખાવા લાગી. હા, એ તો જિંદગીની મોટામાં મોટી થાપ હતી. ખંભાતમાંથી હાથ મારી સીધા એક હોડકામાં બેસી કાઢિયાવાડમાં ઊતરી પડ્યા હતા અને દરિયામાં એકલી સૂતરફેણી જ ખાયા કરી હતી ! છેવટે છોકરાંને ઉદ્દેશી માજો વેલો બોલ્યો : 'અલ્યા ખાધી કે સૂતરફેણી ?'

'હા, દાદા, આ કે ?' એમ બોલતાં બોલતાં બે-ચાર છોકરાં તેની પાસે આવ્યાં અને સૂતરફેણીનું એકેક બટકું દાદાને ધરતાં બોલ્યાં : 'લ્યો દાદા, ખાઓ, ખાઓ ! ખાઓ દાદા !'

'બહુ ખાધું, બેટા ! હવે તમે ખાઓ; ખાવા જેવાં થયાં છો !' અને તે એકદમ બોલી ઊઠ્યો : 'વના !'

તેનો અવાજ બદલાઈ ગયો હતો. વનો સફાળો તેની પાસે આવ્યો. 'શું છે દાદા ?'

'મને પકડ જોઈએ, બેટા ! મને કંઈક થાય છે !'

વનો ડોસાની પાસે બેસી પડ્યો.

'મને અઢેલવાનું કંઈક દે તો !' ડોસો બોલ્યો. તેનું આખું શરીર કાંપવા લાગ્યું. વનાએ માજા વેલાના શરીરની આસપાસ કામળને ચબદીને લપેટી અને કહ્યું, 'દાદા, મારા પર આડા પડો.'

'ખુડી ક્યાં છે, મારી મા, ખોડિયાર ?'

'એ આવી દાદા !' કહેતી ખુડી નજીક આવીને બેઠી.

માજો વેલો બોલ્યો : 'આવ, મારા દીકરા. સો વરસની થજે.' કહી તેણે ખૂડીને માથે હાથ મેલ્યો. 'વના, મારી ખુડીને સારો વર પરણાવજે, હોં કે !' અને 'ખોડિયાર મા ! ખોડિયાર મા !' બોલતાં ડોસાએ ભત્રીજાના ખોળામાં માથું ઢાળી દીધું.

વનાએ માજા વેલાના હાથમાંથી તાંસળી લઈને નીચે મૂકી. ડોસાએ લગભગ બધું ખલાસ કર્યું હતું. ડોસાની મૂછો વનાએ હાથ ફેરવી ચોખ્ખી કરી.

'શું થયું ? શું થયું ?' કરતાં બધાં ભેગાં થઈ ગયાં.

'કંઈ નથી થયું !' વનો દૃઢ અવાજે બોલ્યો. 'કોઈએ રડવાનું નથી, ખબરદાર ! ડોસો સુખી થઈને ગયા છે !'

બધા ઉપર એક શાંતિ છવાઈ રહી. બે'ક જણે ભેગા મળી માજા વેલાને ઉપાડવા પ્રયત્ન કર્યો, પણ છેવટે તે એકલો જ ડોસાને પોતાને ખંધોલે નાખી ચાલવા લાગ્યો.

તેની સાથે ધીરે ધીરે ચાલતી માજા વેલાની ત્રીસેક જણની સંતતિ અંદર અંદર ધીરેથી વાતો કરતી ચાલવા લાગી : 'ડોસો બહુ સારું મોત પામ્યા. બહુ સુખી મોત. બહુ સારું મોત !' (૧૯૬)

મંછા ભૂત અને શંકા ડાકણે લીધેલા એક ભોગની વાર્તા

મગમાળા

- પન્નાલાલ પટેલ -

મરણપથારીએ પડેલાં મોંઘી ડોશીએ કુટુંબ તથા ગામના બીજા ડાહ્યા ગણાતા પુરુષો સમક્ષ પોતાના ઓરમાન પુત્ર જગજીને, પોતાની કોટમાંથી મગમાળા કાઢી આપતાં કહ્યું હતું : 'બીજું પુન્યદાન તો તું જાણે; પણ મારી આ મગમાળા આપણા કુળગોર જદુરામને દાનમાં આપી દેજે !'

અને ગામના બેત્રણ ઘરડેરાં સાથે જગજીના ખુદ કાકાએ પણ હાજીઓ ભણતાં ડોશીને કહ્યું હતું : 'મરતી વેળાની તમારી મરજી છે તો જરૂર આપશે વળી. ને આ માળામાં જગાનું લાગેવળગેય શું તે ? એ તો તમે તમારાં બાવડાંને જોરે કરાવી છે. જગાનુંય એવું ક્યાંથી ભાગ્ય કે એને હાથે બામણને...'

પણ આગળ સાંભળવા ન રહેતાં મોંઘીનો પ્રાણપંખેરુ તો રસ્તે પડ્યો હતો.

બારમાની તૈયારી કરતાં જગજીએ કાકાને કહ્યું : 'એ કાકા, પેલી માળાની વાત પડતી મેલીએ ને એના બદલામાં નાતને જ અધમણ ઘી વધારે ખવરાવીએ તો શું ખોટું ? નાત એય ગંગા જ છે ને ?'

કાકાને તો પહેલેથી ખાતરી હતી, કે ગમે તેટલું કહો તોપણ જગજીના જીવથી છૂટે તો ભલે, બાકી એની બૈરીની છાતીએથી દોઢેક તોલા સોનાથી મઢાવેલ મગમાળા છૂટવાની નથી. જગાની આ વાત સાંભળી તેને મનમાં થયું : 'ભલેને ત્યારે એમ કરતાં. હું શું કામ ના પાડીને નાતના ભાણામાંથી પાછું વાળી લઉં ?'

બારમાને પૂરો એક માસ પણ નહોતો વીત્યો ત્યાં તો જગજીની ભેંશ માંદી પડી. કેટકેટલાં મુરાડિયાં પાવા છતાં પણ જ્યારે તે સાજી ન થઈ ત્યારે કાકાને તેણે ભેંશને ડામ દઈ આપવા વિનંતી કરી. પણ કાકા તો એ શું દુઃખ છે એ સારી પેઠે જાણી બેઠા હતા, એટલે જગજીને સાચી સલાહ આપી. સલાહ પ્રમાણે જગજીએ એક ગરોને ગ્રહદશા વિષે પૂછી જોયું અને ગરોએ પણ જેવો કાકાને વહેમ હતો તેવું જ કહ્યું : 'ભાઈ આ તો ડોશીનો જીવ તમને પજવી રહ્યો છે !'

અને આ ગરોએ દેખાડેલ ઉપાય કર્યા વગર જગજીનો પણ છુટકો ન હતો. સવા દસ શેર અડદ અને સ્થાપન અર્થે લાલલીલાં કપડાંના કકડા વગેરે લીધા પછી ગરોએ ભટકતા જીવને જાણે વાળી લીધો. વળી ઉપરથી થોડીક દવા પણ દેખાડતો ગયો.

પણ કાકાને તો ખાતરી હતી કે, આ બધું ખાતર ઉપર દિવેલ જ છે. અઠવાડિયામાં જ એમણે સાંભળ્યું કે વલોણું બગડી ગયું છે. માખણને બદલે કૂચા જ તરે છે. જગજીએ કાકાની અને લોકોની સલાહ પ્રમાણે ડાકલું મંડાવ્યું, અને ધૂણતા ભૂવાએ જ જગજાહેર વાત કરી : 'અલ્યા, મરતી ઘડીએ મને વચન આલેલું. પણ તેં તો રકમને વાલી ગણી ! પછી મારો જીવ કેમ કરી ગતે જાય ?'

પણ ડાકલાવાળાએ એક જીવનો ભોગ માગી એ ભટકતા જીવને ઠેકાણે પાડવાનાં બવાનાં ફૂંકી જગજીને હિંમત આપી.

ક્ષેમકુશળ વહી ગયેલા પંદર દિવસ જોઈ કાકાને પણ ખાતરી થઈ કે બધું જંપી ગયું છે. પણ બીજા પાંચ દિવસ માંડ ગયા હશે ત્યાં તો ખબર પડી કે જગજીના છોકરાને તાવે ઝાલ્યો છે, અને છેવટે તેમણે મૂંઝવણમાં પડેલા જગજીને ચોખ્ખી સલાહ આપી : 'અરે ગાંડા ! દુઃખના મૂળને છોડીને ડાળે શું કામ બાઝે છે ? જ્યાં સુધી પેલી મગમાળા બ્રાહ્મણને નહીં આપી દે ત્યાં સુધી એ ડોશી તને જંપવા દેવાની નથી !'

'પણ મને તો એ થાય છે કે જદુરામ જેવા બ્રાહ્મણને દાન આપ્યે તે શું પુન્ય થવાનું...'

કાકા વચ્ચે બોલ્યા : 'તે હું ક્યાં કહું છું કે જદુરામને જ આપ ? બીજા ઘણાંય સુપાત્ર બ્રાહ્મણ પડ્યા છે. આ પેલો ડાયારામ ! બિચારો ભલોભોળો અને ઉપરથી વદવાન છે. એના જેવા ગરીબ બ્રાહ્મણને આપ્યુંય લેખે લાગશે. આપણે તો જ્યાંત્યાં દાન જ કરવું છે ને ? ને તાકડે એ આવેલોય છે. છોકરા ઉપર વાળીને આલી દે એટલે પત્યું !'

અને છેવટે જોડેના ગામમાં આવેલા ડાહ્યારામને તેડાવીને જગજીએ પ્રભાતના શુભ ચોઘડીઆમાં જ મગમાળાનું દાન કરી દીધું. અથથી ઇતિ વાત જાણ્યા પછી પણ ડાહ્યારામને આ પટેલપંચ મૂર્ખ લાગ્યું.

દોઢેક તોલા સોનાની રકમ આમ અચાનક મળતાં એ તો લગભગ હેબતાઈ ગયો હતો. કદાચ આ પટેલનું મગજ પાછું અવળું ફરી જશે એવી ધાસ્તી સાથે જમવા ન રહેતાં સીધું લઈને જ તે રવાના થઈ ગયો.

પાસેના ગામમાં જઈને એકાદ ઠેકાણે પૂછી જોઈ ખાતરી પણ કરી લીધી કે માળા છે તો ચોખ્ખા સોનાની જ. ગઈ સાલ જાત્રા કરી આવેલી મોંઘીએ ત્યાંથી લાવેલા તુલસીના મણકા પોતાના પિયરની ભેંશો દોહી એકઠા કરેલા પૈસાનું સોનું ખરીદીને જ મઢાવ્યા હતા.

પટેલના ન આવવાની ગળા સુધી ખાતરી હોવા છતાંય ડોક મરડી મરડીને હજુ પણ ડાહ્યારામ પાછળ નજર દોડાવતો હતો, કે

રખે ક્યાંય પેલો પટેલ માળા લેવા પાછળ આવતો હોય ! અને એમ અરધો પંથ વટાવ્યા પછી જ તેને પૂરેપૂરી નિરાંત વળી. અંતરમાં આનંદ તો માતો ન હતો. પણ એ આનંદ સોનાની રકમ મળ્યા બદલ જ કંઈ ન હતો; એ દ્વારા પત્નીને કેટલો બધો આનંદ થશે એની કલ્પનામાંથી જ એનાં મૂળ તો ફૂટતાં હતાં. અધીરાઈથી ઊપડતા પગ જ જાણે કહી દેતા હતા, કે ઘેર પહોંચું ને બૈરીને આ દાગીનો આપું !

એમ ઉતાવળે ચાલવા છતાંય ઘેર પહોંચતાં તેને બપોર ચઢી ગયા. રસોઈપાણીથી પરવારીને કશુંક સાંધતી બેઠેલી પત્ની આગળ અંતરીક્ષમાંથી ઊતરી પડેલા દેવ પેઠે ખડા થતાં તેણે કહ્યું : 'બોલ બોલ ! માગે તે આપું !'

આખો દિવસ લોકોના કલ્યાણ ખાતર મંત્રજાપમાં ગૂંથાઈ રહેતા પતિમાં આટલી રસિકતા પત્નીએ કદી જોઈ નહોતી. એટલે હેબતાઈને, જરા રુક્ષ થઈ એ બોલી : 'કેમ આમ છે ?'

ડાહ્યારામે એ જ ગંભીર મુખમુદ્રાએ ફરી કહ્યું : 'બોલ, તારે શું જોઈએ ? દરદાગીનો જે જોઈએ તે માગી લે !' અને ખીસામાંથી પેલી મગમાળા કાઢી તેના ખોળામાં નાખતા ઉમેર્યું : 'લે, તું ન બોલે તોય તારા અંતરનો અવાજ મેં સાંભળ્યો છે !' કહી હસતો હસતો ખભે લટકતી સીધાં બાંધેલા ખેસની માળા બાજુએ મૂકી કપડાં ઉતારવા વળ્યો.

ખોળામાં ચમકારા મારતી કોઈ વસ્તુ પડતી જોઈ પહેલાં તો પત્ની ભડકી ઊઠી, પણ બીજી ક્ષણે મોં પર આનંદનાં મોજાં ઊછળી રહ્યાં. ઘડીકમાં મગમાળા તરફ તો ઘડીકમાં પતિ તરફ જોતાં પૂછ્યું : 'પણ આ લાવ્યા ક્યાંથી ? ક્યાંય પડેલી જડી કે શું ?'

'એવું જ છે તો !' કહી ડાહ્યારામ પત્ની સામે બેઠો અને હાસ્યભરી નજર નાખતાં પૂછ્યું, 'પણ તને ગમી કે નહીં, એ વાત કરને ?'

'સોનું વળી કોને ન ગમે ? પણ આ તમે લાવ્યા ક્યાંથી, તે તો પહેલાં કહો ?' અને ચૂપ રહેલા પતિને વળી પૂછ્યું, 'કે પછી બનાવટી છે ?' અને જવાબની રાહ ન જોતાં તેણે તે કોટે પણ પહેરી લીધી અને ઉરપ્રદેશ પર પડતા ભાગને ડોક વાળી વાળીને જોવા લાગી.

'ખરેખર, બહુ સુંદર લાગે છે હો !' સંતોષની કોઈ મહાતૃપ્તિભરી સૂરતે ડાહ્યારામ બોલી પડ્યો.

એકીસાથે જાણે પાંચ શેર લોહી ચઢી ગયું હોય એવા મુખ સાથે પત્નીએ વળી પૂછ્યું : 'પણ તમે આ લાવ્યા ક્યાંથી ? વાત તો કરો !'

'એક વાર તું ખાવાનું કર, પછી નિરાંતે કહું છું. છાતીએ ધડાવ રાખીને જ રાંધજે કે એ આજથી તારી જ છે : માટે ઉતાવળ કરીને કાચુંપાકું ન ખવડાવતી !'

પત્નીને જો ભૂખ્યા પતિનો ને નમી ગયેલા બપોરનો ખ્યાલ ન આવ્યો હોત તો તે પૂરી વાત સાંભળીને જ ઊઠત.

ડાહ્યારામ નાહીધોઈને સેવાપૂજાથી પરવાર્યો એટલામાં તો પત્નીએ રસોઈ પણ કરી નાખી હતી. ભાણામાં શીરો અને શાક જોઈ તેને સમજ ન પડી કે આ તો માળા મળ્યા બદલ, કે જમવાનું મોડું થયું છે તેથી, કે પછી પેલી વાત સાંભળવાની ઉતાવળમાં ?

જમી પરવાર્યા પછી ડાહ્યારામે પત્ની આગળ મોંઘી ડોશીની મૃત્યુવેળાની ઇચ્છાથી માંડીને તે ભેંશ. વલોણું ને છેવટે છોકરા સુધી ડોશીના અસંતોષી આત્માએ કરેલી પજવણી વગેરેની સાંભળ્યા પ્રમાણે વિગતવાર વાત કરી.

પત્નીએ હસતાં હસતાં કહ્યું, 'માળા લાવ્યા તો ખરા, પણ જોડે મોંઘી ડોશીનું ભૂત આવ્યું હશે તો ?'

ડાહ્યારામે હસીને કહ્યું : 'અરે, કાંઈ ગાંડી છે ? એ તો બધું તૂત છે તૂત. આપણે જો એ લોકને કહીએ તો માને નહીં. બાકી આ તો બધું રોજનું છે. દસપંદર ઢોરમાં કોક દિવસ એકાદું કથળીયે જાય; ને ભેંશને પાયેલાં મુરાડિયાંમાંની અસર દૂધમાં આવે એ દેખીતી વાત છે, પછી વલોણું બગડી જાય એમાં બિચારી ડોશી શું કરે ?'

'પણ તમે તો કહો છો ને કે એનો છોકરોય-'

'અરે શંભુ !' કહી ડાહ્યારામ હસવા લાગ્યો અને ઉમેર્યું : 'તું મને એવું એકાદુંય માણસ દેખાડીશ કે જે નાનપણમાં માંદું જ ન પડ્યું હોય ? પણ એમ કહે કે તારા તકદીરે જોર કર્યું એટલે એ લોકોનેય હરીફરીને મૂએલી ડોશી જ જ્યાં હોય ત્યાં દેખાવા લાગી !'

'એ તો તમારા મનથી ને ? બાકી પજવ્યા વગર કોઈ આવી ભારે રકમ આમ આપેય છે ? ને કશામાં જીવ રહી જવાથી ભટકતા જીવની વાત તો શાસ્ત્ર પણ કબૂલ કરે છે.' કહી ઉમેર્યું : 'મને તો લાગે છે કે કંઠી સાથે ડોશીનું ભૂતેય-'

પણ ડાહ્યારામે અડગ શ્રદ્ધાથી કહ્યું, 'લે છાની રહે છાની. જે ઘરમાં રોજ હવન-પાઠ થાય એ ઘરમાં ગમે તેવા ભૂતનીય દેન છે કે પેસી શકે ? અને ધાર કે ડોશીનો જીવ રહી ગયો હોય, તોયે દાન આપવાની ઇચ્છા પૂરી થતાં જ એનો આત્મા ગતિને પામી ચૂક્યો.'

પણ પત્નીને હજુ પૂરેપૂરો સંતોષ નહોતો થયો. માળા સાથે રમત કરતાં વળી પૂછ્યું, 'પણ એ બાઈએ તો જદુરામને આપવાનું કહેલું ને ?'

'પણ જદુરામને એટલે બ્રાહ્મણ જ ને ! યજમાનને જે સુપાત્ર લાગે એને આપે. એ તો ગઈ સાલ જદુરામની જોડે જાત્રાએ ગયેલી એટલે સ્વાભાવિક છે કે એનું નામ પહેલું મોંએ આવે;

બાકી મૂળમાં તો એ બાઈની ઇચ્છા તો એટલી જ, કે બ્રાહ્મણને દાન કરવું.'

પત્ની આ લપછપમાં આથી વધારે ઊંડી ન ઊતરતાં ઊઠી. આડુંઅવળું કામ કરી, પતિને ઊંઘી ગયેલો જોઈ માળાને સાચવીને મજૂસમાં મૂકી દીધી.

રાતે ખાટલામાં પડી પણ તેને ઊંઘ નહોતી આવતી. કદાચ મનમાં ને મનમાં દરદાગીના પહેરી, કોઈ શુભ પ્રસંગમાં મહાલતી પાડોશણની સાથે પોતાને મગમાળા પહેરેલી કલ્પી એમની બરાબરી કરી રહી હશે. પણ તેટલામાં મજૂસ આગળ કંઈક ખડખડાટ થયો. પોતે સૂતી છે ત્યારની જાગતી જ પડી છે, રાત બહુ નથી ગઈ એની ખાતરી હોવા છતાંય 'ચોર તો નથી ક્યાંય !' એવી શંકા થઈ અને છેવટે દીવો સળગાવી પૂરેપૂરી તપાસ કર્યા પછી જ તેને કંઈક નિરાંત વળી. જોકે ખડખડાટ તો વળી પાછો શરૂ થયો હતો.

તે રાતની વાત તો તેણે પતિને ન કહી, પરંતુ જ્યારે બીજી રાતે પણ એ ખડખડાટ સંભળાવા લાગ્યો ત્યારે તો તેનાથી પતિને જગાડ્યા વગર ન જ રહેવાયું.

મીઠી ઊંઘમાંથી જાગતા પતિએ પૂછ્યું : 'શું છે પણ ?'

'પૂરા જાગો તો ખરા. જુઓને આ મજૂસ આગળ શો ખખડાટ થાય છે ?'

'ઉંદર હશે. બીજું કોણ ખખડાવવાનું હતું ?' કહી પતિ પાસું મરડી ગયો.

પતિના ચિડાવાની બીકે અત્યારે તો તે ચૂપ રહી, પણ સવારમાં તો ચીડ ઠાલવ્યા વગર ન રહી શકી. છતાંય ડાહ્યારામે હસીને એની બીકને ત્યાં જ દાબી દીધી. ઊભા થતાં કહ્યું : 'લે હવે; ગાંડપણ દેખાડ્યા વગર પાણી કાઢી આપ, ચાલ; નાહીને રવાના થઈ જાઉં.'

પતિને યજમાનોમાં જવાનું છે એ જાણવા છતાંય પત્નીએ પૂછ્યું : 'ક્યાં જવાનું છે જે ?'

'કેમ ક્યાં ? તારી આ માળાના હરખમાં કામ અધૂરું મૂકીને આવ્યો છું તે પૂરું તો કરવું પડશે ને ? બે ઠેકાણે તો કથા કરવાની છે !' કહી, નિરાંતથી બેસી રહેલી પત્નીને વળી કહ્યું : 'લે ઊઠ, ચાલ, મારે પાછો તાપ ચડી જશે.'

કંઈ પણ બોલ્યાચાલ્યા વગર પત્ની ઊઠી ને પાણી કાઢી આપ્યું. ડાહ્યારામે સંધ્યાપૂજા કરી ત્યાં સુધી પણ તે કશું ન બોલી; પણ જ્યારે તેણે કપડાં પહેરવા માંડ્યાં ત્યારે તો તેને કહેવું જ પડ્યું, 'બે દિવસ પછી જજોને !'

પોતાને ધક્કેલીને ગામડે મોકલનાર પત્નીને આજ આમ રોકતી દેખી ડાહ્યારામને પૂરેપૂરી ખાતરી થઈ કે એ પેલી મગમાળાના ભૂતથી બીએ છે. પણ તે કેટલી હદે બીએ છે એ તો એ પત્નીનું ગંભીર મુખ જોવા છતાંય નહીં સમજી શક્યો હોય. અને તેથી જ તેણે કંઈ કારણ ન પૂછતાં સામાન ખભે નાખતાં કહ્યું : 'અરે હું તો બેત્રણ દિવસમાં આવ્યો પાછો. કંઈ પરદેશ તો નથી જતો ને ?'

'બે-ત્રણ દિવસ નહીં; કાલે સાંજે પાછા આવવાના હો તો જાઓ.' અને હસતા પતિને કહ્યું : 'તમે હસો છો, પણ રાતે મારો તો જીવ જાય છે. કોણ જાણે આ એક રાત જ શી રીતે જશે !'

ડાહ્યારામે રાતે નાહીને સૂઈ રહેવાની, ઓશીકે ધર્મપુસ્તક રાખવાની ને એવી બધી સલાહ સાથે પત્નીના વહેમ ઉપર થોડુંક ભાષણ આપી, એકબે દાખલા ટાંકી દેખાડી તેને હિંમત આપી, અને પોતાને જવાની અગત્ય સમજાવી બીજે દિવસ પાછા આવવાનું કહી ચાલતો થયો.

ચંચળે રાતે પતિના કહેવા પ્રમાણે બાહ્ય વિધિઓ તો બધીય કરી, પણ વહેમ ટાળવાની આંતરવિધિ તે ન કરી શકી. રાતે ત્રણ વખત તો તેણે દીવો સળગાવ્યો; પણ ન તો એકે ઉંદર દેખાયો કે ન જણાઈ બિલાડી. દીવો હોલવતી કે વળી પાછો પેલો ખખડાટ શરૂ થતો. ખૂબી તો એ હતી કે કોઠીઓ આસપાસ થતા ખખડાટ કરતાંયે મજૂસ આગળ થતો ખખડાટ તેને વધારે સંભળાતો. જામતી રાત સાથે ખખડાટ પણ જામતો ગયો અને સાથે સાથે ચંચળની બીક વધતી ગઈ. દીવો ચાલુ રાખવા છતાંય ખખડાટ બંધ ન થયો. છેવટે ન રહેવાયું ત્યારે તેણે ઘરનું કમાડ પણ ઉઘાડી દીધું અને પાછલી રાત તો આંગણામાં બેસીને પતિના કહેવા પ્રમાણે શંભુ ભોળાના રટણમાં જ પૂરી કરી.

મન સાથેની કેટલીક દલીલોને અંતે તેને ખાતરી થઈ ગઈ હતી કે મગમાળા સાથે નક્કી પેલી ડોશીનું ભૂત આવેલું. અને એ ભૂતનાં રંજાડ અને એની પ્રબળતા વિષે તો એકલી આ દલીલ જ પૂરતી હતી : 'એવું ન હોત તો આવો મોંઘો દાગીનો કોઈ દાનમાં આપીય દે ?'

પતિ આવતાં જ તેણે પોતાનો નિર્ણય જણાવી દીધો : 'મહેરબાની કરીને આજ ને આજ પેલી મગમાળા પાછી આપી આવો.' ડાહ્યારામે તેને ઘરમાં હવન વગેરે ધર્મવિધિ કરવા, એ રકમને ભાંગીને બીજી ઘડાવવા વગેરે કંઈક રીતે સમજાવવા પ્રયત્ન કર્યો; પણ પત્ની એકની બે ન થઈ તે ન જ થઈ, એટલે ડાહ્યારામ ચિડાયો. પણ એટલામાં તો પત્નીએ રડી દીધું. રડતાં રડતાં કહ્યું : 'તમને તો એ રકમ વહાલી છે ! પછી ભલેને એક રાતે એ ડાકણ મારું ગળું દબાવી દેતી !'

આ સાંભળી ડાહ્યારામને પણ એટલો જ કંટાળો આવ્યો. તરત જ ઊઠ્યો અને મગમાળા કાઢી. આવ્યો હતો તેવો જ ચાલતો થયો. જતાં જતાં કહેતો ગયો ': 'હવે કોઈ દિવસ દાગીનાનું નામ લે ત્યારે તારી વાત છે !'

એકલી પડેલી પત્નીએ વહેલી રાતે નિરાંતથી ખાટલામાં

લંબાવ્યું. થોડી વાર ખખડાટ સાંભળી રહી, પણ તેને ખાતરી થઈ કે આગલા બેત્રણ દિવસ કરતાં આ તો ઘણો જ ઓછો—ઉંદરોનો જ ખખડાટ છે. અને પછી તો થોડી વારમાં જ તેનાં નસકોરાં બોલવા લાગ્યાં.

ઘેરથી કંટાળીને નીકળેલા ડાહ્યારામનું મગજ જંગલમાં મસ્ત બનીને વહેતા સાંજના વાયરાએ જરા હળવું પાડ્યું. પત્નીના વહેમ ઉપર તેને હસવું આવ્યું. વળી લીધેલું દાન પાછું આપીને આસપાસના યજમાનોની ઈતરાજી વહોરવા સાથે ખુદ જગજીના કુટુંબને તો દુઃખના દરિયામાં ધકેલી દીધા જેવું જ લાગવા માંડ્યું. ઉપરથી બાર માસની ટાંટિયાતોડ અને જિહ્વાતોડની મહેનત પછી પણ જેટલું નહોતું મળતું એટલું મળેલું ફક્ત પત્નીના એક મૂર્ખ વહેમને લીધે તજી દેવામાં પણ તેને નરાતાળ મૂર્ખતા જ લાગી. આ બધા વિચારને અંતે તેણે મગમાળા પાછી ન આપવાનો જ નિર્ણય કરી દીધો : 'હમણાં થોડો વખત સંતાડી રખાશે ને પછી લાગ મળતાં થોડુંઘણું બીજું સોનું ઉમેરીને બીજો દાગીનો ઘડી લેવાશે.'

અને એ વિચાર પ્રમાણે જ એણે એ આચરણમાં મૂક્યું. એક ગામડે રાત ગાળી બીજે દિવસ તે ઘેર આવ્યો. ઘરમાં પેસતાં જ પત્નીને હસીને પૂછ્યું : 'હવે તો નિરાંતથી ઊંઘ આવી હશે ને ?'

'હવે શું હતું તે ન આવે ?' પત્નીએ ચઢેલે મોંએ જ કહ્યું અને 'પોતાને જો એટલી વીતક વીતી હોત તો તરત ખબર પડત કે કેવું થાય છે !' એમ બબડતી કામે વળી.

ડાહ્યારામે પણ જરા લાગ મળતાં પેલી મગમાળાને મજૂસમાં મૂકેલાં કપડાંની ગડીમાં સેરવી દીધી અને સાથે સાથે એ વાતને પણ બિલકુલ દાટી દીધી.

સારામાઠા દરેક કાર્યમાં શંભુ ભોળાની શુભ ઇચ્છા માનનાર ડાહ્યારામને પાડોશમાં વિવાહ ઊઘડ્યો ત્યારે જ સમજ પડી કે પેલી મગમાળાના વીતકમાં પણ શંભુ ભોળાની શુભ નિષ્ઠા હતી. જો મગમાળાની આવી રામાયણ ન થઈ હોત તો આ બે દિવસમાં તો પત્નીએ પોતાનું અરધું લોહી બાળી મૂક્યું હોત.

આડે દિવસે જે સ્ત્રીઓનાં અંગ ઉપર બેચાર થીગડાં સિવાયનો સાદો સાલ્લોય જોવા નહોતો મળતો તે અંગ આજ રેશમી સાડીઓ ને જાતજાતના સોનાના દાગીનાથી શોભી રહ્યાં હતાં. સૌંદર્યના ગુચ્છ સરખી એ યુવતીઓને જોતાં જોતાં ઘર તરફ આવતા ડાહ્યારામને લાગ્યું કે એમાં પોતાની પત્ની નથી. 'કદાચ રિસાઈને તો ઘરને ખૂણે નહીં ભરાઈ હોય !' એવી શંકા સાથે ઉતાવળે આંગણાની ધાર પર પહોંચ્યો ત્યાં તેને કાને એક આછી ચીસ સંભળાઈ : 'ઓ બાપ રે... ખાધી રે મા...'

'શું છે ? શું થયું ?'ના સવાલ સાથે બારણામાં પેસતા ડાહ્યારામની છાતીએ આવતી પત્ની અથડાઈ. બાવડે ઝાલી ટટાર ઊભી રાખતાં પતિએ, 'પણ આટલું બધું છે શું ?' એમ પૂછતાં પત્નીને બારણા આગળથી અંદરની બાજુ ધક્કેલતાં ઉમેર્યું : 'બહાર લોક આવજા કરે છે એની તો જરા ખબર રાખ !'

પત્ની તો હજુય એની ધૂનમાં જ હતી. બબડતી હતી : 'ના રે બાપ ! મારે તો ઘરમાં નથી આવવું !' અને ધબ દઈને તે ઘર વચ્ચોવચ્ચ બેસી પડી.

પત્નીના ધોળા પૂણી સરખા મોં તરફ તાકતાં ડાહ્યારામે પૂછ્યું : 'પણ તને થયું છે શું ? આ ફજેતો કરવાનું કાંઈ કારણ તો હશેને ?'

'શું છે તે જુઓ જઈને પેલી મજૂસમાં ! રાંડ ચમકારા મારી રહી છે એ તો જુઓ ! જોતામાં જ મારો તો જીવ ઊડી ગયો. આપી આવ્યા તોય રાંડ તો મારો જીવ લેવા પાછી આવી છે ! ઓ મા ! હવે શું થશે ?!'

ડાહ્યારામને સમજતાં વાર ન લાગી. પોતે માળા પાછી જ નથી આપી આવ્યો એમ કહી પત્નીનાં 'તમને તો એ ઘણી વહાલી છે; મારા જીવની તો તમારે શી પડી હોય !' એવાં વેણ સાથે જિંદગીભર એનો વિશ્વાસ ગુમાવવા કરતાં વાતને વહેમમાં જ ખપાવી આટલેથી ટૂંકી કરી દેવાનું જ યોગ્ય લાગ્યું. હસવાનો પ્રયત્ન કરતાં એણે કહ્યું : 'મર રે મર, ગાંડી ! એ તો તેં અંધારામાં બીજુંકશુંક જોયું હશે. લે ચાલ દેખાડ જોઉં મને !' કહેતો ડાહ્યારામ આગળ ગયો. ઉઘાડી પડેલી મજૂસમાંથી આંધળા હાથે પેલી માળાને પકડી પાડી પહેરેલા બંડીના ખિસ્સામાં સરકાવી દેતાં કહ્યું : 'ક્યાં છે ?' અને કપડાંનો ખડકલો લાવી પત્ની આગળ નાખતાં ઉમેર્યું : 'અરે રામ રામ ! આવી વહેમી ને વહેમી ક્યાં સુધી રહીશ !'

પત્નીએ આઘા સરકતાં કહ્યું : 'મહેરબાની કરીને એ લૂગડાં મારી પાસે ન લાવતા !'

'એમ જ કહોને કે અંધારામાં જ બધું બાફેલું !'

'ત્યારે એમ !' કંટાળા સાથે એ બોલી અને તરત જ પાછી ગુસ્સે થતાં બોલવા લાગી : 'તમારી સગલી તો દીવો લઈને લૂગડાં કાઢવા ગઈ'તી ! માળા મજૂસમાં ઘાલી તે દનથી મને તો પૂરી ખબર પડી ગઈ હતી. અંધારામાં તો મજૂસમાં ડોકિયુંય ન કરું ને !'

એટલામાં કિશોરીઓનું ટોળું બારણા આગળ આવી ઊભું. એક બોલી : 'લો ચાલોને, ચંચળભાભી ! આયહાય, તમે તો હજુ લૂગડાંય નથી પહેર્યાં !' મારી બા તો ત્યાં તમારે વાસ્તે ધમપછાડ કરી રહી છે.'

ચંચળના બોલતાં પહેલાં ડાહ્યારામે કહ્યું : 'લક્ષ્મી, તું બીજાંને બોલાવ. બીજાં આવી રહેશે એટલામાં તારી ભાભી આવી પહોંચશે.'

'બીજાં બધાં તો આવી ગયાં છે.' કહી, લક્ષ્મી પીઠ ફેરવતાં

કહેતી ગઈ, 'ચાલજો ઝટ પાછાં.'

ડાહ્યારામે પત્નીને કપડાં આપતાં કહ્યું, 'લે, પહેરી લે, ઊઠ; પેલા ત્યાં વાટ જુએ છે.'

'મારે તો જવુંય નથી ને પહેરવાંયે નથી !' બબડી ચંચળ ઊઠી ને ખાટલો ઢાળી લંબાવતાં ભારે શ્વાસ લેતી બબડી : 'અરે ભગવન, હવે શું થશે !'

પત્નીને સમજાવી સમજાવીને થાકેલા પતિએ ત્રીજી વાર તેડવા આવેલી લક્ષ્મીને છેવટે કહી દીધું, 'એનું શરીર સારું નથી એટલે નહીં આવે.'

ખબર પડતાં જ કેટલાંક આડોશીપાડોશી–સગાંવહાલાંની આવ–જા પણ વધી પડી. કોઈ ખાટલા ઉપર ગોદડી પાથરવાની સૂચના કરતું ગયું તો કોઈ વળી ચંચળની ગભરાયેલી આંખો જોઈ નજર ઉતારવાની સલાહ આપતું ગયું. આ બીમારીનું મૂળ કારણ જાણનાર ડાહ્યારામને સમજ ન પડી કે પોતે હસવું કે રડવું !

એકાન્ત મળતાં વળી પાછો તે પત્નીને સમજાવવા લાગતો, 'આ તો તું અમસ્તી ધાક ખાઈ બેઠી છે. ન માને તો તું ઊઠ, હજુય મજૂસનો ખૂણેખૂણો તારી જાતે જોઈ વળ. ચાલ, હું જોડે ઊભો રહું છું; ચાલ ઊઠ.'

પણ પત્નીને તો ખાતરી હતી કે ભૂતનાં ચરિત્ર તો એવાં જ હોય. પતિ માળા પાછી આપી આવ્યા એ તો નક્કી હતું; અને તોય તેણે દીવાને અજવાળે સગી આંખે એ જોયેલી એમાંયે શંકા ખાવા જેવું હતું જ નહીં. વળી હમણાં ન હોવાની પતિ જે ખાતરી આપતો હતો એની પણ એને હવે જરૂર ન હતી. જેવી રીતે આવી એવી રીતે પાછી ઊડી ગઈ હશે !

પતિની સમજાવટથી કંટાળતાં તેણે દાંતિયું કર્યું : 'તમે મહેરબાની કરીને મને હવે પડી રહેવા દેશો ? એ તો હુંય જાણું છું કે અત્યાર સુધી એ હોય જ નહીં. મેં મારી સગી આંખે જોયું તોય જો તમે ન માનતા હો તો પછી ન માનો. પણ હું તમને હાથ જોડું છું. હવે એની તમે વાત જ ન કરશો. મને પડી રહેવા દો.'

રાત જામતી જતી હતી. વિવાહનો જમણવાર પ્રત્યે ફળીઆના ચોકમાં ખાટલા નાખી આડા પડેલા પુરુષો કોઈ ગપ્પાં મારતા હતા તો કોઈ કોઈ ઊંઘી પણ ગયા હતા. એક બાજુ યુવતીવૃંદ જીવનનો ઊડી જતો લહાવો લૂંટવા મળ્યો હોય તેમ એક પછી બીજું ગીત ઉપાડતી જતી હતી, પણ ખુલ્લું બારણું હોવા છતાંયે આમાંનો અક્ષર સરખો પણ ડાહ્યારામના મગજ સુધી નહોતો પહોંચી શકતો. ઘડીએ ઘડીએ તે પત્નીના ગાલે હાથ અડાડતો અને પૂછતો, 'તને શું થાય છે ! તાવ ચઢ્યો છે ને કેમ કહે છે કે કશું નહીં ?'

મૂંઝાતા મને આખરે એ આંગણામાં આવી ઊભો રહ્યો. આઠમનો ચંદ્ર આથમી ગયો હતો. યુવતીઓનાં ગીત અને તેમનો કલશોર પણ શમી ગયો હતો. આખાયે ફળીઆમાં આડે સાથરે ખાટલા ઢળાયેલા હોવા છતાં બધું સૂમસામ હતું. રાત્રિની નીરવતામાં બોલાતાં નસકોરાંનો અવાજ શાંતિની ભયંકરતામાં જાણે વધારો જ કરતો હતો.

કંઈક વિચારને અંતે ડાહ્યારામ પાછો ઘરમાં પેઠો અને કમાડ વાસ્યું. પત્નીના માથા તરફની દબલી ઉપર ટમટમતા દીવાની વાટ જરા સંકોરીને વળી પાછો તે પત્નીના ખાટલા ઉપર જઈ બેઠો. પત્નીની આંખો બંધ હોવા છતાં શ્વાસના આરોહઅવરોહ પરથી ડાહ્યારામને લાગતું હતું કે એ હજુ જાગતી હતી. એટલામાં આંખો ઉઘાડીને પત્નીએ જાગવાની ખાતરી કરી આપી.

'જો ત્યારે, હું તને સાચી વાત કહું ? મૂળ વાત તો એ છે કે મગમાળા હું પાછી આપી જ નથી આવ્યો.'

પોતા પર છંછેડાવાને બદલે પત્નીને ચૂપ જોઈ ડાહ્યારામે પોતે મગમાળા પાછી ન આપી આવવાનું તથા અત્યાર સુધી તે છુપાવવાનું કારણ વગેરે વિગતવાર કહેતાં ઉમેર્યું, 'આ તો તું નાહકની ધાક ખાઈ બેઠી છે. મારા ઘરમાં જો ભૂતનો ઓળો સરખોય પડે તો આ શાસ્ત્રનાં થોથાંની બીજે જ દિવસે હોલી કરી નાખું, સમજીને ? આટઆટલું શંકર ભોળાનું સેવન કરું છું તે શું નાહકનું હશે એમ જાણે છે તું ?'

ભૂતપલીતના સ્વામી શંકર ભોળાના આ ભક્તની મક્કમ રુક્ષ સૂરત જોઈ પત્નીને બીક લાગી કે કોણ જાણે, પણ તેણે આંખો મીચતાં ગળગળા અવાજે કહ્યું : 'પણ મેં મારી સગી આંખે દીઠી–'

'પણ એની હવે કોણ ના પાડે છે ? હું પાછીજ નહોતો આપી આવ્યો પછી–'

પત્ની વચ્ચે બબડી, 'હવે તો એમ જ કહેશો ને ?'

ડાહ્યારામને સહેજ ખીજ ચઢી. તેણે ખિસ્સામાંથી મગમાળા કાઢતાં કહ્યું : 'ન માને તો જો હજુ તો આ-'

પણ શબ્દ પૂરો થતાં પહેલાં તો 'ઓ મા રે...!'ની ચીસ નાખતી પત્ની ખાટલામાંથી ઊછળી. કોઠી પરના દીવાને તેનાં આંગળાં અડતાં કોડિયું ભોંય પડ્યું. ઘોર અંધકારમાં પત્નીનો જાણે જીવ ખેંચાતો હોય તેવી ચીસો સાંભળી ડાહ્યારામ પણ ગભરાઈ ઊઠ્યો. બીજી બાજુ ગુસ્સો પણ એટલો બધો આવ્યો કે અજવાળું હોત તો પત્નીને તમાચો જ ખેંચી કાઢત.

ઝટપટ દીવો સળગાવી જોયું તો પત્ની બેભાન દશામાં જમીન ઉપર પડી હતી. ડાહ્યારામના તો હોશકોશ ઊડી ગયા. પત્નીને ઊંચકીને ખાટલા પર સુવરાવ્યા પછી તેને ભાન આવ્યું કે કોઈક બારણાં ઠોકી રહ્યું છે.

બારણું ઊઘડતાં જ સાતઆઠ માણસનું ટોળું અંદર ઘૂસી આવ્યું ને સવાલ પુછાવા માંડ્યા : 'શું છે ડાહ્યારામ ? ચંચળને હજી ઠીક નથી થયું ?'

ડાહ્યારામે બધાય સવાલોનો એક જ જવાબ આપ્યો : 'કોણ

જાણે શું થયું છે ! કશી સમજણ નથી પડતી !'

'અરે, શું તાકી રહ્યા છો, ભલા માણસ ! આ તો દંતકંઠી ભીડાઈ ગઈ છે ને ! લાવો કાંઈ તવેથો–ચીપીઓ.'

ભિડાયેલી દંતકંઠી ઉઘાડી અને માથા ઉપર પાણી છાંટ્યું; કોઈએ વાયુ કહીને ખાસડું પણ સૂંઘાડ્યું; અને આમ બીજી કેટલીક મથામણ પછી ચંચળે આંખો તો ઉઘાડી, પરંતુ એ આંખો કોઈ બીજી જ દુનિયામાં ભટકતી હોય તેવી ફાટેલી અને આમતેમ ભમતી, જોનારને બીક પેદા કરનારી હતી.

'નક્કી આનામાં કોઈ પલીતનો પ્રવેશ થયેલો છે.' એક અનુભવીએ કહ્યું.

પછી તો ચંચળ આગળ ઘરમાં લોબાન વગેરેના ધુમાડા કયા 'જાણે કે એ ધુમાડાના ગોટમાં તેને ભારી જ દીધી. એક બ્રાહ્મણે તો થાળી વગાડીને છૂમંતર સાથે એ અદ્ભુતવિદ્યાની બેતો પણ ઘરને ખૂણે લલકારી. પરંતુ રામ તારી માયા ! ચંચળ ન તો ધૂણી કે ન કશું બોલી. એ તો ફાટેલી આંખો ચારેગમ ફેરવતી જ રહી.

આ ચીજ ને પેલી ચીજ, આ દવા ને પેલી દવા, એમ કરવામાં પડેલા ડાહ્યારામે દોડધામ કરવામાં કશી જ કચાશ ન રાખી. પણ તોય આખરે તો એનો પત્ની ગુમાવ્યે જ છૂટકો થયો.

પત્નીના છેલ્લી ઘડીઓના ધમપછાડા; 'ઓ રે... આ મને લઈ ચાલી ! આ દેખાય રાંડ તો ! મરી ગઈ રે... મા !' વગેરે આક્રંદો અને એ સૂરત તો ડાહ્યારામ કદાચ જિંદગી સુધી નહીં ભૂલે !

પત્નીની મરણક્રિયાથી પરવારેલા ડાહ્યારામને લાગ્યું કે પેલી મગમાળાને હવે વધુ વાર સુધી એ પોતાના ઘરમાં નહીં સંઘરી શકે. ઉપરાંત, હવે એ કશા કામની પણ ન હતી. કેટલાક વિચારને અંતે એ મગમાળાને જદુરામને ત્યાં આપી આવવાનું જ તેને વધારે ઠીક લાગ્યું અને એક બપોરે આપી પણ આવ્યો.

પણ ડાહ્યારામ પર આટલી ગુજરવા છતાંયે જાણે એ ઓછું હોય તેમ યજમાનોમાં જદુરામની બ્રાહ્મણ જીબાનથી નીકળેલી વાતો સૂકી ધરતીમાં થોરીઓ ફૂટે તેમ ફૂટવા લાગી : 'જદુરામનું કે'વું તો ખરું ! ડાહ્યારામમાં જો શાસ્ત્રની સાચી વિદ્યા હોત તો એના જ ઘરનું મેદાનમેદાન ભૂતવંતરાં તે વળી કરી શકત ? આપણે બધા પેલા જદુરામને છોડીને આ ડાહ્યારામની વિદ્યા ઉપર મોહ્યા હતા; પણ ખરી વિદ્યાનું પારખું જોયું ને? મગમાળાને ઘરમાં સંઘર્યે મહિનો થવા આવ્યો, પણ જદુરામના ઘરમાં કોઈની નસકોરી સરખીય ફૂટી છે ?'

અને ડાહ્યારામને કાને પણ 'ગોર, તમને તો ફલાણો આમ આમ કહેતો હતો !' આડકતરી રીતે આવી આવી બધી વાતો આવે છે, પણ તે નથી તો એનો પ્રત્યુત્તર દેતો કે નથી તે ધ્યાનપૂર્વક સાંભળતો. વળી યજમાનોમાંથી પણ કોઈ પહેલાંની પેઠે નથી તો જપ કરવાનું કહેતું કે નથી એની પાસે કથા કરાવતું. ડાહ્યારામ પણ સારી પેઠે જાણી ચૂક્યો છે કે યજમાનોની પોતા ઉપર પહેલાંના કરતાં ચાર આનીયે શ્રદ્ધા નથી રહી.

આમ બધીય રીતે દુનિયા આખી પલટાઈ ગઈ છે તોપણ ડાહ્યારામ કોણ જાણે કેમ પોતાને ગામ અને ત્યાંથી પાછો યજમાનોને ગામ એમ ફેરા કર્યા જ કરે છે. આખે રસ્તે બસ એક જ વાતનો ગોટાળો થયા કરે છે. તેને સૂજ નથી પડતી કે કોને દોષ દેવો !

યજમાનોમાં જોકે બીજી કર્મક્રિયા હવે નથી ચાલતી એ ભલે, પરંતુ જમવાનું અને સીધાસામાનનું તો પહેલાં જેટલું જ, બલકે પહેલાંથી પણ કંઈક અંશે વધારે ચાલે છે. પરંતુ ડાહ્યારામ જમવા ઉપરાંત સીધું સામાન લેવાની ના પાડતાં કહે છે : 'ના રે, સીધું લઈ જઈને મારે હવે કોને ખવરાવવું છે !'

અને આવા જવાબથી હોય કે પછી એની શૂન્યમનસ્ક સૂરત જોઈને હોય, પરંતુ ઘણા લોકો તો એમ પણ કહે છે, 'પેલી મગમાળા તો ગઈ, પણ ભૂત તો હજુ ડાહ્યારામને ત્યાં જ ઘર કરીને બેઠું છે !' (૨૦૦)

ખતરનાક ઘોંઘાટ :

અવાજ વડે પ્રદૂષણ થાય છે અને તે બીજા પ્રદૂષણ જેટલું જ આરોગ્યને હાનિકારક છે તેવો ખ્યાલ સત્તાવાળાઓને પણ આવતો નથી. પ્રગતિશીલ શહેરોમાં પણ નવરાત્રિ, ગણેશ-ઉત્સવ, સત્યનારાયણની કથા, ચૂંટણી, આદિ પ્રસંગે પોલીસ કશી રોકટોક વિના છૂટથી લાઉડસ્પીકરના પરવાના આપે છે અને લાઉડસ્પીકરો વધુમાં વધુ મોટા અવાજે આખો દિવસ અને મોડી રાત સુધી પણ ભૂંક્યા કરે છે. લોકોના જ્ઞાનતંતુઓ ઉપર આ એક જાતના ગોળીબારની સતત ઝડી જ હોય છે.

વિશાળ વિમાનો એરોડ્રોમ પર ઊતરે છે અને ખાસ કરીને ચડે છે ત્યારે જે અવાજ કરે છે તે આરોગ્યને ભારે નુકસાન કરનાર પ્રદૂષણ હોય છે. કેલિફોર્નિયા યુનિવર્સિટીના એક વિજ્ઞાનીએ જાહેર કર્યું છે કે ઘોંઘાટથી કાનના પડદાને, જ્ઞાનતંતુઓને અને રક્તાભિસરણને નુકસાન થાય છે, અલ્સર અને લોહીનું ઊંચું દબાણ પેદા થાય છે, અને ખોડવાળાં બાળકો જન્મે છે. જેટ એન્જિનનો ઘોંઘાટ મારી પણ નાખી શકે.

વિમાન તો ઘોંઘાટનું પ્રદૂષણ વરસાવીને થોડી સેકન્ડમાં જતું રહે, પણ આપણાં લાઉડસ્પીકરોનું શું ? તેઓ તો કલાકો સુધી અસહ્ય ઘોંઘાટનો સતત મારો ચલાવે છે. આપણા લોકો એમ માને છે કે જેમ વધુ ઘોંઘાટ એમ સારો ઉત્સવ ઊજવી શકાય. આથી હવે ઢોલ, તાસાં તથા નગારાં જેવા સાધનોનું સ્થાન લાઉડ સ્પીકરોએ લીધું છે.

આપણી લોકશાહીનો આરંભ ઘોંઘાટના પ્રદૂષણ વડે જ થાય છે. ચૂંટણીપ્રચારમાં લાઉડસ્પીકરોનો ઘોંઘાટ કરવો ને જ્યાં ત્યાં સૂત્રો લખીને ભીંતો બગાડવી એ આપણો ચૂંટણીપ્રચાર છે. તેમાં બુદ્ધિગમ્ય દલીલોને સ્થાન નથી. કોઈપણ રાજકીય પક્ષ આ દુરાચારથી મુક્ત નથી અને કોઈ રાજકીય નેતાએ તેની વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. નથી. (૬૬૨)

ગધેડાંની વાત્તા

નિવેદન અને અર્પણ : એક બાળકે માગણી કરી : ગધેડાની વાત્તા કહો. અને તુર્ત આ 'વાત્તા' લખી નાખી. બાળક માગણી કરે અને જરા પણ વિચાર કરવા રહે તે વડીલ ગધેડો. મોટા કહેશે : 'અને આમ જરા પણ મેળ વગરનું ભરડે તે પણ ગધેડો.' વળી હું ઉમેરીશ, 'આવી વાત્તામાં મેળ, આદિમધ્યઅંતની સંગતિ, કલાશૈલી આદિનો વિચાર કરવા બેસે તે વાચકે ગધેડો; કેમ જે વાત્તા છે બાલકો માટે, અને બાલકો એવા એવા વિચાર ડહોળે નહીં. આમ, આ ગધેડા વિષેની વાત્તા બીજા અર્થોમાં પણ ગધેડાંની વાત્તા હશે, વા કોઈ કોઈ વાચકને લાગશે, તે ભલે. હું તો એને અર્પણ કરું છું જે બાલકે એ માગી તેને, જે બાલકો કે બાલસ્વભાવી વાચકોને એ રુચે તેમને.

– બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર –

એક હતો ગધેડો. તે ભૂંકે ભોં ભોં ભોં !

સવારે ભૂંકે, સાંજે ભૂંકે, બપોરે ભૂંકે, રાતે ભૂંકે; પણ સૌથી વધારે નઠારું ભૂંકે મોડી રાતે બે વાગ્યે, જ્યારે સ્વર્ગમાં ઇન્દ્ર અને ઇન્દ્રાણીના દરબારમાં નાટક, નાચ અને ગાનતાન પૂરાં થાય, અને સૌ દેવદેવી, ગન્ધર્વ, અપ્સરા, દિક્પોલો અને મહર્ષિઓ દરબારના દીવાનખાનામાંથી નીકળી, જાય સ્વર્ગંગાને કાંઠે આવેલા નંદનવનની હવા ખાવા. ત્યાં એ નદીને કાંઠે અને તેના બેટોમાં આરસ, સ્ફટિક, નીલમણિ, મરકતમણિ, જાંબુમણિ, દાડિમમણિ અને ચંદ્રમણિની શિલાઓ ઠેકઠેકાણે પડેલી, તેની ઉપર આડાં થઈ આ દેવદેવી, ગન્ધર્વ અપ્સરા, દિક્પાલો અને મહર્ષિઓ જરા આરામ લે અને સ્વર્ગંગગાની મીઠી લ્હેરોમાં જરા તાજાં થાય. આ દેવ, ગન્ધર્વ, દિક્પાલ વગેરેને ઊંઘ તો હોય જ નહીં; અને ચાર વાગ્યે તો એ સૌ સ્નાન કરી આસન વાળી પોતપોતાની ઉપાસનામાં મંડી પડે છેક સૂર્ય ઊગતાં લગી. એમને જરા વિસામા અને આસાયેશના કલાક આ બે જ, રાતના બેથી ચાર લગીના.

આપણો ગધેડો બરાબર બે વાગ્યે રાતે ભૂંકે. એને એવી ટેવ અને તે એવું ભૂંકે કે તેવું એ પોતે પણ બીજી કોઈ વખતે ભૂંકી ન શકે. દિવસે એ ભૂંકે તે તો શેરીમાં જ સંભળાય; સાંઝે ભૂંકે તે આખા ગામમાં સંભળાય; મધરાતે ભૂંકે તે એનું ભોં ભોં ચડે આકાશમાં; અને આ બે વાગ્યે ભૂકે તે તો. આકાશને ય ભેદી પેલીપાર જાય; એટલે છેક સ્વર્ગંગગાને કાંઠે નંદનવનમાં દાખલ થતાં આ દેવદેવી, ગંધર્વ, અપ્સરા, દિક્પાલો અને મહર્ષિઓ પણ એ બે વાગ્યાની ભૂંક સાંભળે.

(ઇતિ ગધેડાંની વાર્તાનું પ્રકરણ ૧લું સમાપ્ત.)

વસંતપંચમીની રાત હતી. શંકરનો તાંડવ નાચ ગંધર્વ ચિત્રરથ ભોળા શંકરનો વેશ લઈને નાચતો હતો. પાર્વતીનો લાસ્ય નાચ અપ્સરા મેનકા નાજુક પાર્વતીનો વેશ લઈને નાચતી હતી. હતી તો પાંચેમ. પણ સ્વર્ગમાં હંમેશ પૂનેમનો ચંદ્રમા જ પ્રકાશે. આ બે નાચવામાં ગુલતાં હતાં અને બીજા બધા તે જોવામાં છક્ક થઈ ગયાં હતાં. ત્યાં બાળક ગજાનને સૂંડ ઊંચી કરી. તેની છાયા પડી પાર્વતીનો વેશ લઈને નાચતી મેનકા ઉપર. એને વહેમ પડ્યો કે મારે ખભે આ કાળો નાગ ક્યાંથી ! તેનાથી મુક્ત થવા હાથ ઊંચો કરી ખભેથી નાગને ઊસેટવા ગઈ, ત્યાં એના તાલમાં પડી ભૂલ. અને એનો નાચ કથળ્યો, એટલે શંકરનો વેશ લઈને નાચતા ચિત્રરથે પોતાનો પણ અટકાવી દીધો. ગજાનન ઉપર દેવદેવી, ગંધર્વ, અપ્સરા, દિક્પાલ, મહર્ષિ, સૌને રીસ ચડી કે આ બાળક મકનિયા* એ તાલ બગાડ્યો. પણ બાળક એટલે તેને કરે પણ શું ? બહુ તો એકબે ચોંટી ભરે અને તેને રડાવે. પણ એને કંઈ બાંધી મરાય છે ? એટલે આ વસંતપંચમીની રાતે દેવોના દરબારમાં નાચ જરા વહેલો પૂરો થઈ ગયો. સૌ જરા વહેલાં નીકળી સ્વર્ગંગગાને કાંઠે નંદનવનમાં આવી પોતપોતાને મણિમય ઓટલે આરામ લેવા બેઠાં. અપ્સરા મેનકા, એની પુત્રી શકુંતલા અને અપ્સરા ઉર્વશી ત્રણે સાથે સ્વર્ગંગગાના એક બેટમાં એક જાંબુમણિની શિલા ઉપર બેઠાં ને જરા વિસામો લઈએ એમ ધારતાં 'તાં ત્યાં તો નીચેથી આ ભોં ભોં ભોંનો અવાજ ત્રણેએ સાંભળ્યો, કેમ કે તે જ ઘડીએ બે વાગ્યા, અને બીજા ટકોરા સાથે જ આપણો ગધેડો તો એની આદત પ્રમાણે ભૂંક્યો !


(ઇતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૨જું સમાપ્ત.)

મેનકા વિશ્વામિત્ર મહર્ષિની સાથે આ દુનિયાનું સુખ માણવાને પૃથ્વી પર આવેલી હતી; ઉર્વશી રાજાધિરાજ પુરુરવસ સાથે આ દુનિયાનું સુખ માણવાને પૃથ્વી પર આવેલી હતી અને આવેલાં ત્યારે એઓ બંને અહીં વર્ષો ને વર્ષો રહેલાં તથા અહીંનાં પશુ, પંખી, ઝાડ, વેલા, ગિરિ અને રણ, નદી અને નાળાં, ઉનાળાના તાપ અને હિમાલયના બરફ વગેરેથી વાકેફ થયાં હતાં. પણ તેને તો દાયકા ને દાયકા વીતી ગયા હતા અને તે દરમિયાન બંને પાછાં સ્વર્ગનાં ઉદ્યોગી ઉલ્લાસી જીવનમાં સામેલ થઈ પૃથ્વી વિષે પોતે જે જોયેલું જાણેલું તે ઘણુંખરું ભૂલી ગયાં હતાં. એટલે આ ભૂંડો, આ બેસૂર, બેતાલ, કાનને પીડતો, મગજને હેરાન કરતો, બાળકોને બીવડાવતો અને મોટાને ગુસ્સો તેમ દયા સાથે ઉપજાવતો અવાજ કોનો હશે, એવો અવાજ તે શા માટે કરતો હશે, એ કશું

* હાથીના બચ્ચાને મકનિયું કહે છે.



વિદાય (કલાકાર : શ્યાવક્ષ **ચાવડ**) જે વસ્ત્રાભુષણો દ્વારા ગામડાની લોકનારીઓ પોતાના જીવનમાં કલાને માણે છે તેને વફાદાર રહીને કલાકારે ચિત્રવિષયને અહીં સાદગીભરી સુંદરતાથી નિરૂપ્યો છે. સમગ્ર ચિત્રવિસ્તારને આવરી લેતા પાત્રલેખનને પડછે જે થોડીશી જગ્યા બચે છે તેમાંય તેમણે ગ્રામપ્રદેશની મોકળાશને સમાવી લીધી છે. રંગ અને ભાતથી ભભકભર્યું બનાવવા છતાંય પાત્રોની દેહભંગિ તથા મુખભાવોના સચોટ આલેખનથી વિદાય પ્રસંગના ગાંભિર્યને કલાકારે ચિત્રમાં બરાબર જાળવી જાણ્યું છે.



નિદ્રાધીન · ભારતની વાયવ્યે અફઘાનિસ્તાન અને તેની આસપાસ ભારતીય કલા–ખાસ કરીને શિલ્પ કલા સાથે ગ્રીક અને રોમન કલાનો સુંદર મેળ થઈ જે શૈલી વિકસી તે ગાંધાર કલાને નામે ઓળખાઈ. બેગ્રામ (અફઘાનિસ્તાન)માંથી મળેલ આ એક ૧૭ સે.મી.ના કદનું પ્લાસ્ટરનું બીબું છે. જેનો ઉપયોગ ચાંદીની તકતી ઢાળવામાં થયો હોવાનું મનાય છે. મદ્ય–શરાબના ગ્રીક અને રોમન દેવતા બેકસની કોઈ અનુયાયીનું તેમાં નિરૂપણ છે.

જ તેમને સમજાયું નહીં; પણ શકુંતલા તો પૃથ્વી ઉપર જ રહેતી હતી. હાલ તે પોતાની માતા મેનકાને મળવાને જ આવી હતી અને સ્વર્ગમાં માત્ર વસંતઋતુ જ ગાળવાની હતી. તેણે પોતાની માતાને અને માશીને કહ્યું, 'વાહ રે તમને તો પૃથ્વીનું હવે કશું જ યાદ રહ્યું નથી ને શું ? પૃથ્વી ઉપર તો હર કોઈ માણસ જાણે, જે આ અવાજ ગધેડાનો છે. ગધેડો એક ચોપગું, ઉદ્યોગી, ગરીબ, ઠાવકું જાનવર છે. એ સૌથી વધારે ઉપયોગી કુંભારને છે, અને કુંભારને જેઓ પ્રજાપતિ પણ કહે છે તેઓ ગધેડાને પ્રજાપતિનો ઘોડો કહે છે. પણ ઘોડો વેગમાં, કદમાં અને સુંદરતામાં ચડે; તોય ઉદ્યોગમાં કે ઉપયોગમાં ગધેડાથી કંઈ ચડે નહીં; અને અવાજમાં તો ઘોડો ગધેડો બેય ઠીક જ. અમે પૃથ્વી ઉપર બેયથી ટેવાઈ જઈએ એટલે અમને ઓછું લાગે. અહીં સ્વર્ગના જેવાં અતિ સુંદર અને મોહક ગાનતાન, નાચનાટક પણ પૃથ્વી ઉપર અમને જોવા-સાંભળવા મળે નહીં, એટલે અમારા કાન જ જરા બુઠ્ઠા અને બહેરા અને જૂઠા. તમારા સ્વર્ગવાસીઓના જેવા તીણા અને ઊંચી મધુરતાના સૂક્ષ્મ નમૂનાઓથી ટેવાયેલા નહીં; તે અમને તો નથી ગધેડાનાં ભૂંકવાથી કે નથી ઘોડાના ખોંખારાથી એવું કંઈ લાગી આવતું.' અને જાતે જરા ટીખળી એટલે શકુંતલાએ તો આ પણ ઉમેર્યું : 'બા, માશી, ચાલો પાછાં પૃથ્વી પર; થોડો વખત ત્યાંની પણ સહેલ કરો. ભૂલી ગયાં છો તે બધું તાજું થશે. સુંદરતા અને મધુરતાના અતિ સૂક્ષ્મ અનુભવોથી વાજ આવી ગયા છો, તે અમારા લોકમાં આવશો ક ની, એટલે તમારા કાન અને તમારા મગજ જરા રીઢાં થશે; જરાજરામાં કચવાય છે, બેચેન થાય છે અને ચીડવાય છે, તે પાછાં ઠેકાણે આવશે. આટલી બધી સૂક્ષ્મતા અને વિલાસિતા તો બા, કંઈ કામની નહીં. એક ગધેડાનો જરા સ્વર કાને પડ્યો અને કકળી ઊઠો છો ? જાઓ મારાં બાઈ ! બ્રહ્માવિષ્ણુમહેશે આખું બ્રહ્માંડ રચ્યું છે તે શું એકલાં દેવદેવી, અપ્સરા, ગંધર્વ જેવી ઊંચી યોનિઓ માટે જ રચ્યું છે ? એમાં ઘોડાને પણ સ્થાન છે, એમાં ગધેડાને પણ સ્થાન છે.'

(ઇતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ઉજું સમાપ્ત.)

પણ મેનકા અને ઉર્વશી જેવી આધેડ બાઈઓ ટિચૂકડી શકુન્તલાને ગાંઠે ખરી કે ! એ તો શકુન્તલાને જાંબુમણિની શિલા ઉપર એકલી મૂકીને ઊઠી ગયાં અને ચાલ્યાં આ અસહ્ય પીડાનો શો ઉપાય કરવો તેનો વિચાર કરવા. પણ તેથી શકુન્તલા એકલી પડી ગઈ એમ ન માનશો. સ્વર્ગવાસીઓ એટલે જિજ્ઞાસુ; કંઈ પણ નવતર જોવા - જાણવાનું સાધન દેખે તેને વળગે; કોઈ પણ નવો વિચાર સૂઝે, સાંભળે, વા વાંચે, તેનું મૂલ શોધવા અને તેને જુદી જુદી અનેક રીતે તપાસવા અને લાગુ પાડવા મંડી પડે; તેનું નામ સ્વાર્ગવાસી. તેમાં વળી પૃથ્વી ઉપરથી કોઈ ચીજ કે કોઈ માણસ આવ્યું હોય, ત્યારે એક પછી એક બધા જ સ્વર્ગવાસી તેની કને આવે જ. નવું આવેલું તે તો મેહમાન. તેની પરોણાગત કરવી જ જોઈએ. વળી નવું નવું સાંભળવા - જાણવાનુંય મળે.

મેનકા ઉર્વશી ઊઠીને ચાલતાં થયાં તેવો શકુન્તલા કને આવ્યો સુંદરતાની દેવી વિષ્ણુની અર્ધાંગના લક્ષ્મીજીનો લાડકો પુત્ર કામદેવ. કામ એટલે ઇચ્છા. કામદેવ એટલે ઇચ્છાનો દેવ. આપણા હૃદયમાં ન હોય ત્યાંથી અવનવી ઇચ્છાની કૂંપળો ફૂટે છે અને તેમાંથી ફૂલ બેસે છે અને ફળ આવે છે તે બધાનાં બીજ વાવનાર આ કામદેવ છે. એ બડો ખેડૂત છે. બ્રહ્માંડનો મોટામાં મોટો ખેડૂત એ જ છે. જ્યાં ને ત્યાં બીજ વાવ્યા જ કરે. તેમાંથી ફૂટે ઇચ્છારૂપ કૂંપળ. તેની વધીને થાય કામના રૂપ કળી. કળી વધે તેનું નામ વાસનારૂપ ફૂલ. ફૂલ પાકતાં ફળ લાગે અને ફૂલ ખરી પડે તેનું નામ કામસિદ્ધિ. શકુન્તલા પાસે આ કામદેવ આવીને બેઠો એટલામાં વાયુદેવ પણ ત્યાં જ આવ્યો અને વાયુદેવ એટલે અવાજ માત્રનો બ્રહ્મા. વાયુદેવ સ્વર્ગંગાનો પતિ છે અને પોતાની એ પત્નીની ચાલ ઉપર તથા તેના અંગેઅંગની મરોડ ઉપર આફરીન છે. એ મરોડ અને એ ચાલની લીલામાં જ તે તન્મય રહે છે અને મંદ મંદ હસ્યા જ કરે છે. એના હાસ્યની સુવાસ પાણીમાં પેસે છે અને સ્વર્ગંગગાના પાણીની ઠંડક એના એ વહેતા હાસ્યમાં પેસે છે; અને આ લીલા, આ વહન, આ રૂપ, આ ઠંડક, આ સુવાસ અને આ હાસ્ય સ્વર્ગમાં ખૂણેખૂણે ફેલાઈ રહે છે. તેથી જ સ્વર્ગ સ્વર્ગ છે. શકુંતલા કામદેવને પૂછે,* 'બાપુમામા, તમારી ખેતીકળાય અજબ છે ! ફૂલમાં રજ થાય, તે ઉપર પતંગિયું બેસે એટલે રજ તેના પગે ચોંટે, અને પતંગિયું ઊડી, બીજા ફૂલ પર બેસે, એટલે તે રજ ત્યાં વળગે. પતંગિયું નહીં ને મધમાખ, તે નહીં ને ચકલી દેવચકલી કે બીજું પંખી. પણ ક્રિયા આ જ. આમ ખાતર ત્યાં બીજ અને બીજ ત્યાં ખાતર પહોંચાડો અને ફળ નીપજે; તેમાં પાછાં બીજ થાય. શી તમારી ચતુરાઈ !'

(ઇતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૪થું સમાપ્ત.)

વાયુ કહે, 'અરે, શકુંતલાબહેન, એ તમારો બાપુમામો દેખાય છે નાનો, નબળો, રમતિયાળ, સ્વચ્છન્દી બાલક જેવો, પણ એની તો વાત જ ન કરશો. તમે પંખી પતંગિયાનું કહ્યું. પણ એ તો ભલભલા કને પોતાનું કામ કાઢી લે એવો છે. આ હું, આખા બ્રહ્માણ્ડનો શ્વાસોચ્છ્વાસ, હું નહીં ત્યાં કશું નહીં, હું હોઉં ત્યાં બધું જ, તેવાને પણ એ તો પોતાનું સાધન કરવાનો ને કરવાનો. વળી વિનંતી કરવા આવે, જે મોટાકાકા, મારું આટલું જરા સમારી આપશો, તે વાત જ નહીં. હું જતો હોઉં કે આવતો હોઉં, ચડતો હોઉં પડતો હોઉં કે વળ ખાતો હોઉં; ચક્રદાવ રમતો કે સુસવાટ પુરપાટ દોડતો, કે ગમે તે કરતો હોઉં, તે દરમિયાન એનાં અસંખ્ય

---

* મામો હોય, પણ પોતાની નાનો દેખાતો હોય, તે બાપુમામો.

બીજ મને વળગે જ, અનુચિતમાંથી ઉચિત જગાએ અને ઉચિતમાંથી અનુચિત જગાએ મારી પીઠે ચડી બેસીને જાય, અને અમલ કરે ત્યારે આ તમારા બાપુમામાની આજ્ઞાઓનો.'

કામદેવ કહે, 'અરે મોટાકાકા, બહેન શકુંતલા, તમે બસ એટલું જ જાણો છો કે ? તો લ્યો તમને વધારે પણ કહું. તમે તો માત્ર ફૂલ, બીજ, પંખી એવી એવી વાત કરી. પણ જે ઊંચી યોનિઓમાં બ્રહ્માએ સ્ત્રીજાત અને પુરુષજાતને અલગ શરીર આપ્યાં છે તેમના જીવનમાં હું પ્રવેશું છું ત્યારે તેઓ એકબીજાને આકર્ષવા કંઈ કંઈ કરે છે. તેમની ઇચ્છા ગતિનું રૂપ લે, ગાનનું લે કે વાણીનું. તે એકનાં ગતિ વાણી ને ગાન બીજાને પહોંચાડે છે કોણ વારુ ? આ મારા મોટાકાકા વાયુદેવ ! એઓ કહે છે, હું વિનંતી કરતો નથી, જણાવતો નથી. પણ હું તે કેટલી વિનંતીઓ કરું, કેટલી વાર જણાવું, વારુ ? અને ધારો કે હું તેમ કરું, તો એમને એ બધીયે વાત સાંભળવાનીય ફુરસદ જ ક્યાં છે જે ? કામ એવાં કુદરતી, તે આપોઆપ થઈ જતાં જ હોય, કામ એટલાં અસંખ્ય કે બ્રહ્માંડને ખૂણે ખૂણે કાલ પિતામહની પલેપલ તે ચાલી જ રહ્યાં હોય, ત્યાં કહેવાં કહાવવાં વિનંતીઓ અને પરવાનગીઓને અવકાશ જ ક્યાં છે વારુ ?'

(ઇતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૫મું સમાપ્ત)

દરમિયાન અહીંથી ઊઠી ગયેલી મેનકા અને ઉર્વશી અહીંથી વિચાર કરવાને ઊઠી ગઈ હતી તે વિચાર કરી લઈને ગઈ મહર્ષિ વૈદ્યરાજ ધન્વન્તરી પાસે. એ મહર્ષિ આરામ અને આસાયેશનો વખત ડિલ ચોળીને નહાવામાં જ ગાળતા હતા. એવી એમને ટેવ હતી. જ્યારે નવરા પડે ત્યારે ડિલ ચોળતા કે ચોળાવતા હોય, દાબતા કે દબાવતા હોય, અથવા નહાતા હોય. એમને પોતાની તનદુરસ્તી જાળવવા માટે ત્રણ વાતમાં જ શ્રદ્ધા હતી. પહેલી વાત કામ સાથે કામ ! જ્યારે કામ હોય ત્યારે તેની પાછળ મંડી જ પડતા. ન જુએ લીલું ન જુએ સૂકું; ન જુએ સવાર ન જુએ સાંઝ. ખાવાનું ય ભૂલી જાય. અને સ્વર્ગમાં ઊંઘ તો મુદલ ન મળે એ ઉપર આવી ગયું. કામ વિનાના ન રહેવું, જે આવે તે પૂરેપૂરી ખંતથી કરવું, તેમાં જ મશગુલ થઈ જઈ આનંદ માણવો, કામ ન હોય તો ગમે ત્યાંથી જાતે ઊભું કરી તેને વળગવું, પૂરે એકાગ્રતાથી કરાતું કામ એ જ જીવનની વાસ્તવિક અમરતા. આ એમની પહેલી શ્રદ્ધા હતી. વળી રોગ, અશક્તિ, બેચેની, જડતા, નીરસતા, મૃત્યુ એ સર્વને તે એક જ બાબતની જુદી જુદી મુદ્રાઓ માનતા અને તેના પંઝામાં પોતે સપડાઈ ના જાય તેટલા સારુ તેઓ રોજ નિયમિત રીતે ગમે તેટલું કામ હોય તથાપિ પૂરતો વખત કહાડીને બે દોષમાંથી મુક્ત વિમુક્ત, અત્યંત મુક્ત થવાને મથતા. પહેલો દોષ મેલ; બીજો દોષ-લોહીની મંદતા. આ મંદતા બને તેટલી દૂર રાખવાને તેઓ ડિલ ચોળાવતા, દાબતા-દબાવતા : આ મેલ દૂર રાખવાને પણ તેઓ ડિલ ચોળાવતા અને નહાતા. ચોળ્યા જ કરતા; ચોળાવ્યા જ કરતા. દાબ્યા જ કરતા અને નાહ્યા જ કરતા. ખાસ કરીને વિસામા અને આસાયેશના કલાકોમાં.

મહર્ષિઓમાં શક્તિ હોય. માટે જ તે મહર્ષિ કહેવાય. માણસ સામે જોતાં જ જે તેના મનની વાત કળી જાય, પેલો હજી તો બોલ્યોય નહીં ત્યાં, તેનું નામ મહર્ષિ. મેનકા અને ઉર્વશી આ જાણતાં હતાં એટલે તેઓ કશું બોલ્યાં નહીં. માત્ર આવીને પોતપોતાના બે સુંદર હાથ જોડી તે ઉપર પોતાનાં વધુ સુંદર મસ્તક નમાવીને અરજદારની જેમ ઊભાં રહ્યાં. ધન્વંતરી કહે, 'વિલાસિનીઓ-' આ પણ મહર્ષિઓને એક આદત હોય છે. જે માણસો માત્ર પોતાના તાનમાં ગુલતાન રહે, પોતાની પ્રવૃત્તિથી કોઈની સેવા થતી હોય તથાપિ તે સેવાની જેમને પરવા નથી, તે તો પોતાના તાનાનંદને લઈને જ પોતાની પ્રવૃત્તિમાં મચ્યા રહે છે, તેવા તમામને મહર્ષિઓ 'વિલાસી' કહે છે. ધન્વંતરી કહે, 'વિલાસિની, તમને વિચાર કરતાં લાગ્યું કે, ગધેડાંની ભોં ભોં ભૂંક રોગની જ નિશાની હોવી જોઈએ. જે ભૂંકથી તમને આટલું દુ:ખ થયું, તે ભૂંક તેના ઉચ્ચારનારનો પણ દુ:ખનો ઉદ્‌ગાર હોવો જોઈએ. વળી ગધેડો ભૂંકે તેટલી વાર વધુ તીવ્ર કે ઓછો પણ આવો દુ:ખનો જ ઉદ્‌ગાર કરે છે, તો ગધેડો જાતે મહારોગી હોવો જોઈએ. અને તમારું અનુમાન તમને એટલું તો ચોક્કસ લાગે છે કે, એ મહારોગીની તમને દયા આવી અને એના ઉપચાર કરી કરી એને નીરોગી બનાવવાની વિનંતી કરતાં તમે અહીં આવીને ઊભાં છો. કેમ, ખરું કે ?'

મેનકા-ઉર્વશી કહે, 'જી, આપ યથાર્થ જ બોલો છો. બાપડા ગધેડાને નીરોગી બનાવો. એ ઉદ્યોગી ઉપયોગી પ્રાણી નીરોગી બનતાં વધુ ઉદ્યોગી-ઉપયોગી પણ થશે. મહા દુખિયારું છે તે સુખી થશે અને સુખી માણસના જેવો અવાજ કુદરતી રીતે જ પામશે, એટલે કે એની ભૂંક, હાલ એમાં છે તે કઠોરતા, ભયાનકતા, બેચેન વિલાપ આદિ દોષોથી મુક્ત થઈ કદાચ સુંદર ન બને તોયે તે સહેવા જેવી તો બનશે.

(ઇતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૬ઠ્ઠું સમાપ્ત.)

બ્રહ્મર્ષિ જેને વિલાસી કે વિલાસિની ગણે છે તેને પણ જેટલી વાર બોલે તેટલી વાર એ જ શબ્દથી વધાવતા નથી. એટલે ધન્વંતરી મેનકા અને ઉર્વશીને કહે, 'બહેનો, તમે જાણો છો કે મને વિનંતી નકારવી ગમતી નથી. જેટલા વૈદ્ય એટલા પ્રયોગખોર, અને વૈદ્યને જેટલા રોગી દવા કે બીજો ઉપચાર ઇચ્છતા આવે તે દરેક નવા પ્રયોગ અજમાવવાનું ક્ષેત્ર. એટલે રોગી પોતે આવે ત્યારે, તે ધારો કે રોગી ના હોય, તથાપિ તેની વિનંતી માન્ય રાખવી. બીજો નહીં ત્યારેય એ ભ્રમરૂપ રોગ એનામાં છે તે દૂર કરવાને બનતો પ્રયાસ કરી જોવાની અમારી ફરજ જ છે. પરંતુ એ

તો જેને દવા આપવાની છે અથવા જેના ઉપર ઉપચાર કરવાનો છે તે જાતે આવ્યો હોય તેવા પ્રસંગની વાત. અહીં જુદી જ બીના છે. દવા કે જે લાગુ પડતો હોય તે ઉપચારની વિનંતી તમે કરો છો, પણ તે અજમાવવાનું છે ત્રીજા ઉપર. હવે એ તમને પોતાની ભૂંકે રોગી લાગે છે તે ગધેડો રોગી હો કે ન હો, એ તો જે હો તે હો, પણ જે કોઈ વૈદ્ય આમ ત્રાહિતની વિનંતી ઉપરથી અમુકને રોગી માની લઈને તેને દવા આપવા જાય, તે વૈદ્ય તો જાતે ગધેડો કહેવાય એટલું નક્કી. અને વળી મને કોઈ કોઈ વાર અતિ વિચિત્ર ઇચ્છાઓ થઈ આવે છે એ પણ નક્કી, તોપણ હજી મારા ધંધા બંધુઓમાં હું ગધેડો ગણાઉં એવી ઇચ્છા મને થઈ જ નથી; એટલે મને માફ કરશો. તમે માગો કે કોઈ પણ ત્રાહિત માગે અને આપવી ગધેડાને, એવી દવા મેં કદી કરી નથી, કદાપિ કરીશ પણ નહીં; માટે મારી કને વખત ગુમાવ્યે મળવાનું નથી. તમે જેવો સૂઝે એવો બીજો વિચાર કરશો. સિધાવો.

(ઇતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૭મું સમાપ્ત.)

મેનકા-ઉર્વશી પાછી વળી એટલે ધન્વંતરીને મનમાં વિચાર આવ્યો : 'હજી મારામાં કૈંક અક્કલ છે ખરી. સારું થયું ને કે મેં મારી જાતને ગધેડો કહ્યો ! પોતે પોતાની જાતને ગાળ દઈ શકે તે માણસની નમનતાઈ. અને નમનતાઈવાળું માણસ કુંદન, બાકી બધાંયે કથીર. પણ માગે રામ ને દવા દેવી રાવણને તે આપનાર વૈદ્ય જો ગધેડો, તો એ માગનાર રામ પણ કેવો ગણાય વારુ ? ત્યારે સારું થયું ને કે મેં માત્ર મારી જાતને ગધેડો કહ્યો ! આ અપ્સરાઓને એ ઉપનામ દીધું હોત તો આ સ્વર્ગમાં અને નંદનવનમાં મારો શો ફજેતો થાત ! એ અપ્સરાઓ પણ જાત તો બૈરીની. ને તો કોયલડી ચકલી કાબર એને કાગડીએ મેના ને એ હોલી સાથે મળીને પોતાનામાંની બેને ગધેડી કહેવા માટે કિલબિલાટ કરી મૂકત, અને આ ગધેડાની ભૂંકથી એ બે મુલાયમ પરીઓને જે ચૂંક આવી તે કરતાં, એમના ઘોંઘાટ અને એમના ઘસારાથી મારું ભેજું ખરેખર વધારે પાકી આવત. સારું થયું મેં મારી જાતને જ ગાળ દીધી; અને એઓ ભલે ગધેડી નહીં, પણ અક્કલ એમની જરા ઓછી તો ખરી, કેમ જે જે લાગુ એકને તે લાગુ સૌને એવો દીવા જેવો નિયમ પણ હજી એમના ધ્યાનમાં નથી. એઓ તો પોતાનાં ગાનતાન વિલાસમાં જ ગરકાવ રહે છે. હશે. ભેંશના શિંગ ભેંશને ભારે, અક્કલની ઓટ ત્યાં વક્કરનીયે ખોટ : આપણે શું ? ચલાવો આપણે તો આપણું ઘસ બે ઘસ દાબ બે દાબ, એ આપણું દસ્તૂર પ્રમાણેનું રોગવિનાશક અમરત્વ ટકાવનારું તંત્ર.

(ઇતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૮મું સમાપ્ત.)

મેનકા અને ઉર્વશી ધન્વંતરી કનેથી પાછી જતી'તી ત્યાં એમના ઉપર સરસ્વતીની નજર પડી. સ્વર્ગંગામાં શતદલ સહસ્રદલ અને પદ્મદલ વિવિધરંગી વર્તુલોવાળાં કમલો તો અસંખ્ય થાય છે. વળી પૃથ્વી ઉપરનાં કમલ તો દિવસે ઉઘાડાં અને રાતે બિડાઈ જાય, પરંતુ આ નંદનવનમાં થઈને સ્વર્ગંગા વહે છે તેટલા ભાગમાં કમલ બિડાય જ નહીં. રાતે પણ પ્રફુલ્લ રહે એવો એટલો કમલને સૂર્યદેવનો પરવાનો છે. દેવોએ જ્યારે પોતાના બગીચા લેખે આ નંદનવનની રચના કરી ત્યારે દરેક દેવે વચન આપેલું જે મારે આ બગીચાનો બહાલ વધારવાને તેમાં એક ઉત્તમ અલંકરણ જાતે ઉમેરી દેવું. તે પ્રમાણે સૂર્યદેવે નંદનવનનાં કમલોને પરવાનો આપેલો પણ આ તો આડવાત થઈ ગઈ. પાછા મૂળ વાત ઉપર આવીએ. નંદનવનમાંની એ સ્વર્ગંગાનાં કમલો વચ્ચે રાજહંસો પણ સંખ્યાબંધ પોતપોતાની હંસી સાથે આમતેમ સેલ્યા કરે. ભૂખ લાગે ત્યારે જરા કાંઠે જઈ કે બેટ પાસે જઈ ત્યાંની મણિમય શિલામાંથી ચાંચપ્રહારે કણિ ખેરવી થોડી હંસીને ચણાવે, થોડી પોતે ચણે, તે કણિ એમના મુખમાં પડતાં જ મણિ મટી મોતી બની જાય. વળી એમની જીભ અડકતાં તે પીગળવા માંડે અને તેનો રસ એમના પેટમાં ઊતરે એ જ એમનું અન્ન, એ જ એમનું પાણી, એ જ એમનો મુખવાસ, એ જ એમનું ચવેણું. અને દેવો ને દેવીઓ, ગંધર્વ અને અપ્સરાઓ, દિક્પાલો અને મહર્ષિઓ જ્યારે લાલમણિ નીલમણિ શ્વેતમણિ આસમાનીમણિ સોનેરીમણિ, ઘાસમણિ અને ચંદ્રમણિની શિલાઓ ઉપર વિસામા અને આસાયેશના સમયમાં આડાં થાય ત્યારે સરસ્વતી દેવી તો આ કમલ કે આ હંસ ઉપર જ પોતાનું આસન માંડી સ્વર્ગંગાનાં જલવાયુની લહેરે અને હંસની ગતિએ, જેમ ડોલે તેમ તેની સાથે પોતાની ચાર તૂમડિયા વીણાના સૂર મેળવતાં જ હોય. પૃથ્વી ઉપર આપણી વીણા એક તૂમડાની કે બહુ તો બે તૂમડાની થાય છે, ત્યારે સરસ્વતીના વીણાદંડને દરેક છેડે બે એમ ચાર તૂમડાં હોય, અને એ દરેક તૂમડા એટલે સૂરસંગ્રહ. તેને વેદ પણ કહે છે. તેથી જ વેદોની સંખ્યા ચાર છે, નથી ચારથી વધારે, નથી ચારથી ઓછી.

(ઇતિ ગધેડાંની વાત્તા પ્રકરણ ૯મું સમાપ્ત.)

મેનકા અને ઉર્વશી ધન્વન્તરીની પાસેથી પાછી જતી'તી ત્યાં સરસ્વતીની નજર એમના ઉપર પડી, અને બે વાગ્યાથી અત્યાર લગીમાં એમણે તો વિસઃમો અને આસાયેશ મેળવવાને બદલે એક માત્ર ગધેડા જેવા નિર્દોષ પ્રાણીની કુદરતી ભૂંક ઉપરથી આ વ્યર્થ, આ લાંબી અને ચોડી મગજમારી કરી છેક દેવવૈદ્ય લગી દોડી પણ ગયાં, વળી ત્યાં નફામાં ગધેડીનો ઇલકાબ મેળવતાં જરામાં જ બચી ગયાં, એ બધી વિગત સરસ્વતીના મસ્તકમાં પાંપણના પલકારાની સાથે આવી ગઈ. એટલે સરસ્વતીને પણ સ્મિત આવ્યું, અને પૃથ્વી ઉપર બહુ જ રૂપાળા બાળક સ્મિત કરે ત્યારે આપણે તેમાંથી ફૂલ ખરતાં દેખિયે છિયે, તેમ સરસ્વતીદેવીને સ્મિત આવતાની સાથે એમના પ્રવાળાં જેવા ઓઠમાંથી કવિતા ખરી, તે આ :

ગધેડાની ભૂંક,
ભૂંક જેવી ભૂંક,
તેની અપ્સરાને ચૂંક :

ગઈ રે અપ્સરા દ્રોડી
જાણે નન્દનવનની ઘોડી
પણ અક્કલ ન મળે કોડી : હા ! હા ! હા !

(ઇતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૧૦મું સમાપ્ત.)

હવે બ્રહ્માજીએ આ બ્રહ્માંડ રચ્યું તેમાં અક્કલની વહેંચણ માટે એમણે અજબ માયાવી પેચ એવો રાખ્યો કે અક્કલનો અખૂટ ભંડાર બનાવી દીધી પોતાની પુત્રી દેવી સરસ્વતીને, અને આ પોતાની બાલિકાને તેમણે સંગીત, નૃત્ય, વેદવેદાંગ, શાસ્ત્રવિજ્ઞાન આદિ ચોસઠે વિદ્યાકલામાં જન્મથી જ એટલી તો પારંગત બનાવી, કે કોઈના જ્ઞાન, કોઈની વિદ્યા, કોઈની પણ અક્કલ વિષે દેવી સરસ્વતીને ઊંચું મત હોય જ નહીં; જે પર એની નજર પડે તે એને તો અક્કલમાં કે વિદ્યામાં, કલામાં કે અનુભવમાં ઓછું જ દેખાય. અને સરસ્વતી દેવી આ પ્રમાણે સામા માણસની જેમ જેમ ખામી જુએ અને ટીકા કરે, તેમ તેમ તેનામાં અક્કલ વિદ્યા કલા અને અનુભવમાંથી જે વિશેષ ખૂટતું હોય, તે તે જ ક્ષણે જરા વધે. સરસ્વતી દેવીએ મેનકા ઉર્વશીમાં ખામી જોઈ, તે જ ક્ષણે પૃથ્વી ઉપરનો કોઈ ગધેડો ભૂંક્યો ભોં ભોં ભોં. વળી વાયુદેવ જે કામદેવ અને શકુંતલાની સાથે જાંબુમણિની શિલા ઉપર લહેરમાં બેઠો છે. તેની તો આપણને ખબર છે. એટલે આ ભૂંક જેવી આકાશમાં ચડી તેવી વાયુદેવે તેને નંદનવનમાંય લીધી, પણ સાથે તેમાં પોતાની સ્મિતલહરનો એક જ વળ ભેળવી દીધો. અને આ નવી ભૂંક કુદરતી રીતે મેનકા-ઉર્વસી પાછાં આવતાં'તાંને એમના કાનને અથડાઈ. ત્યારે બંને ત્યાં ને ત્યાં ઊભાં થઈ ગયાં, બેએ અન્યોન્ય સામે જોયું. એકબીજાના વિચાર બંને જાણી ગયાં અને બંને સાથે લાગાં જરા સ્મિત કરતાં કરતાં આવી પહોંચ્યાં મૂળ થાનકે, જ્યાં વાયુદેવ કામદેવ અને શકુન્તલા જાંબુમણિની શિલા ઉપર વિસામો અને આસાયેશ લેતાં હતાં. શકુન્તલા પૂછે, 'બા, માશી, શું કરી આવ્યાં ? બિચારા ગધેડાને ફટકારશો બટ કારશો નહીં ને ?' બંને કહે, 'ના રે બહેન, ફરીને હમણાં જ અમે એની જ ભૂંક સાંભળી. તે તો કંઈ એવી દુષ્ટ બેડોળ બેતાલ ન લાગી. એક જ ભૂંક અચાનક સંભળાતાં કોઈ વાર આઘાત જેવું લાગે, પણ તેમાં એ બિચારા ઉદ્યોગી ઉપયોગી પ્રાણીનો શો દોષ ! ગધેડાં ભૂંકે, ને ઘોડા ખોંખારે. જેવી જેની કુદરત. તેમાં ત્રાહિત માણસ કંઈ વાંધો ઉઠાવે તો જાણવું કે એના પોતામાં કંઈક ગધેડા-ગધેડીના અંશ હોવા જોઈએ. વારુ ચાલો એ તો. પણ અમે ત્રણ અહીં આ જાંબુમણિ પર ભરાઈને શું શું કરતાં'તાં, કહો જોઈએ ?

(ઇતિ ગધેડાંની વાત્તા સંપૂર્ણ)

(૧૧૬)

તમે જાણો છો ?

મહિનાના દિવસ ત્રીસ ને વરસના મહિના બાર. વરસના દિવસ ત્રણસો ને સાઠ. આ તો વેપારી હિસાબ માટે કોઠો છે. પણ ચંદ્રનો મહિનો ૨૯॥ દિવસનો ને વરસ ૩૫૪ દિવસનું.

ચંદ્રને પૃથ્વીની આસપાસ ફરતાં ૩૫૪ દિવસ લાગે ને પૃથ્વીને સૂર્યની આસપાસ ફરતાં ૩૬૫ દિવસ થાય. ૩૫૪ દિવસનું વર્ષ, તે ચાંદ્ર વર્ષ ૩૬૫ દિવસનું તે સૌર્ય વર્ષ.

ખ્રિસ્તી વરસમાં ૩૬૫ દિવસ ગણાય છે. સૌર્ય વર્ષનો મેળ મેળવવા ખ્રિસ્તી વરસામાં દર ચાર વર્ષે એક દિવસ વધે છે, પણ સો વર્ષે, વળી વધઘટ થાય એટલે સૈકાના વર્ષમાં ૩૬૬ને બદલે ૩૬૫ દિવસ રહે.

હિંદુ વર્ષ ૩૫૪ દિવસનું. સૌર્ય વર્ષ સાથે મેળવવા દર ત્રીજે વરસે અધિક માસ આવે. અધિક માસને પુરુપોત્તમમાસ પણ કહે છે. વળી કેટલેક વરસે દિવસમાં વધઘટ આવે એટલે વળી કોઈવાર ક્ષય માસ આવે.

ચાંદ્ર માસ ૨૯॥ દિવસનો; એટલે એક મહિને અમાસ પછી પડવો ને પછી બીજ આવે; તો બીજે મહિને અમાસ પછી તરત બીજ આવે. અમાસને દિવસે ચંદ્ર ન દેખાય. તે પછી જે દિવસે ચંદ્ર દેખાય તે બીજ ગણાય.

હિંદુનો મહિનો પડવેથી લેખાય. મુસલમાનનો બીજથી હિંદુ વર્ષ ૧૨ માસનું; મુસલમાનનું અગિયારનું. આથી મુસલમાનના મહોરમ એક વરસ ભાદરવામાં આવે બીજે વરસ શ્રાવણમાં ને ત્રીજે વરસ અષાઢમાં.

અંગ્રેજી તારીખ રાતે બાર વાગ્યે બદલાય, હિંદુ તિથિ સવારે સૂર્ય ઊગ્યે બદલાય અને મુસલમાન તારીખ (દિન) સૂર્ય આથમ્યે બદલાય.

પ્રોફેસર : મને પચ્ચીસ મિલિલિટર એસીલલ આઈસો થીઓલ સાઈઆનેટ આપો.
કેમિસ્ટ : અહો, આપને રાઈનું તેલ જોઈએ છે એમ કહોને !
પ્રોફેસર : હા, પણ એ નામ યાદ રહેતું નથી.

તોફાની!

એના કાકાએ કહ્યું, એની મોટી માએ કહ્યું, વૃદ્ધ વત્સલ દાદાએ પણ કહ્યું : તોફાની ! પણ એક અજાણી બાઈએ તો બીજું જ કંઈક કહ્યું.....

– યશવન્ત શુક્લ –

ઘડિયાળનો કાચ ફૂટ્યો એમાં એકલા રમેશનો જ વાંક નહોતો; છતાં જ્યારે નટવરકાકાએ પોતાને ત્રણ લપડાકો જડી દીધી અને કનુને માત્ર આંખો કાઢીને જતો કર્યો ત્યારે રમેશને ખૂબ માઠું લાગ્યું. કનુ એની ફોઈનો દીકરો ને ઉપરાંત દોસ્ત થતો હતો. એની સોબતની હૂંફે જ દાદા-દાદી સાથે રહેવાનું કનુએ સ્વીકાર્યું હતું. એના પિતા જે જગ્યાએ નોકરી કરતા હતા ત્યાં એમની સગવડ સાચવવા માટે એની બાને ગયા વિના ચાલે એમ નહોતું, પણ એ જાય ને જોડે રમેશને લઈ જાય તો વગડા જેવા એ સ્થળમાં નિશાળ નહીં હોવાથી રમેશનું ભણતર બગડે એમ હતું. પરિણામે રમેશ દાદા-દાદીની સાથે રહે ને બા જાય એમ ઠર્યું. રમેશે પ્રથમ તો વાંધો ઉઠાવ્યો, પણ કનુ લાંબો વખત મોસાળ રહેવા આવેલો ને વળી નિશાળમાં પણ દાખલ થયેલો તેથી ગમ્મત આવશે કરીને રમેશે એકલા રહેવાની હા પાડેલી. પણ એની સોંપણી કરીને બાને ગયાને ચારપાંચ દિવસ થયા હશે ત્યાં તો ઉપરનો પ્રસંગ બન્યો.

બન્યું હતું એમ કે રમેશ અને કનુ લાકડીઓ લઈને ઘરમાં જ દાવ ખેલતા હતા. ખેલતાં ખેલતાં બંનેએ લાકડીઓથી યુદ્ધ ખેલવું શરૂ કર્યું. અકસ્માત કનુની લાકડી, મોટું વાગતું ઘડિયાળ જે ખોખામાં મૂક્યું હતું તેના કાચને લાગી ગઈ અને કાચ ફૂટ્યો. રાંધણીમાંથી મોટી માએ આથી જે ટહુકો કર્યો તેથી બંને લાકડીઓ પડતી મૂકીને ભાગ્યા. પણ એ વાત કાંઈ છાની રહે એમ ઓછી જ હતી ? જ્યારે નટુકાકા બહારથી આવ્યા ત્યારે તેમણે આ પરાક્રમ જોયું ને સારી પેઠે ચિડાયા. ઘરમાં શોખની ને ખપની રઢિયાળી ચીજો વસાવવાનો ને કાળજીથી એ ચીજોને જાળવવાનો એમનો નાદ જબરો હતો. એ ચિડાય તે સમજી શકાય એમ હતું. પણ હાથમાં આવ્યા પછી એમણે રમેશને સજા કરી અને કનુને જતો કર્યો એ રમેશને વસમું લાગ્યું. એને કનુ પ્રત્યે કાંઈ જ દ્વેષ નહોતો, ઊલટું કનુ ઉપર એને અથાગ પ્રેમ હતો અને એને કનુ પ્રત્યે કાંઈ જ દ્વેષ નહોતો, ઊલટું કનુ ઉપર એને લીધે તો એણે અહીં રહેવાનું સ્વીકાર્યું હતું. પણ ઘડિયાળના ખોખાનો કાચ તો કનુની જ લાકડીથી ભાંગ્યો હતો. રમવામાં પોતે સામેલ હતો માટે ભલે પોતે પણ સજા પામે, છતાં કનુ સાવ રહી જવો જોઈતો નહોતો. છતાં જ્યારે કાકાએ જાણીજોઈને કનુને ટાળ્યો ત્યારે બાના ગયા પછી પહેલી જ વાર એ દુભાયો ને સોરામણ પણ વેઠી. કનુએ જે હર્ષથી શિક્ષામુક્તિને ઊજવી તેથી એ ચિડાયો ને કનુ પર એને માઠું પણ લાગ્યું. પણ આ સઘળા દુ:ખના કારણરૂપ નટુકાકા ઉપર એને ખૂબ રોષ ઊપજ્યો. એનું ચાલત તો એ સામો એમને ત્રણ લપડાક ચોડી દેત, પણ એમ કરવાનું એનું ગજું નહોતું, એટલે એણે રડતે ઘાંટે ચલણી ગીત ગાયું :

નટવર નાડી, નાત જમાડી,
નાતમાં ઘી ખૂટ્યું ત્યારે બાયડીને મારી...

એ ગીત પૂરું કરવાનો એને અત્યારે ઉમળકો નહોતો. પણ ડુસકાયેલા આ ગીતની પણ ધારી અસર થઈ. નટુકાકા ચિડાયા ને 'ઊભો રહે તું' કરતા એની ઉપર ધસી ગયા. રમેશને નાસવું હતું જ નહીં. 'લો મારો' કહીને એ છાતી કાઢીને ઊભો રહ્યો. કાકાએ પાસે આવીને એની કાનપટ્ટી પકડી, સહેજ આમળી પણ ખરી, ને તડૂક્યા : 'હરામખોર ! કાચ ભાંગ્યો ને ઉપરથી નાને મોઢે મોટું બોલે છે ?'

'મેં કાચ ભાંગ્યો જ નથી. પૂછો કનુને.'

'એને શું પૂછવાનું છે ? તું નહોતો રમતો લાકડી વતી ?'

'રમતો 'તો, પણ કાચ કનુથી ભાંગ્યો છે. તમે મને એકલાને શા માટે માર્યો ? મારવા'તા તો અમને બંનેને મારવા 'તા.'

'કનુ, તારા જેવો નપાવટ નથી તો. જો એ કેવો ડાહ્યો છે ?'

તિરસ્કારથી રમેશ કાંઈ જ બોલ્યો નહીં. નટુકાકાએ આથી કનુને પૂછ્યું : 'કનુ, કાચ તારાથી ભાંગ્યો છે ?'

'ના.' સ્વાભાવિક રીતે જ કનુ જૂઠ્ઠું બોલ્યો. કાકાએ પોતાના દોષના ડંખને કાઢવા વાસ્તે કનુને પ્રશ્ન પૂછ્યો હતો. પણ કનુના જુઠાણાએ દોષ પર ન્યાયનો ઓપ ચડાવ્યો તેથી કાકામાં હિંમત આવી, અને કાનપટ્ટીને જરીક વધુ આમળીને કહ્યું : 'ગા, ગા, પેલું નટવર નાડીવાળું ગીત ગા !'

રમેશે ગાયું નહીં, પણ એની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ ટપકવા માંડ્યાં. કાકાએ એને છોડી દીધો. એને કનુ ઉપર પણ ખૂબ રોષ ચડ્યો ને સૌની સાથે બોલવાનું બંધ કરી દઈ એ બહાર ચાલ્યો ગયો. ખાવા પણ એ ન આવ્યો. કનુ એક વાર બોલાવવા આવી ગયો, પણ 'તારે મારી જોડે બોલવું નહીં' કહી એને ધુતકારી નાખ્યો. પછી કોઈ બોલાવવા પણ આવ્યું નહીં.

બપોરના બારએક વાગ્યા હશે ત્યારે લાકડી ઠોકતા ઠોકતા દાદા બહારથી આવ્યા, નહાયા અને જમવાની તૈયારી કરવા

લાગ્યા. એમની ટેવ મુજબ બધા જમ્યા કે નહીં એની એમણે પૂછપરછ કરી ત્યારે નહીં જમનારામાં રમેશનું નામ નીકળી આવ્યું ને મોટી માએ વિસ્તારથી એનો વાંક પણ વર્ણવી બતાવ્યો. પણ દાદા પર કશી અસર થઈ નહીં. લાકડી લઈને એ ફળિયામાં આવ્યા ને રમેશને સાદ પાડ્યો. રમેશ આવ્યો. દાદા એને ખાવા માટે આગ્રહ કરવા લાગ્યા ત્યારે એણે ના કહી દીધી ને કાકા સામેની ફરિયાદ રજૂ કરી. જ્યારે દાદાએ કાકાને વઢવાની ખાતરી આપી ત્યારે જ એ જમવા ગયો.

દાદાએ ઘરમાં આવીને નટવરકાકાને ઠપકાર્યા. પણ દાદા ઘરડા થયા હોવાથી એમનો કડપ ઓછો થયો હતો; વળી નટવર એમનો સૌથી નાનો દીકરો, ઝાઝો મોંએ ચડાવેલો, તેથી એણે તો ડોસાને ઊલટા ઊધડા લીધા : 'એમ બાપાબચોલા કરીને તમે જ એને બગાડવાના છો. નથી લેસન કરતો, નથી પાંસરો ઠરીને બેસતો, ને આખો દિવસ અહીંથી તહીં ડો ગોવાળિયા ડો કર્યા કરે છે. તમે મહેરબાની કરીને એને મોંએ ન ચડાવો તો સારું. બાકી હું તો એને પાંસરો દોર જ કરી નાખીશ.'

'કર્યો કર્યો હવે.' દાદાની સોડમાં બેસીને હિંમતથી રમેશે સંભળાવ્યું.

'બેસ, ચબાવલા !' કાકાએ આંખો તતડાવીને કહ્યું. પણ રમેશે એમના ચાળા પાડ્યા ને ક્રોધથી કાકા સમસમી રહ્યા. દાદાએ રમેશને સહેજ વાર્યો ને આ પ્રકરણ અહીં સમાપ્ત થયું.

એ કુટુંબમાં દીકરાના દીકરા કરતાં દીકરીના દીકરા ઉપર વધારે વહાલ વરસાવવામાં આવતું હતું. અપવાદરૂપ કહી શકાય એવું એમાં કોઈ નહોતું. દાદાને કુટુંબનો વેલો વધતો રહે એવી ઇચ્છા હશે તેથી રમેશ પ્રત્યે પ્રેમ હતો, પણ કનુ કરતાં ઓછો. કનુ એનાં શ્રીમંત માબાપનો એકનો એક દીકરો હતો અને એમની શ્રીમંતાઈનો પ્રભાવ આ કુટુંબ ઉપર ઝાઝો પડ્યો હતો, એટલે પણ કનુ તરફ વિશેષ પક્ષપાત હતો. મોટી માને મન તો રમેશ જાણે હોય જ નહીં એમ કનુ ઉપર જ હેત ઠાલવવાનું સૂઝતું. એકને હેત ને બીજાને છાસિયાં કરીકરીને એમણે રમેશનો ધિક્કાર વહોર્યો હતો. કાકાનું પોત પણ પ્રકાશ્યું ને દાદા જ નભાવી લેવાય એવા લાગ્યા. પણ વેરાઆંતરાનું આ વાતાવરણ રમેશને હવે અસહ્ય થઈ પડ્યું. એવી બાને આ વાતાવરણની ઝાંખી તો થઈ જ હતી, પણ પતિના આદેશને ઉથાપવાનું કે એમના જ ઘરના વાતાવરણ ઉપર આક્ષેપ ઢોળવાનું એને ફાવે એમ નહોતું. વળી રમેશના ભણતરનો પ્રશ્ન તો ખડો જ હતો; એટલે એને મૂકી નિરુપાયે એને જવું પડ્યું હતું.

રમેશ ઉપરનો પ્રસંગ તો ભૂલી જઈ શક્યો, પણ એના ભાવ કાયમ રહ્યા. એણે ફળિયાના નાનકડા જગતમાં ત્યારે યુદ્ધનાં વાદળાં ગોરંભાતાં હતાં અને ચોખ્ખા બે પક્ષોમાં નાનકડા યોદ્ધાઓ વહેંચાઈ ગયા હતા.કનુએ પોતાનો પક્ષ નક્કી કરી લીધો, પણ રમેશ એ જ પક્ષમાં હતો. માત્ર એને જ કારણે રમેશ સામા પક્ષમાં જઈને ભળ્યો. બંને પક્ષો એકબીજાને મારવાની વાતો કરતા હતા અને ભાંગેલી છત્રીના સળિયાઓને ઘસીઘસીને અણિદાર ભાલાઓ તૈયાર કરતા હતા. વળી એ ભાલાઓને બોયાંની ગુપ્તીઓમાં સંતાડી રાખવામાં આવતા હતા.

એ બે પક્ષો તો લડે ત્યારે ખરા, પણ રમેશને કનુ એ તો ઊંધી ભાષામાં, ઘરનાં માણસો ન સમજે એમ, એકબીજાને ધમકીઓ આપવાનું શરૂ કરી દીધું હતું. 'ચની', 'રમ'ની ને અવળી, એમ ત્રણે ભાષામાંથી ખસીને એમનું વાગ્યુદ્ધ હવે વખતોવખત ચૂંટલા, નહોર, બચકાં ને બથ્થંબથ્થા સુધી પહોંચી જતું. કનુ રમેશ કરતાં એક વર્ષે મોટો હતો ને વધારે જોરાવર હતો તેથી રમેશ જ વધારે ઘવાતો, પરંતુ ઘાના પ્રમાણ કે શક્તિના મુકાબલા કરતાં રમેશને મન યુયુત્સુ વૃત્તિનું વધારે મૂલ્ય વસ્યું હતું. છતાંય બંને બાટકે ત્યારે મોટીમા વચ્ચે પડીને એમને છોડાવી રહ્યા પછી રમેશને જ અવળચંડો, ડંસીલો ને ઉધમાતિયો ગણતાં; એટલું જ નહીં, પણ કનુએ વધારે માર ખાધો હોય એમ એને પંપાળતાં. 'જા તારી મા પાસે, એટલે અમે તારા ત્રાસથી છૂટીએ. તારાથી તો ભાઈ, તોબા !' એમ પણ એ વારંવાર કહેતાં.

એક વાર રમેશ નિશાળેથી કનુ કરતાં મોડો ઘેર આવ્યો. એ આવ્યો તે પહેલાં કનુએ જમી લીધું હતું. કનુ અને રમેશમાં એક ફરક એ હતો કે કનુને દૂધ ભાવતું નહીં ને રમેશને ભાવતું. કનુને દૂધ પાવા માટે મોટીમાને હાથ જોડવા પડતા ને કેટલાય ભાઈબાપા કરવા પડતા ત્યારે માંડ એ દૂધ પીતો. આજે પણ એણે રાબેતા મુજબ દૂધ છાંડ્યું ને રમેશ આવ્યો ત્યારે એને પિવડાવવાની જ રકઝક ચાલતી હતી. તે દિવસે કનુ એકનો બે ન જ થયો. જ્યારે રમેશ જમવા બેઠો ત્યારે એણે દૂધની વાડકીમાં નજર કરી તો બળેલી ભાખરીની ઝીણી કાળી કરચો એમાં તરતી હતી ને શાકના તેલની ચીકણી રંગીન પીળાશ પણ એમાં દેખાતી હતી.

'મા, મને કનુનું એઠું દૂધ શું કામ મૂક્યું છે ?' રમેશે મોટીમા પાસે જવાબ માગ્યો.

'લે બા, તને એઠું દૂધ શું કામ મૂકું ? કંઈ એ વાંઝિયાબાનો ને તું અળખામણો છે ?'

'આ દૂધ એઠું જ છે. હું નહીં ખાઉં.'

'શેના ખાઓ, કુંવર ? આમ મછરાશો તો દૂધ પણ નસીબમાં નહીં રહે.'

ઊંચા સ્વરનો સંવાદ સાંભળી દાદા ધાઈ આવ્યા એટલે મોટીમાએ દલીલ ફેરવી વાળી. દૂધ કનુએ બોટ્યું નથી એ નવો મુદ્દો એમણે રજૂ કર્યો. રમેશે અદાથી વાટકીને પગ વતી ઠેસ લગાવી. દૂધ ઢોળાઈ ગયું. દાદા ન્યાય કરી શકે એટલે દરજ્જે માહિતી મેળવી શક્યા નહોતા. એટલે રમેશની ઉદ્દંડતા જોઈને એમણે રમેશને

આછી ઠેસ મારી. ખાધા વગર રમેશ ઊભો થઈ ગયો.

ત્રીજે દિવસે ટપાલમાં રમેશના પિતાને બે કાગળો મળ્યા. એકમાં નટુકાકાએ લખ્યું હતું કે રમેશ ભણતોગણતો નથી, પજવ્યા કરે છે, ગાંઠતો નથી ને સચવાતો નથી, માટે એનો કાંઈ બંદોબસ્ત કરશો. બીજા કાગળમાં - રમેશને એની બાએ થોડાં કાર્ડ આપી મૂક્યાં હતાં - રમેશે એની ભાંગીતૂટી વાણીમાં લખ્યું હતું કે બધા એને સતાવે છે, કનુનું એઠું ખવાડે છે, કનુને વહાલો ગણે છે, પોતાને અળખામણો ગણે છે, નટુકાકા વારંવાર કાનપટ્ટી આમળે છે, માટે પોતે દાદાને ત્યાં રહેશે નહીં. જવાબમાં રમેશના પિતાએ કોઈ આવતાજતા સાથે રમેશને મોકલી દેશો એમ લખી દીધું.

રમેશના પિતા જ્યાં નોકરી કરતા હતા ત્યાં અમદાવાદ ઉપર રહીને જવાતું હતું. એટલે અમદાવાદ જનારની સાથે રમેશને મોકલી દેવો ને અમદાવાદમાં એની માશીને ત્યાં એ માણસ એને મૂકી આવે ને પછી એનાં માબાપ ભેગો એ થઈ જાય એમ દાદાનાં ઘરનાં માણસોએ નક્કી કર્યું. એ મુજબ એક મોહનલાલને રમેશની સોંપણી થઈ ગઈ. સોંપણી કરતી વખતે મોહનલાલને રમેશની મોટીમાએ રમેશની વિરુદ્ધ કેટલુંયે કહી નાખ્યું. એનાં ઝાલ્યાં ઝિલાય નહીં; એનાં તોફાન વેઠાય નહીં; અમને બાકી શું ભારે પડવાનો હતો ? એની મા જાણે કે અમે હાડછેડ કરતાં હઈશું; પણ છોકરાં અવળચંડાં એટલે કોઈ શું કરે ?' વગરે ઘણું ઘણું કહીને એને સંભાળીને લઈ જવાની ભલામણ કરવાનું પણ મોટીમા ચૂક્યાં નહીં.

રમેશ ગયો. જતાં જતાં કનુને પોતાની ગુપ્તી ભેટ આપતો ગયો ને અક્કા છૂટી ગયા એમ પણ કહેતો ગયો.

મોહનલાલ પર મોટીમાના પ્રચારની ધારી અસર થઈ હતી. આ સોહામણો, તરવરતો, આઠ વર્ષનો ચંચળ છોકરો ગાડીમાં સખણો બેસતો નહોતો, એથી એ તોફાની છે એની એમને પણ પ્રતીતિ થઈ ગઈ. એને બારી પાસે એમણે ન બેસવા દીધો તે ન જ બેસવા દીધો. ગાડી અમદાવાદ આવી ત્યારે રાત પડી ગઈ હતી. રાતે ને રાતે રમેશને એની માશીને ત્યાં મૂકવા જવાની એવડી તે શી ઉતાવળ છે એમ માનીને મોહનલાલે એને રાતે પોતાને ત્યાં જ રાખવો એમ નક્કી કર્યું.

મોહલાલ ઘેર પહોંચ્યા ત્યારે એમનાં પત્ની એમની રાહ જોઈને જ બેઠાં હતાં. રમેશને જોતાં જ 'આ કોણ ?' એમ એણે પૂછ્યું. એ નિઃસંતાન બાઈની આંખમાં આ છોકરો એકદમ વસી ગયો. પણ મોહનલાલે તો એનાં માબાપની ઓળખ આપી લાગલું જ કહેવા માંડ્યું કે 'એ તો મહા તોફાની છે. જીરવાયો નહીં માટે તો એને ત્યાંથી વિદાય કરવો પડ્યો.'

'જાવ જાવ હવે, શેણે તોફાની છે ?' કહીને મંગળાએ એને પોતાની સરસો તસાણ્યો. બે મહિનાના ગાળામાં આવું વહાલ રમેશ ક્યાંથી પણ પામ્યો નહોતો, એટલે તરત જ એ મંગળાનો બની ગયો.

'તારું નામ શું ?' મંગળાએ પૂછ્યું.

'રમેશ.' અને હવે એણે પૂછ્યું : 'તમારું નામ શું ?'

'મંગળા.' હસીને એણે જવાબ આપ્યો.

'મારે તમને શું કહીને બોલાવવાનાં ?'

'કેવો મિઠ્ઠો છે, મારો ભાઈ ? તારે મને મંગળા માશી કહેવી, હોં ભાઈ. આ તારા કાકાને મન તું તોફાની છે ને, એટલે હું કાકી નહીં બનું. તારી બા જોડે હું બહેનપણાં બાંધી લઈશ, હોં !'

મોહનલાલ ભણી જોઈને એણે કહ્યું : 'કહેતા'તાને કે છોકરો તોફાની છે ? જુઓ, કેવો ડાહ્યો ને કહ્યાગરો છે ? કેટલો મિઠ્ઠો છે ?'

અને મંગળાએ પાસે બેસાડીને એને જમાડ્યો, વહાલથી કેટલીયે બચ્ચીઓ ભરી અને રાત્રે પણ એને પોતાની પથારીમાં જ સુવાડ્યો. (૨૦૦)

વૃક્ષ-ચિકિત્સા

આધુનિક વૈજ્ઞાનિકયુગમાં વૃક્ષઉછેર અને ચિકિત્સા વિષે ઘણું સંશોધન થયું છે ને થાય છે. પ્રાચીન ભારતમાં યે એ વિષય ઉપેક્ષિત નથી રહ્યો. આયુર્વેદમાં માનવ-કાયચિકિત્સા પૂરતું જ નથી લખાયું, પશુ ચિકિત્સા તથા વૃક્ષ-ચિકિત્સા વિષે પણ લખાયું છે. સંસ્કૃતમાં લખાયેલા એ ગ્રંથો સાથેનો આપણો સંપર્ક છૂટી ગયો હોવાથીઆપણે માહિતગાર નથી, એટલું જ. વૃક્ષોનાં સ્વાસ્થ્ય તથા ઉછેરમાં જેમને રસ હોય તેમને માટે અગ્નિપુરાણમાંથી બેચાર પ્રયોગ રજૂ કરું છું:

૧. બે વૃક્ષો વચ્ચે વીસ હાથનું અંતર હોય તે ઉત્તમ, એથી ઓછું સોળ હાથ સુધી હોય તે મધ્યમ અને એની ઓછું બાર હાથ સુધી હોય તે અધમ ગણાય છે. નજીક નજીક ઊગેલાં વૃક્ષો જોઈએ તેવાં વધતાં કે ફળતાં નથી. ઓછાં અંતરે ઊગેલાં વૃક્ષો વચ્ચે યોગ્ય અંતર રાખવા માટે તેમને ત્યાંથી ઊખેડી દૂર ચોપવાં જોઈએ, અને એ રીતે ચોપેલાં વૃક્ષોના ક્યારામાં વાવડિંગનું ચૂર્ણ, ગાયનું ઘી અને જળાશયનો ભીનો કાદવ ઠંડા જળથી મિશ્ર કરી ઠીક પ્રમાણમાં પાવું જોઈએ.

૨. વૃક્ષોમાં જો ફળ આવી નાશ પામતાં હોય તો કળથી, અડદ, મગ, જવ વગેરેનું ચૂર્ણ કરી, પીસેલા તલ અને ગાયના ઘી સાથે એકત્ર કરી, ઠંડા પાણીમાં તે પાણી પાવાથી વૃક્ષોમાં ફળફૂલની વૃદ્ધિ થાય છે.

૩. ઘેટાંબકરાંની લીંડીનો ભૂકો, જવનો લોટ, કચરેલા તલ અને પાણી એકત્ર કરી સાત દિવસ એક સ્થાને રાખવાં. પછી તે વૃક્ષોને પાવાથી ફળફૂલની વૃદ્ધિ થાય છે.

૪. માછલીઓવાળા જળાશયનું પાણી પાવાથી વૃક્ષો વધે છે.

૫. વાવડિંગ અને ચોખાના ચૂર્ણને પાણીમાં ડોઈ તે પાણી ઝાડને પાવાથી સાધારણ રીતે વૃક્ષના તમામ રોગ નાશ પામે છે.

આમ તો ઝાડપાન ઉછેરનાર સરળતાથી કરી શકે તેવા આ પ્રયોગ છે. તે કરી જોવાની હોંશ જોઈએ.

- મુકુંદરાય પારાશર્ય (૬૬૧)

જાદુઈ શાહી

જે પોતે તો અદૃશ્ય બની જતી હતી, પણ સાથોસાથ વિદ્યાર્થીઓનાં તોફાનેય...

- રમણલાલ સોની-

સ્નેહસંમેલનમાં કાકાનો પાઠ ભજવ્યો ત્યારથી રણછોડને અમે 'રણછોડકાકા' કહીને બોલાવતા હતા. ભરાવદાર બેઠા ઘાટના ધડ ઉપર દબાવીને બેસાડેલું માથું, ટૂંકા કાન ને મોટા કોડા જેવી ચમકદાર આંખો કાકાનું કાકાપણું શોભાવતાં. નવનીત ને હું કાકાના અતિ નિકટના ભત્રીજાઓ હતા.

પંડિત માસ્તર હમણાં તાજા જ અમારી શાળામાં શિક્ષક તરીકે ભરતી થયા હતા. તેમને વિષે, તેમના આગમન પહેલાંથી જ અનેક વાતો વિદ્યાર્થીઓમાં પ્રચલિત થઈ ચૂકી હતી. કોઈ કહેતું, તેમણે કૉલેજના ગોરા પ્રિન્સિપાલને અંગ્રેજી બોલવામાં માત કરી દીધા હતા; કોઈ કહેતું, બી.એ.નો સંસ્કૃત ભાષાનો વર્ગ કૉલેજમાં તેઓ જ લેતા હતા, અને તેમનો પ્રોફેસર શાસ્ત્રી એક કોરે બેઠો બેઠો ચોટલીની ગાંઠ રમાડ્યા કરતો; કોઈ કહેતું, તેઓ કવિ છે, લેખક છે અને કંઈ કંઈ છે. સૌથી વજનદાર પુરાવો હેડમાસ્તરના દીકરાનો હતો. તેણે સોગનપૂર્વક જાહેર કર્યું હતું કે પંડિત માસ્તર મહા વિદ્વાન હોવાની તેને ખાતરી થઈ ગઈ હતી. કારણ કે તેમણે લખેલા કાગળમાં મથાળે તેમનું નામ છાપેલું હતું !

નવો શિક્ષક પોતાની કારકિર્દીની શરૂઆતમાં વિદ્યાર્થીઓ ઉપર છાપ પાડવા ખૂબ જ જાગ્રત રહેતો એનો અમને આ પહેલાં ઠીક ઠીક અનુભવ થઈ ગયો હતો. અમ કાકાભત્રીજાની ત્રગડી નવા શિક્ષક પર છાપ પાડવા એથી વધુ આતુર રહેતી. આ હરીફાઈમાં ઘણી વખત શિક્ષક જ હારતો, કારણ કે એ બિચારાની પાસે સાધનો કેટલાં મર્યાદિત ! શિષ્ટતા ને સભ્યતા એનાથી છોડાય નહીં ! નાકમાંથી શરણાઈ જેવો અવાજ કાઢતાં એને આવડે નહીં. ભર્યાં ભાદર્યાં ઓરડામાં કાબરની લડાઈ, કૂતરાની લડાઈ, બિલાડાંની બાઝાબાઝી અગમ્ય રીતે ઉત્પન્ન કરવાનો જાદુ એને ક્યાંથી આવડે ?

જવા દો. પંડિત માસ્તરે પહેલે જ દિવસે, પહેલા જ પિરિયડમાં વર્ગના ઉમરામાં પગ દીધો કે તરત વર્ગમાં કયા બે ગધેડાઓએ ભૂંકણ શરૂ કરી દીધું એ હું કહી શકતો નથી. પણ મેં જોયું તો પંડિત માસ્તર શાંતિથી વર્ગ ભણી જોઈ રહ્યા હતા. બે પળ અને પછી તેમણે જાણે કંઈ જ ન બન્યું હોય તેમ ખુરશીમાં પોતાની જગા લીધી અને જાણે ઘણા વખતથી ભણાવતા આવ્યા હોય એ અદાથી સંસ્કૃતનો નવો પાઠ આપવો શરૂ કરી દીધો. ભૂંકણને ઉદ્દેશીને કંઈક વ્યાખ્યાન કે સદુપદેશ થશે એ આશાએ જે બેચાર વિશિષ્ટ પ્રકારના અવાજો કરી દેખાડવાની અમારી હોંશ અમે દબાવી રાખી હતી તે એળે ગઈ.

બીજો દી, ત્રીજો દી', એમ દિવસો જવા લાગ્યા.

'આમ ન ચાલે.' અંતે એક દિવસ થાકીને કાકાએ ઉદ્‌ગાર કાઢ્યા.

'તાળાબંધ મેજના ખાનામાંથી રજિસ્ટર કાઢતાં ખિસકોલીનું બચ્ચું નીકળી પડ્યું તોયે એ મૂરખને એ અંદર આવ્યું ક્યાંથી એવો પ્રશ્ન સૂઝતો નથી. પછી આપણે શું કરીએ ?' નવનીત બોલ્યો.

'ખિસ્સામાંથી ખિસકોલી નીકળે તોયે એને તો કંઈ સૂઝે તેવું લાગતું નથી.' મેં કહ્યું.

'જો રમણ ! આ તો આપણી આબરૂનો સવાલ છે. એક નવોસવો શિક્ષક આપણાં હથિયાર બુઠ્ઠાં કરી નાખે એ સહી નહીં લેવાય. વર્ગમાં પછી આપણી પ્રતિષ્ઠા શું રહે ?' કાકાએ માથું ખંજવાળી કહ્યું ને ઘડીભર એ કંઈક વિચારમાં ડૂબી ગયા. અમને સમજતાં વાર ન લાગી કે કાકા કોઈ યુક્તિ ખોળી રહ્યા છે. સાગરમાં જેમ રત્નોની ખોટ નથી તેમ રણછોડકાકાના ભેજામાં યુક્તિઓનો અંત નથી.

એકાએક વિજયથી મદમાતી આંખે કાકાએ મારો ખભો ઝાલી મને હચમચાવી નાખી કહ્યું, 'કાં જનાબ ! કેવી યુક્તિ ખોળી કાઢી ?'

'પણ કઈ યુક્તિ ?'

'અરે યાર ! આ વખતે તો એવી ઉસ્તાદી બતાવવી છે કે એ પંડિત તો શું, એનું પૂછડુંયે ઘડી ફફડી જાય ! આ વખત તો એને મેદાનમાં ખેંચી લાવું ત્યારે ખરો.'

'મેદાનમાં ?' નવનીતે પૂછ્યું.

'હા, દોસ્ત મખ્ખન !' નવનીતનું નવનીત સરખું શરીર જોઈ કાકા એને મુરબ્બીવટમાં 'મખ્ખન' કહેતા. 'એ પંડિતને એક વખત વર્ગ વચ્ચે જ એવો બનાવીએ કે એને ગુસ્સે થવું જ પડે. એક વખત કંઈક સજા કરે, પછી જોઈ લ્યો બંદાની બુદ્ધિના ચમકાર !'

સોમવાર. ૧૨-૧૫ કલાકનો ટકોરો થયો. આજે પંડિત માસ્તર કેટલાંક 'નહિ જોયેલાં' સંસ્કૃત વાક્યો પાટિયા પર લખવાના હતા ને અમારે વર્ગમાં જ તેનું ભાષાન્તર નોટમાં લખી આપવાનું હતું. વર્ગ શરૂ થયો. પંડિત સાહેબે સાત સંસ્કૃત વાક્યો પાટિયા પર લખ્યાં, ને પછી અમને તેનો તરજુમો લખવાનું કહી તેઓ ખુરશી પર બેઠા અને સામે મેજ પર પડેલી 'અભિનવ-

પાઠાવલિ'નાં પાનાં ફેરવવા લાગ્યા.

થોડી પળ ગણગણાટ થઈ વર્ગમાં શાંતિ છવાઈ ગઈ. કાકાએ મારી સામે જોયું. હું એમની પાછળની પાટલી પર બેઠો હતો. નવનીત કાકાની પાટલી પર છેલ્લો બેઠેલો હતો. એક પળ ત્રણેની આંખ મળી. અમે સમજી ગયા કે વખત થઈ ગયો.

એકદમ વર્ગમાં કોકના ગળામાંથી ઘૂંટાતો અવાજ ઘર્ર્...ર... કરતો આવવા માંડ્યો. કોને ઓચિંતાનું આ દરદ ઊપડી આવ્યું એ જોવા છોકરાઓએ નોટબુકમાંથી માથાં ઊંચક્યાં, ત્યાં તો ધડાક કરતા રણછોડના વિકરાળ હાથ લાંબા થયા ને તેની બે બાજુ બેઠેલા બે છોકરા જો વેળાસર સાવધ ન થઈ ગયા હોત તો એ બંનેની ગરદન રણછોડના હાથના ઝાટકાથી છેદાઈ ગયા વગર ન રહેત. હું એકદમ રણછોડની મદદે દોડી ગયો. બિચારાને પૂર્વજન્મનું દબાઈ રહેલું વાઈનું દરદ ઓચિંતાનું આજે ઊપડ્યું હતું ! એના હાથપગની નસો જોરજોરથી ખેંચાતી હતી. એની ગરદન અને અરધું શરીર બંને પાટલી પર લબડી પડ્યાં હતાં, અને પગ ઊંચા થઈ પાટલીનાં ઢળેલાં પાંખિયામાં ભરાઈ ગયા હતા. એના મોંમાં ફીણ ચડી આવશે એવું લાગતું હતું. શ્વાસ લેતાં નસકોરાંનો અંધારી રાતે ભય પમાડે તેવો અવાજ આવતો હતો. બિલકુલ થોભાય એવું હતું નહીં. નવનીત ને હું આવે વખતે સંસ્કૃત વાક્યોનો તરજુમો કરવામાં રોકાઈ રહીએ એવા સ્વાર્થી કદાપિ નહોતા.

મેં હળવેકથી રણછોડનું માથું ને હાથ ઝાલ્યા ને નવનીતે પગ પકડ્યા. પંડિત માસ્તર શું થયું છે તે પૂરું સમજે તે પહેલાં તેમ જ એમને પ્રશ્નો પૂછવાની તકલીફમાં ઉતાર્યા વિના, 'સાહેબ, અંધારે અંધારે એકલો રાતે પાઠ ગોખ્યા કરે છે, પછી શરીર ન બગડે ?' કહી ટાંગાટોળી કરી અમે રણછોડને ઉપાડી વર્ગ બહાર નીકળી ગયા. પંડિત માસ્તર કાંઈ ન સમજાય તેવા કુતૂહલથી અમારી પૂંઠળ જોઈ રહ્યા હતા. વર્ગમાંથી બહાર નીકળી થોડેક આગળ આવતાં મારા હાથ વજનથી તૂટવા લાગ્યા અને રણછોડભાઈનું કીમતી માથું જમીન સાથે ભટકાઈ પડ્યું. નવનીત વફાદારીથી હજી એ ને એ જ સ્થિતિમાં કાકાને ઉગમણી દશના આંબાના ઝાડ સુધી લઈ જવા તૈયાર હતો. પણ કાકાના સંતોષી સ્વભાવે આટલેથી જ બસ માન્યું, અને અમે ત્રણે કાકાભત્રીજાએ આંબા નીચે જવા દોટ મૂકી. દોડતાં દોડતાં મેં પૂંઠ ફેરવી જોયું તો પંડિત માસ્તર વર્ગના બારણા આગળ આવી પાછા ફરી ગયા હોય એમ લાગ્યું.

આંબા હેઠળ પહોંચતાં જ રણછોડ આરામથી લાંબો થઈ પડ્યો ને મોં દાબી જોરથી હસવા લાગ્યો. નવનીત ને હું પણ એમાં જોડાયા. હસી હસીને થાક્યા એટલે હું ને નવનીત પાછા વર્ગમાં આવ્યા.

'સાહેબ !' વર્ગમાં દાખલ થઈ મેં પંડિત સાહેબનું ધ્યાન ખેંચવા ઉધરસ ખાધી ! સાહેબે સામું જોતાં જ મેં કહ્યું, 'મારી બા ખરું કહેતી'તી. બહુ વાંચ વાંચ કરવાથી મગજ ફટકી જાય છે. રણછોડને એથી જ વાઈ આવેલી.'

'એમ ?' પંડિત સાહેબે આશ્ચર્ય પામીને પૂછ્યું : 'તો હવે તેને કેમ છે ?'

'હવે ઠીક છે, સાહેબ; બિચારો બહુ અફસોસ કરતો હતો કે સંસ્કૃત વાક્યો લખવાનાં રહી ગયાં. એને સંસ્કૃત પર ખૂબ પ્રેમ, સાહેબ ! આપના વર્ગમાં એનો સૌથી વધારે જીવ. હમણાં તો સૂતો છે, સાહેબ !'

હસવું દાબી રાખી હું છાનોમાનો મારી જગ્યાએ બેસી ગયો. નવનીતે પણ પોતાની જગ્યા લઈ લીધી.

પાંચસાતેક મિનિટ થઈ હશે ત્યાં બારણામાંથી કોઈનો ધીમો તૂટતો અવાજ આવ્યો : 'May I... May I' આખા વર્ગની નજર બહાર ગઈ ને સૌ ખડખડાટ હસી પડ્યા. મેં મનમાં ને મનમાં રણછોડને શાબાશી આપી. ખરી કરી દોસ્ત ! મોઢા પર ચાકનો ભૂકો ચોપડી બરાબર 'ફિક્કુંફસ મોઢું કરીને એ આવ્યો હતો. કેટલું વાસ્તવિક !

પંડિત માસ્તરની રજા લઈને ધીમો ધીમો, જાણે સાત વર્ષના મંદવાડમાંથી ઊઠ્યો હોય એવે પગલે, જાણે કોઈ બીજી દુનિયામાંથી અચાનક અહીં આવી પડ્યો હોય તેવી કુતૂહલ દૃષ્ટિ ચોમેર નાખતો તે પોતાની જગ્યાએ જઈને બેઠો ને પાટિયા પરનાં સંસ્કૃત વાક્યો સામે ભક્તિભાવથી તાકી રહ્યો.

'રણછોડ, તને મૂર્ચ્છા આવી હતી, નહીં ?' પંડિત સાહેબે સહાનુભૂતિ દર્શાવી પૂછ્યું.

'જી હા, બહુ દિલગીર છું. સંસ્કૃત વાક્યોનો તરજુમો મારાથી લખી શકાયો નહીં. હું ઘેરથી લખી લાવીશ.'

'ના, એવી કંઈ જરૂર નથી. તું સહેજ આરામ થતાં પાછો વર્ગમાં કામની ચીવટથી આવ્યો એટલું જ બસ છે. નવનીત ! મોં પર પાણી છાંટ્યું કે તરત મૂર્ચ્છા ઊતરી ગઈ હશે, ખરું ને ?'

'ના સાહેબ, પાણી છાંટવાની જરૂર નહોતી પડી.'

'હેં, શું કહે છે ? દાક્તરો કહે છે કે મૂર્ચ્છાના દર્દીના મોં પર પાણી છાંટવાથી એના મગજને ખૂબ રાહત મળે છે. તેથી રણછોડ, મોં ધોઈ આવ.'

'જેવી આજ્ઞા' કહી આજ્ઞાધીન રણછોડ મોં ધોવા ગયો. જ્યારે તે 'પાણી છાંટવાથી હવે મને વધારે આરામ લાગે છે' કહી વર્ગમાં દાખલ થયો તે જ પળે પંડિત માસ્તરનો સમય પૂરો થવાના ટકોરા વાગ્યા, ને આખો ઓરડો હાસ્યથી ગાજી રહ્યો.

સાંજે પંડિત માસ્તરે અમને ત્રણને ઑફિસમાં તેડાવ્યા, ને ખૂબ શાંતિથી મંદ મંદ હસતાં કહ્યું : 'તમારા ત્રણેનો અભ્યાસપ્રેમ જોઈ હું બહુ ખુશ થયો છું અને એની કદર રૂપે બીજું તો કંઈ આપી શકતો નથી, પણ પાઠાવલિનો પંદરમો પાઠ બે વખત સારા

અક્ષરે લખી લાવવાનું આપું છું. આવતા મંગળવારે વર્ગમાં મને એ લખેલું બતાવજો. ગુડ બાય !' પંડિત સાહેબ તરત ઑફિસ છોડી ચાલ્યા ગયા અને અમે ત્રણે એકબીજાનાં મોં તાકતા ત્યાં ઊભા રહ્યા !

'આ જ મારે જોઈતું હતું. દેખ લે બચ્ચા હવે !' ઑફિસમાંથી બહાર નીકળ્યા પછી રણછોડ બબડ્યો.

'હવે શું દેખ લેવાનું છે ? તારી ચાલાકી પકડી પાડી ને ઉપરથી સજા પણ ફટકારી. શો ફાયદો થયો ?' મેં કહ્યું.

'શો ફાયદો થયો એ તમારા જેવા કમઅક્કલને નહીં સમજાય. તમે તમારે હું કહું તેમ કર્યા કરો, ને હું કરું તે જોયા કરો.' કાકાએ મગરૂરીથી કહ્યું.

'શું જોયા કરે, ને શું કર્યા કરે ? આ માથા પર બે પાઠ ઠોકાયા તે જોયું નહીં ? બે પાઠ ? કેટલી લીટીઓ ? આખો રવિવાર એ લખવામાં જશે.' નવનીતે કહ્યું.

'તે શું રવિવાર આવું લખવા માટે છે ? રવિવાર આરામનો દિવસ છે, ખેલવા-કૂદવાનો દિવસ છે. મારો એક દોસ્તદાર કહેતો હતો કે વિલાયતમાં તો સૂરજ પણ રવિવારની રજા પાળે છે. કાયદો ને વ્યવસ્થાનું આપણા લોકોને બિલકુલ ભાન નથી એટલે જ આપણી આવી ગુલામ દશા છે. તું રવિવારે 'વેઠ'નું લખવાનું કહે છે ? છટ્, ડૂબી મર !'

વખતે કાકાનાં ફિટકાર વચનો સાંભળી વિરાગવશ થઈ નવનીત ખરેખર ઢાંકણીમાં પાણી ઘાલી ડૂબી મરે એ બીકે હું એને દૂર લઈ ગયો, ને અમે બંને ખભે દફતર ઝુલાવતા ઘેર ગયા.

બીજો દિવસ ગયો; ત્રીજો ગયો. આજે શુક્રવાર. બપોરની છુટ્ટીમાં રણછોડ નિશ્ચિંત મને મોંએથી સિસોટી વગાડતો ટહેલતો હતો. મને જોઈ બોલ્યો : 'કાં દોસ્ત !' મેં તીખાશથી સંભળાવ્યું : 'દોસ્ત શાના વળી ? માથે બે પાઠની વેઠ તો વળગાડી !'

રણછોડ ખડખડ હસી પડ્યો : 'તે કોણ એવી વેઠ કરવાનું છે ? એ લખી લાવે એ બીજા.'

'તો તને વધારે સજા થશે.'

'વધારે સજા ? અરે દોસ્ત, બંદા તો લખ્યા વગર છૂટી જવાના. તમે દી માથે કરી આંખો ફોડી મકોડા ચીતર્યે જાઓ, હું એ ઉપાધિમાં પડ્યા વગર જ છટકી જવાનો. હું નથી જ લખવાનો તે નથી લખવનો, અને છતાં પંડિત સાહેબને કાનની બૂટ ઝાલી કબૂલ કરવું પડશે કે હું લખી લાવ્યો છું.'

નવાઈની વાત ! મેં ને નવનીતે ખૂબ આગ્રહ કરતાં તેણે નવી યોજના કહી સંભળાવી. સાંભળીને અમારા હર્ષનો પાર ન રહ્યો. ખરેખર, યોજના સફળ થાય તો લખ્યા વગર જ સજામાંથી છટકી શકાતું હતું. ઘડીભર કાકાની બુદ્ધિ માટે અમને અહોમાન ઊપજ્યું.

સોમવારે પંડિત સાહેબે કેટલાંક ગુજરાતી વાક્યો પાટિયા પર લખ્યાં. તેનું સંસ્કૃત સારે અક્ષરે નોટમાં લખવાનું સૌને કહ્યું. અમારે આવું જ કામ આજે જોઈતું હતું. મેં તીરછી આંખે રણછોડ સામે જોયું. રણછોડની આંખમાં વિજયનું સ્મિત હતું. નવનીત પણ ચૂપકીથી મારી સામે જોઈ હસી લેતો હતો. સમય પૂરો થયો. હજી બીજાં થોડાંક વાક્યો લખાવવાનાં બાકી હતાં. તેથી નોટો આવતી કાલે વર્ગમાં લાવવાનું કહી પંડિત સાહેબે વર્ગ છોડ્યો.

બપોરે નિબંધનો સમય આવ્યો. મહેતા માસ્તરે 'My journey in the sky' નામે નિબંધ લખવા આપ્યો. આખા નિબંધની રૂપરેખા બેપાંચ વાક્યોમાં એ બોલી ગયા, ને એ ખોખામાં પ્રાણ પૂરી જીવતોજાગતો નિબંધ ઉત્પન્ન કરવાનું કાર્ય એમણે અમને સોંપ્યું. સૌ જેને જેમ ફાવ્યું તેમ લખવા બેઠા. અમારી ત્રિપુટી આજે મુકમ્મિલ આઝાદીના તોરમાં હતી. અમે જાણતા હતા કે અમે નહીં લખીએ, છતાં અમારા જેટલો સરસ નિબંધ આજે કોઈ લખી શકવાનું નહોતું. નિબંધની નોટો ભેગી કરી મહેતા સાહેબ સાથે લઈ ગયા.

બીજો દિવસ મંગળવાર.

પંડિત માસ્તરે વર્ગમાં દાખલ થતાં જ સૂત્ર સંભાળ્યું. પાટિયા પર વાક્યો લખી રહી તેમણે વર્ગની સામે જોયું. દરમિયાન વર્ગના છોકરાઓ પોતપોતાની નોટોમાં ગઈ કાલે લખેલું લખાણ ખોળવા લાગી ગયા હતા. પણ કોઈને એ જડતું ન હતું ! અમે પણ તેમની જેમ અમારી નોટનાં પાનાં ઉથલાવવા લાગી ગયા હતા. બહુ વારે એક છોકરો બોલી ઊઠ્યો : 'સાહેબ, મારી નોટમાંથી કોઈ પાનાં ફાડી ગયું લાગે છે !'

'શું ? એમ કહીને તારે મને છેતરવો છે ?'

'સાહેબ ! મારી નોટનાં પણ પાનાં કોઈએ ફાડી નાખ્યાં છે !' બીજો બોલ્યો. તરત ત્રીજો બોલ્યો, 'સાહેબ, મેં આ જ નોટમાં, આ જ પાના પર વાક્યો લખેલાં, પણ તે નથી !'

એક પછી એક દરેક જણે આવી ફરિયાદ કરી. હું પણ ઊભો થઈ મારી નોટ બતાવી બોલ્યો, 'સાહેબ મારી નોટમાંથી પણ કોઈ લખેલું ચોરી ગયું છે.'

'ગજબ થઈ ગયો, સાહેબ ! આપે આપેલા સજાના બે પાઠ મેં કાલે જે કાગળમાં લખ્યા હતા, તે પણ આજે ગુમ !' રણછોડે કહ્યું. ગુમ શબ્દ તે એવી રીતે બોલ્યો કે મારા કાનમાં તેનો પડઘો ખૂબ મીઠો લાગ્યો.

પંડિત સાહેબ બાઘાની જેમ અમારી સામે જોઈ રહ્યા, ને સાથે આખા વર્ગનું લખાણ ગુમ થઈ ગયું જોઈ વિમાસણમાં પડી ગયા. ત્યાં ડાબા ખૂણામાંથી નવનીતના રડવાનો અવાજ આવ્યો. 'સા...હે...બ ! મેં કાલે કેટલી મહેનત કરી બધું લખ્યું હતું... આજે...' પંડિત સાહેબનું મોં જોવા જેવું લાગ્યું.

એટલામાં અમારા માનવંતા મહેતા સાહેબ હાથમાં નિબંધની

નોટોનો થોકડો લઈ ધસતા આવ્યા ને પંડિત સાહેબની મૌન સંમતિ મેળવી એકદમ તાર સ્વરે બોલી ઊઠ્યા : 'આખો ક્લાસ બદમાસ થઈ ગયો છે. કાલે નિબંધ લખાવ્યો તે કોઈએ લખ્યો જ નથી !'

સૌ આભા બની ગયા. રણછોડથી બોલ્યા વગર ન રહેવાયું : 'સાહેબ મેં લખ્યો છે.' આખો વર્ગ એકસાથે બોલી ઊઠ્યો : 'મેં પણ લખ્યો છે.'

મહેતા માસ્તરની આંખો લાલ બની. 'મારી આગળ ઠગાઈ...' પણ આગળ એ કંઈ બોલે તે પહેલાં પંડિત સાહેબે તેમને શાંત કરી કહ્યું : 'તમારા પણ બધા નિબંધ ઊડી ગયા લાગે છે. કોઈ માયાજાળ પથરાઈ છે.'

'શું ?'

'હા. જુઓ, કાલે આ વર્ગમાં જેટલું કામ થયું છે એટલું બધું અદૃશ્ય બની ગયું છે.' કહી તેમણે થોડી નોટો બતાવી.

'આ તો અજબ !' કહી, મૂંઝવણમાં માથું ખંજવાળતા મહેતા સાહેબ વર્ગ છોડી ગયા. અમને સૌને આજે ખૂબ જ મજા પડી. આવો જાદુ અમે કદી જોયો ન હતો. મેં મનમાં ને મનમાં રણછોડને સહસ્ર ધન્યવાદ આપ્યા. પણ પંડિત સાહેબે પોતાનો સમય પૂરો થતાં વર્ગમાંથી બધા ખડિયા ઉપડાવી લીધા ને તે આખો દિવસ અમારે પેન્સિલથી કામ કરવું પડ્યું.

બીજે દિવસે બપોરે સાયન્સના સમયમાં સાયન્સ હૉલમાં જતાં અમે સૌ આશ્ચર્ય પામી ગયા. અમારા જૂના ને જાણીતા સાયન્સ શિક્ષકને બદલે વર્ગમાં પંડિત સાહેબ બેઠેલા હતા. એકબીજા સામે કુતૂહલથી આંખ મિચકાવતાં અમે અમારી જગ્યા લીધી. પંડિત સાહેબે કેરોસીનનો ખડિયો કાઢી બત્તી ચેતાવી. પછી તેમણે શાહીની બે નાની પ્યાલીઓ અમારી સામે ધરી કહ્યું : 'આજે આપણે એક નવો જ પ્રયોગ કરવાનો છે. પણ મને ખાતરી છે કે તમને સૌને તેમાં ખૂબ રસ પડશે.'

પંડિત સાહેબે એક વ્યાપક દૃષ્ટિ વર્ગ તરફ ફેરવી લીધી ને પછી રણછોડ સામે નજર ઠેરવી કહ્યું : 'રણછોડ, તું અહીં આવ ને આ જમણી પ્યાલીમાંની શાહીથી કાગળમાં ગમે તે બેત્રણ લીટી લખ.'

ઉત્સાહમાં રણછોડ એક કૂદકે સાહેબ પાસે પહોંચી ગયો અને જમણી પ્યાલીવાળી શાહીથી બેત્રણ લીટીઓ લખી. તે પછી તેણે સૌને વાંચી સંભળાવી : 'બધા પ્રાણીઓમાં ગધેડો સૌથી વધુ ડાહ્યો હોય છે. તે પૂંછડી હલાવે છે ને કાન ફફડાવે છે ત્યારે રૂપાળો લાગે છે.' આખો વર્ગ હસી પડ્યો. પંડિત સાહેબે પણ હોઠના ખૂણા દબાવી સહેજ હસી લીધું. પછી તેમણે રણછોડને કહ્યું, 'હવે આ બીજી શાહીથી બીજાં બેત્રણ વાક્યો લખ.'

રણછોડે બીજી શાહીથી બીજા કાગળમાં લખ્યું : 'કોણ કહે છે મૂરખને માથે શીંગડાં હોય છે ? તેમની પાસે માત્ર સર્ટિફિકેટો હોય છે.' ફરી હસાહસ !

'બસ.' પંડિત સાહેબે બંને કાગળ પર તે કઈ શાહીથી લખેલું છે તેની નિશાની કરી કહ્યું : 'હવે તું આ કાગળ પેલી બત્તી પર ધરી જરા જરા ગરમ કર.'

રણછોડે કોઈ કુશળ વૈજ્ઞાનિકની છટાથી હાથમાં કાગળ પકડ્યો ને બત્તી ઉપર ધર્યો. થોડી વારે કાગળ પરનું લખાણ ધીમે ધીમે ઝાંખું પડતું જઈ, બિલકુલ ગુમ થઈ ગયું. અમે સૌ એ નવાઈ પામી જોઈ રહ્યા.

'અરે, આ શું ? લખેલું ક્યાં ગયું ?' પંડિત સાહેબે આશ્ચર્ય પામી પૂછ્યું.

'ઊડી ગયું, સાહેબ ! છૂ થઈ ગયું !' સાહેબને જાણે પટાવતો હોય એવા લહેકાથી રણછોડ બોલી ઊઠ્યો. સૌ રણછોડની અક્કલ-હોંશિયારી પર મુગ્ધ બની ગયા, પણ મારા પેટમાં કંઈ ન સમજાય તેવો ધ્રાસકો પડ્યો.

પછી રણછોડે બીજો કાગળ બત્તી પર ધર્યો, પરંતુ તેનું લખાણ હતું તેમ જ રહ્યું. બંને કાગળ અમારી સામે ધરી સાહેબે કહ્યું : 'જુઓ, જમણી બાજુની શાહીનું લખાણ ઊડી ગયું છે, ને ડાબી બાજુની શાહીનું લખાણ હતું તેમનું તેમ રહ્યું છે. આ જમણી બાજુની શાહી તે આપણે પરમ દહાડે વર્ગમાં વાપરેલી તે જ છે.'

એક પળ શાંતિ. સૌ આભા બની સાંભળી રહ્યા.

'આવી જાતની, થોડા કલાક પછી પોતાની મેળે અદૃશ્ય થઈ જાય તેવી શાહી બજારમાં વેચાતી મળે છે. તેવી શાહીમાં પાણીની સાથે બીજો એક પદાર્થ ભેળવેલો હોય છે. પાણીના સંગથી તે શાહી જેવો રંગ ધરે છે, ને વખત જતાં પાણી સુકાઈ જતાં તે પદાર્થની માત્ર ઝીણી રજકણ કાગળ પર રહી જાય છે. રણછોડ, લાવ જોઉં પેલો કાગળ !'

મને લાગ્યું કે હવે રણછોડના હાથમાંથી પણ સ્ફૂર્તિ થોડી ઓછી થઈ ગઈ હતી. તેણે કાગળ પંડિત સાહેબને આપ્યો. પંડિત સાહેબે તે બારીકાઈથી તપાસી કહ્યું : 'જુઓ, ગરમ થવાથી પાણી ઊડી જતાં કોઈ અતિ સૂક્ષ્મ સફેદ પદાર્થ કાગળ પર ચોંટેલો દેખાય છે.' આમ કહી તેમમે કાગળ રણછોડને બતાવ્યો. રણછોડે મૂંગા મૂંગા માથું હલાવી હા કહી.

'તો બોલો, શું કરીએ તો હવે આ પદાર્થ ફરીને શાહીનો રંગ ધારણ કરે ?'

'એને બાળી નાખીએ તો.' હું કહેવા જતો હતો ત્યાં અક્કરમી નવનીત બોલી ઊઠ્યો : 'પાણી લગાડવાથી, સાહેબ !'

'વાહ ! સરસ !' પંડિત સાહેબે ધન્યવાદ આપી એક પીંછી પાણીમાં બોળી એ કાગળ ઉપર ફેરવવા રણછોડને કહ્યું. રણછોડનું મોં હવે ફિક્કું પડતું ગયું. તેણે માંદલે હાથે ભીની પીંછી કાગળ પર ફેરવી અને તરત ત્યાં કાળા અક્ષરો ફૂટી નીકળ્યા !

આખો વર્ગ આશ્ચર્ય પામી ઊઠ્યો.

હવે પંડિત સાહેબે કહ્યું : 'જો આપણે હવે વર્ગની પેલી નોટોના ઊડી ગયેલા લખાણ ઉપર આમ પાણીની પીંછી ફેરવીએ તો અક્ષરો ફરી ઊપડી આવે કે નહીં ?'

'આવવા જ જોઈએ,' બેત્રણ છોકરા બોલી ઊઠ્યા.

'એમ ? તો જોઈએ. બેચાર છોકરાની નોટો આમ તપાસીશું તો ખાતરી થઈ જશે. હં, રણછોડ ! તું, રમણ, નવનીત વગરે તમારી નોટો લઈ આવો, જોઉં ? સાથે પેલો સજાનો પાઠ પણ લાવજો જ ને !'

હત્તારીની ! આ તો ભોગ લાગ્યા. આ પંડિત માસ્તર તો બહાર નથી એટલો ભોંયમાં છે ! મારા તો પગ ઠરી ગયા. નોટો ઘેર રહી ગઈ છે કે ખોવાઈ ગઈ છે એમ પણ કહેવાય એવું નહોતું. હજી તે વર્ગના ટેબલના ખાનામાં જ થોકડી ભેગી પડેલી હતી. 'પાઠ'નાં કાગળિયાં પણ એમાં જ હતાં.

વર્ગમાં જતાં જતાં મને રણછોડ પર એવી તો દાઝ ચડી કે એને જીવતો ભોંયમાં ભંડારી દઉં.

મેજના ખાનામાંથી નોટ કાઢતાં કાઢતાં નવનીતે જાણે તે રણછોડને બચકું ભરવા જતો હોય તેમ દાંતિયાં કર્યાં : 'પંડિત સાહેબમાં કેટલી બુદ્ધિ છે, જોયું ?'

'તે મારામાંયે છાંટો બુદ્ધિ છે, એ ભૂલતો નહીં.' રણછોડે ગર્વથી કહ્યું : 'નોટમાં લખેલું કેમ નથી દેખાતું એના તો સેંકડો જવાબ આપી શકાય.'

'સેંકડો ? હેં ?' મેં કહ્યું. ડૂબતાને તરણું હાથ લાગ્યું.

'હા, સેંકડો.'

પહેલી જ રણછોડની નોટની તપાસ થઈ. પીંછી ફેરવવાનું તેને જ કહેવામાં આવ્યું. સૌ છોકરા આતુરતાથી અંતરીક્ષમાંથી અક્ષરો ફૂટવાની રાહ જોઈ રહ્યા. પણ કંઈ બન્યું નહીં. સૌને નવાઈ લાગી. પંડિત સાહેબે કહ્યું, 'રણછોડ, કેમ આમ ?'

'સાહેબ, મારી નોટમાંથી કોઈએ પાનાં જ ફાડી નાખ્યાં લાગે છે !'

'એમ ? બનવા જોગ છે. આવી રીતે નોટનાં પાનાં ફાડી જનારને જરૂર પકડવો જોઈએ. કેટલાં પાનાં રહ્યાં છે એ તું ગણીને કહે જોઉં ?'

રણછોડ પાનાં ગણવા લાગ્યો. અમે પણ તેની સાથે મનમાં ગણતા હતા. શાળાની છાપવાળી, ચાળીસ પાનાંની એ નોટ હતી; ને બરાબર ચાળીસ પાનાં જ થયાં. પંડિત સાહેબ રણછોડની સામે ખુલાસા માટે તાકી રહ્યા. એણે સેંકડો કારણોના રાફડામાંથી બીજું ખેંચી કાઢ્યું. બોલ્યો : 'સાહેબ, બે દિવસ પછી એ સફેદ સૂક્ષ્મ પદાર્થ પણ અદૃશ્ય થઈ જતો હોવો જોઈએ.'

'ઓહ ! એ મને નહોતું સૂઝ્યું.' કહી સાહેબે મારી ને નવનીતની નોટની પરીક્ષા કરાવડાવી. 'પાઠ'નાં કાગળિયાં પણ એ રીતે જોવાયાં. એકેનું લખાણ દેખાયું નહીં. પછી તેમણે શંકરની નોટ લીધી. કેવું કમનસીબ ! એ નોટે દગો દીધો. એના અક્ષરો ઝાંખા ઝાંખા પણ દેખાયા ને વંચાયા સુધ્ધાં !

પછી પંડિત સાહેબે રણછોડ તથા એના બે ભત્રીજાઓનો ખભો થાબડતાં કહ્યું, 'સમજ્યા ?'

સમજ્યા, બાપ, સમજ્યા ! મારો જીવ તો કાચબાની પેઠે સંકોચાઈ ગયો. એટલામાં અમારા વિજ્ઞાન શિક્ષકે ઓરડામાં પ્રવેશ કર્યો ને પંડિત સાહેબે અમારું કાળજું ચીરી નાખે તેવું હાસ્ય કરી વર્ગમાંથી વિદાય લીધી.

તે આખોયે દિવસ મને લાગ્યું કે જાણે મને તાવ ચડી ગયો છે. વર્ગમાં શું ભણ્યો, શું ભણાવાયું તેનું મને કંઈ જ ભાન ન રહ્યું. આવી અવસ્થામાં શાળા છૂટવાનો ઘંટ વાગતાં હું છાનોમાનો સીધો ઘેર પહોંચી જવાનો ઘાટ ઘડી રહ્યો હતો, ત્યાં પંડિત સાહેબનો દૂત આવી અમને-મને, નવનીતને ને રણછોડને—એમના દરબારમાં તેડી ગયો.

સામે જ પંડિત સાહેબ હંમેશનો શાંત ચહેરો લઈ બેઠા હતા. અમે ત્રણે સામે જઈ ઊભા, પણ પંડિત સાહેબની સામે જોવાની કોઈની હિંમત ચાલી નહીં. થોડી વારે અવાજ સંભળાયો : 'મને શરૂઆતથી જ વહેમ હતો કે કંઈક કાવતરું થયું છે અને એ કાવતરાના ખેલાડીઓ આ વર્ગના જ વિદ્યાર્થીઓ હોવા જોઈએ. તેમાં યે જ્યારે 'સજાપાઠ'નું લખાણ પણ ઊડી ગયાનું જાણ્યું ત્યારે મારો વહેમ તમારા ત્રણ ઉપર ઠર્યો. મેં શાહીની પરીક્ષા કરી જોઈ, અને કેવી રીતે તમે ત્રણે તમારી સજામાંથી છટકવા 'અદૃશ્ય શાહી'નો ઉપયોગ કરાવ્યો તે કાલના પ્રયોગથી પૂરેપૂરું જાણ્યું.'

'સાહેબ, એમાં બધો વાંક મારો છે. માટે જે સજા કરવી હોય તે મને જ કરો.' રણછોડના આ શબ્દો સાંભળી મને ખરેખર આજે એને માટે માન ઊપજ્યું.

પંડિત સાહેબ સહેજ હસ્યા. પછી બોલ્યા : 'ઠીક. પાછલી સજામાંથી છટકવા તમે પ્રયત્ન કર્યો તેથી તે સજા હું બેવડાવું છું; અને મને છેતર્યો તથા આખા વર્ગનું આખા દિવસનું કામ બગાડ્યું તેની સજા તરીકે અઠવાડિયા સુધી દરરોજ સાંજે શાળા છૂટ્યા પછી એક કલાક, અહીં હું સોંપું તે કામ કરી જવાનું ફરમાવું છું. હું માનું છું કે હવે ફરી બીજું કાવતરું નહીં કરો.'

'અમારી ભૂલ થઈ; અમને માફ કરો, સાહેબ. ફરી અમે એવું નહીં કરીએ.' અમે ત્રણે ગળગળા બની કહ્યું.

'ઠીક, તો પણે બેસો. ખડિયાઓમાં શાહી તૈયાર છે. હમણાં જ પેલો સજાપાઠ લખી નાખો. કલાક થતાંમાં હું કામ તપાસવા આવી પહોંચું છું.'

આમ કહી પંડિત સાહેબ ત્યાંથી ચાલ્યા ગયા.

અમે ત્રણે ઊંધું ઘાલી સંસ્કૃત પાઠ ઉતારવા બેસી ગયા. વીસેક મિનિટ થઈ હશે. મેં એક વખત પાઠ લખી નાખ્યો. ફરી લખવા બેઠો. બીજી વખત લખી પૂરો કર્યો. ત્રીજી વાર લખવાની શરૂઆત કરું છું ત્યાં મારી નજર વચમાં બેઠેલા રણછોડ સામે પડી. એનું મોં દિવેલ પીધા જેવું થયેલું હતું. આંખો ઝીણી થઈ ગઈ હતી ને બેય હાથે માથું ખોતરવા લાગી ગયો હતો. નવનીતનું ધ્યાન પણ એ તરફ દોરાયું. મેં પૂછ્યું : 'શું થયું, રણછોડ ? પાછી ફિટ તો નથી આવતી ને ?'

'તો તો સારું ! પણ આ ?' કહી એણે લખાઈ રહેલા પાઠવાળાં પાનાં બતાવી કહ્યું : 'બધું ઊડી ગયું ! સાહેબે મારા ખડિયામાં ખરેખરી જાદુઈ શાહી ભરાવી છે. હું ક્યારે પાઠ લખી રહીશ !'

દડ દડ દડ કાકાની આંખોમાંથી આંસુ પડવા માંડ્યાં. (૨૦૦)

દસ શીખ ગુરુઓ

ગુરુનાનકે એકેશ્વરવાદનો સ્વીકાર કરી મૂર્તિપૂજાને વર્જ્ય ગણી. ધાર્મિક કર્મકાંડો અને જાતિભેદના પણ તેઓ વિરોધી હતા. પુરોગામી સંતોથી અજાણ એવું કોઈ નવું રહસ્ય પામ્યા હોવાનો દાવો એમણે કદી કર્યો નહિ. પૂર્વકથિત બધા ધર્મવિચારોનાં સરળ અને આગવાં અર્થઘટનનો બોધ જ એમણે આપ્યો છે. પણ આરંભમાં એક ધાર્મિક પ્રતિક્રિયાના રૂપમાં પેદા થયેલી એ વિચારક્રાંતિએ કાળાંતરે એક રાષ્ટ્રીય આંદોલનની જ્વાળા રૂપે જે સ્વરૂપ ધાર્યું એના પ્રકાશથી ભારતના ઇતિહાસમાં 'શીખક્રાંતિ'ના નામે એક આખું પ્રકરણ પ્રકાશિત છે. એ ધાર્મિક-સામાજિક-રાજકીય ક્રાંતિના પ્રવર્તનનું શ્રેય નાનકથી માંડી ગુરુ ગોવિંદસિંહ સુધીના 'શીખોના દસ ગુરુ'ઓને છે. 'શીખ' એટલે 'શિષ્ય' નીચે બહુ ટૂંકમાં એ દસ શીખ ગુરુઓનો પરિચય આપ્યો છે.

૧. ગુરુ નાનક (ઇ. ૧૪૬૯, ૧૫૨૫): ધર્મક્રાંતિનો એમણે આરંભ કર્યો. તેઓ એક ઋષિ હતા એમ કહી શકાય.

૨. ગુરુ અંગદ (૧૪૦૫, '૫૨) : નાનકસાહેબના ખાશ શિષ્ય. નાનકસાહેબે જ એમને પોતાના અનુગામી નીમેલા. ઉત્તર ભારતના વેપારઓમાં પ્રચલિત 'લંગા' લિપિમાં એમણે પોતાના ગુરુનાં વચનામૃતા ઉતાર્યો અને એ લિપિને 'ગુરુમુખી' નામ આપ્યું. ગુરુના વિચારો પ્રસરવા એમણે કેટલાંક કેન્દ્રો સ્થાપ્યાં અને એનાં નિભાવ માટે ભેટો સ્વીકારવા માંડી.

૩. ગુરુ અમરદાસ (૧૪૬૯, ૧૫૭૪) : ગુરુ અંગદના શિષ્ય. જાતિભેદ મિટાવવા એમણે વિવિધ જાતિઓનાં સમૂહભોજનનની પ્રથા આરંભી. કહે છે કે ખુદ અકબર પણ આવી એક 'લંગાર' (સમૂહભોજન)માં જમેલો. અમરદાસે ૧૧ 'મંજિસ' (દેવળો) સ્થાપી તેના સંચાલન માટે 'મસનદ' નીમેલા. જન્મ-મરણ પ્રસંગના કેટલાક વિધિ દાખલ કર્યા અને 'પરદા' તથા 'સતી'નો ચાલ બંધ કરાવ્યો ને આંતરજાતીય લગ્નોને ઉત્તેજન આપ્યું.

૪. ગુરુ રામદાસ (૧૫૩૪-'૮૧) : અમરદાસના શિષ્ય. એમનાં પત્નીને અકબર બાદશાહે ભેટ આપેલા સ્થાન પર એમણે અમૃતસર વસાવ્યું, જે આજે શીખધર્મનું કેન્દ્રસ્થાન બની રહ્યું છે.

૫. ગુરુ અર્જુન (૧૫૬૩-૧૬૦૬) : એમણે લાહોરથી મુસ્લિમ સંત મિયાં મીરને બોલાવી તેના હાથે અમૃતસરમાં હરિમંદિર (આજના સુવર્ણમંદિર)નું શિલારોપણ કરાવેલું. 'ગુરુ ગ્રંથ'નું સંકલન કરી હરિમંદિરમાં એની સ્થાપના કરી. આ અને અન્ય શીખ ધર્મસ્થાનોના નિભાવ અર્થે એમણે શીખો પાસેથી આવકનો દસમો ભાગ લેવાનું ઠરાવ્યું. પંજાબી ભાષામાં એમણે ઘણાં સુંદર ભજનો લખ્યાં છે. એમનો વધતો પ્રભાવ જોઈને તથા બંડે ચડેલા શાહજાદા ખુશરો પ્રત્યે ભાવ રાખવા બદલ જહાંગીરે એમનો ભારે દંડ કર્યો, જે ભરવાનું નકારતાં એણે ગુરુ અર્જુનને ક્રૂર રીતે મારી નાખ્યા. આ પ્રસંગ પછી મુઘલ સલ્તનતમાંથી શીખોની શ્રદ્ધા ઊઠી ગઈ અને શીખોએ એક નવો જ વળાંક લીધો.

૬. ગુરુ હરગોવિંદ (૧૫૯૫, ૧૬૪૪) : ગુરુ અર્જુનના પુત્ર 'પીરી' (અધ્યાત્મિક શક્તિ) અને 'મીરી' (દુન્યવી શક્તિ)ના પ્રતીક રૂપ બે તલવારો સાથે એમણે ગાદી સ્વીકારી. 'અકાલ તખ્ત'ની સ્થાપના કરી એમણએ શીખોને યુદ્ધની તાલીમ આપવા માંડી અને અમૃતસરમાં 'લોહગઢ' બાંધ્યો. આથી જહાંગીર વધુ ઉશ્કેરાયો અને શાહજહાંના સમયમાં તો કનડગત ઘણી વધી એટલે તેઓ હિમાલયની તળેટીમાં કિરાતપુર જઈ રહ્યાં. રાજકીય જુલ્મો સામે સતત અને જરૂર પડે તો સશસ્ત્ર લડત આપવાનું પ્રબોધનાર તેઓ કદાચ ભારતીય સંત હતા.

૭. ગુરુ હરરાય (૧૬૩, '૬૧૦) : ગુરુ હરગોવિંદના પૌત્ર.

૮. ગુરુ હરિકૃષ્ણ (૧૬૫૬, ૬૪) ગુરુ હરરાયના બાળક પુત્ર. આ બંને ગુરુઓના સમયમાં મસનદોનું વચસૂ વધી જતાં તેમનામાં કેટલીક ગેરરીતિઓ પ્રસરી. પરિણામે આત્મસુધારણામાં કડક અને લડાયક જુસ્સાવાળા તેગબહાદુરને ગાદી સોંપાઈ.

૯. ગુરુ તેગબહાદુર (૧૬૨૧, ૧૬૭૫) ગુરુ હરગોવિંદના પુત્ર અને ગુરુ હરરાયના પિતા. પૂર્વમાં ચેક સિલહટ અને ચિંતાગાંગ સુધી પ્રવાસ કરી એમણે ત્યાં સુધી ગુરુ નાનકનો સંદેશ પહોંચાડ્યો. રાજકીય જુલ્મો સામેના એમના અડગ વલણથી ક્રુદ્ધ ઔરંગઝેબે આગ્રામાં એમને કેદ કર્યા અને કાઝીઓ સમક્ષ મુકદમો ચલાવડાવી દિલ્હીમાં એમો વધ કર્યો. દિલ્હીમાં એ સ્થળ આજે 'ગુરુદ્વારા શિશગંજ' નામે વિખ્યાત છે.

૧૦. ગુરુ ગોવિંદસિંહ (૧૬૬૬, ૧૭૦૮) : ગુરુ તેગબહાદુરના એક માત્ર પુત્ર. પટણા (બિહાર)માં જન્મ. ૧૬૯૯માં એમણે 'ખાલસા' (પવિત્રોનો સંપ્રદાય)ની સ્થાપના કરી. એના અનુયાયીઓ જાતિભેદ છોડી એક વિશાળ 'સિંઘ' પરિવારના સભ્ય ગણાયા. પોતાના અનુયાયીઓ માટે એમણે ફરજિયાત 'કેશ, કંઘા, કચ્છ કડું અને કિરપાણ' રાખવાનો આદેશ આપ્યો. ધર્મમાં 'ગ્રંથસાહેબ'ને સર્વોપરિ ગણી અનુગામી ગુરુપ્રથા બંધ કરી. ગુરુ નાનકે ન્યાયી બનીને પવિત્ર જીવન જીવવાનો બોધ આપેલો ત્યાં ગુરુ ગોવિંદે એમને પાપીઓ અને આતતાયીઓનો નાશ કરી ઊંચે મસ્તકે જીવવાનો આદેશ આપ્યો અને એમના પછી શીખ વીરત્વનું એક અનોખું પ્રકરણ લખાયું. મહારાષ્ટ્રમાં નાંદેદ મુકામે બે પઠાણોએ એમનું ખૂન કર્યું. (૫૫૮)

ઊભા રહેજો ... આવું છું

આજની પેઢીને કદાચ ગળે ન ઊતરે એવી ગઈ પેઢીની વાત

શિવકુમાર જોષી

'તમે હવે થોડો વખત આરામ કરો... થોડો વખત સૂઈ જાઓ, કહું છું. આખી રાતનો ઉજાગરો છે. ક્યાં સુધી આમ ને આમ બેસી રહેશો ?... નથી ઊઠવું ?...આરામ ન કરવો હોય તો પણ જાઓ ચાનાસ્તો કરી આવો...હસો છો શું ? નથી સાંભળ્યું ?' રમીલાએ કેટલીયે આજીજી કરી. મીઠી ધમકીઓ આપી, પણ શ્રીનિવાસ ન તો એના માંદગીના બિછાના ઉપરથી ઊઠ્યો કે ન તો એની કોઈ વાતનો ઉત્તર આપ્યો. એ તો માત્ર એના ઓશીકા પાસે બેસીને એક હાથે પંખાથી ધીરો પવન નાખ્યે જતો હતો ને બીજે હાથે રમીલાની આડીઅવળી ઊડતી લટો સરખી કર્યે જતો હતો.

રમીલા અને શ્રીનિવાસ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ભેગાં થઈ ગયાં હતાં. શ્રીનિવાસ એન્જિનઅરિંગ કૉલેજમાં અભ્યાસ કરતો; અને દેશના ભાગલા થતાં માબાપ વિનાની રમીલા કરાચી છોડીને બનારસ આવી, સરકારી સ્કૉલરશિપ મેળવીને ત્યાં આર્ટ્સ કૉલેજમાં બીજા વર્ષમાં દાખલ થઈ હતી. કરાચીમાં એના પિતાનો બહોળો વેપાર હતો. મૂળ ગુજરાતનાં, પણ વર્ષો થયાં સિંધમાં વસેલાં એટલે ગુજરાત સાથેનો સંબંધ ઘણો ઓછો થઈ ગયો હતો. તેમાંયે રમીલાએ તો સિંધ બહાર પગ પણ મૂક્યો ન હતો. હજી તો રમીલા હાઈસ્કૂલમાં હતી ત્યાં ત્રણ વરસના અંતરે પહેલાં મા ને પછી પિતા મૃત્યુ પામ્યાં. દૂરના પિતરાઈ કાકાના હાથમાં પોતાનાં વેપાર અને યૌવનને આરે આવી પહોંચેલી રમીલાની ભાળવણી કરીને એમણે દેહ છોડ્યો. બેએક વર્ષ પછી જ દેશના ભાગલા પડતાં યુવાન ભત્રીજીને સારા સથવારા જોડે દિલ્હી મોકલી આપી, અને પિતરાઈ કાકા બધું આટોપવા રહ્યા તે રહ્યા જ; રમીલાને ત્યાર પછી એમની ભાળા ન લાગી. છેવટે સંબંધીઓના પ્રયત્ને સરકાર તરફથી એને શિષ્યવૃત્તિ મળી ને તે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જોડાઈ.

ફૂટબૉલ ને હોકીની રમતમાં આગળ પડતો ભાગ લેતો શ્રીનિવાસ આખી યુનિવર્સિટીમાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનો પ્રીતિપાત્ર હતો. સેન્ટર ફોરવર્ડ તરીકે દરેક મોટી મૅચમાં વિજયી રમત ખેલતા એ સોહામણા ખેલાડીની ઝડપી દોડ, ઊજળો સૌષ્ઠવપૂર્ણ દેહ અને કાળાં ભમ્મર ઝુલ્ફાં નીચે મલકાતો સદાયે સ્મિતભર્યો ચહેરો માત્ર રમતગતમોમાં જ નહિ, પણ યુનિવર્સિટીના ગુજરાતી વિદ્યાર્થીઓના બધા કાર્યક્રમોમાં પણ આકર્ષણ જમાવી રહેતો. ભણતર સિવાયની ઇતર પ્રવૃત્તિઓમાં રસ લેતી, સિંધી ચમકવાળી રમીલા પણ પોતાનું વ્યક્તિત્વ ત્યાં જમાવી રહી હતી. એની સૂકી પણ ઘાટીલી દેહલતા, વિશાળ આંખો, બહુ સુંદર નહિ છતાં જોતાં ગમી જાય તેવો ભાવભર્યો ચહેરો, ને સૌથી વધુ તો એનો હસમુખો મળતાવડો સ્વભાવ, આ બધાંથી એ સૌમાં આગળ તરી આવતી. અને આવા સંયોગોમાં બને છે તેમ, શ્રીનિવાસ ને રમીલા એકબીજાના પરિચયમાં આવ્યાં : પરિચયમાંથી ગાઢ મૈત્રી અને તેમાંથી સ્નેહના અંકુર ફૂટ્યા.

એન્જિનીઅરિંગ પાસ કર્યા પછી મુંબઈ સરકારની નવી નહેરોની યોજનામાં શ્રીનિવાસની નિમણૂક થઈ; અને છૂટા પડતી વખતના કૉલ પ્રમાણે શ્રીનિવાસે રમીલાને બોલાવી લઈને, બે મોટા ભાઈઓ ને બે મોટી બહેનોના આશીર્વાદ મેળવી તેની સાથે લગ્ન કર્યાં.

એ વાતને બે-અઢી વર્ષ વીતી ગયાં. નોકરીની રખડપટ્ટી અને અસ્થિર જીવનને લઈને સુકોમળ રમીલા માંદી પડી ગઈ ને ધીરે ધીરે એનું શરીર ક્ષીણ થવા લાગ્યું. શ્રીનિવાસ તરત રજા લઈને એને પંચગની લઈ ગયો. તરેહતરેહનાં ઇન્જેક્શન, મોંઘાં ટૉનિક ને બીજું જે કાંઈ ડૉક્ટરોએ સૂચવ્યું તે એણે અમલમાં મૂકવા માંડ્યું. ચોવીસે કલાક તે ખડે પગે એની ચાકરીમાં લાગી ગયો. અને એમ કરતાં પોતાની રોજિંદી જરૂરિયાતો પ્રત્યે પણ સાવ બેદરકાર બની ગયો. રમીલાને સહેજ તાવ કે હાંફ ઊપડતી તો એનું મુખ ચિંતાતુર બની જતું.

બે દિવસથી રમીલા વધુ અસ્વસ્થ હતી. ચોમાસા પહેલાંનો ઉકળાટ શરૂ થયો હતો એટલે આજ રાત્રે રમીલા બિલકુલ ઊંઘી શકી ન હતી. શ્રીનિવાસ એની પથારી પાસેથી ઘડી પણ દૂર ખસ્યો ન હતો; ને આજ સવારે તો એણે ચાનાસ્તો પણ કર્યો ન હતો. ખૂબ આગ્રહપૂર્વક રમીલાએ એને થોડો ચાનાસ્તો કરીને આરામ કરવા કહ્યું. પણ એ ન ગણકારતાં એણે રમીલાને ખૂબ કોમળતાથી ઊંચકીને બાજુમાં પોતાના પલંગ ઉપર સુવાડી એનું બિછાનું સાફ કરી નાખ્યું, ચાદર બદલીને નવી પાથરી, ઓશીકાની ખોળો બદલી, ને બાજુમાં પડેલી થૂંકદાની ઉપાડીને બહાર સાફ કરવા જાય છે, ત્યાં રમીલાએ પોતાનો નિર્બળ હાથ આડો ધર્યો ને પાસું વાળીને બીજે હાથે એનું પહેરણ પકડીને જતો રોક્યો.

'રમી ! આમ શું કરે છે ? જો તો હું...' પણ કંઈ વધુ બોલવા જાય છે ત્યાં રમીલાની આંખમાં બોર બોર જેવડાં આંસુ જોઈને થંભી ગયો. થૂંકદાની બાજુમાં મૂકીને ખૂબ મમતાથી એની આંખો

લૂછી નાખી. રમીલાએ હાથની ઇશારત કરીને શ્રીનિવાસને બાજુમાં બેસવા કહ્યું. કંઈક વધુ સ્વસ્થ થઈને એના બંને હાથ પોતાના ધ્રૂજતા હાથમાં લઈને ખૂબ કાકલૂદીભર્યા અવાજે પૂછ્યું : 'શ્રી ! શા માટે તું મારી આટલી બધી દરકાર લઈ રહ્યો છે ? એક અજાણ અનાથ છોકરી તને કોલેજના દિવસો દરમ્યાન મળી ગઈ અને પ્રીતિ બંધાઈ...'

'આ શાં ગાંડાં કાઢે છે ?' શ્રીનિવાસે હસતાં હસતાં પૂછ્યું.

'ગાંડાં નથી કાઢતી... હું તને દુઃખી કરી રહી છું એનો મને રંજ છે, નિવાસ. ક્યાં તારો મજબૂત સશક્ત તંદુરસ્ત દેહ ને... ક્યાં આ મારી રોગીલી કાયા ! મારી અવસ્થા તો જો ! તારાં બધાં અરમાનોનું શું ? શા માટે આવી માંદલી પત્નીને તું આમ વળગી રહ્યો છે ?'

'એનું કારણ આ.' એમ કહી તેણે હેતથી રમીલાના ગાલ પર એક ઢીલી ટપલી મારી ને ઊઠવા ગયો, પણ રમીલાએ એને છૂટવા ન દીધો. ધીરા પછટાડ ખાતા અવાજે એણે બોલવા માંડ્યું : 'મેં ઠીક ઠીક દુનિયા જોઈ છે, શ્રી કૉલેજકાળમાં સારા પ્રમાણમાં યુવાન કૉલેજિયનોના પરિચયમાં પણ આવી છું. સામાન્ય યુવાનનું વલણ હું બહુ સારી રીતે સમજું છું. પણ હમેશની માંદલી, પથારીવશ પત્ની પ્રત્યે પ્રેમભર્યા થનગનતા યુવાન પતિની આટલી બધી નિષ્ઠા એ તો મેં ક્યાંયે જોઈ નથી, સાંભળી પણ નથી. છ છ મહિના થયા હું આમ ને આમ પથારીવશ છું, છતાં તારા મોં પર આટલો સરખો કંટાળો નથી, ચીડ નથી.... શાથી આ...'

'ચાલ હવે સૂઈ જા તો; બોલવાનુ બંધ કર.' એટલું કહી ઊભા થઈને તેણે આગળ કરતાંયે વધુ કોમળતાથી રમીલાના સૂકા પાતળા હલકા દેહને ફૂલની જેમ ઊંચકીને સાફ કરેલી એની પથારીમાં સુવાડી દીધો. સૂતા સૂતાં રમીલાએ આંસુભરી આંખે એને ફરીથી પૂછ્યું 'શાથી આટલું બધું મારે માટે... શાથી ?'

'મારે તને સાજીસારી કરીને ફરીથી ઊભી કરવી છે, રમી –'

'એવી તો આ જીવનમાં થઈ રહી –'

'એવું ના બોલીશ રમી, એવું ન બોલીશ; એવું કાંઈ થાય તો તો...'

આટલું બોલતાંમાં શ્રીનિવાસનો અવાજ રૂંધાઈ ગયો અને એની આંખમાંથી બે મોટાં આંસુ ખરી પડ્યાં. રમીલાએ કોઈ દિવસ આ સદાયે હસમુખા તરવરતા પતિની આંખમાં આંસુ જોયાં ન હતાં. માંદી માંદીયે એ બેઠી થઈ ગઈ અને એના ખભા ઉપર માથું ટેકવી ઊંચી નજરે એની અસાધારણ ગંભીર મુખમુદ્રા તરફ એકીટશે જોઈ રહી. થોડીક ક્ષણો એમ ને એમ વીતી ગઈ. માંદલા હાથે એના કપાળે ઝૂકી પડેલું વાળનું જુલફું ઠીક કરતાં ઠપકાભરી દૃષ્ટિથી પૂછ્યું, 'ગાંડો થયો છે કે શું ? આવું તે કરાતું હશે ?'

શ્રીનિવાસે સ્વસ્થતા મેળવવાનો પ્રયત્ન કરતાં જવાબ આપ્યો, 'ના, ના, એ તો અમસ્તું. મને કાંઈક યાદ આવી ગયું એટલે.'

રમીલાના 'શું યાદ આવ્યું.' સવાલનો જવાબ શ્રીનિવાસ ન આપત; પણ એણે એવી તો આકરી રુઢ લઈને કડક સોગંદ દીધા કે કહ્યા વિના એનો છૂટકો ન થયો. એણે કહ્યું, 'તારે એ વાત સાંભળવી હોય તો સરખી રીતે સૂઈ જા. વાત જરા લાંબી છે. બે ઓશીકે સહેજ ઊંચું માથું ટેકવીને રમીલા સૂતી. અને પડખે જરા આડા પડી એની આંખમાં આંખ પરોવીને ખૂબ ગંભીર અવાજે એણે વાત માંડી :

ઉત્તર ગુજરાતમાં વિજાપુર પાસે કુકરવાડા કરીને એક નાનું-અમથું ગામ છે. ત્યાં એક વયોવૃદ્ધ બ્રાહ્મણ ને એની વૃદ્ધ પત્ની હાથેછાયા ઝૂંપડી જેવા મકાનમાં રહેતાં. પાંચ પાંચ બાળકોનાં મૃત્યુ પછી એકમાત્ર દીકરો બચ્યો હતો. ગામની ગામઠી નિશાળમાં એ અભ્યાસ કરતો અને વૃદ્ધ પુરાણી પિતા નવરાશની વખતે એને પુરાણોની વાતો કહેતા. પુત્ર બાર વર્ષનો થયો ત્યારે કોડ કરીને બાજુના ગામડેથી પોતાના જેવા ગરીબ વૃદ્ધ વિધુર બ્રાહ્મણની એક નવ વર્ષની પુત્રી સાથે દીકરાનાં લગ્ન કર્યાં. જાણે દીકરીના લગ્નની જ રાહ જોતાં હોય તેમ લગ્ન પત્યાને ત્રીજે દિવસે વૃદ્ધ વેવાઈ મૃત્યુ પામ્યા.

માબાપ સમાન સાસુસસરાની સ્નેહભરી સંભાળ નીચે નવ વરસની બાળવધૂ તૈયાર થવા માંડી. સાસુસસરાની સેવા કરવાની તો હજી એની વય નહોતી, પણ બાળક પતિ સાથેની રમતગમત, હૂંસાતૂંસી, રિસામણાંમનામણાં જેવી બાળમૈત્રીમાં બેએક વર્ષ વીતી ગયાં. ગામના મહેતાજીની ભલામણથી તેજસ્વી પુત્રને દૂર શહેરમાં આગળ અભ્યાસ માટે મોકલવો એમ નક્કી થયું.

શહેરની કોઈ પાઠશાળાના શાસ્ત્રીજીને ત્યાં રહેવાની વ્યવસ્થા થઈ. શાસ્ત્રીજીનાં પૂજાપાઠ કરીને, બે ધક્કા ખાઈને, એમની પત્નીની ગેરહાજરીમાં રસોઈપાણી કરી આપીને, એણે શાસ્ત્રીજીનો પ્રેમ જીતી લીધો. અથાક મહેનત, તીવ્ર બુદ્ધિ અને સેવાભાવી સ્વભાવથી એ બીજા વધુ સગવડ સાથે ભણતા વિદ્યાર્થીઓ કરતાં પણ અભ્યાસમાં ખૂબ આગળ આવી ગયો; શિક્ષકોનો પણ પ્રેમ સંપાદન કર્યો.

રજાઓમાં એ કુકરવાડા જતો. ત્યાં વૃદ્ધ માતાપિતા અને બાળવધૂ જાણે રાહ જોઈને બેઠાં હોય તેમ એના આગમને પ્રફુલ્લિત થઈ ઊઠતાં. થોડા દિવસો એ રીતે સાથે ગાળવા મળતા. તેમાં પણ એ બચપણનું સાહચર્ય વધુ ને વધુ ગાઢ બનતું ચાલ્યું. જોકે પુત્ર વધારે ને વધારે સુઘડ, સ્વાસ્થ્યપૂર્ણ ને ઓજસ્વી બન્યે જતો હતો, જ્યારે પુત્રવધૂ ગામડામાં જ ઊછરી ગામડાનાં હવાપાણીની અસર નીચે અને ખાસ તો ભયાનક ગરીબીને કારણે કાંઈક અણઘડ રૂક્ષ અને સ્વરૂપમાં પણ અતિસામાન્ય ઘડાયે જતી

હતી. એ બધું છતાં બંનેનાં અંતર કોઈ અદીઠ તાણાવાણામાં એકસાથે વણાયે જતાં હતાં.

પહેલાં વિશ્વયુદ્ધ દરમ્યાન ભયંકર રોગચાળામાં ઉત્તર ગુજરાતનાં કંઈક ગામડાં ઝડપાઈ ગયાં. વૃદ્ધ માતાપિતા સાત દિવસને અંતરે ઈન્ફ્લુયએન્જામાં ફાટી પડ્યાં. સોળ વર્ષના કિસોર પુત્રને માથે ભરપૂર અફાટ સંસારમાં એકલે હાથે પોતાના અભ્યાસની અને બાળ પત્નીની જવાબદારી અદા કરવાની આવી પડી.

પહેલાં ગામડાંમાં અને પાછળથી શહેરમાં ફાટી નીકળેલા એ રોગચાળામાં કીડાની જેમ મરતાં માનવીઓને જોઈને એનું કિશોર હૃદય એક સંકલ્પ કરી બહુ દીનદુઃખી ને રોગીઓને ઉપયોગી થવાય તે માટે ખૂબ ઉત્તમ કોટિના ડૉકટર થવું. મનમાં એ ધ્યેય રાખીને એણે એક તરફ ખંતથી અભ્યાસ શરૂ કર્યો. બીજી તરફ કોઈની પાઠપૂજા કરી. નકલો કરી આપી. પોતાના અભ્યાસનો ને બાળક પત્નીના નિર્વાહનો ખર્ચ જેમતેમ કરીને કાઢવા માંડ્યાં.

મેટ્રિકની પરીક્ષામાં ખૂબ ઊંચા નંબરે પાસ થતાં એને શિષ્યવૃત્તિ મળી અને તેથી ખર્ચની થોડી ચિંતા તો ટળી, તેર વર્ષની પત્ની પણ ત્યાં સુધીમાં શહેરના જીવનથી વાકેફ થવા માંડી હતી. પોળની ઘરડી ડોશીઓ કે વિધવા સ્ત્રીઓની સાથે બેસીને એ પણ રેશમના તાર કાઢતાં શીખી ગઈ ને સાંજ પડ્યે થોડુંઘણું કામ કરીને પોતાની ખાનગી આવકમાંથી પતિની જાણ બહાર એની નાનીમોટી જરૂરિયાતો સુઘડ રીતે તૈયાર કરી રાખવા માંડી. 'મારો પતિ મોટો ડૉકટર બને, એને યશ મળે, એનું જીવન ધન્ય બને' એ જ રટણમાં એ ગામડાગામની પત્ની પોતાના જીવનની કૃતકૃત્યતા સમજવા લાગી.

બે વર્ષ પછી, વધુ અભ્યાસ માટે મુંબઈ જઈ શકાય એવી નાની બચત પણ ઊભી થઈ ન હતી છતાં, હિંમત કરીને ૧૮-૧૯ વર્ષની કાચી વયે પણ પરિપકવ બુદ્ધિ ને દૃઢ મનોબળ સાથે પત્નીને લઈ તે મુંબઈ પહોંચ્યો. ભૂલેશ્વરના કોઈ અંધારા માળાના ભોયતળિયે સસ્તા ભાડાની એક ઓરડી રાખી લીધી. આજે માનવીઓથી ભર્યા ભર્યા મુંબઈમાં કોઈને કોઈની પડી નથી હોતી એવા દિવસો ત્યારે હજી આવ્યા ન હતા. આડોશીપાડોશીમાં આ કિશોર દંપતીએ પોતાના સરળ સ્વભાવ ને ખંતીલી ટેવોથી માનભર્યું સ્થાન મેળવી લીધું. માળાના માલિકે પોતાની ઓળખાણનો લાભ આપી એક ઉદારદિલ ભાટિયા સદ્‌ગૃહસ્થ પાસેથી એના તબીબી અભ્યાસ માટે આર્થિક મદદ અપાવી દીધી. આટલો ટેકો એમને માટે બસ હતો.

સવારથી બપોર ને બપોરથી સાંજ, કૉલેજ અને હૉસ્પિટલ-હૉસ્પિટલ અને કૉલેજ, એમ એકનિષ્ઠાથી અભ્યાસમાં ડૂબાડૂબ આ યુવાન રહેતો. એને કશાની અગવડ ન પડે, એની દરેકેદરેક નાનીમોટી વસ્તુઓ એને વેળાસર મળી જાય તેની કાળજી રાખવામાં એની નાનકડી પત્નીને અનેરો આનંદ આવતો. ઘરનું ખર્ચ ગમે તેમ નભતું. અઠવાડિયામાં ત્રણ દિવસ એક ધનિક કુટુંબનાં બેત્રણ બાળકોને ભણાવીને થોડો પગાર મેળવી લેતો. વખતોવખત આડોશીપાડોશીનું કામ કરી છૂટતો. કોઈ માંદુંસાજું હોય તો એની સેવાચાકરી પણ કરતો. પત્ની પણ આડોશીપાડોશીનાં નાનાંમોટાં કામ કરીને જે કાંઈ થોડું વળતર મળતું તે લઈને ઘરખર્ચમાં સાથ આપતી.

એમ કરતાં એક વર્ષ વીત્યું. પહેલી જ પરીક્ષામાં સૌથી ઉત્તમ ગુણ મેળવી, કૉલેજના ડૉકટરોની શાબાશી સાથે તેણે સુવર્ણચંદ્રક અને આગળ અભ્યાસ માટેની સ્કૉલરશિપ મેળવ્યાં.

આવા એકધારા, મુશ્કેલ, છતાં ચોક્કસ માર્ગે વહ્યે જતા જીવનમાં એક નાનકડો બનાવ બન્યો. જે શેઠને ત્યાં ભણાવવા જતો તે સટ્ટામાં ખૂબ પૈસા કમાઈને હતા તે કરતાં અનેકગણા ધનવાન બન્યા હતા. શેઠ ઉપરાંત શેઠનાં બાળકોમાં પણ અવારનવાર પૈસાનો કેફ જણાવા માંડ્યો હતો. શેઠની મોટી પુત્રી લગભગ વીસેક વર્ષની હતી. એનાં લગ્ન બચપણમાં - જ્યારે શેઠ શેઠ ન હતા ત્યારે એક ગરીબ જ્ઞાતિજન સાથે થયાં હતાં, જે ઉંમરમાં પણ કંઈક વધુ મોટો હતો. પિતા પૈસાદાર થતાં દીકરીનો જીવનનો બધો જ અભાવ વેગ સાથે ઉપર તરી આવ્યો. એથી ઘણીયે વાર દિવસો સુધી એ બાપને ત્યાં ચાલી આવતી.

પોતાનાં નાનાં ભાંડુઓને ભણાવતા આ તેજસ્વી તંદુરસ્ત યુવાન તરફ તેની લુબ્ધ દૃષ્ટિ પડી, દિવસે દિવસે તે તેના તરફ વધુ ને વધુ ખેંચાવા લાગી. એક દિવસ હૉસ્પિટલમાં મોડું થઈ ગયું અને ત્યાંથી સીધા પેલા શેઠને ત્યાં છોકરાં ભણાવવા જવાનું હતું. સવારથી ખાધાપીધા વિના આજે આખા દિવસના કામનો થાક ચઢ્યો હતો એથી મોઢું લેવાઈ ગયું હતું. બાળકોને ભણાવી રહેતાં રાત પડી ગઈ. ઝડપથી દાદર ઊતરીને ઘરની બહાર નીકળવા જાય છે ત્યાં ભોયંતળિયાના દાદરની બાજુમાંથી અંધારામાં કોઈએ હાથ પકડ્યો. એણે પાછા વળીને આશ્ચર્ય પામીને પૂછ્યું : 'કોણ છો ?'

'ઓળખાણ ન પડી ?' જેટલું થઈ શકે એટલું માધુર્ય ભેગું કરીને મીઠા ટહુકાથી કોઈ બોલ્યું. સહેજ અજવાળામાં આગળ આવતાં ઓળખાણ પડતાં યુવાન બોલ્યો, 'ઓહ તમે ?'

'ત્યારે ઓળખાણ પડી ખરી. મારા મનમાં કે સહેજ પણ નીચેથી ઊંચું ન જોનાર આ ડૉકટરસાહેબ તો —'

'હું હજી ડૉકટર થયો નથી.'

'મારે ડૉકટરની જરૂર પણ નથી.'

'તો મારું શું કામ છે ?'

'કામ તો ઘણુંબધું છે, પણ તમને સાંભળવાની - અરે મારી

સામે મોં ઊંચું કરીને જોવાની પણ ફુરસદ ક્યાં છે ?'

'મને કાંઈ સમજાતું નથી.'

'એ બધી વાતો પછી. ખૂબ થાકેલા જણાવ છો, તો થોડી વાર ઉપર આવો. મારા ઓરડામાં તમારે માટે થાળી પીરસી આણી છે.'

'તમારો ખૂબ ખૂબ આભાર; હું ઘેર જમવા જ જાઉં છું. મોડું થઈ ગયું છે ને મારી પત્ની રાહ જોઈને ચિંતા કરતી બેઠી હશે.'

'એક દિવસ મોડું થઈ જશે તો તમારાં પત્ની તમને કંઈ વઢી નહિ નાખે. તેમાંયે વળી આવા કામદેવ જેવા પતિને–'

'હં હં ! બસ બસ; એવું બધું તમારે ન બોલવું જોઈએ.'

'તો શું હું તમારી પત્ની કરતાં ઓછી રૂપાળી છું ?'

'એવી ચર્ચામાં હું પડવા નથી માગતો.'

'તમે બધું જ સમજો છો. મારી વાત માનો, બાપાજીને કહીને હું તમને ન્યાલ કરાવી દઈશ.' યુવાને હાથ તો ક્યારનોયે છોડાવી લીધો હતો પણ હવે તે રસ્તો રોકીને ઊભી રહી હતી. યુવાને ખૂબ વિનંતી કરી : 'ઓચિંતાનું કોઈ જોઈ જશે તો બંને ખોટી રીતે બદનામ થઈશું.' પણ એ તો ભાન ભૂલી હતી. એણે છેલ્લો પાસો ફેંક્યો, 'તમારી પત્ની તો સાવ બોથડ ગામડિયણ છે. પૂરાં કપડાં પહેરતાં તો એને આવડતું નથી. અને મારા સામે તો જુઓ–'

'મારી પત્નીની જે બદબોઈ કરે તેની સામે હું કદી જોતો નથી.' એમ કહીને એક આંચકા સાથે યુવતીને દૂર હટાવી તે ઝડપથી બહાર નીકળી ગયો અને તે દિવસ પછી તેણે ફરીથી એ ઘરમાં પગ ન મૂક્યો.

આ વાતની જ્યારે પત્નીને ખબર પડી ત્યારે એની છાતી ગર્વથી ગજગજ ફૂલી. વધુ વર્ષો વીત્યાં. યુવાને એમ.બી.બી.એસ.ની છેલ્લી પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરી. તરત શહેરની એક મોટી હૉસ્પિટલમાં તેની નિમણૂક થઈ અને સાથે સાથે આગળ અભ્યાસ ચાલુ રાખ્યો. અને M.D. થયા પછી સરકારે એની ઝળહળતી કારકિર્દીની કદર કરીને શહેરની મુખ્ય હૉસ્પિટલમાં સારા પગારે રાખી લીધો.' રમીલા સામે બે ક્ષણ નીરવતાથી જોઈ રહી ને શ્રીનિવાસે પૂછ્યું, 'આંખો કેમ મીંચી દીધી રમી ? વાત સાંભળતાં થાકી ગઈ કે ?'

ધીરે ધીરે આંખો ખોલતાં રમીલા બોલી, 'ના, ના, થાકી જરાયે નથી. હું બરાબર સાંભળું છું. પણ તારા મુખ ઉપરના ભાવ જોઈને મને કંઈક પૂછવાનું મન થઈ જાય છે, પૂછું ?'

'ના; હમણાં કાંઈ નથી પૂછવું. પહેલાં આખી વાત સાંભળી લે.'

વિલાયતથી ઊંચી ડિગ્રી લઈને વતન પાછા ફર્યા પછી પોતાની સ્વતંત્ર નાની હૉસ્પિટલ એમણે શરૂ કરી. એ વખતે શહેરમાં ડૉક્ટરો મૂળે ઓછા અને તેમાંયે આવી પરદેશની ઉપાધિ ધરાવનાર તો કોઈક જ. વધુમાં એમનો સેવાભાવી ઉદાર સ્વભાવ. કીર્તિ ને લક્ષ્મી એમને ઘેર જાણે ગાડેગાડાં ખડકાવા લાગી. પતિપત્નીની વર્ષોની સાધના ફળી.

પતિ વિલાયત જઈ આવ્યા, આટલી મોટી નામના કમાયા, પણ એમના ત્રણ પુત્રો ને બે પુત્રીઓની માતા તો હજી એવી ને એવી સાદીસીધી ગૃહિણી જ રહી હતી. પતિની નાનીમોટી સગવડો એ હજી એ જ રીતે - અભાવના કપરા દિવસોમાં સાચવતી તે રીતે જ - એ જાતે સાચવતી. હવે તો ઘરમાં નોકરચાકર છતાં પોતાને હાથે જ બધું કરતી, ને ડૉક્ટરને પણ એ રીત જ ફાવી ગઈ હતી. સવારે પતિ ઊઠે તે પહેલાં તો નાહીધોઈને એ પરવારી લેતી. એમનું બ્રશ, એમનો ટુવાલ, એમનાં નવાં સાફ વસ્ત્રો, એમનો ચા-નાસ્તો એ બધું જાતે જ તૈયાર કરતી. બપોરે હૉસ્પિટલથી આવે એની રાહ જોઈને બેસતી. દરદીઓની ભીડને લઈને કે ખાસ કોઈ દરદીને જોવા બહાર જવાનું હોય અને બપોરે બેત્રણ વાગ્યે ડૉક્ટર પાછા ફરે તોપણ એ જ મૃદુ હાસ્યથી એમની રાહ જોતી એ બેઠી હોય. ઘણી વાર તો ડૉક્ટર એને મીઠો ઠપકો આપતાં કહે, 'તું પણ શું હજી બેસી રહી છે ? મુંબઈમાં હું ભણતો ને જેવી ઘેલી હતી તેવી જ હજી ઘેલી છે તું.'

'અને જિંદગીના છેડા સુધી એવી જ રહેવા માગું છું.'

અને આવો એનો ઉત્તર સાંભળીને ડૉક્ટર થોડું મીઠું હસી લેતા.

એક વાર પત્ની ઓચિંતાની માંદી પડી. ચાળીસ વર્ષના એમના લગ્નજીવનમાં અવારનવાર નાની નાની માંદગી તો આવી જાય, પણ આ વખતની માંદગી કાંઈક ગંભીર હતી. બે દિવસ ઇલાજો અજમાવ્યા પણ ફેર ન પડ્યો, એટલે ત્રીજા દિવસથી ડૉક્ટરે હૉસ્પિટલ જવાનું બંધ કર્યું. ઘરમાં મોટા બે દીકરા, મોટા દીકરાની વહુ, બધાં જ હતાં, પણ માંદી પત્નીની સારવાર બીજા કોઈને સોંપીને જવાની એમને ઇચ્છા જ ન થઈ. એમને હૈયે ધરપત ન રહી. એટલે પોતે મોટા ડૉક્ટર હોવા છતાં શહેરના બીજા જાણીતા ડૉક્ટરોને ભેગા કર્યા. ૪૯-૫૦ વર્ષની સામાન્ય અણઘડ લાગતી પત્ની માટે તેને આટલી દોડાદોડી કરતા જોઈ બીજા ડૉક્ટરો ઇશારાથી થોડું હસી પણ લેતા. દર્દ ગંભીર હતું, પણ એટલી માત્રાએ નહિ કે આટલી ધમાલ કરવી પડે.

પથારીમાં પડી પડી પત્ની આ બધું નીરખતી હતી. સાંજે બરડાનો જે ભાગ દુખતો હતો તે ભાગ ઉપર ડૉક્ટર જાતે પત્નીને કોઈ કાળી ચીકણી દવાથી માલિશ કરવા બેઠા. આજુબાજુ કોઈ નથી તેની ખાતરી કરીને પત્નીએ ડૉક્ટરનો હાથ ઝાલી લીધો ને બોલી :

'તમે તે ગાંડા થયા છો કે શું ? આ બધું તમે જાતે ન કરો તો ? વહુને કે બીજા કોઈને કહોને, એ પણ દવા ચોળી આપશે. અને આ બધી દોડાદોડી શી માંડી છે ? આડોશીપાડોશી, ઘરનાં છોકરાં, મોટા મોટા ડૉક્ટરો, એ બધાંને કેવું લાગે ?' થોડી વાર તો ડૉક્ટર નિરુત્તર રહ્યા. પછી આંખમાં ધસી આવતાં આંસુ રોકીને ગળગળે અવાજે બોલ્યા : 'તું ન હોત તો આજે હું કાંઈ જ ન

હોત. આ બધું જે કાંઈ છે એ બધું તારા પ્રતાપે. તારી આખીયે જાત નિચોવીને મારા પડ્યા બોલ ઝીલતી તું મને અહીં સુધી દોરી લાવી છે. પણ તું એમ ન સમજીશ કે તેં જે કંઈ મારું કર્યું છે તેનો બદલો વાળવા હું આ કરું છું. સાચી વાત તો એ છે કે ... તને કંઈ થાય તો હું એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી.' પછી એમણે પેલી માલિશ કરવાની કાળી દવાની શીશી ઉપરનું લાલ લેબલ બતાવ્યું અને બોલ્યા, 'આ દવા કેવી છે તે તને ખબર છે ને ? લાલલેબલવાળી દવા ઝેરી હોય તેટલી સમજ તો આટલાં વર્ષોના ડૉક્ટર સાથેના સહચાર પછી એ અભણ પત્નીને પણ હતી. એણે માથું હકારમાં હલાવ્યું. એટલે ડૉક્ટર આગળ બોલ્યા, 'તને કાંઈ થાય તો આ ચોળવાની દવાની આખીયે શીશી ચાટી જઈને હું તારી સાથે આવવાનો છું તે યાદ રાખજે.' કાંઈ પણ બોલ્યા સિવાય ડૉક્ટરની આંખોનું આવા કપરા નિશ્ચયથી ઝબકારા મારતું તેજ એ ઝીલી રહી. ચોપ્પન વર્ષની ઉંમરે પણ રૂપાળું લાગતું ડૉક્ટરનું મુખ એ માંદી પત્ની મુગ્ધ ભાવે જોઈ રહી. પતિના શબ્દોમાં અવિશ્વાસ એને હતો જ નહિ. કયા પુણ્યે આવો વિદ્વાન, ઉદાર, પ્રેમાળ પતિ એને મળ્યો હશે ? અંતરથી એણે પરમેશ્વરનો આભાર માન્યો ને મનમાં કાંઈ નિશ્ચય કરી લીધો.

એ માંદગીમાંથી પત્ની ઊઠી. ઘરમાં જાણે નવું જીવન આવ્યું. ડૉક્ટરનો હર્ષ તો માનતો ન હતો. મોટી દીકરીનાં લગ્ન લેવાયાં. મોટા દીકરાને તબીબીનો વધુ અભ્યાસ કરવા માટે અને વચલા દીકરાને બૅરિસ્ટર થવા માટે વિલાયત મોકલ્યા. નાની દીકરી અને સૌથી નાનો પુત્ર હજી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતાં હતાં. ત્રણે પુત્ર અભ્યાસમાં પિતાની માફક તેજસ્વી હતા. મોટી દીકરી સારે ઘેર પરણી હતી. કુટુંબમાં વૈભવ હતો. સુખ હતું. શાંતિ હતી.

અને બીજાં પાંચ વર્ષો વીતી ગયાં. બંને મોટા પુત્રો સ્વદેશ આવીને પોતપોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કરી ચૂક્યા હતા. નાની દીકરી કોલેજના છેલ્લા વર્ષમાં હતી. એક યુવાન ડૉક્ટર સાથે તેનું વેવિશાળ થયું હતું. સૌથી નાનો પુત્ર કાંઈક વધુ લાડકો તેથી ખૂબ તોફાની પણ સૌથી વધુ તંદુરસ્ત અને રમતગમતમાં આગળ પડતો હતો. કોલેજમાં એણે પણ વિજ્ઞાન લીધું હતું. અને એની મહત્ત્વાકાંક્ષા હતી એન્જિનીઅર થવાની.

રમીલાના મુખ ઉપર સહેજ સ્મિત આવી ગયું, 'એને તો હું બરાબર ઓળખું છું; પણ મને એ નથી સમજાતું કે આ બધી વાત અત્યાર સુધી મને કેમ ન કહી.'

શ્રીનિવાસ વધુ ગંભીર થઈને બોલ્યો, 'એ તને આપોઆપ સમજાશે; મારે જે ખાસ કહેવાનું છે તે હજી બાકી છે.' એણે સહેજ ગળું ખોંખારીને સાફ કર્યું અને વાત આગળ ચલાવી :

'એક સાંજે ડૉક્ટર હૉસ્પિટલમાંથી પાછા ફર્યા. દરરોજ કરતાં તે વધુ થાકેલા જણાતા હતા. હંમેશનો આનંદી ચહેરો આજે કરમાયેલો હતો. જમણા હાથે છાતીનું ડાબું પડખું દબાવતાં દબાવતાં એમણે ઘરમાં પ્રવેશ કર્યો. પત્નીએ તુરત પૂછ્યું, 'કેમ, તબિયત બરાબર નથી ? કાંઈ થાય છે કે શું ?'

'ના, ખાસ કંઈ નથી. આજે જરા કામ વધારે પહોંચ્યું તેથી થાકી ગયો છું.' એમ કહી કપડાં બદલીને થાક ઉતારવા સહેજ પલંગમાં આડા થયા. પણ હૃદયનો દુખાવો વધતો ચાલ્યો. તે દિવસે એ સૂતા તે સૂતા. બે દિવસની સામાન્ય જણાતી અસ્વસ્થતાને અંતે કોઈનેય ખબર ન પડે તે રીતે ત્રીજે દિવસે વહેલી પરોઢમાં એમણે દેહ છોડ્યો.

'એમ બને જ નહિ ને ! હજી હું બેઠી છું ને એ ચાલ્યા જાય શી રીતે ?' ચોવીસ કલાક સુધી મૃતદેહ પાસે પત્ની આમ હઠ લઈને બેસી રહી. પતિ મૃત્યુ પામ્યા છે એ વાત તો એ સ્વીકારવા તૈયાર જ ન હતી. છેવટે સગાંવહાલાં, પુત્ર-પુત્રીઓએ ખૂબ કહ્યું ત્યારે એ જાણે રિસાઈ ગઈ હોય તેમ બાજુમાં સરી બેઠી.

'આંખમાં આંસુનું એક ટીપું ન હતું. આંખો ખાલી ખાલી બની ગઈ. શૂન્ય દૃષ્ટિએ કશું જોતી હોય તેમ કલાકો સુધી જોયા કરતી અને ક્વચિત્ રટણ ચાલ્યા કરતું : 'મને છેતરીને ચાલ્યા ગયા ?... ના ના, એ એવું ન કરે... પણ છતાંયે ગયા તો ખરા જ ને ?... એમના હાથની વાત હોય તો એ એવું કદી ન કરે, મને મૂકીને આમ સૂતા સૂતા ચાલી ન નીકળે.' આવો અસંબદ્ધ વાર્તાલાપ ચાલ્યા જ કરતો. 'ન જવાનું એમના હાથમાં ન હતું ને એમને જવું પડ્યું. પણ મારું જવાનું તો મારા હાથમાં જ છે ને ?.. ઊભા રહેજો હોં, બહુ આઘા નીકળી ન જતા.. હું આવું છું, હું આવું છું.'

એણે સંસારનો બધો જ રોજ-બ-રોજનો વ્યવહાર છોડી દીધો. આંખમાં ઊંઘ ન હતી, આંસુ પણ ન હતાં. મન થાય તો ઊઠીને સ્નાન કરે. નહિતર દિવસો સુધી શૂન્ય મને એકની એક જગ્યાએ બેસી રહે. પતિના મૃત્યુને સાત દિવસ થયા પણ એક કોળિયો ધાન ગળે ન ઉતાર્યું. બધાંએ ખૂબ ખૂબ આજીજી કરી, સોગંદ દીધા, આંસુ ઢાળ્યાં પણ બધું જ વ્યર્થ. માત્ર એનું રટણ વધુ ને વધુ આવેગપૂર્ણ બનતું ચાલ્યું. 'આમ તમારાથી ન થાય હોં... આટઆટલાં વરસ સાથે સુખદુઃખનાં સંગાથી થઈને રહ્યા છીએ ને છેવટની વેળાએ આમ એકલા ચાલી નીકળવાનું હોય ?' જાણે પતિ સામે બેઠા હોય ને ઠપકો આપતી હોય તે રીતે એ બોલી ઊઠતી.

ભર્યો ભર્યો સંસાર હતો; માનો પડતો બોલ ઝીલે તેવા કહ્યાગરા વિદ્વાન પુત્રો હતા; મોટી પુત્રીનો પણ સંસાર સુખી હતો; નાની પુત્રીને પરણાવવાની હતી; સૌથી લાડકા નાના પુત્રને ઠેકાણે પાડવાનો હતો; પૌત્ર-પૌત્રીઓનો સમુદાય હતો, ઘરમાં સમૃદ્ધિ હતી; બહાર મોભો હતો, માન-મોભો-આબરૂ હતાં; - પણ કંઈ કહેતાં કંઈ પણ વસ્તુ તરફ એનું મન ન વળ્યું. એમ ને એમ સાડત્રીસ દિવસ વીતી ગયા. સુખી સંસારની

નિશાનીરૂપ પુષ્ટ ભરાવદાર શરીર માત્ર હાડપિંજર બની રહ્યું. આંખો ઊંડી ઊતરી ગઈ. મોં સુકાઈ ગયું. ધીરે ધીરે દેહ નિશ્ચેષ્ટ બનવા માંડ્યો, પણ એના મુખ ઉપર કોઈ ઉજ્જવલ આભા પ્રસરી રહી હતી. કોઈ વાર એ ત્રુટક અવાજે બોલતી, 'તમે કહેતા હતા કે તને કાંઈ થાય તો હું જીવી નહિ શકું. ત્યારે શું તમે એમ માનો છો કે તમે આમ ચાલ્યા જશો અને હું પાછળ બેસી રહીશ ?'

અડતાળીસમે દિવસે એની નાડી તદન કાબૂ બહાર ચાલી ગઈ. ચારે બાજુ ઘરનાં બધાં વીંટળાઈને બેઠાં હતાં. અંત નજીક આવી રહ્યો હતો. એક વાર મુશ્કેલીથી આંખ ઉઘાડી ચારે બાજુ નજર ફેરવી લીધી. શ્વાસ વધુ ને વધુ ઊંડો ઊતરતો જતો હતો. સહેજ હોઠ મલક્યા, ને સંતોષથી ધીરે ધીરે આંખો બિડાઈ ગઈ તે ફરીથી ન જ ઊઘડી.

આ છેલ્લા શબ્દો બોલતાં બોલતાં શ્રીનિવાસનો અવાજ કથળી ગયો. આંખમાંથી બે આંસુ રમીલાના ગાલ ઉપર ટપકી પડ્યાં. રમીલાની આંખોમાંથી તો ક્યારનીયે આંસુની ધારા વહેતી થઈ હતી. એનાં આંસુનાં બે ટીપાં પણ એ ધારા સાથે ભળી ગયાં. થોડી ક્ષણો બંને એકબીજાને ભીની આંખે નીરખી રહ્યાં. છેવટે શ્રીનિવાસ બોલ્યો, 'માના મૃત્યુની વાત યાદ કરવી નથી ગમતી. એનું એ તલતલનું સ્વાર્પણ, પંચભૂતોની પતિને ચરણે એણે આપેલી આહુતિ હું યાદ કરું છું ને નહિ રોવા સામેનો મારો બધો જ વિરોધ ઓગળી જાય છે. એટલા માટે જ મેં તને માત્ર એટલું કહ્યું હતું કે તારી માફક મારાં માતાપિતા પણ ચાલ્યાં ગયાં છે... પણ કેવાં માતાપિતાનો હું પુત્ર છું, તું એ જાણી લે રમી. તને જો કાંઈ થયું તો...'

એ વાક્ય પૂરું કહે તે પહેલાં તો એના મુખ ઉપર હાથ ધરી દઈને રમીલાએ એને બોલતો અટકાવી દીધો અને ભીના અવાજે પણ ખૂબ શ્રદ્ધાથી બોલી ઊઠી, 'ના, ના, આગળ કંઈ બોલીશ નહિ, નિવાસ. હું તને ખાતરી આપું છું કે હું ચોક્કસ સાજી થઈને ઊઠીશ. મારે મરવું નથી, જીવવું છે; તને છોડીને જાઉં તો મારો આત્મા ક્યાંયે શાંતિ ના પામે... હવે તો નહિ જ.'

સંતુષ્ટ દૃષ્ટિએ શ્રીનિવાસ રમીલાને જોઈ રહ્યો. એના મુખ ઉપર આછું સ્મિત રમી રહ્યું હતું. (૩૪૮)

સળેખમ

ચોમાસું તરતમાં જ પૂરું થાય એટલે બપોરે પિત્ત ઉશ્કેરનારો તાપ પડે છે ને રાત્રે બે વાગ્યા પછી ઝાકળ સાથે પરોઢિયે ઠંડી પડવી શરૂ થઈ છે. જાય એ ઋતુનો સંધિકાળ છે. આ જ તકે દિવાળી આવે. એમાં વેજીટેબલ ઘી ને ખાંડ સાથે મેંદાના લોટમાં એસેન્સ અને રંગ નાખેલી મીઠાઈઓ અને પૂરી-સેવ-ગાંઠિયાં જેવાં ફરસાણ ! કોઈક ભાગ્યવાન જ એવો મળશે જે દિવાળીના આ વિવિધ વિકૃત ખોરાકથી બચી શકે. સાથે શરદી સળેખમના કેસો ઝડપથી વધતા જવાના.

દિવસે સૂવું અને રાત્રે ઉજાગરો; કફકારક ખાદ્ય પદાર્થો; ખાંડની મીઠાઈ, શરબત, શીખંડ; સારી રીતે ખાંડ નાખેલાં દૂધ- દહીં, આઈસ્ક્રીમ અને માટીની માટલીમાં ભરેલું પાણી, આ બધાં કફ કરનાર છે.

દિવસે સૂઈને ઊઠ્યા પછી માથામાં તેલ સાથે પાણી નાખી માથું ઓળવાથી, તાપમાંથી આવ્યા પછી તરત ઠંડા પાણીએ સ્નાન કરવાથી, અજીર્ણમાં ઉપરાઉપર જમવાથી, વરા અને જમણવારમાં રાત્રે વધારે પડતા વાલ, ભજિયાં, બટાટાનું શાક, ફૂલવડી ને ખાંડનો લાડુ ગળાઠાંસ ખાવાથી, રાત્રે ઉઘાડા પગે અને ખુલ્લા માથે ચાંદનીમાં વધારે રખડવાથી સળેખમ થાય છે. હમણાં હમણાં ગોટા, ડબકા, ભજિયાં ને જલેબીની લારીઓ બેહદ વધી ગઈ છે, અને લોકો ભૂખ ન હોય તો ય સ્વાદના માર્યા છૂટથી ખાય છે. આ લારીઓના ખોરાક સારા પ્રમાણમાં ઝાડા, મરડા અને શરદી-સળેખમ-ખાસીમાં વધારો કરે છે. માટે જીભને વશ રાખો, પેટ સાફ રાખો, બહારનું આચરકૂચર ખાઓ નહિ, વિનાકારણ રાત્રે ઉજાગરો અને રખડીપટ્ટી કરો નહિ, મન લલચાવનાર, ચટાકેદાર બજારુ લારીઓના ખોરાક ખાઓ નહિ.

અને સળેખમ થાય તો ગભરાઈ જતા નહિ. આજે સવારે સળેખમ દેખાયું તે સાંજે મટી જવું જોઈએ એવી ખોટી ઉતાવળ કરીને કાયમી દુઃખ દેતા એ રોગનો સંચય કરશો નહિ. સળેખમ થયું હોય તો એક દિવસનો ઉપવાસ ખેંચી નાખો. ઈચ્છા થાય તો તુલસી-મરીનો ઉકાળો લેજો, પણ ખાશો તો નહિ જ.

રાત્રે હરડે, હીમેજ કે માફક આવે એવું સૂક્ષ્મ વિરેચન લેજો. બીજે દિવસે ખીચડી, દાળભાત કે તાજાં કઢીભાત લેજો. તેમાં આદુ, લસણ, ફુદીનો, અજમો, સૂંઠ વાપરજો. દિવસમાં એકાદ બે વખત તુલસી ને મરીની ચા તે શરદી ને તાવ નાબૂદ કરનાર પરમ ઔષધ છે. સ્નાન કરવું હોય તો ગરમ પાણીમાં ૧ ચમચી યુકેલિપ્ટસ ઑઈલ નાખી સ્નાન કરજો. દીવેલના દીવા ઉપર ચારણી ઢાંકી, તેના ઉપર દીવેલમાં બોળેલાં રૂનાં બે પોતાં મૂકી ગરમ કરી, નાસ-એટલે નાક ઉપર, આંખોની ભ્રમર (સાઈનસ) ઉપર રોજ રાત્રે ત્રીસ મિનિટ શેક કરજો અને દીવામાં ગરમ થયેલું દીવેલ નાકમાં ચડાવી સૂંઘજો.

બે વાલ સીતોપલાદી ચૂર્ણ ને બે રતી ત્રિભુવકીર્તિ એનાં પડીકાં દિવસમાં બે ત્રણ વખત થઈને લેજો. ત્રણેક દિવસમાં બધું મટી જશે.

યાદ રાખો. સળેખમને અટકાવો નહિ. કફને, નાકનાં લીંટને સૂકવે એવી કપૂરની લાકડીઓ કે પેનિસિલિનની ટીકડીઓ લઈ કફ લીંટને સૂકવી નાખી કાયમી જોખમ વહોરશો નહિ. (૪૫૪)

અવસર ચૂક્યા મેહુલા

એ મથાળું પણ જેનો વિભાવ વ્યક્ત કરવા અસમર્થ છે એવી વાર્તા

ચુનીલાલ મડિયા



જવાનજોધ દીકરાને ખંધોલે ઉપાડીને તે કેટલાંક પંથ કાપી શકાય ?

આગલાં સ્ટેશનો પરથી જ ગાડી મોડી થતી આવતી હતી ને એમાં વળી વાંકાનેર જંકશને ક્રોસિંગમાં અરધો કલાક પડી રહી તેથી ઉતારુઓ અકળાઈ ઊઠ્યા : 'આ કાઠિયાવાડની ગાડીઓ! આના કરતાં તો રગશિયાં ગાડાં વાજોવાજ જાય.'

'દુનિયા આખી સુધરી પણ ગાડીઓ સુધરી નહિ. બસો બે રજવાડાંની બાપુશાહી ગઈ, પણ બાપુની ગાડી તો હતી એવી જ રહી - અઘરણીનાં પગલાં ભરતી હાલતી હોય એવી.'

'પણ આંહી એનાં કોઈ પિયરિયાંનાં સગલાં આવીને પગલે પગલે પૈસા મેલે એમ નથી !' કોઈએ કટાક્ષમાં કહ્યું. અને એ કટાક્ષનો પણ ઉત્તર આપનાર એક ઉતારુ નીકળ્યો : 'પૈસા તો, આ ટિકિટ કપાવી ત્યારના બાળી જ બેઠા છીએ ને ! બનેવી મટીને સાળ થયા પછી તો એના જ ઓશિયાળા. મન ફાવે ત્યારે વીરમગામ પહોંચાડશે.'

ઓતરા-ચીતરાનો ઉકળાટ તો ડબામાં સહુ ઉતારુઓને હુતાશણી તળે માટલામાં ઘૂઘરી બફાય એમ બાફી રહ્યો હતો, એમાં વળી આ માનસિક ઉકળાટ ઉમેરો કરતો હતો. કદાચ આ બેવડી વરાળ સ્ટેશનમાસ્તર અને ગાર્ડના મગજ સુધી પહોંચી હશે, તેથી જ આખરે રહી રહીને પણ 'લાઇન ક્લીઅર' અપાઈ અને લીલી ઝંડી ફરકી.

મેં રાહત અનુભવી. વળતે દિવસે સવારમાં જ મારે એક ચાલુ નવલકથાનો હપતો કંપોઝમાં આપવાનો હતો. એ મેં છેક જેતલસર જંકશનથી લખવા માંડેલો પણ હજી પૂરો થયો નહોતો. ગાડી ઊભી રહે ત્યારે બફારો વધી જતો અને હવે તો એમાં આ પ્રવાસીઓનો બબડાટ પણ ઉમેરાતો હતો. આવા અનેકવિધ કલબલાટ આડે કાંઈ લખાતું નહોતું. પણ હવે વાંકાનેર વળોટ્યા પછી વીરમગામ સુધીમાં ચાલુ પ્રકરણ પતાવી નાખીશ એવી ધારણા હતી ત્યાં સુરેન્દ્રનગર સ્ટેશને ફરી એ જ આફત શરૂ થઈ. અહીં તો શંટિંગને પરિણામે આખી ગાડીના ત્રણ ટુકડા થઈ ગયા અને એ ટુકડાને સાવ છુટાછવાયા મૂકીને એન્જિન તો કોણ જાણે ક્યાં ગાયબ થઈ ગયું. ખાસ્સા એક કલાક સુધી ડબ્બા આવી છિન્નભિન્ન અવસ્થામાં જ પડ્યા રહ્યા. હવે તો છેક વાંકાનેરથી અકળાઈ ઊઠેલ ઉતારુઓની અકળામણે માઝા મૂકી.

'સ્વરાજ મળ્યું તોય આપણા હાલ તો ત્રણ પવાલાં ને ત્રણ પવાલાં જેવા જ રહ્યા.'

'સીમાડા ભૂંસી નાખવાની ને એકમ કર્યાની મોટી મોટી વાતું કરે છે. ઠાલું થૂંક ઉડાડવા જેવું -'

'એકમની તો વાત કરશો મા. ઓલી ચોપડી નથી વાંચી ?- એકમ નહિ પણ અમાસ છે, અમાસ.'

'ગાડી નથી હાંકી શકતાં એ લોક રાજકારભાર શું હાંકવાના હતાં !'

આ બધો રોષ છેક અકારણ હતો એમ પણ કેમ કહેવાય ? સ્ટેશન પર એવી તો નીંભર સ્વસ્થતા દેખાતી હતી કે જાણે કે ટ્રેઈન જેવી કોઈ ચીજ ઊભી જ ન હોય ! ગાર્ડ, ટી.ટી.ઇ. અને સ્ટેશનના માણસો ટી-સ્ટૉલ ઊપર ઊભા ઊભા ઊનાં ઊનાં ભજિયાંની જાફત ઉડાવતા હતા; ઉતારુઓ ઘડિયાળમાં જોયા કરતા હતા અને ગણતરી કર્યા જતા હતા : 'બે કલાક ને આડત્રીસ મિનિટ લેઈટ થઈ ! હજી તો કોણ જાણે કેટલી વાર પડી રહેશે.'

મારું નવલકથાનું પ્રકરણ અરધે આવીને અટક્યું હતું. બેંતાળીસ પ્રકરણ સુધી પહોંચેલી કથામાં નાયક-નાયિકાનો પહેલી જ વાર આ પ્રકરણમાં જ - મેં ભેટો કરાવ્યો હતો. મિલનસ્થાન તરીકે ભારે જહેમત લઈ સુંદર ઉપવનનું ચિત્રણ કર્યું હતું. બન્ને વિરહાત્માઓને શાતા આપવા માટે ને પ્રસંગને અનુરૂપ વાતાવરણ જમાવવા સારુ યાદ આવી શક્યાં તેટલાં સુંદર પુષ્પોની સુવાસ ઊભી કરી હતી. હવે આગલા હપતાને અંતે આપેલા વચન 'વધુ રસિક ભાગ આવતે અંકે' અનુસાર બન્ને પાત્રો વચ્ચે રસિક સંવાદ કરાવવાનો હતો. પણ આખા ડબ્બામાં ચાલી રહેલા કાળા કકળાટ વચ્ચે નવલકથામાં રસિક સંવાદ જામી ક્યાંથી શકે ? અને હવે તો મને પણ લાગવા માડ્યું હતું કે આ કકળાટ વાયાજબી હતો. દોઢ કલાકે માંડ માંડ જંકશન આવ્યું અને એ પછી પણ પા કલાકે એણે વ્હિસલ વગાડી. ગાડી ઊપડી તો ખરી, પણ ઉતારુઓના જીવ ઊચક થઈ ગયા. એમને ભય પેઠો હતો કે વીરમગામથી મુંબઈના મેઈલનું કનેકશન નહિ મળે. અને જે ગતિએ ગાડી ચાલતી હતી એ જોતાં પણ એમ લાગતું હતું કે આ મોડું થયેલું ભરતિયું ગાડું જરૂર મિસકનેકશન કરાવશે.

'મુંબઈનો મેઈલ આનાં ઉતારુને લીધા વિના ન જાય. મોડું થાય તો રાહ જુએ, પણ કનેકશન તો મેળવે જ.' કોઈએ આશાવાદી સૂર કાઢ્યો.

'અરે એ જમાના ગયા. હવે તો મુંબઈની ગાડી એક મિનિટ પણ વધારે નથી ખમતી. એ તો બ્રૉડગેજની ગાડી છે, બૉડગેજની.'

'હું તો દર અઠવાડિયે મુંબઈની ખેપ કરું છું. મારે ઘણીય વાર વીરમગામ ટાંટિયા ઘસતાં પડ્યું રહેવું પડે છે.'

આ છેલ્લી ઉક્તિએ ફરી સૌને ગભરાવ્યાં. ફરી પૂર્વવત્ કકળાટ જામ્યો. આ વખતે તો, ગાડી મોડી થવાનાં અગમ્ય કારણોમાંના એકની કોઈકે શોધ પણ કરી : 'તમે જાણતા નથી ? મારા વાલીડા આ ગાર્ડ, વીશીવાળાઓના મળતિયા હોય છે. હાથે કરીને મિસકનેકશન કરાવે ને ઉતારુ આખી રાત પડ્યા રહે. વીશીવાળાને કમાણીમાં તડાકો થઈ જાય. એમાં ગાર્ડનો અરધો-અરધ ભાગ હોય.'

આ નવી જાહેરાતે તો સૌને એવાં ઉશ્કેરી મૂક્યાં કે ગાર્ડ પર ગાળો જ વરસવા લાગી. ગાર્ડમાંથી આખા રેલવેતંત્ર સુધી ને ત્યાંથી છેક સરકાર સુધી વાત વિસ્તરી અને વીરમગામના દીવા દેખાતા સુધીમાં તો 'આખી સરકાર સડેલી છે'નું ભરતવાક્ય ઉચ્ચારાઈ ગયું.

ગાડી પ્લૅટફૉર્મ પર આવતાં જ મજૂરોએ સમાચાર આપ્યા કે મુંબઈનો મેઈલ ઊપડી ગયો છે ! મેઈલ ઊપડી જ ગયો છે અને હવે બીજો કોઈ આરોવારો નથી એ વાસ્તવિકતાનું ભાન થતાં ઉતારુઓનો બધો જ શારીરિક તેમ જ માનસિક ઉકળાટ ઓસરી ગયો.

હવે તો સવારે મળનારી એક્સપ્રેસની પ્રતીક્ષા કરવા માટે અમે ચાર જણાઓએ પ્લૅટફૉર્મ પર જ પાથરણું પાથરીને ગંજીપો કાઢ્યો અને હુકમબાજી માંડી દીધી. આમેય, ગાડી ચૂકી જવાને લીધે મારી નવલકથાનું પ્રકરણ વળતી સવારે સમયસર પહોંચે એમ નહોતું તેથી અને વળી, નાયક-નાયિકાના પ્રથમ જ મિલનના આલેખનમાં ઉતાવળ કરાવવાનું લાજિમ ન ગણાય એમ લાગવાથી મેં આગળ લખવાનું માંડી વાળ્યું હતું. નાયક-નાયિકાને પડતાં મૂકી હું પણ હોંશભેર આ રાજારાણી અને ગુલામ વગેરેની પત્તાંની સૃષ્ટિમાં જોડાયો હતો.

રમતાં રમતાં, આ મિસકનેક્શનને કારણે કોને કયાં કયાં મહત્ત્વનાં કામ રઝળી પડ્યાં એના હેવાલો પણ રજૂ થતા હતા. અમારા સાથીઓમાં એક ભાઈ શૅરબજારના મોટા ખેલાડી હતા. આ અઠવાડિયે એમને મોટી ખોટ ગઈ હતી અને આવતી કાલે થનારા વલણમાં શાખ ટકાવી રાખવા તેઓ રકમની જોગવાઈ કરવા કાઠિયાવાડ ગયેલા. હવે આવતી કાલે, છતી રકમે પોતે વલણ પતાવવા પહોંચી નહિ શકે એ બદલ તેઓ વિમાસણ અનુભવી રહ્યા હતા : 'આબરૂના કાંકરા થાશે.'

'કાંઈ કાંકરા નથી થાતા. રકમ બચી ગઈ એમ ગણોને ભલા માણસ !' એક જણે હસીને પેલા શૅરબ્રોકરને આશ્વાસન આપ્યું. દિવસના ઉકળાટ અને કકળાટ પછી રાતના શાંત વાતાવરણમાં ઉતારુઓની રમૂજવૃત્તિ ખીલી હતી : 'લેણદારોને કહી દેજો કે મિસકનેક્શન !'

અને સહુ ખડખડાટ હસી પડ્યા.

'પણ ભાઈસા'બ. મારે તો મિસકનેક્શન પણ કહેવાય એમ નથી.' મહિને રોકડા પંચાવનનો મહાન પગાર મેળવનાર, મૂળજી જેઠા મારકિટના એક ગુમાસ્તાએ ગંભીર અવાજે કહ્યું : 'મારે તો આજે જ દુકાને હાજર થઈ જવાનું હતું એને બદલે હવે પરમ દિવસે પહોંચાશે. શેઠ દુકાનનો ઉંબરો નહિ ચડવા દિયે.'

'શેઠ શું, શેઠના બાપનેય સંભળાવી દેવું : મિસકનેકશન.'

નાટકના કૉમિક પ્રવેશોમાં વારે વારે ઉચ્ચારાતા તકિયા-કલામની જેમ આ 'મિસકનેક્શન' શબ્દ વિશિષ્ટ હાસ્ય પ્રેરતો હતો.

'મારે તો મુંબઈ તાર મેલવો પડશે.' એક ગૃહસ્થ બોલ્યા. 'કાલ સવારમાં તો મારા ભાણેજને જનોઈ આપવાનું મુહૂર્ત છે. મારા વિના એ બટુકને કાશીએ જતો રોકશે કોણ ?'

'બટુક ભલેને કાશીએ જતો ! તમારે કહી દેવું કે મામાનું મિસકનેક્શન !' શૅરબ્રોકરે કાળીનો બાદશાહ ઊતરતાં હર્ષાવેશમાં કહ્યું.

'એવાં મિસક્નેકશન તે કાંઈ ચાલતાં હશે !' પેલા ગૃહસ્થ વધારે ગંભીર બની બોલ્યા : 'આ કાંઈ શૅરબજારના વલણની વાત થોડી છે ? આ તો સંસારના વહેવારની વાતું. સરઅવસરે હાજર ન રહીએ તો જિંદગીભરનાં મેણાં રહી જાય ને સગાં સગાં વચ્ચે છેટાં પડી જાય.'

'સાચી વાત છે.' અત્યાર સુધી સાવ મૂગા રહેલા - અને તેથી જ કદાચ બાજી ઉપર બાજી જીતી રહેલા - એક આધેડ ઉંમરના ઓછાબોલા અને ઉદાસીન વેપારીએ કહ્યું : 'અવસર ચૂક્યા મેહુલા કાંઈ અમસ્તું નહિ કહેવાતું હોય. સારેમાઠે અવસરે આવીને ઊભા રહે એનું નામ સગા. આ તમે જનોઈ અપાઈ ગયા પછી બીજે દિવસે જઈને ઊભા રહેશો એ શું કામના ? અવસર ચૂક્યા મેહુલા.-'

એક જ શ્વાસે, એક જ કહેવત બબ્બે વાર ઉચ્ચારી નાખનાર આ માણસ કહેવતોનો રસિયો હશે એમ જાણીને મને મારી નવલકથાને લાભ થશે એ દૃષ્ટિએ એનામાં રસ જાગ્રત થયો. દરમિયાન એના ચોકડીના એકાની ઊતરમાં એ એકાને મેં લાલના હુકમ વડે કાપ્યો એટલે પેલા શૅરબ્રોકર બરાડી ઊઠ્યા : 'ચોકડીનું મિસનક્નેકશન !'

ગાડી ચૂકી જવાથી આવતી કાલે વલણમાં પોતે મોટી રકમની ચૂકવણીમાંથી ઊગરી જશે એ ખ્યાલે આ સટોડિયો એટલો આનંદી ઊઠ્યો હતો કે વાતવાતમાં - ને ઉત્તરોત્તર મોટે અવાજે - મિસકનેક્શનના બરાડા પાડતો જતો હતો. અમે પંદરસત્તર બાજી રમ્યા એ દરમિયાન બે વાર ચીપી નાખી હતી. એનાં પ્યાલારકાબી ભેળાં કરવા આવેલા ચાવાળા છોકરાઓએ એક ખૂટતી રકાબીની શોધ કરી ત્યારે પણ આ શૅરબજારિયાએ જાહેર કર્યું : 'કપ અને રકાબીનું મિસક્નેશન.'

'તમારા આ મિસકનેકશન શબ્દ ઉપર તો મારે એક વાર્તા લખવી પડશે.' મેં કહ્યું. હુકમબાજીની આટલી લાંબી હારજીત દરમિયાન અમારી વચ્ચે કોઈ ઇન્ટ્રોડ્યુસરની આવશ્યક્તા વિના જ એકબીજાની પ્રાથમિક ઓળખવિધિ થઈ ગઈ હતી. મારે ભાગે આવેલા ઓછાબોલા ભેરુ મૂળ તો બર્મામાં મોટી મોટી ચાવલ મિલોના માલિક હતા. પણ લડાઈ દરમિયાન બર્મા પરના જાપાની આક્રમણ વખતે માંડલેથી મણિપુરને માર્ગે પગપાળા હિજરત કરીને હિન્દ આવ્યા ત્યારે સાથે એટલું તો નાણું ઊસરડતા આવેલા કે હવે ફરી એમને બ્રહ્મદેશનાં દર્શન કરવાની જરૂરત જણાતી નહોતી અને પોતાના મૂળ વતન કાઠિયાવાડમાં જ નિવૃત્ત જીવન ગાળી રહ્યા હતા.

'તમારે વાર્તા લખવી હોય તો હું તમને સાવ સાચી વાત કહું. અમારે બર્મામાં એક બાપ-દીકરા વચ્ચે આવું મિસકનેક્શન થઈ ગયું હતું. એનો જોટો તો તમને ક્યાંય નહિ જડે.' મિસકનેક્શન શબ્દને યથામતિ ઘટાવીને આ ઓછાબોલા માણસે મને ઑફર કરી.

બાપ-દીકરાના સંબંધનો ઉલ્લેખ સાંભળી મારું કુતૂહલ વધ્યું. આમેય, મારી નવલકથાના આજે લખવા માંડેલા પ્રકરણમાં મેં નાયકને એના બાપ સાથે ઝઘડો કરાવીને - ગૃહત્યાગ કરાવીને - પેલા ઉપવનમાં નાયિકા પાસે મોકલેલો તેથી કથાને અંતે બાપ-દીકરાના આ બગડેલા સંબંધો શી રીતે સુધારી લેવા, કે પછી એ સંબંધો બગડેલા જ રહેવા દઈને આજકાલની મોસમ મુજબ નાયકને શ્વસુરગૃહે ઘરજમાઈ તરીકે જીવનમાં થાળે પાડવો એની મૂંઝવણ આજ બપોરથી મને પજવી રહી હતી. આવી સ્થિતિમાં, મારા જોડીદાર ખેલાડીએ મૂકેલી ઑફર સહુની સાથે મેં પણ સહર્ષ સ્વીકારી લીધી.

એમણે અજબ સ્વસ્થતાથી પોતાની કથની કહી સંભળાવી :

'અમે બર્મામાં હતા ત્યારે સૂરજી શેઠ કરીને એક વેપારીની જિંદગીમાં આવો જ કિસ્સો બની ગયો. પીંમનામાં શેઠની મોટી મોટી ચાવલની મિલો ચાલતી. પીંમનાનો રાજા કહેવાય એવી સૂરજી શેઠની સાહ્યબી હતી, પણ બર્મા પર જાપલાં ત્રાટક્યાં ને ભલભલાની સાહ્યબી આથમી ગઈ ને લખપતિ માણસ સાવ ભિખારી જેવા બની ગયા.'

જાપાનીઓ માટે આપણે યોજેલા 'જાપલા' શબ્દપ્રયોગે સહુને હસાવ્યા... અહેવાલ આગળ ચાલ્યો :

'માંડલેના કિલ્લા ઉપર બૉમ્બ પડ્યાને આપણા હિન્દી વેપારીઓ ચેતી ગયા કે હવે જીવતા રહેવું હોય તો ઘરભેગા થઈ જાવામાં માલ છે. ચારે કોર 'ભાગો, ભાઈ ભાગો' થઈ પડ્યું. એમાં અમે કાઠિયાવાડીઓ સૌથી શૂરા નીકળ્યા. અમે લોકો બર્મામાં આવ્યા ત્યારે સૌથી પહેલા હતા ને ભાગવામાંય સૌથી પહેલા નીકળ્યા. સૂરજી શેઠે ઘરખોટલાને તો જાપલાના ભણકારા વાગ્યા ત્યારથી જ દેશભેગો કરી દીધો હતો. પોતે અને પોતાનો જુવાન દીકરો ચાંપશી બે જ જણા પીંમનામાં બાકી રહ્યા હતા. ભાઈ, લખમીની મધલાળ તો જાણો છો ને ? સોનાના કટકા જેવી ચાવલની મિલનો મોહ સૂરજી શેઠથી કેમેય કર્યો છૂટતો ન હતો. પણ જંઈ કરતાં જીવ વધારે વહાલો કહેવાય છે. માંડલે પડ્યું પછી શેઠને સમજાયું કે જાન બચી લાખો પાયે. શિર સલામત તો પઘડિયાં બ્હોત એમ ગણીને, જીવતાં હોઈશું તો મિલ તો ઘણીય જડી રહેશે એમ સમજી બાપ-દીકરો અમારી ભેગા હિજરતમાં ભળ્યા.'

અત્યાર સુધી મૂગા રહેલા આ માણસની જીભ હવે પીપળાના

પાનની જેમ ઊપડી હતી.

'પણ ભાઈ, આ હિજરત જોઈને તો આંખમાં લોહી આવે એવું હતું. જેના ધણીને આંગણે ચાર ચાર મોટરગાડીઓ ચોવીસે કલાક ઊભી રહેતી, ધરતી ઉપર જેણે કોઈ દી પગ નહોતો મેલ્યો એ બાપ-દીકરો પીંમનાથી પગપાળા અમારી સાથે હાલી નીકળ્યા. વાહન તો સંધાંય સરકારે જપ્ત કરી લીધાં હતાં. આપણાં જ વાહનમાં ગોરા સાહેબો ને એની મઢમો નાસભાગ કરતાં હતાં ને આપણે હિંદીઓ સૌ ટાંટિયાતોડ કરતાં હતાં. બૉમ્બમારાએ ખાનાખરાબી કરી નાખી હતી. રસ્તા ઉપર મડદાં ખડકાયાં હતાં. એ મડદાં ઉપર થઈને મોટરો ચાલી જતી હતી. મરેલાં માણસોને કચડીને અમે જીવતા માણસો હિજરત કરી જતાં હતાં. રસ્તે ખોરાક ખૂટ્યો તેથી જે ચીજ હાથ આવે એ અમે આરોગી જતાં હતાં. પીવાનું ચોખ્ખું પાણી પણ મળતું નહોતું. આટલી આફત જાણે હજી અધૂરી હોય એમ માથેથી વરસાદ ત્રાટક્યો. મડદાં ગંધાઈ ઊઠ્યાં ને અમારા હિજરતીઓમાં કૉલેરો ફાટી નીકળ્યો. અંતરિયાળ દાક્તર તો ક્યાંથી જડે ? દાક્તરોને તો બધાને બ્રિટિશ સરકારે લશ્કરમાં જોડી દીધા હતા. અમે જેમતેમ કરીને એક ગામમાંથી કૉલેરાનાં ઇન્જેક્શન મેળવ્યાં. પણ ઇન્જેક્શન આપે કોણ ? પણ કહેતાં નથી કે આપદ્‌કાળે બધીય બુદ્ધિ સૂઝી જાય ? અમે પણ એકબીજાને ઇન્જેક્શન આપવા માંડયાં. ઇન્જેક્શનની વહેંચણીમાંય પડાપડી થઈ. કોઈની ભેગાં પાંચ માણસ હોય એને માંડ બેત્રણ ઇન્જેક્શન આવ્યાં ને કોઈ તો સાવ રહી જ ગયાં.

'આમ, અમે જીવતા મોતમાંથી બચવા માંડલેથી મણિપુર જતાં હતાં એવામાં સૂરજી શેઠના દીકરા ચાંપશીને કૉલેરા લાગુ પડી ગયો.

'સૂરજી શેઠને તો ભારે મૂંઝવણ થઈ. કાંઈ વાહન તો મળે એમ નહોતું, ને જુવાનજોધ દીકરાને ખંધોલે ઉપાડીને તે કેટલોક પંથ કાપી શકાય ? ને માંદા માણસની સારવાર કરવા બેઠું રહેવાનું પણ પોસાય એમ નહોતું, કઈ ઘડીએ જાપાનના બૉમ્બ વરસે એ કહેવું મુશ્કેલ હતું. વળી, અમે બધાં કાઠિયાવાડીઓએ ભેગા થઈને જે કાફલો કાઢ્યો હતો, એમાંથી એ છૂટા પડી જાય તો બીજો સથવારો ક્યાંથી જડે ? ડુંગરા વીંધી વીંધીને ઇમ્ફાલ પહોંચવાનું એકલદોકલ માણસનું ગજું નહિ.

'એક રાતે ચાંપશી બેશુદ્ધ થઈ ગયો. જીવ તાળવે ચોંટ્યો હોય એમ લાગતું હતું. હાથપગ તો ખોટા પડી ગયા હતા. તાળવે જરાક તપાટ લાગતો હતો. સવાર પડતાં તો એણે દેહ છોડી દીધો. જુવાનજોધ કંધોતર દીકરો આમ અંતરિયાળ હાલ્યો ગયો એટલે સૂરજી શેઠને ઘા તો ભારે વસમો લાગ્યો. પણ આવી આફત ટાણે લમણે હાથ દઈને રોવા થોડું બેસાય ? જીવ ચપટીમાં લઈને સહુ દેશ ભેગાં થાતાં હતાં એમાં મરેલા માણસને દેન દેવા પણ કોણ રોકાય ? સૂરજી શેઠે વિચાર્યું કે બનવાકાળ મિથ્યા ન થાય, એમ થવાનું હતું એ તો થઈ ગયું. હવે તો હું હેમખેમ હિન્દુસ્તાન ભેળો થાઉં ને જતે દિવસે જીવતો હોઈશ તો વળી ફરી આ ધરતી પર પગ મેલીશ ને નસીબમાં માંડી હશે તો પીંમનાની મિલું પાછી હાથ કરીશ. આમ વિચારીને એમણે તો ચાંપશીનું મડદું એક ઝાડીમાં મૂકીને માથે ધોતિયું ઓઢાડી દીધું - અહીં ખાપણ તો ક્યાંથી કાઢવું ? - ને આપણો કાફલો આગળ વધ્યો.

'પછી તો અમે મણિપુરને મારગે રઝળતાં-રખડતાં હિન્દ આવ્યાં. ત્રણ વરસે લડાઈ પણ બંધ પડી. સૂરજી શેઠને દીકરો ખોયાનો ઘા પણ ધીમે ધીમે વીસમી ગયો. કહેતાં નથી, દુઃખનું ઓસડ દહાડા ! પણ નસીબમાં માંડ્યું હોય એ મિથ્યા કેમ થાય ? બર્માથી સમાચાર આવવા શરૂ થયા કે તરત ખબર પડી કે ચાંપશી તો હજી જીવે છે ! માન્યામાં ન આવે એવી વાત હતી. પણ સૂરજી શેઠે તપાસ કરાવી તો ખબર પડી કે ચાંપશીનું મડદું ઝાડીમાં સુવડાવ્યું ત્યારે એને તાળવે જીવ ટકી રહ્યો હતો. એની જીવાદોરી લાંબી હશે તે એ રસ્તેથી જાપાની ટૅંકો નીકળી ને આ માણસ નજરે ચડ્યો. કોઈ જાસૂસ અહીં છૂપેવેશે સૂતો છે એમ સમજીને એને કેદ પકડ્યો. મિલિટરીના દાકતરે એનાં દાવાદારૂ કર્યાં ને ચાંપશી તો સાજોસારો થઈ ગયો !

'જાપાનવાળાની યુદ્ધ કેદીની છાવણીમાંથી ચાંપશી સુભાષબાબુની આઝાદ હિંદ ફોજમાં જોડાયો ને આરઝી હકૂમતમાં આગળ પડતો ભાગ લીધો. એણે પોતાની ચાવલ મિલનો પણ કબજો લઈ લીધો ને આરઝી હકૂમતને નાણાંની મદદ કરી. આ આરઝીના સમાચાર હિંદ આવ્યા ત્યારે જ સૂરજી શેઠે પોતાના દીકરાનું નામ સાંભળ્યું.

'સૂરજી શેઠ તો હરખાતા હરખાતા બર્મા પહોંચ્યા. પણ ચાંપશીએ તો સગા બાપનું મોઢું જોવાની જ ના પાડી. એણે તો સંભળાવી દીધું કે તું મારો બાપ જ નથી ! આપણી વચ્ચે હવે બાપ-દીકરાનો નાતો રહ્યો જ નથી. તેં તો મને મરેલો ગણીને ફેંકી દીધો હતો. હવે તું મારો બાપ શાનો ગણાય ? બાપે દીકરાને ઘણોય સમજાવ્યો, પણ દીકરાના મનમાં કોણ જાણે કેવી નિંગઠ ગાંઠ બંધાઈ ગઈ હતી કે કેમેય કરી છૂટી જ નહિ. સૂરજીભાઈ રોતા રોતા દેશમાં પાછા આવ્યા. આમ, અવસર ચૂક્યા મેહુલા જેવી વાત થઈ ગઈ.'

પેલા ગૃહસ્થે પૂર્ણાહુતિ કરી. તુરત શૅરબ્રોકર બરાડી ઊઠ્યા : 'આ પણ બાપ-દીકરા વચ્ચેનું મિસકનેક્શન !'

પણ આ વખતે હસવાના હોશ કોઈમાં રહ્યા નહોતા.

મોડી રાત્રે અમે રમત બંધ કરી જરા આડેપડખે થયા ત્યારે આ આખીય ઘટના હું વાગોળી રહ્યો હતો. મને થયું. આ સત્ય ઘટના છે અને સત્ય ઘણી વાર કલ્પના કરતાંય વધારે ચોંકાવનારું હોય છે એ સાચું. પણ આ સત્ય કથામાંથી વાર્તા ઊભી કરી શકાય એમ નથી. એમણે જે રીતે કથની કહી સંભળાવી એ સ્વરૂપમાં જ લખી કાઢું તો તો એમાંથી એક સમાચારનો હેવાલ-રિપોર્ટ જ - તૈયાર થાય. એથી વધુ કશું જ નહિ. અને એ આખી

કૃતિ, આજકાલ ગુજરાતમાં કહેવાતી સત્યકથાઓ ને સત્ય ઘટનાઓનો જે કચરાટોપલિયો ફાલ ઊતરી રહ્યો છે એમાં જ દફન થઈ જાય. કલાકૃતિમાં -ને એમાંય ખાસ કરીને ટૂંકી વાર્તામાં - થોડીક કલ્પના તો હોવી જોઈએ. સત્ય ઘટનાની સામગ્રીમાં પણ થોડુંક તો કલ્પનાતત્ત્વ ઉમેરવું જ જોઈએ.

'કાં ભાઈ, ઊંઘ નથી આવતી ?' પેલા બર્મી ગૃહસ્થે મને પૂછ્યું.

'ના.' મેં કહ્યું.

'શા વિચારે ચડી ગયા છો ?'

'તમે કહી એ સૂરજી શેઠની વાત ઉપર.'

'તમે એની વાર્તા લખશો ?'

ખરેખર લખવા જેવી છે, પણ એમાં હજી કાંઈક ખૂટતું લાગે છે.'

ગૃહસ્થ ફિક્કું હસ્યા. એ હાસ્યમાં આંસુની ભારોભાર છાંટ હતી.

આવી કરુણ કથનીને પણ હું નિષ્ઠુર લેખક કેવળ વાર્તા બનાવવાની દૃષ્ટિએ જ વાગોળી રહ્યો હતો એ વાતનું ભાન થતાં હું શરમાયો. છતાં કલ્પના તો એ દિશામાં જ હજી આગળ વધી રહી હતી. આમાંથી ફાંકડી, વેધક, ચોટદાર, તાક્યા તીર જેવી કથા કંડારી કાઢવા માટે મને એક તુક્કો સૂઝ્યો. હિન્દુસ્તાન જનારા હિજરતીઓને કૉલેરાનાં જે મર્યાદિત સંખ્યામાં ઇન્જેક્શનો મળેલાં એ માટે પડાપડી થતી આલેખું અને સૂરજી શેઠ તથા ચાંપશી એ બે બાપ-દીકરાને ભાગે એક જ ઇન્જેક્શન આપું. સૂરજી શેઠનું પાત્ર આપરખા, આપમતલબી, નિષ્ઠુર પિતા તરીકે આલેખું, અને હાથ આવેલું એક જ ઇન્જેક્શન દીકરાને આપવાને બદલે પોતે જ વાપરી નાખેલું - પોતાની જાતને સલામત રાખવા માટે - એ રીતે કથાપ્રવાહ આગળ વધારું તો અંત વધુ વેધક ન બને ? એ રીતે, પેલા વિવેચકો જેને 'પોએટિક જસ્ટિસ' કહેતા, એવો કવિન્યાય પણ સૂરજી શેઠને મળી રહે...

'કાં ભાઈ, હમણાં બગબગું થાશે. બિસ્તરો બાંધો નહિતર એક્સપ્રેસમાં ઊભવાનીય જગ્યા નહિ મળે.' પેલા ગૃહસ્થે મને કહ્યું : 'ઊંઘ આવી જ નથી કે શું !'

'ના; આજે અજંપા જેવું થઈ ગયું. સ્થળફેર થયો તે આંખ ન મીચાય.'

'મનેય એવું જ થયું છે. પાંપણ ભારે થાતી જ નથી.'

'પણ તમારે શું ? તમે તો જાગતાં જાગતાંય મનમાં વાર્તા ગોઠવતા હશો - '

'ગોઠવવી તો છે, પણ એની બરોબર ઘડ બેસતી નથી.'

'કેમ ભલા ? મેં કીધી એ વાત માન્યામાં નથી આવતી ?'

'જરાક વિચિત્ર વાત છે. વાચકને ગળે બરોબર ન પણ ઊતરે. અને અમારા વિવેચકોને વળી એમાં અસંભાવ્ય દોષ પણ દેખાય.'

'પણ વાત સાચી છે એમાં શંકા નથી.' પેલા ગૃહસ્થે ધીમે અવાજે કહ્યું. અને પછી મારા કાન નજીક મોં લાવીને ઉમેર્યું : 'સૂરજી શેઠ બીજો કોઈ નથી, હું પોતે જ છું. મારા જ દીકરાની આ વાત છે. મારી સાથે અબોલા લઈ બેઠો છે.'

હું ફાટી આંખે એની સામે જોઈ રહ્યો. લાંબી વાર સુધી અમે બંને મૂગા જ રહ્યા. એના હૃદયમાં કોઈ ભયંકર વલોપાત ચાલી રહ્યો હતો. એ તો એની હર ક્ષણે પલટાતી જતી મુખમુદ્રા જ કહેતી હતી.

' હજી મારા મનમાં આ ઘટના એક કલાકૃતિનો આકાર પામી શકતી નહોતી. જાણે કે એમાં કોઈક જગ્યાએ એકાદ કડી ખૂટતી લાગતી હતી.

'જરાક ઉતાવળ કરી એમાં જિંદગીભરનો પસ્તાવો રહી ગયો...' પેલા ગૃહસ્થ-ના, હવે તો સૂરજીભાઈ - બોલતા હતા.

'ઉતાવળ ? શાની ઉતાવળ ?' મેં પૂછ્યું. મારી કલ્પના એવી હતી કે પોતાને ભાગે આવેલું એક જ ઇન્જેક્શન પુત્રને આપવાને બદલે પોતે લઈ લીધું એવો સ્ફોટ સૂરજીભાઈ કરશે. પણ અફસોસ, સત્ય વસ્તુ હમેશાં કાલ્પનિક વસ્તુ કરતાં વધારે વિચિત્ર, વધારે વિસ્મયકારી, અરે વધારે આઘાતજનક પણ હોય છે.

'ઉતાવળ ન કરી હોત તો બાપ-દીકરો બેય હેમખેમ હિન્દુસ્તાનમાં આવી પહોંચ્યા હોત. આ છતે છોકરે વાંઝિયા જેવા હાલ ન થયા હોત.' સૂરજીભાઈનું અંતર વધારે ને વધારે વલોવાતું હતું. આખરે તેમણે કબૂલાત કરી જ : 'છોકરાનો જીવ તાળવે ચોંટ્યો હતો. છતાં જાણીજોઈને હું એને જંગલમાં મૂકતો આવ્યો હતો. મને થયું કે આમેય હવે આ કેસ ખોટો છે, દીકરો જીવવાનો તો નથી જ, તો ઠાલો હું શું કામ રોકાઈને જોખમમાં મુકાઉં ? દીકરાના જીવ કરતાં મારો જીવ મને વધુ વહાલો લાગ્યો. પણ ભાવિ મિથ્યા કેમ થાય ? બેય વચ્ચે છેટાં પડી ગયાં. કાળ જાય ને કહેણી રહી જાય એવું થયું.'

મારે વાર્તામાં વેધકતા આણવા વિભાવાદી સામગ્રીમાં જે તત્ત્વ ખૂટતું હતું એ મળી ગયું. પણ આખીય ઘટનાએ મને એવો તો અસ્વસ્થ કરી મૂક્યો કે આ કથાવસ્તુ પર કદી વાર્તા ન લખવી એવી મનમાં ગાંઠ વાળી. બીજે કાને પહોંચાડવામાં પાપ ગણાય એવી અતિ નાજુક, અતિ રહસ્યમય, અતિ પવિત્ર એ કબૂલાત હતી.

(૩૩૭)

નથી

અમદાવાદ એ કોઈ વાદ નથી ! નાયલોન એ કોઈ લોન નથી !
બંગાળ એ કોઈ ગાળ નથી ! બિહાર એ કોઈ હાર નથી !
ગુવાર એ કોઈ વાર નથી ! સાકર એ કોઈ કર નથી !
ગ્રાહક એ કોઈ હક નથી ! ગુજરાત એ કોઈ રાત નથી !
હડતાલ એ કોઈ હક નથી ! હજામત એ કોઈ મત નથી !

ગિલિંડર

— તનસુખ ભટ્ટ

એના માથા પર લાંબા અને જાડા વાળ આમતેમ વિખરાયેલા હતા. તે એટલા ઘટ એ અવ્યવસ્થિત હતા કે તેમાં હજી સુધી ચકલીએ માળો કેમ નહિ બાંધ્યો હોય તે જ નવાઈની વાત હતી ! દાઢી લગભગ તસુતસુ ઊગેલી. કોઈ વણકરને તાણાની પવાયત કરતાં કૂચડાની જરૂર પડે તો આ દાઢી જરૂર ઉપયોગમાં આવે. ખેળ કે કાંજીથી ચોંટી ગયેલા તારને જુદા પાડે અને છતાં તોડી ન નાખે તેટલાં કડકાઈ ને કુમાશ તેમાં હતાં. તેનાં ચશ્માં સોનેરી રંગનાં હતાં, પણ હમણાં તેનો રંગ પીળો દેખાતો હતો. મેલાં કપડાંને હોય છે તેવો વિશિષ્ટ જાતનો રંગ તેણે પહેરેલાં પહેરણ અને પંચિયાનો હતો.

'આપ કહાંસે તશરીફ લાતે હો ?' મેં એને પૂછ્યું. ઉર્દૂ ઝબાન વાપરવાની અમને હોંશ હતી એટલે હાથ આવતી 'તશરીફ'ને મેં જવા ન દીધી.

પહેરેગીર જગરૂપસિંહ તેને અમારા બરાક સુધી મૂકવા આવેલો. અમે રહ્યા ખાદીધારી, અને આ નવા આગંતુક પણ ખાદીધારી. એટલે ધંધાભાઈ માનીને તેણે આ નવા આરોપીનો અમારી સાથે ભેટો કરાવ્યો. જેવો તે ચાવીનો ઝૂમખો ખખડાવતો ને હૉલબૂટથી ફરસબંધી ગજવતો ચાલ્યો કે તરત મેં આ નવા મહાશયને ઉપલો સવાલ પૂછ્યો.

અમે પાંચસાત જણ એ નવા આરોપીને વીંટાઈ વળ્યા. જેલમાં કોઈ નવા આગંતુકની પધરામણી થાય ત્યારે જૂના મિત્રને મળ્યા જેટલો આનંદ થાય છે. અને આ તો પાછી ગુરમટાની (પંજાબી) સબ-જેલ !

'જી, મૈં જિલ્લા બુલંદશહર કા રહને વાલા.' તેણે કહ્યું.

'આપકા નામ ?'

'જી, મેરા નામ રામદુલારીલાલ.'

એ બોલતો હતો ત્યારે એના બે હોઠ વચ્ચેથી પીળા દાંતની હાર વારંવાર દેખાતી હતી.

'આપ કૌન સે જિલે મેં રહતે હો ?' રામદુલારીલાલે મને સવાલ કર્યો.

મેં તેને મારી હકીકત કહી, તેણે અમને કહ્યું : દેખો, મૈં કૉંગ્રેસકા કામ કરતા હૂં. અભી મૈં પકડા ગયા હૂં. હમારે પર પુલીસ કડી નિગાહ રખતી હૈ. હમારે ચચા ઉસ સાલ જેલમેં ગયે થે . . .'

દેશને માટે કામ કરનાર આ માણસ તરફ અમે બધા માનથી જોઈ રહ્યા.

'અચ્છા, દેખો; હમારે સબ કપડેં પુલીસને છીન લિયે હય.' તેણે મુદ્દાની વાત કાઢી. 'આપકી પાસ કોઈ કપડા હૈ ?' અમારી પાસે વધારાનાં કપડાં ન હતાં એટલે કાંઈ આપી શકાય તેમ ન હતું. ઊલટું અમે જ કપડાં મળે તો સ્વીકારવા તૈયાર હતા. થોડીઘણી બીજી વાતો કર્યા પછી તે દિવસે એ પોતાની બરાકમાં ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારમાં અમને એક વિચિત્ર દૃશ્ય જોવાને મળ્યું. કપડાં પહેરવામાં પ્રણાલિકાભંગ કરીને રામદુલારીએ પહેરણને સ્થાને પંચિયું અને પંચિયાને સ્થાને પહેરણ પહેર્યું હતું ! આમ કરવામાં તેનો હેતુ શો હશે એ હું વર્તી ન શક્યો. દીવાનખાનામાં ફરતો હોય એટલી શાંતિથી તેણે જેલના જાહેર ફળિયામાં આંટા મારવા શરૂ કર્યા. પોતાના પહેરણનું તેણે કૌપીન કરેલું અને ધોતિયાને ઉત્તરીય તરીકે ઓઢેલું. તેની સાથે જટા જેવાં ભીંસાં અને દાઢી ભળતાં શોભામાં ઔર અભિવૃદ્ધિ થતી હતી.

તેને માટે આ બધું સ્વાભાવિક હતું. જેલમાં પ્રવેશ કરવાથી તેના માનસિક વાતાવરણમાં કશીય ઊથલપાથલ થઈ ન હતી. વરસો સુધી પરદેશમાં રહીને ઘેર પાછા ફરતાં માણસને તે પારકું કે અજાણ્યું લાગતું નથી, પરંતુ પોતીકાપણાની જ લાગણી રહે છે. રામદુલારીને જેલને વિષે આવી કંઈક આત્મીયતાની લાગણી હોય તેવાં ચિહ્નો દેખાતાં હતાં. તેને કશો શોક ન હતો; કશો ક્ષોભ ન હતો. પહેલે આણે આવેલી વહુના જેટલી શરમ અને ભડક જેલમાં પ્રથમ વાર આવેલા ગુનેગારોમાં હોય છે. આવો કશોય સંકોચ રામદુલારીએ રાખ્યો ન હતો.

તેણે આ કાચી જેલમાં પુરાયેલા આરોપીઓની ઓળખાણ કરવાનું અને વાતો વધારવાનું કામ ઉપાડ્યું. અમારી, બીજા આરોપીઓની અને આ રામદુલારીની ત્રણેની બરાકો જુદી જુદી હતી. આરોપીઓની મુખ્ય બરાકમાં જવાની તેની હિંમત ન હતી, એટલે બહારની બારીના સળિયા આગળ ઊભો રહીને અંદરના આરોપીઓ સાથે તે વાતો કરતો. એક બારી આગળ ઊભા રહીને ધરાઈ રહ્યા પછી તે બીજી બારી આગળ આવતો અને ત્યાં નવા ભાઈબંધો બનાવતો. પછી ત્રીજી ને ચોથીનો વારો આવતો. આખો દિવસ તેનો આ કાર્યક્રમ ચાલુ રહેતો.

આમ બે દિવસની અંદર તો તેણે જેલ વિષેની તમામ જરૂરી માહિતી મેળવી લીધી. દરેકેદરેક આરોપીનું નામ, ઉંમર, ધંધો, ગુનો, તેની ઉપરના ફરિયાદી, વૉરંટ બજાવનાર ફોજદાર વગેરે વગેરે હકીકતોનું તે ટૂંક સમયમાં માહિતીધામ બની ગયો, એટલું જ નહિ પણ પછી તો તે માહિતીના જોરે અને પોતાના પાછલા

અનુભવોને બળે દરેક કેદીને તે કહી શક્તો કે તેને કેટલી સજા થવાની છે.

આ માણસના 'કૉંગરેસી આદમી' હોવા વિષે હવે મને શંકા ઊપજી. મેં આ શંકા મણિલાલને કહી.

'અરે, ઉસ્તાદ છે! પક્કો ગિલિંડર!' મણિભાઈએ અનુભવીના અવાજથી કહ્યું. મારા ભોળપણ પર તેઓ હસ્યા પણ ખરા.

ગુરમટાની આ કાચી તુરંગમાંના આરોપીઓનું રસોડું ચલાવવા માટે સંટર (જેને કેટલાક ભણેલા લોકો સેન્ટ્રલ કહે છે) જેલમાંથી પાંચ પાકા કેદીઓને ઉછીના માગવામાં આવ્યા હતા. તેઓ રસોડું ચલાવતા. તેમને કેદીઓના ખોરાક ઉપરાંત રોજ પાશેર પાશેર ગોળ પણ મળતો. આ ઉપરાંત બીજા પણ એકબે પાકા કેદીઓ હતા. તેમને પણ રિવાજ મુજબ આ 'રાસન' (રૅશન) મળતું.

એક દિવસ સાંજે હું જોઉં તો રામદુલારીલાલ મલકાતા મલકાતા ચાલ્યા આવે છે. એક હાથમાં ગોળનું દડબું છે, ને તેમાંથી નાના નાના ગાંગડાઓ મોંમાં નાખતા ફળિયામાં તેઓ ફરે છે! ચહેરા ઉપર પ્રસંગોચિત સ્મિત છે અને કોઈક પળે તેમાંથી હાસ્યના ફુવારા પણ ફૂટી નીકળે છે.

આ દૃશ્ય મેં મારા મિત્રને અને તેણે બીજાને બતાવ્યું. સૌ રામદુલારીના બુદ્ધિચાતુર્ય ઉપર ફિદા થયા. કદાચ કોઈકે તેના ધન્યભાગ્યની અદેખાઈ પણ કરી હોય. તે તો હતો આરોપી, એટલે મૅજિસ્ટ્રેટને હાથે સજા ખાતાં સુધી તો તેના મોંમાં ગોળ હોઈ શકે જ નહિ! અને તેમ છતાંય તેણે ક્યાંકથી તે પેદા કર્યો એ પણ ચોક્કસ વાત! એણે કોઈ પાકા કેદીનો ગોળ તફડાવ્યો હોય અને રીઢા ઉઠાઉગીરને પણ પાઠ ભણાવ્યો હોય એ બનવાજોગ હતું.

પણ આનો ભેદ થોડે અંશે ઊકલ્યો. બેત્રણ દિવસ પછી રસોડાના વડા કેદીએ રામદુલારી સાથે તકરાર કરી. તેનું કહેવું એમ હતું કે રામદુલારીએ હજી પાછલા દિવસના ગોળના પૈસા ચૂકવ્યા ન હતા. રામદુલારીએ કહ્યું કે તે તરત ચૂકવવાની શરત ન હતી. બંને વચ્ચે ઊડી. પણ છેવટે સમાધાન થઈ ગયું. શું સમાધાન તે તો કંઈ સમજાયું નહિ. બે રાજ્યના પ્રધાનો વચ્ચેના કરાર જેટલું જ તે ગુપ્ત હતું. આ ઝઘડામાં અપીલ પણ થઈ ન હતી. પરંતુ આવી બાબતમાં કેદીઓ કદી અમલદારો પાસે ન્યાય માગવા જતા જ નથી. તેઓ સમજે છે કે તેમના સ્થાનિક સ્વરાજ્યમાં ઉપરીઓને માથું મારવાની તક જ ન આપવી.

રામદુલારી ગિરફતાર શાથી થયેલો એની ખરી વાત તો અમને હવે જ મળી. જોકે તેને પકડનાર ફોજદારના કહેવા પ્રમાણે તો તે ટ્રેનમાં લોકોનાં ખીસાંનો ભાર હળવો કરતો હતો; પણ પોતાના નૂવા ભાઈબંધોની આગળ કરેલો તેનો ખુલાસો વધારે ભરોસાદાર ગણાય! હું મારી બરાકને ઓટલે બેઠો હતો અને તે તેની બરાકના ફળિયા આગળ ઊભો હતો.

'અજી બાત તો ઐસી હૈ,' તેણે મિત્રો સમક્ષ પોતાનું રહસ્ય ખુલ્લું કરતાં કહ્યું : 'કે ઉસ થાનેદાર કી લડ઼કી સે મેરી મહોબ્બત થી . . . .'

પોલીસે તેની સાઈકલ ખૂંચવી લીધી અને કપડાં ઝૂંટવી લીધાં એ વાત જેટલી શાંતિથી તેણે કરેલી તેટલી જ શાંતિથી તેણે આ પ્રેમકિસ્સાની વાત કહી. તેના ચહેરા પર કોઈ પણ જાતનો ભાવ કદી પૂરબહારમાં ખીલતો જ નહિ. તેની આંખો ઘણી વાર ભાવશૂન્ય જણાતી. જો તે સાધારણ ગંભીર દેખાતો ન હોય તો તેના મોં ઉપર લુચ્ચાઈભરેલું સ્મિત ફરકતું હોય. તેમાં પણ સ્મિત કરતાં લુચ્ચાઈનો ભાગ વધારે લાગે. આવું લુચ્ચાઈભરેલું સ્મિત (અથવા તો સસ્મિત 'લૌચ્ય') તેના ચહેરા પર ફરક્યું.

ભેગા થયેલા મિત્રો તો તેને શાબાશી આપવા મંડી પડ્યા. એ ખીલ્યો. પણ અધૂરી રહેતી વાર્તાની જેમ વધુ રસિક ભાગ તો હવે આવવાનો હતો.

'ઔર ઉસ લડકી મેરે સે મહોબ્બત કરતી થી.'

તેના ભાઈબંધોમાં ખડખડાટ કરતા હાસ્યનું એક મોટું મોજું ઊછળ્યું. કેટલીક વારે સૌ શાંત થયા.

'ઇસ વાસ્તે થાનદારને મેરે પર જૂઠા ઇલજામ લગવાયા.' ઉપસંહાર કરતાં તેણે કહ્યું.

હજુ સુધી મૅજિસ્ટ્રેટે તેને સજા કરી ન હતી એ મૅજિસ્ટ્રેટનું ધન્યભાગ્ય. એ પાકો કેદી બને ત્યારે પોતાના નવા દોસ્તદારોને શું કહેવાનો એ કળવું મુશ્કેલ ન હતું. થાણદારનું સ્થાન ત્યારે મૅજિસ્ટ્રેટને લેવું પડશે એ નક્કી હતું.

અમે ક્યારે છૂટવાના તે કોઈ જાણતું ન હતું. એક દિવસ પાકે પાયે ખબર આવી કે ઉપરથી હુકમ આવી ગયો છે અને અમારી રિહાઈ - મુક્તિ થવાની છે. હું મારો સામાન સંભાળવા મંડ્યો. એટલામાં રામદુલારી ત્યાં આવી પહોંચ્યો. કોણ જાણે ક્યાંથી એને આ બાતમી તરત જ મળી ગયેલી.

'અજી, સુના હૈ કિ કલ આપ છૂટનેવાલે હો! ક્યા બાત હૈ?' તેણે પૂછ્યું.

મારો જવાબ સાંભળે તે પહેલાં તેની નજર મારા એક પરબીડિયા પર પડી. ટિકિટવાળું હોવાથી તરત તેનું મન લોભાયું હતું. યોગ્ય સ્થળે ગોઠવું તે પહેલાં તો ઝપ દેતેકને તેણે મારા હાથમાંથી તે લઈ લીધું. તેનો હાથ પોતાના ધંધામાં કેટલો પાવરધો હતો તેનો પ્રત્યક્ષ પરચો મને અહીં મળી ગયો.

'દેખો, હમ ચિઠ્ઠી લિખ કે ઇસમેં ડાલેંગે. આપ યે લિફાફા બાહિર જા કર ડાક મેં છોડ દેના.' તેણે પોતાના લુચ્ચાઈભર્યા સ્મિતથી કહ્યું.

આ ધૃષ્ટતા મને અસહ્ય લાગી. મેં કડક અવાજે કહ્યું : 'સુનો જી, યે બાત ઠીક નહિ હૈ.' અને પછી મેં તેને સમજાવ્યું કે બહાર નીકળતી વેળાએ મારી 'જામાતલાશી' લેવાય અને જો તેમાં આ તારી 'ચિઠ્ઠી' પકડાય તો તારો સત્સંગ કરવા દરવાજેથી જ મારે પાછા વળવું પડે. અને મારા કરતાં તો તારા જ વધારે ભોગ મળે એ વાત પણ માની લેજે. વળી અત્યારે તારી ઉપર એક કલમ પ્રમાણે કામ ચલાવવાનું છે તેને બદલે બે કલમ પ્રમાણે ચાલશે.

રામદુલારી પર કામધંધા વિના રઝળતા ફરવાનો અને ચોરી વગેરે કરવાનું મળે તો તે ચૂકે નહિ એવો શક હતો. એક સો નવમી કલમ પ્રમાણે તેને એક વરસની સજા થાય તેમ હતું.

'ઔર તુમારે પર દો દફા લગ જાયગા.' મેં છેલ્લું વાક્ય પૂરું કરતાં કહ્યું.

આ શબ્દની તેના પર કંઈ અસર થઈ કે નહિ તે હું કળી ન શક્યો. કાચના લંબગોળ મણકા જેવી ભાવશૂન્ય દેખાતી આંખોથી તે મારા તરફ તાકી રહ્યો. પછી મેં જોયું તો તેના મોં પર સહેજ લુચ્ચાઈભર્યું સ્મિત - પેલું સસ્મિત 'લૌચ્ય' ફરકી રહ્યું હતું. (૧૦૦)

વ્યાયામ

હિતચર્યાનું બરાબર પાલન કરનાર શરીરે સ્વસ્થ રહે એ તો નિઃશંક છે. પણ આહારવિહારમાં નિયમિત રહેવાની આકાંક્ષા રાખનાર મનુષ્ય ક્વચિત્ એનું પાલન કરી શકતો નથી. મુસાફરી, ભોજનમાં અનિયમિતતા, ઉજાગરો, વધુ પડતો શ્રમ વગેરે અનિચ્છાએ પણ કરવાં પડતાં હોય છે. ત્યારે સ્વસ્થ માણસના બળની પણ હાનિ થાય છે ને સ્વાસ્થ્ય જોખમાય છે. આમ, શરીરને આયાસ કરવો પડે, શ્રમ અનુભવવો પડે એવા પ્રસંગો જીવનમાં આવ્યા જ કરતા હોય છે તો પ્રથમથી જ શરીરને આયાસની ટેવ પાડી દેવી જોઈએ. આચાર્ય સુશ્રુતે એ આયાસજનક કર્મને 'વ્યાયામ'ની સંજ્ઞા અ છે. શરીરાયાસજનનં કર્મ વ્યાયામસંજ્ઞિતમ્'

આચાર્ય ચરકે 'વ્યાયામઃ સ્થૈર્યકરાણાં શ્રેષ્ઠઃ' (શરીરની સ્થિરતા કરવામાં વ્યાયામ શ્રેષ્ઠ છે) એમ કહ્યું છે એમાં સ્થિરતાનો અર્થ વ્યાપક છ વ્યાયામ સ્વાસ્થ્યમાં તો સ્થિરતા લાવે જ પણ સાથેસાથે યૌવનને પણ સ્થિર બનાવે છે. વ્યાયામનું સેવન કરનાર ચિરકાળ યુવાન રહે છે. શ્રી બાપાલાલભાઈ લખે છે તેમ 'કસરત તો તાંબાની માત્રા છે.' યૌવનને સ્થિર રાખનાર દ્રવ્યો માટે 'વયઃસ્થાપન' એવો સુંદર શબ્દ આયુર્વેદમાં છે. વ્યાયામ શ્રેષ્ઠ વયઃસ્થાપક છે.

વ્યાયામ શરીરને પુષ્ટ કરે છે. એમ તો વધુ ખાનાર મેદસ્વી માણસોના શરીર પણ પુષ્ટ હોય છે. એટલે કેવળ શરીરપુષ્ટિ થાય એ પૂરતું નથી. વ્યાયામના ફાયદામાં 'વિભક્તઘન ગાત્રત્વમ્'નો ઉલ્લેખ છે. એટલે કે વ્યાયામ ગાત્રોને વિભક્ત અને ઘન બનાવે છે. વિભક્ત ગાત્રો સહેલાઈથી હલનચલન કરી શકે. પરિણામે કાર્યશક્તિ આવે. ક્યાંક કૂદકો મારીને ચડવાનો કે ઊતરવાનો પ્રસંગ આવતાં ઘણાને 'સબાકો' આવી જાય છે, કારણ કે એમનાં શરીરગાત્રો વિભક્ત હોતાં નથી. વ્યાયામ કરનારનું શરીર પુષ્ટ હોવા છતાં એમાં લઘુતા આવે છે. લાઘવ સાથે સ્ફૂર્તિ સંયુક્ત હોય છે. એટલે વ્યાયામ કરનારના શરીરમાં આળસનો અભાવ હોય છે. આળસુ અને નિર્બળ માણસની આંતરબાહ્ય વિકાસની અપેક્ષા ક્યાંથી રખાય ? વ્યાયામ કાન્તિપ્રદ છે. કાન્તિ એટલે સમ ધાતુઓના સારરૂપ ઓજસ. આયુર્વેદ માને છે કે આપણાં કાયિક, વાચિક અને માનસિક કર્મો 'ઓજ'ને કારણે જ થાય છે.

છાન્દોગ્ય ઉપનિષદના ઋષિએ 'બલં બ્રહ્મ'નો ઘોષ કરીને જ્ઞાનથી બણ બલ શ્રેષ્ઠ છે એવું પ્રતિપાદન કર્યું છે. સ્વામી વિવેકાનંદે યોગ્ય જ કહ્યું છે : 'દુર્બળ શરીરે ગીતાનો પાઠ કરવા કરતાં તો તેટલો વખત હોકી ફૂટબૉલ રમવામાં કાઢવો જોઈએ. મારા ધર્મનું સત્ત્વ બલ છે. બલની આરાધના વિના મનુષ્ય ધર્મની આરાધના કરી શકે એ મારા મનથી સંભવિત જ નથી.

સુશ્રુતનો એક શ્લોક છે 'ક્ષુદ્ર મૃગો સિંહની પાસે જઈ શકતા નથી, તેમ વ્યાધિઓ કસરતથી કસાએલાં ગાત્રોવાળા અને પગોને તેલથી ચોળાવી ચૂર્ણાદિકથી સ્વચ્છ કરાવનારા માણસની પાસે જઈ શકતા નથી.'

અતિવ્યાયામનો નિષેધ

વ્યાયામનું આ સ્તવન વાંચી કોઈ એનો અતિરેક ન કરી બેસે એટલા માટે સુશ્રુત કહે છે તેમઃ 'આત્મહિત ઈચ્છનારા પુરુષોએ સર્વ ઋતુઓમાં નિત્ય અર્ધા બળથી વ્યાયામ કરવો જોઈએ. અર્ધા બળથી ઉપરાંત વ્યાયામ કરવામાં આવે તો તે વ્યાયામ જ પુરુષોને મારી નાખે છે.'

પણ અર્ધા બળનું લક્ષણ શું ? સુશ્રુતે તે નીચે મુજબ આપ્યું છે : 'હૃદયમાં સ્થાનસ્થિત વાયુ જ્યારે મુખમાં પ્રવેશે ત્યારે અર્ધું બળ સમજવું.' અર્થાત્ શ્વાસ ચડે એટલે વ્યાયામનો ત્યાગ કરવો. રક્તપિત્ત, કૃશ, શોષ, શ્વાસ, ખાંસી તથા ક્ષયના રોગીએ, તરત જમેલાએ, અતિ સંભોગથી ક્ષીણ અને જેને ચક્કર આવતા હોય એણે પણ વ્યાયામ ન કરવો.

સ્ત્રીઓએ વ્યાયામ કરવો જોઈએ. ઘંટીએ લોટ દળવાથી, કૂવામાંથી પાણી ખેંચવાથી, સાંબેલાથી ડાંગર વગેરે ખાંડવાથી સ્ત્રીઓને નિયમિત અને તેમનાં અંગોને જરૂરી શરીરશ્રમ મળી રહે છે. પણ આજે તો એ બધું ઓસરતું જાય છે. પરિણામે કેડે દુઃખવાની ફરિયાદ કરનાર અને સદાય માંદી રહેતી યુવતીઓની સંખ્યા મોટી હશે. પ્રૌઢાવસ્થામાં પગ મૂકતા પહેલાં અતિ સ્થૂલ અને લાલિત્યવિહોણી બની જતી ઘણીખરી સ્ત્રીઓનું જીવન વ્યાયામરહિત હોય છે. વ્યાયામનું સેવન કરનાર સુદર્શન બને છે. (૪૪૮)

લાભશંકર ઠાકર

ડાંગે માર્યાં..... એ કહેવતનો મર્મ સમજાવતી વાર્તા

- ઈશ્વર પેટલીકર -

સ્ટેશન આવ્યું એટલે ગાડી ઊભી રહી. દસેક માણસોને હાથકડી કરી પોલીસ લાવી હતી. એ પ્લૅટફૉર્મ પરના દૃશ્ય તરફ ગાડીમાંના ઉતારુઓની નજર જતાં જે તે ડોકિયું કરી જોવા લાગ્યા – પૂછવા લાગ્યા : 'કોણ છે ? શું છે ?'

છેલ્લો ડબ્બો પ્લૅટફૉર્મની બહાર હતો, એટલે નવા ઉતારુઓનો ધસારો એટલે સુધી ન ગયો. ડબ્બામાં જે ચાર મુસલમાન હતા એ ઊતર્યા એટલે જગ્યા મળશે માની ત્રણ નવા ઉતારુઓ પ્લૅટફૉર્મ ઊતરી ત્યાં બેસવા જઈ પહોંચ્યા.

મુસલમાન ઉતારુઓ ઊતરી રહ્યા ને નવા ચડી રહ્યા એટલે બીજા નવીન ચડી આવવા લલચાય નહીં એ માટે એક ઉતારુ પાણી લેવા ગયો હતો છતાં બારણા પાસે બેઠેલા ઉતારુએ બારણું જોરથી બંધ કર્યું. અંદર નજર કરી તો એના ખાનામાં, પાછલા ખાનામાં પણ, કોઈ મુસલમાન હોય તેમ લાગ્યું નહીં. એટલે પેલા ઊતરી ગયેલા મુસલમાન ઉતારુઓએ કેળાં અને મોસંબી ખાઈ જે છોતરાં ડબ્બામાં પાડ્યાં હતાં તે તરફ આંગળી કરી એણે કહ્યું : 'એમના બાપની ગાડી હોય તેમ કેટલી ગંદકી કરી મૂકી અહીં !'

એ મુસલમાન ભાઈઓએ જ્યારે એ કચરો પાડેલો - ગંદકી કરેલી ત્યારે બધા જોઈ રહ્યા હતા, પણ કોઈએ વાંધો લીધો ન હતો. વળી એવી ગંદકી મુસલમાનો કરે છે ને હિંદુઓ નથી કરતા એવું પણ નથી. પરંતુ એ બહાનું બીજી કોમ પ્રત્યે પોતાનો ધિક્કાર વ્યક્ત કરવાનું એક નિમિત્ત હતું એટલું જ.

નવા આવેલા ઉતારુઓમાંથી એક તરત બોલી ઊઠ્યો : 'હિંદુ-મુસલમાનની તકરારને લીધે આ ગાડીમાં જ પોલીસ દસ જણને પકડી જાય છે ને !'

પાણી લેવા ગયેલ ઉતારુ બહારથી જ બારીમાં ડોકું ઘાલતાં બોલ્યો : 'જોડેના ગામમાં મસ્જિદ આગળ વાજાં વગાડવાના કારણે તોફાન થયું છે. ચાર હિંદુ ને છ મુસલમાનને પોલીસ પકડી લાવી છે. આ ગાડીમાં જ એમને લીધા છે.'

નવા આવેલા ઉતારુઓએ બીજું કારણ સાંભળ્યું હતું, એટલે એક જણે કહ્યું : 'મસ્જિદની તકરાર તમને કોણે કહી ? અમે પ્લૅટફૉર્મ ઉપર અર્ધા કલાકથી સાથે હતા. ખેતરની સરહદની તકરારને લીધે અંદર અંદર વેરઝેરને લીધે મારામારી થઈ એવું અમે તો સાંભળ્યું હતું.'

બારણા પાસે બેઠેલા, જેમણે પ્રથમ વાત ઉપાડી હતી, તે બોલ્યા : 'ગમે તે કારણ હોય, પણ મુસલમાનો પાપ છે તે તો ચોક્કસ હકીકત છે.'

બીજા ભાઈ એના અનુસંધાનમાં બોલ્યા : 'આપણી કૉંગ્રેસ બાયલી છે ત્યાં આપણે શું કરીએ ? એકેએક મિયાંભાઈ 'પાકિસ્તાન લેકે રહેંગે' બોલતો હતો. હવે પાકિસ્તાન આવ્યું તો હિંદુસ્તાનમાં એક પણ મિયાંભાઈ શું કામ જોઈએ ?'

ત્રીજા ભાઈ : 'બરાબર છે. પાકિસ્તાનમાં હિંદુઓને રહેવું સહીસલામત નથી. ત્યાં આપણા લાખો-કરોડો હિંદુ ભાઈઓ ઘરબાર મૂકીને આ દેશમાં ભિખારી તરીકે આવ્યા ને અહીં મુસલમાનો અમનચમન કરે છે !'

ચોથા ભાઈ : 'એ સાપના કણાને દૂધ પાઈ ઉછેરવા જેવું આ કૉંગ્રેસ સરકાર કરી રહી છે. હમણાં એ લોકો નરમ લાગે છે તેનું કારણ એ નહીં કે એમનો હૃદયપલટો થયો છે. બધા આગેવાનો પાકિસ્તાનમાં ગયા એટલે નવા પેદા થતાં સુધી એ દબાઈ રહેશે. પછી એ સાપ કરડવાનું શરૂ કરશે !'

વાતને આમ એક બાજુ, અને તેય પ્રત્યાઘાતી બનતી જતી જોઈ, મૌન રહી સાંભળી રહેલા એક ભાઈ બોલ્યા : 'જો આમ આપણે અરસપરસ ઝેર ઓક્યા કરીશું, ઝેર ઓક્યા કરીશું, તો દેશનું ભલું નહીં થાય. દેશમાં જે લોહી રેડાયું તે તો ભાગલા પાડીને રાજ્ય કરવાની નીતિ અંગે બંનેને પાયેલું ઝેર હતું. એ ઝેરનું છેલ્લી કક્ષાનું વૉમિટ થઈ ગયું. એ ગયો, ઝેર નીકળી ગયું, હોજરી ચોખ્ખી થઈ. હવે આપણે ભૂતકાળ ભૂલી નવું ઝેર ન પેદા કરીએ તો જ દેશનો જયવારો છે.'

બધાની નજર એ ભાઈ તરફ મંડાઈ હતી. કાળી ટોપી ને મિલનાં કપડાં એણે પહેરેલાં હતાં. જો ખાદીધારી હોત તો વચ્ચે જ કોઈ બોલી ઊઠ્યું હોત કે તમે કૉંગ્રેસીઓ જ દેશનું સત્યાનાશ વાળવા બેઠા છો. પણ એવો હુમલો થાય એમ ન હતો એટલે સૌ વચ્ચે બોલ્યા વગર વાતને પૂરી સાંભળી રહ્યા.

એના જવાબમાં, બારણા પાસે બેઠેલા, જેમણે ચર્ચા ઉપાડી હતી તે પહેલા ભાઈ બોલ્યા : 'તમે, મિસ્ટર, ગુજરાતમાં બેઠા છો અને તોફાનોની તડકીછાંયડી જોઈ નથી એટલે પરોપદેશે પાંડિત્યમ્ કરો છો. મારી જેમ પાકિસ્તાનમાં હોત, લૂંટાયા હોત અને આવું બોલતા હોત તો મરદ બકત.'

પેલા ભાઈ એનો કંઈ જવાબ આપે તે પહેલાં બે-ત્રણ જણ સામટા બોલી ઊઠ્યા : 'હેં ? તમે પાકિસ્તાનમાં હતા ? જરા ત્યાંની વાત તો કરો ?'

એ ભાઈ બોલ્યા : 'શું વાત કરું ? આ ભાઈ જે ડહાપણની વાત કરે છે તેવું મનેય બોલતાં આવડે છે, પણ પાકિસ્તાનના પાપે લાખોની મિલકત લૂંટાઈ ગઈ. ત્રણ પેઢીનો ધંધો ગયો, બંગલાઓ ગયા, સાત લાખ રૂપિયાની મિલકત ફના થઈ ગઈ, હજારોની આવકનો ધંધો ગયો !'

ડબાનું વાતાવરણ એકદમ ગંભીર બની ગયું. બોલનાર ભાઈના મોં ઉપર દુઃખનાં વાદળ છવાઈ ગયાં. જાણે હમણાં એમની આંખોમાંથી આંસુ વહી આવશે એવી કરુણા આંખોને ઘેરી વળી. એકે સવાલ કર્યાં : 'ક્યાં હતા તમે ?'

પેલા ભાઈ : 'કરાચીમાં. ત્યાં અમારો ત્રણ પેઢીનો વેપાર. એને જ અમે અમારું વતન માનેલું. ગુજરાતમાં આમ આવવું પડશે એની કલ્પનાયે નહીં. કમાતા ગયા તેમ વેપાર ત્યાં વધાર્યો, મિલકત ત્યાં વસાવી, બંગલા ત્યાં બાંધ્યા. એ બધું મૂકીને અહીં આવ્યા હોઈશું તે અમારા દિલમાં શું થતું હશે ?'

'ખરું છે;' એમને ટેકો આપતાં એક ભાઈ બોલ્યા : 'પેટનું છોકરું પૈસા માટે રડી મરે તોય એને આપતા નથી, અને આમ મિલકત લૂંટાઈ જાય એ શે વેઠાય ? હું તમારા મતનો છું. આ દેશમાં ખરી રીતે એકે મુસલમાનને રહેવા દેવો ન જોઈએ. કૉંગ્રેસને બહુ દયા આવતી હોય તો ઢંઢેરો બહાર પાડે કે અમુક તારીખ સુધીમાં મુસ્લિમોએ હિંદ છોડી જવું, અને તે પછી જે કોઈ અહીં હશે તેની કતલ કરવામાં આવશે !'

'સરકાર તો ઢંઢેરો બહાર પાડી રહી;' કરાંચીવાળા ભાઈએ કહ્યું : 'પણ મેં તો ઢંઢેરો બહાર પાડ્યો છે...' આગળ બોલતાં એ ભાઈ અટક્યા. એમની નજર ચોમેર ફરી.

એમનું મન કળી જતાં વળી એક ભાઈ બોલ્યા : 'તમારા પહેલાં મેં ખાતરી કરી છે, કોઈ મિયાંભાઈ ડબામાં નથી, કહી નાખોને; તમારો ઢંઢેરો અમે પણ સાંભળીએ તો ખરા.'

બીજા ભાઈ વચ્ચે બોલ્યા : 'આપણે લોકો આમ બી બીને વાત કરીશું ત્યાં સુધી માર જ ખાવાના છીએ. ડબામાં મુસલમાન હોય તોપણ આપણે એમની શું કામ સાડાબાર રાખવી જોઈએ ? પાકિસ્તાન મુસલમાનોનું છે, તેમ હિંદુસ્તાન હિંદુઓનું છે. હિંદુઓના બોલ સંભળાય તો તેઓ અહીં રહે, નહીં તો ચાલ્યા જાય એમના પાકિસ્તાનમાં !'

'તમારું કહેવું ખરું છે.' ત્રીજા ભાઈએ ટેકો આપ્યો, અને આ વિચારસરણીનો વિરોધ કરનાર પેલા ભાઈ તરફ કટાક્ષ કરતાં કહ્યું : 'એમ હોય તો મિસ્ટર, તમે કાનમાં આંગળીઓ ઘાલી દો એટલે તમારા દયાવાળા હૃદયને દુઃખ ન થાય !'

પેલા ભાઈએ એ કટાક્ષનો જવાબ ન આપતાં મોં મલકાવ્યું.

એનો અર્થ પોતાની રીતે કરતાં એક ભાઈ બોલ્યા : 'એય છેવટ તો હિંદુ જ છે ને ? ન્યાયની રીતે ભલે એ ઉદારતાની વાત કરે, પણ લોહીના સંબંધે એમને પણ હિંદુઓનું જ લાગે.' અને કરાચીવાળા ભાઈને યાદ દેવડાવતાં જણાવ્યું : 'તમારો ઢંઢેરો તો જણાવો.' સૌની નજર વળી એ ભાઈ તરફ ગઈ.

પેલા ભાઈ ધીમેથી, અચકાતાં બોલ્યા : 'મોટી મિલકતમાંથી જે બે લાખ રૂપિયા બચ્યા છે, તે પણ ફના કરી નાખવાની મારી તૈયારી છે. જે કોઈ એક મુસલમાનને મારી નાખે તેને એક હજારનું ઇનામ આપવા હું એ બેય લાખ રૂપિયા ખર્ચી નાખવા તૈયાર છું.'

ગાડીએ વળાંક લીધો એટલે સૌને ધક્કો લાગ્યો. વિચારનો ધક્કો વાગે એવું વાતાવરણ પણ હતું અને ખટાખટ કરતો ગાડીનો કર્કશ અવાજ વાતાવરણને ઘેરો બનાવતો હતો.

એક ભાઈએ ટેકો આપતાં કહ્યું : 'તમારો ઢંઢેરો ખોટો નથી. માલદાર બધા જો આમ કરે તો એક મુસલમાન આ દેશમાં જીવતો ન રહે.'

વિરોધમાં પડનાર પેલા ભાઈ એમની જગાએથી ઊભા થયા, બધાંની નજર એ બાજુ ખેંચાઈ. એ બે ડગલાં ખસીને બારણા પાસે બેઠેલા કરાચીવાળા ભાઈની નજીક આવ્યા. એમની સામી પાટલીએ બેઠેલા ભાઈને ઇશારત કરી જગા આપવા કહ્યું. દરેક થોડું થોડું ખસ્યા. કરાચીવાળા ભાઈની બરાબર સામે એમણે બેઠક લીધી.

બા સમજ્યા કે એ ભાઈ પોતાની દલીલથી હિંસા ખોટી છે, વેરઝેર ખોટું છે, એમ સમજાવવા એટલા નજીક ગયા હશે. એટલે સ્વાભાવિક રીતે સૌ એ ભાઈ હવે શી દલીલ કરે છે તે સાંભળવા એમના ભણી ઉત્સુકતાથી તાકી રહ્યા.

એ બોલ્યા : 'તમારા હજાર રૂપિયા અકબંધ રહે, ખર્ચ ન થાય ને તમારા મનની મુરાદ પૂરી થાય એવો રસ્તો હું બતાવું !'

બધાના ડોળા ફાટી ગયા. આવું એ ભાઈ કહેશે તેમ કોઈએ કલ્પ્યું ન હતું. કરાચીવાળા ભાઈ પણ ગભરાયા, કંઈ જવાબ ન આપી શક્યા.

પેલા ભાઈ આગળ બોલ્યા : 'હું તમારી સામે જ બેઠો છું. કોઈને કામ સોંપવાની જરૂર નથી. હું મુસલમાન છું. મને તમે જ મારી નાખો. ડબામાં બધા હિંદુઓ છે એટલે તમને કોઈ પકડાવનાર નથી !'

બધા પૂતળાંની માફક પોતપોતાની જગાએ જડાઈ જ ગયા ! કોઈના મોંમાંથી વાચા ન ખૂલી. પણ સૌ કરતાં અજાયબ એ બન્યું કે કરાચીવાળા ભાઈએ સામો જવાબ આપવાને બદલે છૂટા મોંએ પોક મૂકી !

પેલા ભાઈએ આશ્વાસન આપતાં કહ્યું : 'રડો નહીં. તમારી માલમિલકત લૂંટાઈ ગઈ એટલે તમને ઝેર આવે તે હું સમજું છું. વેર ઉત્પન્ન થાય ત્યારે માણસ ગમે તેવું પગલું ભરે છે. પણ મારે

જે કહેવાનું છે તે એટલું જ કે થોડા લોકોએ ગાંડપણ કર્યું, તેનો દાખલો લઈ આપણે સૌ ગાંડપણ કરીએ તો દેશ ખલાસ થઈ જાય, સ્વરાજ્ય આવ્યું-ન આવ્યું થઈ જાય અને એક નહીં તો બીજી પરદેશી સત્તા આપણા માથે આવી ગુલામી આપણા કપાળમાં કાયમ કરે.'

હજુ કોઈ કોઈને એ ભાઈનો હિંદુ જેવો પોષાક જોઈને શંકા જતી હતી કે આમ કરી એ પોતાનો પક્ષ જીતી તો નહીં લેતા હોય ? એ દૃષ્ટિને પારખી જતાં એ મુસલમાન ભાઈ બધાંના સામે જોઈ બોલ્યા : 'મારો પહેરવેશ અને બોલી હિંદુ જેવાં છે એટલે હિંદુ હોવા છતાં મુસલમાનનો વેશ ભજવી રહ્યો છું તેમ ન માનતા. હું મુસલમાન જ છું.'

કોઈ કોઈને ચટપટી થવા લાગી કે રખેને આવતા સ્ટેશને ગાડી ઊભી રહેશે ત્યારે આ ભાઈ પોલીસને ફરિયાદ કરશે તો ! બધા એકબીજા સામે તાકી રહ્યા. ઘડી પહેલાં મુસલમાન હોય તો– પણ ન બીવાની વાત કરનાર ભાઈ પણ મોંમાંથી એક શબ્દ સરખોયે બોલી ન શક્યા.

કરાચીવાળા ભાઈ આંસુ લૂછી નાખી દયાપૂર્ણ સ્વરે બોલ્યા: 'સાચે જ ભાઈ, મને મુસલમાનો પ્રત્યે પહેલાં બિલકુલ ધિક્કાર ન હતો. કરાચીમાં તો અમે ભાઈ ભાઈની જેમ રહેતા હતા, પણ માણસને ઘરબાર અને માલમિલકત છોડવી પડે ત્યારે એના હૃદયમાં વેર વસ્યા વગર નથી રહેતું.'

પેલા મુસલમાન ભાઈએ કહ્યું : 'તમારા કરતાં વધારે કડવો અનુભવ મને થયેલો છે. તમારી મિલકત ગઈ છે, ત્યારે મારું તો સર્વસ્વ ગયું છે. એટલે વેરઝેર અંતરમાં આવી વસે તે હું સમજું છું. પણ એ વેરઝેર તમે ને હું આમ જ્યાં ત્યાં ઓકીએ તો એથી વેરઝેરનો વધારો થાય. આપણે સૌ માણસ છીએ એટલે વેરઝેર અંતરમાં આવે તો એને બહાર કાઢી નાખવા પ્રયત્ન કરવો જોઈએ - એને અંદર આસન આપી એને આપણા ઉપર હુકમ બજાવવા ના દેવો જોઈએ.'

બોલનાર ભાઈ મુસલમાન હતા, છતાં એમની નમ્રતા, દિલની નિખાલસતા અને વાત કરવાની રીત જોતાં, મુસલમાનો પ્રત્યેનો શરૂઆતનો ધિક્કાર સૌનામાંથી ઘડીભર ચાલ્યો ગયો હોય તેમ લાગ્યું. એક જણે અધીરાઈ બતાવતાં કહ્યું : 'તમારી વાત તો કરો, અમે જાણીએ તો ખરા કે તમારા જેવા મુસલમાનો પણ છે.'

પેલા મુસલમાન ભાઈએ કહ્યું : 'મારી વાત તો હું કહીશ એટલે તમને બધાને ખ્યાલમાં આવશે. કરાચી તો દૂર પડ્યું છે, એટલે આપણે કલ્પના જ કરવાની છે. આ તો આપણા ઘરઆંગણાની વાત છે. પણ એ કહેવા પાછળ મારો ઉદ્દેશ એવો નથી કે મુસલમાનો સારા છે અને હિંદુઓ નથી. પહેલાં કહ્યું તેમ, આ વેરઝેર પરદેશી સરકારનો વારસો છે. એ જતાં આપણે એને વાપરી નાખ્યાં. હવે આપણે અંદર અંદર નવાં બી ન વાવીએ એટલું જ મારે કહેવું છે.'

પોલીસને ફરિયાદ કરશે એવી જેમને શંકા આવી હતી, તેમને થયું કે ના, ના, એવી કોઈ ફરિયાદ કરે એવો હોય તેની વાણી આવી નમ્ર ન હોય, વિચાર ઉમદા ન હોય.

પેલા મુસલમાન ભાઈ બોલ્યા : 'આપણામાં જેમ કહેવત છે કે ડાંગે માર્યાં પાણી કંઈ જુદાં ન થાય, તેમ હિંદુસ્તાનના ડાંગે માર્યા ભાગલા કદી ન થઈ શકે. પાકિસ્તાન ભલે આજે હિંદથી જુદું થયું, પણ એક દહાડો એવો આવશે કે એ ભાગલા સંધાઈ જશે. અને એ ભાગલા આપણે જેટલા જલદી વેરઝેર ભૂલી જઈશું તેટલા વહેલા સંધાઈ જશે.'

એક ભાઈએ હસીને કહ્યું : 'એવો બધો તો બોધ નેતાઓ રોજ આપે છે. એથી તો કંઈ અસર થતી નથી, પણ તમારા જેવા માણસોનો પ્રસંગ જાણવા મળે તો વળી એ વેરઝેર જલદી ભુલાય પણ ખરાં.'

મુસલમાન ભાઈએ કહ્યું : 'ગયા (૧૯૪૭ના) નવેમ્બરમાં વસોમાં તોફાન થયું તે તો તમને ખબર હશે.'

એક ભાઈ બોલી ઊઠ્યા : 'સારી રીતે. ૫૦-૬૦ ઘર મુસલમાનોનાં બાળી દીધાં. છાપાંમાં એ બધું વાંચેલું.'

બીજા ભાઈએ પૂછ્યું : 'તમે વસોના છો ?'

પેલા મુસલમાન ભાઈએ કહ્યું : 'હા.'

એક જણ એ પ્રસંગની સ્મૃતિ તાજી થતાં બોલ્યા : 'હિંદુય ગાંડા થાય છે ત્યારે મુસલમાન કરતાં ઊતરતા નથી. ૫૦-૬૦ ઘર બાળી દીધા, ને પાંચ-છ જણને બાળી દીધા. તે સૌ કરતાં નીચ કૃત્ય તો એક પવિત્ર ને હિંદુ-મુસલમાનનો જેને ભેદ નહોતો તેવા વૃદ્ધ નૂરભાઈને બાળી મૂક્યા તે છે.'

એક જણે પૂછ્યું : 'એ નૂરભાઈ કોણ હતા ?'

પેલા ભાઈ બોલ્યા : 'હું કંઈ દીઠે એમને ઓળખતો નથી. છાપામાં તે અરસામાં વાંચેલું. એ મુસલમાન ભલા અને પવિત્ર હતા. હિંદુઓમાં પણ એમનું એટલું માન હતું કે બધા 'નૂરભાઈ ચાચા' કહીને જ બોલાવતા. દરબાર ગોપાળદાસ દેસાઈને ઢસાની ગાદી પાછી સોંપાઈ તે વખતે, વસો ગામે નૂરભાઈના પ્રમુખસ્થાને એમને અભિનંદન આપ્યાં હતાં. એવા પુરુષને તે પછી થોડા વખતમાં જ હિંદુઓ ગાંડા થઈ જીવતા બાળી દે, ને પોતે જીવવા ધાર્યું હોત તો છુપાઈને જીવી શકત, છતાં એ વૃદ્ધ પુરુષ વીરની માફક એ ગાંડા ટોળાને અવિચારી કૃત્ય ન કરવા સામી છાતીએ બોધ આપવા નીકળી મૃત્યુને વરે, એ કૃત્ય તો, ખરેખર હિંદુઓ માટે લાંછનરૂપ છે.'

પેલા મુસલમાન બોલ્યા : 'એ બધું સાચું છે, છતાં એ કૃત્ય

જ્યારે અમુક હિંદુઓએ કર્યું ત્યારે બીજા હિંદુઓએ અમને છુપાવીને અમારા જીવ પણ બચાવ્યા છે. મતલબ એ છે કે, જેણે જેણે આમ કર્યું તેણે પોતાના અંગત વેર ખાતર કંઈ કર્યું નથી. ખોટી સમજને ખાતર દેશને નામે કર્યું છે. એવું સૌથી મોટું કૃત્ય બાપુની હત્યા છે.

વાતાવરણ આખું બદલાઈ ગયું હતું. પહેલાં જ્યાં મુસલમાનો પ્રત્યે ધિક્કાર હતો, ત્યાં હિંદુઓ પણ એવા છે એવી સ્થિતિ આવી ગઈ હતી; મુસલમાન પણ સારા છે એવું મનમાં વસ્યું હતું.

પેલા મુસલમાન ભાઈ બોલ્યા બોલ્યા : 'એટલે પાકિસ્તાનમાં લૂંટનાર અને સગાંના જાન ખોનાર હિંદુઓ અને હિંદુસ્તાનમાં લૂંટાનાર અને સ્નેહીઓના જાન ખોનાર મુસલમાનો, દેશને ખાતર દીધેલા બલિદાન ખાતર ગૌરવ લે-દુઃખી ન થાય અને એ ગૌરવ બીજાને પાય તો બલિદાનથી ઊભા થયેલા રાષ્ટ્રનું ભાવિ ઉજ્જ્વળ થશે. ઈતિહાસ કહે છે કે જે રાષ્ટ્રો બલિદાન ઉપર ઊભાં થયાં છે તે જ પ્રજાને તારે છે. જે લૂંટ ઉપર ઊભા થયાં છે તે પ્રજાને પાયમાલ કરે છે.' આમ કહી પેલા કરાચીવાળા ભાઈ સામે જોઈ એમણે ઉમેર્યું : 'માટે તમે, ભાઈ, મિલકત લૂંટાઈ એમ ન માનો, દેશને ખાતર મિલકતનું બલિદાન આપ્યું માની ગૌરવ અનુભવો. બલિદાન એ મોટું ધન છે. એનાથી ભલે રાચરચીલું ન ખરીદાય કે પેટનો ખાડો ન પુરાય, પણ એથી માણસાઈને પોષણ મળે છે. અને જેનામાં માણસાઈ છે તેની પાસે સર્વ છે.'

બધાનાં મોં ઉપર ભાવનાનો હર્ષ છવાઈ ગયો. એકે પૂછ્યું : 'તમે શું ગુમાવ્યું છે તે તો કહ્યું જ નહીં ?'

મુસલમાન ભાઈએ કહ્યું : 'નૂરભાઈ મારા પિતા થાય !'

(એક સત્ય પ્રસંગને આધારે)

(૩૦૦)

હિંદુસ્તાનમાં ટપાલની પહેલી ટિકિટ

ટપાલની ટિકિટનો ઉપયોગ પ્રચલિત કરવાનું શ્રેય ઇંગ્લૅન્ડને ફાળે જાય છે. ઈ. ૧૮૪૦માં એ ચાલુ થઈ ત્યારે રંગીન કાગળનો આટલો નાનો ટુકડો ચોટાડી પોતાના કાગળપત્રો મોકલાવતાં લોકો ડરતા હતા અને એમને અવિશ્વાસ આવતો હતો.

હિંદુસ્તાનમાં પહેલવહેલાં લૉર્ડ ક્લાઈવે ઇ. ૧૭૬૬માં માત્ર સરકારી કામ માટે ટપાલથી પત્રો મોકલવાનો રિવાજ નિયમિત રૂપમાં શરૂ કર્યો. આઠ વર્ષ પછી તો આમ જનતા માટે પણ એ વ્યવસ્થા કરી આપવામાં આવી. ઇ. ૧૮૩૭માં સરકારે એ આખો વ્યવસાય પોતાના હાથમાં લઈ અંતરના હિસાબે એના દર નિશ્ચિત કર્યા. એ સમયે કલકત્તાની મુંબઈ મોકલવાના પત્રનો રૂ. ૧) લાગતો હતો. અને તે કિંમત તાંબાના સિક્કામાં ભરપાઈ થતી. કારણ એ વખતે ટિકિટનો પ્રચાર ન હતો.

ઇંગ્લૅન્ડમાં તો ૧૮૪૦થી ટપાલની ટિકિટો શરૂ થઈ ગઈ હતી, પણ હિંદુસ્તાનમાં એના દસ વર્ષ પછી ૧૮૫૦માં એક કમિશન બેસાડવામાં આવ્યું ને એણે સિક્કાને બદલે ટિકિટના ઉપયોગની ભલામણ કરી. કંપની સરકારના ડિરેક્ટરોએ ભલામણ સ્વીકારી, પરંતુ એમનો મત ટિકિટો કલકત્તામાં છાપવાનો હતો, જ્યારે કમિશને તે ઇંગ્લૅન્ડમાં જ છપાવવાની ભલામણ કરેલી.

આ બાબતમાં વાદવિવાદ ચાલતો જ રહ્યો હતો, ત્યાં સિંધના ચીફ કમિશનર સર બાર્ટલે ફ્રીઅરે પોતાની જીમ્મેદારી પર પોતાના પ્રાન્તમાં ટિકટો શરૂ કરવાનો નિર્ણય કર્યો, ને ૧૮૫૨ના જુલાઈની પહેલીએ સિંધમાં પહેલવહેલી જ ટિકિટ ચલાવવામાં આવી જે સંભવતઃ ઇંગ્લૅન્ડમાં છપાએલી. એશિયામાં ટપાલની એ પહેલી જ ટિકિટ. એ ટિકિટ પર ઈસ્ટ ઇંડિયા કંપનીનું 'ઇ.ઇ.'નિશાન તથા ચારે બાજુ 'Scinde District Dawke' લખાણ આવેલું.

પરંતુ જનતા ટિકિટોનો એ લાભ ન સમજી શકી. હૈદરાબાદમાં ફક્ત ૫૧) રૂપિયાની, કરાચીમાં ૬) રૂપિયાની તથા સિવાનમાં ૨ રૂ. ૧૫ આ. ૬ પા.ની ટિકિટો વેચાઈ શિકારપુરમાં તે એક પણ ટિકિટ ન વેચાઈ. લોકો ખેપિયા દ્વારા જ પત્રો પહોંચાડવાનું પસંદ કરતા હતા. આખરે સર બાર્ટલેએ માણસો મારફત પત્રો પહોંચાડવાના કાર્યને ગૂનો જાહેર કર્યો,ને ત્યારથી ટિકિટોનું વેચાણ વધવા માંડયું, તે એટલે સુધી કે ૧૦,૦૦૦ ટિકિટોના વેચાણની જે ૬ મહિનાની મુદત બાંધવામાં આવી હતી તે એક અઠવાડિયામાં જ ખપી ગઈ.

સરકારે આ ટિકિટોને દેશવ્યાપી કરવાના પ્રયાસો કરવા માંડયા. પરંતુ કલકત્તાના યંત્રકામના સુપરિન્ટેન્ડેન્ટ કર્નલ ફાર્વિસે કહ્યુ કે અઢી કરોડ એમ્બૉસ કરેલી ટિકિટો જમા (in reserve) રાખવા માટે ઓછામાં ઓછાં બે વર્ષ જોઈએ, એટલે તાત્કાલિક ગવર્નર જનરલ લૉર્ડ ડેલહાઉસીએ વિચાર છોડી દીધો. સરકારે પછી શિલાછાપથી છાપેલી ટિકિટો ચલાવવાનો ઇરાદો કર્યો ને કેપ્ટન થીલરના પ્રયત્નથી ઇ. ૧૮૫૪ના સપ્ટેમ્બર સુધીમાં અરધા આનાની ૩,૪૦,૦૦,૦૦૦ ટિકિટો લીલા રંગમાં તથા ૫૦,૦૦,૦૦૦ એક આનાની ટિકિટો સિંદૂરિયા રંગમાં તૈયાર થઈ અને ઑક્ટોબરે મહિનાની પહેલી તારીખે સરકારે આખા દેશમાં એનો ઉપયોગ કરવાનું ફરમાન બહાર પાડયું. ઇ. ૧૮૫૫ સુધી કલકત્તામાં જ ટિકિટો છપાતી રહી. પરંતુ એ વર્ષમાં લંડનની દ લા રૂ કંપની (De La Rue & Co.)ને એ કામગીરી સોંપવામાં આવતાં ત્યારથી બધી ટિકિટો ત્યાં જ છાપવામાં આવતી, તે છેક ઇ. ૧૯૨૫થી તે હિંદુસ્તાનમાં છપાવા માંડી ત્યાં લગી-૭૦ વર્ષ સુધી. (૨૦૨)

'મા!...'

ભગવતીકુમાર શર્મા

વર્ષાભીની સાંજે દિનેશ ઑફિસેથી નીકળી, બજારમાંથી શાકપાંદડું ખરીદી, બસ પકડી ઘેર પહોંચ્યો. ત્યારે તેની નજર હવે મહિનાઓથી રોજિંદા બની ગયેલા દશ્ય ઉપર નોંધાઈ. તે બારણામાં સહેજ થોભ્યો ને પછી અવાજ ન થાય તેનો સભાન પ્રયત્ન કરતો ખંડમાં પ્રવેશ્યો. પણ ભદ્રાને અણસાર આવી ગયો. તેણે પાછળ ફરીને એક વાર દિનેશ તરફ જોયું અને પછી તરત મુખ ફેરવી લીધું. હિતેશના મનમાં અણગમાનો આછો ભાવ ઊપસ્યો અને તરત શમી ગયો. કાંઈ બોલ્યા વિના તે એક જૂની ખુરશીમાં બેસી પડ્યો.તેણે ઇચ્છ્યું કે ભદ્રા તેના તરફ ધ્યાન આપે, તેને પાણીનો પ્યાલો અને પછી ગરમ ચાનો કપ આપે; પણ પછી પળવારમાં તેણે એ ઇચ્છાને મનમાંથી ભૂંસી નાખી અને ચૂપચાપ ટેબલ ઉપર કશીક તાજી ટપાલ પડી હતી કે નહિ તેની શોધ આદરી. 'કોઈનો કાગળ નથી.' એમ અર્ધસ્ફુટ સ્વરે બબડી તેણે ફરી એક વાર ભદ્રા તરફ જોયું, પૂછ્યું : 'કેમ છે માને ?'

'છે એમનું એમ.' ભદ્રાએ આ શબ્દો એની તરફ જોયા વિના જ ઉચ્ચાર્યા. ભદ્રાનો ચહેરો જોવાની - જોયા જ કરવાની દિનેશની ઇચ્છા અણિયાળી બની, પણ ભદ્રા તો જાણે ખોવાઈ જ ગઈ હતી - આજની નહિ, મહિનાઓથી.

'ડૉકટરને –'

'હું મળી આવી.' દિનેશને વાક્ય પૂરું કરવા દીધા વિના જ ભદ્રાએ ઉત્તર વાળ્યો.

'શું કહે છે ડૉકટર ?'

'હાલત દિવસે દિવસે બગડતી જાય છે.' બોલતાં બોલતાં ભદ્રાનો અવાજ સહેજ કંપતો લાગ્યો. હવે શું બોલવું, વાત કઈ રીતે લંબાવવી તે દિનેશને સૂઝ્યું નહિ. તેણે ખાલીખમ આંખે આમતેમ જોયું. કાંડા પરથી ઘડિયાળ ઉતારી ટેબલ પર મૂકી. દીવાલ પરની સ્વિચ દાબી સીલિંગ ફેન ચાલુ કર્યો. તરત જ ભદ્રાનો અવાજ સંભળાયો : 'પંખો રહેવા દો; માને માફક નથી આવતો.'

દિનેશે જોરથી શ્વાસ કાઢ્યો અને પંખો બંધ કર્યો. એકાએક તેના મનમાં અનેક શબ્દો ઊભરાઈ આવ્યા. તેને ભદ્રા સાથે ઘણી વાતો કરવી હતી – ઑફિસની, બસ સ્ટૅન્ડની, બજારની, શેરીની, મિત્રોની, નવી ફિલ્મની, ફૅશનની, સાડીની, હોટેલમાં જમવાની, મોટા મામાની, નાના કાકાની, પલ્લવીબહેનની, ડૉ. આનંદની – અને ભદ્રા સિવાય આ ઘરમાં એની વાતો સાંભળે એવું હવે બીજું હતુંયે કોણ ? મા... એ તો છેલ્લાં બે-અઢી વર્ષથી માંદગીને ખાટલે પડી હતી; દસેક મહિનાથી તો તે જીવનમરણ વચ્ચેના તંતુ પર ઝૂલતી હતી. મા પ્રત્યે એને લાગણી અખૂટ હતી. નાનપણમાં અને મોટા થયા પછીયે તે એની સાથે અલકમલકની વાતો કર્યા કરતો, મા સમજે ન સમજે તોયે; પણ પછી ભદ્રાના આવતાં સ્થિતિ થોડીક બદલાઈ ગઈ હતી ને તે ઇધરઉધરની વાતો ભદ્રા સાથે કરતો. લાંબી બીમારીએ માને સાવ સૂનમૂન બનાવી દીધી હતી ને એની સાથેનાં લાડ, તોફાન, રિસામણાં એ બધું બહુ દૂરના ભૂતકાળમાં સરી ગયું હતું. હવે તો ઘરમાં માત્ર ભદ્રા હતી જે દિનેશનો આધાર બની ગઈ હતી – તેનાં પ્રેમ, રોષ, અણગમો, મશ્કરી, તિરસ્કાર, અબોલા વગેરે ભેરવવા માટે ભદ્રા એક ખીંટી-શી હતી તેને માટે. પણ એ ભદ્રા તો છેલ્લાં અઢી વર્ષથી –

દિનેશથી રહેવાયું નહિ. તેણે બોલવા માંડ્યું : 'આજે તો, ભદ્રા, ઑફિસમાં ભારે ગમ્મત થઈ... પેલા કુલકર્ણી સાહેબની જુવાન દીકરી કોક પરણેલા પુરુષ સાથે ભાગી ગયાના સમાચાર આવ્યા એટલે... અને જાણે છે ? બસ સ્ટૅન્ડ પર એક આદમીનું ખિસ્સું કપાઈ ગયું; ચોરને મેં પકડી પાડ્યો. બજારમાં તો શી ગિરદી હતી આજે ! તેમાં પાછો કીચડ...'

એકાએક તેને ખયાલ આવ્યો કે તે આટલું બધું બોલી ગયો હતો તોય ભદ્રાએ ન તો એક હુંકારો પૂર્યો હતો, ન કોઈ વાતનો પ્રશ્ન કર્યો હતો, ન તેની સામે જોયું સરખું હતું. દિનેશના મનમાં ધૂંધવાટ ભડકી ઊઠ્યો. આ ભદ્રા... શું સમજતી હશે એના મનમાં ? હું ક્યારનોયે બોલી રહ્યો છું કે બકવાદ ? તેનાં લમણાંની નસો ધમધમી ઊઠી. તેને લાગ્યું કે તે એક બરાડો પાડી ઊઠશે. પણ પછી અચાનક જ તે સાવ ઠંડો પડી ગયો. તેનો બધો જ ધૂંધવાટ પૂરનાં પાણીની જેમ ઓસરી ગયો. તેણે આપમેળે જ પોતાની અર્થ વિનાની વાત અટકાવીને ભદ્રા તરફ જોયું – જોયા કર્યું. માના પેટ પર એ ગરમ પાણીની કોથળીનો શેક કરી રહી હતી. પછી તેણે કોથળી બાજુ પર મૂકી દીધી અને મોસંબીનો રસ કાઢ્યો. મહામુશ્કેલીથી માને તે પાયો. પછી માનું માથું અને પગ દાબ્યાં. એને શરીરે રજાઈ સરખી ઓઢાડી. દવાઓ તપાસી લીધી. ક્યારે કઈ દવા આપવાની હતી તેની ચોકસાઈ કરી. એક કાગળ પરના ચાર્ટમાં કશુંક નોંધ્યું. મા થોડી વારે સળવળી એટલે ચાર્ટ પડતો મૂકી તેના તરફ લાગલું ધ્યાન આપ્યું. ઇશારતથી માએ સમજાવ્યું એટલે ભદ્રાએ દિનેશને સંકેત કરી ખંડ બહાર જવા સૂચવ્યું ને પછી ખાટલા હેઠળથી પૉટ કાઢ્યું.

થોડી મિનિટો પછી દિનેશ ખંડમાં પાછો આવ્યો ત્યારે ભદ્રા માના હાથ નીચે થારમોમિટર મૂકી રહી હતી. તે ખાટલા નજીક ગયો ને કશુંક બોલવા જાય છે, ત્યાં ભદ્રાએ ખૂબ મંદ સ્વરે કહ્યું : 'કાં તો તમે અહીં બેસો ને હું ડૉકટરને મળી આવું, અથવા તમે –'

'મને અહીં નહિ ફાવે. હું જ ડૉક્ટરને મળી આવું, શું કહેવાનું છે ?' દિનેશ ઝડપથી બોલી ગયો.

ભદ્રાએ ખૂબ લંબાણથી તેને માની સ્થિતિ વિષે વિગતો આપી. દિનેશને લાગ્યું કે તે એમાંનું ભાગ્યે જ થોડુંક યાદ રાખી શકે તેમ હતો. એના કરતાં ભદ્રા ડૉક્ટર પાસે જાય તે વધારે યોગ્ય હતું; હું તો કશોક ગોટાળો જ કરી બેસીશ. તેણે વિચાર્યું, પણ પછી થયું : માની પાસે અરધો કલાક બેસવું તેને માટે વધારે મુશ્કેલ હતું. મિનિટે મિનિટે માની ઇચ્છાઓ અને આવશ્યકતાઓ પૂરી કરવી- ના, એ તો ભદ્રા જ કરી શકે.

તે બહાર નીકળી ગયો. વાવંટોળની જેમ એના મનમાં ભદ્રા વિષેના વિચારો ઘુમરાતા હતા. માંડ સત્તર-અઢાર વર્ષની ઉંમરે એની સાથે પરણીને એ અહીં આવી હતી. સાવ નાનપણમાં એણે એની મા ગુમાવી હતી અને એનો બાપ ઘર છોડીને ક્યાંક ચાલ્યો ગયો હતો તે કદી પાછો ફર્યો નહોતો. કાકા-કાકીએ ફરજ સમજીને એને ઉછેરી હતી ને વહેલામાં વહેલી તકે એને પરણાવી દીધી હતી - દિનેશ સાથે. આજે એ વાતને વીસ વરસ થવા આવ્યાં હતાં. ભદ્રા સાડત્રીસ વર્ષની પ્રૌઢ ગૃહિણી બની હતી. આ વીસ વરસથી તે આ ઘરમાં જાણે બરફની જેમ ઓગળી ગઈ હતી, ઘરની માટીના કણકણમાં ભળી ગઈ હતી. પેટે બાળક નહોતું, પણ એની કોઈ લાગણી ક્યારેય એણે હોઠો પર કે આંખોમાં છલકાવી નહોતી. એ તો એની ઝીણી ઝીણી સગવડો સાચવવામાં, ઘરનું નાનુંમોટું કામ કરવામાં અને સૌથી વધારે તો માની સારવાર... એણે ક્યાંય કહ્યું નહોતું કે એણે નાનપણમાં ગુમાવેલી એની મા, જેનો ચહેરોયે યાદ નહોતો, તે એને યાદ આવતી હતી કે એનો અભાવ વેરાન રણની જેમ એના અંતરમાં ફેલાઈ ગયો હતો. દિનેશની મામાં એ પોતાની માને પામી હતી એમ પણ એણે ક્યારેય કહ્યું નહોતું. પહેલાં પહેલાં તો તે મા સાથે ઝઘડીયે પડતી. મા પણ એને વિષે વારંવાર કચકચ કરતી : 'જો ને દિનુ, ભદ્રા આવડી મોટી થઈ તોયે સરખી રોટલી કરતાં એને નથી આવડતું' વગેરે...

પણ માની દેવસેવાની ઓરડીની લીપેલી ગારની એકસરખી ઓકળી, વાડામાંથી તાજાં ચૂંટેલાં ફૂલની વ્યવસ્થિત ઢગલી, ઓરસિયા પર સુઘડ ઘસીને ઉતારેલા ચંદનની ભરેલી વાટકી, માની ભસ્મની અને છીંકણીની અલગ અલગ ડાબલીઓ, એનાં ચશ્માંની સ્વચ્છતા અને સલામતી, એનાં ભાગવત અને રામાયણ પર ચડાવાયેલાં પૂઠાં, માના બે સાડલાઓની પારિજાત જેવી સફેદી, માના માથાના ધોળા વાળમાં જૂ પડે કે ખોડો થાય તો વીણી વીણીને તે દૂર કરવાં, માને અનુકૂળ આવતી તુલસીનાં પાન નાખેલી ચા બનાવી આપવી, હાથ પકડીને માને મંદિરે લઈ જવી, માની જૂના જમાનાની લાંબી - અનેક વાર કહેવાઈ ચૂકેલી વાતો ધીરજ અને રસથી સાંભળવી, દેવદેવીઓમાંની માની શ્રદ્ધાની પોતે ઠેકડી ઉડાવે તો માનો પક્ષ લેવો - આ બધામાં ભદ્રા જાણે ભદ્રા રહી નહોતી; બની ગઈ હતી માનો પડછાયો.

મા બીમાર પડી ત્યારથી તો - દિનેશે પ્રબળપણે અનુભવ્યું કે ભદ્રા તેનાથી સાવ ઊતરડાઈ જઈ મામાં સમાઈ ગઈ હતી – એની ત્વચા બની ગઈ હતી. ડૉક્ટર, દવા, ઇન્જેક્શન, ચાર્ટ, શેક, બરફ, દૂધ, મોસંબી, કાંજી, થરમૉમિટર, પૉટ, ટબ, સિરિંજ, એનિમા, ગરમ પાણી, સ્પંજિંગ... જાણે ભદ્રાનો આખો આકાર બદલાઈ ગયો હતો. એના કાળા ભમ્મર વાળમાં સફેદાઈ આવતી જતી હતી. કમ્મરેથી એ થોડીક ઝૂકી ગઈ હતી. એની ચામડીની સ્નિગ્ધતા સાવ ફટકી ગઈ હતી. એની આંખોની નીચે કૂંડાળાં અને કરચલી પડ્યાં હતાં. એની હડપચી આગળ નીકળી આવી હતી અને એના દાંત જાણે ઓછા થઈ ગયા હતા. એનાં કપડાંનાં રંગ અને ભભક ઝંખવાઈ ગયાં હતાં અને એના હાથમાંની બંગડીઓનો રણકાર ઓઝપાઈ ગયો હતો. ક્યારેક એ દેવપૂજાની ઓરડીનાં બારણાં બંધ કરી અંદર ખાસ્સો સમય સુધી બેસી રહેતી હતી. કોઈક વાર એના હાથમાં તુલસીની માળા ફરતી નજરે પડતી.

ભદ્રા દિનેશને ઉત્તરોત્તર અપરિચિત લાગતી જતી હતી. એને એકાંતમાં સ્પર્શ કર્યો, નજીક ખેંચી બાથમાં સમાવ્યે તો મહિનાઓ વીતી ગયા હતા. કેટલાયે વખતથી તે માના ખાટલા પાસે નાનકડી પથારી પાથરીને સૂઈ રહેતી હતી. દિનેશ એને પોતાના ઓરડામાં આવવાનું ડર ને સંકોચપૂર્વક કહેતો ત્યારે ભદ્રા ધીમા પણ મક્કમ અવાજે તેને નકારી કાઢતી અથવા અડાબીડ મૌન જાળવી એક એવી ઠપકાભરી દૃષ્ટિ એની તરફ કરતી કે તે આગ્રહ કરવાની રહીસહી હિંમત ગુમાવી ચૂપ થઈ જતો. બંનેને સાથે ફિલ્મ જોવા ગયે તો કેટલો બધો સમય થઈ ગયો હતો ! બાકી પહેલાં તો તે એકેય સારું ચિત્ર ન છોડતી. 'માને એકલાં મૂકીને જવાય જ કેમ ?' પિયેરમાં કાકાના નાના દીકરાનાં લગ્ન લેવાયાં હતાં ને કાકાનો ખૂબ આગ્રહ હતો તોયે ભદ્રા 'મા બીમાર છે એટલે...' એની ખાસ બહેનપણી વાસંતીના પહેલા બાળકના પહેલા જન્મદિવસની પાર્ટીમાંયે એ ક્યાં ગઈ હતી ? - વિસાત તો અરધા કલાકની જ હતી. પણ એણે દિનેશ સાથે ભેટ મોકલી આપી હતી.

આખરે દિનેશ છેલ્લે છેલ્લે જે તીવ્રતાથી ઇચ્છતો હતો તે બન્યું : મા મૃત્યુ પામી. બે વરસની અવિરામ માંદગીમાંથી એ મુક્ત થઈ. હાડકાંનું માળખું બની ગયેલી માનો જીવતર સાથેનો છેલ્લો પાતળો તંતુ તૂટી ગયો. દિનેશે રાહતનો ઊંડો શ્વાસ ખેંચ્યો. તેના મન પરથી હિમાલય જેવડો બોજો હઠી ગયો. જિંદગી જે બે વર્ષથી સ્થગિત, મૃતઃપ્રાય, એકધારી, નીરસ, ભારેસલ્લ બની ગઈ

હતી તે હવે કંઈક પાંખો ફફડાવશે એવો વિચાર આવેગપૂર્વક અને હળવાશ પ્રેરતો એના મનમાં ફેલાઈ ગયો. એણે એને નિરાંતે ફેલાવા દીધો. એની આંખોમાંથી આંસુનું એક બિંદુ પણ ન સર્યું. સહજ ભાવે એણે માની નનામી કાંધે ચડાવી સ્મશાનની વાટ પકડી. થોડા સ્વજનો એને આશ્વાસન આપતા રહ્યા અને એ નીલ ખુલ્લા આકાશ ભણી જોતો રહ્યો. માનો મુઠ્ઠીભર દેહ એણે કાગળના પતંગની જેમ ચિતા ઉપર ચડાવ્યો. અને જાણે કે લાઇટર વડે સિગારેટ સળગાવતો હોય તેમ તેણે આગ ચાંપી. તે અનિમેષ નજરે ચિતામાંથી ઊઠતા કેસરી, સિન્દૂરી ભડકાઓ તરફ જોઈ રહ્યો તેને થયું બધું જ હવે થોડીક વારમાં રાખ થઈ જશે - વિલીન થઈ જશે. દેવપૂજાની ઓરડી, તુલસીની માળા, તાજાં ચૂંટેલાં ફૂલની ઢગલી, ભસ્મની ડાબલી, ભાગવત અને રામાયણનાં જાડાં થોથાં, જૂનાં ચશ્માં - બધું જ.

રાત પડતાં પડતાં તો તે સ્મશાનેથી ઘેર આવી ગયો. સંબંધીઓ બધાં ધીમે ધીમે તૂટેલી માળાના મણકાઓની જેમ વેરાઈ-વિખરાઈ ગયાં. તે ઊઠીને ભદ્રા પાસે ગયો. સફેદ સાડલો વીંટાળી ભદ્રા એક ખૂણામાં ટૂંટિયું વળીને બેઠી હતી - જાણે વર્તાતી જ નહોતી. થોડી ક્ષણ તે એની પાસે ઊભો રહ્યો, પછી બેસી ગયો. એને ખભે હાથ મૂકી બોલ્યો : 'ભદ્રા !'

અને વાવાઝોડાના પ્રહારથી છત પરથી તૂટી પડતા ફાનસની જેમ ભદ્રા એના ખોળામાં ફસડાઈ પડી, ધ્રુસકેધ્રુસકાં ભરતી ચિત્કારી ઊઠી : 'ઓ મા...!' દિનેશ ક્ષુબ્ધ થઈ ગયો. 'મને સખ્ત ભૂખ લાગી છે ભદ્રા, ઝટ કશુંક ખાવાનું આપ' એ શબ્દો ભદ્રાના રુદનપૂરની આડે એના મુખમાંથી જ ઉશેટાઈ ગયા...

ફરી એક વર્ષાભીની સાંજ. દિનેશ ઑફિસેથી નીકળી, બજારમાંથી શાક પાંદડું લઈ, બસ પકડી ઘેર પહોંચ્યો. ધીમે ધીમે તે ઉંબરા પાસે આવ્યો ને તેણે ઓરડામાં નજર ફેલાવી. સાંજના ધૂસર, મ્લાન પ્રકાશમાં ઓરડો તેની આંખોમાં મંદ ગતિથી અંજાયો. સામે જ ખાટલો હતો. પાસે ટીપૉય. ખાટલામાં કોઈક સૂતું હતું. દિનેશે દૃષ્ટિની વાટને સહેજ સંકોરી : ભદ્રા ખાટલામાં લંબાઈ, તકિયે અઢેલી, હાથમાં કશુંક વજનદાર પુસ્તક રાખી ભદ્રા તે વાંચતી હતી. એની આંખે ચશ્માં ચડ્યાં હતાં. પાસે તુલસીની માળા પડી હતી. અંગે સૂતરનો સફેદ સાડલો. વાળ કોરા, વિખરાયેલા, ધોળાશ પડતા સાડલાનો પાલવ અરધા માથાને ઢાંકતો. હાથને કાંડે નહિવત્ બંગડીઓ. ડોક લગભગ અડવી. કપાળમાં ચાંદલો હતો કે નહિ ? બ્લાઉઝની લાંબી - કોણી સુધી પહોંચતી હતી. પુસ્તક પકડેલો એક હાથ આછું આછું ધ્રૂજતો નહોતો ?

દિનેશ ઉંબરમાં થીજી ગયો. એની આંખોમાં આકૃતિઓ અવળસવળ થયે ગઈ. સ્વહસ્તે બાંધેલી નનામીની દોરીના વળ આપોઆપ ઊકલી જતા હતા કે શું ? ચિતાના ભડકાઓ એકાએક શમી શાથી ગયા ? દેવપૂજાની ઓરડી, ફૂલની ઢગલી, તુલસીની માળા, ભાગવત-રામાયણનાં થોથાં, જૂનાં ચશ્માં, બધું - બધું જ આમ –

એના હોઠ ઉપર એક શબ્દ, એક ઉદ્ગાર, એક સંબોધને પણછ તાણી: 'મા...!' (૬૪૬)

ચાર પ્રકારનાં માનવી

રસ્તાની વચ્ચોવચ્ચ એક મોટો પથ્થર મૂક્યો હોય તો કેટલાક રાહદારી એવા નીકળે કે જે એની સાથે ઠોકરાયા વિના ન રહે. કેટલાક એવા પણ હોય કે જે પત્થરને જેમનો તેમ રહેવા દઈ પોતે તરીને ચાલે. કોઈકોઈ વળી એવા હોય કે જે પથ્થરને પગ તળે ચાંપીને આગળ નીકળી જાય, અને કોઈક જ એવો હોય કે જે પત્થરને ઊંચકીને એક બાજુ ફેંકી દે.

જે માણસ પત્થર સાથે ઠોકરાય છે તે ઊંઘમાં હોય છે. બીજો જે તરીને જાય છે. બંધારણવાદી; ત્રીજો જે દાબીને જાય તે સુધારક અને જે પત્થરને ઊંચકીને ફેંકી દે છે તે ક્રાંતિકારી.

મુશ્કેલીઓ મૂગે મોઢે સહી લેનાર ગુલામ છે; તરી જનાર ભીરુ છે; ઉપરથી ચાલ્યો જનાર સાવધ છે; પણ તેને ઉખેડી ફેંકી દેનાર વીર છે. સમાજ, ધર્મ, રાજકારણ આદિમાં આ ચારે કોટિનાં માણસો હોય છે.

અરબી શૈલીએ પણ એવા જ ચાર જાતનાં માણસો હોય છે, ને એવાની સાથે કેમ વર્તવું તે બતાવ્યું છે :

એક એ છે કે જે પોતે જાણે છે, અને જાણે છે કે પોતે જાણે છે. આ શાણો નર છે. તેને અનુસરવું.

બીજો એ છે કે જે જાણે છે, છતાં પોતે જાણે છે એમ નથી જાણતો. એ ભાનભૂલેલો છે. એની સાન ઠેકાણે લાવવી જોઈએ.

ત્રીજો એ કે જે જાણતો જ નથી, છતાં પોતે જાણતો નથી એમ પણ નથી જાણતો. એ મૂરખ છે. એનો વિશ્વાસ ન કરતા.

ચોથો એ કે જે જાણતો નથી, પણ પોતે નથી જાણતો એટલું તો જાણે છે જ. એ બાળક છે, એને શીખવવાની જરૂર છે.

બ્રૉડવેના ગઠિયાજંગતના એક અનોખા નંગની વાર્તા

મૂળ લેખક : ડૅમોન રનિયન

ભુટ્ટો ભરાડી

- ચન્દ્રવદન મહેતા -

ઓ. હેન્રીના વાંચનારા દસ હશે, મોમને ખિસ્સામાં કે રેલવેના ડબ્બામાં કે ઘરના ટેબલ-કબાટમાં સાચવનારા વીસ હશે, તો ડૅમોન રનિયનને વાંચનારા પાંચ પણ નહીં, એક હશે. છતાં હું એની તારીફ કરું છું. ફરીફરીને કહું છું કે એરિક બેન્ટલી જેવો નાટકનો શોખીન અને વિવેચક ડૅમોન રનિયનને ઓ. હેન્રી સાથે, માપ્યું મપાય નહિ એટલું અંતર હોવા છતાં, ઠીક પ્રમાણમાં સરખાવે છે. ઓ. હેન્રી બહુ પ્રકીર્તિત લેખક. ન્યૂ યૉર્કનાં કંઈક અડખાંપડખાંમાં અને ત્યાં જીવનારાં વિવિધ પાત્રો વિષે લખી એણે અસંખ્ય વાચકોનાં મનોરંજન કરવા ઉપરાંત ન્યૂ યૉર્કના જીવનજીવતરનો ખ્યાલ આપ્યો છે. પણ ઓ. હેન્રીનો જમાનો ત્રીસ-ચાળીસ વર્ષ અગાઉનો. જુદો પણ ખરો. અને લંડન-મુંબઈ-ન્યૂ યૉર્ક-પારી(સ) જેવા મોટાં શહેરોમાંયે એકબે દાયકાઓમાં હરણફાળ કરતાં વધારેના ફેરફાર નથી થઈ જતા ? જુઓ મુંબઈ. ૧૯૨૦-'૩૦ની એની રોનક, સ્વચ્છતા, સુઘડ ઘાટ, પથિકવર્તન, સામાન્ય માણસની રીતભાત, નજાકત, ખાનદાની... અને આજે ત્રીસ-ચાળીસ વર્ષ બાદ એના કચરા- ઊભર્યા દીદાર, સામાન્ય શહેરીનું નફ્ફટ છેલબટાઉપણું, રસ્તા-પગથાર ઊપસી ઝરતાં ખરજવાં ! જુઓ લંડન. જ્યાં અંગ્રેજ બચ્ચો જ જોવા મળવો જોઈએ ત્યાં હવે વિશાળ સામ્રાજ્યનો છેડો આવતાં લગભગ બે પરદેશીએ એક અંગ્રેજ જોવા મળે. ને કેટલાકોની તો એવી ગણતરી છે કે જતે કાળે ગોરા લોકના લંડનમાં કાલે આદમી ગોરિયા કરતાં વધારે દેખાશે !

આવા ઝટપટ પલટાતા સંજોગોમાં ઓ. હેન્રીના જમાનામાં આજે છે એવા જાલિમ ગુનેગારો નહીં. ગુનો કરવાનો રીતસરનો ધીકતો ધંધો નહીં. પૈસા રોકી ગુનો કરાવનારી મોટા પ્રમાણમાં સંસ્થાઓ નહીં. સ્મગ્લિંગ-ગૅમ્બ્લિંગની ધોળે દિવસે ચાલતી, સંકળાયેલા અડ્ડાઓની હારમાળાઓ નહીં. ઓ. હેન્રીએ દારૂબંધી જોયેલી નહીં, અને એને પરિણામે ઉદ્ભવેલી ગુંડાઓની નવી જમાત, અને એ જમાત થકી ચાલતી સમાજવ્યવસ્થા જાણેલી નહીં; એટલે સરખામણી અસ્થાને છે. પણ બંને કસબી, બંને પાકા કારીગર, બંને કુશળ કલમબાજ અને બંને ભાષાને નવો ઝોક આપનારા, અવનવા શબ્દો ઉપજાવનારા, નવા રંગો પૂરનારા, એમાં કશો ફરક નહીં. સરખાવો : 'ઇઝરાયલ ઈબનનું નસકોરું યા એનાં નસકોરાં જુઓ તો ગરનાળાં જેવાં, પણ ચીકણા કાદવને ફરતી વાડ બાંધી હોય એવાં સાધુચરિત લાગે; પણ નજીકની જ બૅન્ક લૂંટવાના મનસૂબા એના શ્વાસોચ્છ્વાસમાં ઘુમરાતા ફુંફરાટા હોય.' અને 'ગિબન ગંગોટી લે'કાતી ચાલે રેસ્ટોરાંના દરવાજા સુધી મલપતો દેખાણો, તો એને જમવા લાવનારના પેટમાં બેત્રણ મરઘાંની અને ત્રણચાર સલાડની તાસકની ફાળ પડવાની જ; કારણ એ ફાળનો સંબંધ એના ડગલામાંના પાકીટમાં પડેલી નોટોની થપ્પી ઉપર અને ખાવાનાના બિલ બંને ઉપરની ઝાપટ ઉપર અવલંબાયેલો હોય છે.'

ડૅમોન સારું કમાયો. કૅન્સરના રોગે એનું મૃત્યુ થયું. પુસ્તકોની આખી આવક 'કૅન્સર રિસર્ચ' ફાળામાં અને કૅન્સર હૉસ્પિટલમાં આપતો ગયો, એવો એ સખાવતી જીવડો. બ્રૉડવેનો બાદશાહ. એણે લખ્યું છે કે જો બ્રૉડવે ઉપર ફક્ત બે જણા જોડે જ તમને દોસ્તી હોય, તો તમારો બેડો પાર સમજવો. નાણાંની દૃષ્ટિએ તો તમે ન્યાલ જ થઈ જાઓ. આબરૂ ઉપર કોઈની મજાલ નહીં કે હાથ નાખે. જરૂરની વસ્તુનો તોટો ન પડે. બ્રૉડવેનો એ દૃષ્ટિએ એ બાદશાહ નહિ, પણ જહાંપનાહ. પોતે ઘોડદોડનો શોખીન; એટલું જ નહીં, એ શાસ્ત્ર આખું એને મોઢે. બ્રૉડવેના ગઠિયાઓનાં કોકસબોગસ બધાંનો જાણકાર. ત્યાંના સાતે રંગે એ રંગાયેલો. છતાં એનો પોતાનો રંગ શ્વેત - સફેદ - વિબ્જિયૉરમાંથી વ્હાઈટ થાય એમ. રંગતમાં 'સરસ્યો', પણ નરસિંહ કહે છે તેમ 'મનમારી પાસ.' ઉદારતા ભારોભાર, સમભાવ ભરપૂર, અને માનવસ્વભાવનો તલસ્પર્શી અભ્યાસી.

આપ કહેશો કે બ્રૉડવે જ ન્યૂ યૉર્ક છે ? - કે બ્રૉડવે એટલે જ અમેરિકા છે શું ? બ્રૉડવેની દુનિયા ચૌદે બ્રહ્માંડ કરતાં અલાયદી, પંદરમા બ્રહ્માંડ જેવી. પણ આપણે કામ પડવાનું છે બ્રૉડવેની નાટકશાળાઓનું, એટલે બ્રૉડવેને ઓળખવા આ લમણાઝીંક કરીએ છીએ. એ સંસાર જુદો, એટલે એના થિયેટરની જમાત પણ જુદી. દરેક નાટકકારના મનમાં બ્રૉડવેનું ચોગાન સર કરવાની છાની યા છતી મુરાદ; અને એ સર થતાં બેડો પાર. દરેક નાટકકાર માને કે કીર્તિનો હિમાલય ત્યાં જ ખડો છે, યા હીરાની ખાણ ત્યાં જ હાથ લાગી જાય એમ છે. એથી કંઈક નાટકકારો ત્યાં ટળવળતા જોવા મળે : આ બારણેથી પેસું કે પેલે બારણે ડોકિયાં કરું ! અને બીજી બાજુ થોડા એવા પણ છે કે બ્રૉડવેની નાટકશાળાઓ જાય જહન્નમની ખાઈમાં. આપણે ભલા, આપણું વર્તુલ ભલું. આમ હોવાથી આપણે આપણાં પગલાં બ્રૉડવેની પગથાર ઉપરથી વહેલાં પાછાં નહીં વાળીએ. એક જમાનામાં મુંબઈમાં પીલાઉસ

– એટલે કે 'પ્લે-હાઉસ'-એટલે કે ગ્રાંટ રોડ-પંકાયેલો. નાટકશાળાનો એ અડ્ડો હતો. ખૂન, લૂંટફાટ, ઝેરકટોરો, પત્તાંજુગાર, ઘડીના છઠ્ઠા ભાગમાં ખેલાતા લાખોના દાવ, ભલભલીને ગાયબ કરી નાખવાની યોજના, ભલભલા માંધાતાઓને પલકમાં મસળી નાખવાની પેંતરાબાજી, બધું ત્યાં થતું. બ્રોડવે પર એ જ વ્યાપાર અમેરિકન ઢબે, એમના સ્કેઈલ પર... આમ પોથાંનાં પોથાં લખતાં પણ બ્રૉડવેનો ખ્યાલ ન આવે. એટલે આપણે ડૅમોન રનિયનની મદદ લીધી. હજી બ્રૉડવેને છેડે 'હરિ ૐ'ના મંત્રો જપી ભગવાનને પ્રાપ્ત કરવાની ચાવી તો આપણે ઝૂમખામાંથી બહાર કાઢી જ નથી. એ ફેરવશું ત્યારે તો જોજો, કૈલાસ હાથવેંતમાં, સ્વર્ગ હથેલીમાં અને મોક્ષનિર્વાણ આપણી આસપાસ !

એટલે આપણે નાટકશાળાઓ તરફ વળીએ એ પહેલાં રનિયનની એક નાની વાર્તા વાગોળી લઈએ. આડા સીધા રસ્તાઓમાં પણ આલીશાં મકાનોની નીચે, ભોંયતળિયે, ભોંયરાં-જાળિયાં-માળિયાંમાં અમુક પ્રકારની નીતિને નક્કી કરી, એને યેનકેન ઉપાયેન આચરણમાં મૂકનારી વ્યક્તિઓ ઢગલાબંધ. એમના કાયદાકાનૂન અલગ, પણ તે અમલમાં. કોઈ ચોપડે લખાણમાં કાણો કક્કો પણ નહીં. પછી પહેલી સ્ટ્રીટનો ગઠિયો હોય કે પંચોતેરમી સ્ટ્રીટનો લખમીધર હોય, બંને એ કાયદા બરાબર પાળવાના. સૌથી મોટી વાત એમની એક, કે મોત જેવી કોઈ ચીજ જિંદગીમાં છે જ નહીં. આવે તો આવે, નહીં તો એને દેખીને જોજન દૂર પણ ભાગે. પણ મોતનો શબ્દ એ શાસ્ત્રમાં ચર્ચા કરવા માટે નહીં. તેમ આવતી કાલનો પણ વિચાર નહીં. બેતમા, નફ્ફરા, નીડર, નફફટ નિરંજન. ક્યાંક શોધવા જાઓ તો સત્યનો, નીતિનો, ઍંટ-આબરૂનો, પાયો જોવાં મળે પણ ખરો. અને નિર્દયતાનો અવતાર કે રાક્ષસ જેવા વર્તન કરનારા જોવામાં આવતા છતાં એમને માટે માન અને લાગણી બંને થાય. એવા એવા ભડ-ભડવીરોમાંથી ડૅમોને પાત્રો વીણ્યાં-વણ્યાં છે. બસ. ફરીથી હવે ડૅમોન રનિયનનું નામ નહીં દઈએ. હવે એની એક જ વાત કહીને પછી આગળ ચાલીશું.

એને રનિયન 'હૉટેસ્ટ ગાઈ' – (હૉટેસ્ટ=આકરો બાણ, દુનિયામાં જેનો જોટો ન મળે એવો; 'ગાઈ' એટલે 'ગઠિયો') – કહે છે. આપણે એને ભુક્કો ભરાડી કે આગનો કટકો કહીશું. એનું નામ જુલે. આપણે એને જુલિયો કહીશું. રનિયન લખે છે કે : એક વાર હું મારી હોટેલના રૂમમાં ખડકાયો હતો, ત્યાં એક સાંજે એકાએક જુલિયો ટપકી પડ્યો – ટપકી જ પડ્યો. રૂમનું બારણું ખોલી હું જરા બે મિનિટ બાથરૂમમાં ગયો, અને ત્યાંથી બહાર નીકળું છું તો ખુલ્લા બારણામાંથી આવીને ખુરશી ઉપર જુલિયો બિરાજમાન હતો. ટેબલ પર લબાચો, અને એ કોથળામાંથી ત્રણચાર ઇંચ બહાર ડોકાતી લોખંડની નળી ! મિનિયાપોલીસ પરગણામાં એની આબરૂ બહુ મોટી ! કંઈ જ કારણ ન હોય અને એના મનમાં ભૂતડો ધૂણી ઊઠે, તો તરત ગમે તે જતો-આવતો નજરે ચડે એના કનોરામાં એકાદબે ગોળી સેરવી એને ભોંય પાડી દે ! આ તો એને મન કસરતનો એક દાવ ! ચોરસ ઉપર ત્રિકોણ એમ ગોઠવતો, સૌથી ઉપર જૂના સોડાવૉટરની બાટલીઓમાં હોય છે એવી લખોટીઓ ગોઠવી, બંદો પચાસ પગલાં ગણી આઘો જઈ, નિશાન લઈ લખોટી ઉડાડી દેતો ! આ તો એની રોજિંદી રમત.

કાન્સાસ પરગણામાં બૅંકરોનું ઍસોસિયેશન – બૅંકરોનો સંઘ. એ સંઘનો એક ઊભો ઠરાવ, કે જો કાન્સાસમાં જુલિયાનાં પગલાં પરખાયાં, તો એને અમુક રકમ પહોંચાડી જ દેવાની; અને એ સાથે પરસ્પરની અગાઉની મસલત પ્રમાણે સમજણ, કે એણે ચારછ મહિના હમણાં કાન્સાસની ધરતીનો મગજમાં વિચાર સરખો કરવાનો નહીં. એકબે ડિપાર્ટમેન્ટ સ્ટોરના માલિકો પણ એને સારી રીતે ઓળખે. જેવો એ સ્ટોરના પહેલા બારણામાં ઝગઝગ્યો કે તરત સ્ટોરના બે રખવાળ અમલદાર એનું બહુમાન કરી, વાતે ભેરવી, એકાદ મોટી બૅગ લઈ, એમાં એને જે કંઈ ચીજો જોઈએ તે ભરી, બહાર ઊભેલી એની કે કોઈની ગાડીમાં એ નવીનકોર બૅગ ચાવીદોરા સાથે મૂકી આપે, અને એમની સવારી ઊપડી દૂર દેખાતી બંધ થાય ત્યાં સુધી પેલા બે અમલદાર સાહેબો પોતાની જગ્યામાં જડાયેલા રહે – જરાયે ચસે નહીં; 'હાઆશ' – એમ પછી નિરાંતનો શ્વાસ નીકળે. કારણ ? કારણ એ કે ભરેલી બૅગ પધરાવતાં છતાં જો એનો હાથ અમસ્તો રૂમાલ શોધવામાં ગજવે ભરાયો, અને એમાં બંદૂકડીનો હાથો હાથ ચડી ગયો, તો એ પાંચ ગોળીઓ આમતેમ ફરકાવવી, એ તો એને મન જાણે સાબુના પાણીમાં નળી બોળીને પરપોટાના ગોટાઓ ઉડાડવા જેવી જ વાત – ફરક એટલો કે પેલા સાબુગોટા હવામાં ઉપર ઊડે, અને આ માનવીઓનાં કોઠાં જમીન ઉપર પલકવારમાં ઢાળી પાડે. એની આવી કામગીરીની યાદી તો મોટી થાય ! એકાદ-બે પોસ્ટઑફિસમાં પણ એમની સારી નામના. એકાદ રેલવે સ્ટેશન ઉપર પણ એમની કીર્તિના લલકાર ગાજી રહેલા. અને એવાં એવાં કંઈક પરાક્રમોને લઈ પોલીસના કંઈક અફસરો એની ભાળમાં ફરતા જ રહેતા. પણ જુલિયો એમ સહેલાઈથી હાથકડીએ બંધાય એ વાતમાં શો માલ છે ? એને ઓળખે તે સૌ કોઈ કહેતા કે જુલિયો બંદૂકડી વાપરે છે એ જ મહેરબાની; નહીં તો એનું ચાલે તો એની આંગળીઓમાંથી ગોળીઓ ઉફરાવે ! એવી રીતે કે એ ધારે ત્યાં જ એ સામા માણસના કનોરામાં જઈને બેસે.

અલબત્ત, સરકારી સારજન્ટો ઘણી વાર એને વિષે જરા અતિશયોક્તિથી વાતો કરે એ બનવાજોગ છે, કોઈની પાઘડી કોઈકને માથે નહીં તો જુલિયાને માથે ચડાવી પણ દે. ક્યાંક

લૂંટફાટ કે ખૂનખટલો થાય તો પોલીસના અમલદારોની પહેલી ફરજ એ ગુના માટે કોઈ ગુનેગારની નિમણૂક કરવાની રહે; એટલે જુલિયાનું નામ આમ સસ્તું. પણ એની આબરૂ પણ એવડી કે એને માથે આળ ઓઢાડવામાં પોલીસને ખાસ ખોવાપણું નહીં.

હવે આવો મહેમાન આવે, ત્યારે મોં પર અણગમો પણ કેમ બતાવાય ? 'ઓ હો હો ! ક્યાંથી ? આટલે બધે વર્ષે, એકાએક ? સારું થયું ટપકી પડ્યો તે. તબિયેત બહાલ ?' એવી એવી વિધિવાચકાઓમાંથી બેત્રણ ચૂંટી આપણે એનું સ્વાગત તો કર્યું, પણ પેટમાં ફાળ, કે કંઈક નવુંજૂનું વેતરીને અહીં જરા આરામ લેવા તો પોતે પધાર્યા નથી ને ?

'કેમ એકાએક ?'

'જરા કંટાળો ! ન્યૂ યૉર્ક છોડ્યાને વરસેક ઉપર થઈ ગયું. એટલે બ્રૉડવેનાં ટોળાં અને બ્રૉડવેની ઝાકમઝોળ રોશની યાદ આવ્યાં. વળી ઘરડી મા હવે, કહે છે કે, જવાની તૈયારીમાં છે; એટલે ભેળો ભેળો એને પણ મળવાનો મનસૂબો. એમ બે-ત્રણ મુદ્દા એકઠા થયા, એથી ફરક્યો છું.'

'પણ ભાઈલા ! તમારાં માતુશ્રી જ્યાં રહે છે, ત્યાં જ બાજુમાં જૉન બ્રેનિગનનું રહેવાનું થયું છે. અને ન્યૂ યૉર્કના જે કોઈ દસબાર જાણીતા પોલીસના ચબરાક અફસર સાહેબો છે, એમાં બ્રેનિગન બે તસુ આગળ વધેલી કીર્તિવાળો છે, એ તો તમે જાણો છો ને ?'

'હવે જૉન બ્રેનિગન સાથે તો અમે બાળપણમાં રમેલા; અને એમાં બેપાંચ ધોલ એની કે મારી વધારે હશે; પણ હમણાં ન્યૂ યૉર્કમાં મારે માટે શાંતિ હોવી જોઈએ; કારણ અહીં કોઈની મેં હમણાં લાશ પાડી નથી. અને બ્રેનિગનના બાપની પણ મને પરવા નથી.'

'કારણ ?'

'કારણ, જો બ્રેનિન મારી અડફેટે ચડે તો હું એની હવા બગાડી દઉં - કારણ, દોઢ-બે વર્ષ પહેલાં મેં પેલા જુગારના અડ્ડામાં બે-પાંચ ગોળી છોડી હતી, એમાં ઓલો નવેઢિયો નોકર વચ્ચે આવી ન ગયો હોત તો ગોળી તો મેં એના કોઠમડામાં જ જમા કરાવી દીધી હોત.'

'અને એટલા જ કારણથી એણે પણ નક્કી કર્યું છે કે જો આપ એની નજરધારામાં આવી પડો, તો એ હવે આપને જીવતા તો ન જ છોડે; એમ ન બને તો ઝાંઝરિયાં પહેરાવે.'

'ભાઈ, આવી વાતોમાં મને રસ નથી. ડોશીને મળવું એ નકકી. અને બીજું કારણ કુમારી કિટીને પણ જરા હલ્લો કરવું એય નક્કી. અને એમાં જૉની બ્રેનિગન અડફટે-અકસ્માતે-સામા ભટકાયા તો એનાં હાડકાંના માળાને વિખેરી નાખવો એ પણ નક્કી.'

'આ નવી કુમારિકા કિટીબાઈ કોણ છે ?'

'વરસેક દિવસ પહેલાં અહીં જ ન્યૂ યૉર્કમાં મળી હતી. સંબંધ સારો બંધાયો હતો. મળીને પહેલાં અચંબો તો પામશે, પણ ખુશ પણ થશે.'

મારા મનમાં મેં અચંબાની વાત કબૂલ રાખી, પણ જો એ જુલિયાને ઓળખતી હોય તો ખુશ થવાની વાત કંઈ બરોબર બેઠી નહીં. અમે હતા આઠમા ઍવેન્યુમાં. અમારા મજલાની બારીમાંથી ઉપરથી બહાર નજર કરો તો મેડિસન સ્ક્વેર ગાર્ડન દેખાય. જુલિયો રહે તે યા જુલિયાની માનું રહેઠાણ-અગિયારમા ઍવેન્યુ પાસે. સ્ટ્રીટના નંબરો જવા દો, તોપણ ત્રણ ઍવેન્યુ પૂરતું ચાલવાનું. એમાં કોઈકનું કોઈક ભટકાવાનો વીમો તો ખરો જ એટલે મેં એની કિટી વિષે વાત કાઢી.

'ભાઈલા ! એકાદ વર્ષના ગાળા બાદ તમે તમારી કુમારી મિત્રને મળવા લહેકાઓ, એનો અર્થ એટલો જ કે એ લાંબા ગાળામાં કિટીબાઈના હૃદયમંડપમાં બીજા બેપાંચ નવા પ્રેમના ફૂલછોડ ઊછરી નીકળ્યા હશે. એમાં એ તમને યાદ કરતી જ હશે એવા નિરધાર પર આવવાની જરાયે જરૂર નથી.'

'ભલા ! પ્રેમના પંથ, પ્રીતની વેલ, પ્રણયના ફૂલછોડ, આવી કવિતાની ભાષા તમે ન લલકારતા હો તો કેવું સારું ! જેની તમને ગતાગમ નહીં એની તમે વાત જ કરો ના. વચ્ચે હું એક દૂરના ખળામાં પડ્યો રહ્યો હતો : દૂર એટલે કે કેનેડા તરફ - કેનેડામાં જ, દરિયાકાંઠે. વસતી બહુ જૂજ, પણ ઘાસની ગંજીનો ગંજાવર ગંજ ખડકાવેલો ત્યાં.'

'બહુ દૂર એ તો. પરાક્રમનું કંઈ નિમિત્ત-?'

'લાંબી વાત છે. આ બાજુ કોઈક એક ઝવેરીની દુકાનમાં ઝપટ મારેલી, અને ત્યાં હોહા મચી રહી. એમાં એક ગઠિયાએ મારી જાંગમાં એક ગોળી સરકાવવા પ્રયત્ન કરેલો, પણ ગોળી જરા કતરાતી વાગેલી. એટલે ગોળી તો બહારની બહાર રહી, પણ પગમાં જરા છરતો કાપો નોંધતી ગયેલી, અને કપડું પણ વેતરતી ગયેલી. અને કોણ જાણે કેમ, આપણા પોલીસ સારજન્ટો આવું કંઈક થાય ત્યારે અમારા જેવાના નામની યાદી પકડી બેપાંચ નામ ધરી દે. એમાં અમે ઠીક ગાજેલા. એટલે અમે સવારી ઉપાડેલી કેનેડામાં. ત્યાં આ ખળું. તદ્દન એકાંત. થૅંક્સ ટુ અવર ફ્રેન્ડ પિયર લિયોન. એ મને ત્યાં સંતાડી ગયેલો. મારા ખાવાનાની પણ એણે ત્યાં ગોઠવણ કરેલી. અને ખળામાં જ છાપરું એટલે ત્યાં પડી રહેવામાં જોખમ તો નહોતું જ. પણ એકલા કરવાનું શું ? ત્યાં એક ખૂણામાં ચોપડીઓનો ઢગલો. ખાસ તો ડાક્ટરી, જૂની, કોઈનાં ગળાં કેમ કાપવાં, પેટ કેમ ચીરવાં... લિયોન કહેતો કે કેટલાક ધણી સાહેબો પોતાની વહુઓનાં કાસળ કાઢવા આ જગ્યાએ સજોડે હવાફેર આવતા, અને પાછા ફરતાં એકલા

જવામાં નિરાંત અનુભવતા. એવી નામચીન આ જગ્યા. પડી સમજણ ?

ત્યાં લિયોને થોડી ગોળીઓની પણ ગોઠવણ કરેલી. અને પડ્યા પડ્યા મારું કામ ખળામાં સંતાતા ફરતા ઊંદરો બહાર આવી દોડતા ફરે ત્યારે એના પર નિશાન તાકી ખતમ કરવાનું. એવા રોજના કંઈ નહીં તો પચાસ-સાઠ ઊંદરો હું સાફ કરતો અને એમાં હું એવડો કાબેલ બની ગયો કે જો હું એમ નક્કી કરું કે મારે ઊંદરની જમણી આંખમાં ગોળી સેરવવી છે, તો તેમ, ને બે આંખની વચ્ચે સેરવવી છે તો તેમ; યા ડાબીમાં જીવ ચાહે તો ડાબીમાં ધારી ગોળીઓ મારતો ...મને લાગે છે કે પણે ટેબલ પાછળ ઊંદર જેવું જ કંઈ ગયું !'

'મોટા ભાઈ ! આ ન્યૂ યૉર્ક છે, કેનેડા નથી. એ અહીં ધડાકો કરશો તો મૅનેજર આપણા બેયના હાથમાં ઝાંઝરિયાં પહેરાવશે.'

'ના; બાકી બે ને આઠનો યા એક ને દસનો ભાવ આપવા હું તૈયાર છું. મારો બેટો બહાર નીકળે એટલી વાર !'

'જુલિયા ! ફરી કહું છું કે આ ન્યૂ યૉર્કનો આઠમો એવેન્યુ છે, કેનેડાનું ખળું નથી. અહીં ઊંદર મળવો મુશ્કેલ હશે; પણ એની ઉપર રેઈસ કોર્સના ભાવ બોલાવવા એ ઘટારત નથી; આગળ ચાલો.'

'ત્યાં કેનેડાના એ ખળામાંથી બહાર સરકી દરિયાકિનારે કદીક લટાર મારવા નીકળું. એવી એકાદ લટારમાં કિટીબાઈ મળેલાં અને અમને દોસ્તી થયેલી. એ ત્યાં હવાફેર આવેલાં. May be vice versa – એટલે કે સ્ત્રીને બદલે કોઈ પુરુષનું કાસળ કાઢવા એ પધાર્યાં હોય. પણ એવી આડી વાતોમાં મને રસ નહોતો. અને આ ખળામાં અને આસપાસ વસતા રડ્યાખડ્યા પેસેન્જરો ઊંદરની વસ્તી સિવાય બીજી કોઈ પણ વાતની ઈચ્છા - પૃચ્છા કરતા નહીં. અલબત્ત, અમે બંને ન્યૂ યૉર્કનાં વતની, એની જાણ થતાં અમે વધારે ગાઢ દોસ્તીના દાવ રમેલા. આમ અમારી ઓળખાણ. એટલે અહીં આવ્યો છું તો મારાં માતાજીની ખબર કાઢું એમ બને તો કિટીબાઈની ભાળ કાઢી લઉં. એણે આપેલું સરનામું મારા ગજવામાં જ છે. મોઢે યાદ નથી; કારણ, બેત્રણ મહિના બાદ એ ત્યાંથી અલોપ થઈ ગયાં. ત્યાર બાદ એ સરનામા તરફ મેં નજર ફેરવી નથી. માટે દોસ્ત ! હવે આપણે, મારી આ બે જવાબદારીઓ અદા કરવા બહાર નીકળવું જોઈએ.'

માનશો ? બહાનાં કાઢવાની બાબતમાં મારા જેવો કોઈ હોશિયાર નહીં હોય છતાં એની સાથે ગયા વિના મારે ન ચાલ્યું. વળી જો એ એમ માને કે હું ગલ્લાંતલ્લાં કરું છું, તો એનું મારે માટેનું માન તો ઘટી જાય એ વાત બાજુએ મૂકીએ, તોપણ એ નારાજ થાય તો એની નારાજી આપણને પરવડે નહીં. કારણ એમાં જિંદગીના જ સોદા હોય. એટલે અમે નીચે ઊતર્યા. મેં એને એની ગજવામાંની નાની બંદૂકડી સાથે ન લેવા સૂચના કરી જોઈ, પણ એ કહે કે એટલો ગરમાવો જો સાથે ન રાખે તો પોતાને ક્યારે શરદી થઈ જાય એનો ભરોસો નહીં !

આમ અમારી બેની સવારી બહાર પડી. એવામાં બાગમાંના નાના મકાનના છાપરા ઉપર એક વાંદરો અમારી નજરે પડ્યો. ત્યાં ઊભેલા બધા જ એ કદરૂપામાં કદરૂપી જાતના વાંદરાને જોવામાં લીન હતાં. વાંદરો મોટા કદનો. માણસ જેવડો જ લાગે. પણ ચહેરેમહોરે બેડોળ, અળખામણો, ભયંકર, બિહામણો. એના હાથમાં કંઈક હતું. પહેલાં તો ન સમજાયું, બરોબર ન પરખાયું; પણ શેરી ઓળંગીને આંખો સજ્જ કરી તો જાણ્યું કે એક બાળક હતું ! બાજુમાં સરકસ, એટલે અમને પહેલો વિચાર તો એ આવ્યો કે આ કોઈ ફળદ્રુપ ભેજાએ ઉપજાવેલી જાહેરાત જ છે. પણ ત્યાં તો બૈરાંમંડળીની ચીસાચીસ, સરકસનાં માણસોની દોડધામ, અને આસપાસનાંઓની વાતચીત ઉપરથી તરત જ્ઞાન થયું કે આ વાંદરો - 'મિ. બૉંગો - સરકસનો સભ્ય છે, અને એનું પીંજરું સાફ કરતાં બારણાની સાંકળ વાસવાની રહી જતાં બૉંગો મહાશય બાગમાં લટાર મારવા નીકળી પડ્યા. અને જાતે ગોરીલા, એટલે ત્યાં રમતાં બાળકોના ટોળામાંથી એક બાળકને પકડી, કુદાકડો મારી છાપરે ચડી બેઠા. ગોરીલા વાંદરાની ફૂખમાં દડબાયેલું બાળક કોઈ પણ માતાને ગભરાવી જ મારે, એટલે ત્યાં તો હોહા; અને બૉંગોના પંજામાંથી આ બાળકને કેમ છોડવવું એની ચર્ચાસભા.પણે બૉંગો પણ વચ્ચે વચ્ચે જાતજાતના અવાજો કાઢે છે; સરકસના કારીગરો બધાને શાંત રહેવા, સમજાવે છે; પોલીસના અફસર આવો મામલે, જોઈ વધારાના પોલીસોને બોલાવવા ટેલિફોન કરે છે; અને કોઈક સજ્જને આગ હોલવનાર બંબાવાળાને ટેલિફોન કર્યો હશે, તો તે પણ વાગતે ઘંટે ત્યાં દોડી આવવાની ધમાલમાં છે.

સરકસમાં બૉંગોનું કામ ગોળ દડાઓ ઊંચકીને ફેંકવાનું. એમાં આ ઢીમચું હાથમાં આવ્યું. એટલે એનો એ સરકસનો પરિચિત દાવ અહીં તો નહીં રમે, એ વિષે પણ જાતજાતની અટકળો થવા માંડી. જાતજાતનાં બૈરાં ત્યાં ઊભાં હતાં. એમાં એક સન્નારી આંખો મીંચીને કંઈ ગણગણી રહી હતી. એને જોતાં જ આપણો જુલિયો એની નજીક પહોંચી ગયો. અને 'હલ્લો' કરી ઊભો રહ્યો. એ જ હતાં કુમારી કિટી. એ કંઈ પ્રાર્થના કરતાં હોય એમ લાગ્યું. અને કિટીબાઈએ જેવો જુલિયાને જોયો કે જાણે દરરોજની ઓળખાણ હોય એમ, જાણે વર્ષદિવસનો વિરહ ન હોય એમ, લાગલી જ બોલી : 'ઓ જુલિયા ! કંઈક કરો. તમે આફતના સમયમાં અદ્‌ભુત-અને તમે કંઈ નહીં કરો તો કોઈ જ કશું નહીં કરે; અને આ તમાશો ચાલ્યા જ કરશે. પ્લીઝ પેલા બાળકને બચાવો !'

જુલિયો તો ત્યાંથી બે ડગલાં પાછળ હઠી ગયો અને ગજવામાંથી બંદૂકડી કાઢી. હું પૂછું છું કે 'તમારી શી મકસદ છે ?' તો એ કહે છે 'આ ગોરિલો કોઈના ઉપર બચ્ચાને ફેંકે તે પહેલાં એને વીંધી નાખીશ. માળો, કોઈ નહીં અને મારી ઉપર જ બાળકને ફેંકે તોપણ નવાઈ નહીં.'

'અરે ! પણ આ બંદૂકડી સાથે પોલીસે તમને જોયા તો શું ? અફસરોની ટોળી જમા થવા માંડી છે. અને તમે નિશાન તો તાકો, પણ આ ગોરીલો જરા બગડ્યો, ને તસુ બે તસુ હાલ્યો તો ગોળી બાળકની ખોપરીમાં-ખોપરીમાં કે હૃદયમાં ! તો શું થઈ જશે તે જાણો છો ?'

'છ ! છ ! વાંદરાને ક્યાં અને કેવી રીતે મારવો એ તમે મારી ઉપર છોડો. એમાં પણ ટેકનીક છે. બંને આંખોની વચ્ચે વીંધું એટલે આ બાજુને બદલે પેલી બાજુ પડશે. એટલે કે ટૂંકમાં છાપરા ઉપર જ. એટલે તમે આવી બધી ફિકર મને સોંપી દો. અને મારા ધ્યાનમાં ખલેલ ન કરો.' ત્યાં તો સરકસના કારીગરો પણ ઊલટી પડ્યા. પણ એટલી વારમાં તો જુલિયાએ હાથ ચલાવ્યો, આંગળી દબાવી, ધડાક દેતોને અવાજ સંભળાયો, અને સરકસવાળા બાઁગો મૂઓ હોય તો એક લાખ ડૉલરનો નુકસાનીનો દાવો માંડવાની વાતો પ્રસારતા પણ સંભળાયા.

પેલી બાજુ બેચાર જણા છાપરે ચડ્યા. એક જણે બાળકને હાથમાં લીધું અને બીજા બેત્રણ જણ વાંદરાનું શબ ઊંચકી એની બે આંખોની વચ્ચે જડેલી ગોળીનું મથક બતાવતા ઊભા. કિટીબાઈ તો જુલિયાને બાઝી જ પડી અને એનો આભાર માનતી ઊભી. જુલિયાએ બંદૂકડી ગજવા-મ્યાન કરી.

ત્રણ-ચાર અફસરો જુલિયાને ધારીધારીને જોઈ રહ્યા હતા. એકે તો ગજવામાંથી ઝાંઝરિયાં બહાર પણ કાઢ્યાં. એટલામાં એક અફસરએ ટોળીમાંથી આગળ આવ્યો. અને એ જ હતો જોન બ્રેનિગન. એને જોતાં જ જુલિયાએ પોતાના ગજવા પર બંદૂકડી બહાર કાઢવા હાથ નાખ્યો, પણ બ્રેનિગને એને આંખના ઈશારે રોકી,જરા દૂર હડસેલી, બાજુ પર ખેંચી કહ્યું : 'જુલિયા ! એ હમણાં રહેવા દે, હું કહું તેમ કર. મારી પાછળ વહ્યો આવ.' જરા આઘે, ઉપર ફરતી બત્તીવાળી પીળી ગાડી હતી એમાં એને બેસાડી કહે છે : 'જુલિયા ! હું તારો પીછો જ પકડતો હતો. પણ જો હવે સમજ. બે બ્લૉક દૂર હું તને ખૂણામાં ઉતારી મૂકું છું. તારી માને મળી લે અને પછી તરત જ ન્યૂ યૉર્કમાં જેટલો છાનોમાનો આવ્યો, એથી પણ વધુ ચૂપકીથી વિદાય થઈ જા. કારણ મારા સાથીદારો તને પકડવા જ ફરે છે. જા અને જો સાંભળ. તેં મારું બાળક બચાવ્યું છે. એનો આભાર હું કદી નહિ ભૂલું. કિટી અને હું વરસેકથી પરણ્યાં છીએ. પેલા બાળકની મા કિટી ! સમજ્યો ? જા, ભાગ !'

તો જુલિયો કહે છે : 'હાં, મને બાળકના મોં ઉપરથી લાગતું જ હતું કે એ તારું બાળક છે. જોકે જ્યારે મેં નિશાન તાક્યું ત્યારે ગોરીલાના મોંમાં અને બાળકના મોંમાં મને કોઈ ફરક જેવું લાગેલું નહીં, પણ ખેર; થૅન્ક્સ.' (૫૪૬)

કલાવિષયક કેટલાંક

ચબરાકિયાં

કલાકારને પોતાની કૃતિ વિષે 'સુઘડ અહંભાવ' સાથે માનવ-અભિપ્રાય પ્રત્યે 'સુઘડ માનભાવ' પણ હોવો ઘટે.

ચિત્ર વડે ભીંતને શોભાવી જાણનાર થોડાક જ, ને ભીંત વડે ચિત્રને શોભાવનાર તો કોઈક જ.

કલાકારો પ્રથમતઃ સૌંદર્યની પ્રકૃતિના અભ્યાસી હોય છે અને પછી તેઓ પ્રકૃતિના સૌંદર્યના આલેખક હોય છે.

જેમાંથી 'ચિત્ર પ્રકટે તેનું નામ તે સંગીત, ને જેમાંથી 'સંગીત ઝળકે' તેનું નામ તે ચિત્ર.

સરસ ચિત્રનું પ્રત્યક્ષ સૌંદર્ય, રંગ રેખા ને આકૃતિનું; સરસ ચિત્રનું પ્રત્યક્ષ સૌંદર્ય, સ્વર વાણી ને ગતિનું.

કુરૂપ વસ્તુના તાદૃશ ચિત્રણને 'કરૂપતામાં સુંદરતા' એવી સંજ્ઞા વડે ઓળખાવી શકાય; પરંતુ જે વસ્તુનું ચિત્રણ જ કદરૂપું તેને 'કરૂપતામાં સુંદરતા' કહી બચાવી ન જ શકાય.

ચિત્રકારને વાર્તાકાર એ કલાકાર જ. પ્રકૃતિના હૃદયમાં પ્રવેશવું એકામ ચિત્રકારનું; હૃદયની પ્રકૃતિમાં પેસવું એ કાર્ય વાર્તાકારનું.

જે કલાકાર પોતાની ઉર્મિઓને માર્ગ મળી રહે એવા હેતુથી કલાકૃતિઓ ઘડે છે તે અધૂરો કલાકાર છે. પણ જે કલાકાર પ્રેક્ષકજનતાને પોતાની ઊર્મિઓના ભાગીદાર બનાવવાના હેતુથી કલાકૃતિઓ સરજે છે તે પૂરો કલાકાર છે. પહેલો ઘણું ઘણું તો પોતાના હૃદયની જાહેરાત કરે છે. બીજો ખચિત જ પોતાના હૃદયના ખેરાત કરે છે.

વાયુ, વાદળ ને વીજળી એ ત્રણ કુદરતના મહાન રેખાકાર; સૂર્ય, ચંદ્ર ને તારા એ ત્રણ કુદરના મહાન રંગકાર.

કલા મહીં અનીતિની અધમતા લાવે તે ન ખોદિયો કલાકાર; કલા મહીં અત્યુક્તિની વિશેષતા જમાવે તે સટોડિયો કલાકાર.

ફિરોજશાહ રૂસ્તમજી મહેતા

આદમખોર શયતાની

વિજયગુપ્ત મૌર્ય

એક નાના પાંજરામાં શયતાની અજંપાથી આંટા મારે છે. એ આંટા મારે છે એમ કહીને હું એ પાંજરાની મોકળાશ બતાવવા નથી માગતો, પરંતુ ટૂંકામાં ટૂંકી જગ્યામાંયે હરીફરી શકવાની શયતાનીની શક્તિનો ખ્યાલ આપું છું. જો શયતાની બેસીને આગલા અને પાછલા પગ લાંબા કરવા જાય તો ભાગ્યે જ તેમ કરી શકે એવા નાનકડા પાંજરામાં તેણે કેટલાં વર્ષ કાઢ્યાં છે તેની તેને પણ ખબર નથી. હિમાલયના જંગલના મુક્ત જીવનમાંથી પકડાઈને તે આ સરકસમાં માનવીની ગુલામ બની ત્યારે તે હજુ ધાવતી બચ્ચી હતી. હજી તે શિકાર કરતાં શીખી ન હતી, પણ મા ક્યારેક શિકાર કરતી ત્યારે એ ગરમ મારણ પર તૂટી પડતી. કેવા ઉત્સાહથી તે એ શિકારને પીંખી નાખતી ! કેવું ઊનું લોહી તેને ચાટવા મળતું ! કેવું ગરમ અને રસભર્યું એ ખાણું હતું !

અને અહીં ? પેલો રખેવાળ જાણે મોટી મહેરબાની કરતો હોય તેમ ઠંડું, વાસી માંસ નાખી જાય છે. રાહ જોઈ જોઈને ભૂખે જીવ જતો હોય ત્યારે એ કાળમુખો માંડ અરધું પેટ ભરાય તેટલું માંસ આપી જાય છે, અને ઉપરથી ડારો દે છે ! જ્યારે શયતાની રખેવાળની આ અણછાજતી વર્તણૂકનો વિરોધ કરે છે ત્યારે એ હરામી લોઢાનો સળિયો પણ મારી લે છે ! કેવી લાચારી અને કેવું અપમાન ! અરેરે ! આ તે કંઈ જિંદગી છે !

બિચારી દીપડી ! વનની રાણી થવાને લાયક તેની રૂપાળી કાયા આ ગંદા નાના પાંજરામાં રિબાય છે. જંગલમાં જે માણસોને દીપડીની નજરે પડવાની પણ હિંમત ન ચાલે એ માણસો આ પાંજરા સામે આવી તેને ટીકીટીકીને જુએ છે. કોઈ કાંકરીચાળો પણ કરે છે, કોઈ હાંસી કરે છે. શી પરાધીનતા ! શી ગુલામી ! શી ઓશિયાળી જિંદગી ! આ તે કૈં જીવન છે ! જંગલની રાણી થવા જન્મેલી દીપડીને માનવસળેકડાંના મનોરંજન માટે શું શું કરવું પડે છે ! જ્યારે હજારો આંખો તેના પર મીટ માંડી રહે છે ત્યારે જાણે હિંમત ને બહાદુરીનો ઈજારો ધરાવતો હોય એવો અભિમાની રિંગમાસ્તર તેને ચાબુક વડે ફટકારે છે ! શી આ બળવાન પ્રાણીની નિર્ભર્સ્તના !

ક્યાં અફાટ જંગલો અને પહાડો ને ક્યાં આ ગંદું નાનું પાંજરું ! શિયાળામાં ઠંડો કાતિલ પવન સુસવાટા દેતો અંદર આવે છે ત્યારે બરફ જેવા લોઢાનો સ્પર્શ જાણે દઝાડે છે. ઉનાળામાં શેકી નાખતી લૂ વાય છે ત્યારે વારંવાર પાણી પીવા જીવ તલપે છે, ને આ કેદખાનાની ગરમી ગૂંગળાવી નાખે છે. પરંતુ તેને શાતા ક્યાંથી મળે ?

અને પેલો રખેવાળ કાલાસિંગ ! એ પોતે શયતાન છે અને છતાં તે આ દીપડીને શયતાની કહે છે ! ગાળો, અપમાન, ત્રાસ, ભૂખ, તરસ અને મારઝૂડથી ત્રાસીને તેને ઘણી વાર એમ થાય છે કે એનું ગળું ઘોંટી નાખું ! લેકિન વહ દિન કહાં સે ?

વહ દિન ? વહ દિન આજે છે !

નાનકડું સરકસ નીચેના હિમાલયનાં મોટાં ગામોની મુલાકાતે જઈ રહ્યું છે. વાતાવરણ બદલાઈ રહ્યું છે. સર્વત્ર વસંતની મસ્તી છે. હવામાં ઋતુની રાણીની માદક ખુશ્બૂ છે. શયતાની બેચેન બની રહી છે. શું તેને બચપણના એ દિવસો યાદ આવે છે કે જ્યારે શેમળા, સીસમ ને સાગનાં વૃક્ષોથી શોભતા અને ઉપરથી દેવદાર, ચીડ અને જંગલી ગુલાબની ખુશ્બૂ લાવતા માદક વાતાવરણમાં તે મહાલતી હતી ?

આજે તેના અજંપાનો પાર નથી. આજે તે મિજાજ ગુમાવી બેઠી છે. આજે શયતાની ખરેખર શયતાની જેવી ક્રુદ્ધ લાગે છે. તેમાં વળી પેલો રખેવાળ આવ્યો જેને તે ખૂબ ધિક્કારે છે. તેણે શયતાનીને માનભંગ કરી. આવ્યો હતો તો પાંજરું ખોલીને અંદર પાણી મૂકવા, પણ જાણે તેણે પોતાના ગેરવર્તાવથી શયતાનીના મનમાં આગ મૂકી.

બસ ! બસ ! બસ ! હવે ધીરજ ને સહનશક્તિનો અંત આવી ગયો છે ! હવે હદ ઓળંગાઈ ગઈ છે... અને શયતાની પંજાના એક પ્રહાર ભેગો કાલાસિંગને ધૂળ ચાટતો કરી બહાર ધસી ગઈ ! બહાર ? હા, બહાર ! બધે ગભરાટ ફેલાયો; બૂમરાડ મચી; નાસભાગ થઈ પડી. કોઈએ હથિયાર ઉપાડ્યાં, કોઈ ધસી આવ્યા, ઘણા ભાગી ગયા. દરમાંથી સાપ નીકળે એવી ચપળતાથી બહાર નીકળી પડેલી શયતાની માખણમાંથી મોવાળો સરે એવી સહેલાઈ અને ચુપકીદીથી વસતિમાંથી ટેકરીઓમાં પહોંચી ગઈ !


હાશ ! આ જંગલ, આ જ હિમાલય, આ જ આઝાદી, આ જ એ મહાન પર્વતમાળાનું અદમ્ય આકર્ષણ, આ જ કલકલ વહેતા ઝરા, આ જ પક્ષીઓનો કલરવ, આ જ મઘમઘતાં ફૂલો, આ જ રૂપાળાં પતંગિયાં ! આ જ તેની માદક હવા ! એ હવા આઝાદીની હવા છે ! હવે શયતાની આઝાદ છે ! હવે અહીં પેલા અણગમતા માણસોની ટીકી રહેલી આંખો નથી, પેલા રિંગમાસ્તરનો ચાબુક નથી ને પેલા ધિક્કારપાત્ર રખેવાળની પજવણી પણ નથી. હવે તે આ જંગલની રાણી છે. આ તેનું અબાધિત સામ્રાજ્ય છે.

શયતાની હિમાલયમાં ઊંચે ને વધુ ઊંચે ચડતી-ઊતરતી ગઈ. એ ત્યાં પહોંચી કે જ્યાં માણસનો રંજાડ ન હોય અને જંગલનાં પશુ-પક્ષીઓ મુક્ત રીતે નિઃસંકોચ ફરતાં હોય. હવે તે સ્વસ્થ બની અને આટલી મજલ પછી કકડીને લાગેલી ભૂખને



ગુજરી

ફોટા : મણિભાઈ મિસ્ત્રી



શેડકડો તડકો

ફોટો : સોમાભાઈ મિસ્ત્રી

સંતોષવા તે શિકાર શોધવા લાગી. પરંતુ તેને હવે ભાન થયું કે પોતે સાવ અણઘડ દીપડી છે. સિંહ, વાઘ અને દીપડાથી માંડીને બિલાડી સુધીનાં બચ્ચાંને તેમની મા શિકારની તાલીમ આપે છે; જંગલમાં ભક્ષણ અને રક્ષણ કેમ કરવું તેની કેળવણી મા આપે છે. શયતાનીને એવી સંગીન તાલીમ મળે તે પહેલાં જ તે બાળપણમાં પકડાઈ ગઈ હતી. આથી કોઈ શિકાર તેની હટફેટમાં ન ચડ્યો.

રાત પડવા આવી છે. પશ્ચિમાકાશમાં હજી સંધ્યાનો ઝાંખો ઝાંખો પ્રકાશ છે. એવા આકાશ આડે ડુંગરની ટોચ ઉપર છાયાચિત્ર જેવી બની ગયેલી આ આકૃતિ કોની છે ? પહેલી નજરે તે ઝાડનાં ઝાડ અને ડાળાં સાથે ભળી જાય છે. પરંતુ હલનચલન બતાવી આપે છે કે તે સાબર છે. વસંતઋતુ તેની ઋતુ છે. ટોચ ઉપર ગૌરવથી ઊભેલો સાબર ભાંભરીને સાબરીઓને બોલાવે છે અને હરીફોને પડકારે છે. તેના અવાજથી અને તેની હલચલથી આકર્ષાઈને શયતાની તેના તરફ સરકી, અને થોડે છેટે રહીને થંભી ગઈ. સાબર પર હુમલો કેમ કરવો તેની ગણતરી કરવા લાગી. ગાય જેટલો ઊંચો, ત્રણ ત્રણ અણીવાળાં વિશાળ બે શિંગડાંવાળો, ભવ્ય અને પ્રભાવશાળી સાબર રહી રહીને ખૂંખારે છે, પગની ખરી પછાડે છે, પૂંછડી વીંઝે છે. તે મદમસ્ત છે; ચપળતા ને શક્તિ જાણે તેના શરીરમાં સમાતાં નથી. તેનું શરીર કેવું સ્નાયુબદ્ધ અને માંસલ છે ! ભૂખની આગથી પીડાતી શયતાની હવે ધીરજ ધરી શકી નહીં. તેણે પાછળથી ધસારો કર્યો.

અરે શયતાની, તુંયે કેવી અણઘડ છે ! શિકારી તરાપ મારીને શિકારને જકડી લે તે પહેલાં શિકારને ખબર ન પડવી જોઈએ. તેને બદલે શયતાનીએ એટલો અવાજ કરી નાખ્યો કે સાબર ચેતીને વીજળીની ઝડપે પાછળ ફરી ગયો અને શયતાનીના હુમલાનો પોતાનાં ભરાવદાર કાતિલ શિંગડાં વડે સામનો કર્યો. તેની આવી નિર્ભર્ત્સના પેલા કાળમુખા રખેવાળના હાથે પણ કદી નહોતી થઈ. તેને સાબરનાં શિંગડાંની ગંભીર ચોટ લાગી અને તે આઘાતથી દૂર ફેંકાઈ પડી ! ક્રોધ, દુઃખ, ભૂખ ને અપમાનથી સળગતી શયતાની-લંગડાતી ખોડંગાતી ભાગી.

એ રાત તેણે વેદનામાં કાઢી. બીજે દિવસે બપોરે ભૂખ, તાપ અને તરસથી તેનું ગળું શોષાતું હતું. તે કોતરમાં આવેલી એક તળાવડી ભણી ઊતરી. ત્યાં તેણે એક કૌતુક જોયું. તળાવડીના કાદવમાં કશી હલચલ દેખાઈ. એ જંગલી ભૂંડ હતાં. તેઓ પણ આ ગરમીમાં પાણી પીવા અને કાદવવાળા પાણીમાં ઠંડક મેળવવા આવ્યાં હતાં. શયતાની એ કેડી ઉપર થીજી ગઈ, કારણ કે એક ભૂંડણ અને તેનાં બચ્ચાં એ કેડી ચડી રહ્યાં હતાં. એક શિલાની ઓથે દબાઈને છુપાઈ બેઠેલી દીપડીને સોનેરી તક મળી ગઈ. જેવી ભૂંડણ ત્યાંથી પસાર થઈ કે તરત જ શયતાનીએ તેને ઝડપી લીધી.

જિંદગીમાં પહેલી વખત તેણે સ્વતંત્રપણે શિકાર કર્યો; અને તે પણ કેવો શિકાર ! ગરમ લોહી અને ભારોભાર ચરબીથી ભરપૂર એ મારણ ઉપર બેસીને દીપડીએ એટલું બધું ખાધું કે જેટલું તેણે કદી નહોતું ખાધું. અહા, આઝાદીનો આનંદ કેવો છે ! પોતાના પરાક્રમ વડે મેળવેલી સિદ્ધિની મીઠાશ કેવી છે ! આજે શયતાનીના આનંદને સીમા નથી ! વધેલું મારણ બીજી વારના ભોજન માટે સંતાડી મૂકવું જોઈએ એટલી તાલીમ તેને મળી ન હતી. એટલે તે ભોજન કરી, પાણી પીને બખોલમાં જઈ આડે પડખે પડી. પાછલી રાતે તે બીજી વારના ભોજન માટે આવી ત્યારે ત્યાં મારણ ન હતું ! દિવસે ગીધ અને રાતે ઝરખ ઉજાણી કરી ગયાં હતાં. આથી તે નવા શિકારની શોધમાં મોડી સવાર સુધી ભટકી.

એક ટેકરી ઉપરથી તેણે જોયું કે એક વિશાળ હરિયાળી ખીણ છે. તેને છેડે છૂટાંછવાયાં ખોરડાંવાળું એક ગામડું છે. ખીણના આ છેડે ઢોર ચરે છે. તેને લાગ્યું કે તેને એક બીજી સોનેરી તક મળી છે. તે શિકારની દિશામાં ચુપકીદીથી સરકવા લાગી. જેવી તે નીચેની એક ટેકરીની ટોચ ઉપર પડેલી શિલા પાછળ છુપાઈને સરકવા જતી હતી ત્યાં અચાનક તેણે શિલાની બીજી બાજુ એક કાળું 'પ્રાણી' બેઠેલું જોયું ને કશા જ વિચાર વિના તેણે તેની ઉપર તરાપ મારી !

પણ એ સામાન્ય પ્રાણી ન હતું. એ તો ઢોર ચરાવવા બેઠેલો ગોવાળિયો છોકરો હતો અને માથે કાળો કામળો ઓઢીને સવારની ઠંડી હવામાં સૂરજ સામે મોં કરીને બેઠો હતો. જ્યારે શયતાનીને ભૂલ સમજાઈ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું; એટલું જ નહીં પણ જેને તે સૌથી વધુ ધિક્કારતી હતી એવા માણસને અહીં પણ જોતાં તેનો રોષ ભભૂકી ઊઠ્યો. છોકરાની એક ચીસ નીકળી - ન નીકળી ત્યાં તો શયતાનીના દાંત તેના ગળામાં ઊતરી ગયા.

શયતાનીને આ મારણ ભાવ્યું. માણસનો શિકા~ આટલી સહેલાઈથી થઈ શકે છે એ જાણીને તેને સંતોષ થયો. દરમ્યાન એક એવો બનાવ બન્યો કે જેથી તે પક્કી નરભક્ષી બની ગઈ. હિમાલયમાં સમતલ ધરતી ન હોઈ લોકો ડુંગરના ઢોળાવને પગથિયાં આકારે કાપીને ક્યારા બનાવી તેમાં ખેતી કરે છે. એક રાતે જ્યારે દીપડી આવા ક્યારા ઓળંગતી હતી ત્યારે તેને એક વિચિત્ર પ્રાણીનો ભેટો થઈ ગયો. શયતાનીએ આવું પ્રાણી કદી જોયું ન હતું. તેને પણ શિકાર માનીને તેણે તેના પર ધસારો કર્યો. એ શેઢાઈ અથવા શાહુડી હતી. તેણે દીપડીનેજોઈને પોતાનાં સિસોળિયાં ઊંચાં કરીને પીઠ ફેરવી તેનો સામનો કર્યો. ભાલાંથી યે વધુ તીક્ષ્ણ સેંકડો સિસોળિયાંનો ભારો ખડખડતો ઊભો થઈ ગયો અને બિનઅનુભવી શયતાની અરધી તેની ઉપર પડી ! ડઝન જેટલાં સિસોળિયાં તેનાં પગ, ગળા, છાતી અને પડખામાં ભોંકાઈ ગયાં. તરત સિસોળિયાં શેઢાઈના શરીરમાંથી છૂટાં પડી તેના શરીરમાં પેસી ગયાં અને શેઢાઈ આ અણઘડ દીપડીની બેવકૂફી

પર ખુશ થતી ભાગી ગઈ !

પેલા દુષ્ટ સાબર કરતાંયે આ નાનકડી શેઢાઈ વધુ દુષ્ટ નીકળી ! શયતાનીની યાતના અસહ્ય થઈ પડી અને તેના શરીરની દરેક હલચલથી સિસોળિયાં વધુ ઊંડે જવા લાગ્યાં. તે એક ઠેકાણે બેસીને કષ્ટપૂર્વક સિસોળિયાં કાઢવા લાગી. ઓહ ! એ કાઢતાં પણ કેટલી પીડા થાય છે ! ને રહેવા દેવાથી પણ પીડા થાય છે ! આખરે બીજા દિવસની સાંજ સુધીમાં તે બધાં સિસોળિયાં કાઢી નાખવામાં સફળ થઈ. પરંતુ આ જખમો પણ કેટલી યાતના આપે છે !

ત્રણેક દિવસ તો તે શિકાર ન કરી શકી, ને ચોથે દિવસે મળ્યો ત્યારે તે એક વણજારાનો છોકરો હતો !

શેઢાઈએ કરેલા જખમોએ શયતાનીને પાંગળી બનાવી દીધી. આજે મહિનાઓથી તે માણસ ને માણસના ઢોર જેવા સહેલા શિકાર સિવાય બીજો શિકાર કરી શકતી નથી. જે મનુષ્ય ઉપર ગુલામીનાં વરસો દરમ્યાન તેને આટલી બધી નફરત ઉત્પન્ન થઈ હતી એ મનુષ્યને તે પોતાનું ભક્ષ્ય બનાવીને વેર વાળી રહી હતી. માણસનાં લક્ષણ, નબળાઈ અને લાચારીનો તેને હવે બરોબર અનુભવ થઈ ગયો હતો અને તેથી તે એવી ખંધી બની ગઈ હતી કે કિસાનો, કઠિયારા, વણજારા, ભરવાડો, ગોવાળો અને મુસાફરો માટે હિમાલયના વનવગડાના માર્ગો દિવસે પણ પૂરેંપૂરા જોખમી બની ગયા.

હિમાલયની ગોદમાં બેઠેલું એક ગામડું છે. સાંજ નમી રહી છે ને ગામડાની પ્રવૃત્તિ સંકેલાઈ રહી છે. ઢોર ચરાવીને ખેતીનું કામ વહેલું વહેલું સમેટી લઈને કિસાનો ઝટપટ ઘર ભેગા થઈ રહ્યા છે. અંધારું જામે તે પહેલાં તો સૌનાં બારણાં દેવાઈ ગયાં. હાટડીઓ બંધ થઈ ગઈ છે ને રસ્તામાં સોપો પડી ગયો છે. ઘરોમાં પણ બધાં ગુપચુપ બની રહ્યાં છે. મા બાળકોને રડવા પણ નથી દેતી ! શયતાનીની આટલી શેહ પડે છે. રોજ આ સાવચેતી અકારણ હોય તો આજે તો તે અકારણ નથી જ.

જ્યારે શયતાનીનો શિકાર કરવા એક સાહેબ આ ગામની પડોશના જંગલમાં નિષ્ફળતાને વરી ચૂક્યો હતો ત્યારે શયતાની આજની અંધારી રાતે ગામની ગલીમાં લપકતી હતી ! કોનાં કમાડ ભાંગવાં કે છાપરું તોડવું તેની વેતરણમાં તે ખોરડાંના ઉંબરા સૂંઘી રહી હતી, ત્યારે નાસીપાસ થયેલો શિકારી ગામમાં આશ્રય મેળવવા બીજે છેડેથી દાખલ થયો ! આ ભયંકર રાતે ગામના રસ્તા પર બે જ જીવ હતા : શિકાર ને શિકારી ! પણ શિકાર કોણ ને શિકારી કોણ ? એનો જવાબ કોણ આપી શકે ?

સાહેબ ગુસ્સા અને નિરાશાથી ધૂંધવાતો હતો. શિકાર કરવાની યોજના ઊંધી વળી ગઈ હતી, એટલું જ નહીં, પણ તેના પગીઓ શયતાનીની બીકે વહેલા નાસી આવ્યા હતા. સાહેબ જ્યારે ગામમાં આવ્યો ત્યારે તેને આશરો આપવા એક્કે ઘર ઉઘાડું ન હતું ! અંધારી રાતે તેણે પોકાર કર્યો : 'અરે કોન હૈ ? હમારે લોક કહાં ગયે ?'

કોઈ જવાબ આપતું નથી ! તેમને સાહેબનો ડર નથી પણ શયતાનીનો ડર છે. શાંત ઠંડી રાતમાં સાહેબનો અસ્વસ્થ સ્વર ગાજીને શમી જાય છે.

ત્યાં કોઈના હૃદયમાં રામ વસ્યા, ને તેણે દબાયેલા અવાજે ઘરના બારણાની તડમાંથી કહ્યું, 'સા'બ, આદમખોર બઘેરી ઇધર હી હોગી ! તુમ જાન બચાઈએ !'

નિર્જન રસ્તો, અંધારી રાત, એકલતા, ઓશિયાળાપણું અને માથે શયતાનીનો ઝઝૂમતો ભય ! સાહેબની હિંમત અંગારા પર ઘી પીગળી જાય એમ પીગળી ગઈ અને બેબાકળા અવાજે તે બોલી ઊઠ્યો, 'તો ક્યા તુમ હમકો બહાર છોડ કર બઘેરી કે મૂંમેં ધકેલ દેના મંગતે હો ?' જંગલમાં ન ડરનાર શિકારી આજે ગામમાં હિંમત ખોઈ બેઠો ! વાતાવરણ એવું ભયંકર ને અમંગળ હતું ! અને એક વખત હિંમત ગુમાવી એટલે થઈ ચૂક્યું.

પેલા માણસે શરમાઈને બારણું થોડુંક ઉઘાડ્યું ને વિહ્વળ બની ગયેલો શિકારી પોતે શિકાર બનતાં જરાક માટે બચી ગયો. તે ઝટપટ ઘરમાં ઘૂસી ગયો. સવારે પગીઓએ રસ્તામાં સગડ જોયા ત્યારે ખબર પડી કે રાતે શયતાની સાહેબ પર તરાપ મારવાની તક જ શોધતી હતી !

બીજે દિવસે નજીકની ખીણમાં શયતાનીએ એક કૌતુક જોયું. અજવાળી રાતે એક ખુલ્લા નાના પટમાં એક ધોળી બકરી બાંધેલી છે અને તે બેં-બેં કરી રહી છે. શયતાની ખરેખર શયતાની છે. તે વહેમાઈ ગઈ અને આસપાસ નિરીક્ષણ કરવા લાગી. નજીકમાં એક ઝાડ ત્રાંસમાં ઊગ્યું હતું. તેની આછી - પાતળી ઘટામાં તેણે માણસની આકૃતિ જોઈ. જંગલમાં ચાંદની છે, પણ તેથી તો જ્યાં પડછાયા પડે છે ત્યાં વધુ અંધારું લાગે છે અને એ અંધારામાં શયતાની ભળી ગઈ. ઝાડનાં ઝુંડમાં માણસની આકૃતિ જોઈને તે થીજી ગઈ, અને હળવે હળવે તે પાછળ હટી ઘાસમાં સંતાઈ ગઈ. ઘણું કરી તે દ્વિધામાં પડી. કોનો શિકાર સહેલાઈ અને સલામતીથી થઈ શકશે ? શું બકરી કરતાં માણસ વધુ સારો શિકાર નથી ?

ક્યાંય સુધી તે ધીરજ ધરી બેસી રહી. છેવટે તેને ખાતરી થઈ કે માણસને તેની હાજરીનો વહેમ નથી ને તેની પીઠ શયતાની તરફ છે. સાપ શિકાર તરફ સરકે એમ એ કાળમૂર્તિ વાંકા થડ-વાળા વૃક્ષ તરફ લપકી. હળવે હળવે, કશા જ અવાજ વિના, ચૂપકી અને ખૂનીની અદાથી તે વાંકા થડ પર ચડી, ને જ્યારે તેને ખાતરી થઈ કે એક છલાંગમાં પોતે માણસને પાડી લેશે ત્યારે તેણે બહાદુરને પણ ધ્રુજાવી દે ને હવાને કંપાવી દે એવી ત્રાડ પાડીને તરાપ મારી, ને 'શિકાર' સાથે નીચે પટકાઈ પડી.

પણ આ શો ચમત્કાર છે ? આવું આ માણસ કોણ છે ? તેનાં કપડાંમાંથી માણસની - હિમાલયના જ માણસની અચૂક ગંધ આવે છે, પણ... પણ તેનું શરીર ?... એ શરીર ઘાસનું - બનાવટી લાગે છે !

એ જ ક્ષણે, છાતી સોંસરવી છરી ઊતરી જાય એમ અંધકારને વીંધતા પ્રકાશનો એક શેરડો તેના પર પડ્યો અને તેમાં તેની ક્રૂર, લોહીતરસી ક્રુદ્ધ આંખો અંગારા જેવી તગતગી ઊઠી. આ બેવડા આશ્ચર્યથી તે એક ક્ષણ મૂંઝાઈ ગઈ. એ ક્ષણનું વરસો અને દાયકાઓ કરતાં પણ વધુ મહત્ત્વ હતું. કાન ફોડી નાખે એવો ધડાકો થયો અને બીજા એક ઘટાટોપ વૃક્ષમાં માચડામાં સંતાઈને બેઠેલા શિકારી ક્રાઈથ હોરાનની ગોળીએ તેને વીંધી નાખી.

માનવજાત પ્રત્યે હળાહળ ધિક્કાર ને વેરથી ધીખી રહેલી શયતાની ઢળી પડી. તેણે વેદનાથી ઉન્મત્ત બનીને ઘાસને બચકાં ભર્યાં, ધરતીમાં નહોર ભરાવ્યા; પરંતુ તેનો આ ઉન્માદ અલ્પજીવી હતો, અને જે મનુષ્યને તે ધિક્કારતી ને ધુતકારતી હતી, જેની શક્તિની તે અવગણના કરતાં શીખી હતી એ મનુષ્યની ગોળીથી વીંધાઈને તેણે પ્રાણત્યાગ કર્યો. તેની રૂપાળી કાયા મૃત્યુની તાણથી ખેંચાઈને નિશ્ચેત બની ગઈ.

શયતાનીને મુક્ત થવું હતું. તે ગુલામીમાંથી મુક્ત થઈ પણ ધિક્કારમુક્ત અને વેરમુક્ત ન બની શકી. તેને આઝાદ થવું હતું. તેની આઝાદીની ઝંખના ફળી, તે લોખંડના પાંજરામાંથી છૂટી, પણ પૂર્વગ્રહોના પાંજરામાં જકડાઈને જ જીવી - અને મરી. (૪૦૦)

ચીની કહેવતો

[અશોક હર્ષ]

એક ઝાડથી જંગલ નથી બની જતું.
સ્ત્રીનું મગજ પારાનું છે, હૃદય મીણનું.
વાઘ પર સવાર થનાર નીચે ઊતરી શકતો નથી.
ન્યાયે સખ્ત રહેવું જોઈએ; ન્યાય તોળનારે નરમ.
પોતાનું અજ્ઞાન જાણનાર માણસ કદી અજ્ઞાની નથી.
લોભી માણસ વેપારી બને છે; એદી માણસ પૂજારી.
ઊંચામાં ઊંચી સોય પણ બે છેડે અણીદાર નથી હોતી.
પક્ષી પોતાને માટે વૃક્ષને પસંદ કરે છે; વૃક્ષ પક્ષીને નહીં.
શ્રીમંતની રખાત બનવા કરતાં ગરીબની ગૃહિણી બનવું સારું.

હોડીએ જ કિનારા ભણી જવું જોઈએ; કિનારો હોડી ભણી ન આવે.
પુરુષનું વચન સૈનિકના તીર જેવું છે; સ્ત્રીનું વચન ભાંગેલા પંખા જેવું.
ઝાડ ભલે હજાર હાથ ઊંચું હોય, તોય એનાં પાંદડાં તો જમીન પર જ પડવાનાં.
તમે ઘેર માબાપ પ્રત્યેની ફરજ બજાવતા હો તો મંદિરમાં ધૂપ કરવા જવાની જરૂર નથી.
પાણી જેમ પાત્રનો આકાર ધારણ કરી લે છે, તેમ શાણો માણસ સંજોગોને અનુકૂળ બની રહે છે.

પહેલા જામમાં માણસ શરાબને પીએ છે; બીજા જામમાં શરાબ શરાબને પીએ છે; ત્રીજામાં શરાબ માણસને પીએ છે.
જેલખાનાં દિવસ ને રાત બંધ હોય છે છતાં ભરેલાં જ રહે છે; મંદિરો દિવસ ને રાત ખુલ્લાં હોય છે છતાં ખાલી જ રહે છે.

અસંતોષી
માણસ હાથીને
ગળવા નીકળનાર
અ જ ગ ર
જેવો છે.

સેલ્વી પંકજમ્

ઈવા ડેવ

ગાંધીગ્રામના દરવાજે મને છોડી મોટર ધસમસતી ત્યાંથી ચાલી ગઈ. દરવાજામાં પ્રવેશ કરતાં મારું મન ધડકી ઊઠ્યું. પ્રશ્ન થયો : મેં એક મોટી મૂર્ખાઈ તો નથી કરી ને? માત્ર એક જાહેરખબર વાંચીને, પત્રવ્યવહાર કરીને, પત્નીની પસંદગી કરવા હું છેક દક્ષિણમાં દોડી આવ્યો છું ! થોડા વેરાન, થોડા શહેરિયા, પણ વધારે પડતા ગામઠી દેખાતા આ સ્થાનમાં વસતી યુવતી કેવી હશે ? આદર્શની ઘેલછામાં, લાગણીઓના ઊભરામાં કંઈ ઉતાવળિયું પગલું તો નથી ભરાઈ ગયું ને મારાથી ?

મેં ચોમેર નજર દોડાવી. મજૂરો જેવા દેખાતા માણસો સિવાય બીજું કોઈ દેખાયું નહીં. ત્યાં મારી નજર નાળિયેરનાં પાંદડાંથી છાયેલા છાપરાવાળી નજીકની કુટિર પર પડી. મેં તે તરફ ચાલવા માંડ્યું.

એ ગાંધીગ્રામના ડિરેક્ટરની ઑફિસ હતી. મારી પૃચ્છાના જવાબમાં એક તદન સાદા ખાદીના લેબાસવાળા ભાઈ બહાર આવ્યા. મિસ પંકજમ્નો હું મહેમાન છું એ જાણતાં પોતે જ એમનું ક્વાર્ટર બતાવવા મારી સાથે ચાલ્યા. ચાલતાં ચાલતાં, રહી રહીને, આસપાસ શાંત, ગરમ વાતાવરણમાં ચૂપકીથી ઊભેલાં અત્યંત સાદાં મકાનોને અવલોકતાં મારા મનમાં પ્રશ્ન સળવળવા માંડ્યો : ક્યાં હું મુંબઈનો રહેવાસી, ને ક્યાં આ સાદગીભર્યા જીવનમાં ઊછરેલી યુવતી ! કેમ કરીને મેળ ખાશે ? હું અસ્વસ્થ થવા માંડ્યો. ગાંધીગ્રામના ઝાંપે ઊતર્યો ત્યાં સુધી મુસાફરી દરમિયાન જે મધુર સ્વપ્નમાં રાચ્યો હતો તે એક ચિંતામાં પરિવર્તિત થવા માંડ્યું.

અમે એક લાંબા બરાક જેવા ઓરડીઓના બ્લૉકને અંતે એકાએક અટક્યા. ત્યાં એક નાનું ઘર હતું. આંગણામાં સુંદર સફેદ સુશોભન આળખેલું હતું. 'આ સેલ્વી (કુમારી) પંકજમ્નું ગૃહ'. કહી એણે ઘેરા રાખોડી રંગથી રંગેલા સાદા પણ મજબૂત કમાડ પર ધીરેથી ટકોરા માર્યા. થોડીએક ક્ષણો માટે મારું હૈયું કંઈ વિચિત્ર ઊર્મિઓથી ધક્‌ધક્ થઈ ઊઠ્યું : કેવી હશે એ ?

ને કમાડ ધીરેથી ખૂલ્યાં. એ ત્યાં ઊભી હતી.

'આ તમારા મહેમાન લાવ્યો છું, બહેન.'

'આવો, આવો. તમારો આભાર. ક્યારની તમારી રાહ જોઈને બેઠી હતી. ચોક્કસ કયા સમયે આવવાના છો એ તમે પત્રમાં જણાવેલું નહીં, એટલે હું ડિંડિગલ લેવા આવી શકી નહીં. માફ કરશો. તમને કાંઈ તકલીફ તો નથી પડી ને ? અંદર આવો. નારાયણજી, આભાર ફરીથી.'

'નમસ્તેજી.' કહેતાં પેલા ભાઈએ વિદાય લીધી. મેં પણ તેને 'આભાર' કહી શિષ્ટાચાર બતાવ્યો.

મારા પ્રસન્ન ચિત્તમાં, કમાડ વચ્ચે ઊભેલી એ નાંજુક યુવતીની મૂર્તિ કંડારાઈ ગઈ હતી. મારી કલ્પનામાં વસેલી નારીને એ બહુધા મળતી આવતી હતી. અમુક રીતે એ વધુ આકર્ષક હતી એમ મને લાગ્યું. એ કોઈ સુંદર યુવતી નહોતી. એમ તો એ પણ મારી જેમ યુવાન વય વિતાવી ગઈ હતી. છતાં એ કોમલાંગ સ્ત્રીની નમણાઈ મોહક હતી. સહજ શ્યામ કહેવાય એવી એ યુવતીના મોં પર સંસ્કારના સાથિયા હતા. એની ત્વચા અત્યંત સુંવાળી હતી ને એના મોં પર સદાય વિહરતું સ્મિત સામાને આત્મીય બનાવી દેતું હતું.

મીઠા, જરા ઘેરા અવાજે, દક્ષિણ ઍક્સેન્ટ સાથે એ ગુજરાતીમાં બોલી : 'અહીં ખૂબ જ તાપ છે. હું તમને ઠંડું પાણી આપું. આવો, બેસો.' એ રસોડામાં ચાલી ગઈ. હું આશ્ચર્યથી છળી મર્યો. એક મધુર સંતોપથી હું ગદ્‌ગદ બની ગયો.

ઓરડો નાનો હતો. સાદો હતો, પરંતુ ખૂબ ચીવટથી સજાવેલો હતો. ખાદીની ચાદરથી આચ્છાદિત ગાદીવાળી પાટ પર નાના નાના જુદા જુદા આકારના તકિયા ખૂબ વ્યવસ્થિત ને કલાત્મક રીતે ગોઠવેલા હતા. ભીંતો પર ગાંધીજી, વિનોબાજી, સંસ્થાના ડિરેક્ટર વગેરેની છબીઓ હતી. એક નાની ચારપાઈ પાસે રેંટિયો ને પૂણીઓ પડ્યાં હતાં. મારા મન પર એક ઊંડી ઘેરી અસર પ્રસરિત બની. અચેતનમાં અત્યાર સુધી ભંડારાયેલી 'સુખી ઘર' વસાવવાની એષણા ધીમે ધીમે સળવળવા માંડી. મીઠો મીઠો ક્ષોભ મેં પોતે જ અનુભવવા માંડ્યો.

પાણીનો પ્યાલો લઈને એ પાછી આવી ત્યારે મારી આંખો ને નાક બેઉએ એક તૃપ્તિ અનુભવી. કેશમાં ગૂંથેલી મોગરાની વેણીએ વાતાવરણને મીઠી સુગંધથી મહેકતું કરી મૂક્યું હતું. એણે પરિધાન કરેલી સાડી ખાદીની હતી એ માનવા મારું મન તૈયાર નહોતું. મૉડર્ન પ્રિન્ટર્સને પણ લજાવે એવી, સુંદર આછા રંગોના મિશ્રણને અસ્તવ્યસ્ત વેરીને એ બનાવેલી હતી. ક્ષણે ક્ષણે એ વ્યક્તિ મારા સમગ્ર વ્યક્તિત્વને કો અદૃશ્ય મજબૂત તાંતણાથી બાંધી રહી હતી. હું અસહાય બની એમાં બંધાતો જતો હતો; બલ્કે એ અસહાયતા ને બંધન મને ગમતાં હતાં.

એણે જ મૌન તોડ્યું : 'મને ગુજરાતીમાં બોલતાં સાંભળી તમને નવાઈ ઊપજી હશે ! તમારા મોંના ભાવ જોઈ હું સમજી ગઈ હતી. હું ત્રણચાર વર્ષ વડોદરામાં રહી હતી. મારું M.Sc. Home Science મેં ત્યાં કર્યું હતું. ડિગ્રી લીધા બાદ મેં દોઢબે વર્ષ નર્સરીમાં નોકરી કરી હતી. બાળકોના સંપર્કમાં ભાષા શીખવાનું વધુ સહેલું બની ગયું હતું. મને ગુજરાત ગમી ગયું હતું

- ને ગુજરાતીઓ પણ.' કહી એ મીઠું મીઠું હસી. એને લગારે ક્ષોભ થતો હોય એવું એના વર્તન પરથી મને લાગ્યું નહીં. એની બોલવાચાલવાની ને વાતચીત કરવાની રીત એટલી સરળ, એટલી સ્વચ્છ, ને એટલી મુક્ત હતી કે મારી વ્યગ્રતા થોડી થોડી ઓછી થવા માંડી હતી. 'ગુજરાતીઓ પણ' એ શબ્દો પાછળનો ભાવ ને સૂચન બેઉ હું સમજી ગયો હતો. મને એ ગમ્યાં હતાં.

મેં સ્વસ્થ બની બોલવા માંડ્યું : 'મારી મુક્તમાં મુક્ત કલ્પનામાં પણ મને એ વિચાર નહોતો આવ્યો કે દક્ષિણમાં મને ગુજરાતી ભાષા સમજે એવી કોઈ વ્યક્તિની મુલાકાત થશે. સાચું કહું છું તમને : મારા આનંદનો પાર નથી. તમારી બોલીમાં જે મીઠાશ છે તે મેં કોઈ ગુજરાતણમાં સાંભળી નથી.'

'તમારી વાત સાચી છે. પારકાને મોઢે બોલાતી આપણી ભાષા કાનને વધુ મીઠી લાગે છે. હં; હવે જુઓ. તમે થાકી ગયા લાગો છો. તાપ પણ ઘણો છે. લાંબી મુસાફરીમાં તમારી સગવડ પણ નહીં સચવાઈ હોય. હું તમને મહેમાનગૃહે લઈ જાઉં. ત્યાં તમે નાહીધોઈને તૈયાર થાઓ. હું ભોજનનો પ્રબંધ કરું છું. પછી તમે બેચાર કલાક આરામ કરો. નમતી સાંજે હું તમને ગાંધીગ્રામની સંસ્થાઓનો અને ત્યાંની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય કરાવીશ.' હું મનોમન બોલ્યો : કેવી સરસ ચતુરાઈ ! એકમેકનો પરિચય મેળવવાનો કેવો સરસ રસ્તો !

એક પછી એક ક્રિયાઓ પતાવતાં હું પંકજમ્‌ની સ્મૃતિમાં ગાયબ થઈ ગયો. મને લાગ્યું કે મારી હસ્તી ખોવાઈ ગઈ છે. એનું મોં, એનું રૂપ, એના હાવભાવ, એના બોલ, એની ચાલ, એની આગવી રીતો... એ... માત્ર... એ... કેવી મુક્ત ! કેવી સાદી ! કેવી સીધી ! કેવી નિખાલસ ! ક્યાંય ખોટી શરમ નહીં, કોઈ ખોટો દંભ નહીં, કશી છેતરામણી ચાલાકી નહીં. ઉઘાડી ચોપડી જોઈ લો; વાંચી લો, સમજી લો.

ત્યાં એક શંકા ઊઠી : રે ભાઈ, તું તો પ્રેમમાં પડી ગયો ! પણ... પણ... એનું શું ? તું એને સ્વીકાર્ય બનશે ? થોડી બેચેની થઈ. વિચારોમાં અટવાતાં મને ગાઢ ઊંઘ આવી ગઈ.

સાંજ મજાની હતી. હું એની રાહ જોતો, ફરી ઉત્કંઠ બનતો લૉબીમાં આંટા મારતો હતો. ને એ આવી. નમસ્કાર કરી એ પગથિયા પર ઊભી થઈ રહી. હું એના આકર્ષક સ્વરૂપને જોઈ ખરેખર આભો બની ગયો. મને અનુવ થયો કે હું કોઈ નવી જ વ્યક્તિને મળી રહ્યો છું.

સાદગીમાં પણ આટલી મોહક સુંદરતા ને કમનીયતા હોઈ શકે એનો ખ્યાલ મને જીવનમાં પહેલી વાર આવ્યો. મારું મન હર્ષવિભોર બની ઊઠ્યું; કારણ આ દેખાતા ખરબચડા જીવનમાં, શહેરના ઉપલકિયા ભપકાને ક્યાંય લજાવે એવું, ચીવટવાળું શોભન લભ્ય હતું. ચોરસ ડિઝાઈનના ચકતામાં ગ્રામ્ય પ્રતીકોની તપકીરિયા ને પોપટી રંગની ભાતથી શણગારેલી ખાદીની ઝીણી સાડીમાં એ સજ્જ હતી. કપાળમાં ગુલાબી રંગનો કંકુનો મોટો ચાંદલો હતો. લુખ્ખા ઢીલા વાળના આધુનિક સ્ટાઈલના અંબોડામાં ફૂલોની ગૂંથણી હતી. આછા બદામી રંગની પટ્ટીમાં લાલ મહોરાવાળી હાથે બનાવેલી ચંપલો હતી. ભભક ને મહકથી વાતાવરણ સચેતન બની ગયું હતું.

કૈંક બોલવાનું, એની પ્રશંસા કરવાનું, એને આનંદિત બનાવવાનું મન થઈ ઊઠ્યું : 'ખાદીની સાડી, ગ્રામ્યવિસ્તાર, સાદાં માણસો-આ બધું આટલું સુંદર હોઈ શકે, એમાં આટલી શોભા હોઈ શકે એનો ખ્યાલ જો હું ગાંધીગ્રામ ન આવ્યો હોત તો મને જીવનમાં કદીય ન આવત.–'ખરેખર, આ સાડી તમને સરસ દીપે છે.' એ જરા શરમાઈ. એ લજ્જાને હું જોઈ રહ્યો. પોતાને સંભાળી લઈ બોલી : 'હજુ તમે બધી નાનીમોટી સંસ્થાઓની મુલાકાત લેશો અને એમની વિભિન્ન પ્રવૃત્તિઓથી પરિચિત થશો ત્યારે તમને એની મહાનતા સમજાશે. ચાલો તમને આ સંસ્થાઓનો પરિચય કરાવી દઉં.'

અમે સાથોસાથ ચાલવા માંડ્યાં. મારું મન આનંદના આવેગોથી ભરાવા માંડ્યું. એણે બોલવાનું ચાલુ રાખ્યું : 'અહીંની ચાર મુખ્ય સંસ્થાઓ જોવા જેવી છે : Family Planning Institute, Rural Agricultural Institute, Music and Dance College અને છેલ્લે Home for Destitute children. અનાથાશ્રમ જેવું નહીં, હોં. ખૂબ સાયન્ટિફિક ને સાઇકોલૉજિકલ રાહ પર ઊભું કરેલું.'

'અત્યંત સુંદર જગ્યા છે આ. નાની ટેકરીઓની ગોદમાં સંતાયેલું આ ગ્રામ કમનીય છે.'

'બધાંજને આ ગામ ગમી જાય છે.'

'એની અંદર રહેતાં માણસો પણ !'

એનું મોં લાલચોળ બની ગયું. એણે હાથરૂમાલ મોં પર દબાવ્યો : 'હું તો બચપણથી આની પ્રીતમાં છું. બીજા કેટલાયે વિદેશીઓ અહીં સ્થિર થયા છે. બે-ચાર એક એક Instituteમાં છે. મૉન્ટેસોરી સાથે કામ કરી ચૂકેલા એક અંતેવાસી Destitute Homeમાં છે.'

ચાલતાં ચાલતાં એણે મને સંસ્થાના પાયાથી માંડીને અત્યાર સુધીના વિકાસની વાત કરી. આ સંસ્થા એટલે અમ્મા ને અપ્પાની જીવનકથની. ગાંધીનાં ચુસ્ત અનુયાયી ને અંતેવાસી અમ્મા ને અપ્પાએ આ જંગલમાં કેવું મંગલ કર્યું તેની રસપ્રદ કથા મેં સાંભળી. ગાંધીજીના આદર્શોની કેટલી નજીક રહી ડૉક્ટર અમ્મા ને પૈસાપાત્ર અપ્પાએ આ સંસ્થાને ઊભી કરી તેનું તેણે ભાવપૂર્વક બયાન કર્યું. ગામડાંના ઉદ્ધારમાં એનો ફાળો કેવો ને કેટલો છે તેનો અદ્‌ભુત ચિતાર આપ્યો. Family Planning ને Agri-

cultural Instituteની પ્રવૃત્તિઓ ગામડાંનાં અભણ અને અબુધ માણસોને અવશ્ય આશીર્વાદ સમી લાગતી હશે એનો ખ્યાલ સહેજે મને આવી ગયો. છેલ્લામાં છેલ્લી ઢબનાં સાધનોથી સજ્જ સંસ્થાઓ આ ગાંધીગ્રામમાં જોતાં મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. આવી અપૂર્વ સંસ્થાનાં રચયિતાં પતિ-પત્નીને જોવા મન ઉત્કંઠ બની ગયું.

સંગીત અને નૃત્યના હૉલમાં પ્રવેશતાં જ હું અચકાઈને ઊભો રહી ગયો. દ્વાર આગળ જ પૂરા માનવકદની રંગીન તસવીર દીવાલ ઉપર લટકતી હતી. એ કિશોરી પંકજમ્ હતી. મેં સપ્રશ્ન એની સામે જોયું.

'હા; એક ભાઈએ વર્ષો પહેલાં બનાવી હતી. મેં ભરતનાટ્યમ્‌નો અભ્યાસ કર્યો છે. આ સંસ્થા માટે પૈસા ભેગા કરવા અમે નાટ્યનર્તનમ્‌નો કાર્યક્રમ લઈ આખા હિંદમાં રખડતાં. અમ્મા ને અપ્પાને મારા પર અત્યંત સ્નેહ છે. એક ચિત્રકાર ભાઈએ સહજ જ ચીતરેલું.'

અમે એક મોટા હૉલમાં પ્રવેશ્યાં. એક હૃદયંગમ દૃશ્ય જોવા મળ્યું. નાનાં નાનાં ભૂલકાંઓ નૃત્યના જુદા જુદા પોઝમાં પોતપોતાની પ્રૅક્ટિસ કરી રહ્યાં હતાં. અમને જોઈને ત્યાંની આધેડ બાઈએ તબલચી પાસે થાપ મરાવી ને બધાં જ બાળકો શિસ્તબદ્ધ પોતપોતાની મુકરર જગ્યાએ જઈ અમુક પોઝમાં સ્થિર થઈ ગયાં. બાઈ તોડા બોલવા માંડી ને એક મનોહર હલનચલનની ભાત બંધાવા માંડી.

મારા મનમાં એ ઘરની કલ્પના ઊઠવા લાગી : સ્વચ્છ, સુંદર જ નહીં, પણ સંસ્કારી ને કલાત્મક ગૃહની. પંકજમ્‌નું વર્તન એટલું સુશીલ હતું કે મારી બધી શંકાઓને એણે દૂર કરી નાખી.

ત્યાંથી નીકળી અમે સીધા Destitute Homeમાં આવ્યાં. દરવાજામાં પ્રવેશ કરતાં એ બોલી : 'અમને સહુને આ સંસ્થાનું બહુ જ ગૌરવ છે. અમે એને કલગીરૂપ સંસ્થા માનીએ છીએ. આ બાળકોને તમે અનાથ નહીં કહી શકો.'

હજુ તો અમે પૂરાં અંદર પ્રવેશ્યાંયે નહોતાં તે પહેલાં તો એક અત્યંત માયાળુ દેખાતી બાઈની આસપાસ ઊભેલાં બાળકોમાંથી એક જૂથ પંકજમ્ બાજુ ધસી આવ્યું અને એને લગભગ મારાથી દૂર ઘસડી ગયું. પેલાં બાઈ મારી પાસે આવ્યાં. નમસ્કાર કરી બોલ્યાં : 'તમને હવે પંકજમ્ થોડો વખત નહીં મળે. આજે બાળકો એને મળ્યાં નથી એટલે આ તક મળતાં એની સાથે થોડું ખેલી લેશે, મળી લેશે. ચાલો હું તમને આ સંસ્થાનો પરિચય કરાવી દઈશ.'

એ એક અત્યંત મજાનું સ્થળ હતું. અનાથ બાળકો માટેનું તો સ્વર્ગ જ ગણાય. તદ્દન નાનાં બાળકોના રૂમમાં અમે પહેલાં ગયાં. ત્રણચાર શિક્ષિકાઓ અને આયાઓ બચ્ચાંઓની દેખભાળ રાખતાં હતાં. બધાંને નર્સિંગ ને મૉન્ટેસોરી શિક્ષણની તાલીમ ત્યાં જ આપવામાં આવી હતી. પાંચદસ મિનિટ હું ત્યાં થોભ્યો. બે પરસ્પર વિરોધી લાગણીઓનું ઘર્ષણ મારા મનમાં ચાલી રહ્યું હતું. સ્વચ્છ ને પ્રેમાળ વાતાવરણમાં ઊગી રહેલાં ફૂલો મને ખુશ કરી રહ્યાં હતાં; બીજી બાજુ, એ એમનાં નિકટમાં નિકટનાં સંબંધીઓથી ત્યજાયેલાં હતાં એ જાણી હું અત્યંત વેદના ને દુઃખ અનુભવી રહ્યો હતો. એક જાડો, આનંદી બાળક ઘૂંટણિયાં ભરતો મારી પાસે આવ્યો. મેં એને ઊંચકી લીધો. એ ખિલખિલાટ હસી પડ્યો. એને નીચે મૂકીને અમે જવા માંડ્યું. ત્યારે એ ઊંચે સાદે રડવા માંડ્યો. મારું અંતર દ્રવી ઊઠ્યું. અત્યંત ચોખ્ખી, વ્યવસ્થિત, બાળકોની શારીરિક ને માનસિક પ્રગતિ માટે બધી જ સામગ્રીથી સજ્જ એ રૂમો મારા ચિત્તમાં સદાયને માટે મઢાઈ ગઈ.

બહાર મેદાનમાં આવ્યાં અમે. નાનાં બાળકો કલ્લોલ કરી રહ્યાં હતાં. એકાએક પ્રશ્ન ઊઠ્યો ને મેં પૂછી નાખ્યો : 'માફ કરજો આ પ્રશ્ન પૂછવા માટે. ઉત્સુકતા નથી રોકી શકતો. આ બધાંનાં માબાપોથી તમે જ્ઞાત હો છો ? આ બાળકોને અહીં કોણ લાવે છે ?'

'બધાં જ; ગરીબ-તવંગર, પુનિત-પાપી, દુર્જન-સજ્જન, જેનાય દિલમાં રામ વસ્યો હોય છે તે બાળકનું ગળું ટૂંપવાને બદલે કે રઝળતું છોડી દેવાને બદલે એને અહીં લઈ આવે છે. ગટરમાંથી, કૂવામાંથી, ઉકરડેથી, જંગલમાંથી - કૈં કલ્પનામાં ન આવે એવી ગંદી જગ્યાઓમાંથી માણસો એમને બહાર કાઢી આપી જાય છે. કોઈક જ વખત અમને એમનાં માબાપોની જાણ થાય છે; મોટા ભાગનાંની નથી થતી.'

અમે કિશોર-બ્લૉક બાજુ આગળ વધતાં હતાં.

'તમે આ બાળકોને કેવી રીતે તૈયાર કરો છો ? તેઓ એમની કમનસીબ દશાથી માહિતગાર હોય છે ? એ ઉંમરલાયક થાય ત્યારે તેઓ નૉર્મલ માણસની માફક આ દુનિયામાં જોડાઈ શકે છે ? સમાજ એમને કઈ રીતે સ્વીકારે છે ? તમારો અનુભવ શું કહે છે ?'

'આ બાળકોને સર્વ રીતે તૈયાર કરવામાં અમે અમારાથી બને એટલું બધું કરીએ છીએ. એમની બુદ્ધિ ને બીજી શક્તિઓને લક્ષમાં લઈ એને લાયક તાલીમ આપવા અમે પૂરો પ્રયત્ન કરીએ છીએ. મોટા ભાગે સફળતા મળી છે અમને; પરંતુ કેટલાંક બાળકોની બાબતમાં અમે નિષ્ફળ પણ ગયાં છીએ. તમને એક નક્કર જ દાખલો આપું. તમે પંકજમ્‌ના મિત્ર છો. પંકજમ્ એ આ સંસ્થાની આગવી સિદ્ધિ છે. તમે જાણો છો, એનું નામ અમ્માએ જાણીબૂઝીને આ રાખ્યું છે ? એ કાદવનું કમળ છે. એ આ સંસ્થાનું ફરજંદ છે. અમને એનું મોટું ગૌરવ છે.'

મારી છાતીમાં ભયંકર કડાકો થયો !

'આ સૌમ્ય ને શાંત છોકરીની જોડ શોધવી મુશ્કેલ છે. ભણવામાં એ ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ રહી છે એટલું જ નહીં, બીજાં ક્ષેત્રોમાં પણ એ મોખરે રહી છે. શું લેખન, શું નર્તન કે શું વક્તૃત્વ !'

એ આ સંસ્થાનું ફરજંદ છે... એ કાદવનું કમળ છે... માટે એનું નામ પંકજમ્ છે... મારા મનમાં એ શબ્દો ઘોળાવા માંડ્યા.

'એનાં માબાપની તમને જાણ છે ખરી ?' સહજ જ પ્રશ્ન થઈ ગયો મારાથી.

'ના. એનાં માબાપ, સ્નેહીજનો, જે કંઈ ગણો તે આ સંસ્થા, ને એનાથી પણ અધિકતર એવાં અમ્મા ને અપ્પા.'

મારા હૃદયતલમાં સુપ્ત પૂર્વગ્રહો સળવળવા માંડ્યા : આને કેમ પરણાય ? એ કોણ હશે ? એની મા... જરૂર, પતિતા જ હશે. કેવોય વંશવેલો હશે ! ઓહ ! મારું મન કેવું વિરક્ત બની ગયું છે !

અમે કિશોર-બ્લૉક આગળ આવી પહોંચ્યાં. નાના વાડામાં પંકજમ્ કિશોર-કિશોરીઓને સસલાંઓની સંભાળ કેમ લેવી એના પર સમજૂતી આપી રહી હતી. મારી સામે જોઈ એણે એક મોહક સ્મિત વેર્યું. પરંતુ શીત બની ગયેલા મારાથી સામું ન હસાયું.

તને એના પૂર્વજીવન સાથે શી નિસ્બત ? એને જો : કેવી નિર્મલ, નિર્દોષ ને નિખાલસ ! શું તું તારા પૂર્વગ્રહમાંથી મુક્ત નહીં બની શકે ?

પણ એની મા... મા... કોની સાથે ? કેવોય સંબંધ !

ભયંકર ગજગ્રાહ ચાલવા માંડ્યો મારા મનમાં. લાખ પ્રયત્ન કરવા છતાંય મનમાં ઊઠતી એક પ્રકારની ઘૃણા હું કેમેય કરી રોકી શકતો ન હતો; હૃદયને આળું બનતું અટકાવી શકતો નહોતો. ત્યાંથી ભાગી નીકળવાની વૃત્તિઓ જોર કરી કરીને ઊછળી રહી. હું મૂંગો બની ગયો.

અમે બેઉ ગેસ્ટ હાઉસ તરફ જઈ રહ્યાં હતાં. શાંત સંધ્યા રાત્રિ બની રહી હતી. 'એકદમ કાં શાંત બની ગયા તમે ?'

'અમસ્તો જ.'

'ડેસ્ટિટ્યૂટ હોમ જોયા પછી ઘણાંની આવી સ્થિતિ થઈ જાય છે.'

મારા મને એનામાં દોષ શોધવાની પેરવી કરવા માંડી. પરંતુ આછા અંધકારમાં એનો આકારમાત્ર આકર્ષક લાગ્યો. એના બોલમાં નરી સાલસતા અને પ્રેમાળપણું સંભળાયું. કંઈક ડાઘા શોધવાના મારા પ્રયત્નો નાકામયાબ બન્યા. સવારે જોઈ હતી, જાણી હતી એથીય વધુ સારી ને આકર્ષક જણાતી હતી એ.

એ પણ ચૂપચાપ ચાલી રહી હતી. મને એવો સંદેહ થયો કે એના મનમાં પણ કોઈ જબરી ભાંજગડ ચાલી રહી છે. એકાએક એનો મધુર અવાજ રણકી રહ્યો : 'જુઓ મારે તમને એક અગત્યની વાત કહેવાની છે. તમે કોઈ પણ નિર્ણય લો એ પહેલાં એ વાત તમને કહેવાની હું મારી ફરજ સમજું છું.' હું સમજી ગયો કે એ કઈ વાત મને કહેવાની હતી. જીવનમાં કદીય નહોતું ધડક્યું એમ હૃદય ધક્ધક્ થઈ રહ્યું. મારાં રોગટાં રોમાંચ અનુભવી રહ્યાં.

'મારું જીવન એક અનોખી કહાણી છે. મારું નામ મારી કથા કહી દે છે. મારે ઘર નથી, માબાપ નથી, સ્વજન નથી. દુનિયાના વહેવારની દૃષ્ટિએ જે 'ગૃહ' તમે હમણાં જોયું તે મારું સાચું ઘર છે. ત્યાંનાં સંચાલકો અને ભૂલકાંઓ મારાં સ્વજન છે, અમ્મા ને અપ્પા મારાં માબાપ છે. મારી નાત, મારું ગોત્ર, મારી જાતિ - કશાની મને ખબર નથી. હું કાદવનું ફૂલ છું. પણ મને હું રજમાત્ર હીન ગણતી નથી. બલ્કે મને એનું ગૌરવ છે.' મારા પૂર્વગ્રહો ઓગળતા ગયા. રહી રહીને મારા હૃદયમાં પ્રશ્ન ઊઠી રહ્યો : 'કોઈ પણ સ્ત્રીએ પોતાના જીવનની કલુષિત વાત શું આ રીતે મને કહી હોત ખરી ? આ ઉદાત્ત સંસ્કારની નિશાની નથી શું ? આ ખાનદાની નથી શું ? હું ઊર્મિલ બની ગયો. પંકજમ્‌ની સુંદરતા, એના અવાજની મીઠાશ ને આત્મીયતા, એના દેહની સુગંધ, એના વ્યક્તિત્વની આકર્ષકતા - બધું મારા મનમાં તરી રહ્યું.

'એક વાત પૂછું તમને ?' હું બોલ્યો; ને એ અટકી ગઈ.

'તમે મને સ્વીકારશો, સેલ્વી પંકજમ્ ?' મેં કાંપતા સ્વરે પૂછ્યું.

'શું ?... શું ?... સ્વી...? ના, હા.' એ હર્ષના અતિરેકથી થોથવાઈ ગઈ. એ ગળગળી બની ગઈ. એનો અવાજ ગળામાં ઘૂંટાઈ ગયો. એની વાચા મૌન બની ગઈ. એણે નજીક આવી મારા હાથ પકડી લીધા. એની આંખમાંથી આંસુ સરી રહ્યાં હતાં. મારું હૈયું દ્રવી ઊઠ્યું. એ થોડી સ્વસ્થ બની બોલી : 'સાચે, તમે મને સ્વીકારશો ? હું આ ઉત્તર માટે તૈયાર નથી. તમે મને ચૂપચાપ તરછોડી અહીંથી ચાલ્યા ગયા હોત તો તે વધુ સ્વાભાવિક લાગત. એમ ઘણા ચાલ્યા ગયા છે. તો હું પણ ડોક ઉન્નત કરી, ખભા ઉછાળી, અભિમાનથી ચાલી નીકળી હોત. બીજે દિવસે બધું વીસરી પણ ગઈ હોત. પરંતુ આ નથી માની શકતી. આ પળ માટે વર્ષોથી થોભી છું. મેં એની આશા બિલકુલ મૂકી દીધી હતી. ત્યારે... ત્યારે એ સૌભાગ્યની ઘડી આમ અચાનક આવીને ઊભી રહી છે. નથી જીરવાતી એ મારાથી.'

મેં એનાં આંસું લૂછી નાખ્યાં. એણે મારા હાથ આંખે દાબી દીધા. મને લગભગ ઢસડતી એ બોલી : 'ચાલો, જલદી ચાલો. અમ્મા ને અપ્પાને સમાચાર આપી એને એમના આશીર્વાદ લઈએ.'

મોગરાની મીઠી મહેક વાતાવરણમાં પ્રસરતી મેં અનુભવી.

(૫૪૬)

રક્તદાન ગોરી અને પીળી ચામડી નીચે વહેતા લાલ રંગની કથા

- કેતન મુનશી -

'ધચ્ચ...!' આન્દ્રેની બૅયોનેટ તેના પર ઝળૂંબી રહેલા વિયેટમિન્હ સૈનિકના દેહમાં ઘૂસી ગઈ.

'આઆઆ...' વિયેટમિન્હ સૈનિકે ચિત્કાર નાખ્યો ને તે ધરતી પર ઢળી પડ્યો. તેનો વેદનાભર્યો ચહેરો આન્દ્રેના મનમાં જડાઈ ગયો.

આન્દ્રેએ ઝનૂનથી તેની છાતી પર પગ મૂક્યો અને રાઇફલ ખેંચી કાઢી. સૈનિકના દેહમાં ઘૂસી ગયેલી બૅયોનેટ પરથી રુધિર ટપકી રહ્યું.

હા, બૅયોનેટ કાળી હતી. કાળી એટલા માટે હતી કે આ ઈ.સ. ૧૯૫૪નો મે મહિનો હતો અને આ હિંદીચીનની ધરતી હતી. ધરતી તો વિશ્વમાં બધે હોય છે એવી જ હતી; ફ્રાંસની ધરતીથી એ જરા પણ જુદી નહોતી. ફ્રાંસમાં ઘઉંનાં ખેતરો અને ફળફળાદિના બગીચા હતા, તો અહીં પણ ડાંગરનાં લીલાંછમ ખેતરો એ રબરના બગીચા હતા. ધરતીના પેટાળમાં કોલસા અને લોખંડની ખાણો હતી, તો અહીં પણ કોલસા, કલાઈ અને જસતની ખાણો હતી. ફ્રાંસમાં કરતાં વધુ ગરમ. ફ્રાંસમાં સૂર્યનાં કિરણો પડતાં હતાં, તેમ અહીં પણ પડતાં–ફ્રાંસમાં સારો વરસાદ પડતો હતો તેમ અહીં પણ વરસાદ પડતો હતો, ફ્રાંસ કરતાં વધારે પ્રમાણમાં અને વધારે જોરમાં.

છતાં અહીં ફ્રાંસ અને વિયેટમિન્હ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું. લીલાંછમ ખેતરોને આગ ચંપાતી હતી. ધસમસતી નદીઓ પરના પુરાણા પુલોને તોડી પડાતા હતાં. વર્ષોથી ઊભેલાં મકાનો અને લાકડાંની મિલોને ધરાશાયી કરાતાં હતાં. અનેક માનવીઓનો સંહાર થઈ રહ્યો હતો. એ સંહાર કરવા માટે બૅયોનેટ હતી, ને એટલા માટે જ રાઇફલ પર ખોસેલી એ બૅયોનેટ કાળા રંગેં રંગવામાં આવી હતી, જેથી એ સૂર્યનાં કિરણોનું પ્રતિબિંબ પાડી પોતાની હાજરીની ચાડી ખાય નહિ.

જમીન પર ઢળી પડેલા વિયેટમિન્હ સૈનિક તરફ બીજી નજર નાખ્યા વિના આન્દ્રે આગળ વધ્યો, આગે કદમ...આગે કદમ...

આગે...આગે....વધુ આગે કદમ...ખટ્, ખટ્... રાઈફલના અવાજો; થટ્, થટ્, થટ્, થટ્...મશીનગનમાંથી છૂટતી ગોળીઓ; ધુમ્મ, ધુમ્મ... ગર્જના કરતી તોપો; વિમાનોનો ઘરઘરાટ; આકાશમાંથી ધરતી પર ફેંકાતા બૉમ્બ; ધુમાડા ને દારૂગોળાની તીવ્ર વાસ; સનન્નન્, સનન્નન્ વીંઝાતી ગોલાઓ; સૈનિકોના દેહમાં ખોસાતી બૅયોનેટો; આઆઆ... સૈનિકોના ચિત્કારો; ઝાંખરાં; વહી રહેલાં રૂધિરથી લપસણી બનેલી જમીન, પગ નીચે કચરાતાં શબો...આગે...આગે...હજી વધુ આગે કદમ...

લશ્કરી રેશનનો છેલ્લો કોળિયો મોંમાં મૂકી આન્દ્રેએ કૉફીનો પ્યાલો હાથમાં લીધો અને સિગારેટ સળગાવી. ઘડીભર સિગારેટમાંથી નીકળતા ધુમાડા સામે તાકી રહ્યો; પછી બોલ્યો : 'આખો દિવસ ધુમાડો અને રાત્રે પણ આ ધુમાડો... પણ એ બે વચ્ચે કેટલો ફેર છે !'

'દારૂગોળો અને સિગારેટ ! એક માનવીને મારવાનું સાધન અને બીજું માનવીનો થાક ઉતારવાનું સાધન, એવું જ કંઈક તું કહેવા માગે છે ને ?' પોલે કહ્યું, 'પણ બંનેને બનાવ્યાં છે માનવીએ જ. અને એ એક રીતે બંને વચ્ચે કશો તફાવત નથી.'

'મને તો એ જ વિચાર આવે છે કે માનવીએ દારૂગોળો શા માટે બનાવ્યો હશે ? પીએર બોલ્યો.

'દારૂગોળો બનાવ્યો શા માટે ? કેટલો વિચિત્ર સવાલ !' આન્દ્રેએ કહ્યું, 'અલબત્ત, આ મોંગોલો જેવા નાલાયક લોકોને મારવા માટે.'

'આન્દ્રે, એક સવાલ પૂછું ?' પીએરે કહ્યું, 'વિયેટમિન્હ સૈનિકો તરફ તને આટલો બધો ધિક્કાર કેમ છે ?'

આનદ્રેએ પીએરના પ્રશ્નનો કશો જવાબ આપ્યો નહિ. થોડી વાર સુધી તે સિગારેટના દમ લેતો મૂંગોમૂંગો બેસી રહ્યો. પછી તેણે કહ્યું, 'કહીશ, કોઈક વાર.'

ત્યાં તંબૂના બારણા આગળનો પડદો ખસેડીને લશ્કરી પોલીસમૅન દાખલ થયો : 'આન્દ્રે મેનાર્દ કોણ છે?' તેણે પૂછ્યું.

'હું આન્દ્રે.' આન્દ્રેએ કહ્યું, 'કેમ શું છે ?'


'ડૉકટર મૉસેલ બોલાવે છે, જલદી.' કહી લશ્કરી પોલીસ ચાલ્યો ગયો. આન્દ્રે કોફીના છેલ્લા બે ઘૂંટડા ગળે ઉતારી સિગારેટનો છેલ્લો દમ લઈ ઊભો થયો.

તંબૂના બારણા આગળનો પડદો ખસેડી આન્દ્રેએ બહાર ડોકિયું કર્યું, તો જોયું કે વરસાદ જોરમાં પડતો હતો. ડૉકટરને આવે સમયે, અને તેય તાકીદનું શું કામ પડ્યું હશે તેનો વિચાર કરતો તે રેઈનકોટ ચડાવી તંબૂની બહાર નીકળ્યો.

ડૉ. મૉસેલની કામચલાઉ હૉસ્પિટલ છાવણીને છેક બીજે છેડે આવેલા, અને જેનો ઉપલો માળ તૂટી ગયો હતો એવા ઈંટના બનાવેલા મકાનમાં હતી. ધોધમાર વરસતા વરસાદમાં, જમીન પર જામેલા કાદવમાં જેમતેમ ચાલતો આન્દ્રે હૉસ્પિટલ પર પહોંચ્યો.

હૉસ્પિટલમાં દાખલ થતાં આન્દ્રેએ જોયું કે છ–સાત ભાંગેલા-તૂટેલા ખાટલાઓ પર ઘાયલ થયેલા સૈનિકો પડેલા હતા. નવ-દસને તો જમીન પર સુવડાવેલા હતા. એક ખૂણામાં ત્રણ ભાંગેલાં

સ્ટૂલ પડેલાં હતાં. આખા ઓરડામાં માત્ર એક જ દીવો હતો અને તે ઓરડાના ચોથા ભાગને પણ મુશ્કેલીથી પ્રકાશિત કરી શકતો હતો. દીવા પાસે એક લાંબા ટેબલ પર એક માનવી પડેલો હતો અને બાજુના ઊંચા સ્ટૂલ પર વાઢકાપનાં કેટલાંક ઓજારો પડેલાં હતાં. ઓરડામાં તીવ્ર ઍન્ટિસેપ્ટિકની વાસ પ્રસરી રહી હતી. પણ ભાંગી ગએલી બારીઓમાંથી આવતા ઠંડા પવનના ઝપાટાને કારણે તેની તીવ્રતા ઓછી થઈ જતી હતી. આખો ઓરડો સખત ભેજ મારી રહ્યો હતો.



દીવા પાસે ડૉ. મૉસેલ ઊભા હતા. તેમણે લશ્કરી પોપાક પહેરેલો હતો. છતાં તેમનું સૌમ્ય અને અનોખું વ્યક્તિત્વ છાનું રહેતું નહોતું. તેમની ઊંચાઈ બહુ નહોતી. દાઢીના વાળ સફેદ થવા આવ્યા હતા. પણ તેમની આંખમાં થાક સ્પષ્ટ વરતાઈ આવતો હોવા છતાં તેજ હતું.

'બોં-ઝુ, આન્દ્રે !' આન્દ્રે ઓરડામાં પ્રવેશતાં ડૉ. મૉસેલે કહ્યું. 'તું હજી જીવતો છે ?'

'હા, હું હજી જીવતો છું; અને તેનો યશ કે અપયશ, તમારો છે એ તમે જાણો છો.' આન્દ્રેએ રેઈનકોટ ઉતારતાં કહ્યું : 'પણ અત્યારે આટલી ઉતાવળે, માત્ર હું જીવતો છું કે નહિ એ જાણવા માટે મને અહીં બોલાવ્યો છે ?'

'ના, આન્દ્રે,' ડૉ. મૉસેલે કહ્યું, 'ખાસ જરૂર પડી છે એટલે જ બોલાવ્યો છે.' અને પછી તેમણે કહ્યું, 'તારું ખમીસ ખોલ.'

આન્દ્રેએ ખમીસનાં બટન ખોલ્યાં. ડૉ. મૉસેલે આન્દ્રે પાસે આવી તેણે ગળામાં પહેરેલી ચેઈનમાં બાંધેલા પતરાના ટુકડાને ધારી ધારીને જોયો અને સંતોષનો શ્વાસ લેતાં બબડ્યા, 'બી.આર. એચ. નેગેટિવ ! ઈશ્વરનો આભાર કે તું હજી જીવતો છે !'

આન્દ્રેને હજી ડૉ. મૉસેલના વર્તનમાં સમજ પડતી નહોતી. તેણે કહ્યું, 'પણ વાત શું છે એ તો કહો.'

ડૉ. મૉસેલ આન્દ્રેનો હાથ ઝાલી તેને દીવા પાસેના ટેબલ તરફ દોરી ગયા. ત્યાં તેમણે ટેબલ પર પડેલા ઘાયલ સૈનિક તરફ આંગળી ચીંધી ને કહ્યું, 'વાત આ છે.'

આન્દ્રેએ ઘાયલ સૈનિક તરફ જોયું અને પળભર એ સ્તબ્ધ થઈ ગયો. તેણે હજી ચાર-પાંચ કલાક પહેલાં જ જેના દેહમાં પોતે બેયોનેટ ખોસી હતી તે જ આ વિયેટમિન્હ સૈનિક હતો. તેનું ભાન ચાલ્યું ગયું હતું અને તે મૃત્યુ પામેલા માનવીની જેમ નિશ્ચેતન પડ્યો હતો. તેની છાતી અને કમરનો ભાગ વસ્ત્રવિહીન હતો અને તેના જમણા પડખા પર બાંધેલા પાટા પર, ઘામાંથી હજી નીકળતા થોડાક લોહીને કારણે લાલ ધાબું પડ્યું હતું.

'આ સૈનિક ગંભીર રીતે ઘવાયો છે.' ડૉ. મૉસેલે કહ્યું, 'તેને જિવાડવા લોહી આપવાની જરૂર છે.'

'પણ તેને જિવાડવાની જ શી જરૂર છે ?' આન્દ્રેએ કહ્યું. 'આ તો વિયેટમિન્હ સૈનિક છે.'

'ડૉકટરનું કામ માનવીને જિવાડવાનું છે.' ડૉ. મૉસેલ બોલ્યા, 'પછી એ મિત્ર હોય કે શત્રુ હોય. વળી, ધાર કે તું ઘવાયો હોત અને વિયેટમિન્હ છાવણીમાં પડ્યો હોત તો...?'

આન્દ્રેએ ડૉ. મૉસેલની વાત પર ઘડીભર વિચાર કરી જોયો અને તેને ડૉકટરની વાત બરાબર લાગી : ધારો કે પોતે ઘવાયો હોત અને વિયેટમિન્હ સૈન્યની છાવણીમાં નિઃસહાય પડ્યો હોત.....

'પણ એમાં મને બોલાવવાનું શું કારણ ?' આન્દ્રેએ કહ્યું. તેણે વિચાર્યું, આ સૈનિકને પોતે ઘાયલ કર્યો હતો એની ડૉ. મૉસેલને ખબર હોય એ તો અશક્ય જ હતું, અને કદાચ ખબર હોય તોપણ ડૉકટર માત્ર એટલા જ માટે પોતાને બોલાવે એ પણ સંભવિત નહોતું. યુદ્ધનો હેતુ જ શત્રુને મારવાનો હતો. તો પછી....

'કારણ કે તેને તારા લોહીની જરૂર છે.' ડૉ. મોસેલે કહ્યું.

'મારા લોહીની ?!' આન્દ્રેએ નવાઈ પામતાં કહ્યું.

'હા, આન્દ્રે.' ડૉ. મૉસેલ બોલ્યા, 'અત્યારે વિગતમાં જવાનો સમય નથી તેમજ પ્રસંગ પણ નથી. તને કદાચ ખબર હશે કે માનવીના લોહીનું તેમાં રહેલાં જુદાં જુદાં તત્ત્વો અનુસાર સામાન્ય રીતે ચાર પ્રકારમાં વર્ગીકરણ કરવામાં આવે છે. એક 'એ-બી'

ગ્રૂપ, બીજો 'એ' ગ્રૂપ, ત્રીજો 'બી' ગ્રૂપ અને ચોથો 'ઓ' ગ્રૂપ. આ ચાર ગ્રૂપમાંથી જેનું લોહી 'એ-બી' ગ્રૂપનું હોય તેવા માણસને લોહી આપવાની જરૂર પડે તો તેને બધા ગ્રૂપનું લોહી આપી શકાય છે. પણ 'એ' ગ્રૂપનું લોહી ધરાવતા માણસને 'એ' અને 'ઓ' ગ્રૂપનું જ આપી શકાય, 'બી' ગ્રૂપનું લોહી ધરાવતા માણસને 'બી' અને 'ઓ' ગ્રૂપનું જ અને 'ઓ' ગ્રૂપનું લોહી ધરાવતા માણસને માત્ર 'ઓ' ગ્રૂપનું જ લોહી આપી શકાય છે.'

આટલું કહી ડૉ. મૉસેલ અટક્યા. પછી તેમણે નીચા વળી વિયેટમિન્હ સૈનિકના ગળામાં બાંધેલી ચેઈનમાંનું પતરું ઉપાડ્યું અને તે વાંચતાં કહ્યું : 'આ સૈનિકનું લોહી 'બી' ગ્રૂપનું છે, પણ એ એક રીતે વિશિષ્ટ છે, કારણ કે તેનું 'આર.એચ. ફેક્ટર' નેગેટિવ છે.'

આન્દ્રેને ડૉ. મૉસેલની વાતમાં થોડોક રસ પડ્યો. તેણે કહ્યું, 'તો પછી એને કઈ જાતનું લોહી આપી શકાય ?'

'આર. એચ. ફેક્ટર નેગેટિવ હોય તે માણસનું જ; અને તે પણ માત્ર જે માણસનું લોહી 'બી' ગ્રૂપનું હોય તેનું જ લોહી આપી શકાય. આવું લોહી મળવું મુશ્કેલ હોય છે. બહુ બહુ તો સેંકડે એક માણસનું લોહી આ પ્રકારનું હોય છે. અને મેં હમણાં આપણી ફાઈલો જોઈ તે પ્રમાણે આપણી ટુકડીમાં માત્ર બે જ જણનું લોહી આ પ્રકારનું છે. તારું અને ક્રિશ્ચિયન ગારોનનું. ગારોન ઘવાઈને પેલા ખાટલા પર પડ્યો છે. હવે તને સમજાશે કે મેં શા માટે તને ઉતાવળે બોલાવ્યો છે !'

આન્દ્રે થોડી વાર વિચારમાં ડૂબી ગયો : આ સૈનિકને પોતાનું લોહી આપવું ? આ વિયેટમિન્હ પક્ષના - શત્રુપક્ષના સૈનિકને, જેને પોતે જ ઘાયલ કર્યો હતો ને જેના પક્ષના માણસોએ... આન્દ્રેની આંખમાં ઝનૂન ઊભરાઈ આવ્યું. તેણે કહ્યું, 'હું આને લોહી આપવા તૈયાર નથી !'

ડૉ. મૉસેલ નવાઈ પામતાં આન્દ્રે સામે તાકી રહ્યા. તેમણે કહ્યું, 'પણ લોહી આપવામાં તને કશો જ વાંધો નહિ આવે. તું જુવાન છે, નીરોગી છે અને તારા શરીરમાંથી માત્ર ૫૦૦ સી.સી. જ લોહી લેવાનું છે. આટલું લોહી તો કોઈ પણ માણસ વિના હરકતે આપી શકે. એમાં શરીરને કે શક્તિને આંચ આવવાનો જરા-સરખો પણ સંભવ નથી. હું ખાતરી આપું છું !'

'મને હરકત આવવાનો સવાલ નથી. હું આને લોહી આપવા જ માગતો નથી.' આન્દ્રેએ કહ્યું.

'શા માટે ?' ડૉ. મૉસેલે પૂછ્યું. આન્દ્રેએ કશો જવાબ વાળ્યો નહિ. થોડી વાર બેમાંથી કોઈ કશું બોલ્યું નહિ. પછી ધીરે રહીને ડૉ. મૉસેલ બોલ્યા, 'આન્દ્રે, પાંચ-છ મહિના પહેલાં તું ઘવાઈને આવા ટેબલ પર પડ્યો હતો તે યાદ છે ?'

'હા,' આન્દ્રે બોલ્યો, 'અને એ પણ યાદ છે કે તમે તે વેળા મારી સારવાર કરી ન હોત તો આજે હું જીવતો ન હોત.'

'તો હું તને વિનંતી કરું છું, તારી પાસે ભીખ માગું છું કે બીજા કશા ખાતર નહિ તો માત્ર મારે ખાતર તું આને લોહી આપ !' ડૉ. મૉસેલે કહ્યું, 'મને એટલું પણ તું નહિ આપે ?'

આન્દ્રે વળી પાછો વિચારમાં પડી ગયો. તેને પોતે ઘવાયો હતો તે દિવસો યાદ આવ્યા. તે વેળા ડૉ. મૉસેલે વિષમ સંજોગોમાં તાકીદનું ઑપરેશન કર્યું હતું, જે ઑપરેશન ન કરાયું હોત તો પોતે જીવત નહિ એ નક્કી હતું. અને ઑપરેશન પછી પણ ડૉ. મૉસેલે પોતાને કેટલી બધી સહાય કરી હતી ! ત્યારથી ડૉ. મૉસેલ ને પોતે મિત્રો બની રહ્યા હતા. શું તેમને ખાતર પોતે થોડી વાર માટે ભૂતકાળ ભૂલી જઈ ન શકે ?

'સારું, હું તૈયાર છું.' આન્દ્રે બોલ્યો.

ડૉ. મૉસેલનો સૌમ્ય ચહેરો હર્ષથી દીપી ઊઠ્યો.

તેમણે સ્ટૂલ પર પડેલા ગરમ પાણીના વાસણમાંથી બે સિરિંજ ઉપાડી અને તેમાં સોય ખોસી. પછી તેમણે આન્દ્રેનો ડાબો હાથ સાફ કરી એક નસ પસંદ કરી, અને ત્યાં રૂ વડે સ્પિરિટ લગાડ્યું.

'નસમાં સોય મૂકવાની છે એટલે જરાક દુખશે,' એવી આન્દ્રેને ચેતવણી આપી તેમણે સોય આન્દ્રેના હાથની નસમાં ખોસી. આન્દ્રેએ દુખવા છતાં બૂમ પાડી નહિ. તે તો સિરિંજ સામે તાકી રહ્યો હતો. સિરિંજમાં ઝડપથી લોહી ભરાયે જતું હતું. આન્દ્રેને લોહી ગુમાવવા બદલ અફસોસ નહોતો. પણ લોહી સાથે પોતાનું બીજું કશું ગુમાઈ જતું હતું તેનો અફસોસ હતો. સિરિંજનો કાચ વધુ ને વધુ લાલ થતો જતો હતો.

એક સિરિંજ ભરાઈ ગઈ એટલે મૉસેલે આન્દ્રેની નસમાંથી સોય બહાર કાઢ્યા વગર જ સોયથી તે જુદી પાડી બાજુએ મૂકી અને સોય સાથે બીજી સિરિંજ ભેરવી. થોડી જ વારમાં બીજી સિરિંજ પણ ભરાઈ ગઈ. ડૉ. મૉસેલે આન્દ્રેની નસમાંથી સોય કાઢી કહ્યું, 'બસ., આટલી વારમાં પતી પણ ગયું. આમાં તે શી મોટી વાત હતી ! દુનિયામાં હજારો માણસો લોહી આપે છે. કેટલાક તો અઠવાડિયામાં બેત્રણ વાર આપે છે; અને કેટલાકને રોગને કારણે લોહી કઢાવી નાખવું પડે છે. તને થાક જેવું લાગે છે ?'

'ના', આન્દ્રેએ કહ્યું.

ડૉ. મૉસેલે સિરિંજમાંથી લોહી ખાલી કરીને બ્લડ-બૉટલમાં ભર્યું અને ટેબલ પાસેના ઊંચા સ્ટૂલની કોર પર બૉટલને સંભાળીને મૂકી. પછી તેમણે બૉટલ સાથે રબરની નળી જોડી અને નળીને બીજે છેડે આન્દ્રેની નસમાંથી લોહી કાઢવા માટે જે સોય વાપરી હતી તે સોય ભેરવી. પછી તેમણે તે સોયને નિશ્ચેતન પડેલા વિયેટમિન્હ સૈનિકની નસમાં ખોસી અને બ્લડ-બૉટલની ક્લિપ

ખોલી. નળીમાંથી લોહી વહેવાનું શરૂ થયું. ડૉ મૉસેલે કપાળ પરથી પરસેવો લૂછ્યો.

'આટલું લોહી આના શરીરમાં જતાં કેટલો સમય લાગશે ?'

'એકાદ ક્લાક.' ડૉ. મૉસેલે જવાબ આપ્યો : 'લોહી માણસના શરીરમાંથી ઝડપથી કાઢી શકાય છે, પણ ઝડપથી દાખલ કરી શકાતું નથી. બહુ બહુ તો મિનિટનાં ચાળીસ ટીપાંને હિસાબે લોહી આપી શકાય.'

'હં.' કહી આન્દ્રેએ ખિસ્સામાંથી સિગારેટ કાઢી તેમાંની એક ડૉ. મૉસેલને આપી ને એક પોતે ચેતાવી. પછી તેણે પૂછ્યું : 'લોહી આપવાથી આ માણસ જીવશે ખરો ?'

'ચોક્કસ કહી શકાય નહિ. પણ જો લોહી ન આપ્યું હોત તો તો તેનું મૃત્યુ નક્કી જ હતું.' ડૉ. મૉસેલે કહ્યું. 'એને લોહી આપવાથી જીવશે જ એવી કશી ખાતરી નથી. બહુ બહુ તો પચાસ ટકા જેટલી શક્યતા છે એમ માની શકાય.'

'નહિ જીવે તો સારું.' આન્દ્રે બોલ્યો.

'કેમ ? તને તારું લોહી આપ્યા પછી આ માણસ જીવે તો સારું એવી લાગણી નથી થતી ?'

'ના.' આન્દ્રેએ કહ્યું.

ડૉ. મૉસેલ થોડી વાર શાંત રહ્યા. પછી તેમણે કહ્યું, 'આન્દ્રે, મને ઘણી વાર લાગ્યું છે કે તને વિયેટમિન્હ સૈનિકો પ્રત્યે વધારે પડતો ધિક્કાર છે. એમ તો દરેક સૈનિકને શત્રુ પ્રત્યે ધિક્કાર હોય છે, પણ એની પણ કોઈ હદ હોય છે. આખરે તો શત્રુપક્ષનો સૈનિક પણ માણસ જ છે ને ? તારા આ વધારે પડતા ધિક્કારનું કારણ શું છે ?'

આન્દ્રેએ ઘણી વાર સુધી આ સવાલનો કશો જવાબ વાળ્યો નહિ. આ ને આ જ સવાલ આજે તેને બીજી વાર પુછાયો હતો. કેટલીક મિનિટો વહી ગઈ. આન્દ્રે મૂંગો મૂંગો સિગારેટના સળગતા છેડા સામે જોઈ રહ્યો. આખરે તે બોલ્યો : ડૉ. મૉસેલ, એ એક બહુ કરુણ કથની છે. મેં આજ સુધી કોઈને એ કહી નથી, પણ અત્યારે...'

આન્દ્રેએ સિગારેટ જમીન પર ફેંકી તેને બૂટ વડે ચગદી નાખી ને એક સ્ટૂલ પર બેસતાં બોલ્યો : 'તમને કદાચ ખબર નહિ હોય ડૉ. મૉસેલ, પણ હું હિંદીચીનમાં જ જન્મ્યો છું. મારી ચાર પેઢી પહેલાં, ૧૮૦૧માં મારા વડવા અહીં આવ્યા અને સોંગ-કી, લાલ નદીને કિનારે રબરનાં ઝાડોની પદ્ધતિસર વાવણી શરૂ કરી. મારા પિતા, મોંસ્યુ મેનાર્દ વીસ એકર જમીનમાં આવેલાં રબરનાં ઝાડોના માલિક હતા.

હું લાલ નદીને કિનારે જ જન્મ્યો અને મારું નાનપણ પણ ત્યાં જ ગયું. દસ વર્ષનો થયો ત્યારે મને ફ્રાંસની એક બોર્ડિંગ સ્કૂલમાં મોકલ્યો. આમ છતાં દર વર્ષે એકાદ-બે મહિના માટે હું અહીં આવી જતો. અહીં આવવાનાં ઘણાં આકર્ષણો હતાં. અહીં મારા પિતા હતા, મા હતી અને મારાથી ચાર વર્ષ નાની બહેન હતી. કૅરોલીન એનું નામ. વળી અહીં મારા વડવાઓના પસીના વડે ઊભો થએલો રબરનાં ઝાડોનો બગીચો હતો. કોઈ સુંદર સવારે, ઝરમર વરસતા વરસાદમાં, જ્યારે પ્રકૃતિ આળસ મરડીને જાગતી હોય અને નાહીને નિષ્કલંક બની રહી હોય, ત્યારે રબરનાં ઝાડો પર ચપળતાથી ચડી જતા મજૂરોને જોવા મને બહુ ગમતા. બગીચાની ઉત્પન્નને 'પ્રોસેસ' કરવા માટે એક નાનું કારખાનું પણ હતું.

૧૯૫૨ની સાલની વાત છે. ત્યારે હું પચીસેક વર્ષનો થયો હતો અને મેં પારીસ વિદ્યાપીઠની રાજકારણના વિષયની પદવી મેળવી લીધી હતી. એક દિવસ મારે કારખાનાના એક કામને લીધે બગીચો છોડી હૉનૉય જવાનું હતું. ચાર દિવસ રહીને પાછો આવ્યો ત્યારે જોયું કે સર્વનાશ થઈ ગયો હતો ! વર્ષોથી ઊભેલા અમારા મકાનનો નાશ થઈ ગયો હતો. કારખાનાના ભંગારમાંથી હજી ધુમાડો નીકળતો હતો. રબરનાં ઝાડો પર કુહાડા મરાયા હતા અને એ છેદોમાંથી નીકળતો રસ નીચેની ધૂળમાં જામી રહ્યો હતો. મારા પિતા, મા અને બહેનનાં શબો, લગભગ ઓળખી ન શકાય તેવી દશામાં, અરધાં છૂંદાયેલાં, અરધાં બળેલાં એક બાજુ પડ્યાં હતાં.

આ હતી હિંદીચીનવાસીઓની ગેરીલા પ્રવૃત્તિ. મને તે ઘડીએ વિશ્વના બધા હિંદીચીનવાસીઓનું ખૂન કરવાની ઇચ્છા થઈ આવી. બીજે દિવસે હું ફ્રેન્ચ સૈન્યમાં દાખલ થઈ ગયો.' આન્દ્રેએ વાત પૂરી કરી.

ડૉ. મૉસેલ થોડી ક્ષણો શાંત રહ્યા. પછી તેમણે ધીમે સાદે કહ્યું, 'હવે મને સમજાય છે... ...'

આન્દ્રે કશું બોલ્યો નહિ. તે ઊભો થઈ હૉસ્પિટલનાં બારણાં આગળ જઈને ઊભો રહ્યો. વરસાદ જોરમાં વરસી રહ્યો હતો અને વારંવાર ઝબૂકતી વીજળીઓ આકાશપટને છેદી ધરતીમાં સમાઈ જતી હતી. તેમના ચમકારા પછી તુરત જ ઘોર ગર્જના સંભળાતી હતી. વરસતા વરસાદમાં, પુરજોશમાં ફૂંકાતા પવનને લીધે આજુબાજુનાં ઝાડો હિલોળા લઈ રહ્યાં હતાં અને બિહામણો અવાજ કરી રહ્યાં હતાં, જાણે તાંડવ ચાલી રહ્યું હોય એવો ભાસ થતો હતો.

'ધિક્કાર !' આન્દ્રે પોતાના મન સાથે બબડ્યો : 'આજે વિશ્વમાં સર્વત્ર ધિક્કાર પ્રસરી રહ્યો હતો. ફ્રેન્ચો જર્મનોને ધિક્કારતા હતા, અમેરિકનો રશિયનોને ધિક્કારતા હતા, રશિયનો અમેરિકનોને ધિક્કારતા હતા, આફ્રિકનો બ્રિટિશરોને ધિક્કારતા હતા, હિંદીઓ ફિરંગીઓને ધિક્કારતા હતા, કોરિયાવાસીઓ અને ચીનાઓ તો પોતાના જ ભાઈઓને ધિક્કારતા હતા,

હિંદીચીનવાસીઓ ફ્રેન્ચોને ધિક્કારતા હતા, ફ્રેન્ચો હિંદીચીનવાસીઓને ધિક્કારતા હતા... શા માટે ?'

ત્યાં આન્દ્રેએ વિચાર આવ્યો : 'પરસ્પરના ધિક્કારની આ લાંબી યાદીમાંથી જ શું ધિક્કારનું કારણ નહોતું મળી રહેતું ? ફ્રેન્ચો તેમના પડોશી જર્મનાને શા માટે ધિક્કારતા હોવા જોઈએ ? ચીનાઓને પોતાના ભાઈઓ પ્રત્યે જ ધિક્કાર રાખવાનું શું કારણ હતું ? દરેકેદરેક કિસ્સાની પાછળ રાજકીય કારણ નહોતું ? સામ્રાજયની ઘેલછા નહોતી ? અને એ રાજકીય શતરંજનાં પ્યાદાં માનવીઓ હતાં - જીવતાંજાગતાં માનવીઓ; અને એટલા માટે જ એમને બીજા માનવીઓને ધિક્કારવાનું શીખવાયું હતું !

આન્દ્રેને યાદ આવ્યું કે પોતે પણ હિંદીચીનવાસીઓને કાંઈ પહેલેથી જ ધિક્કારતો નહોતો. બાળપણમાં એ કેટલાયે હિંદીચીનવાસીઓ સાથે રમ્યો હતો. તેની આયા હિંદીચીનવાસી હતી. તે પંદર વર્ષનો થયો ત્યારે તો એક હિંદીચીનવાસી બાળાના પ્રેમમાં પણ પડ્યો હતો. પરંતુ ૧૯૪૨માં જાપાનીઓએ હિંદીચીન કબજે કરી લેતાં મેનાર્દ કુટુંબને ફ્રાંસ નાસી જવું પડ્યું હોવાથી આ પ્રેમકિસ્સો અરધેથી જ અટકી ગયો હતો. છતાં હજી તેણે એ પ્રથમ પ્રેમની મધુર સ્મૃતિ સાચવી રાખી હતી.

આન્દ્રેએ પાછા ફરીને ટેબલ પર પડેલા વિયેટમિન્હ સૈનિક તરફ નજર નાખી. આ સૈનિક કદાચ પોતાની પહેલી પ્રિયતમાનો સંબંધી પણ હોઈ શકે, કે પોતાનો નાનપણનો ભેરુ પણ હોઈ શકે. આવા કોઈ પણ માણસના દેહમાં, સામાન્ય સંજોગોમાં, બૅયોનેટ ખોસવાનો પોતાને વિચાર સરખો પણ આવત ખરો ?

અને તે ભેરુ ન હોય તોપણ શું ! આખરે તે પણ હતો તો એક માનવી જ ને ? જેવી રીતે અત્યારે પોતાનું લોહી તેને અપાઈ રહ્યું હતું તેવી રીતે જો પોતે ઘવાયો હોત તો કદાચ તેનું લોહી પોતાને અપાઈ રહ્યું હોત. આન્દ્રેએ ઊંચા સ્ટૂલ પર મૂકેલી બ્લડ-બૉટલ તરફ નજર કરી. હજી એ માંડ અરધી ખાલી થઈ હતી. લોહી અત્યંત ધીમી ગતિથી વિયેટમિન્હ સૈનિકના દેહમાં જતું હતું, ટીપે... ટીપે...

કેટલી વિચિત્ર વાત હતી ! પોતે જે માનવીને મારી નાખવા માગતો હતો અને જેના પડખામાં બૅયોનેટ ખોસી હતી, તેને જ પાંચ કલાક પછી પોતે પોતાનું લોહી આપી રહ્યો હતો; જેને પોતે ધિક્કારતો હતો તેને જ પોતાના દેહની અત્યંત મૂલ્યવાન ચીજ આપી રહ્યો હતો. કેટલી વિચિત્ર વાત હતી ! પોતે જેને મારી નાખવા માગતો હતો...

પણ પોતે શા માટે તેને મારી નાખવા માગતો હતો ? આ સૈનિકે તેનું શું બગાડ્યું હતું ? જો બગાડ્યું હોય તો તે વિગ્રહે. જો વિગ્રહ ન હોત તો ધિક્કાર ન હોત, ગેરીલા પ્રવૃત્તિ ન હોત, સંહાર ન હોત. અને જેવી રીતે હિંદીચીનવાસીઓએ મેનાર્દ કુટુંબનો નાશ કર્યો તેવી રીતે પોતે અને પોતાના સાથીદારોએ પણ હિંદીચીનવાસીઓનાં કુટુંબોનો, અરે આખાનાં આખાં ગામોનો નાશ નહોતો કર્યો ? આ સૈનિક વિયેટમિન્હ પક્ષનો હતો, પણ એ બાદ કરીએ તો એનો શો વાંક હતો ?

આન્દ્રેએ ફરીથી બ્લડ-બૉટલ સામે નજર નાખી. હજી એમાંના લોહીની સપાટીમાં ખાસ ફરક પડ્યો હોય એવું લાગતું નહોતું. લોહી અત્યંત ધીમે ધીમે જઈ રહ્યું હતું... ટીપે... ટીપે...

પણ આ લોહી આપવા છતાં તે સૈનિક જીવશે ખરો ?

આન્દ્રે ટેબલ પર સુવાડેલા વિયેટમિન્હ સૈનિક પાસે જઈને ઊભો રહ્યો : 'આ સૈનિક જીવશે ખરો ?' તેણે ડૉ. મૉસેલને પૂછ્યું.

ડૉ. મૉસેલે નીચા નમીને સૈનિકની નાડી તપાસી. હજી મંદ હતી. 'ડૉ. મૉસેલે ડોકું ધુણાવ્યું, 'હજી કંઈ કહી શકાય નહિ.' તેમણે કહ્યું.

'ડૉ. મૉસેલ,' આન્દ્રે બોલ્યો, 'હું તમને એક વાત કહેવા માગું છું.'

ડૉ. મૉસેલે ઊંચું જોયું. 'આ સૈનિકને મેં જ ઘાયલ કર્યો છે..' આન્દ્રે બોલ્યો.

ડૉ. મૉસેલ કશું બોલ્યા નહિ પણ તેમની આંખમાં આન્દ્રે માટેની પ્રશંસા સ્પષ્ટપણે વરતાઈ આવી. ત્યાં વિયેટમિન્હ સૈનિકનો હાથ જરા હાલ્યો. ડૉ. મૉસેલે ફરી પાછી નાડી તપાસી અને પછી સૈનિકની છાતી પર કાન મૂક્યો. પછી તેમણે કહ્યું, 'જીવી જશે એમ લાગે છે.'

આન્દ્રેએ સંતોષનો શ્વાસ લીધો"અને લાગણીભરી નજરે ઘાયલ સૈનિક તરફ એ જોઈ રહ્યો. તેના મોં પર સ્મિતની આછી રેખા ફરકી ગઈ.

ડૉ. મૉસેલ પોતાની આંખો પર વિશ્વાસ ન આવતો હોય એવી રીતે નવાઈ પામીને આન્દ્રે સામે તાકી રહ્યા.

આન્દ્રેએ સંતોષનો શ્વાસ લીધો. અને લાગણીભરી નજરે ઘાયલ સૈનિક તરફ જોઈ રહ્યો. તેના મોં પર સ્મિતની આછી રેખા ફરકી ગઈ.

ડૉ. મૉસેલ પોતાની આંખો પર વિશ્વાસ ન આવતો હોય એવી રીતે નવાઈ પામીને આન્દ્રે સામે તાકી રહ્યા.

આન્દ્રેએ ડૉ. મૉસેલનો હાથ ઝાલ્યો, 'બોં-ન્યૂઈ ડૉ. મૉસેલ ! તમારી મદદ માટે આભાર.'

'મારી મદદ ?' ડૉ. મૉસેલને સમજ પડી નહિ. પણ આન્દ્રેએ તો ક્યારનું ચાલવા માંડ્યું હતું.

એ તૂટેલા મકાનમાંની કામચલાઉ હૉસ્પિટલમાંથી આન્દ્રે બહાર નીકળ્યો ત્યારે વરસાદ અટકી ગયો હતો અને વાદળ પણ વીખરાઈ ગયાં હતાં. સ્વચ્છ આકાશમાં અસંખ્ય તારા ચમકી રહ્યા હતા. (૭૮૩)

ડૅડી

- બકુલ બક્ષી -

રાનીખેતના બસ-સ્ટૉપથી નંદાદેવી, ત્રિશૂળ અને બીજાં ઘણાં હિમાલયનાં શિખરો દેખાય છે. રાત પડી ગઈ હતી એટલે કંઈ જ દેખાતું ન હતું. થોડા કુલીઓ બીડીઓ ફૂંકતા બેઠા હતા અને પાસેની હોટેલની બત્તીની આસપાસ ધુમ્મસ હતું. ડૅડીનું કૉટેજ કુમાઉં રેજિમેન્ટલ સેન્ટરની પાસે જ હતું - બસ-સ્ટૉપથી લગભગ બે ફર્લાંગ. મે ઍટેચી લઈને ચાલવા માંડ્યું.

કૉટેજના ગાર્ડનનો નાનો દરવાજો અંદરથી બંધ કરી રહ્યો હતો ત્યાં જ છેદીલાલે બહાર આવી ઍટેચી લઈ લીધી : 'છોટે સા'બ, આજ બસ લેટ હો ગઈ ક્યા ?'

'હાં. કૈસે હો ?'

'બસ સા'બ, આપ લોગોં કી દુવા હૈ'. છેદીલાલે કૉટેજનું બારણું ખોલતાં કહ્યું. ઘણાં વર્ષોથી ડૅડી સાથે હતો. મૂળ બલિયા જિલ્લાનો વતની એ બહુ જ પ્રામાણિક.

ડૅડી ભેટી પડ્યા. અમે સોફા પર બેઠા. 'તારો પત્ર ગઈ કાલે જ મળ્યો.' ડૅડીએ કહ્યું. પછી 'નૈનીતાલથી બસ છૂટી ગઈ એટલે છેલ્લી બસમાં આવવું પડ્યું;' 'આજકાલ બસના સમયનાં ખાસ ઠેકાણાં નથી'; 'દિલ્હી કરતાં અહીં વધારે ઠંડી છે,' વગેરે વાતો થઈ.

મારા વાળમાં ધૂળ ભરેલી હતી ને ચહેરા પર સફરની થકાવટ.

'કેટલા દિવસની રજા લીધી છે ?'

'સોમવારે સવારે તો પાછા જવું જ છે. આ તો ત્રણ દિવસની રજાઓ હતી એટલે આવી ગયો.'

'થોડો વધારે સમય લઈને આવવું હતું ને ? આમ દોડાદોડી કરવાથી શો ફાયદો ?'

'આવતા અઠવાડિયાથી મહિનાની રજા લઉં છું. ત્યારે અહીં આવીને આરામથી રહીશું.'

'જરૂર. હું તો કહું છું અત્યારે જ થોડા દિવસો વધુ રોકાઈ જા.'

'ના ડૅડી, આ વખતે તો મારે પાછા જવું જ પડશે. ઘણું કામ બાકી રાખીને આવ્યો છું.'

છેદીલાલ એક બાલદી ગરમ પાણી મૂકી ગયો. મેં હાથમોઢું ધોયાં અને પછી ડૅડી સાથે ડિનર ખાધું. બહુ જ ઔપચારિક વાતો થઈ.

'મને આજે બહુ જ સખત ઊંઘ આવે છે.' મેં કહ્યું.

'સૂઈ જા. વધારે વાતો કાલે કરીશું.' અને ડૅડી એમના સ્ટડી રૂમમાં ચાલ્યા ગયા.

લશ્કરમાંથી રિટાયર થઈને છેલ્લાં ત્રણ વર્ષથી ડૅડી રાનીખેતમાં આ કૉટેજ ખરીદીને તેમાં રહેતા હતા. લશ્કરમાં મેજર હતા. બીજા વિશ્વયુદ્ધમાં ઘણા જ ઓછા દિવસો એમને મેં ઘેર જોયા છે. રજાઓમાં ઘેર આવતા ત્યારે પણ બિલકુલ લશ્કરી શિસ્ત જાળવતા. નાનપણમાં લડાઈની વાતો સાંભળવાની બહુ જ મજા આવતી. છતાં હું મોટો થઈ લશ્કરમાં ન જઈ શક્યો. મોટા થયા પછી લશ્કરી જીવન પ્રત્યે એક જાતનો તિરસ્કાર થઈ આવ્યો. મારાથી બે વર્ષ નાની બહેન આશા એક ઍર ફોર્સના ઑફિસરને પરણી હતી. ત્યારે ડૅડી સરહદ પર જ હતા - ઍક્ટિવ ડ્યૂટીમાં. લગ્નમાં પણ આવી શક્યા ન હતા. આશાએ સિવિલ મૅરેજ કર્યાં હતાં. સાક્ષી તરીકે કોર્ટમાં સહી મેં કરી હતી. છેલ્લાં દસ વર્ષોથી - માના મૃત્યુ પછીથી ડૅડી એકાકી જીવન ગાળતા. બહુ જ ઓછાબોલા હતા અને રિટાયર થયા પછી તો ફક્ત અભ્યાસમાં જ વ્યસ્ત રહેતા. ભાગ્યે જ રાનીખેતથી બહાર જતા. એમણે ઘણાં વર્ષો કુમાઉં રેજિમેન્ટમાં ગાળ્યાં હતાં એટલે અત્યારે લશ્કરી વિજ્ઞાન પર અભ્યાસ કરીને એક પુસ્તક લખી રહ્યા હતા.

ઊંઘ પણ એકાએક જ ઊડી ગઈ અને મેં અંધારામાં ચળકતા ઘડિયાળના રેડિયમનાં ટપકાંમાં સમય જોયો. બે વાગ્યા હતા, છતાં ડૅડીની રૂમમાં હજી પણ પ્રકાશ હતો. આટલે મોડે સુધી શો અભ્યાસ કરતા હશે ? એમના રૂમમાં જઈને જોવાનું મન થયું. પણ પાછો સૂઈ ગયો.

સવારે આંખો ખૂલી ત્યારે છેદીલાલ 'છોટે સા'બ, છોટે સા'બ' કહીને ઉઠાડી રહ્યો હતો. એ બેડ-ટી મૂકી ગયો. ડૅડી મૉર્નિંગ વૉક પર ગયા હતા. મેં ધીરે ધીરે ચા પીધી. પછી હું તૈયાર થઈને બ્રેકફાસ્ટ ટેબલ પર ગયો ત્યારે ડૅડી આવી ગયા હતા. 'કેમ, બરાબર ઊંઘ આવી કે ?'

'ખરેખર, ઘણા દિવસો બાદ આટલા આરામથી સૂઈ રહ્યો. એક વાર લગભગ બે વાગ્યે, ઊંઘ ઊડી ગઈ ત્યારે તમારા રૂમમાં લાઈટ બળતી હતી. એટલું મોડે સુધી શું વાંચો છો ?'

'એટલા મોડે સુધી તો નથી વાંચતો, પણ કોઈ કોઈ વાર વાંચતાં વાંચતાં જ સૂઈ જવાય છે અને લાઈટ બંધ કરવી રહી જાય છે. ઉંમર થઈને હવે ?' ડૅડીએ બ્રેડની સ્લાઈસ પર માખણ લગાવતાં કહ્યું.

ડૅડીએ કહ્યું કે દિલ્હીથી અગિયાર વાગ્યાની બસમાં છાપું આવશે. છાપા વિનાનું અને પાઈપ વિનાનું બ્રેકફાસ્ટ આજે કંઈ વિચિત્ર લાગી રહ્યું હતું. ડૅડી માટે દિલ્હીથી પાઈપના તમાકુનો ડબ્બો લાવ્યો હતો. એ આપ્યો અને એમણે બ્રેકફાસ્ટ પર નવી તમાકુ પીધી. પાઈપ પીવાનું બહુ જ મન થયું; પણ ડૅડીની સામે હું

સ્મોક કરતો નહીં.

મિલિટરી ક્લબમાં ડેડીએ મેજર ભલ્લાથી ઓળખાણ કરાવી : 'માઈ સન - દિલ્હીમાં પત્રકાર છે.' ઘણા દિવસે હું ડેડી સાથે ચેસ રમ્યો. ક્લબમાં હું બહુ જ ખુશ રહ્યો. ખૂબ લોકોથી પરિચય થયો. મને લાગ્યું કે, હું અકારણ ખુશ થઈ રહ્યો છું, કંઈક નાદાનિયત કરી રહ્યો છું. જાણે ખુશ હોવાનો એક ચહેરો પહેરીને અભિનય કરતો ન હોઉં.

ડેડી ને હું લગભગ છ મહિને મળ્યા હતા, પણ ઔપચારિક વાતો જ થતી રહી. સાંજે ફરવા નીકળ્યા. ડેડીએ મફલર વીંટાળ્યું ને લાકડી લીધી. દૂર ક્ષિતિજ પર હિમાલયની શ્વેત દીવાલ ઊભી હતી.

એક કબ્રસ્તાન પાસેથી અમે પસાર થઈ રહ્યા હતા. કબરો પર આછું સફેદ ધુમ્મસ હતું, જાણે લાશો પર પ્રકૃતિએ કફન ઓઢાડ્યું હોય તેવું. 'દિલ્હીમાં ફાવે છે ?' ડેડીએ પાઈપ સળગાવતાં પૂછ્યું.

'હા. મારે બહુ જ સારી કંપની છે. ઘણા લોકોને ઓળખું છું અને મારી નોકરી પણ મજાની છે, એટલે બહુ જ ફાવે છે.'

ફરીને ઘેર પાછા આવી ફાયરપ્લેસ પાસે બેઠા અને છેદીલાલ ચાની ટ્રે મૂકી ગયો. ડેડી ફાયરપ્લેસમાં ધીરે ધીરે લાકડાં નાખ્યે જતા હતા. ચા પિવાઈ ગયા પછી વાતાવરણ પર જાણે એક અજબ ભાર આવી ગયો. લાકડાં બળવાનો અવાજ અને ગંધ આવી રહ્યાં હતાં.

'ઈના વિષે કંઈ જ નહીં કહે ?' ડેડીએ ફાયરપ્લેસમાં લાકડાં નાખતાં નાખતાં જ પૂછ્યું. હું આ સવાલ માટે તૈયાર ન હતો.

'શું કહું ? તમને તો બધી ખબર જ છે.'

'તારા પત્ર સિવાય મને કંઈ જ ખબર નથી.'

કોર્ટમાં ચુકાદો અપાઈ ગયા બાદ જ મેં ડેડીને એક ટૂંકો પત્ર લખ્યો હતો. એક જ લીટી લખી હતી કે આજે મને ઈના સાથે 'ડાઈવૉર્સ નામ સાય' મળી ગયો છે. લગભગ અઠવાડિયું થયું હતું એ વાતને.

'આ બધું શું એકાએક જ થઈ ગયું ?' ફરી ડેડીએ પૂછ્યું.

'હા, લગભગ એકાએક જ - જોકે ઝઘડો ઘણા વખતથી હતો.'

'પણ મને એની કંઈ જ ગંધ ન હતી.'

'કોઈને ન હતી. અમારા ઝઘડાનો ખાસ કોઈને ખ્યાલ ન હતો.'

'બીજો કોઈ જ રસ્તો ન હતો ?' ડેડીએ પાઈપ સાફ કરતાં પૂછ્યું.

'ના.'

'જો; આ તારો વ્યક્તિગત પ્રશ્ન છે; અને તું સમજુ છે. છતાં પણ થોડું જાણવા માગું છું.'

'ખુશીથી પૂછો ડેડી.'

'ડાઈવોર્સ પછી ઈનાને મળ્યો છે ?'

'મારે શા માટે મળવું જોઈએ ?'

'જો, દલીલ નહીં કર. હજી પણ કાંઈ બગડ્યું નથી. સુધરી શકે તો સુધારી લે.' અમે બે થોડી વાર ચૂપ રહ્યા. પછી ડેડીએ ફરીથી પૂછ્યું : 'ઈના તારી સાથે રહેવા રાજી છે ?'

'ના.'

'તેં એને એ વિષે પૂછ્યું છે ?'

'ના.'

'તો પછી કેવી રીતે કહી શકે કે એ રાજી નથી ?'

'મને એમ લાગે છે. અને હવે કોઈ પણ સંજોગોમાં અમે સાથે નહીં રહી શકીએ. સંબંધોને થીગડાં મારીને સાંધવામાં હું નથી માનતો.'

થોડી વાર શાંતિ રહી.

'હવે એ પાઈપ-' ડેડીએ એમની પાઈપોમાંની એક મારી સામે મૂકી - અને મેં જ લાવેલો તમાકુનો ડબ્બો. હું એક પળ અવાક થઈ રહ્યો. અમે બંને એ એકબીજાની આંખોમાં જોયું.

'શરમાય છે શું ? ઉઠાવ પાઈપ. મને ખબર છે તું પીએ છે. ઈના કહેતી હતી તને બ્રેકફાસ્ટ ટેબલ પર રોજ પાઈપ પીવા જોઈએ છે.'

ઈનાએ બીજું ઘણું કહ્યું હશે. ઈનાએ મારા વ્યક્તિગત જીવનને જાહેર બનાવી દીધું છે. હું ડાઈવૉર્સ લઉં તેથી કોઈને શું ? મને બધાંની આંખોમાં એક વ્યંગનો ભાસ થાય છે. મેં પાઈપ સળગાવી.

'તને કેટલાં - તેત્રીસ થયાં ?'

'ના, બત્રીસ.'

'હજી ઘણી લાંબી જિન્દગી છે. આમ એકલું કેટલા દિવસ ચાલશે ? ફરી પરણવા કરતાં, હું તો માનું છું કે, જો ઈના સાથે જ જીવી શકાય તો વધારે સારું. આ તો મારો વ્યક્તિગત અભિપ્રાય છે; બાકી પછી તો તને જે યોગ્ય લાગે તે જ બરાબર.' ઊભા થઈને સ્કૉચની એક બૉટલ લઈ આવ્યા. થોડાં વર્ષો પહેલાં એક લશ્કરી પાર્ટીમાં ડેડીને મેં પીતા જોયા હતા. લશ્કરમાં હોવા છતાં પણ ડેડી ઘેર પીતા ન હતા.

'મેજર ભલ્લાએ મોકલાવી છે.' ડેડીએ બૉટલ ખોલતાં કહ્યું.

છેદીલાલ બે ડ્રિંક-ગ્લાસ મૂકી ગયો અને મૂંઝવણથી જોઈ રહ્યો. એક પિતા-પુત્રને સાથે ડ્રિંક કરતા જોઈ એના સંસ્કાર ડોલી ઊઠ્યા હશે. કદાચ વિચારતો હશે કે લશ્કરી સાહેબોના સંસ્કારો આવા જ હોય.

ડેડીએ ગ્લાસમાં ડ્રિંક રેડ્યું. મને બહુ જ નવું નવું અને અકળાવે તેવું લાગી રહ્યું હતું. થયું કે કહી દઉં હું પીતો નથી. પણ કદાચ ઈનાએ પીવા વિષે પણ કહ્યું હશે.

'કમ ઑન; ચીઅર્સ.' ડેડીએ લશ્કરી ઑર્ડરની જેમ હુકમ

ક્યા. મેં ગ્લાસ ઉપાડીને ધીરેથી 'ચીઅર્સ' કહ્યું.

પરંપરાગત મૂલ્યોનું ખંડન થઈ રહ્યું હતું. વંશાવળીઓ ધ્રૂજી ઊઠી હતી. ડૅડીની અને મારી આંખોની વચ્ચે ઝૂલતા શૂન્યમાં પેઢીઓનું અંતર ઓગળતું હતું. દીવાલ પર ફ્રેમોમાં જડેલા પ્રપિતાઓના ચહેરાઓ વર્ષોની ગાઢ નિંદ્રામાંથી ઝબકીને જાગી ગયા હોય તેવું લાગ્યું.

'ડાઈવોર્સ નાયસાય એટલે હજી તને પૂર્ણ રીતે ડાઈવૉર્સ મળતાં બે'ક, વર્ષ નીકળી જશે, નહીં ?'

'હા.'

'હજી પણ ઘણો સમય છે, જો સમાધાન કરવા માગે તો.'

'ડૅડી, તમે ઈના માટે આટલો બધો આગ્રહ શા માટે રાખો છો ?'

'કારણ કે મને ઈનામાં વિશ્વાસ છે. મને લાગે છે કે હું એને સમજાવી શકીશ.' ડૅડીએ જરા કડક થઈને કહ્યું.

'એને પણ તમારા પ્રત્યે બહુ જ માન છે.'

'જો બની શકે તો હું એને એક વાર મળવા માગું છું.'

'ખુશીથી મળી શકો છો; પણ એને મનાવવા જવાની મને કંઈ જરૂરત નથી લાગતી.'

'હું કાંઈ તારા પ્રતિનિધિ તરીકે નથી જતો. મારી પોતાની રીતે મળવા માગું છું.'

'મળી શકો છો. એ દિલ્હીમાં જ છે.'

'હેવ અનધર ડ્રિંક.' ડૅડીએ મારો ગ્લાસ ફરી ભરી દીધો. મને લાગ્યું કે આજે એકાએક ડ્રિંક બહુ જ જલદી અસર કરી રહ્યું હતું. કદાચ ગંભીર વિષય પર વિચાર કરતા હતા તેથી, અથવા ડૅડી સામે પહેલી વાર પીતાં કંઈક રૂઢિચુસ્ત મૂલ્યોનું ખંડન કરી રહ્યો હતો તેથી. માથું ભારે થવા લાગ્યું હતું અને ફાયરપ્લેસમાં બળતી આગ એક પીળા ધબ્બા જેવી લાગતી હતી.

'ગયા મહિને આશા આવી હતી.' ડૅડીએ કહ્યું.

'હા, મને પણ દિલ્લીમાં મળી હતી.'

'એને આ બાબત કંઈ ખબર હતી ?'

'ના.'

'તારો અંગત પ્રશ્ન છે એટલે હું બહુ દખલ કરવા માગતો નથી; પણ તને સુખી જોવાનો આગ્રહ એક પિતા તરીકે તો રાખી જ શકું છું.' ડૅડી બહુ જ ગંભીર લાગતા હતા.

'ઈના વગર પણ હું સુખી થઈ શકું છું.'

'તું એવું ધારે છે; - કદાચ એવો દેખાવ કરે છે. એક ગૃહસ્થીમાંથી, એક પરિસ્થિતિમાંથી પાછા એકલા થઈ જવું બહુ જ દુઃખદ હોય છે. કદાચ અત્યારે તું એ માનવા તૈયાર નહીં પણ હોય. હું અનુભવથી કહી રહ્યો છું. મને ખબર નથી પડતી ઈનાથી તું આટલો બધો દૂર કેવી રીતે થઈ ગયો છે ?'

અમે બન્ને એક પળ ચૂપ રહ્યા. શું કહેવું એ કોઈને પણ સૂઝતું ન હતું. અંતે મેં ધીરેથી કહ્યું : 'ડૅડી, મને ઈનાના ચારિત્ર વિશે શંકા છે.'

ડૅડીએ મારી સામે ઉગ્ર આંખોથી જોયું. વાતાવરણમાં એક બહુ જ વિચિત્ર ઘટ્ટતા જામતી જતી હતી.

'હા; મને ખબર છે. એનો એક પ્રેમી છે.' મેં તૂટતા અવાજે કહ્યું.

ડૅડી યંત્રવત્ જોઈ રહ્યા. મેં મારી હથેળીઓમાં મોઢું છુપાવીને ગોઠણો પર મૂકી દીધું. મને લાગ્યું હું બહુ જ થાકી ગયો હતો અને ડ્રિંકની પણ અસર મગજ પર બહુ જ ભારે હતી. એકાએક મારા વાળમાં અને પીઠ પર ડૅડીએ હાથ ફેરવ્યો. મેં આંખો ખોલી અને ડૅડીની આંખોમાં રહેલા વિષાદને જોઈ રહ્યો.

'હેવ અ ડ્રિંક.' એમણે ધીમેથી કહ્યું : 'મન નાનું નહીં કર. તારે પરિસ્થિતિઓ સાથે જીવતાં શીખવું જ પડશે.' એમણે દિલાસો દીધો.

ડૅડીએ ઘડિયાળ તરફ જોયું. દસ વાગી રહ્યા હતા. મને બહુ જ સખત ઊંઘ આવી રહી હતી. 'ચાલ સૂઈ જા. સવારે છ વાગ્યે નૈનીતાલની બસ મળશે. હું સવારે ઉઠાડી દઈશ ને સ્ટૅન્ડ સુધી મૂકી જઈશ.'

'વહેલી સવારે તમે ક્યાં તકલીફ લેશો ?'

'તકલીફ કેવી ? મારો એ ફરવા જવાનો સમય હોય છે. થોડા દિવસો રજા લઈને અહીં આવી જા. તને આરામની જરૂરત છે.'

'આવતે અઠવાડિયે રજા લઈને અહીં થોડા દિવસ રહી જઈશ.'

'ઓ. કે., ગુડ નાઈટ.'

'ગુડ નાઈટ, ડૅડી.'

ઘણા વિચારો આવ્યા. ડૅડીને બધું કહ્યું એ બરાબર કર્યું કે કેમ ? બીજો રસ્તો પણ શો હતો ? જો ડૅડીએ મને પીવા માટે મજબૂર ન કર્યો હોત તો કદાચ આટલી બધી ખુલ્લેથી વાત ન કરી શકત. વિચારો ને વિચારોમાં જ ઊંઘ પણ આવી ગઈ. સવારે સૂર્યોદય પહેલાં ડૅડીએ જ્યારે ઉઠાડ્યો ત્યારે જ ખરી ઊંઘ આવી રહી હતી. ઝડપથી તૈયાર થઈ ઍટેચી લઈને ડૅડીની સાથે બહાર રસ્તા પર આવી ગયો. ડૅડી હૅન્ડ ગ્લવ્ઝ અને ટૉપકોટ પહેરીને ચૂપચાપ ચાલી રહ્યા હતા. એમના શ્વાસોચ્છ્વાસની સાથે નીકળતી વરાળને હું અકારણ જોઈ રહ્યો હતો.

બસ-સ્ટૅન્ડ પર આવીને મેં નૈનીતાલની ટિકિટ લીધી. મારી સીટ પર ઍટેચી મૂકી. અમે બાજુની એક છાપરાની હોટેલમાં ચા પીવા ગયા. ચૂલા પર ચાનું મોટું વાસણ હતું ને એની વરાળની પાછળ ચાવાળો પાઈન વૃક્ષોની જેમ શાંત ઊભો હતો. હોટેલના પાછલા ભાગમાંથી દૂર હિમાલયનાં શ્વેત શિખરો પર સોનેરી

સૂર્યોદય થતો અમે જોયો.

બસને ઊપડવાનો સમય થયો. 'આવતે અઠવાડિયે જરૂર આવજે, થોડા દિવસ રહી શકાય એમ.' ને બસ ઊપડી. ડેડીએ હાથ હલાવ્યો. ધીરે ધીરે રાનીખેતનાં બેઠા ઘાટનાં મકાનો પસાર થવા લાગ્યાં. બસ પહાડી રસ્તાઓ પર થઈને ખીણમાં ઊતરી રહી હતી. ખીણમાં સફેદ ધુમ્મસ ભરેલું હતું અને ઠંડીનો સખત ચમકારો હવામાં હતો.

ડેડીએ બહુ જ સમજદારીથી, ધૈર્યથી અને શાંતિથી કામ લીધું હતું. એક દિવસ સુધી તો એમણે ઇના વિષે કંઈ પૂછ્યું જ ન હતું.

કોઈએ ખાંસી ખાધી. બસની બારીની બહાર એક ભૂરો અવકાશ હતો. ધુમ્મસના આવરણમાં બધું જ અદૃશ્ય થઈ ગયું હતું. ધીરે ધીરે ધુમ્મસ ખૂલતું ગયું અને આકારો સ્પષ્ટ થતા ગયા. પહાડોની આસપાસ વીંટળાયેલા સર્પાકાર રસ્તાઓ પરથી બસ જઈ રહી હતી.

ઇના વિષે વિચાર આવી જ ગયો. ડેડીની સલાહો યાદ આવી. એકલા જિંદગી વીતાવવી મુશ્કેલ છે. પણ ઇના સાથે વીતાવવી એ મુશ્કેલ જ છે. કદાચ ડેડી એને પણ એ જ સલાહ આપશે જે મને આપી હતી. સલાહથી શો ફરક પડે છે ? મેં મારો નિર્ણય લઈ લીધો છે.

બસ ખીણમાંથી ઉપર આવી રહી હતી ને ડ્રાઇવર ગીઅર બદલી રહ્યો હતો. ઉપર ચડતાં એન્જિનનો અવાજ પણ બદલાતો હતો. પહાડના શિખર પર તડકો હતો : બસ સારી ઊંચાઈએ આવી ગઈ હતી.

ગઈકાલનું ડેડીનું વર્તન કંઈક વિચિત્ર લાગી રહ્યું હતું : મને પાઇપ ઑફર કરવી અને સ્કૉચ પીવડાવવો. અમારી વચ્ચે રહેલી પરંપરા અને વર્ષોની સીમાઓને એમણે તોડી નાખી હતી.

એકાએક બસે વળાંક લીધો અને ડ્રાઇવરની સામેના કાચમાંથી તડકો આવ્યો. સારો લાગ્યો. તડકાની સાથે સાથે એક વિચાર પણ આવ્યો. જો ડેડી મારા સમયવયસ્ક હોત તો કદાચ અમે બન્ને બહુ જ સારા મિત્રો બની શક્યા હોત. કદાચ... (૫૪૮)

કમાવાનો ચેપી રોગ

છોકરી બી.એ. થઈ જાય ને પછી વર શોધવામાં વરસ બે વરસ નીકળી જાય તે દરમિયાન એ નોકરી કરે એવું આજકાલ સામાન્ય થઈ પડ્યું છે. એક રીતે એ સારું પણ છે કે થોડા પૈસા કમાય તો પોતાના લગ્ન વખતે થનાર ખર્ચમાં માબાપને એટલી મદદ મળે. પણ પરણ્યા પછી નોકરી કરવી કે ન કરવી એ પ્રશ્ન મનમાં ઘોળાતો જ રહે છે. કુટુંબમાં વધારે આવકની જરૂર છે માટે નોકરી કરવી એ દ્રષ્ટિએ આ પ્રશ્ન વિચારવામાં નથી આવતો, પણ ઘરમાંથી એટલો વખત છુટાય ને છૂટથી પૈસા વાપરવા મળે એ માટે નોકરી કરવાનો વિચાર કરવામાં આવે છે. જરૂર હોય ને નોકરી કરવી પડે એ વાત જુદી છે; પણ આર્થિક રીતે પુરુષ સમોવડી થવાની જે ધૂન આજકાલની સ્ત્રીઓના મગજમાં ભરાઈ છે એને વિષે વિચાર કરવાની જરૂર છે.

પતિપત્ની, બાળકો, માબાપ એ બધાંનું મળીને એક એકમ બને છે. સારું એવું ઘર હોય, ન ઘરમાં સુખ, શાન્તિ, વ્યવસ્થા હોય, બાળકોને સારી કેળવણી મળતી હોય, એ બધું જીવનમાં જરૂરી છે. પુરુષો આને માટે પૈસા મેળવે છે, પણ એકલા પૈસાથી ઉપર કહેલી બધી વસ્તુઓ મળી જતી નથી. એ પૈસા સારામાં સારી રીતે વપરાય એ પણ એટલું જ જરૂરી છે. ને એ કામ સ્ત્રીનું છે. પૈસા કમાવા એ જેટલું મહત્ત્વનું છે, એટલું જ એને યોગ્ય ને જરૂરને રસ્તે વાપરવા એ પણ મહત્ત્વનું છે. પુરુષ પૈસા કમાય છે તેથી એ ઊંચો છે ને સ્ત્રી નથી કમાતી તેથી તે નીચી છે એવું જરા ય સમજવાનું નથી.

તમે એક કૂવામાં કોસ મૂકો ને એમાંથી પાણી કાઢ્યે જાઓ. પણ ધોરિયા સરખા કરેલા ન હોય, પાળીઓ સરખી બાંધી ન હોય તો એ પાણીનો શો ઉપયોગ છે ? ગમે એટલું પાણી નીકળે પણ એથી ખેતરને કાંઈ ફાયદો થવાનો નથી, પાક સારો ઊપજવાનો નથી. આવી જ પૈસા કમાવા અને ખરચવાની વાત છે. જીવનના ખેતરમાં પુરુષ કોસ ચલાવનાર છે ને સ્ત્રી પાણી વાળનાર છે. સ્ત્રી-પુરુષ બંને કોસ ચલાવવાની ઇચ્છા રાખે તો એમના જીવન-ખેતરમાં કોઈ દિવસ સારો પાક પાકે ખરો ?

આપણને એ સ્વીકારવું ગમે કે ન ગમે, પણ સ્ત્રી અને પુરુષના બંધારણમાં જ ફેર છે. સ્ત્રીને માથે બાળક પેદા કરવાની ને એમને ઉછેરવાની જવાબદારી છે. ને પુરુષને માથે એમનું ભરણપોષણ કરવાની જવાબદારી છે. છેલ્લાં ૧૫-૨૦ વરસમાં જોઈએ તો સ્ત્રી પોતાની ફરજ ચૂકી જતી જોવામાં આવે છે. આને લઈને ઘરનાં સુખશાન્તિ ઓછાં થાય છે. સુખશાન્તિને કદાચ આપણે અત્યારનો આપણો કદાચ બહુ મહત્ત્વ ન આપીએ, પણ આની સૌથી વધારે અસર બાળકો ઉપર પડે છે. આને કારણે યુવાનવર્ગ શિથિલ અને બેજવાબદાર દેખાય છે ને એથી દેશને નુકસાન થાય છે. આ વાત હજી મોટાં શહેરોને જ લાગુ પડે છે, પણ આ એવો ચેપી રોગ છે કે આપણે જો પૂરતું ધ્યાન નહિ આપીએ, તો એને નાનાં શહેરો ને ગામડામાં ફેલાતાં વાર નથી લાગવાની. સ્ત્રીઓએ, ખાસ કરીને ભણેલી સ્ત્રીઓએ, પુરુષ-સમોવડીનો સાચો અર્થ સમજવાની જરૂર છે.

- વનમાળાબહેન દેસાઈ

બળબળતા તાપમાં ખીલેલો ગુલમહોર

– અશ્વિન દેસાઈ

કોઈ વાર શેઠ તેને જિમખાનામાં ચાની પત્તી આપવા મોકલતા. કોને ખબર કેમ તેને જિમખાનામાં માલ આપવા જવાનું બહુ ગમતું ! ગમે તેટલું વજન ખુશીથી ઊંચકીને તે જિમખાનામાં લગભગ દોડતો દોડતો જતો !

જિમખાનાનો દરવાન તેને જોઈને એકદમ ખુરશીમાંથી ઊભો થઈ જતો, 'કહાં જાતા હૈ ?' કહીને દરવાજામાં તેનો હાથ જોરથી પકડીને ઊભો રાખતો.

ઘડીભર તો તે સહેજ ડરી જતો, પછી હાથમાંનું ચાનું પડીકું બતાવીને, થોડી હિંમત ભેગી કરી તે અંદરની તરફ ઈશારો કરતો : 'અંદર દેનેકા હૈ ! મંગાયા હૈ !' ઝટકાથી દરવાન તેનો હાથ છોડી દેતો. 'જલદી વાપસ આ જાના !' અને તે લગભગ પડતાં પડતાં રહી જતો.

તેને ખૂબ નવાઈ લાગતી. દરવાન આમ કેમ કરતો હશે ? અંદર જતા ઘણા માણસોને તો તે કંઈ પૂછતો નહિ ! અરે, ઘણાં એની ઉંમરનાં છોકરાંને પણ ઊભો થઈને સલામ કરતો !

વિચાર કરતાં કરતાં તે ધીરેથી અંદર સરકી જતો. ચાનું પડીકું કેન્ટીનમાં આપીને, હમેશની માફક તે સહજ અંદરના ભાગમાં કુતૂહલને ખાતર જતો. મોટા મોટા માણસો-ઘણા તો બુઢ્ઢા પણ-જાતજાતની રમતો રમતા દેખાતા. તે એક ખૂણામાં ઊભો રહીને જોયા જ કરતો ! કોઈ વાર તેને વિચાર પણ આવતો કે તે પણ આ લોકો. જેટલો મોટો થશે ત્યારે તેને પણ આ બધી રમતો કદાચ રમવા મળશે ! તેને થતું, હવે કદાચ નાના-તેની ઉંમરના છોકરાઓને રમવાનો જમાનો વીતી ગયો હશે ! કારણ કે, કોઈ વાર રજાને દિવસે તે ઘરની બહાર નીકળી જવાની કોશિશ કરતો ત્યારે તેની મા તેને ઊભો રાખતી, 'ક્યાં ચાલ્યો ?'

'જરા બહાર જઈ આવું, મેદાનમાં.' તે કહેતો.

'શું કામ ? જખ મારવા ?' તેની મા અકારણ ગુસ્સે થઈ જતી, 'ખબર નથી, શેઠનું જૂનું ઘર સાફ કરવાનું છે તે ? કોણ તારો બાપ જશે ? તે તો ઉપર જઈને બેઠો છે ?' માનો અવાજ ધીમે ધીમે ધીમો થઈ જતો.

'ઠીક છે, હું નથી જતો, બસ ?' તે પહેરેલું ખમીસ કાઢી નાખતો અને તેની મા રડવા જેવી થઈ જતી – અને એકદમ તેને દુકાન યાદ આવી જતી, શેઠની લાલ આંખો યાદ આવી જતી, એટલે તે રમત જોવાનું છોડીને, દોડતો દોડતો જિમખાનાની બહાર નીકળી જતો. દરવાન તેને આશ્ચર્યથી જોઈ જ રહેતો !

બીજી વાર તે જિમખાનામાં જતો ત્યારે દરવાન તેનો ખભો પકડીને જોરથી હલાવતો : 'વો દિન ભાગકે ક્યું ગયા થા ? કુછ ચોરી કરકે ગયા થા ક્યા ?' દરવાનના મોંમાંથી થૂંકના તણખા ઊડતા.

'નહિ ! ચોરી નહિ કિયા થા ! હમારા શેઠ મારતા થા ઈસ લિયે...' તે લગભગ રડવા જેવો થઈ જતો.

'મારેગા નહિ તો ક્યા તેરી પૂજા કરેગા ?' દરવાન તેને લગભગ ધક્કો મારીને છોડી દેતો ! તેને ખૂબ વિચારો આવતા. જિમખાનામાં દરવાનની શી જરૂર હશે ? અહીં કોણ મફત પિક્ચર જોવા ઘૂસી જવાનું હતું ? કે અહીં ક્યાં સરકસનો ખેલ થાય છે ? અહીં દરવાન શું કામ બેસાડ્યો હશે ?

શેઠની દુકાનમાં આવ્યો તે પહેલાં તે છાપાંની ફેરી કરતો હતો. સવારે ચાર વાગ્યે ઊઠતો. ઊઠતો એટલે કે, તેની મા તેને ઉઠાડતી, કારણ કે તેની મા પાછલી રાતે જાગતી જ સૂઈ રહેતી. દૂર ક્યાંક મિલમાં ચારના ટકોરા થતા તે સાંભળતી. કહો કે, ટકોરાની રાહ જોતી જ સૂઈ રહેતી, અને સંભળાય કે તરત જ સફાળી બેઠી થઈને તેને ઢંઢોળી કાઢતી : 'ઊઠ ! ઊઠ ! મૂઆ ! ચાર વાગી ગયા !'

'હં' કરીને તે પથારીમાં સહેજ પડખું બદલતો એટલે મા વધારે જોરજોરથી ઢંઢોળતી.

તે પરાણે સહેજ આંખો ખોલીને, પથારીમાં પડ્યો પડ્યો જ માની સામે જોતો : 'કૂકડો બોલ્યો ?'

'ના. મિલમાં ટકોરા થઈ ગયા ! ઊઠ જલદી !'

'સાંભળવામાં ભૂલ થઈ હશે ! ચાર ટકોરા નહીં થયા હોય ! હજી તો તમરાં બોલે છે !' તે ફરીથી માથા સુધી ઓઢીને સૂઈ જવાના પ્રયત્ન કરતો, એટલે તેની મા તેની પિછોડી ખેંચી લેતી.

'ના ! ના ! મેં બરાબર ગણ્યા. રોજ જ તું તો આવું કરે છે ! આમ કેમ ચાલશે ?' અને તે આળસ મરડી લાંબું બગાસું ખાઈને પથારીમાં બેઠો થતો. તેની મા ચા મૂકવા જતી. તે દાતણ કરીને મોં ધોઈ કાઢતો, અને ચા પીને સ્ટેશને દોડતો.

કોઈ વાર છાપાં આવવામાં મોડું થતું ત્યારે તે સ્ટેશનના પ્લેટફૉર્મ ઉપર સૂતેલા પૉર્ટરો સાથે સહેજ આડો પડીને એકાદ ઝોકું ખાઈ પણ લેતો ! છાપાં આવી જતાં એટલે ઍજન્ટ તેને ઢંઢોળી કાઢતો–

'ઊઠ ! ઊઠ ! છોકરા ! પેપર આવી ગયા !' અને તે પેપરો ગોઠવવા માટે સફાળો બેઠો થઈ જતો. છાપાં વહેંચતી વખતે તેને સારો એવો ઝપાટો મારવો પડતો ! અજવાળું થાય એ પહેલાં જ છાપું ન મળે તો ઘણા ઘરાકો ખૂબ ધમકાવતા ! તેને ખૂબ નવાઈ લાગતી ! રોજ જ સવારના, છાપામાં એવું તે શું આવતું હશે, કે લોકો દાતણ કરવા પહેલાં જ છાપાની વાટ જોઈને બેસતા હશે ! એટલે, કોઈ વાર કુતૂહલ ખાતર જ, તે છાપાને પહેલે પાને

આવતા ફોટાને ધ્યાનથી જોતો. તેને થતું, અમુક માણસોના ફોટા કેમ લગભગ રોજ છાપામાં આવતા હશે ?

સવારના આઠેકના અરસામાં તો તે છાપાનો હિસાબ આપી પણ દેતો ! ત્યારે તેને થતું કે કેન્ટીનના શેઠનો છોકરો તો હજી કદાચ ઊઠ્યો પણ નહીં હોય !

કૉલેજની ચાની કેન્ટીનમાં તેને આખા દિવસની નોકરી હતી. છાપાની ફેરી કરીને ત્યાં જવાનું થતું તે તેને ખૂબ ગમતું ! કારણ કે ત્યાં પહોંચતાની સાથે જ તેને ફરી વાર ચા પીવા મળતી. અને કેન્ટીનની ચા, કોને ખબર કેમ, તેને ખૂબ ભાવતી ! કોઈક વાર તે આગલી રાતે માને સમજાવીને વીસ પૈસા કઢાવી લેતો, અને છાપાં વહેંચીને સીધો ડબલ રોટીવાળાની બૅકરી ઉપર જતો. વીસ પૈસામાં એક છૂટી ડબલ રોટી મળતી તે લઈને કેન્ટીન તરફ ભાગતો.

કેન્ટીનની ચા સાથે અડધો ટુકડો ખાઈને, અડધો ટુકડો તે તેના નાના ભાઈ 'નાનકા' માટે ખિસ્સામાં મૂકીને ઘરે લઈ જતો.

ડબલ રોટીના ટુકડાથી તેના પગમાં અનોખું જોમ આવતું ! ચાના કપ ફટાફટ ઊપડતા અને ગલ્લા ઉપર બેઠેલો શેઠ સંતોષથી તેને જોઈ રહેતો.

પણ પછી કોને ખબર કેમ, એક દિવસ કોઈ કૉલેજિયને ગલ્લા ઉપર ચાના કપમાં આંગળી બોળાવાની ફરિયાદ કરી તેથી કે કેમ, શેઠે તેને તમાચો મારીને કેન્ટીનમાંથી કાઢી મૂક્યો.

તે રડતો રડતો ઘરે ગયો એટલે તેની માએ તેને માથે હાથ ફેરવીને કહ્યું : 'રડે છે શું કામ, દીકરા ! મજૂરી તો મળી રહેશે !'

અને ખરે જ, થોડા દિવસમાં કરિયાણાની દુકાનને લાગી ગયો.

દુકાનમાંથી ઘણી વાર લોકોને ઘરે પણ માલ આપવા જવાનું થતું. એક મારવાડી શેઠને ત્યાં તે માલ આપવા જતો ત્યારે હમેશાં શેઠના ડાઈનિંગ ટેબલ ઉપર પેંડાનું બૉક્સ પડેલું જોતો. તેને પોતાને તો ગળ્યું ખાસ ભાવતું નહીં, પણ પેંડા જોઈને તેને હંમેશાં 'નાનકો' યાદ આવતો. નાનકાને પેંડા ખૂબ ભાવતા. તેને યાદ આવતું, એક વાર મા ક્યાંકથી પ્રસાદના બે પેંડા લઈ આવી હતી, ત્યારે નાનકાએ બંને પેંડા પોતે જ ખાઈ જવાની હઠ કરેલી તેથી તેની માએ તેને ખૂબ મારેલો. પણ પછી નાનકો રડતો રહેલો જ નહીં. એટલે માએ બંને પેંડા નાનકાને આપી દીધેલા, અને નાનકો રડતો રડતો પણ બંને પેંડા ખાઈ ગયેલો !

તેથી કોઈ વાર બૉક્સ ખુલ્લું જોતો ત્યારે તેને મારવાડી શેઠના ટેબલ ઉપરથી એકાદ પેંડો ઉઠાવીને ખિસ્સામાં મૂકી દેવાનું મન થતું, પણ પછી બીકનો માર્યો માંડી વાળતો, તેને પેંડાની સાથે સાથે પોતાની દુકાનના શેઠની લાલ આંખો પણ દેખાવા માંડતી, એટલે ખાલી થેલી લઈને જ તે પાછો ફરતો.

બપોરનો એક વાગતો એટલે તે સહેજ ઊંચોનીચો થતો. કોઈ વાર દુકાનમાં ખાસ કામ ન રહેતું, અને શેઠની એના ઉપર નજર પડી જતી, તો વખતસર એને ખાવા જવાની રજા મળી જતી. નહીં તો ક્યાંક માલ આપવા જવાનું કે એવું કંઈ કામ બાકી હોય તો દોઢ-બે પણ થઈ જતા.

છૂટતાંની સાથે જ તે દોડતો તેની માના કામ ઉપર જતો. તેની મા મકાન બંધાતું ત્યાં કામ કરતી, એટલે ખાવા માટે તે વહેલો-મોડો થતો તોય તેની વાટ જોઈને બેસી રહેતી. તે પહોંચતો એટલે બંને જણાં ડબ્બો ખોલીને રોટલો ને મરચું ખાવાનું શરૂ કરતાં.

તેની મા હંમેશાં ખૂબ ધીમે ધીમે અને ઓછું ખાતી, કારણ કે તે જાણતી, કે દુકાનની મજૂરીને લીધે તેને ખાવાનું વધારે જોઈતું. તેનું ધ્યાન જતું ત્યારે તે અચૂક માને ટોકતો :

'મા ! કેમ ખાતી નથી ! દાંત દુખે છે ?'

'ના ! ના ! હું તો ચાવીને ખાઉં તો જ લોહી બને ને ? તારી માફક કોળિયા ઉતારી જવાથી કંઈ થોડું જ બને ?' અને મા હસીને તેને વહાલની ટપલી મારતી.

તેની આંખો ભીની થઈ જતી. પછી ધીમેથી તે માને પૂછતો : 'મા, નાનકાને શાક બનાવી આપીને આવેલી કે ?'

'હા,' તેની મા કહેતી, 'નાનકો તો મૂઓ એવો જિદ્દી છે કે શાક વગર રોટલો ખાતો જ નથી, એટલે બેચાર કાંદા હતા તે...'

તેને હસવું આવતું : 'મા ! નાનકાને આપણે લોજમાં જ કામ પર મૂકીશું, કેમ ? એને શાક તો ખાવા મળશે ને ?' મા પણ હસતી : 'એ તો મૂઓ કહે છે કે હું તો કામ પર નથી જવાનો ! નિશાળમાં ભણવા જઈશ !'

તે એકદમ ગંભીર બની જતો, અને થોડી વારે વિચારીને બોલતો : 'મા ! આપણે બે તો કામ કરીએ છીએ; પછી નાનકાને નિશાળે જ મોકલીએ તો કેવું ? છો ને જતો !' તેની મા કંઈ બોલતી નહીં, નીચું જોઈને ધીમે ધીમે ખાયા કરતી. રોટલા પૂરા થતાં ડબ્બો બંધ થઈ જતો.

અને એક દિવસ એ જીદ કરીને માને લઈને નાનકાને નિશાળમાં દાખલ કરાવવા ગયો. તેની મા ધીમેથી બીતાં બીતાં નિશાળની ઑફિસમાં ગઈ. તે અને નાનકો બહાર ઊભા રહ્યા.

માસ્તરે બધી પૂછપરછ કરીને નાનકાનું નામ દાખલ કરવા માટે રજિસ્ટર ખોલ્યું. બધી વિગતો પૂછીને લખી અને છેલ્લે પૂછ્યું : 'એના વડીલ તરીકે કોનું નામ લખવાનું છે ?'

મા સહેજ વિચારમાં પડી ગઈ. પછી થોડી વારે બીતાં બીતાં, તેણે બહાર ઊભો હતો તેના તરફ આંગળી ચીંધી : 'આનું નામ ચાલશે ?' માસ્તરે ચશ્માં ઉતારીને ઝીણી આંખ કરીને બહાર જોયું ત્યારે તે કોઈ વર્ગમાં ધીંગામસ્તી કરતાં છોકરાંઓને જોતો ઊભો ઊભો મલકાતો હતો ! (૬૪૩)

અંતે એણે પણ પત્નીની પેઠે કહ્યું કે **'ચાલ, અંબાજી જવું છે'** ... પણ ક્યારે ?

– સુધીર દલાલ

અમદાવાદની જાહોજલાલી એટલે એની મિલોની જાહોજલાલી. વ્હિસલ વાગતાં મજૂરોનાં ધાડાંને કોઈ મહાન રાક્ષસની પેઠે ગળી જતી અને પાળી છૂટતાં ઓકી કાઢતી મિલ ક્રિયાશીલતાનું પ્રતીક લાગે છે. એની ધમધમાટી, એના સાંચાની ઘરઘરાટી, એના જાગ્રત પ્રજ્જ્વલિત ઉદરની સાક્ષી જેવી ઊંચે આકાશમાં ધૂણી છોડતી ચીમની, એની આગવી, તીણી, આરોહ-અવરોહ કરી મજૂરોને જગાડતી, બોલાવતી, છોડતી વ્હિસલ : કેટલી જીવંત ! કેટલી અચેતન !

પણ જ્યારે એ જ મિલો બંધ પડે ત્યારે ? એ જ ધમધમતાં મકાનો શાંત ભેંકાર કફનપેટીઓ બની જાય છે. એની બારીઓના ભાંગેલા કાચ પાછળનું ભયંકર અંધારું, ખોપરીઓની આંખનાં બિહામણાં પોલાણો જેવું લાગે છે.

એવી જ આ એક મિલ હતી : જર્જરિત, અચેતન, શબવત્, આજુબાજુના ગંદા વસવાટો, બદબોભરી હવા અને લીલ બાઝેલાં મેલાં ખાબોચિયાંને કિનારે એ મિલ ઊભી હતી. પેસતાં જ જમણા હાથે કંઈક ઠીક લાગતું મેડાવાળું મકાન અસલ શેઠસાહેબની ઑફિસ હતી. હાલ ત્યાં આ મિલના ભાડૂતોનાં ભાડાં ઉઘરાવતો અને સામાન્ય દેખભાળ રાખતો કારભારી રહે છે.

મિલના ઉપલા માળે જવાના દાદરાનાં પાટિયાં કોહવાઈ ગયાં છે. આ ઉપલા માળે બ્લોરૂમ હતો. અહીં રૂની ગાંસડીઓ આવતી, એના વજનદાર પાટલા ગગડાવવાથી ઈંટો ઘસાઈ ગઈ છે અને ફરસમાં ખાડા પડી ગયા છે. મિલ પાસે સમારકામના ક્યારેય પૈસા નહોતા.

અહીં નીચે પહેલાં કાર્ડરૂમ અને ફ્રેમખાતું હતાં. હાલ રૂના પાટલા રાખવાની ગોદામો તરીકે કોઈ મિલે તે ભાડે રાખ્યાં છે.

આ રોપ ઍલી, જ્યાં જંગી ઑઇલ એન્જિન તોતિંગ દોરડાં વડે આખી મિલના સાંચા ચલાવતું. આજે તો છાપરાનાં ભાંગેલાં પતરાંમાંથી આવતા પ્રકાશના સ્પૉટલાઇટમાં કરોળિયાનાં જાળાંની આકૃતિઓ દેખાય છે. પેલા પ્રકાશના પ્રતિબિંબને લીધે આજુબાજુનું છાપરું ખૂબ અંધકારમય લાગે છે. પણ જુઓ, હું એક કાંકરી ફેંકું... ચામાંચીડિયાં ! જોયાં ? સંભળાયાં ? કાળાં, ગંદાં, બેડોળ, હિચકૉકનાં 'બર્ડ્ઝ' જેવાં વિકરાળ !

મિલના પાછળના ભાગમાં એક પાવરલૂમ ફૅક્ટરી છે, એક લોખંડનું નાનું કારખાનું છે, અને એક સાબુની ફૅક્ટરી છે. એની પાછળના ભાગમાં જવા જેવું નથી. બૉઇલર હાઉસની છતનો ભાગ પડી ગયો છે અને ત્યાં આડાંઅવળાં પડેલાં સિમેંટ-કૉંક્રિટનાં ગચિયાં વચ્ચે ઘાસ ઊગ્યું છે.

ત્યારે ચોમાસું વીતી ગયું હતું. સવારે ઠંડીની ચમક વરતાતી. સાંજની હવામાં ધૂળ અને ધૂણી નીચે ઊતરતાં અને આ મિલવિસ્તાર પર તોળાઈ રહેતાં. જમીન ચામડીની જેમ સૂકી અને બરછટ થવા માંડી હતી. ઘાસે પીળાશ પકડવા માંડી હતી. અજાણતાં જ હોઠ પર જીભ વારેઘડીએ ફરી જતી. અંધારું વહેલું થઈ જતું અને સાડા છ-સાતે તો મિલનું કંપાઉન્ડ સૂનકાર બની જતું.

મિલની રોપ ઍલીમાંથી ગભરાયા વગર અંદર ઊંડે જતાં સારણી-ખાતાનો બ્લૉક આવે છે. ત્યાં અત્યારે તેલનાં પીપો, લોખંડનો કાટમાળ ને જૂના તૂટેલી હાલતમાં ખડકાયેલા સાંચાઓના દાગીનાઓ, ઉપર એક દીવો બળે છે. એની નીચે પાંચ-છ જણ એક પીપ પર ગોઠવેલા ચોરસ પાટિયાની ચારે બાજુએ પાટલીઓ પર બેઠા છે. એમની પાસે બાટલા પડ્યા છે. દીવાના પ્રકાશમાં બીડીના ધુમાડાના ગૂંચળાં ભમે છે. દિવસે જૂના કાટમાળની આ વખાર અત્યારે જુગારીઓનો, વ્યસનીઓનો અડ્ડો બની જાય છે. આટલે ઊંડે, અંધારી રોપ ઍલીમાં, ઊડતાં ચામાંચીડિયાંની ચીચિયારીઓ વટાવી અહીં સુધી તપાસ કરવાની કોઈની મગદૂર નથી. ભંગારના વેપારી વિઠ્ઠલની આ વખાર છે. એ અઠંગ ખેલાડી, ઉસ્તાદ બાજીગર ને ગુંડો છે. પાંડુ ખિસ્સાકાતરુ છે. વિઠ્ઠલનો ભાગીદાર છે, પણ દિલનો દાનો છે. અબુ ગની બેકાર, ભિખારી ને દારૂડિયો છે. મહેતાજી નામે ઓળખાતો કારભારી અહીં રમવા દેવા માટે દરેક બાજીએ ભાગ મેળવે છે, ને રમ્યા ને હાર્યા વગર કે ઝઘડ્યા વગર મહિને બસો-ત્રણસોનો કર ઉઘરાવી લે છે.

આ બધામાં ઉમાકાંત એક જ ખાનદાન કહી શકાય એવો હતો. દિવસે એ લોખંડના કારખાનામાં કારકુની કરતો. રાત્રે બે પૈસા બનાવીને તાલેવંત થવા એ આ લોકો સાથે ભળ્યો હતો, ને મોટે ભાગે તો એ ખોતો જ હતો. રાતના બારની વ્હિસલો વાગતાં એ અહીંથી ઊઠ્યો.

'ક્યું બિરાદર, કબ ?' ગની બોલ્યો.

'કલ.' ઉમાકાન્તે જવાબ આપ્યો અને થોકડી કોટના અંદરના ખિસ્સામાં ગોઠવી. એની પાતળી દમિયલ છાતીને એમાંથી હૂંફ મળી.

'બીબીજી કા મું દેખ કે આયા થા ?'

'તબ તો હારતા.'

'કમાલ કર દી ! મૈં તો ભિખારી બન ગયા.'

'સો દિન તેરા, એક દિન મેરા.' ઉમાકાંત બોલ્યો.

'લેકિન તુમ્હારા એક દિન હજાર જૈસા નિકલા. મૈં તો ખાખી બંગાલી બન ગયા. મહેતાજી ! દોચાર મહિના તનખા નહીં મિલેગી ભાઈસા'બ ! શેઠજી સે કહ દીજિયે.'

'ગણ્યા ?' મહેતાજીએ પૂછ્યું. 'ઘેર જઈને.' ઉમાકાંત બોલ્યો.

'યાર, પાંચ રૂપયે તો દે. ચા-પાની પિલાઓ, બાદમેં ઘર ચલે જાયેં.'

ઉમાકાંતે ખિસ્સામાંથી પાંચ રૂપિયાની નોટ કાઢી પાટિયા ઉપર મૂકી, બાટલામાંથી બદામી પ્રવાહી પ્યાલીમાં થોડું ઠાલવી એક ઘૂંટડો ગળું ઊંચું કરી રેડી દીધો અને ખભે કોટ ટિંગાવી ચાલી નીકળ્યો.

'સાલા, કલ આયેગા નહિ તો ?'

'ઉસકા બાપ ભી આયેગા, ઝિંદા રહના હોગા તો, પાંચ હજાર ક્યા હજમ કર જાયેગા બચ્ચા ?'

'એક જ દિવસ બેટો લહેરમાં રહી શકશે.'

'હવે રમવું છે કે...'

'છોડ યાર, આજ અપના દિન નહીં હય. કમબખ્ત બીબી કા મું દેખા હોગા.'

'ચલો ચલે.'

ચારે જણ ઉમાકાન્તની પાછળ ઊઠ્યા. એકે બૅટરી કાઢી. દીવો બંધ કર્યો. બૅટરીના અજવાળામાં તેલનાં પીપને લાતો મારતા, બંધિયાર વખારના કાળા અંધકારમાં પડઘા પાડતા બધા બહાર નીકળ્યા.

'સલામ.'

'સલામ.'

ઉમાકાંત ઝડપભેર ચાલવા માંડ્યો. હજી એને દોઢ માઈલ ચાલીને શહેરની પોળમાં જવાનું હતું. ચાંદની ચારે બાજુએ શાંત પ્રકાશ પાથરી રહી હતી. શેરીઓ સૂનકાર હતી. રઝળી-રખડી થાકી ગયેલાં કૂતરાં ટૂંટિયું વાળી જંપી ગયાં હતાં. ઉમાકાંતની પાછળ એક કૂતરું સૂંઘતું સૂંઘતું થોડું દોડ્યું અને કરડવાની આળસે પાછું ફરી ગયું. ઉમાકાંતનું ધ્યાન નહોતું. એનું બધું જ ધ્યાન છાતી આગળ ઉપસેલા કોટમાં કેન્દ્રિત થયું હતું. દમ ચડતાં રોગી છાતી પર હાથ દબાવે એમ એ ઘડીએ ઘડીએ કોટના ખિસ્સા ઉપર હાથ નાખતો હતો. બીડીની ધૂણીથી ખવાઈ ગયેલા એના શરીરમાં લોહી ઝડપભેર ફરતું હતું. મહિનાના સવાસો; આઠ મહિનાના હજાર; ચાળીસ મહિનાના પાંચ હજાર ! સવા ત્રણ વર્ષની કાળી મજૂરીનો પૈસો એક જ દિવસમાં ! એક જ દિવસની એક જ સાંજમાં ! કાલે પાછું રમવા જવું પડશે ? એ વિચાર પાછળના ભયંકર પ્રત્યાઘાતોનો ખયાલ, ન કરવા છતાંય, એને આવી ગયો અને ઘડીભર એ થથરી ઊઠ્યો. ઊંચે આકાશ તરફ એણે જોયું. એ જ શાંત ગતિથી ચંદ્ર એની સોબત કરી રહ્યો હતો : વખારથી ઘર સુધી. પોળના ઘરથી આગળપાછળની દીવાલો પર, એક પર પડતી ચાંદનીનાં ઉજ્જ્વળ ચોકઠાં ને બીજી પર પડતા પડછાયાનાં કાળાં ચોસલાં શતરંજના બૉર્ડની જેમ એ જોઈ રહ્યો. આ જીવનની અગમ્ય શતરંજનું એ પ્યાદું હતો ! આજે એનો વજીર એક વિજયી ચાલ ચાલ્યો હતો !

એક અંધારી ખડકીમાં થઈ એ પોતાના ઘરમાં પેઠો. સાંકડી ઊભી સીડી ચડતાંમાં એના હૃદયમાં પાંચ હજાર કમાયાનો આનંદ ફરી વ્યાપી ગયો. ઉપર જઈ એણે બારણું ઠોક્યું. પત્નીએ બારણું ખોલ્યું. ખોલતાં જ એ એને બાઝી પડ્યો.

'ફરી પીને આવ્યા લાગો છો', કહી એણે પોતાના ગળે વીંટાયેલા હાથની ગાંઠ છોડાવીને, ભોંય પાથરેલા ગાદલા પર આડાં સૂતેલાં ત્રણ છોકરાં વચ્ચેની સાંકડી વાંકીચૂકી જગ્યાએ અનુકૂળ થઈ એ સૂતી. એના ચહેરા પરની આછા ધિક્કારની રેખાઓ જોઈ ઘડીભર એ અટકી ગયો. પછી બોલ્યો : 'આજે તો પાંચ હજાર જીત્યો.' બજારમાંથી ભીંડાનું શાક લાવ્યો છું એમ કહેવા જેટલી સાહજિકતા તે એ અવાજમાં લાવવા ગયો. પણ એની પાછળનો આનંદ 'જીત્યો' બોલતાં ડોકિયું કર્યા વગર રહ્યો નહીં. 'એમ ?' એની વહુ બોલી. એમાં રહેલી નીરસતા, અવિશ્વાસ, અશ્રદ્ધા, કંટાળો એના હૃદયને કોરી ગયાં. દીવો બંધ કરી એ ખાટલા પર આડો પડ્યો. છોકરાંનાં નસકોરાં ને ઊંદરના ફરવાના અવાજ સિવાય શાંતિ પથરાઈ ગઈ. એના હૃદયમાં આનંદ માતો નહોતો. એ આનંદમાં એની સ્ત્રી સહભાગી થતી નહોતી, એટલું જ નહીં, એનામાં વિશ્વાસ પણ ધરાવતી નહોતી !

થોડીક શાંત પળો પછી જ્યારે 'ખરેખર ?' એમ બોલી ત્યારે એ બેઠો થઈ ગયો. ઊભા થઈ, કોટના અંદરના ખિસ્સામાંથી થોકડી કાઢી અને એની પત્નીના ગાલ પર નોટોના કાગળની સુંવાળી ધાર ફેરવી.

થોડી વાર એ શાંત સૂઈ રહી. અંગૂઠો અને આંગળી નોટો પકડતાં આટલાં છૂટાં ક્યારેય નહોતાં રહ્યાં એનો વિચાર કરતો એ ઓટલે જઈ બેઠો અને પછી થોકડી છાતી ઉપર મૂકી ચત્તો સૂતો. એના શ્વાસોચ્છ્વાસની સાથે ઓતપ્રોત થઈ ગઈ હોય એમ થોકડી ઊંચીનીચી થતી એ જોઈ રહ્યો. પત્ની બોલી : 'ઘરધણી આવ્યો હતો. છ માસનું ભાડું ચડી ગયું છે એમ કહી ગાળો ભાંડીને ગયો.'

એણે જવાબ ન આપ્યો. પાંચ હજારમાંથી એણે બાદબાકી શરૂ કરી.

'મેં કહ્યું બારીઓના કાચબાચ નખાવવા નથી, છત ચૂએ છે, સીડીનાં પાટિયાં સડી ગયાં છે. એ બધું કરાવો પછી ભાડાની વાત કરજો.'

'હં, પછી ?'

'તો કહે, ભાડાં આલવાં નથી ને મહેલમાં રહેતા હો એમ સાહ્યબી જોઈએ છે, તમારી મેતે કરાવી લ્યો, કહે.'

'ઘર એનું, અને આપણે...?'

'કહે, મારે શું ? છોકરાં તો તમારાં ટાઢે મરશે કે મારાં ? ખરી રીતે તો મ્યુનિસિપાલિટીએ નોટિસ આપેલી છે, ઘર પાડી નખાવવાની. આ ચોમાસું નીકળ્યું એમ કહો, નહીં તો - મારો વાલો ગાળો દઈને કહે - તું તારાં છોકરાં ને તારો પેલો જુગારી ધણી બધાંય જમસદન પહોંચી ગયાં હોત ! નખ્ખોદિયો !'

એ કંઈ બોલ્યો નહીં.

'પચાસ રૂપિયા આલતાંય આવી એક ઓરડીય હવે ક્યાં ?' એ બોલી : 'માથે દિવાળી આવે છે. થોડુંક કાપડ લેવું છે. છોડીનાંય કપડાં ફાટી ગયાં છે. બાબોય નિશાળે જતાં બુમરાણ કરે છે. તમે દેવું કર્યું ત્યારથી દિવાળીમાં સુંવાળી સરખીય કરી નથી. તમે કહેતા હો તો કાલ મેંદો લાવું. ગજરીબે'નનાં છોકરાંઓને ખાતાં જુએ છે ને દોડ્યાં આવે છે : મા, સુંવાળી આલ્ય, ને મા સેવ આલ્ય ! મેર મૂઆઓ ! ખાઈ જાઓ તમારી માને ! આજ તો હું એવી અકળાઈ ગઈ. નથી જોયું જતું. કહેજો તમારા બાપને, મેં કીધું. ફટ દઈને છાનાં. છોડી કહે, બાપા તો મારે. મેં કીધું, ત્યારે તંઈ કેમ નથી ચાલતું ? તો કહે, મારા વાલાં, તું કહે; તારું ચાલ છ ! મારાં હાળાં શેતાનનાં બચ્ચાં છે.'

ઉમાકાંત અંધારામાં હસી પડ્યો : 'એમ ત્યારે ? હું શેતાન છું.'

'ઓય મા !' એની વહુ સમજી ગઈ ને બોલી ઊઠી.

'હેંડો ને અંબાજી જઈએ. બાબો જન્મ્યો ત્યારેય ન ગયાં. ત્યારે પૈસા નહોતા. નિશાળે મૂક્યો ત્યારે ન ગયાં. ત્યારેય નહોતા. આજે છે ત્યારે તો જઈએ.'

'જઈશું !'

'ક્યારે ?'

'નવરાતર ઊતર્યે. અત્યારે તો ત્યાં પરે એના કકડા.'

'ઓચ્છવકાકાનો કાગળ આયો છે.' થોડી વારે પાછી એ બોલી.

'તેં મને સવારે કેમ કીધું નહીં ?'

'મોડો–બપોરે આયો.'

'શું લખે છે ?'

'જસોદાનાં લગન લીધાં છે. માગશર સુદ પાંચમનાં નક્કી કર્યાં છે.'

'જવું પડશે ને ?'

'હાસ્તો, ચાંલ્લોય કરવો જ પડશે ને ?'

'પચ્ચીની ઊઠશે.'

'સવારે તો મને એવો જ વિચાર આવેલો. મેં મારી જાતને કહ્યું, તારે બધા શૉખ થાય છે, જવાના ને આવવાના.'

ઉમાકાંતે છાતી પરથી થોકડી લઈ ગાદલા તળે દબાવી. એ પછી વળી ઊંદરડા કાતરી જશે વિચારી ઊઠીને કબાટમાં મેલી.

'તારે સાલ્લો લાવવો હોય તો કાલ લાવજે. છોકરાંનાંય કપડાં લેજો અને કાલ રણછોડજીથી આવતી વેળા લાકડશી લેતી આવજે. માતાજીની આઠમ છે. ખાશે છોકરાં.'

'તમેય ત્યારે ધોતિયું લાવો ને ? શિયાળો આવે છે. માથે વીંટવા ગળપટ્ટો ય એક લઈ લ્યો. ગયે શિયાળે આખી રાત ખોંખોં કર્યા કર્યું છે.'

ઉમાકાંત છત પર ચૂલાની ધૂણીથી પડેલાં કાળાં ધાબાં તરફ તાકી રહ્યો. અત્યારેય છાતીમાં ઘરઘરાટી બોલતી હતી : દમની મૃત્યુ તરફ ખેંચતી જિંદગીની, ઉંમરની, રોગની તોતિંગ સાંકળોની !

ગનીના શબ્દો એકાએક એના કાને અથડાયા : 'કલ !' ઘોડાપૂરની જેમ આવેલો ઉત્સાહ, હર્ષાવેશ ઊતરી ગયો.

'હવે આ લત છોડી દો તો ?' ગભરાતા સ્વરે એની પત્ની બોલી. એણે જવાબ દીધો નહીં. 'કાલે જવાનું છે ?' એ ફરી બોલી.

વખારમાંથી નીકળતાં સંભળાયેલા 'કલ આયેગા નહીં તો ?' એના મગજમાં પડઘા પાડતા ઘૂમવા લાગ્યા, ડાકલીઓ વગાડવા લાગ્યા.

'ફરી જશો ને હારશો, ને પાછું આ ને આ.'

'પેલા ડાઘિયા જોયા છે ?'

'થયું ત્યારે તો ! સાલ્લો, ને છોકરાંના કપડાં, ને અંબાજી, ને બધુંય !' એની વહુ હતાશાથી બોલી. 'ચૂપ કર !' ઉમાકાંત તપી ગયો.

એની પત્ની શાંત થઈ ગઈ. છેક પાછલી રાતે બંનેને ઊંઘ આવી.

સવાર પડી. રોજની જેમ ભાખરી ને શાક ખાઈ એ કારખાને જવા કોટ પહેરવા ગયો. સ્વાભાવિક એનો હાથ અંદરના ખિસ્સે ગયો. વર્ષોથી ભરેલા ખિસ્સાથી જાણે ટેવાયો હોય એમ ઘડીક એ ખિસ્સું ખાલી જોતાં ખચકાઈ ગયો. ખાનું ખોલી થોકડી એણે સંતાડી ને પછી હળવેથી ખાનું ને કબાટ બંધ કરી દીધાં. અને પછી કારખાને ગયો.

સાંજે પાછો આવ્યો ત્યારે એની વહુ બોલી : 'મારા મનમાં તમે રોજના ટાઈમે આવશો.' રોજના ટાઈમે એટલે રાતના બાર-એક.

બોલ્યાચાલ્યા વગર એણે થેલીમાંથી મીઠાઈનું પડીકું, નવા સાલ્લાની પ્લાસ્ટિકની થેલી અને કપડાંનું બંડલ કાઢ્યું. વહુની આંખના ખૂણે બાઝેલાં હર્ષાશ્રુનાં બિંદુમાં આનંદની વીજળી

ઝબકતી એ જોઈ શક્યો.

'મેં તો રાંધ્યુંય નથી. સવારનું ઢાંકેલું હતું. દાળ ઓરી દઉં ? વાર નહીં લાગે. હમણાં, ઝપાટાબંધ !'

'છોકરાં ક્યાં છે ?'

'રમતાં હશે પોળના મોઢે.'

એણે ખીંટીએ કોટ ટિંગાડ્યો અને ખાટલે બેઠો. આજે છાતીમાં કંઈક ઠીક હતું. એની વહુએ ચૂલો સળગાવ્યો. આંધણ મેલ્યું. આમ ફુદરડીની જેમ ફરી વળતી એને એણે ક્યારેય જોઈ નહોતી. ફાટેલા સાલ્લામાંથી એના કાળા વાળ જોતાં જોતાં એ મનોમન બબડ્યો : 'મારા ધોળા થયા છે, પણ આના તો હજુય...'

'કોણ ?' કોઈકે બારણું ઠોક્યું એટલે એણે પૂછ્યું.

'હું પાંડુ.' બહારથી અવાજ આવ્યો.

ઘડીક એને બારણું નહીં ખોલવાનો વિચાર આવી ગયો. કબાટના ખાના તરફ એક નજર ફેરવી એ ઊઠ્યો. એની વહુ એની સામે જોઈ રહી. આંધણ ઊકળવા આવી ગયું હતું એનો અવાજ આવતો હતો.

'ચલો યાર, તુમારી સબ વાટ જુએ છે.' પાંડુનું હિંદી-ગુજરાતી એવું જ હતું.

ઉમાકાંત એને બરડેથી ધક્કેલી બહાર લઈ ગયો ને પાછળ બારણું વાસ્યું. અંદર એની વહુ બેસી પડી. એના હૃદયમાં ફાળ પડી હતી. બારણા પાછળથી આવતો ગુસપુસ અવાજ એ કાન દઈ સાંભળી રહી.

'તું જાણે છે, તું નહીં આવે તો વિઠ્ઠલ તને નહીં છોડે. પાંચ હજારનો સવાલ છે દોસ્ત. તારા અચ્છા વાસ્તે કહું છું.'

થોડી વારે એ અંદરથી આવી ખાટલા પર બેઠો. એની વહુ એની સામે થોડી વાર જોઈ રહી ને પછી રાંધવામાં પરોવાઈ. ઉમાકાંત સૂમસામ બેસી રહ્યો. એના મનમાં જવું-ન જવુંની ગડભાંજે ઉગ્ર સ્વરૂપ લીધું હતું. એ જ કંપાઉન્ડમાં કાલે નોકરી કરવા જવાનું છે : એ વિચારી રહ્યો.

બારી બહાર પોળનો ખૂણો અંધાર્યો. એની છોકરી અને વચલો છોકરો લઘરવઘર દોડતાં સીડી ચડી ઉપર આવ્યાં અને એને જોઈ જરા ગભરાઈ હાંફવા માંડ્યાં : 'બાબો ક્યાં છે ?' એમની માએ પૂછ્યું.

'કોઈની જોડે એ તો ગયો !'

'શું કોઈની જોડે ગયો ? કોની જોડે ?' એમનો બાપ તડૂકી ઊઠ્યો : 'રાત પડ્યે ઘેર આવવાનું કે કોઈની જોડે જવાનું ?'

છોકરાં ગભરાઈ કંઈ બોલ્યાં નહીં. ઉમાકાંતે લાફો ઉગામ્યો : 'કોની જોડે ? બોલો ?' છોકરી ગભરાતી ગભરાતી બોલી : 'પેલા હમણાં કોઈ તમને મળવા આવ્યા'તા ને, એમની જોડે !'

ઉમાકાંત બેઠો થઈ ગયો : 'એણે શું કહ્યું ?' ફાટી આંખે એ બોલ્યો.

'કહે, ચાલ મગસ ખવડાવું. કહે, તારા બાપાનો હું દોસ્ત છું. અમને કહે કે તમે જાઓ, તમારા માટે આની જોડે મોકલીશ.'

ઉમાકાંતે એક ઝપાટે કોટ ખેંચ્યો. કોટની સાથે ખીંટી પણ ખેંચાઈને ખણણણ કરતી નીચે પડી ! 'ક્યાં જાઓ છો ?' એની વહુએ પૂછ્યું.

'આ સાંભળ્યું નહીં તેં ! સૂવરનો બચ્ચો આટલી હદે...'

'એને ઉપાડી ગયા હશે ?' એ બહાવરી થઈ ગઈ. ઉમાકાંતે જોડા પહેર્યા. 'પણ તમે પોલીસમાં કહોને ?'

'તું એમ માને છે કે હું પોલીસમાં જઈને કહું ને એ લોકો મને જીવતો છોડે ?' એની વહુ ધીમું ધીમું રડવા માંડી. 'મારી ચિંતા ન કરીશ. હું એને લઈને આવું છું.' કહી એ સીડી તરફ દોડ્યો.

પોળને મોઢેથી એણે રિક્ષા કરી. પા કલાકે એ વખારે પહોંચ્યો ત્યારે એ રિક્ષાવાળાને પૈસા ચૂકવ્યા વગર જ અંદર દોડ્યો.

'એય સા'બ પૈસા ?' રિક્ષાવાળાએ બૂમ મારી. પાછા ફરી ખિસ્સામાંથી મૂઠીમાં આવ્યું એટલું પરચૂરણ એણે પેલાના હાથમાં ઠાલવી દીધું.

રોપ એલીમાં પેસતાં ચામાચીડિયાં ફડફડી ઊઠ્યાં. તૂટેલા કાચમાંથી એણે જોયું તો વખારમાં વિઠ્ઠલ, ગની, મહેતાજી અને પાંડુ બેઠા હતા - બારણા તરફ માથું કરીને.

એ ધીરો પડ્યો. થોડી વાર ઊભા રહી શું કરવું એના વિચારમાં પડી ગયો. ચામાંચીડિયાં પાછાં પોતપોતાની જગ્યાએ લટકી પડ્યાં.

વખારના બારણા આગળ એ ઊભો રહ્યો. પ્રકાશમાં એ ચારે જણાને જોઈ રહ્યો. પેલા ચાર બારણાના અંધારા ચોકઠામાં માણસની આકૃતિ શાંતિથી જોઈ રહ્યા. 'આઈયે.' વખારમાં એના પડઘા પડ્યા.

ઉમાકાંત ત્યાં ઊભાં ઊભાં જ બોલ્યો : 'પાંડુ, મારો છોકરો લાવ. મારો છોકરો ક્યાં છે ?' એનો અવાજ તરડાઈ ગયો.

'તેરા છોકરા ? મેરી પાસ ? મું સમાલ કે બોલ દોસ્ત !?'

'વિઠ્ઠલ, આ તારાં કારસ્તાન છે. હું મરીશ પણ સૂવર તને નહીં છોડું.'

'તારો છોકરો તારી પહેલાં મરશે.' કહી વિઠ્ઠલ હસ્યો : 'પાંચ હજાર રાખી લેં. છોકરો અમારી પાસે છે.' બીજા ત્રણે હસ્યા.

'બાબા... બાબા... મહેશ !' ઉમાકાન્તે બૂમો પાડી. જવાબમાં વખારની દીવાલો અને દીવાની નીચેનાં ચાર પ્રેતો અટ્ટહાસ્ય કરી ઊઠ્યાં.

'બૉઇલર હાઉસમાં છે, ત્યાં જા.'

ઉમાકાંત બહાર દોડ્યો. કંપાઉન્ડ પાછળ જઈ બૉઇલર હાઉસના ખંડિયેરમાં એ પેઠો. એકાએક એના પ્રવેશથી એક કૂતરું પૂંછડી દબાવી ભસતું ભસતું ભાગી ગયું. 'બાબા...' 'મહેશ...' ખુલ્લી હવામાં પડઘા પણ પડ્યા નહીં. એ પાછો અંદર દોડ્યો. ચારે જણા એવા જ સ્થિર, શાંત, બેફિકર બેઠા હતા.

'અચ્છા, હું પોલીસમાં ખબર આપું છું : તું પણ બેટમજી જો.' હાંફતાં હાંફતાં એ બોલ્યો. 'પોલીસ તારા છોકરાની લાશ જ જોશે.'

લાશ શબ્દે એ થથરી ઊઠ્યો. ધીમે ધીમે એ આગળ વધ્યો. છેક પાસે આવી એ કરગરી પડ્યો. રડી પડ્યો.

'પાંચ હજાર લે કે આવ. બાદ મેં લડકા મિલેગા.' ગની બોલ્યો.

'પાંડુ ઉસ કી સાથ જા. ઉસ કા દિમાગ આજ ઠીક નહીં હય. બિચારા કહીં ગાડીબાડી મેં ન આ જાયેં !'

પાંડુ ઊઠ્યો. બંને જણા બહાર નીકળ્યા. મૂંગા મૂંગા રિક્ષામાં બેસી ઘેર આવ્યા. પાંડુ ઓરડી બહાર ઊભો રહ્યો. ઉમાકાંત અંદર ગયો. એની વહુ સૂજેલી આંખોએ એની સામે તાકી રહી. ઉમાકાંત એના તરફ જોયા વગર કબાટ તરફ સીધો ગયો.

'ક્યાં છે બાબો ? તમે બધા જુગારિયાઓ, દારૂડિયાઓ, મારા છોકરાને...' ડૂસકાંમાં એના બાકીના શબ્દો ભીંજાઈ ગયા.

ઉમાકાંત કબાટના ખાનામાંથી થોકડી કાઢી બહાર નીકળી ગયો.

'લે આયા ?' વખારમાં બંનેને પેસતા જોઈ વિઠ્ઠલ બોલ્યો : 'ચલો ઠીક હુઆ. ઇતની છોટી સી બાત અપની દોસ્તી કી બીચ મેં આ જાય યે ઠીક નહીં. મહેતાજી પાનેં નિકાલો, ખેલેં.'

મહેતાજીએ પાનાં કાઢ્યાં. ઉમાકાંતે પૂછ્યું : 'મારો છોકરો...?'

'ઘર જાતે વખ્ત લેતે જાના. વો તો ખા-પી કર સો ગયા.'

ઉમાકાંત સમજી ગયો. રમ્યા વગર છોકરો મળે નહીં. બાજી ઉપર બાજી પડવા માંડી. પાંચ હજાર ખોયા સિવાય છૂટકો નહોતો. ભગવાન આજ બાજી પણ અચ્છી આપવા માંડ્યો હતો. એક્કો દૂરી તીરી; ત્રણ દસ્સા... થોડું રમી એણે પાનાં ફેંકી દેવા માંડ્યાં. થોકડી ઘટતી ચાલી. બાજી ફેંકી ના દેતો હોત તો થોકડી અત્યારે બીજી એટલી વધી ગઈ હોત. એના મગજમાં મહેશ... બાબો... ચાલ્યા જ કરતું હતું. થોકડી પૂરી થઈ. 'અબ ?'

'પાંડુ, દે ઉન કા લડકા.'

થોડી વારમાં પાંડુ ક્યાંકથી એના છોકરાને લઈ આવ્યો. છોકરો બેબાકળી આંખે બાપને જોઈ રહ્યો ને પછી એને વળગી પડ્યો.

'અબ ખેલના હૈ ?' ગની બોલ્યો.

'ક્યોં નહીં !' ઉમાકાંતે કરડાકીથી જવાબ આપ્યો : 'લડકે કો ઘર છોડ કે આતા હું.' એના અવાજમાં ભયંકર ખુન્નસ હતું.

'ફિર જીત કે ઘર નહીં જા સકોગે !'

ઉમાકાંત બોલ્યા વગર છોકરાને તેડી બહાર ગયો. ઘેર જઈ એણે એની માને સોંપ્યો. છોકરો માના ખોળામાં માથું નાખી રડી પડ્યો.

'તું આજે હું સાલ્લો લાવ્યો છું એ પહેરી લે, અને થેલીમાં છોકરાંનાં ને મારાં એક જોડ કપડાં નાખી લે. હું હમણાં આવ્યો.' ઉમાકાંતે શ્વાસ ખાધા વગર પાછાં દાદરાનાં પગથિયાં ઊતરતાં કહ્યું. એની વહુ કંઈ સમજી નહીં.

ઉમાકાંત વખારે પાછો આવ્યો ત્યારે પેલા બધાય એની વાટ જોઈ બેઠા હતા. 'દાવ નાખો.' એ બોલ્યો.

બાજી પડી. બે-ચાર બીજી બાજી રમ્યો. થોડાક રૂપિયા એ હાર્યો.

ફરી બાજી પડી. દાવ વધવા માંડ્યો. વિઠ્ઠલ ને એ સામસામા આવી ગયા. ઉમાકાંતની ખુમારી વધતી વિઠ્ઠલ જોઈ જ રહ્યો, પણ કંઈ સમજ્યો નહીં. ઉમાકાંત ખંધું હસીને બોલ્યો : 'હવે રમ્યા વગર ઘેર જા; તારા છોકરાને શોધી કાઢ.'

વિઠ્ઠલ સટાક ઊભો થઈ ગયો. પત્તાં ફેંકી દઈ એ દોડ્યો : વખારની બહાર, પોતાના ઘર ભણી. ગની એના ઉઘાડા પડેલા ત્રણ દસ્સા જોઈ રહ્યો. ત્રણે જણા ઉમાકાંત તરફ તાકી રહ્યા. વિઠ્ઠલનાં પગલાંના પડઘા શમી ગયા એટલે એ ઊભો થયો અને એણે પત્તાં ઉઘાડાં ફેંક્યાં. એના ત્રણ એક્કા તરફ ત્રણે જણા જોઈ રહ્યા.

'ગની, વિઠ્ઠલને કહેજે કે છોકરો કોઈ ઉપાડી જાય ત્યારે એના બાપને આવું થાય અને એના છોકરાને ઘેર સહીસલામત જોઈને મને મારવા અહીં પાછો આવે ત્યારે એને કહેજે કે ઉમાકાંત પાસે ત્રણ એક્કા હતા. ધારત તો ફરી પાંચ હજાર ઓકાવી કાઢત.'

ઘેર જઈ એની વહુને એણે કહ્યું : 'ચાલ, અત્યારની ગાડીમાં જ અંબાજી જવાનું છે.' અને હાથ ઝાલી એણે અવાચક પત્નીને ઊભી કરી અને છોકરાંઓને આગળ કર્યાં. (૫૪૨)

કનુ : પાણી ઉપર અને પાણીની નીચે ચાલવાછતાં કોરું રહી શકે એ કોણ ?

મનુ : કંઈ સૂઝતું નથી; તું જ કહે જોઈએ.

કનુ : માથે પાણી ભરેલું બેડું લઈને પૂલ ઉપરથી જતી પનિહારી.

લોભી અને ધુતારાની કથા

લોકોનાં સામાજિક દૂષણો, રાજકીય બદીઓ તથા વ્યક્તિગત વિચિત્રતાઓ ઉપર કટાક્ષ કરતી વાર્તાઓના અનેક પ્રકાર જુદા જુદા દેશમાં જુદા જુદા કાળે લખાય છે. લેખકે એ જ રીતે આપણી પ્રાચીન 'પંચતંત્ર'ની બોધકથાઓની ઢબે આધુનિક જીવન પર હળવી શૈલીમાં 'સપ્તતંત્ર'ની કથાઓ નામની એક નવી શ્રેણી લખેલી. એમની એવી એક નવી કથા અહીં આપી છે. વાચકો જોશે કે તેની કથનશૈલી આપણી પ્રાચીન કથાઓની ઢબે તેમ જ આપણા પુરાણીઓના કથાવાચનની શૈલીએ યોજી છે અને વચ્ચે આવતાં બોધકથનો 'પંચતંત્ર'ના તેવા શ્લોકની ઢબે જ આધુનિક યુગ પરના કટાક્ષો ગૂંથીને રચ્યા છે. (સં)

– નવનીત સેવક –

કોઈ એક વેળાએ ગુજરાત નામે દેશમાં લુણાદ નામે ગામને વિષે તલકચંદ નામનો વણિક વસતો હતો. બાપદાદાના વખતથી ખેડૂતોમાં ધીરધાર કરવાનો ધંધો છે જેનો, એવો તે તલકચંદ ત્યાર બાદ પૂર્વજોના પગલે ચાલીને એકના એકવીસગણા ધનને પામ્યો. ત્યાર પછી વર્ષાઋતુને સમયે જ્યારે ખેતરોમાં પુષ્કળ ધાન્ય પાક્યું હતું, ખેડૂતો અનાજથી થનારી આવક વિષે વિચાર કરીને આનંદ પામતા હતા, ત્યારે જેના મનમાં ચિંતાએ વાસ કર્યો છે એવા તે તલકચંદ નામે વણિકે વિચાર્યું, 'અહો ! મારા દેણદાર સઘળા ખેડૂતો ધનવાન થઈ જવાના ! હવે તો મારા માગતા બધા પૈસા મને મળી જવાના ! એકનાં એકવીસગણાં વ્યાજ હું હવે ક્યાંથી ચઢાવીશ ? હા ! હવે હું મૂઓ !'

કહેવામાં આવ્યું છે કે - **ડૉક્ટરો રોગચાળાને ઇચ્છે છે, વકીલો લડાઈ-ઝઘડાને ઇચ્છે છે, સંઘરાખોરો અછતને ઇચ્છે છે અને (ધીરધારાવાળા) વણિકો દુષ્કાળ ઇચ્છે છે...(૧)**

ત્યાર પછી નાનાં ગામોમાં ધીરધારના ધંધામાં લાભ દેખાયો નથી જેને, એવા તે તલકચંદ નામે વાણિયા વડે પોતાના બધા દેણદારો પાસેથી માગતા પૈસા ઉઘરાવી લેવાનું ઇચ્છ્યું. અને એ વણિકપુત્ર અનાજનાં ગાડાં ભરાવતા ખેડૂતો પાસે ગયો અને બોલ્યો, 'હે બંધુઓ ! અનાજના ઢગલા પરથી તમે સારું એવું ધાન્ય ઉત્પન્ન કર્યું હોય એમ લાગે છે. માટે, જો તમે એ વેચવાથી યોગ્ય ધન મેળવો તો મને મારી માગતી રકમ પાછી આપી દેશો.'

ત્યાર પછી તેમ કરવામાં આવતાં તે અત્યંત પ્રસન્ન થયો અને મનનાં જ બોલવા લાગ્યો, 'આહા ! મારા પૂર્વજોમાંથી કોઈની પણ પાસે આટલા પૈસા સામટા નહિ આવ્યા હોય, માટે લાવ મને કોઈ મોટા શહેરમાં જઈને કોઈ એક ઉત્તમ ધંધામાં મિલકત રોકવા દે ! કેમ કે.....

હાથમાં રહેલું ધન નિષ્ક્રિય રહેવાથી તે મોજશોખમાં કે શબ્દરચના-હરીફાઈઓમાં નાશ પામે છે. માટે સુખી જીવન ગાળવા ઇચ્છનારે તેને કોઈ ધંધામાં રોકવું . . .(૨)

આ પ્રમાણે વિચાર કરેલો છે જેણે, એવા તે તલકચંદ નામે વણિકે ત્યાર બાદ સો સો રૂપિયાની થોડી નોટો બંડીના ખિસ્સામાં મૂકીને તેના પર બે ડગલા પહેર્યા અને મુંબઈ નામે નગર તરફ પ્રયાણ કર્યું.

ત્યાર પછી, રેલગાડી જ્યારે ગડગડાટ કરતી દોડતી હતી, સેવચેવડા તથા પિપરમીટવાળા ફેરિયાઓની બૂમ સંભળાતી હતી, ભજિયાં ખાઈને નંખાયેલાં કાગળિયાં આમતેમ ઊડતાં હતાં ને ખડખડ અવાજ કરતો પંખો ફરતો હતો ત્યારે ડબામાં બેઠેલા તલકચંદ પાસે સામેની જગા પર બેઠેલો એક માણસ આવ્યો અને બોલ્યો, 'હે ભાઈ ! તમે ધીરધાર કરનારા હો એમ લાગે છે. માટે જો એમ હોય તો કૃપા કરીને મારી પાસે આ બટન છે તે સોનાનાં છે કે કેમ તે જુઓ.'

તેનું આ પ્રમાણેનું બોલવું સાંભળીને તલકચંદ તેના પ્રતિ બોલ્યા, 'હે મિત્ર ! તમે કોણ છો અને આ બટન શા માટે મારી પાસે તપાસાવડાવો છો તે કહો.'

તેનું કથન શ્રવણ કરીને મુસાફર બોલ્યો, 'ભાઈ ! મારી વાત હું તમને કહું છું; પણ લ્યો, આ બીડી સળગાવો.'

પરંતુ તેણે વારંવાર આગ્રહ કર્યા છતાં પણ તે વણિકે બીડી લીધી નહિ. કહ્યું છે કે...

દુશ્મનનું, બેવફા થયેલી સ્ત્રીનું, જ્ઞાન વિનાના વૈદ્ય-ડૉક્ટરોનું, દ્રવ્ય-હરણ કરવાની ઇચ્છાવાળા મિત્રનું કે રેલગાડીમાં મળેલા અજાણ્યાનું આપેલું કંઈ જ ખાવું કે પીવું નહિ. . . (૩)

વારંવાર આગ્રહ કર્યા છતાં પણ જ્યારે તલકચંદે બીડી ન લીધી ત્યારે તે મુસાફર પોતે જ એક બીડી સળગાવીને પોતાની વાત કહેવા લાગ્યો.

મુસાફરની વાત

'હે ભાઈ ! મારી વાત તો (ઘણી) લાંબી છે. હું નડિયાદ નામે શહેરનો નિવાસી ચતુર્ભુજ નામે સોની છું. નાનપણમાં જ મારા પિતા મારા માટે પુષ્કળ સંપત્તિ મૂકીને મરી ગયા હતા. મારી નાની ઉંમર જોઈને મારી સંપત્તિ હસ્તગત કરી લેવાની ઇચ્છાવાળાં અનેક સગાંઓએ ટ્રસ્ટી તરીકે કામ કરવાની ઇચ્છા દર્શાવી. કહ્યું છે કે -

માખી વિનાનું મધ, આશરા વિનાની સ્ત્રી, કાંટા વિનાનું ગુલાબ અને રક્ષક વિનાનું ધન લેવા સહુ ઇચ્છે છે . . . (૪)

સગાંઓની ઇચ્છા સમજી ગયેલી છે જે, એવી મારી માતાએ તે પછીથી કોઈને મિલકત નહિ સોંપતાં પોતે જ તે સાચવવાનું નક્કી કર્યું.

ત્યાર બાદ પૈસા છૂટથી મળતા હોવાને કારણે નાનપણથી જ હું છૂટા હાથવાળો બન્યો, અને મોટો થતાં પણ સારાસાર-બુદ્ધિને પામ્યો નહિ. જેના વડે આ મિલકતને હું ભોગવી રહ્યો હતો એવી તે સોની-વિદ્યાને પણ મેં પ્રમાદથી કરીને મેળવી નહિ તથા આળસુ બનીને હું દ્રવ્યનો વ્યય કરવા લાગ્યો. એ પછીથી ઉંમરલાયક થતાં મારી માતાએ બધી મિલકત મને સોંપી દીધી. સારાસાર-બુદ્ધિને નહિ મેળવેલો એવો હું પણ, 'હવે મારે કોઈને ખર્ચ અંગે જવાબ આપવાનો રહ્યો નહિ' એવો વિચાર કરીને આનંદમાં આવ્યો.

તે પછીથી જેમ જેમ સમય વીતી ગયો તેમ તેમ મારા મિત્રોની સંખ્યા વધતી જવા લાગી, તથા ધન ઘટતું જવા લાગ્યું. કહ્યું છે કે-

સાઠ વર્ષ ગયાં પછીની બુદ્ધિ, અભિનેત્રીની ઉંમર, પૈસા મળ્યા પછીનો વિવેક અને (સ્વાર્થી) મિત્રોની સોબતમાં ધન, એ ચારે સમય વીતતાં ઘટ્યા કરે છે. . . (૫)

આ પ્રમાણે થતાં, ધન અને મિત્રોની મૈત્રી નાશ પામી ગઈ છે જેની, એવો હું તે પછીથી ઘણા સંકટને વિષે આવી પહોંચ્યો, અને જેવી રીતે ભારતને સ્વાતંત્ર્ય આપીને અંગ્રેજો પસ્તાયા તેવી રીતે પસ્તાવા લાગ્યો.

ત્યાર પછી, ઘરમાં જ્યારે ખાવા અનાજ પણ ન રહ્યું ત્યારે મારી માતાએ મને બોલાવીને કહ્યું, 'હે પુત્રક ! તારા વડે કરીને તારા પિતાએ ઉપાર્જન કરેલી સઘળી મિલકત ખવાઈ ગઈ છે, તો હવે ગુજારો ચાલુ રાખવા માટે તું કાંઈક ધંધો શોધી કાઢ, વગેરે.

તેને આમ કહેતી જોઈને મેં પશ્ચાત્તાપ કરતાં કહ્યું, 'હે માતા ! મારા પિતાની સર્વ સંપત્તિ મેં મૂર્ખાએ વેડફી નાખી છે. હવે હું શું કરું ?'

ત્યારે માતા બોલી, 'હે વત્સ ! અમદાવાદ નામે નગરમાં જઈને મનુષ્યો દ્રવ્યોપાર્જન કરે છે એવું મેં સાંભળ્યું છે, માટે તું ત્યાં જા અને ધન તથા કીર્તિને મેળવ !'

તેની આજ્ઞા મેળવીને એ પછી હું અમદાવાદ ગયો, પરંતુ અનેક અરજીઓ કર્યા છતાં પણ કંઈ નોકરી-ધંધો-મેળવી શક્યો નહિ. ત્યાર બાદ આમ થવાથી અત્યંત નિરાશ થયેલો એવો હું મારે ગામ પાછો ગયો, તથા કોઈ ધંધો કરવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. કહ્યું છે કે...

નોકરી એ ઉત્તમ છે, વેપાર એ મધ્યમ છે અને ખેતી એ કનિષ્ઠ છે; માટે સૌ પ્રથમ નોકરી, તે ન મળે તો વેપાર અને છેવટે કંઈ ન મળે તો ખેતી કરવી. . . (૬)

આ પ્રમાણેનો વિચાર કરીને મેં મારા પિતાજીના એક મિત્ર પાસેથી ઉછીના કરીને પૈસા લીધા તથા જાતજાતના વેપાર કરવાની યોજના ઘડી; પરંતુ તેમાં કંઈ નફો નહિ મળતાં ઉદાસ થઈ ગયો. મને આ પ્રમાણે નિરાશ થઈ ગયેલો જોવાથી દિલ દુભાયું છે જેનું, એવા મારા એક મિત્રે કહ્યું, 'હે બંધુ ! તું આમ માથે હાથ દઈને કેમ બેઠો છે ? શું તેં સાંભળ્યું નથી, કે શાંત રહીને તથા ધીરજ રાખીને રાહ જોવાથી રેશનિંગની જેમ નિષ્ફળતા પણ જતી રહે છે ? માટે હે વયસ્ક ! શાંત મગજ રાખીને તારે શી મૂંઝવણ છે તે મને કહે.'

તે મિત્રનાં આવાં વચન શ્રવણ કરીને, ' આ મારા માટે માર્ગ શોધી કાઢશે' એવા વિચારથી મન શાંત થયું છે જેનું, તેવા મારા વડે તેને સઘળી વાત કહેવાઈ, અને તે સાંભળીને તે પણ મારા પ્રત્યે બોલ્યો, 'હે મિત્ર ! તો પછી તું ચોરીનો માલ સંઘરવાનો ધંધો કેમ કરતો નથી ? કેટલાક સોનીઓ તો આ ધંધામાં સારું ધન પેદા કરે છે. તો તું પણ તેમના માર્ગને અનુસર.'

તે બાદ તેની સલાહને અનુસરીને હું ચોરીના માલને સંઘરવાનો તથા વેચવાનો ધંધો કરીને ઉન્નતિને પામ્યો, તથા સારું એવું ધન પેદા કરીને આનંદમાં કાળ નિર્ગમન કરવા લાગ્યો. આજે આ બટન પણ એવી જ રીતે લીધેલાં છે તથા રાત્રે મને બરાબર સૂઝતું ન હોવાને લીધે મેં તમને બતાવ્યાં છે.'

આ પ્રમાણે પોતાની વાત પૂરી કરીને તે ચતુર્ભુજ નામે સોનીએ તે તલકચંદને આ પ્રમાણે પૂછ્યું, 'મિત્ર ! હવે તમે કોણ છો અને કયા સ્થાનને વિષે પ્રયાણ કરો છો તે કૃપા કરીને મને કહો.'

તેનાં આવાં વચન સાંભળીને તલકચંદ નામે તે વણિકે તેને પોતાની વાત કરી અને બોલ્યો, 'હે ચતુર્ભુજ ! મારે પણ મારું ધન કયા ધંધામાં રોકવું તેની મને ખબર પડતી નથી. માટે જો તમારા ધંધામાં સારી આવક થાય એમ હોય તો મને પણ થોડોઘણો વેપાર કરવા દો, અને તે કેમ થાય તે મને બતાવો !'

તે પરથી તે ચતુર્ભુજ નામે સોનીએ કહ્યું, 'હે મિત્ર ! અનુભવ વડે ઘડાઈ ગયેલો હોવાથી હું કોઈનો વિશ્વાસ કરીને ધંધાની રીત બતાવતો નથી. કહેવાય છે કે....'

સ્ત્રીને મનની વાત, નોકરને તિજોરીની ચાવી અને અજાણ્યાને ધંધાની રીત બતાવી દેનાર મૂર્ખમાં ગણાય છે. . . (૭)

તે છતાં પણ હે તલકચંદ ! તમે મારી સાથે આટલી સારી રીતે વર્ત્યા છો તો હું તમોને મારી પાસેનો થોડોઘણો માલ આપીશ જેથી કરીને તમે પણ મારી જેમ પુષ્કળ ધનને પામશો. પરંતુ વયસ્ક ! તમારે એમાંથી મને પોતાને નામનું પણ કમિશન પ્રદાન કરવું પડશે.'

તે બાદ પોતાનાં નાણાં સારા ધંધામાં રોકાયાં છે એ જાણીને અત્યંત હર્ષ પામતો એ તલકચંદ તેમ કરવાને ખુશી થયો. ત્યાર પછીથી નડિયાદનું સ્ટેશન આવી લાગતાં જ્યારે ઊતરી જનાર મુસાફરોની તૈયારીઓ ચાલતી હતી, બૅગ-બિસ્તરા બંધાતા હતા,

વેરવિખેર થઈ ગયેલાં બૂટ-ચંપલો શોધાતાં હતાં તેમ જ ઊંઘી ગયેલાં સંબંધીઓને જગાડાતાં હતાં ત્યારે તે ચતુર્ભુજ નામે સોનીએ તે તલકચંદને કહ્યું, 'હે ભાઈ ! તમારો કોઈ ઓળખીતો મળે તોપણ તમો આપણે શા કામે જઈએ છીએ તે જણાવશો નહિ, કારણ કે ચોરીના માલનો વેપાર કરવો તે ગુનો ગણાય છે.'

તે પછીથી ચતુર્ભુજ નામે સોનીની પાછળ જતા વણિકથી વિચારાયું : 'અહો ! આજે તો મારા ભાગ્યનો વેત અત્યંત વધી ગયો હોય એમ લાગે છે ! જો આ સોની પાસેથી લીધેલા માલના મને સારા પૈસા ઊપજશે તો હું પણ મારા લુણાદ નામે ગામમાં જઈને આવો જ ચોરીનો માલ સંઘરવાનો તથા વેચવાનો ધંધો કરીશ તથા આબાદીને પામીશ !'

આ પ્રમાણે વિચાર કરીને હર્ષ પામતો તથા અત્યંત રાજી થઈ ગયેલો તે તલકચંદ ત્યાર બાદ તે ચતુર્ભુજને અનુસરતો નડિયાદ નામે ગામની ભાગોળે આવી પહોંચ્યો. ગામનો છેડો આવી ગયેલો જોઈને વ્યાકુળ થઈ ગયેલા ચિત્તવાળો તલકચંદ ચતુર્ભુજને આ પ્રમાણે પૂછવા લાગ્યો, 'હે ભાઈ ! હવે તો ગામનો છેડો આવી પહોંચ્યો, આપ મને આમ દૂર દૂર ક્યાં લઈ જવા માગો છો તે કૃપા કરીને સમજાવશો.'

તેનાં આ વચન શ્રવણ કરીને ચતુર્ભુજ બોલ્યો, 'મિત્ર ! મારો ધંધો ગુપ્ત હોવાથી તથા સરકારના રાજસેવકોથી છૂપો રાખવાનો હોવાથી મેં મારું સ્થળ ગામથી દૂર રાખ્યું છે; માટે તમે કોઈ પણ જાતનો ડર રાખ્યા વિના મારી પાછળ પાછલ ચાલ્યા આવો.'

તેથી શંકા નિર્મૂળ થઈ જવાથી તે વણિક તેને અનુસરતો ગામને છેવાડે આવેલા એક મકાનમાં આવી પહોંચ્યો, તથા તે સોનીએ આગ્રહ કરીને આપવા માંડેલ ચા તથા નાસ્તાને તેમ જ પાણીને પણ નહિ સ્વીકારતાં ત્યાં બેઠો. તે પછીથી 'હું ગામમાં જઈને માલ લઈ આવું.' એમ કહીને તે સોની પેલા વણિકને ત્યાં જ બેસાડીને ગામ તરફ રવાના થયો.

તેના ગયા પછીથી, 'હમણાં તે સોની માલ લઈને આવશે તથા હું અત્યંત સસ્તા ભાવે સુવર્ણ વગેરે કીમતી ધાતુઓને મેળવીને સંતોષ પ્રાપ્ત કરીશ.' એવા વિચારો કરતો તે સોની ત્યાં બેઠો. ત્યાર બાદ જ્યારે સંધ્યાનો સમય થયો હતો, આખા ગામમાં ફરીને કાગળ, એઠવાડ વગેરે ખાઈને ગાયો વગેરે પાછી ફરી રહી હતી, પાણીમિશ્રિત દૂધ વેચાઈ જતાં રાજી થતી રબારણો ઘેર જતી હતી ત્યારે તે સોની પાંચ છ જણને સાથે લઈને તે વણિક પાસે આવ્યો અને તેને સુવર્ણના કહીને કેટલાક પિત્તળના અલંકારો વેચવાની વાત કરવા લાગ્યો.

આ પરથી, 'હું છેતરાયો છું' એવા વિચારથી અત્યંત પસ્તાતો તે તલકચંદ વિચારવા લાગ્યો, 'અહો, મેં લોભમાં પડીને મારું બધું જ ધન ગુમાવવાનો ધંધો કર્યો છે. કહ્યું છે કે...

ગરજથી મનુષ્ય અક્કલ ગુમાવે છે, ધનથી વિવેક ગુમાવે છે, અને વિલાસથી ધન ગુમાવે છે; પરંતુ લોભ તો અક્કલ, વિવેક અને ધન ત્રણેનો નાશ કરે છે. . . (૮)

ત્યાર બાદ પિત્તળના અલંકારો સુવર્ણના ભાવે ખરીદવાનો આગ્રહ કરવામાં આવ્યો છે જેને, એવા તે તલકચંદે કહ્યું, ભાઈઓ ! ખરેખર તમે જે સુવર્ણના અલંકારો મને આપો છો તેમાં મને મોટો નફો મળે એવું છે. આવો સરસ ધંધો તમે મને બતાવ્યો એ માટે હું તમારો આભાર માનું છું, અને તમારા બધા જ અલંકારો ખરીદ કરી લઉં છું.'

આ પ્રમાણે તે વણિકનું બોલવું સાંભળીને અત્યંત આનંદ પામતાં તે ચતુર્ભુજે તેને અલંકારો આપી દીધા. પછી તે તલકચંદે કહ્યું, 'હે બંધુ ! મારો વિચાર તો હજી પણ અલંકારો લેવાનો છે, માટે રસ્તો જોયેલો નથી એવા મને જો તમે બજાર સુધી મૂકી જાઓ તો હું મારા ઓળખીતાની દુકાનેથી વધુ ધન લાવું અને તમારા બીજા સુવર્ણને ખરીદ કરીને અત્યંત સંપત્તિને પામું.'

તેના નિર્દોષ શબ્દ શ્રવણ કરીને, આજે આ મૂરખ સારો લાગમાં આવ્યો છે એવા વિચારથી આનંદ પામી રહેલા તે ચતુર્ભુજે કહ્યું, 'હે બંધુ, અમે અલંકારો તો કોઈને આ ભાવે આપતા નથી પરંતુ તમારો અત્યંત આગ્રહ છે તેથી તમને થોડાક વધુ આપીશું.'

આ રીતે અત્યંત નિર્દોષ હોવાનો તથા છેતરાયાની ખબર નહિ પડી હોવાનો ઢોંગ કરી રહેલા તે તલકચંદે ત્યાર પછી વધુ પૈસા મળવાની આશાએ લાલચમાં સપડાયેલા તે ચતુર્ભુજને પોતાની સાથે લીધો અને બજારમાં પહોંચતાં જ એકદમ જોર કરીને પકડીને તેને પોલીસ થાણામાં ઘસડી ગયો. 'હે નાગરિક ! તું કોણ છે અને આ કોને પકડી લાવ્યો છે ?' એવા ઇન્સ્પેક્ટરે પૂછેલા પ્રશ્નના જવાબમાં આખી હકીક્ત કહેવાઈ છે જેનાથી એવા તે તલકચંદ વડે તે ઇન્સ્પેકટરની મદદ મંગાઈ, ને તે મળતાં રાહ જોતા બેઠેલા પેલા સોનીના સાથીદારો પણ પકડાયા.

ત્યાર બાદ જ્યારે લાંબી તપાસ થઈ ગઈ હતી, ન્યાયાધીશ વડે જજમેન્ટ વંચાઈ ગયું હતું, આરોપીઓને જેલમાં લઈ જવામાં આવતા હતા તથા તલકચંદને પોતાનું ધન પાછું મળતું હતું ત્યારે તે વણિક વડે આ પ્રમાણે વિચારાયું, 'અહો ! ભાગ્યના પ્રભાવે જ હું આજે બચી જવા પામ્યો છું. હવે મારાથી આ પ્રમાણે અનીતિના માર્ગે ધન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કદી પણ થશે નહિ.'

ત્યાર પછી તે પ્રમાણે કરતાં તે પ્રામાણિક માર્ગોએ વેપાર કરવાને લીધે સંપત્તિને પામ્યો. તેથી જ કહ્યું છે કે. . . .

બકરીના ગળાનું આંચળ નકામું છે, ચૂંટણી વખતે ઉમેદવારોએ આપેલાં વચનો નકામાં છે, મહા મહિનાનો વરસાદ નકામો છે તથા અનીતિનું ધન નકામું છે. . . (૯)

સાર : સારાસારનો વિચાર કર્યા વિના લોભમાં પડીને અજાણ્યાનો વિશ્વાસ કરવો નહિ. (૩૭૪)

ઝબક જ્યોત

અમર પ્રકાશ મૂકીને હોલવાઈ જતા આત્માની નાટિકા

– કૃષ્ણલાલ શ્રીધરાણી –

[૧૭મી મે, ૧૯૩૦. અંધારી રાતના આઠ. ગામદેવીના રસ્તા પર આવેલા સર અમલ દેરાસરીના બંગલાના ત્રીજા માળનું દીવાનખાનું. કાચનાં ઝુમ્મરો વચ્ચે વીજળીના દીવા બળે છે. ઉત્તર-દક્ષિણ દીવાલોમાં બાજુના ખંડોમાં જવાનાં સામસામાં બારણાં પડે છે. પશ્ચિમ તરફ અગાશીમાં જવાની ચાલ છે, ને પછી બાગમાં ઊતરવાની સીડી છે. પૂર્વનો ઝરૂખો રસ્તા પર પડે છે.*

* ઓરડાની લાદી પર જયપુરી ગાલીચો છે. ખૂણાઓની ઘોડીઓ ઉપર ગ્રીક પૂતળાં ગોઠવ્યાં છે. ભીંતને અઢેલીને લાલ મખમલના સોફાઓ મૂક્યા છે. વચ્ચે એક મોટું ટેબલ છે અને એની ઉપર પિત્તળના ફૂલદાનમાં ગલગોટા અને જાસૂસનાં સહેજ કરમાયેલાં ફૂલો ગોઠવાયેલાં છે. બગીચામાંથી આવતો પવન ધૂપસળીઓની સૌરભ લઈને પૂર્વના ઝરૂખામાંથી મંદ ગતિએ પસાર થઈ જાય છે.

* દીવાલો ઉપર ગવર્નર અને વાઈસરૉયની છબીઓ છે. પશ્ચિમની દીવાલમાં ઊંચે મહારાણી વિક્ટોરિયાનો ઝભ્ભો ઉપાડીને ચાલતા રાજાઓનું મોટું તૈલચિત્ર છે. એનાથી ઘણે નીચે સોનાની ફ્રેઈમમાં મઢેલો સરનો ઇલકાબખત વીજળીના પ્રકાશમાં ચમકે છે.

* પશ્ચિમના ઝરૂખા પાસે એક પલંગમાં આઠ વર્ષનો દીપક તાવથી ધગધગે છે. એના માથા પર અરધા કપાળને ઢાંકી દેતો સફેદ પાટો બાંધ્યો છે. પાટામાં લોહીના ડાઘ છે. વચલા ઉઘાડા ભાગમાંથી ને કાનની આસપાસથી એના લાંબા સોનેરી વાળની લટો ડોકિયાં કરે છે. દીપકની માતા મેના દીપકના ઓશીકા પાસે તેનાં બિડાયેલાં પોપચાં સામે તાકતી નીચી દૃષ્ટિએ ને મ્લાન વદને બેઠી છે. દીપકની નવ વર્ષની બહેન ઊર્મિ ઓશીકાની બીજી બાજુએ લપાઈને ઊભી છે ને માઈના મોં તરફ એકીટશે જોઈ રહી છે. આસપાસ ખુરશીઓ ઉપર દીપકના પિતા સર અમલ દેરાસરી, ડૉક્ટર, પોલીસ ઉપરી નંદરાય અને અન્ય લોકો વ્યાકુળ ચિત્તે બેઠા છે.

થોડી વારે હસ્તઘટી સામે જોઈ ડાક્ટર ઊભા થાય છે અને દીપકના ઓશીકા તરફ જાય છે.]

ડૉક્ટર : મેનાબહેન, થરમૉમિટર લઈ લો તો !

(મેના દીપકની બગલમાંથી થરમૉમિટર લઈ ડૉકટરને આપે છે, અને પછી ફિક્કે ચહેરે ડૉક્ટર સામે જોઈ રહે છે. સૌની આંખો ડૉક્ટર સામે મંડાયેલી છે.)

(ડૉકટરના મોં ઉપર ઉચાટ વંચાય છે.)

સર અમલ (સૂકે અવાજે) : કેટલી ?

ડૉ. : ચાર.

સૌ (ચમકી) : ચાર !

ડૉ. : હા ! બરફ મૂકવાની જરૂર છે; પણ માથાનો ઘા બહુ ઊંડો છે એટલે મુકાય પણ કેમ ?

(સર અમલ નિસાસો મૂકે છે. ડૉકટર નીચા નમી દીપકનો હાથ પોતાના હાથમાં લે છે.)

દીપક, હવે તને કેમ લાગે છે ? માથું દુઃખે છે ?

મેના (દીપકના કાન સુધી નમી) : બેટા, ડૉકટરકાકા પૂછે છે કે હવે તને કેમ છે ? માથું દુખતું મટી ગયું ?

દીપક (ધીરે ધીરે આંખો ખોલે છે) : બા, માથું તો ખૂબ દુઃખે છે, પણ મને ઠીક છે. (ફરી આંખો મીંચી દે છે. ક્ષણવારે ફરી ઉઘાડી) બા, ઊર્મિને બોલાવને !

મેના : ઊર્મિ તો અહીં જ છે ને, બેટા ! તારે પડખે જ ઊભી છે.

દીપક : ઊર્મિ, રોવાનું નહિ, હો ! રાષ્ટ્રધ્વજ ચડાવવા હું અગાશીએ ચડ્યો, બાપુ દેખી જશે એ બીકે ઉતાવળ કરવા ગયો ને પડી ગયો. એમાં તારો વાંક નથી.

સર અમલ : રાષ્ટ્રધ્વજને વીસરી ઘડી જંપી જા, દીપક.

નંદરાય : રાષ્ટ્રધ્વજે તો મોકાણ માંડી છે. હજારોનાં માથાં ફૂટ્યાં તોય લોકોનો ચડસ ખૂટતો નથી. નેતાઓ તો બધા જેલમાં બેસી બગાસાં મારે છે, અને આવા હૈયાફૂટાઓ હોમાય છે.

દીપક : એવું ન બોલો નંદકાકા ! તમે બોલો છો ત્યારે મને એમ થાય છે કે જાણે મારા માથાનો પાટો છૂટી ગયો અને સવારની જેમ દડદડ લોહી દડવા માંડ્યું. (સ્હેજ ફરી) પણ બા, હું પડી ગયો ત્યારે રડ્યો નહોતો, નહિ ? મારાથી રડાય જ કેમ ? હું તો રાષ્ટ્રધ્વજ ચડાવતાં પડ્યો.

સર અમલ : દીપક, તું રાષ્ટ્રધ્વજની વાત છોડે છે કે નહિ ? તેં પાપ કર્યું અને પ્રભુએ તને તેની સજા પણ કરી. તું કેમ કાંઈ સમજતો નથી ?

દીપક : રાષ્ટ્રધ્વજને હું કેમ ભુલું. બાપુ ? આંખો બંધ કરું છું

ત્યારે જાણે આખું આકાશ સફેદ, લીલા અને કેસરી પટ્ટામાં વહેંચાઈ જાય છે. અને અંદર તારાઓનો રેંટિયો પુરાય છે, આંખો ઉઘાડું છું તો દીવાલે દીવાલે એ જ ત્રણ રંગો !

સર અમલ (કડકાઈથી) : દીપક.....

ડૉ. : સાહેબ, આપ અત્યારે સંભાળી જાવ. આપ ધારો છો તેથી કેસ વધારે ગંભીર છે. આપની વાતોથી દીપક વધારે ઉશ્કેરાશે. અત્યારે પ્રભુ ઉપર.....

મેના (આંખોમાંથી આંસુ લૂછતી) : બેટા ! બે ઘડી સૂઈ જાને ?

દીપક : બા, મારા શિક્ષક કહેતા હતા કે કોરિયામાં મારી જેવડાં હજારો બાળકોએ વાવટા માટે પ્રાણ આપ્યા હતા. એમના પિતાઓ એમને યાદ કરી ગૌરવ લેતા, તોય બાપુ કેમ મારી ઉપર ચિડાય છે ?

મેના (પાટા ઉપર હળવો હાથ ફેરવતી) : સૂઈ જા, બેટા, સૂઈ જા.

દીપક (વાચાળ થતો જાય છે; તેની આંખ વધારે ગહન બનતી જાય છે.) : ઊર્મિ, બપોરે બા જરા સૂઈ ગઈ ત્યારે તું આવીને મને કહી ગઈ હતીને, કે બાપુએ આપણા રામાના સુંદરને મારીને પૂરી દીધો છે ? એને છોડ્યો કે નહિ ? (ઊર્મિનો હાથ પકડે છે) કેમ બોલતી નથી ?

ઊર્મિ (ધીમે સાદે બીકથી) : બાપુએ હજી એને છોડ્યો નથી. વળી બાપુ તો કહેતા હતા કે રામાને હવે અહીંથી રજા આપવી પડશે. એ સાંભળ્યું છે ત્યારથી સુંદરની મા અને રામો રડ્યા જ કરે છે.

દીપક (અસ્વસ્થ થઈ આંખ મીંચી દે છે. એનાં બીડેલાં પોપચાંમાંથી આંસુ દડે છે.) : બાપુ, એવું શા માટે કરો છો ? મને એ નથી ગમતું. એમાં સુંદરનો વાંક હતો જ નહિ, એ તો વાવટો લેવા નહોતો જતો. મેં એની સાથે અબોલા લેવાની વાત કરી એટલે એ ડરતો ડરતો ગયો. ત્યાર પછીયે એણે તો મને કેટલીયે વાર ના પાડી. એમાં એનો વાંક નથી. બાપુ, એને છોડી દો. રામાને રાખી લો ! નહિ તો હુંય . . . . . હુંય . . . . . (હીબકાં ભરી રડવા લાગે છે.)

સર અમલ (ગળાગળા થઈ દીપકના ઓશીકા પાસે જાય છે અને એને માથે હાથ મૂકે છે) : બેટા, તું કહીશ એમ કરીશ; પણ હમણાં તું સૂઈ જા.

દીપક : બાપુ, તમે મારી પાસે જ બેસોને ! અને તુંય ઊર્મિ ! ને બા, તને ઊંઘ આવે તોય ઊઠીશ નહિ હો ! આજે તમે સૌ મારી પાસે જ રહેજો. પાસે જ, હો !

મેના : અમે સૌ અહીં જ છીએ. બેટા ! તું નિરાંતે સૂઈ જા.

દીપક : બા, મને ઊંઘ આવતી નથી. જરાક મટકું મારું. ત્યાં સ્વપ્નું આવે છે કે બાપુ વાવટો ઉતારી લેવા આવ્યા અને ઝબકીને જાગી જાઉં છું. પછી બાપુને અહીં જ ભાળી શાંત થાઉં છું. ઊર્મિ, જા તો, જોઈ આવને, વાવટો બરોબર છે કે નહિ ?

સર અમલ : બેટા, એ બરાબર છે. તું હવે છાનો રહે ! જિંદગીભર સેવેલી મારી વિચારસરણીઓ જાણે કડડભૂસ કરીને તૂટી પડે છે. હવે બંધ કર, બેટા બધું બરાબર છે.

દીપક : શું બોલી ગયા બાપુ ? તૂટી પડે છે ? આપણો બંગલો તૂટી પડે છે ? એનું કારણ કહું ? જુઓ તમે આપણા બંગલા ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવતા નથીને તેથી ! જો તમે ધજા ચડાવો તો એ અડગ ઊભો રહે !

મેના : હવે સૂઈ જા, બેટા; તારું માથું ચડશે !

(દીપક આંખો મીંચી જાય છે. થોડી વાર શાંતિ પથરાય છે. સૌ એકમેકની સામે ચિંતાતુર નયને જુએ છે. થોડી વારે દીપક આંખો ખોલે છે)

દીપક (ઊર્મિનો હાથ પકડી) : ઊર્મિ, જો. નવ, બરાબર નવને ટકોરે હું અહીંથી ફરવા જવાનો છું. તું મારી સાથે આવવાની હોય તો તૈયાર થઈ રહેજે. સુંદરને પણ તૈયાર થઈ રહેવાનું કહેજે, હો !

(ફરી આંખો મીંચી જાય છે. ડૉક્ટર 'હરિ હરિ' કરતા અસ્વસ્થ થઈ ઓરડામાં આમથી તેમ ચાલવા લાગે છે. સર અમલ અસહ્ય થવાથી બારીમાં જઈ આંખો લૂછે છે. મેનાની આંખમાં શ્રાવણ ને ભાદરવો છે. દીપક થોડી વારે ફરી આંખો ઉઘાડે છે.)

બા, તુંય આવીશને ? બાપુનું કામ નથી. આપણે જંગલમાં જઈને વાવટો ખોડશું. ત્યાં કોઈ આવશે તો તકરાર કરશું, હો !

(ફરી આંખો મીંચી જાય છે. એનો શ્વાસ ચડતો જાય છે.)

નંદરાય : સાહેબ, હું જઈશ. કાંઈ કામ પડે તો ટેલિફોન કરજો. આપણે ત્યાં વાવટો ચડ્યો એની કોઈને જાણ પણ નહિ થવા દઉં, એટલે બેફિકર રહેજો. બાકી તો મને આવાં કુમળાં મગજોને બહેકાવી મૂકનાર બેજવાબદાર . . . . .

સર અમલ (એકદમ ફરી) : ઠીક ઠીક, નંદરાય, પધારજો. તમારો ખૂબ ઉપકાર થયો.

(નંદરાય જાય છે. થોડી વાર કોઈ જ બોલતું નથી. ઊર્મિ બાઘાની માફક ઘડીક બારીમાંથી બહાર જોતા સર અમલ તરફ તો ઘડી મેના તરફ જોયા કરે છે. રસ્તા ઉપર દૂરથી સરઘસનાં પગલાંના અવાજ સાથે ધીરે ધીરે સ્પષ્ટ થતા ગીતનો ધ્વનિ આવે છે :

ત્રીસ કોટિ શિશ પ્રણમે તને
ભારતની ઓ ધર્મધજા !
નવલખ તારા આશિષ ઝમે
ભારતની ઓ કર્મધજા !

દીપક (ઝબકીને જાગે છે) : બા, સાયંફેરી નીકળી લાગે છે. મને બારીએ લઈ જાવ ! અરે જલદી કરો, મારે સૌને જોવા છે !

મેના : બેટા, તને કષ્ટ પડશે. અહીં જ સૂઈ રહેને ! આવતી કાલે જોજે. એ આવતી કાલેય નીકળશે ને !

દીપક : બા, તું આજે મને કશાની ના ન કહેતી ! આજે નહિ ! હું તને કેમ સમજાવું ? મને બારીએ લઈ જા !

ડૉ. : એ જે કહે તેમ કરો ! એને ઉશ્કેરો નહિ !

(સૌ ખાટલાને ઉપાડી ઝરૂખામાં લઈ જાય છે. મેનાની છાતીમાં ટેકવાઈ-ગોઠવાઈ દીપક બેઠો થાય છે. નીચેથી આવતા મશાલોના પ્રકાશમાં ગીતથી ઉત્તેજિત થયેલું એનું મોં ચમકી રહે છે. આગળ વાનર અને માંજાર સેનાની મેળ વિનાની પગલીઓ પડે છે. પાછળનાં નરનારીઓ બુલંદ અવાજે ગાતાં હોય છે :

વ્યોમ તણી ફરકંત પતાકા
હિમ ડુંગરનો દંડ;
સંસ્કૃતિના જગચોક મહીં
ધ્વજ ફરકંતો પડછન્દ)

દીપક (મેનાની આંખોમાં જોવા દૃષ્ટિ ઊંચી કરી) : બા, કેવું સરસ ગીત છે ! તને નથી આવડતું ? ગાને, આવડતું હોય તો !

(ઊછળીને એક ચૂમી ચોડે છે. નીચેથી આવતા લોકોના અવાજ સાથે મેના પણ જોડાય છે.)

જે ઝંડાને ગાંધીજીએ
સ્ફટિક હૃદયથી ધવલ કીધો,
જે ઝંડાને ભગત, જતીને
રુધિર રંગથી રંગી દીધો;
લીલા શાંતિ તણા નેજા !
ભારતની ઓ ધર્મધજા !

(નીચેથી વાનરસેના 'દીપકની જય !' ગર્જી ઊઠે છે અને સૌ ધીમે પસાર થઈ જાય છે.)

દીપક : બા, એ કોની જય પુકારતા ગયા ?

મેના : દીપકની.

દીપક : દીપક કોણ ?

મેના : તું બેટા ! તેં આજે ધજા ચડાવતાં માથું વધેર્યું એટલે સૌએ તારો જયજયકાર કીધો.

દીપક : તે બા, ધજા ચડાવે તેની જય બોલાવે એમ ? તો તુંય ચડાવને ! હું, ઊર્મિ અને સુંદર ત્રણેય તારી જય બોલાવશું.

(મેના દીપકને એક ચૂમી લે છે. દીપક ઘડીભર આકાશમાં જોઈ રહે છે.)

બા, જો તો, તારાઓ આંખો પટપટાવે ! મારે આજે નવ વાગ્યે ફરવા જવાનું છે એની મને તેઓ યાદ આપે છે ! તુંય આવીશને ?

મેના : હા, બેટા.

(ફરી થોડી વાર દીપક આકાશની આંખોમાં આંખો પરોવે છે.)

બા, આકાશમાં તારા ઊગે અને ઓરડામાં કેમ નહિ ઊગતા હોય ? બા, બંગલા ઉપર વાવટો ચડાવીએ તો ઓરડામાંય તારા ઊગે હો !

(મેનાની આંખમાંથી બે આંસુઓ સરી દીપકના સોનેરી ઝુલ્ફાઓમમાં અટવાઈ જાય છે.)

બી, મને ઊંઘ આવે છે. હું સૂઈ જાઉં છું. પણ તું ઊંઘ આવેતો યય ઊઠતી નહીં. બરાબર નવને ટકોરે ઉઠાડજે હો. અને તમે-તું, ઊમિ અને સુંદર તૈયાર થઈ રહેજો.

(મેના દીપકને સુવાડી દે છે. સર અમલ પાસે આવી એનું માથું પંપાળવા લાગે છે. એમની આંખમાં આંસુ સમાતાં નથી. દીપક ફરી જાગે છે.)

બા, બપોરે ઊર્મિ કહેતી હતી કે પાટાથી મારું મોઢું સરસ લાગે છે. અરીસો લાવને ! જોઉં તો ખરો !

(સર અમલ અરીસો લાવી દીપકના મોઢા સામે ધરે છે. દીપક અરીસામાં જોઈ રહે છે. એની આંખો ચમકવા લાગે છે.)

બા, પાટોય જાણે રાષ્ટ્રધ્વજ જેવો લાગે છે. મારા લોહીનો લાલ રંગ, કપડાંનો સફેદ રંગ અને લીલા રંગને બદલે મારા વાળ. અને રેંટિયો તો કેટલીય વાર કહ્યું તોય બાપુ ક્યાં લાવી દે છે ! (રોષ કરતો) જાવ, લઈ જાવ તમારો અરીસો ! અમારે તમારા અરીસામાં નથી જોવું.

(સર અમલ અરીસો લઈ જાય છે. થોડી વારે શાંતિ પથરાય છે. દીપક ફરી આંખો ઉઘાડે છે.)

બા, હું ફરવા જાઉં, પછી તું ગાંધીજીને જેલમાં કાગળ લખીશને કે દીપક ફરવા ગયો છે ! પણ એવું લખજે કે દીપક જ્યાં જશે ત્યાં વાવટો ફરકતો રાખશે !

મેના (એક બચી ભરી) : હા બેટા, જરૂર લખીશ. પણ હવે તું સૂઈ જા.

દીપક : હા, હવે હું સૂઈ જાઉં છું. પણ યાદ રાખજે; બરાબર નવને ટકોરે, હો !

(દીપક આંખો મીંચી જાય છે. શૂન્યકાર છવાય છે. દીપકની છાતીની ધમણ ઊપડતી જાય છે.)

સર અમલ (પાસે જઈ) : ઊંઘી ગયો લાગે છે.

મેના : હા. . . પણ . . . (આંખોમાંથી આંસુની ધારાઓ વહે છે.)

ડૉ. : મેનાબહેન, ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખો ! જેણે એને સર્જાવ્યો છે એ જ એનું સંરક્ષણ કરશે.

મેના : ડૉક્ટર, તમારે દીકરો છે ?

ડૉ. : ના, મેનાબહેન !

મેના : તો બસ કરો !

(ડૉક્ટર આંટા મારવા લાગે છે. સર અમલ ઓશીકાની બીજી બાજુએ નીચે વદને બેસી રહે છે.)

આ બધા તમારા પ્રતાપ !

સર અમલ : મેના, તને એમ કહેવાનો અધિકાર છે. પણ જો તું મારા મનની સ્થિતિ જાણતી હોત !

મેના (આંસુ લૂછતી) : મારે તો હવે મન જેવું જ કશું રહ્યું નથી.

સર અમલ : સંભવ છે, મેના.

મેના (રડી પડતી) : વાહ રે પિતા ! શી તટસ્થતા ?

સર અમલ (મનની લાગણીઓ દબાવી) : હું પુરુષ છું, મેના !

મેના : અને હું માતા છું, અમલ ! દીપક વિના મને . . . . .

(ઘડિયાળમાં નવના ટકોરા થાય છે. દીપક ઝબકીને જાગી જાય છે. સૌ ચમકી રહે છે.)

દીપક : બા, નવના ટકોરા થયા, નહિ ? ચાલો, ચાલો ત્યારે હું ફરવા ઊપડું. પછી બા, મેં વિચાર ફેરવી નાખ્યો. મેં એકલા જ જવાનું નક્કી કર્યું ! એ રસ્તે એકલા જ સારું. બાપુ, ઊર્મિ, જાઉં છું હો ! અને બા, મોડી રાત સુધી પાછો ન ફરું તોય મારી રાહ નહિ જોતી હો ! (થોડી વારે) અને બા, ગાંધીજીને જેલમાં કાગળ લખવાનું નહિ ચૂકતી.

(દીપક આંખો મીંચી દે છે.)

મેના (બેબાકળી) : બેટા ! બેટા ! . . . . .

(એનો અવાજ ફાટી જાય છે. દીપકના શરીર પર એ ઢગલો થઈ જાય છે. ઊર્મિ રડવા લાગે છે.)

ડૉ. (પાસે જઈ નાડી તપાસી) : દીપક હોલવાઈ ગયો !

સર અમલ : આખું જગત અંધારું ! અંધારું ! ઓહ ! ઓહ !! નથી ખમાતું !

(બે હાથમાં જોરથી માથું દાબી ઝરૂખામાં આંટા મારવા લાગે છે. મેનાનો કલ્પાંત આખા ઓરડાને કંપાવી મૂકે છે. પવનની લહેરખી દીપકની લટોને એના હસતા ચહેરા ઉપર રમાડી જાય છે.)

સર અમલ (ટેલિફોન પાસે જઈ) : યસ, વન, ફોર, નૉટ, સેવન.

(થોડી વારે)

હં. કૉંગ્રેસ હાઉસ ? હાં, કોણ છો તમે ?

(સાંભળે છે; પછી)

સ્વયંસેવક ?

હા, જરા શિશિરકુમારને બોલાવો તો !

સંગ્રામસમિતિની મીટિંગ ચાલે છે તે નહિ આવી શકે, એમ ? પણ જરા એમને કહોને, કે સર અમલ દેરાસરી અગત્યના કામસર બે મિનિટ બોલાવે છે.

(ટેલિફોન નીચે મૂકી ટહેલવા લાગે છે. ખિતાબખત પાસે જઈ એક મુક્કાથી એના ચૂરા કરી નાખે છે. હાથમાંથી લોહી વહેવા લાગે છે. ભૂત ભરાયું હોય તેમ દીપકના પલંગ પાસે જઈ એ લોહીવાળા હાથે દીપકના પગને અડકે છે. પછી એ બે પગ ઉપર માથું મૂકી ડૂસકાં ભરવા લાગે છે.)

બેટા, તેં તારા બાપુને આજે જન્મ આપ્યો !

(ફરી ટેલિફોન પાસે જઈ એક હાથે રૂમાલથી આંસુ લૂછતા બીજે હાથે ટેલિફોન ઉઠાવે છે.)

હં ! આપ કોણ ?

(સાંભળીને)

શિશિરકુમાર ?

વારુ, શહેરમાં જાહેર કરો કે આવતીકાલની વડાલા રેઈડ સર અમલ દેરાસરી લીડ કરશે. સમજ્યા ? ઉપકાર !

(ટેલિફોન મક્કમતાથી નીચે મૂકી ધીમે પગલે બીજા રૂમમાં ચાલ્યા જાય છે.)

('કુમાર'ના ૧૦૦મા અંકમાં પ્રકટ થેલી આ નાટિકા માટે ત્યારની અંગ્રેજ સરકારે આ અંક જપ્ત કરેલો.)

લોકશાહી !

આજે આપણે ઘડીના છઠ્ઠા ભાગમાં એક મોટું આંદોલન ખડું થઈ જતું જોઈએ છીએ. લોકો પોતાનાં કામધંધા મૂકીને, નિત્યની સ્થાયી પ્રવૃત્તિને મૂકી દઈ નીકળી પડે છે. હજારો માણસો રસ્તા પર જોતજોતામાં ભેગાં થઈ જાય છે, સરઘસો રચાઈ જાય છે, સભાઓ ભરાઈ જાય છે, એક છેડાથી બીજા છેડા સુધી, બીડમાં આગ લાગે તેમ, આંદોલનો જાગી ઊઠે છે. લોકમાત્ર, નાનાંમોટાં બધાં જ -સ્ત્રીઓ બાળકો, વિદ્યાર્થીઓ, મજૂરો, શિક્ષકો, ડૉક્ટરો, પ્રોફેસરો, ધારાસભ્યો બધાંય સંગઠનમાં આવી જાય છે, મોરચા બાંધે છે, જંગ ખેલાય છે, પથ્થરબાજી ચાલે છે, આગ લગાડાય છે, મ્યુનિસિપાલિટીનાં ફાનસોથી માંડી માણસનાં માથાં સુધીની ભાંગફોડ થાય છે, કે પછી 'સત્યાગ્રહ' શરૂ થવા માંડે છે, 'ઉપવાસ' આદરાય છે અને વળી વીસમી સદીની રીતે આ સ્થૂલ અને સૂક્ષ્મ યુદ્ધશક્તિઓ પોતાની નવીનવી 'આકર્ષક' અને 'અસરકારક' પદ્ધતિઓ પણ વિકસાવે છે, અને એ સમરાંગણોને અંતે આપણી ઍમ્બુલન્સકારો ફરતી થઈ જાય છે અને 'શહીદો'નાં સ્મારકો રચાય છે, ને દરેક જણ મોટી કૃતાર્થતા અનુભવે છે - 'પ્રવૃત્તિ' બહુ સારી થઈ ગઈ !

સુન્દરમ્ (૪૫૦)

પખો સોની

વાણિયાનું હૃદય ને ગરીબની આબરૂ જે વડે જોખાયાં તે સત્યાશી ભારનાં કડલાં

ઉમાશંકર જોશી



દૃશ્ય પહેલું

સમય : ઉનાળાની એક સવાર.

[ગામડાના એક વાણિયાના ઘરની - અને દુકાનની પણ ખડકી. સામે ચોપાડમાંના બારણાની આરપાર જોતાં અંદર ત્રણેક ખંડ હોય એમ લાગે છે. ચોપાડને એક ખૂણે લાકડાની કમ્મર ઊંચી પાટ છે. બારણા અને પાટની વચ્ચે શેઠને બેસવાના, શાહીના ડાઘાથી કાળા પડેલા કોથળાના એક આસન ઉપર ભીંતને અઢેલીને તકિયો પડેલો છે. એની આસપાસ પિત્તળનો, ઘસીને સોના જેવો ચકચકતો કરેલો ઘાટદાર મોટો ખડિયો, એની સાથે દોરીથી બાંધેલી કલમો રાખવાની વાંસની રંગીન ભૂંગળી, અને ચામડાના રાતા પૂંઠાવાળા ચોપડાનો થોકડો દેખાય છે.

પડદો ઊપડે છે એ વખતે દલુચંદ શેઠનાં બીજી વારનાં વહુ શકરીબાઈ આંગણામાં ઘઉં તડકે નાખતાં હોય છે. અંગે કાળું છાયલ ઓઢેલું છે એટલે પીઢ લાગે છે; નહીં તો, પચીસેક વરસની ઉંમર હશે તોય, વરતાઈ નહીં આવવાથી કોઈને પ્રથમ દૃષ્ટિએ તો શેઠની લડાવેલી દીકરી જેવાં લાગે. હાથે દાંતની પહોળી ચીપો પર સોનાની ખોલ મઢાવેલી છે, તે તડકામાં ચક્ચકે છે. પગે રમજોડ છે, તેની ઘૂઘરીઓ તે હાલે છે ત્યારે વાગે છે.

પાટ ઉપર પચાસેક વરસના સુખદેવ મહારાજ પંચિયાની ઝૂલતી આરામખુરશી કરી બેઠા છે. કપાળે ચંદનની આડ છે. ડિલ ઉઘાડું છે.]

સુખદેવ : ત્યારે શકરીભાભી ! તમે એક ગુમાસ્તો રખાવતાં હો તો ? આ બધું કામ તમારે હોય ?

શકરી : તમે કહો છો, સુખાભાઈ, પણ એ તે કંઈ મારા હાથની વાત ઓછી છે ?

સુખદેવ : એ તો આગલાં જમનાબાઈ પણ બિચારાં આ દુકાનના કામથી જ ભાંગેલ થઈ ગયાં ! શહેરમાં આટલી પૂંજી હોય તો માણસ મોટર ફેરવે મોટર !

શકરી : અરે ! આ ઘોડાની લાદ તો મહેમાનોના કામમાં ત્રણ દિવસથી વાળ્યા વિનાની જ પડી છે એની વાત કરોને ! ઠીક સાંભરી આવ્યું !

સુખદેવ : મને તો થાય છે કે દલુ વાણિયો આ પચાસ હજાર ઉપર સાપ થશે !

શકરી (ઠપકાભર્યે મોઢે) : શું તમેયે ?

સુખદેવ : તે તમને આ ઘરનો ઉંબરો ઓળંગ્યે પૂરાં સાત વરસ થયાં. પણ ઘરમાં હજી દીવો થયો નહીં. એ તો ભાઈ, ઘર અમથાં ઊજળાં થતાં હશે ? શેર માટી વિના આ દોલતને શું કરશે ? છોકરા માટે તો લોક મોટા મોટા મહારુદ્ર રચે છે. આમનાથી તો ગામને બારણે નથી ધર્મશાળા બંધાવાતી, કે મંદિરનો જીર્ણોદ્ધાર સરખોય થતો નથી ! અલ્યા, બીજું તો કંઈ નહીં, પણ ઘરના માણસને તો જરા જંપીને બેસવા દેને ?

શકરી : જે જેના કરમના લેખ ! અત્યારે કામ કરીએ છીએ તો ઘૈડપણમાં નિરાંતે રોટલો પામશું.

સુખદેવ : એ તો આપણા ઠાકોરશા'બ કહે છે એ જ સાચું છે : 'ડાહી માના દીકરા'ની જાત જ એવી ! ધનવાન કે ભિખારી જણાય જ નહીં. આખો અવતાર વૈતરું કૂટ્યાં કરે ! ...તે, મહેમાનને મૂકવા જવામાં આટલી વાર શેની ? કેમ હજી ન આવ્યા ? કાંઈ લાગ હશે !

શકરી : રામ જાણે, સુરપરમાં આંટોફેરો ખાવા ગયા હોય તો !

[ખડકી ઉઘાડીને એક ઠાકરડી - હેતીબાઈ - પાંત્રીસેકની ઉંમરની, માથે ટોપલી મૂકીને પ્રવેશે છે. એણે કાળી 'કેણશાઈ' ઓઢેલી છે. ઘેરવાળો છીંટનો ઘાઘરો પગની ઘૂંટી લગણ ઝૂલે છે. એની પાછળ દેખાય ન દેખાય એમ રૂપાનાં કડલાં છે. હથે કાચલીનાં બલૈયાં છે.]

શકરી : આવો હેતીભાભી !

હેતી : ઉતારજો !

(શકરી ટોપલી ઉતારે છે. ઉપર ધોળું લૂગડું ઢાંકેલું છે.)

સુખદેવ : શું છે ?

શકરી (સુખદેવને) : હશે કંઈ ધાનબાન ! (હેતીને) તમારે ઘઉં હતા, ઓણ ?

હેતી : ઘઉં તો બા ! પૂરા સાત વીસો મણ ઉપર હતા; પણ હિમ ને ગેરુ...

સુખદેવ : ઓણના જેવું લક્કડહિમ મારા અનુભવમાં નથી !

હેતી : એ ઘઉં તો ગ્યા, પણ અત્તારે ઘરમાં મકાઈનોય કણ સરખો નથી. પાછોતરો ચેણો હતો તેય ખાઈ પરવાર્યા. આ ભાદરવાની મકાઈ પાકે ત્યાં લગી હવા ખાઈને જીવીએ તો દિવાળી દેખશું, બાપ ! કે પછી (શકરી તરફ હાથ લંબાવી) આવાં સરખાંની મહેરબાનીથી !

સુખદેવ : ઘણું કાઠું વરસ છે !

(વાણિયણ કપડું ખસેડી ટોપલામાં જુએ છે.)

શકરી (હરખ દબાવી) : પણ ઓણસાલ આંબારાયણને ધરતીમાએ ઠીક કસ દીધો !

સુખદેવ (પગે બાંધેલું આરામખુરશીનું પંચિયું ઢીલું કરી ઊઠવા કરતાં) : કેરી છે ?

હેતી : આ તો અમારે ફક્ત એ પીંપળીવાળો આંબો જ આ વખત તો આયેલો. કાલે દલચન શેઠના સમાચાર આયા કે ઘેર પરોણા છે; એટલે એમણે મને કહ્યું કે, આપણી કેરીના ક્યાંથી ભાયગ કે શેઠના મે'માનને મોઢે જાય ! છોકરાં તો ખાશે જ તો આખું આયખું !

શકરી : ઠીક છે એ તો !

સુખદેવ : જોયું ? અમારા જેવાને કેરીનું મોઢું ભાળવા મળતું નથી, ત્યારે તમને ભર્યા ટોપલાની તમા પણ છે ?! ઠાકોરશા' બરોબર જ કહે છે કે 'મારે ઘેર તો આ એક ગામ છે, પણ દલુચંદ શેઠને ત્યાં આ ગામ ફરતાં બાર ગામ દૂઝે છે !' તમે તો ઠાકોરનાય ઠાકોર !

શકરી (લજ્જાથી નીચું જોઈ) : તે ઠાકોરશા'ને અમારી-અમારા ઘરની જ વાત આખો દહાડો ઊકલે છે તો !

સુખદેવ : ઠાકોરશા'ને તમારી એટલી અદેખાઈ હશે ! (હસે છે.)

શકરી : જાઓ, જાઓ ! એમ તો મને પણ આખી દુનિયાની અદેખાઈ આવે છે, શું કરું ?

હેતી : એ તો બાપ, રામજી સૌ રૂડાં વાનાં કરશે !

સુખદેવ : આ હેતીબાઈની પણ તમને અદેખાઈ ખરી ?... હેતીબાઈ, તમારે કાંઈ છૈયાંછાબર ?

હેતી : રામજીના આલેલા ચાર દીકરા ને પરણાવેલી એક દીકરી છે ! પણ માબાપ, અમારા કરમની ઈરખા કેવી ?' દૂધિયા દીકરા મારાને ધાન વિના દિવાળી દેખવી પણ મશકેલ છે ! બિચારાં ક્યાં મારે પેટ...

શકરી : ઈશ્વરને ઘેર પણ ન્યાય છે કાંઈ ?

સુખદેવ : આમને ખાવાના સાંસા ત્યાં ઘર ભર્યું ભર્યું અને આ લખપૂંજીનો પાછળ કોઈ રણીધણી નહીં !

હેતી : બાપ, નછોરવાં હોત તો પંડે વેચાઈનેય અવતાર કાઢત. આ જંજાળનું તો, પેટે પાણો બાંધીને તૂટી મરીએ છીએ તોય પૂરું થતું નથી !

શકરી : દુઃખ વનાનું દુનિયામાં કોઈ હશે ?

હેતી : દાખનો તો આરો નથી બા !... આ ટોપલી ખાલી કરી લ્યો, ને બે મણેક મકાઈ જોખી આલો, એટલે વેળાછતી ઘેર પોકી જાઉં. છોકરાં તો મૂઆં આખું ઘર ગજાવતાં હશે !

સુખદેવ (શકરી વિચારમાં પડે છે તેને) : શકરીભાભી ! બિચારી હેતીબાઈ બહુ ભલું માણસ છે ! એનાં છોકરાંનો જીવ ઠરશે તો તમને પુન્ય થશે.

શકરી : છેવટે પારકાં છોકરાં જ રાજી કરવાનાં છે ને ?

સુખદેવ : તમારે ક્યાં આને મફત ધાન આપવું છે ?

હેતી : બાપ, ભાદરવે મકાઈ કોઠીમાંય નહીં માય; ખાધી ખૂટશે નહીં. અત્યારે કણે નથી ! પળની વાત છે !

શકરી : એ, પણ હેતીભાભી, મારાથી કોઈને પૂછ્યાગાછ્યા વના ધાન અપાય નહીં. સાંજે આવીને લઈ જજો ! કે થોડી વાર બેસો; આવતા હશે.

હેતી : ઈમાં કયો મોટો રકમનો આંકડો હતો તે વળી શેઠની વાટ જોવા રહેવું'તું ? અમારે તો તમારું ખાતું ત્રણ ત્રણ પેઢીથી, વીરા ખાંટના વારાથી ચાલ્યું આવે છે. ક્યાં આજે નવાઈ છે ?

સુખદેવ : હવે કોઠીમાં સડતું હશે ત્યારે જોખી આપ્યું.

શકરી : વધારે તો પછી લઈ જજો. મણેક ચાલતોડી કરી આપું વળી ! અંદર ગુંજારમાંથી ભરી લાવો.

(હેતીબાઈ અંદર જાય છે.)

પણ એમને ખબર પડશે તો મને ધરતી પર ઊભી નહીં રહેવા દે !

સુખદેવ : એ તો નામ એમનું ને...

[ખડકી ખૂલે છે ને દલુચંદ શેઠ પ્રવેશે છે. બેઠી દડી, ટૂંકી ગરદન ને ઊંડી આંખ. નાનીશી ફાંદના ગોળાવ ઉપર લાંબો ગળા સુધી બટનવાળો કોટ ઝૂલે છે. ખભે ઉપરણો છે. માથે પાઘડી, કપાળમાં અંગ્રેજી 'યૂ' આકારનું તિલક અને પગમાં જૂના દેશી જોડા છે.]

દલુચંદ : શેનાં નામ ને શેનાં કામ આદર્યાં છે ?


[શકરીબાઈ સાળુ સંકોરે છે. જોડા ઉતારી દલુચંદ તકિયાને અઢેલીને બેસે છે. પછી પાઘડી કોરે મૂકી હાથ વડે કપાળ લૂછે છે ને મોઢેથી સ્યસ્યૂહ્‌હ્‌... એવા અવાજથી હવા બહાર ફૂંકે છે.]

સુખદેવ (પાંચિયાની આરામખુરશી તંગ કરી ઝૂલતા ઝૂલતા) : એ તો હું જોઉં છું, કે શેઠ કરતાં શેઠાણી વળી વધારે પહોંચેલાં છે !

દલુચંદ (બાજુએ જોતાં) : છે શું તે ?


સુખદેવ : એ તો શકરીભાભી પેલી બિચારી હેતીબાઈ મકાઈ લેવા આવી છે અને તમારો દમ ભીડાવે છે એની વાત !

દલુચંદ (શકરી તરફ) : મકાઈ જોખી આપી ? (ટોપલી



નગીનાવાડી · અમદાવાદ

ફોટો : કિશોરસિંહ રાઠોડ



અપ્રદુષિત પર્યાવરણ

ફોટો : પ્રાણલાલ પટેલ

નજરે પડતાં) શેની છે ટોપલી ?

[મકાઈનું તગારું ભરી હેતીબાઈ અંદરથી આવે છે અને ઓસરીમાં બારણા આગળ જમીન પર ઠાલવે છે. છેલ્લું વાક્ય સાંભળી જતાં]

હેતી (વહાલી થવા) : એ તો કાલે ઈંયાંણે (એમણે) કહ્યું કે દલચન શેઠને ત્યાં મે'માન આયા છે તે આટલી કેરી લેતી જા !

સુખદેવ : મે'માનને નામે પંદર દનની કેરી આવી, શેઠ ! ઠાકોરશા'ને કથને: 'રજપૂતને ઘેર એક દહાડો મે'માન રહે તો દસ દનની ખોરાકી ખૂટાડતો જાય, ને વાણિયાને ત્યાં આવે તો દસ દનની ખોરાકી વધારતો જાય !'

શકરી (હસીને) : હવે વારેઘડી વચ્ચે ઠાકોરશા'ને લાવવા છોડોને !

હેતી : એ શું બોલ્યા ? શેઠના મે'માન તે અમારે તો માથાના મોડ બરોબર છે તો !

દલુચંદ : એ ભા, પણ તમારી કેરી પાછાં લેતાં જજો ! મે'માન ઘેર પોકવા થયા ત્યારે કેરી લઈને આવ્યાં ! એમના પેટમાં ક્યાં પાછળ દોડી ઘાલવા જાઉં ?... સુખદેવભાઈ, તમે કહો છો પણ આ વખતે મે'માનગીરીમાં મારી શી લોલણી લૂંટાણી છે ?! ગામનાં ઢોર છૂટે ત્યાં સુધીમાં પણ ચા જેટલું દૂધ કોઈ કનેથી ન મળે ! આ બાપદાદાની દોલત વેરીપાથરીને બેઠા છીએ તે ઘરની આબરૂ ખોવા ?

હેતી : તમારા સમાચાર જ કાલ મળ્યા ! પ'મદા'ડે હું મકાઈ લેવા આબ્બાની હતી, તે આવી હોત તો ખબર પડત, ને સાંજરે ને સાંજરે તમારે જેવી હોત એવી કેરી પોકતી કરત !

દલુચંદ : લેવા આવવામાં તો સૌ શૂરાંપૂરાં છે.

હેતી (ઓછું આવતાં) : દલચન શેઠ, કોઠીમાં કણે ન હોય ત્યારે તમારે આંગણે ઊભાં રહીએ છીએ. આજ ત્રણ પેઢીથી વીરા ખાંટના હાથનું માંડેલું અમારું ખાતું ચાલે છે ! આ હમણાંનાં કળજગનાં વરસ કાઠાં નીકળે છે, નકર અમારે ખેતરે એક મીઠા સિવાય બધું પાકતું !

દલુચંદ (બે હાથથી નકારનો અભિનય કરતાં) : ના ભાઈ, આપણે હવે તમારું ખાતું પાલવે એમ નથી. તમારા નામની કોઠીઓ ભાંગી નાખશું. ઉપાડ કર્યો છે ત્યારે, સાખાભાઈ, ડુંગર જેવડો અને ભરવાને નામે મીંડું !

હેતી : શેઠ, મારે પેટ તો આ દીકરીનો પહેલો અવસર જ ને ? ઘઉં પાર ઊતર્યા હોત તો ઇંના લગનનો ઉપાડ તો વાળી દેત પલકમાં !

દલુચંદ : એ, હિમ પડ્યું એમાં હું શું કરું ?

હેતી : અમારા આયખામાં જ હિમ પડેલું છે. તમે શું કરો ?

દલુચંદ : મેં તો ઘઉંના ખળાને વાયદે ધીરધાર કરી'તી. તમારાથી દોકડાનુંય ભરાયું નથી. હવે તમને ધીર ધીર કરીને મારે ડૂબવું નથી.

હેતી : ઓણની સાલ રહેમ નજર રાખો !

દલુચંદ : મેં તો કહ્યું 'તું કે શેરડીનો વાવલો કરજો. પણ ઘઉંની કોઠીઓ ભરવી'તી. તે કણે પામ્યાં ? હજીય ચેતજો તો કાંઈ વ્યાજબાજે દેખવા મળે !

હેતી (અંદર તગારું લઈને જતાં) : હવે કાંઈ વગર ખાધે જીવવાનાં હતાં ? (ફિક્કું હસવા કરે છે.)

દલુચંદ (શકરીને) : એક કણે હવે આપ્યો છે તો એ ધણીને બારણેથી ગયો એમ સમજજે ! એમાં કશો માલ નથી. (હેતી તરફ) વાણિયાના ઘરમાં અનાજ ઉપરથી ઊતરી આવતું નથી !

સુખદેવ : આ વરસ જ સૌને એવું છે ! શનિની દૃષ્ટિ વક્ર છે, મંગળ...

દલુચંદ (વચ્ચે) : અરે આ વેપારમાં જ કાંઈ કસ નથી ! ખાવી ધૂળ ને મહીં કાંટા !! આ અમારે મે'માન નાનચંદ શેઠ આવ્યા'તા એ ઘેર બેઠાં કાપડની દુકાનમાંથી ખાસ્સો રોટલો કાઢે છે. આ તો ભીલમલકમાં આવી પડ્યા, ને...

હેતી (અમળાતી) : શેઠ, મને મકાઈ આલ્યા વના ચાલે તેમ નથી. મારા ઘરની દશાની તમને ગમ નથી !

દલુચંદ : અમારે કોઠીઓ ઊભરાઈ જતી નથી તો !

હેતી : દલચન શેઠ, મારે કાલ રાતના મે'માન આયેલા છે એટલે આટલું કહું છું. દીકરીને આણે વેવાઈ આયા છે. (લાચારીથી) અત્યારે કાંઈ લઈ જઈશ તો લાજ રહેશે. આ તમારી આગળ ઘરના ગણીને ભરમ છોડીને હતી તે વાત કહી !

[દયામણે મોઢે જવાબની રાહ જુએ છે.]

દલુચંદ (વધારે ખેંચતા) : જુઓ, હેતીભાભી, દીકરીના લગન વખતે રૂપા ખાંટે મોઢું બતાવ્યું છે એ બતાવ્યું. પછી વળતા દેખાયા નથી. આ... કોઠીઓનાં બુધાં દેખાયાં એટલે પાછાં વળી ચાર કેરીઓ સમ ખાવા લેતાં આવ્યાં! બાકી ગરજ મટી એટલે ઘાંચીના બળદને ધાડ પડજો વાળી વાત છે !

હેતી : આજકાલ તો કૂવા પર જંકસન કામ ચાલે છે. આદમી તો કોઈ ઘડીયે નવરા પડતા નથી !

દલુચંદ (કૃત્રિમ આવેશથી) : એ, ત્યારે અમેય નવરા નથી. શું જોઈને રૂપા ખાંટ જેવડો પિસ્તાળીસ વરસનો આદમી કાંઈ ભરવા-કરવાની દાનત વગર બૈરાંને વાણિયાને ઘેર ધાન લેવા મોકલતો હશે ?

હેતી : આજ તો શેઠ, વેવાઈ ને એય આયેલા છે, એટલે ઈંમની સંગાથે ઘડી બેસઊઠમાંય...

દલુચંદ : આ આમને મોટા મે'માન ઊતરી આવ્યા છે તે !... શું મોઢું લઈને મારી આગળ આવે ? અખાત્રીજ ક્યારનીય ગઈ,



હેતીબાઈ



શકરીબાઈ



સુખદેવ

પણ હજી તો હિસાબ કરાવ્યો નથી. (શકરી તરફ) મકાઈ પાછી નાખી આવ.

[શકરી મકાઈ ભરી લેવા બેસે છે. હેતીબાઈ છોભીલાં પડી બારણા પાસે બેસે છે.]

હેતી : આટલો વખત મને બે મણ કરી આપો ચાલતોડી. પારકા માટે ભીખ માગું છું, ઈમ ગણજો. હવેની વખત ઈયાંને મોકલીશ, ને પછી તમે જાણો ને એ જાણે !

દલુચંદ (બિલકુલ ઠંડી રીતે) : એક કણે ક્યાં છે ?

[માથાની તાલ પર હાથ ફેરવે છે.]

હેતી (દુઃખથી) : દલચન શેઠ, તદ્દન આમ શું ઘરબારણું પારખ્યા વના, એક નન્નો જ પકડી રાખો છો ? (સ્વમાનના આવેશમાં) પેલા તખતા ખાંટને માથે અમારા કરતાં દોઢું દેવું હશે તોય કાલે આવીને સૂજીબાઈ મકાઈની ગાંસડી બાંધી ગ્યાં ! અમે તે શું સાવ...

દલુચંદ : એ, તમારે કોઈની વાત કરવાની નથી. એને તો ચાર છોકરા છે ! કાલે...

હેતી : મારેય ચાર છોકરા છે; કાલ ઊઠીને...

દલુચંદ (વચ્ચેથી હસી પડીને) : જુઓ સખાભાઈ, કહો છોને, માણસ પડ્યા નથી ? (હેતી તરફ) તખતાનો મોટો દીકરો તો ભણે છે, તે કોક દા'ડો મામલતદાર થાય તો બધું વળતર એકી આંકડે વાળી આપે ! અલ્યા, પોલીસમાં જાય તોય, ઉઘરાણીમાં કેવો કામ લાગે ?

હેતી : શેઠ, મારા દીકરાય, રામજી સાજા રાખશે તો ધરતી ફોડીને તમારું ભરી આપશે ! આજનો દન ઉગારી લો ! વીરા ખાંટના ઘરની લાજ જશે, એમાં તમારુંય ભલું નહીં બોલાય !

સુખદેવ (દુઃખી અવાજે) : શેઠ, કાંઈ નહીં. તમારે તો સહેજ મન મોકળું મૂકીને ભગવાન ભરોસે આપવું. આવે ટાણે બિચારા ક્યાં જાય ?

દલુચંદ : તો બિચારો વાણિયોય શું કરે ?

સુખદેવ : શકરીભાભી લડશે, પણ ઠાકોરશા' વારેઘડીએ કહે છે કે : 'દરેક કટમમાં વાણિયો કટમનાં માણસો ભેગો કટમ્બી છે. સૌની જવાબદારી એને શિર. પણ ખોટું એટલું છે કે બધાં મહેનત કૂટી મરે, ને ખાય એ એકલે પંડે !'

શકરી (સુખદેવને) : તમારે લોકોને તે કાંઈ બીજો ધંધો છે કે નહીં ?

હેતી (દલચુચંદને) : તમે ડૂબતું ન તારો, ત્યારે અમારું કોણ ધણી ?

દલુચંદ : તે અમેય એમ ને એમ ઘસાઈ મરીએ, ખરું ?

હેતી : ના બાપુ, મારે ક્યાં મફતનું કશું ખાવું છે ? મારો નાનિયો તમારે ત્યાં ગુમાસ્તી કરશે, મહિનો માસ ! લો, જોખી આપો. ઘેર ઊંચો જીવ થતો હશે ! ઊઠો મારા સમ !!

દલુચંદ (કળે કળે) : જુઓ હેતીબાઈ, તમે સમજુ છો. મારે ગુમાસ્તા વગર તો આખી જિંદગી ચાલ્યું છે. (સુખદેવ તરફ ફરીને) કેમ સખાભાઈ, બોલતા નથી ? (સુખદેવ સંકોચ અનુભવે છે ને મર્મમાં શકરી ભણી જુએ છે.) ઠાલો હાથ કંઈ મોઢામાં પેસતો નથી. કેમ ખરું ને ? (હેતીને) આ.... તમને ખાનગીમાં કહું છું. કાલ સૂજીબાઈ ગાંસડી બાંધી ગયાં, પણ શું મૂકી ગયાં એ માલમ છે ? સાંજે રૂપા ખાંટને મોકલજો. ડાહ્યા થઈને આવશે તો ખાલી હાથે પાછા નહીં જાય. આમ બૈરાંને મોકલ્યે કાંઈ ન વળે !

હેતી : હું ધાન વના જઈશ તો બધાંનો જીવ કપાઈ જશે ! શકરીભાભી ! ઊઠો, મારા સમ છે તમને. (ખોળો પાથરે છે) આ મારાં છોકરાં છે તે તમારાં ગણજો. પારકાં છોકરાંની આંતરડી ઠારશો, તો ભગવાન તમનેય... ! દાન કરતાં'તાં જાણે ! લાજ રાખો !

દલુચંદ : એક દિવસમાં છોકરાં મરી નહીં જાય !

હેતી (સાંભળ્યું ન સાંભળ્યું કરી શકરીને પગે અડે છે.) : ઊઠો, તમને માતાજીના સમ છે ! (એનાથી રડી શકાતું નથી, અવાજ થથરે છે.)

[હેતીબાઈ પગને સ્પર્શતાં, શકરી મૂંઝાઈને પાછે પગલે ખસી જાય છે. એથી પગની રમજોડનો ઝમઝમ ઝણકાર થાય છે. એ સાંભળી સૌનાં મન ઉપર કાંઈ ગૂઢ અસર થઈ હોય એમ સૌ ડઘાયેલાની માફક જોઈ જ રહે છે. હેતીબાઈ, શકરી ખસતાં શૂન્ય મને એના પગની રમજોડ સામે તાકી રહે છે. એ વખતે શકરી પણ અચાનક જ હેતીબાઈના પગ તરફ જોવા પ્રેરાય છે. એની બારીક નજરે કડલાં પડે છે.]

શકરી (એનાથી બોલી જવાય છે) : ત્યારે હેતીભાભી, કડલાં ગિરવે મૂકીને મકાઈ લઈ જાઓ !

સુખદેવ : વાહ રે ! તમનેય કાંઈ પ્રભુના ઘરનો...?

દલુચંદ (પળ સાચવી લેતાં) : તે કાંઈ હેતીબાઈની નવાઈ છે ? મેં કહ્યું શું હમણાં ? કાલે પેલી (શકરી તરફ જોઈ) કયા ખાંટની વહુ, એ ? - હાંસડી મૂકીને મીઠું લઈ ગઈ ! આંવા કાઠા વરસમાં એમ ને એમ ધીરીએ તો તો પછી...

હેતી (આંખમાંનાં આંસુ છુપાવવા મથતી કડલાંની ખીલી છોડવા મથે છે.) : ઓ રામજી ! (ખીલી જોર કરવા છતાં ઊઘડતી નથી. લગભગ સ્વગત) કેટલાં વરસ થયાં ? (મથે છે) ઓ રામ ! (એક કડલું નીકળતાં છુટકારાનો દમ ખેંચે છે. બીજાની ખીલી હલતી નથી.)

સુખદેવ (સહાનુભૂતિથી) : એને કરમે નીકળવાનું નહીં લખ્યું હોય; રહેવા દો !

[પણ દલુચંદ કે શકરીની લૂલી હાલતી નથી. હેતીબાઈ મથે છે, પણ ખીલી ઢીલી પડતી નથી. અચાનક કાંઈ સૂઝી આવ્યું હોય તેમ.]

હેતી : પખો સોની દુકાને હશે ?

દલુચંદ (જાણે ઊંઘમાંથી જાગતો હોય તેમ ઝબકીને ઊંચું જોઈ) : કોણ ?

સુખદેવ : હવે શેના સોની ને શેની વાત !

[શાંતિ પથરાઈ રહે છે. હેતી ચૂપચાપ નીકળેલું કડલું ફરી પહેરી લે છે ને ઊઠીને ચાલતી થાય છે.]

શકરી (અત્યાર લગી મૂઢની માફક ઊભી રહી હતી તે) : રહેવા દો હેતીભાભી ! એ તો સહેજ કહેતી'તી; એમાં.... ?

હેતી (પાછું જોયા વિના) : વીરા ખાંટના ઘરનું નામ...?

[અદૃશ્ય થાય છે.]

દલુચંદ : છોને જતાં ! ક્યાં આપણે હરામનાં ખાઈ જવાં છે. લઈ જઈને આપશે એમાં કાંઈ હરાય છે ?!



દલુચંદ

સુખદેવ : કેટલાંનાં ઘરેણાં ઓણ પડાવ્યાં ? ઠાકોરશા'ની વાત જ બરોબર છે. ખેડુને કરમે તો કુસકા, ને વાણિયાને ઘેર કણ !

શકરી (છણકો કરીને) : તમે જાઓને અહીંથી ! થાકતાય નથી ?!

દલુચંદ (તકિયાને અઢેલીને સહેજ લાંબા થતાં, નીચું જોઈ) : એ તો સાળાં ફટકાર્યાં જ કામ દે. (વિજયનું સ્મિત હોઠના ખૂણા પર અરધું દબાવી, અરધું ફરકતું રાખી શકરી તરફ) : અરે ! કાંઈ પાણીબાણી ગરમ હોય તો નહીં લઉં !

શકરી : પાણી તો છે; પણ પેલો પખલો વળી વચ્ચે ઘાવટો ન કાઢી લે !

સુખદેવ (શકરી તરફ) : વાહ રે !

દલુચંદ : પાણી તૈયાર કર. (સુખદેવ તરફ) એ પખલાનો ભરોસો નહીં, હો ! (કપડાં ઉતારે છે. નીચું મોઢું રાખી) સાંભળે છે કે ? આ સુખાભાઈને પેલી કાલવાળીમાંથી ચાર કેરી આપને ?

શકરી (અંદરથી) : વારુ !

દૃશ્ય બીજું

[સમય : દૃશ્ય પહેલાના અંત વખતનો.

સોનીની દુકાન. ભઠ્ઠીમાં કંઈ તપાવવા મૂકેલું છે. અંગારા લાલચોળ ઝગે છે. સોનાના માલિકો બીજા છે અને પોતે તો માત્ર ઘડનારો જ છે એવા પ્રત્યેક સોનીના મનમાં સહજ વસતા અસંતોષનો રોષ ભઠ્ઠીના તાપથી સંકોડાતી પખા સોનીની ભમ્મરો પર ફરકે છે. ભીંતે ઓજારો લટકે છે. હેતીબાઈ પ્રવેશે છે એ વખતે તે એરણ ઉપર કંઈ ટીપતો હોય છે.]

સોની : આવો... (ઝટ નામ ન સૂઝતાં એની જીભ થથરે છે.)

હેતી : ઓળખ નહીં પડતી હોય ? વીરા ખાંટનું ઘર ! આ માગશરમાં મારી દીકરી કાજે ઘરેણાં તમારી પાસે જ કરાવી ગયા'તા ને ? સોની (મન સાથે) : રૂપા ખાંટનાં ઘરવાળાં ! (હેતીબાઈને) આવો ! શું નામ ?

હેતી : હેતી ! આ લગરીક કામ પડ્યું ! (જીભ લથડે છે.)

સોની : શું છે ? બેલાશક કહો ! રૂપા ખાંટને ને અમારે તો ઘરોબો છે. એવો ખાનદાન માણસ છે ક્યાં બીજો ?

હેતી : પણ આ સમાના વાણિયા અમારી સાતે પેઢી બોળી નાખવા બેઠા છે !

સોની : વાણિયાનું નામ બાળોને ! ને તેમાં તમારો ઘરાક તો

પેલો દલ્લુ હશે ! ('દલ્લુ' બોલતાં એનું મોઢું મરકે છે.)

હેતી : મણ મકાઈને ગજારે તે, આ... નાકલીંટી ખેંચાવે છે.

સોની (સહાનુભૂતિથી) : કેમ ?

હેતી : ઘેર વેવાઈ દીકરીને આણે આયેલા છે. કોઠીઓ લૂછીને ઝાટકી પરવાર્યા ! બશેરેક બંટી-કોદરા ભેગાવડા છે. છેલછેલ્લા. પણ વેવાઈ આગળ એ તો શેં મુકાય ? ચાર છૈયાં છે તે ઈંયાંની ચાંચમાંય કાંઈ ઘાલવું જો'યેને ? દીકરી તો જશે ઈંનું કરમ સંગાથે લઈને !

સોની : દીકરીના લગન પેટે કાંઈ ભર્યું નહીં હોય એટલે વાણિયો કાઠું પકડતો હશે !

હેતી : ઘઉંના ખળાને વાયદે ઉપાડ કરેલો. ઘઉં તો શુમાર વનાના હતા, પણ ભંગવાને ખાવા નો દીધા ! હવે દિવાળી પર કાંક ભરશું. પણ ઘંટીને તો આજથી તાવ આવ્યો છે !

સોની : દલ્લુ તો હમણાંનો ફાટ્યા ખાતે છે. એ સીધો નો ઊતરવાનો !

હેતી : તેથી તો એમણે મને કેરીનો ટોપલો ચડાવીને મોકલી'તી. મે'માનને એકલી કેરી ખવડાવાય ? ઢેબરાને બદલે કેરી-સોનાની હોય તોય કેરી એકલી ભાણા આગળ ઓછી મુકાય છે ?

સોની : પણ ટોપલી કેરી તો ક્યાંક વેચી હોત તોય મકાઈ તો સહેજે મળત !

હેતી : ઘરાક મૂકીને બીજે ક્યાં જવું ? શેઠે કેવરાવ્યું'તું કે ઈંયાંને મે'માન આયા છે. ઈંમના મે'માન તો ગ્યા; પણ મારે ઘેર મે'માન આયા છે, તે ભૂખે મરતા હશે ! કેરી પાછી લઈ જવાવાની નથી. છોકરાં તો કેરી કેરી કરતાં ટટળવાનાં જ છે ! માથે ટોપલી મૂકીને કૂવે જાઉં છું એમ ફોસલાવીને આવી છું.

સોની : આવા ખાનદાન ઘર સામુંય લોભિયો જોતો નથી ! આખા ગામમાંથી જેટલા નિવારસી મરી ગયા એ બધાના મોટા મોટા આંકડા કાઢી ઘર ને જમીન એણે કબજે કર્યાં છે. પણ પરમેશ્વરે એને માથાનો મળ્યો છે ! આ શકરી આવી છે, પણ એનેય વાંઝિયામે'ણું લાગ્યું તે લાગ્યું !

હેતી : અરે ભાઈ, શેઠ તો દુનિયામાં બધે એવા કાઠા જીવના હોય; પણ બાઈમાણસ તેય ? મને કહે કે કલ્લાં કાઢીને આલી જાય તો મકાઈ દઈએ ! પોતાને તો પગમાં રમજોડ રૂમઝૂમ કરે છે !

સોની (હેતીના પગ તરફ જોઈ નજર કરતો, ઉતાવળે) : તે તમે કાઢી આપ્યાં ?

હેતી : ના ! તો અહીં શીદ આવત ? આ એકની ખીલી નીકળતી નથી ! કાઢી આપો એટલે એને ડાચે વાળું, ને ઝટ ઘરભેગી થાઉં, કાંઈ ધાન આપે તો !

સોની (ચોંકીને) : માર્યાં જશો ! ફરી કડલાં દેખવા નહીં મળે ને આની ખરી કિંમત હશે તેની અરધીય ખાતે નહીં માંડે. તમને બાઈ માણસને એમાં સૂઝ ન પડે. રૂપા ખાંટને મોકલજો.

હેતી (અસહ્ય દુઃખથી) : પણ હું વગર ધાને ઘેર જાઉં, ને એ પાછા આવે ને લાવે. એટલામાં તો વેવાઈ આગળ નાક કપાઈ જ જાય ને ? (ક્ષોભથી) તમે તમારે મને કાઢી આપો ! ગમે તેમ થાય; મકાઈ વના પાછા નથી જવું. પંડે વેચાઈને પણ મકાઈ લઈ જવી છે.

સોની : તમારી મરજી ! (પગથી કડલું કાઢવા કરે છે.)

હેતી (પોતાના મનને કે પછી આખી દુનિયાને કહેતી હોય તેમ) : તો એ શકરી જ આ કડલાં પહેરે ના ! કાલે ટિટલી બાપડી આ મોટી જોડ માગતી'તી !

[કડલું બહાર નીકળે છે. બીજા પગનું પોતે જાતે જ બહાર કાઢે છે. હાથમાં કડલાંની જોડ રાખી તેની સામું ટગરટગર જુએ છે. ભીની આંખે, લગભગ પોતાને જ-]

ગામમાં કયે પગે ચાલીને ઘર લગણ જઈશ ? વેવાઈએ પગમાં કલ્લાં નહીં દીઠાં હોય ? વાટમાં પગ ભાંગી પડે તો હાશ થાય ! ઓ રામ ! મોતે વેરી થયું ?!

સોની (કંઈ ન સૂઝતાં) : કંઈ નહીં હેતીબાઈ, મોતનો ભરોસો કર્યો સારો, પણ આ વાણિયાનો...!

હેતી (વચ્ચે) : આ તો કાલ ઊઠીને, પગમાં કલ્લાંકાંબી કાંઈ ન હોય તો બલૈયાંની ખોલોય ઊતરાવી લે ! (મથીમથીને આંસુ ખાળે છે)

સોની : આનો તોલ તો કરાવી રાખો ! પછી થાય તે ખરું. (કાંટે ચડાવે છે.)

[ત્યાં દલુચંદ શેઠ પંચિયા જેવું ધોતિયું, અંગરખું અને પાઘડી ચડાવી હાંફળાફાંફળા આવે છે. કડલાં કાંટે ચડ્યાં જોઈ એમની આંખ ઠરડાય છે; પણ તરત ગળી જઈ-]

દલુચંદ : ઠીક કર્યું ! મારા મનમાં કે કેમ વાર લાગી ? જુઓ હેતીબાઈ, આ પખોભાઈ સાક્ષી, ને એમને હાથે તોલ, એટલે વહેમ ન રહે પાછો !

હેતી : એ શેરનાં હજો કે મણનાં હજો ! મારા અંગ પરથી તો સો મણ આબરૂનો ભાર હતો તે ગયો. હવે હળવી ફૂલ, તરણાને તોલે છું. લગરીક કોઈ ઠિઠિયા કાઢે, તોય વાયરે ઊડી જાઉં એવી થઈ છું.

[સોની તોળી રહે છે.]

સોની : સત્યાશી ભાર ! આ કંઈ જેવાતેવા ઠાકરડાના ઘરની પાતળી ચીપો નથી; ખાનદાન ઘરનાં છે ! (દલુચંદ તરફ જુએ છે.)

દલુચંદ (હેતીને) : તોલ યાદ રાખજો !

હેતી : મને શું કામ બોલાવો છો, બાપ ! મને ઈંમાં ગમ નો

પડે. મારું તો સત્યાનાશ વળતું રોક્યું એટલા ભારનાં છે મારે મન તો ! દુનિયામાં નાકવઢાણું થઈ જાત ! ઊઠો શેઠ, જોખી આપો, કાંક મા-બાપ !

દલુચંદ (સોની કડલાં આપે છે તે લેતાં) : જાઓ તમારી ભાભી કરી આપશે; મેં કહ્યું છે. એ તો તમે હીંડ્યાં આવ્યાં ઉતાવળ કરીને, નહીં તો એ તરત અંદરથી મકાઈ લેવા જ જતી'તી !

[હેતીબાઈ જમીને હાથ ટેકવીને ઊઠે છે ને પગ નીચે ધરતી જાણે હલતી હોય એમ પ્રૂજતે પગે બારણા તરફ વળે છે.]

દલુચંદ : હેતીબાઈ, ખોટું ન લગાડતાં. રૂપો ખાંટ મળી જશે ને હિસાબ કરી જશે એટલે આ કડલાં તમારાં જ છે. પગમાં હતાં તેવાં મારી પાસે સમજજો ! (સોની તરફ) આ વરસ જ સૌને ભીખ માગતા કરે એવું છે !

હેતી (કોઈ સાંભળે ન સાંભળે એની પરવા કર્યા વિના) મારા પગ વાઢી લીધા હોત તો આ દશામાં ઘેર જવું તો નો પડત ! (અદશ્ય થાય છે.)

દલુચંદ : અમારે ને રૂપા ખાંટને બિલકુલ ઘરનો સંબંધ, હોં કે પાખાભાઈ ! (હેતી દૂર ગઈ હશે એમ માની ધીરેથી) પાખાભાઈ ! તમારાથી સિત્તેર ભારે ન કહેવાયું ? એ ક્યાં ભણેલી હતી તે તમારો કાન પકડત ! અરધો નફો તમને આપત, ભલા માણસ !

સોની : આવાં ગરીબગુરબાંની આંતરડી કકળાવીને તમે જ ફાયદો ખાટતા રહો એટલે બસ ! કમાય છે એટલાનો તો તમારે ત્યાં ઢગલો વાળે છે, બાપડાં ! તોય ધરાતા નથી ? ભૂત થશો ભૂત !

[બહાર ચીસ સંભળાય છે, પણ તે કોઈનું ધ્યાન ખેંચતી નથી. સોની લગરીક ઊંચે કાન થાય છે.]

દલુચંદ : આ... ત્યારે તો મફત બધાંને ધીરું ને રૂપિયા વહેંચતો ફરું, કહો તો ! લોકો શા ઝેરીલા છે ?

[બહારથી અવાજ આવે છે.]

અવાજ : ઓ બાપા ! આ આ...

સોની : શું છે 'લ્યા ?

અવાજ : આ બાઈ પડી ગ્યાં ! ખડકી આગળ લપસી ગ્યાં ! માથું...

[બંને ચોંકે છે.]

સોની : ચાલો ચાલો, શેઠ ! તમારી લીલા ! (ઉતાવળો ઉતાવળો બહાર જાય છે.)

દલુચંદ (કડલાં આંગળાંમાં રમાડતો એના સામી નજર રાખી) : કહેવાય નહીં ! સાળી મરીય જાય ! કાયટાનો જોગ થઈ રહેશે, આટલામાંથી ? (બારણા તરફ વળે છે.)

સોની (બહારથી અવાજ) : જા 'લ્યા હરખા ! તારી બા કનેથી કલ્લાં લઈ આવ ! દોડ જો !

દલુચંદ (એનાથી બૂમ પડાઈ જવાય છે.) : હરખા !

(૧૧૧)

'હિન્દુસ્તાન'

'હિન્દુ' શબ્દના ઉદ્ભવ વિષે હજી પણ મતભેદ ચાલ્યા કરે છે. એ શબ્દ સૌપ્રથમ પારસીઓના ધર્મપુસ્તક 'અવસ્તા'માં મળી આવ્યો. લોકમાન્ય ટિળક અને બીજા વિદ્વાનોના મતે 'અવસ્તા' વેદ જેટલું જ પ્રાચીન ધર્મપુસ્તક છે. આ ઉપરથી સાબિત થાય છે કે વૈદિક સમયથી ઇરાનીઓ આપણા દેશને 'હિન્દુસ્તાન' નામથી ઓળખતા હતા.

શ્રી દત્તાત્રેય ઉભયાકર લખે છે કે સિકંદરના વિજય બાદ સૌપ્રથમ ગ્રીક લોકોએ આપણા દેશનું નામ હિન્દુસ્તાન પાડ્યું. પરન્તુ સિકંદરના વિજયના ઘણા સમય પહેલાં 'હિન્દુ' શબ્દનો ઉલ્લેખ થયેલી ઘણી હસ્તપ્રતો મળી આવી છે. સિકંદરની બે સદી પહેલાં ઇરાનનો મહાન રાજા દરાયસ ઉત્તર હિન્દ પર રાજ્ય કરતો હતો, અને તેણે કોતરાવેલા એક શિલાલેખમાં તે જે વીસ દેશ પર રાજ્ય કરતો હતો તેમાંના એક તરીકે આ દેશને 'હિન્દવા' તરીકે ઓળખાવ્યો છે.

એનસાઈક્લોપીડિયા બ્રિટાનિકા (૧૪મી આવૃત્તિના ૧૧મા ભાગ)માં જણાવ્યું છે કે 'હિન્દુ' શબ્દનું મૂળ મધ્યકાલન પર્શિયન 'હિન્દો' શબ્દમાં છે, જે પ્રાચીન અવસ્તાના 'હેન્દવા' શબ્દ પરથી ઊતરી આવેલો છે, અને તેનો અર્થ 'સિંધુનો રહેવાસી' થાય છે. અને 'હિન્દોસ્તાન' (હિન્દુસ્તાન) એ પણ પર્શિયન શબ્દ જ છે. આ પરથી ફલિત થાય છે કે 'હિન્દુ' શબ્દનું ઉદ્ભવસ્થાન પારસીઓનું ધર્મપુસ્તક 'અવસ્તા' છે.

'હિન્દુ' અને 'હિન્દુસ્તાન' શબ્દોના ઉદ્ભવસ્થાનની આ ચર્ચામાં એક બીજો મુદ્દો પણ જાણવા લાયક છે. મધ્ય એશિયામાંથી નૈર્ઋત્યમાં ઊતરી આવેલા પ્રાચીન આર્યોએ તેમના નવા રહેઠાણને 'ઐર્યનવેજ' (આર્યોનો પ્રદેશ) નામ આપ્યું. સમય જતાં અવસ્તાના આ શબ્દનું પર્શિયનમાં 'ઇરાનવેજ' અથવા આજના 'ઇરાન' શબ્દમાં રૂપાંતર થયું. તેમના ભાઈઓ, કે જેઓ દક્ષિણમાં સપ્તસિંધુનાં રસાળ મેદાનોમાં જઈ વસ્યા તેઓએ તેમના નવા રહેઠાણને સંસ્કૃત નામ 'આર્યાવર્ત' આપ્યું, જેનો અર્થ પણ 'આર્યોનો પ્રદેશ' થાય છે.

તે પછી, પર્વતોની હારમાળાઓથી જુદી પડેલી આ પિતરાઈ જાતિઓએ પોતપોતાની સંસ્કૃતિનો વિકાસ સાધવા માંડ્યો. બન્ને સંસ્કૃતિ જુદી હોવા છતાં તેઓમાં ઘણી રીતે સમાનતા હતી, અને ઇતિહાસ કહે છે કે આ બન્ને જાતિઓ વચ્ચે સાંસ્કૃતિક અને રાજકીય સંબંધો ચાલુ રહ્યા. એક સમય એવો હતો કે પંજાબ, સિંધ અને બલુચિસ્તાન ઇરાનની હકૂમત નીચે હતા. આ પ્રાચીન ઇરાનીઓએ અવસ્તામાં તેમના પિતરાઈ ભાઈઓના નિવાસસ્થાન સિન્ધુનાં ફળદ્રુપ દાનોને 'હફતા હિન્દુ' કહ્યા છે, જે સંસ્કૃતમાં 'સપ્તસિંધુ' રૂપે જોવા મળે છે. અવસ્તામાંથી સંકૃત (અને બીજી પિતરાઈ ભાષાઓ)માં રૂપાંતર થયેલા શબ્દોમાં સામાન્યતઃ 'હ'નો 'સ' થયેલો માલૂમ પડે છે. સમય જતાં રહેઠાણ માટે નહિ પણ રહેવાસીઓ માટે 'હિન્ધુ' શબ્દ વધુ વપરાવા લાગ્યો, અને તેનો અર્થ હિન્ધુ અથવા સિંધુને કાંઠે રહેનાર લોકો' તેવો થવા લાગ્યો. પાછળથી ઇરાનીઓએ આ દેશનું નામ 'હિન્દુસ્તાન' - હિન્દુઓનો પ્રદેશ પાડ્યું.

- જગદીશ ઝવેરી (૪૪૬)

પાળીઆ

– જયંતિ દલાલ –

સ્થળ : વિદ્યાધિકારી રુદ્રશરણનું દીવાનખાનું.
સમય : સવારના ૯-૧૦ને આશરે.

[દીવાનખાનું નિરાળા ઢંગે શણગારાયેલું છે. એમાં ફાંકડા ચકચક થતાં સોફા-ખુરશીઓ છે. ભરેલાં ઓછાડીઆં-ઢાંક્યાં - મેજ પરનાં ફૂલદાન, કાગદી ફૂલોના શણગાર સાહીને ઊભાં છે. ભીંત પર, સાચી સાટિન પર ઝીકટીકી ભરેલ પોપાકથી 'ઓપતાં' રવિવર્માનાં ત્રણચાર ચિત્ર છે. ખૂણામાં રેડિયો ખાખી ડગલો ઓઢીને લપાતો છૂપાતો જણાય છે. કાચના કબાટમાં પ્યાલારકાબીથી માંડી બેબીની ઢીંગલી લગીની ચીજવસ્તુ ખડકાઈ છે. ઠામઠામ વિદ્યાધિકારીની કચેરીની સમૂહ તસવીરો ઝગમગતી તક્તીઓ સાથે ટિંગાડાઈ છે. વચ્ચે આખા કુટુમ્બની તસવીર છે. એ છબીને પડખે બે જુવાનિયાઓની – રુદ્રશરણ સાહેબના નાના અને મોટા દીકરાની – છબીઓ પણ છે. છેલ્લા કેટલાક દિવસથી આ તસવીરો નીચે, સાહેબ દૂરના ગામમાંથી ઊંચકી લાવેલા તે એક પાળીઓ પણ મૂકવામાં આવ્યો છે; ઘરના શણગાર સાથે મેળ ન જામતો હોય એમ અતડો અને અતડો. અત્યારે રુદ્રશરણની દીકરી પલ્લવી અને એની સહીઅરો પાળીઆ આજુબાજુ વીંટળાઈને બેઠી, ઊભી છે. પલ્લવી ભાપણકર્તાની ઢબે એક હાથ કેડે મૂકી બીજા હાથથી પ્રશ્નાર્થની મુદ્રા રચે છે.]

પલ્લવી : અને તમે એય નથી જાણતાં કે અભયસિંગ કોણ હતો ?

રમા : લે, તે અમે ક્યાંથી જાણીએ ?

ઉપા : હાસ્તો, અમે ક્યાંથી જાણીએ ? અમે ઓછાં તારી જેમ ગામડે ગામડે ટિચાયાં છીએ !

તારા : એ ટિચાયું ન કહેવાય. એ તો કહેવાય 'ઇન્સ્પેક્શન'; ખરુંને, પલ્લુ ?

પલ્લવી : જો તારે મશ્કરી જ કરવી હોય તો મારે વાત નથી કરવી.

રમા : તને તો, બાઈ, છીંકતાં છીંડાં પડે છે !

પલ્લવી : કોણ જાણે તમને લોકોને ક્યાંથી આ આદત પડી છે ? બાપુજી રોજ કહે છે..

ઉપા (વચ્ચેથી બોલતાં) : પણ પલ્લુ, તું આ પાળિયાની વાત કરતી હતી ને !

તારા : હા, હા; એ અભયસિંગ કોણ હતો ?

પલ્લવી : રાજપુર કરીને ઉત્તરમાં એક ગામ છે. એક વાર અમે ત્યાં ગયાં હતાં. (તારા ઉપા સામે આંખમિચકારો કરી લે છે.) ત્યાં ગામને ગોંદરે આ ખાંભી પડી હતી.

રમા : ગામને ગોંદરે ?

પલ્લવી : અરે ગાંડી, તું એટલુંયે નથી જાણતી કે આવા પાળિયા તો ગામને ગોંદરે જ મુકાય ?

તારા : હશે એ તો. તું તારે આગળ ચલાવને.

પલ્લવી : અમે તો સીધા ચોરે ગયા. ત્યાં બાપુજીને મળવા એક બુઢ્ઢા ડોસાજી આવ્યા. કેડ વળી ગયેલી, ચામડી લબડી ગયેલી, વાળ બધા ધોળા.

ઉપા : એનું નામ અભયસિંગ ?

તારા (હસી પડે છે) : અરે ઉપા !

પલ્લવી : તારામાં વાત સમજવાની તો શું, સાંભળવા જેટલીય અક્કલ નથી. અભયસિંગ શું એવો ઘરડો ખખ હોય ?

ઉપા (સહજ ડઘાઈને) : તે લે, મને શી ખબર ? હોયે ખરો, કદાચ.

તારા : જવા દે એ બધું. પલ્લુ, તું તારે વાત આગળ ચલાવ.

પલ્લવી : અને એ ડોસાજીએ વાત કીધી. બસો વર્ષ પહેલાં લગ્નસરામાં ગામમાં ધાડ પડી.

ઉપા : લુંટારુ આવ્યા ? હથિયારબંધ ? કેટલા હતા ? ઘોડે ચડીને ?

પલ્લવી (સાચે જ ચિડાઈને) : હા, લુંટારુ આવ્યા. અને કાંઈ બગીચામાં ફરવા ન'તા નીકળ્યા કે હથિયાર વિના આવે. સંખ્યા ગણી ન'તી; અને એ જમાનામાં ઘોડાની જાત ઘણી સારી હતી.

રમા : ઉપા, તું મૂંગી રહેવાની હોય તો જ વાત આગળ ચાલશે; હા પછી, એમ ન કહેતી કે કીધું નહોતું.

ઉપા : તમે લોક તો ખાલી ખિજાઈ જાઓ છો. હવે નહીં પૂછું, બસ !

પલ્લવી : અભયસિંગ તો લગ્નને માંડવે હતો. એની ઘરડી માનો એકનો એક દીકરો. હાથે મીંઢળ બાંધેલું...

ઉપા : મીંઢળ ?

તારા (આંખો કાઢી) : હા, મીંઢળ. (ઉપા ગભરાય છે.)

પલ્લવી : અને ધાડની ખબર પડી. બધા તો ગભરાઈ ગયા.

પરગામની જાનો આવેલી. ગામને માથે કાળી ટીલી આવશે એ બીકે બધા સમસમી ઊઠ્યા. પણ કોઈ ધાડપાડુને રોકવા આગળ જતું નથી. વાણિયાવાડમાં ધાડપાડુઓ પહોંચ્યાના ખબર આવ્યા, અને અભયસિંગથી ન રહેવાયું. મંડપમાંથી એ બહાર નીકળ્યો.

ઉપા : એમ ને એમ ?

રમા : ના, ઉપાને લઈને ! આ શી આદત છે, ઉપા ?

પલ્લવી : એની માં એને કેટલું કરગરી; ખોળા પાથર્યા; પણ એ તો એકનો બે ન થયો.

તારા (અસ્ફૂટ) : કેમ કરીને થાય !

પલ્લવી : કહે, મા, તું આવી છે મને રોકવા ? તું ? ઘરડી મા શરમાઈ ગઈ અને અભયસિંગ ચાલી નીકળ્યો. હાથમાં....

ઉપા (અધવચ્ચેથી) : બંદૂક ? તલવાર ?

પલ્લવી : કશુંય હથિયાર નહીં. અને સીધો પહોંચ્યો વાણિયાવાડે. ધાડપાડુઓ તો ગાંસડાંપોટલાં બાંધીને ભાગતા હતા ત્યાં જઈને અભયસિંગે પડકાર કર્યો : માટી થજો.

ઉપા : માટી થજો ?

તારા : હા, શૂરા બનજો. ભાગી ન જતા. સમજતી ન હોય તો પૂછ પૂછ શું કરવાને કરે છે ? નકામની વાત મારી નાખે છે ?

પલ્લવી : અને એણે તો એકના હાથમાંથી બંદૂક આંચકીને જામગરી ચાંપી. બધા ભાગવા માંડ્યા, ઊભી પૂંછડીએ.

ઉપા : ભાગી ગયા ? લડ્યા નહીં ?

રમા : એ તે ક્યાં વાત માંડી'તી તે લડે ?

પલ્લવી : પણ જતાં જતાં એકે અભયસિંગને ગોળીએ વીંધ્યો.

ઉપા : મરી ગયો ?

તારા: હા. અને બાકીની વાત હું કહું. આ એનો પાળિયો. ગામડાંની રીત, કોઈની યાદગીરી રાખવાની; ખરુંને પલ્લુ ?

પલ્લવી : હા. અને બાપુજીએ ગામમાં નિશાળ ખોલાવી આપી ત્યારે ગામલોકે બાપુજીને કશુંક આપવું એમ ઠરાવ્યું. પણ બાપુજી કહે, મારાથી કશું ન લેવાય.' એમાં ક્યાં મેં મોટો મીર માર્યો છે.

ઉપા : પછી, પછી ?

પલ્લવી : પછી તો આમ બાપુજી ના કહે અને ગામલોક આગ્રહ કરતા જાય. છેવટે બાપુજીએ કહ્યું, હું તો ગામ પાસેથી એક જ ચીજ લઉં. ગામલોક પૂછે, શું ? તો કહે, અભયસિંગનો પાળિયો.

રમા : ગામલોક તો જોવા જેવા થઈ ગયા હશે !

પલ્લવી : હા. કહે, સાહેબ, માગી માગીને પથરો માગ્યો ? એક જણ તો કહે, સાહેબ, આ પાળિયો માગીને તો આપે ગામનું નાક કાપી નાખ્યું.

ઉપા : પછી ? સાહેબે શું કીધું ?

પલ્લવી : બાપુજી કહે, એને પથરો ન સમજો. એ તો છે સંસ્કારનું સંભારણું.

ઉપા : પથ્થરામાં સંસ્કાર ?

[પલ્લવીની મા માનકુંવર દાખલ થાય છે.]

માનકુંવર : બસ, પલ્લુ, તારું તો એનું એ જ પાળિયાપુરાણ ચાલે છે ને ? છે તને કશી ફિકર ? નાના ભાઈ રાતના આવ્યા નથી. પણ તને છે કશો અજંપો ?

પલ્લવી : તે બા હું શું કરું ? બાપુ ને ભાઈ ગયા છે ખબર કાઢવા; આવતા હશે હમણાં. તું તો ખાલી ચિંતા કરે છે.

તારા : હા માશી, હમણાં આવતા હશે. નાના ભાઈ તો કોઈ ભાઈબંધ દોસ્તદારને ત્યાં રહી પડ્યા હશે.

માનકુંવર : શું રહી પડ્યા હશે ? તમને છોકરાંઓને થયું છે શું ? મારુ મૂઈનું કોણ સાંભળે ? પણ હું તો રોજ કે'તી'તી કે નાનાના ઢંગ સુધારો. છે મારા મોટાને કશું ? છોકરાં તો એવાં કહ્યાગરાં જોઈએ.

પલ્લવી : બા, તું તો નકામનો કાગનો વાઘ કરે છે. હમણાં નાના ભાઈ આવી પહોંચ્યા સમજને.

માનકુંવર : બેસ હવે મોટી, દિલાસો દેવા આવી છે તે. હુંય જાણું છું કે આવી પહોંચશે. પણ કહ્યા વિના કેમ ગયો ? આજનો જમાનો...

પલ્લવી : નાના ભાઈ તો બહાદુર છે. એના કશીય અળવળ નથી થવાની.

ઉપા : હા, કાકી, નાના ભાઈ કહેતા'તા...

માનકુંવર : કહેતા'તા ! શું કહેતા'તા ?

તારા (ઉપાની કુમકે આવી) : કે મનમાં કશીય બીક ન રાખવી. જેણે બીક કાઢી નાખી એણે... (યાદ કરતાં) શું કહ્યું 'તું, પલ્લુ ?

માનકુંવર : કહ્યું'તું ! ધૂળ ને ઢેફાં બધાં. બસ, આ ચપ ચપ બોલતાં જ શીખી ગયાં છે. ઘરની અને ઘરનાંની તો જરાકે ફિકર-ચિંતા જ નહિ. મારો મોટો ન હોત તો તો મારી મૂઈનો જન્મારો જ એળે જાત.

પલ્લવી : તને તે કેવી રીતે સમજાવવી, બા ?

ઉપા : માશી, પલ્લુ અમને... આ પાળિયો.

માનકુંવર : હા, પાળિયો. હું તો કહી કહીને થાકી. ઘરમાં પાળિયા ન હોય. એ તો ગામડામાં ભાગોળે જ સારા. અને આપણને એ કામનાય શા ? જોઈએ તો ધોબીના પથરામાં કે ધોવામાં તો ખપ લાગે ! પણ મારી મૂઈનું કોણ સાંભળે ?

તારા : માશી, તમે તો ભઈસા'બ, એક વાત પકડી તે બસ !

માનકુંવર : હા, બાઈ, તમારાં બધાંની નજરે તો અમે રહ્યાં

જડ, અક્કલ વિનાનાં. અને તમારા પેલા અક્કલવાળાને કેમ નથી કે'તા કશું ? ભાપણો તો બહુ ઝૂડે છે ને ? જાણે ઝાઝું બોલવામાં જ બહાદુરી આવી ! છે મારા મોટાને કાંઈ બોલવાનું ? ખપ વિના બોલવું શું ? નાનો કહ્યા વિના દિવસોના દિવસો અને રાતોની રાતો બહારનો બહાર રહ્યા કરે છે, તે કહોને જરા એને ?

(રુદ્રશરણ અને એમના મોટા દીકરા પ્રદીપને આવતા જોઈ માનકુંવર અધવચ્ચે અટકે છે. ખુરશીમાંથી ઊઠી જઈ, અવાજ બદલી આગળ આવી)

માનકુંવર : ક્યાં હતો ? મળ્યો પત્તો ?

(રુદ્રશરણ આગળ પડેલી ખુરશીમાં બેસે છે. પ્રદીપ પાસે જ ઊભો રહે છે.)

માનકુંવર (એકથી બીજાનાં સામું જોઈ) : કોઈ કશું બોલશોય ખરા, કે.... (પાલવથી મોં લૂછી) આના કરતાં તો મોત આવે તો ય સારું. ન દેખવું કે દાઝવું. હૈયાહોળી તો નહિ ? કોઈને અરધો સખુને કહેવાનું મન થાય છે ? નાના...

રુદ્રશરણ : હવે તમે બોલી રહ્યાં ? ('તમે' ઉપર ખાસ ભાર મૂક્યો છે, માનકુંવરથી એ અજાણ્યું નથી રહેતું.) પ્રદીપ, કહે એમને.

પ્રદીપ : કાંઈ પત્તો ન લાગ્યો.

માનકુંવર : કાંઈ પત્તો ન લાગ્યો ? ક્યાં ખબર કાઢી ? નવલશંકરને ત્યાં ?

રમા : માશી, અમારે ત્યાં હોત તો હું કહેત નહિ?

માનકુંવર : હું તો ભાનભૂલી છું, બાઈ ઈશ્વરપ્રસાદને ત્યાં જોયું'તું ? (પ્રદીપ ડોકું હલાવી હા પાડે છે.) ત્યાં નહિ તો પછી ... પેલા નવનિધરાય ? હમણાંનો એ ત્યાં ખૂબ જતો હતો.

રુદ્રશરણ : ગયો'તો ત્યાં. પ્રદીપ. કહે, વાત કહે. એટલુંય મારે કહેવું જોઈએ ?

પ્રદીપ : કાલ સાંજે ત્યાં ગયો હતો. મનુભાઈને કહે : ચાલ ફરવા જઈએ. મનુએ ના કીધી એટલે 'જરા છાતી મજબૂત કરતો રહે' કહી જતો રહ્યો.

રુદ્રશરણ : છાતી મજબૂત કરો ! જાણે નફટાઈમાં જ હિંમત આવીને વસી ન હોય ! (માનકુંવરને) તમારા દીકરાનો ક્યાંય પત્તો નથી. હું તો વારંવાર તમને કહેતો કે નાનાના ઢંગ સારા નથી જણાતા. જરા ઓછાં લાડ લડાવો.

માનકુંવર : છેવટે વાંક તોમારો જ નીકળવાનો. શાં લાડ લડાવ્યાં મમેં ? કે'શો જરા ?

રુદ્રશરણ : બાળક ઉપર તો આપણે પાડીએ એ જ સંસ્કાર પડે. સંસ્કાર એ જ સર્વસ્વ.

(તારા-ઉપા-રમાની નજર અચાનક જ પાળિયા પર પડે છે. પલ્લવી પ્રદીપને જોઈ રહી છે. પ્રદીપ મૂંગો ઊભો છે.)

માનકુંવર : હું પણ એ જ કહું છું. પણ મારું મૂઈનું...

રુદ્રશરણ : કોણ સાંભળે ? જીવનમાં શિસ્ત નહીં. નાનાને તમે જ ફટવી મૂક્યો છે. લપલપ ચપચપ બોલતો જ કરી દીધો. બસ, નાનામોટાનો વિવેક, મર્યાદા, વિનય કશું જ ન મળે. ઘરને તો વીશી સમજી મૂકી છે. અને નાના પછી પલ્લુનેય તમે ઠીક સંસ્કાર પાડતાં લાગો છો !

[તારા, રમા અને ઉપાને બહાર નીકળી જવાની ઇશારત કરે છે. ઉપા સમજતી નથી. રમા એનો હાથ ખેંચે છે.]

રમા : અમે જઈએ, માશી.

માનકુંવર : બસ, જવું છે ? પલ્લુ તો..

ઉપા (ગયેલી જીભ અચાનક આવી હોય એમ) : પલ્લુબહેનને લઈ જઈએ ?

[તારા અને રમા ડઘાઈ જાય છે.]

રુદ્રશરણ : ક્યાં લઈ જવી છે પલ્લુને ? પલ્લુ, ક્યાંય જવાનું નથી.

[પલ્લુનું મોં પડી જાય છે. તારા ઉપાને લગભગ ધક્કો મારી ઓરડા બહાર લઈ જાય છે.રમા પાછળ પાછળ જાય છે.]

માનકુંવર : આવજો, હોં.

[પલ્લુથી રોઈ પડાય છે.]

રુદ્રશરણ : શું છે છોકરી ?

માનકુંવર : શું કામ એને દબડાવો છો ?

[પલ્લવી માનકુંવર પાસે આવી લગભગ માથું ઢાળી ઊભી રહે છે.]

રુદ્રશરણ : આ જ મને નથી ગમતું. તમે નથી જાણતાં તમે છોકરાંની જિંદગી બગાડી રહ્યાં છો. આ જ રીતે નાનો... તમારે ભરૂસે મૂકી દીધો અને છોકરા... (અચાનક જ જીભ અટકી જાય છે. થોડી વાર બાદ રુદ્રશરણના અવાજમાં કડવાશ અને કર્કશતાને સ્થાને સહેજ ભિનાશ આવે છે.) એમને એટલું તો ભાન રહેવું જોઈએ ને કે આમને કેટલી ચિંતા થશે ?

[પલ્લવીનું ડૂસકું એમનું ધ્યાન તોડાવી દે છે.]

રુદ્રશરણ (અવાજની ભિનાશ આવી એટલી ગતિથી જ પાછી ચાલી ગઈ હોય છે.) : પલ્લુ.... રુવે છે કેમ ?

(અવાજ તરડાઈ જાય છે.)

માનકુંવર (પલ્લુની આંખ લૂછી) : પલ્લુ, જો, બેટા ! મોં લૂછી નાખ.

[પલ્લવી બહાર જાય છે. માનકુંવર એને બહાર જતી જોઈ રહે છે.]

માનકુંવર (પલ્લવી બહાર પહોંચી ગઈ છે એની ખાતરી બાદ આગળ આવી) : અને આ શું માંડ્યું છે ?

રુદ્રશરણ : તમે ? તમેય ?...

પ્રદીપ : બાપુ...

રુદ્રશરણ (સખેદ વિસ્મયથી ટીકી રહી) : પ્રદીપ !

પ્રદીપ : બાપુ, આ અસહ્ય છે.

રુદ્રશરણ : અસહ્ય છે ? શું અસહ્ય છે ?

પ્રદીપ : હવે તો આ ઘરમાં ગૂંગળામણ થાય છે.

માનકુંવર : મોટા...

પ્રદીપ : બા, આખી જિંદગીમાં હું નથી બોલ્યો.

રુદ્રશરણ : શું બોલવાનું છે ?

પ્રદીપ : બાપુ, અવિનય થતો હોય તો માફ કરજો.

માનકુંવર : મોટા, શું કરે છે તું ?

પ્રદીપ : બા, શા વાંકગુને અમને પથ્થરના ટુકડાથી પણ...

રુદ્રશરણ : બસ, મારે નથી સાંભળવું. આ ઘરમાં આવી અમર્યાદા નહીં ચાલી શકે. અહીં ન ફાવતું હોય તો...

પ્રદીપ : બાપુ, તમે આટલી આસાનીથી રજા દેશો એમ મેં ક્યારેય ન'તું કલ્પ્યું.

માનકુંવર : મોટા ! (એનો હાથ પકડવા જાય છે.)

રુદ્રશરણ : જવા દો એને.

પ્રદીપ : અને પલ્લુ અને નાનાભાઈને પણ મારી સાથે લેતો જાઉં છું.

[માનકુંવરથી રડી જવાય છે.]

માનકુંવર : ઓ, મા...

રુદ્રશરણ (ખુરશીમાંથી ઊભા થઈ) : શું માંડ્યું છે આ ? એમને ને તારે શું છે ?

પ્રદીપ : મારે એમને મારી જેમ જીવતાં મરેલાં નથી જોવાં. આ ઘરમાં તો...

રુદ્રશરણ (અધવચ અટકાવી) : શું છે આ ઘરમાં ? સારામાં સારા સંસ્કાર તમને મળે એ માટે મેં મારી જાત નિચોવી છે. આ એનો બદલો છે ?

પ્રદીપ : બાપુ, સ્વત્વ ભૂંસી નાખો, પછી સંસ્કારનો ઓપ ક્યાંથી ચડવાનો હતો ?

રુદ્રશરણ : તારી આટલી હિંમત છે ?

[એમના હાથની મુઠ્ઠી વળી જાય છે.]

પ્રદીપ : આજ લગી ન'તી; આજે આવી. સંસ્કાર, સંસ્કાર, સંસ્કાર ! દિવસ ને રાત આ ઘરમાં એ શબ્દનો નાદ ગુંજે છે. વીરતા, ઉદારતા, માનવતાના પાઠ બત્રીસે ઘડી અમારા કાનમાં રેડાય છે. પણ અમારાં હાથપગ અને હૈયું પહેલેથી જ તમે છૂંદી નાખ્યાં છે, એ ક્યારેય ધ્યાનમાં ઉતાર્યું છે ? કદી, કદીય જિંદગીમાં એક જ વાર એ વિચાર્યું છે કે... (નિસાસો નાખી) બાપુ, બા, અમે આ પાળિયાના પથ્થર જેવા નિર્જીવ નિઃસત્ત્વ બન્યા છીએ એ કહી જોયું છે ?

રુદ્રશરણ : કદી રહ્યો ?

માનકુંવર : મોટા, તને તે શું સૂઝ્યું ? નાનાનો પત્તો નથી ને વળી તું...

રુદ્રશરણ : આ ઘરમાં હવે તમારે માટે સ્થાન નથી. ઓ. (અરધી પળ બાદ) જાઓને, ક્યાં ગયું પેલું તમારું સ્વત્વ ?

પલ્લવી (બહારથી) : અંદર છે. (અંદર આવી) બાપુ !

[ઓરડામાં આવે છે. પલ્લવીની પાછળ એક પોલીસ ઈન્સ્પેક્ટર ઓરડામાં દાખલ થાય છે.]

પલ્લવી : બાપુ...

રુદ્રશરણ (એ બાજુ જોઈ) : શું છે ? (ઈન્સ્પેક્ટરને જોતાં) ઓહો...

પો. ઇ. : માફ કરજો, મારે એક માઠા ખબર આપવા છે.

[પો. ઇ. માનવકુંવર અને પલ્લવી તરફ જુએ છે.]

રુદ્રશરણ : પલ્લુ, તું અને તારી મા જરા બહાર જાઓ. (પ્રદીપ સામું જોઈ મોં ફેરવી લે છે. રુદ્રશરણના હોઠ થોડીક પળ અવાજ કર્યા વિના સળવળે છે. મા-દીકરી બહાર જાય છે.) બોલો.

પો.ઇ. (ખીસામાંથી એક સફેદ માલ કાઢે છે. રૂમાલમાં કશુંક બાંધેલું છે. તેને છોડી રુદ્રશરણ આગળ ધરે છે) : આ...

રુદ્રશરણ : નાનાનાં, નાનાનાં બટન. ગઈ જ જન્મગાંઠે મેં આપ્યાં હતાં. ક્યાં છે નાનો ? ક્યાં છે નાનો ? બોલો, બોલતા કેમ નથી તમે ?

પો.ઇ. : વિદ્યાધિકારી સાહેબ, હું દિલગીર છું. પણ... નાના ભાઈનું ગઈકાલે રાત્રે ખૂન થયું છે.

રુદ્રશરણ-પ્રદીપ (એકીસાથે) : ખૂન ?

પો.ઇ. (અટકીને) : રાતે ધાડ પડી હતી.ત્યાં ધાડપાડુઓ સાથે ઝપાઝપી થઈ હશે. લાશ તો હજુ હમણાં હાથ લાગી. મોં છૂંદાઈ ગયું છે, એટલે ઓળખાણ...

[રુદ્રશરણ ફાટી આંખે જોઈ રહે છે. ઘડીભર પછી એની નજર મોટા પર જાય છે અને ત્યાંથી ફરીને પાળિયા પર ઠરે છે. પ્રદીપની નજર રૂમાલમાં પડેલા બટન પરથી ફરી નાનાની છબી પર પડે છે. બાપદીકરાની નજર પાળિયા પર મળે છે. બન્ને નજર ચોરી લે છે. રુદ્રશરણ અચાનક પો. ઇ.ના હાથમાંથી રૂમાલ ઝૂંટવી ઊભા થઈ જાય છે. ઝડપથી પડદો પડે છે.]

(૨૦૦)

અફવા, કૂથલી, નિંદા, એ ઢોળાયેલા દૂધ જેવી છે. તે પાછી સમેટી લઈ શકાતી નથી; અને તમે તેમ કરવા બેસો તો પણ ભોંયે પર ચિકાશ ને દૂધમાં મેલ તો રહી જ જાય છે. સાથે સાથે થોડી અફવા બદબોઈની બલળો પણ હવામાં રહી જાય છે.

પોતાનાં માબાપનું દર્શન તો શું પણ જ્ઞાન સરખુંયે જેને ન હોય એવાં અનાથાશ્રમનાં બાળકોમાં પણ

માડીજાયાં

ભાંડુનાં હેતથીયે અધિક પ્રેમ પ્રગટે ત્યારે ન થાય કે માનવ-હૃદય કોમ, કુળ કે લોહીના સંબંધોથીયે પર છે ?

– યશવંત પંડ્યા –

નામ	ઓળખ	વય
મફત	અનાથાશ્રમનાં	૧૨
કંકુ	બે બાળકો	૧૦
પરસન	ચાકર	૩૭
જેઠાલાલ	વ્યવસ્થાપક	૪૯
નંદનાથ	દાક્તર	૨૬

ચિત્ર પહેલું

[નદીની એક બાજુ મોટું શહેર છે. મિલો અને મોટરોનાં ભૂંગળાંના અવાજથી આખો દિવસ એ ગાજતું હોય છે. પણ બીજી બાજુ સારી એવી શાંતિ રહે છે. કેટલાંક છૂટાછવાયાં મકાનો દેખાય છે. છેક છેવાડે અનાથાશ્રમ આવેલો છે.

અનાથાશ્રમની આગળ મોટું ફળી છે. તેમાં કસરતનાં સાધનો ઊભાં કરેલાં હોવાથી દેખાવ સુંદર લાગે છે. અહીંયાં મફત આંટા મારતો હોય છે. કંકુ અંદરથી દોડતી-કૂદતી આવે છે.)

કંકુ : મફત, તારી આંખો કેમ સૂજી ગઈ છે ?

– આજે સવારે પ્રાર્થનામાં કેમ નહોતો ? - જેઠામામા મને કહે કે મફતને શોધી આવ. મેં નટવરને પૂછ્યું તો કહે કે ખબર નથી. પરસનમાશીએ તો તને બે દિવસથી દીઠો નથી ! મફત, તને થયું છે શું ?

મફત : કાંઈ નહિ, કંકુ.

કંકુ : ત્યારે આવો ઉદાસ કેમ રહે છે ?

મફત : અમસ્થો.

કંકુ (હાથ પકડી) : ચાલ, જેઠામામા તને સંભારે છે.

મફત : ભલે સંભારે. મારે નથી આવવું.

કંકુ (નવાઈથી) : એમ તે થાય ? એમને ના પડાય ?

મફત : કંકુ, મારા ઉપર એ ચિડાયા છે.

કંકુ : કેમ ?

મફત : કાલે મારી નિશાળના માસ્તર એમને મળ્યા હશે. હું તદ્દન ઠોઠ છું, મને દાખલા આવડતા નથી, ભૂગોળમાં હું કાચો છું, આવું આવું એમણે એમના મગજમાં ઠસાવ્યું છે. એટલે કાલે રાતે મને જેઠામામા કહે કે ભણવું હોય તો બરાબર ભણ, નહિતર છાપખાનામાં બીબાં ગોઠવવા જા.

કંકુ : અરે ! એવું તે હોય ? હું જેઠામામાને કહીશ કે તને ભણવા દે.

મફત : કંકુ, ભલી થઈ તું તો કાંઈ કહીશ જ નહિ. તારી જોડે રમવાની મને જેઠામામાએ ના પાડી છે.

કંકુ : કારણ ?

મફત : જેઠામામા જાણે. (કંકુ વિચારમાં પડે છે.) સમજી, કંકુ ?

કંકુ : મફત, તું જૂઠું બોલતો જણાય છે. એમ હોય તો જેઠામામા તને શોધવા મને કેમ મોકલે ?

મફત : એ જ વાત છે ને ? એમને ખરી ખાતરી કે હું ક્યાં હોઈશ તેની ખબર તને જ હોવાની.

(કંકુ નખ કરડવા લાગે છે.)

તારી જોડે રમ્યા કરું છું અને રખડ્યા કરું છું એટલે જ હું ભણવામાં પછાત રહું છું એમ એ કહેતા હતા.

કંકુ (વીલા મોંએ) : તો તો પછી આપણને વાતો પણ નહિ કરવા દે, એમ ?

મફત : એમ જ.

કંકુ (મોં ચડાવી) : ના; હું તો વાતો કરવાની. ભલે મને જેઠામામા લપડાક લગાવે; તોયે હું તારી જોડે બોલવાની. આપણે ક્યાં અટ્ટા કર્યા છે ?

મફત : તો બોલી જોજે.

કંકુ (ખભા ઝાલી) : અને મફત, તુંયે બોલીશ ને ?

(મફત મૂંગો રહે છે.)

(આજીજી કરતી) મફત, બોલ ને ?

મફત (ધીરે સાદે) : બો લી શ.

કંકુ (બરડો થાબડી, જોરથી) : બસ મારા ભાઈ.

(દૂરથી જેઠાલાલનો અવાજ આવે છે.)

જેઠાલાલ : કેમ રે કંકુબહેન ! મફતભાઈ જોડે ત્યાં શી મસલત ચલાવો છો ?

(બીકથી ભરેલાં કંકુ અને મફત એકબીજા સામે જોઈ રહે છે.) મને આવવા દો.

મફત (વળગી પડી) : કંકુ, મને બચાવજે.

કંકુ : ગભરાઈશ નહિ, મફત. તને લાકડી મારવા જશે તો હું આડી આવીશ એટલે મને વાગશે. ભલે વાગે.

(બંને ગુપચુપ ઊભાં રહે છે. જેઠાલાલ આવે છે. ખભેથી ફાટેલું પહેરણ, છૂટી પાટલીનું ધોતિયું, કપાળે ચાંદલો અને હાથમાં આંકણી છે.)

જેઠાલાલ : કંકુ, મેં તને શું કહ્યું હતું ? મફતને બોલાવવાનું કહ્યું હતું કે તેની જોડે વાતોએ વળગવાનું ?

કંકુ : મામા, મફતને લગીર ઠીક નથી એટલે હું ખબર પૂછતી હતી.

જેઠાલાલ : મફતલાલ, શું કાંઈ માંદા પડ્યા છો ? દાક્તર સાહેબને બોલાવવા પડશે કે શું ? (માથે હાથ મૂકી) માથામાં આધાશીશી ચડી છે કે પેટમાં ચૂંક ઊપડી છે ?

(મફત નીચું જોઈ રહે છે. જેઠાલાલ ન જુએ તેમ કંકુ મોં મચકોડે છે.)

(હાથ વડે મફતનું મોં પકડી ઊંચું કરી) : મફતભાઈ, બોલો તો ખરા ? - કે જીભ તાળવે ચોંટી ગઈ છે ?

કંકુ : મામા, એની આંખો તો જુઓ.

જેઠાલાલ : અરે, હા, વાંચી વાંચીને ખૂબ સૂજી ગઈ જણાય છે ! મફત, હવે બહુ મહેનત ન કરતો. નહિતર વળી પહેલે નંબર પાસ થઈ જવાશે !

કંકુ : પણ મામા, તમે તો એને કહેતા હતા ને કે એ સાવ ઠોઠ છે ?

જેઠાલાલ (માથું હલાવી) : બરાબર. તને એણે વાત કરી ને ? હું ધારતો જ હતો. એ તને ન કહે તો કોને કહે ? આમ ને આમ તમે બેઉ રખડુ થઈ ગયાં છો. ન ભણવું, ન કોઈનું કહ્યું કરવું; ને બસ ખાવુંપીવું ને ખેલવું ! આ નહિ ચાલે. મારે તમને સીધાં દોર કરવાં પડશે.

(કંકુ અને મફતના પગ ધ્રૂજતા હોય છે.)

જ્યારે જોઉં ત્યારે તમે બંને સાથેનાં સાથે ! ઘડીયે છૂટાં પડતાં તો જાણે જીવ જાય ! તમારી વચ્ચે વળી એવું હેત શું ? સગાં ભાઈબહેન હોય છે તે પણ આવી રીતે એકબીજાના પડછાયામાં નથી પડ્યાં રહેતાં.

કંકુ : પણ મામા . . .

જેઠાલાલ (રોફથી) : મામા ને ફામા. વચ્ચે ન બોલ.

(કંકુ ડઘાઈ જાય છે.)

મફત, આજે લવચંદ શેઠને ત્યાં દીકરો આવ્યો તેની ખુશાલીમાં રસરોટલીનું જમણ છે. પણ તારે શરીરે ક્યાં સારું છે ? એટલે તું તો અપવાસ કરજે.

કંકુ : અને . . .

જેઠાલાલ : વળી વચ્ચે બોલી ? બહુ લાગતું હોય તો તુંયે ભૂખી રહેજે.

કંકુ : મામા, હું તમને એ જ કહેવાની હતી.

મફત : કંકુ, તું ખુશીથી ખાજે.

જેઠાલાલ : ના, હવે કંકુને પણ ખાવા નહિ મળે.

(કંકુ અને મફત છાની રીતે એકબીજાને જોતાં હોય છે.)

આટલી આજની વાત. બીજી વાત પણ મારે તમને કહેવાની છે. મફતિયા, આજથી તારે આ કંકુડી જોડે ફરવાનું નથી. મેં તને એક વાર કહ્યું હતું અને આજે ફરી વાર - છેલ્લી વાર - કહું છું. હવે જો હું તમને સાથે જોઈશ તો તને તો હું કાઢી જ મૂકીશ. પછી પેટ ભરવા વાસ્તે ઘરોઘર ભીખવું પડશે.

(મફતની આંખો ક્યારની ભીંજાયેલી છે.)

અને કંકુડી, તારી વાત પણ તું જાણી. જે મફતની વલે, તે તારી વલે થશે.

(કંકુ ગભરાઈ ગઈ છે.)

(મફતનું બાવડું પકડી) ત્યારે મફત, ચાલ મારી જોડે. કંકુ તું પરસન પાસે જા. એ કહે એમ કરજે.

(જેઠાલાલ મફતને લઈ જાય છે. કંકુથી ડૂસકું મૂકી જવાય છે.)

ચિત્ર બીજું

(કંકુ અને પરસન એક ઓટલા ઉપર બેઠાં બેઠાં વાતો કરે છે.)

પરસન (શિખામણથી) : કંકુ, તું ડાહી થા. હઠ જવા દે. ગમે તેમ તોયે જેઠામામા આપણા વડીલ કહેવાય. વળી આશ્રમના ઉપરી ગણાય. એમનું કહ્યું કરવું જોઈએ.

કંકુ (છણકાથી) : કરીએ જ છીએ ને ? સાત સાત દિવસ થયાં હું મફતને મળી પણ નથી !

પરસન : એટલું બસ નથી. તારે મફતના વિચારો પણ ન કરવા જોઈએ. વિચારો કરીને તો તું તારો જીવ બાળે છે.

કંકુ : માશી, એમાં હું શું કરું ? હું મફતને કેમ કરી ભૂલું ? એના જેવો સારો છોકરો મને બીજો બતાવો તો ખરાં ! – 'કંકુ ગાંડી, કંકુ ગાંડી' કહી જ્યારે મને બધાં ચીવડતાં ત્યારે એકલો મફત મારી ભેર તાણતો. એની નિશાળમાં પતાસાં વહેંચાયાં હોય તો અરધોઅરધ એ મારે માટે રાખી મૂકતો. એ માંદો પડે ત્યારે એને જે મોસંબી મળે તેની પણ ચીર મને ચખાડ્યા વિના એ નથી રહ્યો. માશી, આવું તમે જાણો છો ?

પરસન : કંકુ, હું મફતને ન ઓળખું ? મેં તો તેને મોટો કર્યો છે.

કંકુ : એટલે, માશી ?

પરસન : કંકુ, તારા જનમ પહેલાંની એ વાત. જે રાત્રે મફતને અહીં કોઈ મૂકી ગયેલું એની એકબે દિવસ આગમચ મેં મારો રતન જેવો દીકરો ખોયો હતો.

કંકુ : માશી, એ ક્યાં ખોવાઈ ગયો હતો ?

પરસન : બહેન, એને જમડા ઉપાડી ગયા હતા !

(પરસન ગળગળી થતાં કંકુ એની સામે ટગરટગર જોઈ રહે છે.)

પછી મફત મને સોંપાયો. સવારના જેવી હું ઘરકામમાંથી નવરી થતી કે હું મફતને આશ્રમમાંથી મારે ત્યાં લઈ આવતી. આખો વખત મારે ત્યાં રાખતી, કારણ કે મારે એને પાળીપોપીને મોટો કરવાનો હતો. એને માટે મને પગાર મળતો. પેટના દીકરાની જેમ હું એને સાચવતી. નાનો હતો ત્યારે એ એવો સાજોસારો અને રૂડોરૂપાળો લાગતો કે એક વાર તો મને ઈનામમાં પાંચ રૂપિયા મળેલા. આજે એને આવડો મોટો જોઈને મારો જીવ ઠરે છે. અને જેઠામામા જ્યારે એને કાંઈ કહે છે ત્યારે મારું કાળજું વલોવાઈ જાય છે.

કંકુ (ઠાવકાઈથી) : ને માશી, મને એમ કેમ ન થાય ?

પરસન : થાય, થાય. એટલે તો હું તને કાંઈ કહેતી નથી. બાકી જેઠામામાએ તો મને કહ્યું છે કે કંકુને મફતનું નામ સુધ્ધાં ન લેવા દઈશ.

કંકુ : પરસનમાશી, જેઠામામા આવો જુલમ કેમ કરતા હશે ?

પરસન : કંકુ, એમને એકે બહેન નથી. પછી ભાંડરડાંનાં હેતની એમને સમજ ક્યાંથી હોય ? ભગવાને એમને દીકરી સરખીયે દીધી નથી કે એમની આંતરડી બાળકો તરફ કૂણી રહે.

કંકુ : માશી, તમે એમને ક્યારથી ઓળખો છો ?

પરસન : અહીં રહેવા આવી ત્યારથી.

કંકુ : ક્યારે આવ્યાં ?

પરસન : પાંચસાત વરસ થયાં હશે. કંકુ, મારું નસીબ ફૂટ્યું, બીજું સગુંવહાલું કોઈ હતું નહિ, મારું મન મફતમાં પરોવાયું એટલે હું અહીં કાયમની નોકરીમાં રહી ગઈ. પછી તો મફતને, તને અને બીજાં છોકરાંઓને રાજી રાખવામાં હું મારું દુઃખ ભૂલી ગઈ.

(કંકુ આમતેમ જોતી હોય છે.)

કંકુ (દૂર નજર જતાં) : જુઓ, જુઓ માશીબા ! પણે પેલું કોણ જાય છે ? - મફત ?

પરસન (આંખો તાણી) : લાગે છે તો એના જ જેવું.

કંકુ (હોંશથી) : અરે, એ જ ! મારો મફત ! માશી, હું એની આગળ જાઉં છું.

પરસન : પણ . . .

(પરસન આગળ બોલે એ અગાઉ તો કંકુ ત્યાંથી દોડી જાય છે. પરસન એ દિશામાં જોઈ રહે છે.)

ચિત્ર ત્રીજું

(આશ્રમનું ફળી વટાવી મફત જાહેર રસ્તા ઉપર ચાલતો હોય છે. ઘડીમાં આકાશમાં, તો ઘડીમાં પુલ ઉપર, તો ઘડીમાં નદીમાં એ નજર નાખે છે. બધી વખતે એ કંઈક બબડતો હોય છે.)

મફત (મનમાં) : કંકુ ક્યાં હશે ? – શું કરતી હશે ? – મને સંભારતી હશે ? કે ભૂલી ગઈ હશે ? – કાં તો નટવર જોડે રમતી હશે. – કાં તો પરસનમાશીએ એને પૂરી દીધી હશે. – જેઠામામાએ મને બરાબર સાત દિવસ કેદમાં રાખ્યો. આજે એક કલાક ફરવાની રજા આપી છે : પણ પાછાં જતાં જો મોડું થયું તો નક્કી મારી જ નાખશે.

(મફત ઉતાવળે પગલે ચાલવા લાગે છે.)

(ગરીબ મોંએ) પણ મને માગરમાં ક્યાંય કંકુ તો નહિ જ મળવાની ને ? આઘેથી એનું મોં જોવા મળે તોયે મને કેટકેટલો આનંદ થાય !

(પાછળથી મોટરનો ખટારો ધસ્યો આવે છે. મફત પોતાની ધૂનમાં છે. એકદમ પાસે દોડી આવી કંકુ મફતને ધક્કો મારે છે. મફત આઘે જઈ પડે છે. પણ આમ કરવામાં કંકુ પોતે પડી જતાં, તેના ઉપર ખટારો ફરી વળે છે. આ જોઈ પરસનથી જે ચીસ પડાઈ જવાય છે તે અહીં સુધી સંભવાય છે. લોકો એકઠાં થવા લાગે છે. બેબાકળો બનેલો મફત 'કંકુ ! ઓ કંકુ !' કરતો ક્યાંક ભાગી જાય છે.)

ચિત્ર ચોથું

(એક ખુરશી ઉપર જેઠાલાલ બેઠા છે. સામેના બાંકડા પાસે પરસન ઊભી છે. વચ્ચે ટેબલ છે. પડખે બેત્રણ ખાલી ખુરશીઓ છે. એકમાં સવારનાં આવેલાં છાપાં પડ્યાં છે. કપાળે ચડાવેલાં ચશ્માં આંખો ઉપર ઉતારી જેઠાલાલ 'સમાચાર' વાંચવા લાગે છે.)

પરસન : મામા, પછી કાંઈ મફતનો પત્તો ?

જેઠાલાલ (છાપામાંથી માથું કાઢી) : પરસન, આ ત્રણ દિવસમાં આકાશપાતાળ એક કર્યાં ! પણ નકામાં !

(જેઠાલાલ વળી વાંચવા લાગે છે.)

પરસન : ત્યારે હવે એ નહિ જ જડે ? – આપણે મફતની આશા મૂકી દેવાની ?

જેઠાલાલ : ના, પરસન. કદાચ જડી આવે.

પરસન : કઈ રીતે ?

જેઠાલાલ : જો; આ છાપામાં જાહેરાત મોકલી હતી તે છપાઈ છે. મફતની ઊંચાઈ, અભ્યાસ, વાન વગેરે બધું એમાં જણાવ્યું છે. એટલે કોઈને મફત મળશે તો અહીં મોકલી આપશે.

પરસન (ઉત્સુક્તાથી) : મામા, એવું બનતું હશે ?

જેઠાલાલ (નિરાંત જીવે) : સોએ એક ટકો આશા ખરી.

પરસન (ઘેલી બની) : અરે ! મફતિયો પાછો આવે તો તો અંબા માને સવા રૂપિયો ને નાળિયેર વધેરાવું.

જેઠાલાલ (દાઢમાં હસતાં) : પણ પરસન, તને કેમ આટલું બધું લાગી આવે છે ?

પરસન : મામા, તમને કાંઈ નથી લાગતું ?

જેઠાલાલ : લાગે છે થોડુંઘણું. મને લાગે છે કે મફતને બહાર નીકળવા દેવામાં મેં ભૂલ કરી. પણ જે કાળે જે માંડ્યું હોય તે કાંઈ કોઈથી મિથ્યા થવાનું છે ?

(પરસન કાંઈ કહેતી નથી.)

મને બીજું એ લાગે છે કે મેં એને જરા વધારે પડતો ધમકાવ્યો. પણ એ તો હું એના ભલા વાસ્તે કરતો હતો ને ? એના માસ્તરે તો મારા મોંએ એનાં વખાણ કર્યાં હતાં. પણ જો હું મફતને ખરું કહીશ તો વળી ભાઈ કંકુ જોડે વધારે ને વધારે રખડશે એ બીકે મેં વાત જરા ફેરવીને કહી. મારા મનમાં એનું ભલું હતું.

પરસન (અચકાતી) : પણ મામા, થઈ ગયું બૂરું.

જેઠાલાલ : જે થવાનું હતું તે થયું. પણ મેં જરાક બે અક્ષર કહ્યા ત્યાં મફત મારી સામું બોલ્યો એટલે પછી મારે સખત થવું પડ્યું.

પરસન (નવાઈ પામી) : મફત તમારી – જેઠામામાની સામે બોલેલો ?

જેઠાલાલ : હા, હા, વળી. મેં એને એટલું જ કહેલું કે કંકુ જોડે વાત ન કરીશ. એટલે એણે મને તરત જ જવાબ દીધો કે મરી જઈશ તોયે કંકુને મળ્યા વિના નહિ રહું. (નાક ચડાવી) એનો અર્થ શો ?

(તાજેતરમાં દાક્તર થયેલા નંદનાથ દાખલ થાય છે.)

નંદનાથ : કેમ, જેઠામામા ? – શા સમાચાર છે ? – બધાં છોકરાં મજામાં ?

જેઠાલાલ : હા, દાક્તર સાહેબ. તમે આવવા લાગ્યા છો ત્યારથી સૌની તબિયતે સારું રહે છે. પણ . . .

નંદનાથ : પણ શું ?

જેઠાલાલ : ગયા ગુરુવારે ભારે ઊથલપાથલ થઈ ગઈ. કંકુ કરીને એક છોકરી મોટર તળે ચગદાઈ મૂઈ. મફત નામે એક હોશિયાર છોકરો એ જ દિવસથી ક્યાંક ખોવાઈ ગયો છે.

પરસન (ગળગળા જેવી) : અને જડતો જ નથી !

જેઠાલાલ : જોકે છાપાંઓમાં આ બાબત છપાવી તો છે એટલે એ મળી પણ આવે. આજના છાપામાં તમે એ નથી વાંચ્યું ?

નંદનાથ : અરે જેઠામામા, અમારો ધંધો જ એવો રહ્યાં ! સવારના ઊઠ્યા કે તરત દરદીઓમાં જવાનું ! વાંચવાનો વખત તે કાઢવો ક્યાંથી ?

જેઠાલાલ : ખરી વાત છે, દાક્તર સાહેબ. ગમે તે રીતે વખત મેળવીને, આપ અઠવાડિયામાં એક વખત અહીં આવી જાઓ છો અને બિચારાં માબાપ વિનાનાં બાળકોને વગર પૈસે તપાસી જાઓ છો એનું પુણ્ય ઓછું નથી.

નંદનાથ : એ તો ઠીક. પણ તમે તો એમાં ચોવીસે કલાક રચ્યાપચ્યા રહો છો તેની તોલે કોઈ ન આવે.

(પરસન બંને ઉપર મનમાં ચિડાય છે. એવામાં ભારે જોડા ખખડાવતા જમાદાર અને સિપાઈ ત્યાં આવે છે. એમની વચ્ચે મફત છે. પરસન અને મફત સામસામાં દોડતાં વળગી પડે છે.)

જેઠાલાલ (હસતાં) : પરસન, હું નહોતો કહેતો કે મફત જરૂર જડશે ?

જમાદાર (રુઆબથી) : શેઠજી, છોકરો તમારો છે કે ?

જેઠાલાલ : હા જી.

જમાદાર (ઠપકાથી) : તો પછી આવા ગાંડાને રખડતો કેમ રાખો છો ? પહેલાં સંભાળ ન રાખો, જડે નહિ એટલે જાહેરખબર આપો, ને પછી અમને ફેરો ખવડાવો ! અમારા પગમાં તે કાંઈ પૈડાં છે ? બોલો; હવે અમારાં ચાપાણીનું કાંઈ થાય એમ છે કે નહિ ?

(જેઠાલાલ જરા ગભરાય છે. નંદનાથ ગુસ્સામાં આવે છે. પણ પરસન પોતે રૂપિયો આપી દે છે. જમાદાર અને સિપાઈ લટક સલામ ભરી ચાલ્યા જાય છે.)

પરસન (સોડમાં લઈ) : બેટા મફત, આટલા દિવસ તું ક્યાં હતો ?

(મફત મૂંગો રહે છે.)

જેઠાલાલ : દાક્તર સાહેબ, તમે મફતને પૂછી જુઓ તો ?

નંદનાથ (મફતને પાસે લઈ) : છોકરા, તારા બાપનું નામ – માનું નામ ?

મફત : કંકુ.

(પરસન અને જેઠાલાલ વિચારમાં પડે છે.)

નંદનાથ : હંઅ. તારી માનું નામ કંકુ. પણ તારું ?

મફત : કંકુ.

પરસન : મામા ! મામા ! પેલા જમાદારે કહ્યું તેમ મફત ગાંડો તો નથી થઈ ગયો ને ?

જેઠાલાલ : અરે ! ના રે ના. બોલ મફત, મારા કપાળમાં શું છે ?

મફત : કંકુ.

જેઠાલાલ : લ્યો ! મફતને કોણ ગાંડો કહેશે ? કેવું ડાહ્યું ડાહ્યું બોલે છે !

નંદનાથ : જેઠામામા, તમે ભૂલો છો. મફતની આંખો કહે છે કે એનું ચિત્ત ઠેકાણે નથી.

પરસન (ચિંતાથી) : દાક્તર સાહેબ, એને થયું છે શું ?

નંદનાથ : મને ખાસ ખબર નથી પડતી. પણ બહેન, પેલી મરી ગઈ એ કંકુ આને શું થાય ?

જેઠાલાલ (વચ્ચે) : અરે સાહેબ, એવું શું પૂછો છો ? બંને આ આશ્રમનાં બાળકો ! સાથે રહેલાં એટલું જ.

નંદનાથ (જેઠાલાલને) : એટલું ઘણું છે. (પરસનને) ત્યારે તો બહેન, મફતને કંકુરોગ લાગુ પડ્યો છે.

પરસન : એ મટશે શી રીતે ?

જેઠાલાલ (હાથ લાંબો કરી) : દાકતર સાહેબની દવાથી.

નંદનાથ (હાથ આડો ધરી) : ના. તનના રોગ અમે મટાડી શકીએ. મનના રોગ મટાડવાનું અમારી શક્તિની બહાર છે. સમજ્યા, જેઠામામા ?

(જેઠામામા જવાબ નથી વાળી શક્તા. મફતને પોતાના ખોળામાં નાખી પરસન પહેલાં અતિશય હેતથી એને દાબે છે, પછી ઉપરાઉપરી કંઈ કંઈ પૂછે છે. એ વખતે પરસનની આંખોમાંથી આંસુની ધારાઓ ચાલુ વહેતી હોય છે. મફત તો જ્યારે જ્યારે બોલે છે ત્યારે માત્ર એક જ શબ્દ બોલે છે - 'કંકુ.') (૧૦૦)

હિતભુક મિતભુક અશાકભુક

વારાણસીમાં દિવોદાસ નામના રાજા આયુર્વેદના પ્રખર જ્ઞાતા હતા. તે વૃદ્ધ થવા આવ્યા ત્યારે ઇન્દ્રે એમના મરણ પહેલાં એમની પાસેથી નીરોગી રહેવાનું રહસ્ય જાણી લેવા દેવલોકના વૈદ્ય અશ્વિનીકુમારોને નીરોગી રહેવાનું રહસ્ય જાણી લેવા આજ્ઞા કરી. દિવોદાસ ગંગામાં સ્નાન કરી પ્રાતઃ સંધ્યા કરવા બેસતા હતા ત્યારે અશ્વિનીકુમારોએ પોપટનું રૂપ લઈ તેમના માથા પર ઊડતાં ઊડતાં ટહુકો કર્યો : 'કોણ નીરોગી ? કોણ નીરોગી ? કોણ નીરોગી ?' દિવોદાસે જવાબ દીધો 'હિતભુક, મિતભુક, અશાકભુક - એટલે કે પોતાને પથ્ય તેવો ખોરાક ખાનાર. માપસર ખાનાર, અને બહુ શાક નહિ ખાનાર.

હિતકારક ખોરાક એટલે શું ? આપણે ત્યાં ઋતુઓ પ્રમાણે હવામાનમાં ભારે ફેરફાર થાય છે. ગરમી, ભેજ અને ઠંડીની અસરથી શરીરમાં પિત્ત, વાત કે કફ વધે છે. એ ત્રણે સમાન થાય તો જ આરોગ્ય જળવાય છે. આથી ઋતુવાર પથ્ય-ખોરાક કેવો હોય તેનું ઝીણું વિવેચન આયુર્વેદે કર્યું છે. અષાઢ--શ્રાવણ માસમાં વર્ષાઋતુ બેસે છે. આ ઋતુમાં હલકુ ભોજન પથ્ય છે. હોજરીને ઓછો બોજો આપવો જોઈએ. આથી શ્રાવણ માસમાં સોમવારે એકટાણાં કરવાનો અને ચોમાસાની અગિયારશને દિવસે ઉપવાસ કરવાનો મહિમા મનાયા છે. ભાદરવા-આસો માસમાં શરદ ઋતુ ભેજયુક્ત હોવાથી શરીરમાં પિત્ત વધે છે. પિત્તનું શમન કરવા દૂધ, સાકર, ખીર, કેળાં, મોસંબી, લીંબુ જેવાં ફળ અને શીતળ (વાસી નહિ), મધુર તેમ જ હલકો ખોરાક પથ્ય છે. આથી ભાદરવા માસના શ્રાદ્ધપક્ષમાં દૂધ પાક-પૂરી નહીં પણ ખીરપોળીનો ખોરાક પથ્ય છે. કારતક-માગશરમાં હેમંત ઋતુ ચાલે છે. હવે ઠંડીની શરૂઆત થાય છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થવા લાગે છે. એટલે ધીરે ધીરે પૌષ્ટિક ખોરાક વધારવો જોઈએ. પૌષ્ટિક ખોરાક ન લેવાય તો પ્રબળ થતો અગ્નિ માંસ, મજ્જા અને લોહીનું દહન કરે અને શરીર નાકૌવત થાય. તેથી આ ઋતુમાં મધુર, તેલયુક્ત, ખારા અને રસયુક્ત ખોરાક પથ્ય છે. સાથે શરીરે તેલમર્દન અને વ્યાયામ પણ પથ્ય છે.

પોષ-માહમાં શિશિર ઋતુ ચાલે છે. હવે ઠંડી વધે છે. જઠરાગ્નિ પ્રબળ થાય છે. આ ઋતુમાં નવાં ધાન્ય, ફળો, લીલોતરી, તલ, ગોળ, દૂધ માખણ, ઘી પથ્ય છે. પૌષ્ટિક પાકો ખાઈ શક્તિસંગ્રહ કરવાની આ ઋતુ છે. તેલમર્દનને વ્યાયામ પણ ખરાં. ફાગણ-ચૈત્રમાં વસંતઋતુ છે. શિશિરમાં સ્નિગ્ધ ખોરાક ખાધા છે. આથી શરીરમાં કફનો સંચય થયો છે. ગરમીથી આ કફ પાતળો થઈ શરીરમાં ફેલાય છે જે જઠરમાં જઈ પાચનશક્તિને મંદ કરે છે. એ દૂષિત કફનું શમન કરવા આ ઋતુમાં ઓછા તેલવાળો ખોરાક ખાવો જોઈએ. આથી હોળીમાં ધાણી, ચણા, ખજૂર જેવા ઓછા તેલવાળા ખોરાક ખાવાની પરંપરા પડી. આ ઋતુમાં કડવો, તીખો, તૂરો રસ પથ્ય છે. આથી ચૈત્ર સુદ એકમે કડવા લીમડાનો રસ પીવાની પ્રથા છે. વૈશાખ-જેઠમાં ગ્રીષ્મ ઋતુ બેસે છે. તાપ ઘણો પડતાં શરીરમાં કફ ઘટે છે. આથી વાયુનું પ્રમાણ વધે છે. ઘટતા કફને અટકાવવા મધુર, હલકું, શીતળ, રસયુક્ત ભોજન પથ્ય છે. ચોખા, દૂધ, દહીં, છાશ, શિખંડ, ને ઋતુમાં પાકતાં દ્રાક્ષ, ફાલસાં, કેરી, ટેટી ખાવાં. આથી કફ ઘટતાં વાયુ વધે છે તેનું શમન થાય છે. આમ બારે માસ વાત-પિત્ત કફ સમાન રહી આરોગ્ય જળવાય એવી ખોરાક સંબંધી યોજના આયુર્વેદમાં સૂચવાઈ છે.

જે પ્રદેશમાં જે અન્ન ને કઠોળ પાકતાં હોય તે પ્રમાણસર ખાવાથી તે પ્રદેશના લોકોને સહેલાઈથી પચે છે. સામાન્ય રીતે તૃણધાન્યો (એટલે ઘઉં, જુવાર બાજરી, ઈ.) એક વરસનાં જૂનાં સહેલાઈથી પચે છે. સામાન્ય રીતે તૃણધાન્યોમાં જાડા ૬૦ દિવસે પાકતા સાઠી ચોખા, કઠોળમાં મગ; શાકમાં પરવળ, કંકોડાં, કરેલાં, કુમળાં વેંગણ; ભાજીઓમાં તાંદળજો, ડોડી, પાલક, સરગવા, સુવ;, ફળોમાં દાડમ, દ્રાક્ષ; ગળપણમાં એક વરસનો જૂનો ગોળ અને મધ, સૂકાં ફળોમાં આલુ, અખરોટ, ખજૂર; મસાલામાં ધાણાજીરું, હળદર, મેથી, તેજાનામાં લવિંગ, ગાયબકરીનાં દૂધ, દહીં છાશ પથ્ય મનાયાં છે. સામાન્ય રીતે કફ પ્રકૃતિવાળાને તીખા, કડવા અને તૂરા, પિત્ત પ્રકૃતિવાળાને કડવા, તૂરા અને ગળ્યા, વાયુ પ્રકૃતિવાળાને ખારા, ખાટા અને ગળ્યા, પદાર્થનું પ્રમાણસર ભોજન પથ્ય મનાયું છે. જ. ઓ. કાનૂગા (૫૫૯)

માફ કરજો, આ નાટક નહિ થાય !

– પ્રબોધ જોષી –

[૧૯૫૩માં મુંબઈના ભારતીય વિદ્યાભવન તરફથી યોજાયેલી 'આંતરકૉલેજ નાટ્ય હરીફાઈ'માં વિજયકળશ (ટ્રોફી) જીત્યું. પહેલું ભજવાયું ત્યારે રંજનની ભૂમિકા માટે શ્રી ભારતી શેઠને પ્રથમ ઇનામ મળેલું. નવેમ્બર ('૫૩)માં ભરાયેલા 'ઇન્ટર 'વર્સિટી ફેસ્ટિવલ' વેળા જુદી જુદી ભાષાઓમાં લખાયેલાં છવ્વીસ નાટકોમાં બીજું આવ્યું. પહેલી વાર ભજવાયું ત્યારે આરૂઢ મહારાષ્ટ્રીય નાટ્યલેખક શ્રી મામા વરેરકર તરફથી લેખકને ચંદ્રક તેમ જ અન્ય પારિતોષિક એનાયત કરવામાં આવેલાં.]

પાત્રો

રંજન : કુમારી ભારતી શેઠ, લતા : કુ. સરોજ શાહ, ગીતા : કુ. મંજુલા પટેલ, લીના : કુ. હંસા પારેખ, આગંતુક : કુ. રમીલા શાહ

ઉપર્યુક્ત પાંચ બહેનો, જેમણે નાટકને અપૂર્વ સફળતા અને સ્થાન અપાવ્યાં, તેમને અર્પણ.

[પડદો ખૂલતાં પહેલાં ઑડિયન્સમાં અંધકાર છવાઈ જાય છે. માઇક ઉપર જાહેરાત થાય છે : 'હવે આપની સમક્ષ રજૂ કરીએ છીએ એક નાટિકા'... થોડી વાર શાંતિ. કશું જ થતું નથી. પુનઃ એ જ જાહેરાત. છતાં પડદો ઊઘડતો નથી. વળી જાહેરાત. અને તરત જ માઇક ઉપરથી ગીતા બોલે છે : 'માફ કરજો, આ નાટક નહિ થાય.' તરત જ પડદો ખૂલી જાય છે.

પડદો ખૂલતાં સ્ટેજ ઉપર કંઈ જ વ્યવસ્થા નથી. કેટલીક વિંગો ઊંધીસીધી પડી છે. બે-ચાર ખુરશીઓ પડી છે. સમગ્ર સ્ટેજનો ઉપયોગ થાય છે. કેટલાંક લાઇટ્સ પડ્યાં છે. ખૂણામાં એક ટેબલ છે, તેની ઉપર હાર્મોનિયમ પડ્યું છે. રિહર્સલ ચાલે ત્યારે સ્ટેજ હોય છે તેવું જ વાતાવરણ છે. રંજન આમથી તેમ આંટા મારી રહી છે. રાજાની પાછળ કારભારી ચાલે તેમ લતા તેની પાછળ પાછળ ચાલી રહી છે. પડદો ખૂલતાં રંજન અટકીને પૂછે છે-]

રંજન : કોણ બોલ્યું એ ?

લતા (ખૂણા તરફ આંગળી ચીંધી) : આ ગીતા બોલી. (લતા જઈને ગીતાનો હાથ પકડી તેને સ્ટેજ ઉપર લાવે છે.)

રંજન : કેમ ગીતા, એ શું બોલી ?

ગીતા : કંઈ નહીં હવે, મેં તો એમ કહ્યું કે નાટક નહીં થાય. જવા દેને રંજન, નાટક નહીં થાય. અને નાટક કરીનેયે શું કામ છે ?

રંજન : વાહ ! તો તો તને ખબર નથી કે જનતા આજે શું માગે છે ?

ગીતા : કેમ ખબર નથી વળી ? આજે જનતા માગે છે અનાજ અને કપડાં !

રંજન : એ તો છે જ. પણ જનતા બીજું શું માગે છે ?

ગીતા : બીજું ? બીજું તો... (જરા વિચાર કરીને) બીજું તો જનતા માગે છે સારા પગારની નોકરી અને સસ્તા ભાડાનાં મકાનો.

રંજન : ગીતા, હું તને ત્રીજો ચાન્સ આપું છું. બોલ, જનતા શું માગે છે ?

ગીતા : આ બધું મળે પછી જનતા માગે છે સારી ફિલ્મો... (રંજન ખુશ થાય) અને પાડોશીઓનાં છાપાં...

રંજન (સહેજ ખિજાઈને) : ના હવે. હવે હું તને છેલ્લો ચાન્સ આપું છું. બોલ, જનતા શું માગે છે ?

ગીતા : હજુ જનતા માગે છે ?

રંજન : હા હા, હજુ જનતા માગે છે.

ગીતા : તો તો હદ કહવાય ! આ જનતા પણ કમાલ છે ને ? સરકાર જેટલી ઝડપે ટૅક્સ વધારે છે તેનાથી બેવડી ઝડપે જનતા માગણીઓ વધારે છે.

રંજન : હવે દોઢડાહી થયા વિના કહેને, કે તને ખબર છે કે જનતા શું માગે છે ?

ગીતા : જી ના. હજુ પણ જો જનતા માગતી હોય તો આઈ રિઝાઈન. તું જ કહેને કે જનતા શું માગે છે ?

રંજન : જનતા 'નાટક' માગે છે.

ગીતા : તો છો માગે. આપણે નાટક નથી કરવું, કારણ કે આપણાથી નાટક નહીં થાય.

લતા : કેમ નહીં થાય ?

ગીતા : નહીં જ થાય. આપણે કયું નાટક કરીશું તે જ પ્રશ્ન છે.

રંજન : ઓહ ગીતા, તમે લોકો તો તદ્દન બીકણ છો. ગમે તે નાટક થશે. નાટકનો કંઈ દુકાળ નથી.

લતા : હાસ્તો, નાટક તો એક કહેતાં હજાર મળશે.

ગીતા : લતા, તું તો જાણે કોઈ સ્ત્રી નોકર કે રસોયાની શોધમાં નીકળી હોય અને તેને કોઈ કહેને, તેવી વાત કરે છે.

લતા : એમ નહીં, પણ જેને નાટક કરવું જ છે તેને નાટકની શી ખોટ ?

રંજન : ગીતા, લતા સાચું કહે છે. આપણી પાસે હિસ્ટરી અને માઇથૉલૉજીનાં એટલાં બધાં લીજન્ડ્ઝ છે કે ના પૂછો વાત !

ગીતા : ના શું કરવા પૂછે ? લેને હું જ તને પહેલી પૂછું. તું કયું નાટક કરી શકે ?

રંજન : રામાયણમાંથી કોઈ સીન લઈએ.

ગીતા : તો પછી રામ અને લક્ષ્મણ

ક્યાંથી લાવીશ ?

રંજન : અરે પણ રામ અને લક્ષ્મણ આવે એવો સીન જ શું કામ લઈએ ? કૈકેયી અને મંથરાનો સીન જ ના કરીએ ? અને પછી મંથરા તો હું જ બનીશ.

ગીતા : રંજન, તું ડોશી તરીકે સારી ન લાગે.

રંજન : ગીતા, અહીં અભિનય કરવાનો છે, સારું નથી લગાડવાનું.

લતા : બરોબર છે, રંજન. અને ગીતા, પછી કૈકેયી તો હું જ બનીશ.

ગીતા : રહેવા દે, કૈકેયી તો હું જ બનીશ, કારણ કે પછી હું રામને માટે કહું ને કે... (નરમ અવાજે) મંથરા, તું જાણીને ખુશ થશે કે... (આગળ શું બોલવું તે યાદ ન આવતાં વિચારમાં પડી જાય છે.)

રંજન : ના, ના, એમ ના ચાલે. કૈકેયીમાં તો ખુમારી જોઈએ. જુઓ. (બીજાં બન્નેથી જુદી પડી, ખુમારી સાથે અભિનય કરી, કેડે હાથ દઈ મહારાણીની અદાથી બોલે છે) મંથરા, કૈકેયીનાં નિશાન કદી ખાલી જતાં નથી. મહારાજાને તેમનાં વચન પાળવાં પડ્યાં. રામને વનવાસ મળ્યો અને હવે હું પણ જોઉં છું કે કૌશલ્યા કેટલા પાણીમાં છે ? કૈકીયીને તું સમજે છે શું ?

લતા : ના રે બા આવો અભિનય આપણને તો ના ફાવે.

ગીતા : તો રામાયણનો એકે સીન ફાવે નહીં અને મહાભારતની તો વાત જ ન થાય. યુધિષ્ઠિરથી માંડીને નકુળ સુધીમાં જ પાંચ પુરુષપાત્રો તો જોઈએ.

રંજન : લોકો નથી કહેતા કે જમાનો બદલાઈ ગયો, તે આનું નામ. પહેલાં નાટકોમાં સ્ત્રી-પાત્રોની માથાકૂટ રહેતી, આજે હવે પુરુષપાત્રોની મુશ્કેલી છે.

ગીતા : તેથી તો હું તને કહું છું કે પુરુષપાત્ર વિનાનું નાટક જ નહીં મળે.

રંજન : એ વાત જરા વિચારવા જેવી છે. નટીશૂન્ય નાટકો મળે છે, પણ નટશૂન્ય નાટકો તો હજુ 'ન ભૂતો ન ભવિષ્યતિ.'

લતા : અરે રંજન, પણ તેનો ઈલાજ તો મેં તને બતાવી દીધો.

રંજન : હા. એ વિચાર મને ગમ્યો છે, કારણ કે અસલી નાટકોનાં...

ગીતા : એટલે શું, આજે બનાવટી થાય છે ? (તરત આંગળાં મોંમાં નાખે.)

રંજન : તમે લોકો સમજતાં કેમ નથી ? અસલી એટલે 'સાચાં' એ અર્થમાં નહીં, પણ અસલના વખતનાં ભૂતકાળનાં એ અર્થમાં...

ગીતા : ઓહ, સમજી... (પાછાં આંગળાં મોંમાં નાખે છે.)

રંજન : હાં, તો અસલનાં નાટકોમાં... ઓહ ગીતા ! તું મોંમાં આંગળાં ન નાંખ. અભિનયશાસ્ત્રમાં એનો નિષેધ કર્યો છે.

ગીતા : સૉરી...

રંજન : હાં, તો અસલનાં નાટકોમાં સ્ત્રીપાત્ર પુરુષો ભજવતા તો...

લતા : તો આજે પુરુષપાત્ર શા માટે સ્ત્રીઓ ન કરે ?

ગીતા : એ પૉસિબલ નથી. કારણ કે, આપણે રાજા બન્યાં હોઈએ તોપણ ટેવ મુજબ બોલી જઈએ કે હું જરા શિકારે ગઈ હતી !

રંજન : એવી ભૂલો તો સુધારી લેવાય.

ગીતા : નાટકમાં બોલી ગયા. પછી પણ સુધારી લેવાય ?

રંજન : હા, હા, કેમ નહીં ? નાટક અને સિનેમામાં એ જ તો ફેર છે. નાટકમાં ભૂલો થવાનો જેટલો સ્કોપ છે તેથી બેવડો તો તેને સુધારી લેવાનો છે. કેમ, લતા ?

લતા : હા વળી.

ગીતા : રંજન, તું કેવી વાત કરે છે ? આવી ભૂલો કેવી રીતે સુધરે ?

રંજન : એ તો આવડત જોઈએ. અમે એક નાટક જોયું હતું એમાં એક છોકરો છોકરીનું પાત્ર કરતો હતો.

ગીતા : પણ ?

રંજન : પછી તેને બીજી કેરેક્ટરે પૂછ્યું કે, 'બહેન, તું ક્યાં ગઈ હતી ?' તો આણે તો મૂડમાં જ કહી દીધું કે 'અમદાવ ગયો હતો.'

ગીતા : જો, મેં તને કહ્યું હતું ને આના જેવી ભૂલ તો થઈ જ જાય ?

લતા : હા, પણ એ કેમ સુધારી એ ત સાંભળ.

રંજન : હા ગીતા, એ સાંભળવા જેવું છે. તેણે એમ કહ્યું એટલે જોડેનો આર્ટિસ્ટ ચમક્યો. પછી આણે તો ભૂલ વાળી લેતાં કહ્યું કે, 'હું મારા બાપની એક એક દીકરી છું, એટલે તેઓ મને બેટા, ક્યાં ગયો ? ક્યારે આવ્યો ?' એવી રીતે જ બોલાવે છે.

ગીતા : આવી ભૂલો સુધારી લેવાય એ વાત માની લઈએ તો પણ આપણામાં પુરુષપાત્રો જેવી ખુમારી તો ન જ આવે ને ?

રંજન : એ વાત ખોટી છે. તેં આજનાં નાટકો નહીં જોયાં હોય. એમાં તો રાજા પણ જાણે મલેરિયા થયો હોયને, તેમ બોલે છે.

લતા : રંજનની વાત સાચી છે. આજકાલનાં નાટકોમાં તો સ્ત્રી અને પુરુષના અવાજમાં બહુ ફેર પડતો નથી.

રંજન : મેં એવું નથી કહ્યું. મારા કહેવાનો અર્થ એમ છે કે જો અભિનય આવડતો હોય તો શું સ્ત્રી, શું પુરુષ, ગમે તે પાત્ર સારી રીતે કરી શકાય છે.

ગીતા : ઊંહું ! આ બધું કંઈ ગળે નથી ઊતરતું. પહેલી વાત તો એ કે અસલમાં પુરુષો ભલે સ્ત્રીપાત્ર કરવા તૈયાર થયા, પણ આજે કોઈ છોકરી પુરુષપાત્ર કરવા તૈયાર નહીં થાય. અને ધારો કે થશે તો તેનું દિગ્દર્શન કેટલા કરશે ?

લતા : તો પછી રંજન અહીં શા માટે છે ?

ગીતા : પુરુષપાત્રનું દિગ્દર્શન રંજન કરશે ?

રંજન : વાહ રે અલી બાઈ, તું મને સમજે છે શું ? ધાર કે આપણે એક સામાજિક નાટક ભજવીએ છીએ–

ગીતા : હા, તે તેનું શું છે ?

રંજન : તે તું જો, પછી પૂછ. ચાલ લતા, આપણે પેલો પતિ-પત્નીનો સ્કિટ કરીએ એટલે ગીતાને ખાતરી થશે.

(લતા પાછળના ભાગમાં જાય. સ્ટેજના ડાબા ભાગમાં ખુરશી ઉપર પગ મૂકી રંજન બૂટની દોરી બાંધવાનો અભિનય કર્યા બાદ યુવાનની પેઠે ટાઈ પહેરવાનો, માથું ઓળવાનો અભિનય કરે.) રમા !

લતા : શું છે ?

રંજન : તું ક્યાં છે ?

લતા : અહીં રસોડામાં; કેમ ?

રંજન : જો, અહીં આવ તો. હું જરા બહાર જાઉં છું. મોડો આવીશ.

લતા : આવ્યા એવા જ બહાર ક્યાં જાઓ છો ?

રંજન : ગમે ત્યાં જાઉં, તારે શી પંચાત ?

લતા (મોં બગાડી) : ના રે. જાણે હું તો કંઈ તમારી ગણતરીમાં જ નથી ને ?

રંજન (ખિજાઈને) : જો રમા, મને આ બધી લપછપ પસંદ નથી.

લતા (રડતાં) : ના રે, હું તો જાણે લપ જ છુંને ? મારા ક્યાં ભોગ લાગ્યા કે હું તમારે પનારે પડી. (મોં સંતાડી રડે છે.)

રંજન : રમા, પ્લીઝ, ટ્રાય ટુ અન્ડરસ્ટૅન્ડ મી. (સહેજ વિચારી, પત્નીને બનાવવા, મનામણાનું નાટક કરતા પતિની પેઠે) રમા, (વહાલથી) રમા.... (વધુ વહાલથી પાસે જઈ) ર...મા, હું ઑફિસના કામે જાઉં છું. હમણાં જ પાછો આવીશ.

લતા (તેનો હાથ તરછોડીને ઊભી થતાં) : તમે જાણો ને તમારું કામ જાણે. હું તો હવે તમને કશું પૂછવાની જ નથી. (પાછળના ભાગમાં જતી રહે.)

રંજન : સિલી ! શું બૈરું મળ્યું છે ? એકે વાત સમજતું નથી. કહેનારાએ ખોટું નથી કહ્યું કે ન્યાયાધીશો, સેલ્સમૅનો અને બૈરાંઓ જોડે કદી દલીલ ના કરવી. અંહ ! આપણા પુરુષોની તે કંઈ જિંદગી છે. (પગ પછાડી ગુસ્સાની અદાથી ચાલી જાય.)

લતા : કેમ ગીતા, પર્ફેક્ટ છે ને ?

ગીતા : શું તારું કપાળ પર્ફેક્ટ છે ? ઘરમાં ભાઈભાભીને જોયાં હશે બહેનબાએ, કે પછી પાડોશમાં જોયું હશે. સામાજિક નાટકો તો ગમે તે કરી શકે.

રંજન : તને એમ લાગે છે ? તો ઐતિહાસિક નાટક કરી બતાવું : 'તૈલપ-મુંજ.'

ગીતા : તામિલ છે કે તેલુગુ ?

રંજન : એમ કેમ પૂછે છે ?

ગીતા : નામ એવું લાગે છે. તેલાપ મુંજ...

રંજન : તૈલાપ મુંજ નહીં, તૈલપ મુંજ અને તે બે રાજાઓનાં નામ છે. તેમાં તૈલપ અને તેની બહેન મૃણાલ વચ્ચે સંવાદ છે.

ગીતા : અચ્છા, તો તું મારવાડના મુંજની વાત કરે છે ?

રંજન : જી હા.

ગીતા : એ વાત તો મેં સાંભળી છે. હા, તે તેનો શો સંવાદ છે ?

રંજન : તૈલપ સિંહાસન ઉપર બેઠો છે. (બાજુમાં એક ખુરશી ઉપર રાજાની અદાથી બેસે છે. બાજુમાં સંગીત વાગે છે લતા, મ્યુઝિક પ્લીઝ. (લતા ઊભી થઈ હાર્મોનિયમ પાસે જાય છે.) ગીતા, આ તો જરા વાતાવરણ ઊભું કરું છું. (લતા હાર્મોનિયમ ઉપર ફિલ્મી ગીત વગાડે છે) એ લતા, ખાલી 'સા' આપ ને, અમે જાણીએ છીએ તને ફિલ્મનાં ગાયન વગાડતાં આવડે છે તે; એમાં પ્રદર્શન શાની કરે છે ?

લતા : સૉરી. (ખાલી 'સા' ચાલે છે)

ગીતા : તું તારો સંવાદ ચલાવને.

રંજન : હેં ! ઓ, હા. તો તૈલપ સિંહાસન ઉપર બેઠો છે. સંગીત ચાલે છે. ત્યાં મૃણાલ આવે છે. (ઊભી થઈને મૃણાલની અદાથી આવે છે, નાટકી ઢબે બોલે છે.) બંધ કરો આ સંગીત ! સંગીતકારો, તમે જાઓ. મારે મહારાજા સાથે નેપથ્યમાં વાત કરવી છે. (પછી ખુરશી ઉપર બેસી તૈલપની અદાથી) જાઓ સાજિંદાઓ, બક્ષિસ લો અને વિદાય લો. (તેના હાથમાં પર્સ રાખ્યું છે તે ઑડિટોરિયમ તરફ ફેંકે છે. પર્સ સ્ટેજની બહાર ઑડિયન્સમાં પડે છે. સંગીત બંધ થાય છે.) મનોરંજન પછી થશે. મૃણાલબા વાત કરવા માગે છે. હા, બહેન. શી વાત હતી ? નેપથ્યમાં વાત કરવાની જરૂર ? (ઊભી થઈ મૃણાલ તરીકે બોલે, સિંહાસન તરફ એટલે કે ખુરસી સામે જોયા વગર, જૂની રીત મુજબ પ્રેક્ષકો તરફ મોં, માત્ર હાથ જ એના તરફ—જૂની રંગભૂમિની અદાથી)

'ભાઈ, પૂંછું છું હું સ્વર્ગસ્થ પિતાની, એ વાત ભૂલી જાય છે ?

મારી સંભાળ અને આજ્ઞાપાલન એ છે તારી ફરજ.

ભૂલી જાય છે એ વાત...?

આપ્યું હતું વચન-મુંજને છોડવાનું, હવે શું... એ વાત ભૂલી જાય છે ?

(છેલ્લું 'ભૂલી જાય છે' વખતે હાથ પ્રેક્ષકો તરફ આવે, એમ સૂચવવા કે જાણે (એ 'ભૂલી જાય છે' શબ્દો પ્રેક્ષકો બોલવાના ન હોય !)

(તરત બેસી જઈ) અશક્ય ! એ ન બને ! (ઊભી થઈ, મૃણાલ તરીકે જે બાજુ અભિનય કર્યો હોય તેનાથી બીજી બાજુ, સામે મૃણાલ ઊભી છે એ ભ્રમ ઊભો કરી તૈલપની અદાથી)

બની ઊર્મિવશ મ્હાલતી સ્રીઓ, અમારા
કાવાદાવા શું સમજે ?
અરે ખાખરાની ખિસકોલી બિચારી,
સાકરનો સ્વાદ શું સમજે ?
હરિણીઓમાં ફરનારી તું, સિંહોની
ગર્જના શું સમજે ?
અરે, બીજાના સ્નેહમાં ભાન ભૂલનાર
સ્રી, પિતાના અપમાનના વેરની વાતો-

(પુનઃ હાથ લતા તરફ કરે.)

લતા : શું સમજે ?

રંજન : કેમ ગીતા, કેમ લાગે છે ?

ગીતા : લવ્હલી ! લવ્હલી !!

રંજન : હવે તો નાટક થઈ શકશે ?

ગીતા : આઇ શુડ સે સો.

રંજન : ચાલો, તો આપણે નાટક શરૂ કરીએ. લીનાએ એક સ્ત્રીપાત્રનું જ નાટક લખ્યું છે.

ગીતા : તે શું લીના લેખક છે ?

રંજન : આપણે કહેવાનું કે લીના લેખક છે. બાકી મૂળ વાત તો એમ છે કે એક લેખકે પૈસા લઈને લીનાના નામ પર નાટક ચડાવી આપ્યું છે. આવી વાત હોયને, ત્યારે આંખ આડા કાન કરવાના. આવું તો ચાલ્યા જ કરે. આપણે આને 'ઇવિલ' માનવાનું અને 'સી નો ઇવિલ', 'હીઅર નો ઇવિલ', 'સ્પીક નો ઇવિલ'ની થીઅરી ફોલો કરવી.

ગીતા : એ નાટક તેં વાચ્યું છે ?

રંજન : ઉપર ઉપરથી જોઈ ગઈ છું.

ગીતા : રૂપાંતર છે કે ચોખ્ખી તફડંચી ?

રંજન : મૌલિક છે.

ગીતા : ગુડ. હિસ્ટૉરિકલ છે કે ધાર્મિક ?

રંજન : સામાજિક છે.

ગીતા : વેરી ગુડ. કૉમેડી છે કે ફાર્સ ?

રંજન : સીરિયસ છે !

ગીતા : વેરી બૅડ; તો તો મજા ન આવે.

રંજન : જો ગીતા, ગુજરાતમાં કૉમેડી લખાતી જ નથી.

ગીતા : તો પછી આ બધાં ભજવાય છે તે ?

રંજન : એ બધા જ અનુવાદો છે. તને ખબર છે ને કે બંગાળ અને મહારાષ્ટ્રમાંથી આપણે ત્યાં શું ઇમ્પૉર્ટ થાય છે ?

ગીતા : હા.

રંજન : શું ?

ગીતા : બંગાળમાંથી રસગુલ્લા અને મહારાષ્ટ્રમાંથી પાતળભાજી.

રંજન : ખોટું. બંગાળમાંથી નવલકથા અને મહારાષ્ટ્રમાંથી....

લતા (રંજનની વાતમાં સૂર પુરાવતાં, રંજન જોડે જ બોલે) : નાટકો.

ગીતા : એ બધી અહીં કોને ખબર ? સારું હવે એ કહે કે આ નાટક સારું છે કે પછી બંડલ ?

રંજન : ના ના; સારું છે. સામાજિક છે અને એમાં ચાર તો સ્ત્રીપાત્રો છે અને એ નાટક લીના પાસે જ છે. લીના, તારું નાટક આપ તો. હેં ? લીના ક્યાં ગઈ ?

લતા : હેં ! લીના ક્યાં ગઈ ? હમણાં તો અહીં હતી. ક્યાં ગઈ ? (શોધે છે.)

રંજન (શોધે છે.) : અંદર પણ નથી. વિંગમાં પણ નથી. ક્યાં ગઈ ! લીના...

લતા : એ લીના...

રંજન : લીના, એ લીના ! ક્યાં જતી રહી ? લીના !

લીના (જે નાટક શરૂ થતાં પહેલાં પ્રેક્ષકગૃહમાં બેસી ગઈ છે તે પ્રેક્ષકગૃહમાંથી) : શું છે ?

રંજન : ક્યાંથી બોલી ? ક્યાં છે ?

લીના (ઊભી થઈ) : શું છે ?

રંજન : ઓત્તારી ! તું તો ખરી છે ! તું તો કંઈ ઑડિટોરિયમમાં બેસી ગઈ છે ને ?

લીના : ગીતાએ કહ્યું કે આ નાટક નહીં થાય એટલે હું ઑડિટોરિયમમાં આવીને બેસી ગઈ.

રંજન : ચાલ હવે, અહીં આવ.

લીના : તમને હું ક્યારની જોઉં છું. તમે લોકો અહીંથી એવાં ફની લાગો છો કે મને તો ખૂબ હસવું આવે છે.

રંજન : ચાલ, હવે ખોટી મશ્કરી ના કર.

લીના : મશ્કરી નથી કરતી. પૂછી જો. (પ્રેક્ષકોને ગમે તેને પૂછે) કેમ ? આ લોકો ફની લાગે છે ને ? હેં ને ભાઈ ? કેમ બહેન ?

રંજન : તુંયે ભેજું છે. સ્ક્રિપ્ટ તારી પાસે છે ને ? ચાલ, અહીં ઉપર આવ.

લતા : ચાલ એય હસવાવાળી, ઉપર આવ !

ગીતા : એઈ ડહાપણ, અહીં આવ, ચાલ.

લીના : તમે લોકો આમ બોલશો તો હું ઉપર નહીં આવું.

રંજન : પગે લાગું લીના, તું ટાઇમ ન બગાડ. ઉપર આવને.

લીના : આવું... (સ્ટેજ તરફ જાય. સ્ટેજ નાનું હોય તો સીડી ચડીને જ જાય, ઊંચું હોય તો ફરીને જાય. સ્ટેજ પાસે આવે ત્યાં-):

રંજન : સ્ક્રિપ્ટ આપ તો ?

લીના : આપું; લે. (લીના પ્રેક્ષકગૃહમાં ઊભી રહી રંજનને સ્ક્રિપ્ટ આપે.)

રંજન : અને પેલું પર્સ પણ લેતી આવજે, દોસ્ત ! ભૂલથી ફેંકાઈ ગયું છે. થૅંક્સ...

(લીના પર્સ લઈ સ્ટેજ તરફ)

રંજન : હા ગીતા, જો આ રહ્યું એ નાટક.

ગીતા : શું નામ છે નાટકનું ?

લતા : સર આઇઝેક ન્યૂટન નથી કહી ગયા કે 'વૉટ ઇઝ ધૅર, ઇન આ નેઈમ ?'

ગીતા : સર આઇઝેક ન્યૂટન નહીં, પણ શેક્સ્પિયર કહી ગયો છે.

લતા : હવે રહેવા દેને. જ્યાં નામનો જ કંઈ અર્થ નથી એ વાક્ય છે ત્યાં ન્યૂટન હોય, શેક્સ્પિયર હોય કે સંત તુલસીદાસ હોય; શો ફેર પડે છે ?

ગીતા : તો શું આ નામ વગરનું નાટક છે ?

રંજન : ના રે, નાટકનું નામ છે 'ગામની પંચાત.'

ગીતા : ગામડાંની પંચાયત રચવા માટેનું આ નાટક છે ?

રંજન : ગામની પંચાત એટલે ગામડાની પંચાયત એવું તને કઈ સ્કૂલમાં શીખવાડ્યું છે ? ગીતા, આ તો 'કાજી દૂબલે ક્યું તો કે સારે શહેરકી ફિકર...'

ગીતા : ઓહ ! હું તો સમજી કે પછી કંઈ પંચવર્ષીય યોજના કે રીલિફ ફંડ કે રૂરલ ડેવલપમેન્ટના ફાળાંબાળાની વાત આવી.

લીના (જે અત્યાર સુધીમાં સ્ટેજ ઉપર પહોંચી ગઈ છે અને ગીતાની પાછળ ઊભી ઊભી સાંભળે છે) : કેમ, તને એવાં નાટક ગમે છે ?

રંજન : ધાર કે ગમતાં હોય, તો શું છે ?

લીના : તો હું એવું નાટક લખાવી લાવું.

ગીતા : પણ લીના, આપણે તો કૉમેડી જોઈએ.

લીના : તો તો ગીતા, તને ખબર નથી કે મને જે નાટક લખી આપે છે ને, તેને શો અનુભવ થયો છે ?

લતા : શો થયો છે ?

લીના : એ શ્રીમાન એક વખત ફંડફાળા ઉઘરાવવા નીકળ્યા અને પહોંચ્યા એક શહેરના શ્રીમાનને મળવા !

લતા : પછી ?

લીના : પછી એમણે પેલાને કહ્યું કે રાહતફાળા માટે આવ્યો છું તો કંઈ આપો. તો પેલાએ કહ્યું કે જમીનજાગીર તો છે નહીં. નહીં તો ભૂમિ આપત !

લતા : હવે એ તો છે જ ને ! શહેરમાં ભૂમિદાન ક્યાંથી મળે ?

લીના : પણ પેલો ભૂમિદાન માટે ક્યાં ગયો હતો ? એણે તો કહ્યું કે ફાળા વિના હું જઈશ નહીં. પછી એ સાંભળીને તમારા પેલાએ પેલાને કહ્યું કે જમીન નથી, નહીં તો શહેરમાં ન રહેત; અને બુદ્ધિ નથી, નહીં તો ગરીબ ના રહેત અને પૈસા બનાવત. પછી પેલાએ પેલાને કહ્યું ફાળો આપો નહીં તે કેમ બને ? તો પેલાએ પેલાને પૂછ્યું કે-

લતા : શું પૂછ્યું ?

લીના : પેલાએ પેલાને પૂછ્યું કે ભાઈ, તમે ક્યાંના છો ? તો પેલાએ કહ્યું કે અમદાવાદના. પેલાએ પૂછ્યું કે કઈ નાતના ? તો પેલાએ કહ્યું કે બ્રાહ્મણ. પેલાએ પૂછ્યું કે ક્યાં સુધી ભણેલા છો ? તો પેલાએ કહ્યું કે, એમ.એ. છું. પછી પેલાએ પૂછ્યું કે ઉંમર શી ? તો પેલાએ કહ્યું કે છવ્વીસ વર્ષ...

રંજન : પણ લીના, આ વાતને અને પેલી વાતનો શો સંબંધ ?

લીના : તું સાંભળ તો ખરી. આ સાંભળીને પેલાએ કહ્યું કે, ભાઈ, અમે પણ અમદાવાદના બ્રાહ્મણ છીએ અને મારી બાવીસ વર્ષની દીકરી છે જે બી.એ. છે. તો કહેતા હો તો રાહતફળાના બદલે લાયક બાળા આપું ! તમને અને મને બંનેને રાહત થશે.

ગીતા : ઓહ, તો તો શ્રીમાન પરણી ગયા એમ જ ને ?

લીના : ના રે, એમણે તો ના પાડી.

લતા : તો પછી ખાલી હાથે પાછા આવ્યા એમ જ ને ?

લીના : ના રે, લેવા ગયા હતા ફાળો અને મળી ગાળો.

(બધા હસે છે.)

લતા : આ વિષય પણ ખોટો નથી.

ગીતા : તદ્દન ખોટો છે. આમાં તો બંને પુરુષપાત્રો જ છે અને થીમને ડેવલપ કરવાનો સ્કોપ જ નથી.

રંજન : હવેના નાટકમાં થીમ જોઈએ, અભિનય જોઈએ એ બધું તો ભૂલી જાઓ. અર્વાચીન રંગભૂમિમાં તો માત્ર લાગવગ જોઈએ. કાર્યક્રમમાં ભાગ લેનારાને, અને કૉમ્પ્લીમેન્ટરી પાસ જોઈએ પ્રેક્ષકોને. બસ, પછી રંગભૂમિ દોડી જ સમજો.

ગીતા : બીજા શું કરે છે, તે આપણે નથી જોવાનું; આપણે તો આપણું ધોરણ સાચવવાનું છે.

રંજન : આ તારી ધોરણ સાચવવાની નીતિને લીધે જ તું ત્રણ વર્ષથી ઇન્ટર આર્ટ્સના ધોરણમાં રહી ગઈ છે.

ગીતા : જો રંજન, આપણને આવી પર્સનલ જોક જરા પણ પસંદ નથી. જો તું નાટક કરવા માગતી જ હોય તો સીધી 'ગામની પંચાત'ની જ વાત કરને ?

રંજન : ઓ.કે. ! જો ગીતા, આમાં ચાર સ્ત્રીપાત્રો છે. એક છે વઢકણી ડોશીનું, બીજું છે પોતાને ગંભીર માનતી પ્રૌઢાનું, ત્રીજું છે સમાજમાં કાર્યકર્તા બનીને ફરતી સ્ત્રીનું અને ચોથું છે એક અર્વાચીન યુવતીનું.

ગીતા : હવે આ પાત્રોની વહેંચણી કેમ કરીશું ?

રંજન : વારાફરતી રીડિંગ કરીશું. જેને જે સ્યૂટ થશે તે કૅરેક્ટર આપીશું. પહેલાં ડોશીનું પાત્ર લઈએ. ચાલ લીના, તું સ્ક્રિપ્ટમાંથી ડોશીનો ડાયલૉગ વાંચ તો.

લીના : (બેઠી છે તે સ્ક્રિપ્ટમાંથી શોધીને પસંદ કરી વાંચવા માંડે છે. પરીક્ષાના સમયે મોટેથી ગોખનાર કેટલું યાદ છે તે જોવા જે ઝડપે વાંચે તે, કે આંક બોલતા બાળકની ઝડપે સડસડાટ વાંચે.) ના, તે એવું ના ચાલે. તમારે તમારાં છૈયાંને અમારે ત્યાં જમવા મોકલવાં જ પડે. આ અમારે ને નાથુભાઈને આમ, બીજી બાજુ તમારે ને દાસભાઈને આમ; પણ બોન, પાછું નાથુભાઈ અને દાસભાઈને ઘર જેવું હો. ઓલા જીવણલાલના રમણના લગન ટાણે ચૉરી-કંસારમાં ચંપકલાલે શાલનો ઝઘડો કર્યો હતો ત્યારે નાથુભાઈએ દાસભાઈને સંગાથે રાખીને સમાધાન કરાવેલું. અલી બોન, નાતજાતના ઝઘડામાં અમારે શું ? ના, ના, તમારે ત્યાં એવો તે કેવો મેહુલિયો વરસી ગયો છે તે અલી બોન ના પાડો છો ?

રંજન : બસ, બસ. તું તો પરીક્ષા માટે છેલ્લે દિવસે વાંચતી હોય તેમ કટકડાટ વાંચે છે. મોંપાઠ જેવું લાગે છે. હાં, લતા, હવે તું આગળ વાંચ તો. (લીનાના

હાથમાંથી સ્ક્રિપ્ટ લઈ લતાને આપે છે. લીના મોં બગાડે છે.)

લતા : (સોમવારના વ્રતની કથા કોઈ ડોશી ધીમે ધીમે કહે તેવી શૈલી અને રિધમથી ના તો પડાય નહીં, પાડો તો મનાય નહીં. મનાય તો સમજાય નહીં અને સમજાય તો સમજાવાય નથી. પ્રસંગો તો રોજ આવે ને જાય, આજે અમારે ત્યાં છે, કાલે તમારે ત્યાં હોય. છોકરાં તો જમવા મોકલવાં જ પડે. મોકલો તોય મોકલો અને ના મોકલો તોય મોકલો. પણ ગમે તે કરો. પણ બસ મોકલો જ મોકલો.

રંજન : બસ ગોરાણી મા, બસ ! લતા, આ સોમવારના વ્રતની કથા કહેનારી ડોશીનું પાત્ર નથી કે તું આમ બોલે છે. ચાલ ગીતા, તું વાંચ તો. (લતા પાસેથી સ્ક્રિપ્ટ લઈ લે છે, ગીતાને આપે છે. લતાના મુખ ઉપર રંજનને પોતાનું વાંચન ન ગમ્યું તે માટેની દિલગીરીના ભાવ.)

ગીતા (સીધું જ ભાવ, આરોહ, અવરોહ વગર સરળ રીતે,નરમ રીતે બોલે) : બીજાંના પ્રસંગો સાચવવા તેનું નામ જ સંબંધ. પછી સામો પક્ષ પીગળીને છોકરાંને મોકલવાની તૈયારી કરે તે જોતાં ડોશી પાસું બદલે. સારું, ત્યારે ના મોકલશો. તમારે ત્યાં પણ ટાણાં આવશે ને, એં, પ્રસંગ આવશે ને, ના ના, જમણવાર આવશેને ત્યારે અમે પણ નહીં મોકલીએ. હા...

રંજન : ગીતા, આ સ્ટેજ-પ્લે છે, રેડિયો ઉપર ટૉક નથી આપવાની, સમજી ? તમે કોઈ જ આ પાત્રને સમજ્યાં નથી. જુઓ, હું હવે બોલવાની સાચી પદ્ધતિ બતાવું.

(સ્ક્રિપ્ટ લઈને જમીન ઉપર બેસે, માથે ઓઢે, લાજનો ભાગ આગળ કપાળ સુધી આવી જાય ને વિધવા ડોશીઓ ગોઠવે છે તેમ ખેંચીને બરાબર ગોઠવે અને સ્ક્રિપ્ટ બાજુમાં ખુલ્લી મૂકી અભિનય કરતી જાય, જોતી જાય અને ડોશીની પેઠે બોલતી જાય)

(છીંકણીનો તડાકો લેતાં) ના તે બા ! એવું નો ચાલે. તમારાં છૈયાંને, અમારે ત્યાં જમ્બા મોકલવાં જ પડે. આ તમારે અને નાથુભાઈને આમ, (આમ કહે ત્યારે દુશ્મનાવટ બતાવતી બે હાથની આંગળીઓ કૅસ કરે) અને બીજી બાજુ અમારે ને દાસભાઈને આમ (દુશ્મનાવટ બતાવે, ફરી); પણ બૉન ! નાથુભાઈ અને દાસભાઈને પાછું ઘર જેવું, હોં ! ઓલા જીવણલાલના રમણના લગન ટાણે ચૉરી-કંસારમાં ચંપકલાલે શાલનો ઝઘડો ન્હોતો કર્યો ? તૈયાં નાથુભાઈએ વચ્ચે પડી... ને, દાસભાઈને હંગાથે રાખી... ને સમાધાન કરાયું'તું. અને અલી બૉન, હાચું કે' જો, ના ના, નાતજાતના ઝઘડામાં અમ્મારે શું ? ના ના, તમારે ત્યાં એવો તે કેવો મેહુલિયો વરસી ગયો છે, તે અલી બૉન, ના પાડો છો ? (ફરી છીંકણીનો ચપટો ભરીને એક તડાકો મારતાં)ના તો પડાય જ નહીં. (બીજો મારી) અને પાડો તો મનાય નહીં. (ત્રીજો મારતાં) અને ધારો કે મનાય તો હમજાય નહીં. (છીંકણીવાળી આંગળી હોય તેને સાલ્લે લૂછે; તેમ કરતાં) અને ધારોને કે હમજાય, તો હમજાવાય તો નહીં જ. પ્રસંગો તો રોજ આવે ને જાય. આજ અમારે ત્યાં છે, કાલે તમારે ત્યાં હોય. છૈયાંને તો જમ્બા મોકલવાં જ પડે. (અહીં અભિનય બંધ કરી બીજાને સમજાવતાં બોલે) અને સામો પક્ષ પીગળીને છોકરાંને મોકલવાની તૈયારી કરે તે જોતાં ડોશી પાસું બદલે. (અહીંથી પાછો અભિનય. લાંબા લાંબા હાથ કરીને, હાથના ટેકે ઊભી થઈ, જતી રહેતાં) હારું, તંઈયાં ના મોકલશો, તમારે તંઈયાંયે ટાણાં આવશેને? એં, પ્રસંગો આવશેને ? ના ના, તમારે તંઈયાંયે જમણપ્રસંગો આવશેને ? તંઈયાં અમે પણ નહીં મોકલીએ, હા આ...

ગીતા : અચ્છા, તો કૌંસમાં લખ્યું છે તે નથી બોલવાનું ?

રંજન : જી ના.

ગીતા : ના રે; તેં જેવો અભિનય કર્યો તેવો આપણને નહીં ફાવે; માટે ડોશી તો તું જ બનજે.

રંજન : સારું, હવે પ્રૌઢાનું પાત્ર બોલ તો લીના, ચાલ. (બાજુની ખુરશી ઉપર બેસીને વાંચવા લીનાને બોલાવે. લીના ઉત્સાહથી આવવા જાય ત્યાં) ના ના, લીના, તું રહેવા દે. ચાલ લતા, આવ. તું મારી અન્ડર સ્ટડી છે, એટલે પ્રૌઢાનું પાત્ર તો તું જ સારું કરી શકીશ.

ગીતા (લીના નિરાશ થઈ પાછી બેસે, લતા ખુરશી ઉપર ગોઠવાય ત્યાં સુધીમાં): અન્ડર સ્ટડી ! ઓત્તારી ! તું તો જાણે કોઈ વિખ્યાત અભિનેત્રી !

રંજન : જો ગીતા, તું આ લાઇનમાં નવી છે. અહીં દરેક વ્યક્તિ એમ જ માને છે કે તે ન હોય તો ગુજરાતની રંગભૂમિ સોનાપુર, દૂધેશ્વર કે અશ્વિનીકુમાર ભેગી થઈ જ ના શકે. અહીં નાટકની દુનિયામાં વાસ્તવિક દુનિયા જેવા મહામંડળેશ્વરો, સંતો ને ભક્તો છે અને તેમના ભગતો પણ છે, અને આ ભક્તો અને ભગતોના વાડા પણ હોય છે. એ પ્રમાણે હું એક ભગત છું અને લતા મારી ભક્ત છે. ચાલ લતા, વાંચ તો.

લતા (બરાબર પ્રૌઢાની પેઠે વાંચે. તેની પાછળ ઊભી રહી રંજન તે જ સંવાદોનો અભિનય કરે-જાણે ડાયરેક્ટર કરતી હોય તેમ મૂડમાં આવીને) : ચંપાબહેન, હું તમને શું કહું ? મેં તો છોકરાઓને કહ્યું કે ખાઓ સોનાનું, પણ નોકર જોડે છૂટ નહીં. આજે એક આનો છે, કાલ લાખ રૂપિયા હોય. નોકર એ ઉપાડે જ કેમ ? મને ઘણી વાર થાય છે કે સાલાને છૂટો કરી દઉં. પણ પછી જીવ બળે છે કે મૂઓ રહ્યો ત્યારે. એનોય બાપડાનો મનખો છે ને ! અને સાચી વાત કહું ? ચંપાબહેન, મારો સ્વભાવ જરા દયાળુ ખરો. હું તો સવારથી સાંજ સુધી કામમાંથી

ઊંચી જ ના આવું. ને મૂઆં છોકરાં તોફાન કરી કરીને નોકરને પજવે. અરે બહેન, આજકાલના છોકરાઓની તે કંઈ આશા છે ! આ અમારી રૂપા ખાસ્સી ચૌદ વર્ષની થઈ, પણ બહેન, નથી રાંધતાં આવડતું, નથી આવડતાં વાસણ-કપડાં ! (નિસાસો નાખીને) એને હું ક્યાં ઠેકાણે પાડીશ !

ગીતા : સોનાપુર કે દૂધેશ્વર મોકલી આપ.

રંજન : ગીતા, જોક નહીં. (બધાં સાંભળે તેમ લતાને) ફાઈન ! ફાઈન ! (ધીમેથી કાનમાં) થોડી ભૂલો છે, એ તો હું દિગ્દર્શન કરીશ ત્યારે સુધારી લઈશ. (મોટેથી) હા લીના, તું સમાજમાં કાર્યકર્તા બનીને ફરતી સ્ત્રીનું પાત્ર વાંચ.

લીના : મને તો મોઢે છે ! (ઊભી થઈને અભિનય સાથે) રામા ! જલદી ચા મૂક; અને નાહવાનું પાણી કાઢ. કેટલી વાર ? અને હા, જો, 'સ્ત્રીઓ હંમેશાં વહેલી ઊઠે છે' એ વિષય ઉપર નવ વાગ્યે તો મારે ભાષણ કરવા જવાનું છે અને સાડા આઠ તો થયા. તમારા લોકોનું તો કંઈ ઠેકાણું જ નથી... શું ? શું ફરીથી બોલ તો ખરો !... મોડી ઊઠું છું ? ...હું કાંઈ તમારા જેવી નવરી નથી... મારે તો બહુ કામ રહે છે. અરે... અરે... પણ તમે ક્યાં નાહવા જાઓ છો ? હું જાઉં છું... રામા, પાણી મૂક અને ચાને કેટલી વાર ?

રંજન : ચાલશે, જોકે સુધારવું તો પડશે જ. બસ. ગીતા, તું અર્વાચીન યુવતીનું વાંચ એટલે આપણે શરૂ કરીએ.

ગીતા : અર્વાચીન યુવતીનું પાત્ર છે ને ? હું અર્વાચીન યુવતી તો છું જ એટલે હું કરી લઈશ. તું ચિંતા ના કર.

રંજન : અરે, ડિક્શન તો જોવું જોઈએને ?

ગીતા : જો; તું તો ડાયરેક્ટર છે; તો અભિનય જો. સંવાદને અને તારે શું લાગેવળગે ?

ગીતા : શા માટે નહીં ? લેખકનું દિગ્દર્શક કેવું ઇન્ટરપ્રિટેશન કરે છે તેમાં જ તેની મહત્તા અંકાય છે.

લતા : હા વળી, ડાયરેક્ટરે તો બધું જ જોવાનું.

ગીતા : અચ્છા ! ભક્તે ભગવાનની ચરણરજ પાછી લીધી ?

લતા : બસ, હવે કકળાટ નહીં જોઈએ.

રંજન : ગીતા, તું સમજ તો ખરી; એક વાક્યનું ઇન્ટરપ્રિટેશન તો કરવા દે. ધાર કે એક વાક્ય છે કે 'બસ, બસ, હવે બહુ થયું.'

ગીતા : તે એમાં શું છે ? લેને હું જ બોલી બતાવું. ગુજરાતીમાં : બસ, બસ, હવે બહુ થયું; મરાઠીમાં : બસ, કર ! આતા પુરે. હિંદીમાં : બસ, બસ, બહુત હુઆ. અંગ્રેજીમાં ઓહ, ઓહ ધૅટ્સ ઇનફ.

રંજન : બસ, બસ, બસ ! જ્યારે તું ટ્રાન્સ્લેશન અને ઇન્ટરપ્રિટેશનનો ફેર નથી સમજતી ત્યારે ઇન્ટરમાં ક્યા જન્મારે પાસ થવાની છે ?

ગીતા : તો પછી તારે જોઈએ છે શું ?

રંજન : જો આ વાક્ય. 'બસ, બસ, હવે બહુ થયું.' કેટલી રીતે બોલી શકાય તેમ છે તે બતાવું. (ખિજાઈને) બસ, બસ, હવે બહુ થયું. (પત્ની પતિથી રિસાઈ હોય ત્યારે બોલે તેમ) બસ, બસ, હવે બહુ થયું. (પતિ પત્નીને માનવતો હોય ત્યારે બોલે તેમ) બસ, બસ, હવે બહુ થયું. (કોઈ સખત હસાવતું હોય અને વધારે હસી શકાય તેમ ન હોય ત્યારે તેને વધુ ન બોલવાનું કહીએ તેમ) બસ... બસ, હવે બહુ થયું... (એકદમ રડતાં રડતાં) બસ, બસ, હવે બહુ થયું......

ગીતા : ઓહ, હવે સમજી.

રંજન : તો લે, હવે વાંચ..

ગીતા : ના, તું પ્રૉમ્પ્ટ કર. હું તે રીપિટ કરીશ.

રંજન : ઓ.કે. તું બોલ.

ગીતા : તું બોલ, પછી હું શરૂ કરું.

(ગીતા આગળના ભાગમાં છે. રંજન ખુરશીની પાછળ ઊભી રહી, ખુરશી ઉપર હાથ રાખી હાથમાં સ્ક્રિપ્ટ રાખી બોલે છે. ગીતા એને જોતી નથી.)

રંજન : ખિજાઈને, મમ્મી તમને કહેવું પડે છે પણ તમે સમજતાં નથી.

ગીતા : ખિજાઈને મમ્મી, તમને કહેવું પડે પણ તમે સમજતાં નથી.

રંજન : મમ્મી, તમે ધારો છો તેવું કંઈ નથી. એ મારા ફ્રેન્ડ છે. જરા મલકાઈને આગળ જઈને બોલ.

ગીતા : મમ્મી તમે ધારો છો તેવું કાંઈ નથી. એ મારા ફ્રેન્ડ છે. જરા મલકાઈને આગળ જઈને બોલ.

રંજન : અમે કૉલેજમાં સાથે ભણીએ છીએ. અને તું આ શું બફાટ કરે છે ?

ગીતા : અમે કૉલેજમાં સાથે ભણીએ છીએ. અને તું આ શું બફાટ કરે છે ?

રંજન (સ્ક્રિપ્ટમાં જરા પણજોયા વિના ગીતાને ધમકાવતાં) : તારાથી તો તોબા ! તું તો સંવાદોની જોડે સૂચના પણ બોલે છે !

ગીતા : તારાથી તો તોબા. સંવાદોની જોડે સૂચનો પણ બોલે છે ?

રંજન : તને તે મારે શું કહેવું ?

ગીતા : તને તે મારે શું કહેવું ?

રંજન : અરે ગીતા, હું તને કહું છું.

ગીતા : અરે ગીતા હું તને – (પહેલી જ વાર રંજન તરફ ફરીને) અચ્છા, તો આમાં મારી મમ્મી બનનારનું નામ પણ ગીતા છે ?

રંજન : ના, હવે ના. હું તને સંવાદોની સાથે સૂચનો આપું છું તે શાની બોલે છે ?

ગીતા : તે તું તો પ્રૉમ્પ્ટિંગ કરે છે કે મશ્કરી ? પ્રૉમ્પ્ટર થઈને સૂચના શાની આપે છે ? હાં, બાકી અભિનય તો બરાબર છે ને ?

રંજન : ના, બરાબર નથી. જો હું બતાવું લતા, તું પ્રૉમ્પ્ટ કર.

ગીતા : જો લતા, તું જાન જાય તોયે

સંવાદ સિવાય કશું બોલતી નહીં.

લતા : ઓ. કે. (સ્ક્રિપ્ટ લે છે. પાછળના ભાગમાં તે છે, આગળ રંજન છે.) હાં રંજન, શરૂ કર. 'મમ્મી, તમે ધારો છો તેવું કંઈ નથી.'

રંજન (અભિનય સાથે) : મમ્મી, તમે ધારો છો તેવું કંઈ નથી.

લતા : એ મારા ફ્રેન્ડ છે.

રંજન : એ મારા ફ્રેન્ડ છે, અમે કૉલેજમાં સાથે ભણીએ છીએ.

લતા (એક પગ આગળ મૂકે ત્યાં ચંપલની ખીલી વાગે અને તે અટકી જાય અને નીચી વળે. ચંપલમાં એક હાથ, બીજો હાથ જેમાં સ્ક્રિપ્ટ છે તે કેડ પાછળ જાય.) : એક દિવસ હું તેમના આવવાની-

રંજન : એક દિવસ હું તેમના આવવાની.

લતા : આવવાની-

રંજન : આવવાની.

લતા : આવવાની-

રંજન : આવવાની.

લતા : આવવાની-

રંજન : આવવાની.

ગીતા : લતા, આગળ બોલને ?

લતા : પણ પગમાં ખીલી વાગે છે.

રંજન : તો કહેતાં શું જોર આવે છે ?

લતા : ગીતાએ ના કહી હતી કે જાન જાય તોયે સંવાદ સિવાય બીજું કંઈ બોલતી નહીં.

ગીતા : રંજન, આ એક દુઃખ છે. પ્રૉમ્પ્ટરને આવું કંઈ થાય ને આર્ટિસ્ટ ડાયલૉગ ભૂલી જાય કે મરી જાય ને એની એ લાઇન રીપિટ કરે તો-

રંજન : નાટકમાં કોઈ મરતું નથી. આવું થાય તો-

લીના : રેડિયો સ્ટેશન જેવું જ ના કરીએ ?

રંજન : એ શું ?

લીના : કોઈ કૅરેક્ટર આવું કરે એટલે બીજો તેને વિંગમાં કાઢી મૂકે અને ઑડિયન્સને કહે કે 'માફ કીજીયે ગા, યહ આર્ટિસ્ટ કા તબિયત જરા ખરાબ થા. સો આપ પૂરા ન સુન સકે...'

ગીતા : લીના, તું પૈસા ખર્ચી ખર્ચીને બી લોકોની સાથે રહીને ઇન્ટેલિજન્ટ થતી જાય છે.

લીના : હવે આપણે વખત ના બગાડીએ તો સારું; બહુ મોડું થશે નહીં તો.

રંજન : હા, આપણે શરૂ કરીએ. કેમ, ગીતા ?

ગીતા : મને વાંધો નથી; બાકી મેં ઘણી જગ્યાએ જોયું છે કે નાટકનાં રિહર્સલો તો થાય છે, પણ નાટક જ નથી થતું.

રંજન : આપણે ત્યાં એવું નહીં થાય. કેમ, લતા ?

લતા : હા વળી. પહેલા જ પગલે નિરાશા આપણને શોભતી નથી.

રંજન : ચાલ લતા, તું સ્ક્રિપ્ટ લે. (ગીતા ખૂણાની ખુરશી ઉપર છે; વચ્ચેના ભાગમાં લતા બેઠી છે. ડાબી બાજુ નીચે ખૂણામાં રંજન બેસે છે - ડોશી તરીકે. સૂપડાથી કંઈ છડતી હોવાનો અભિનય કરે છે.)

લતા : ચાલો, શરૂઆતમાં ડોશીને મળવા કાર્યકર્તા સ્ત્રી આવે છે તે લો.

લીના : મારા સંવાદ તો મને મોઢે છે.

રંજન : અને હું તો અનુભવી છું. થોડી સ્ક્રિપ્ટ પણ વાંચી છે.

ગીતા : તો પછી શરૂ કરોને ?

લીના (અંદરના ભાગમાંથી આવતાં) : નમસ્તે માજી, આવું કે ?

રંજન : કોણ છે 'લી ?

લીના : માજી, હું કાન્તા ! (ખુરશી પર બેસે)

રંજન (ઊભી થઈ ડોશીની પેઠે પાસેથી જોતાં) : હેં, તું શાંતિલાલના છૈયાની છોડી ને 'લી !

લીના : હા માજી.

રંજન : મેર મૂઈ ! તું તો મોટી હેડંબા જેવી થઈ ગઈ છે ને ! ઓળખાતીયે નથી. કેમ, ઘેર બધાં મજામાં ને ?

લીના : હા માજી.

રંજન : માજી માજી શું કરે છે ? મારું નામ નથી જાણતી ?

લીના : ના માજી, આપણે મળ્યાં હોઈએ તેવું મને યાદ નથી. આઈ ડોન્ટ રિમેમ્બર.

રંજન : આવું બોલે છે તે જરાય શોભતી નથી. શાંતિકાકાને અને મારા બાપાને ઘર જેવો સંબંધ ! અમે ધંધૂકામાં પાસે પાસે રહીએ. આ તારી માને એમણે અમદાવાદ પયણાવી તેદુની તમે બધીયું શેરની થઈયું. તું પયણી છો 'લી છોડી !

લીના : માજી, તમે કેવા વિચિત્ર સવાલો પૂછો છો ?

રંજન : લે ત્યારે, તેં હજુ મને ઓળખી નહીં. હું તો તારી ગંગી માશી ?

લીના : ખાસ કંઈ યાદ આવતું નથી.

રંજન : તો તું મને ઓળખતી નથી, તો કોનું બોડાવવા અહીં ટળી છો !

લીના : મારે શાંતાબહેનનું કામ હતું.

રંજન : એમ કહેને તંઇયાં ! તારે શાંતા વહુનું કામ છે. વહુ ! ઓ વહુ ! અરે ઓ શાંતા વહુ !

લીના : માજી !

રંજન : ગંગા માશી કહે ગંગા માશી. અરે શાંતા વહુ ઓ ! બહાર આવો તો. શાંતિકાકાની છોડી ચંપાને અમદાવાદવાળા જયંતીલાલ જોડે નહોતી પયણાવી ?...હા... તે તેની ત્રીજી છોડી કાંતા આવી છે... કેમ, એય, આગળ બોલને ?

લીના : હવે તો લતાએ બોલવાનું છે.

લતા : અરે હા. હું તો તમારું જોવામાં ને જોવામાં સ્ક્રિપ્ટ જોવાનું જ ભૂલી ગઈ.

રંજન : પણ અમે ક્યાં અહીં સ્ક્રિપ્ટમાંથી બોલીએ છીએ ? તારે પણ અમારી પેઠે મગજમાંથી જ કાઢીને બોલવા માંડવાનું.

ગીતા (ઊભી થઈને) : હા, લતા !

આ તો સરઘસ જેવું છે. ઘણા લોકોને ટેવ નથી હોતી કે ગમે તેનું સરઘસ જતું હોય તેમાં જોડાઈ જવાનું અને ફાવે તે બૂમો પાડવાની ! (સરઘરમાં નારા બોલાવનારની જેમ) મુંબઈ કોણાચી ? (સરઘસના માણસો બોલે તેમ, હાથ ઊંચા કરી કરીને સ્ટેજના આગળના ભાગમાં આવીને) આમચી આહે ! આમચી આહે !

લીના : ગીતા, નાટક જામે છે !

ગીતા : આટલામાં શું ખબર પડે ? પણ હા, એક વાત છે. જો આ રીતે જ થીમ આગળ વધવાની હોય તો આ નાટક કોઈ મરી જાય તેના ઉઠમણા જેવું લાગે.

રંજન : જા જા, હવે.

ગીતા : જાય ક્યાં ! સાચું કહું છું. ડોશી અને પ્રૌઢાનાં પાત્રોવાળું નાટક ઉઠમણા જેવું ના લાગે તો શું પ્રેમકથા લાગે ?

રંજન : તો પછી કરવું શું ?

લીના : તમે ગભરાઓ છો કેમ ? મારા નાટકમાં આગળ જતાં સરસ જમાવટ થાય છે. ચંપાની છોકરી નાસી જાય છે ત્યારે ડોશી રડે છે અને લોકો હસે છે.

ગીતા : કોઈ રડે અને કોઈ હસે તે કેવી રીતે બને ?

રંજન : કેમ ના બને ?

ગીતા : ના જ બને. તું રડે અને લોકો હસે તેથી તને હસવું આવે તો !

રંજન : ના, હાસ્ય અને રુદન એ નાટ્યશાસ્ત્રના એવા રસ છે કે જે પાત્ર ધારે તેટલું પીરસી શકે.

લીના : તારી આ વાત ખોટી છે. રડતાં રડતાં તરત હસવું અને હસતાં હસતાં તરત રડવું એ કેમ બને ?

રંજન : જો. મેં અને લતાએ એક નાટક જોયું હતું. તેમાં હીરોઈન તેના પુત્રની વર્ષગાંઠ ઊજવે છે અને હસતી હસતી કહે છે કે (અભિનય સાથે સ્ટેજના આગળના ભાગમાં આખું સ્ટેજ કવર થાય તેમ) આજે મારા જેવું સુખી કોણ હશે ? મારા બાળકની આજે વર્ષગાંઠ ! કેટકેટલી આશા અને અરમાનોનું સાફલ્ય !

લીના : પછી ?

લતા : પછી કોઈ આવીને કહે છે કે બાળક મોટર નીચે આવીને કચડાઈ ગયું.

રંજન (હાસ્યને એકદમ ગંભીરતામાં પલટી એકદમ આંખમાં આંસુ લાવી રડતાં) : ઓ ઈશ્વર ! તેં આ શું કર્યું ! ઓ વિધિ, તારી લીલા ! પ્રભુ, તેં મને કયા પાપની આ સજા આપી ! ઓ મારું બાળક રે...(ધ્રુસકે ધ્રુસકે રડે, બેસી જાય.)

લીના : પછી ?

લતા : પછી બાળકનો બાપ આવીને કહે છે કે બાળક તો નીચે રમે છે. આ તો બીજાનું બાળક કચડાઈ ગયું છે.

રંજન (મોં ઊંચું કરે-આંખમાં આંસુ છે તે આનંદનાં આંસુ બને-રુદનનું સ્થાન મલકાટ લે.) : શું ? મારું બાળક જીવે છે ! મારાં પુણ્ય આજે ઊગી નીકળ્યાં ! વાહ, ઈશ્વર વાહ ! વાહ રે વિધિ !

ગીતા (તાળી પાડી) : વાહ રંજન, વાહ !

રંજન : ગીતા, તો હવે તો આપણે આ નાટક કરીશું ને ?

લીના : હા, પછી માત્ર સ્ત્રીપાત્રોવાળું નાટક નહીં મળે.

ગીતા : બસ, મને એક જ બીક છે. આવા નટશૂન્ય નાટકમાં સ્ત્રી-પ્રેક્ષકોની કંગાળ હાજરી રહેશે.

રંજન : તારું નામ ગીતા. અને તું જ ગીતાના બેઝિક સિદ્ધાંતને ભૂલી જાય કે 'કર્મણ્યે વાધિકરસ્તે મા ફલેષુકદાચન' તે કેમ બને ?

ગીતા : તો પછી આપણે નાટક શાને માટે કરીએ છીએ ?

રંજન : એ તો ખબર નથી. પણ નાટકો પ્રેક્ષકો માટે કે રંગભૂમિના ઉદ્ધાર માટે નથી થતાં. નાટક એ એક જ એવી કલા છે કે જે 'આર્ટ ફોર આર્ટ્સ સેઈક'ની જેમ નાટકને ખાતર જ નાટક થાય છે અને નાટકો તો પ્રેસના પ્રતિનિધિઓ માટે થાય છે ને ?

ગીતા : એટલે ?

રંજન : ગીતા, છાપામાં પોતાનો પ્રચાર થાય, વખાણ થાય, માટે લોકો નાટક કરે છે અને જેમને નાટક કેમ થાય તેની ખબર નથી, જેમણે જિંદગીમાં કદી અભિનય નથી કર્યો કે દિગ્દર્શન નથી કર્યું તેવા બની બેઠેલા વિવેચકો પણ એમ જ ખાંડ ખાય છે કે નાટકો તેમના માટે જ થાય છે.

ગીતા : તારી વાત કંઈ સમજાઈ નહીં.

રંજન : જો ગીતા, એટલે એનો અર્થ એ કે છાપાંવાળા નાટક ઉપર લખવાનું બંધ કરે તો પ્રેક્ષકોને તો બાજુએ મૂક, કલાકારોની ખુદની હાજરી કંગાલ થઈ જાય.

ગીતા : પણ છાપામાં નાટકનાં તો વખાણ મેં કોઈ દિવસ વાંચ્યાં નથી.

રંજન : એ તો કહું છું કે વિવેચકો માખીઓ જેવા છે. માખી જેમ ખરાબ જગ્યાએ જ – ગંદગીમાં જ – બેસે છે તેમ વિવેચકો ખરાબ ખરાબ જ વીણે છે.

ગીતા : મને લાગે છે કે હું જો તારી જોડે વધારે રહીશ તો મારું ભેજું ખસી જશે.

રંજન : અરે, પણ તને વાંધો શો છે ?

લતા : રંજન, આ ગીતાને એક જ વાંધો છે કે પુરુષપાત્ર તો જોઈએ જ. પછી ભલે ને કોઈ ટપાલીનું હોય કે ઊંઘતા નોકરનું હોય.

ગીતા : આટલા બધા વખત પછી મારી વાત જો કોઈ પણ સમજ્યું હોય તો તે લતા જ.

લીના : એમ તો મારા નાટકમાં એક નોકરની કેરેક્ટર આવે છે.

રંજન : હેં ! એને સંવાદ બોલવાના છે ?

લીના : નાનોસરખો છે. કાંતા તેના

નોકરને કહે છે કે જો તારે આ ઘરમાં રહેવું હોય તો મારું કહ્યું કરવાનું. હું ઊઠું તે પહેલાં ઊઠવાનું. હું સૂઈ જાઉં પછી જ સૂવાનું. ચા બહુ પીવાની નહીં. બીડીનું તો નામ જ નહીં લેવાનું. ફિલ્મ હું કહું તે જોવાની. મને પૂછ્યા વગર બહાર નહીં જવાનું અને હું કહું તેની સાથે જ સંબંધ રાખવાનો.

રંજન : નોકરનો સંવાદ બોલને ?

લીના : તે એના પર તો આવું છું. આ બધું સાંભળીને નોકર એક જ વાક્ય બોલે છે કે બહેન, આ હિસાબે તમારે નોકરની નહીં પણ વરની જરૂર છે.

(બધાં હસે છે; હસી રહ્યાં પછી ગંભીર થઈ જાય છે.)

રંજન : આ સંવાદ તો કટ કરવો પડશે. કારણ કે આ કેરેક્ટર નહીં મળે.

લીના : વાહ, નાની નાની કેરેક્ટરો તો જોઈશે જ.

રંજન : લીના, તું તો ખરી છે. આપણી પાસે પુરુષપાત્ર જ નથી, માટે તો તારું નાટક કરવું પડે છે.

ગીતા : તમે લોકો મને નથી માનતા, પણ પુરુષપાત્ર વગર નાટક સંભવિત જ નથી.

લીના : તમે લોકો વાતો જ કરશો કે પછી રિહર્સલ કરશો !

ગીતા : પણ તારું નાટક ન ભજવવું એ તો આપણે ક્યારનું નક્કી કર્યું છે.

લીના : તમને ખબર છે, આ નાટક લખવા પાછળ મને કેટલી મહેનત પડી છે ?

રંજન : મહેનત શબ્દ ખોટો છે, મહેનતાણું કહે.

લીના : એમ માનો તો એમ પણ આ નાટક પાછળ મારે ત્રીસ રૂપિયાનો ખર્ચો થયો છે.

રંજન : તો તો તું મુંડાઈ જ ગઈ. એ લેખકે એમ ને એમ છપાવ્યું હોત તો તેને દસ રૂપરડીથી વધુ ના મળત; અને ભજવાવ્યું હોત તો બહુ બહુ તો નાટક જોવાનો પાસ મળત.

ગીતા : રૉયલ્ટી નહીં ?

રંજન : રૉયલ્ટી ? ગુજરાતી રંગભૂમિમાં રૉયલ્ટી આપવાની વાત તો બાજુએ મૂક, લોકો નાટકની પરમિશન લેવાની પણ જરૂર નથી જોતા. લેખકોને ગુજરાતી રંગભૂમિમાં હોટલ બૉય કરતાં પણ નીચું સ્થાન મળે છે. એટલે કે હોટલ બૉય તો રિહર્સલમાંયે આવી શકે છે પણ લેખક તો તેમાં પણ નહીં.

ગીતા : હશે; સો વાતની એક વાત, કે પુરુષપાત્ર મળે નહીં ત્યાં સુધી આ નાટક નહીં થાય. (આગંતુક પ્રવેશે છે)

ગીતા : રંજન, કોઈ આવ્યું.

રંજન : કોણ છે ?

આગંતુક : હું છું.

રંજન : તમે કોણ છો ?

આગંતુક : આમ ખિજાઓ છો કેમ ?

રંજન : અમે આમ ડિસ્કસ કરતાં હોઈએ ત્યારે પૂછ્યાગાછ્યા વગર ઘૂસી આવતાં શરમાતાં નથી ?

આગંતુક : તમે લોકો તો ખરાં છો ! કશું સમજતાં જ નથી. હું તો એમ કહેવા આવી હતી કે તમે કલાકથી સ્ટેજ પચાવી પાડ્યું છે.

ગીતા : પચાવી પાડ્યું છે, એમ ?

લતા : જાઓ જાઓ હવે. અમે ગમે તે કરીએ, તમારે શું ?

રંજન : હા વળી. બધાને અર્ધો કલાક સ્ટેજ વાપરવાનો હક છે.

લીના : પછી અમે કલાક કરીએ કે સિક્સ્ટીન એમ. એમ.ની ફિલ્મ બતાવીએ.

ગીતા : કે પછી મુશાયરો કરીએ ! ના. ના. તમારે શું ?

આગંતુક : તમે લોકો મને બોલવા દેશો ?

ગીતા : તે તને બાંધી કોણે રાખી છે ?

આગંતુક : તમે ધાર્યા કરતાં વધુ સમય લીધો છે. તમારા પછી અમે સ્ટેજ બુક કરાવ્યું છે. જો તમે સ્ટેજ ખાલી કરો તો અમે રિહર્સલ શરૂ કરીએ.

રંજન : ઓહ ! સૉરી ! જસ્ટ આ ફ્યુ મિનિટ્સ પ્લીઝ.

આગંતુક : જલદી કરો.

રંજન : માફ કરજો, તમને ઓળખ્યા નહીં હો.

આગંતુક : ઓ.કે. મેઈક ઈટ સ્નેપી, સિસ્ટર્સ !

રંજન : અમે હમણાં જ પતાવીએ છીએ.

(આગંતુક જાય છે)

ગીતા : કોણ હતી આ ?

રંજન : હશે આપણા જેવી કોઈ.

લતા : લીના, તને શું થયું ?

લીના : થયું મારું કપાળ ! મને નથી લાગતું કે તમે મારું નાટક કરો. મને તો હતું કે આ નાટકથી તો મને ખ્યાતિ મળશે.

ગીતા : ખ્યાતિ ? રંજન, નાટકમાં ખ્યાતિ મળે છે ?

રંજન : લેખકને તો કંઈ જ નથી મળતું. ડાયરેક્ટરને મસ્કો મારે ત્યારે તેનું નાટક ભજવાય. અને આર્ટિસ્ટોને ? આર્ટિસ્ટોને ખ્યાતિ ત્યારે મળે જ્યારે તે છાપાંવાળાને ચા-પાણી પાય અને ડાયરેક્ટર ઉપર તેને લાગવગ હોય. લાગવગ વગર આ લાઈનમાં કંઈ જ થતું નથી અને એ લાગવગ કેવી જોઈએ તે ખબર છે ને ?

ગીતા : લતાને તારા ઉપર છે તેવી ને ?

લીના : ચાલ ગીતા, હું તો જાઉં છું. આપણો અહીં કંઈ પત્તો ખાય એમ નથી લાગતું.

ગીતા : ઊભી રહે, લીના. હું પણ આવું. આવા પુરુષપાત્ર વિનાના નાટકમાં આપણને રસ નથી. રંજન અને લતા કરશે જે કરવું હશે તે.

લીના (સ્ક્રિપ્ટ ફાડતાં) : આ મારા

ત્રીસ રૂપિયા !

ગીતા : અરેરે, આટલામાં તો તું વન ફાઈવમાં બાવીસ પિકચરો જોઈ શકી હોત. ચાલ લીના, આ લોકો એક પુરુષપાત્ર મેળવી શકતા નથી. (હસતાં હસતાં જાય છે.)

લતા : તમે લોકો હસો છો, પણ બિચારી રંજનનું શું ? એ તેની જે શક્તિઓ છે તે કેવી રીતે દેખાડશે ?

રંજન : હું ગમે તે કરીશ.

લતા : પણ રંજન, મને એક જ દુ:ખ થાય છે કે બીજાં બધાં સાધનો હોવા છતાં પણ આપણે નાટક નહીં કરી શકીએ. આપણે નાટક નહીં કરીએ તો લોકો શું કહેશે ?

રંજન : લોકો ? લોકો શું કહેશે ? આપણે લોકોને કહીશું કે-

(સ્ટેજના વચ્ચેના ભાગમાં આવી આગળ આવે. ઑડિયન્સને શું કહેશે તે કહેતી હોય તેમ બોલે)

આજે જનતા નાટક માગે છે. અમે તે આપી શકીએ તેમ છીએ. અમારી પાસે અભિનય છે. શક્તિઓ છે. પણ જનતા જેમ સારાં કે ખરાબ ગમે તેવાં પણ નાટકો માગે છે તેમ અમે જનતા પાસે - પુરુષપાત્ર સારા કે ખરાબ ગમે તેવા માત્ર પુરુષ-પાત્ર માગીએ છીએ.

અમારી મુશ્કેલી પુરુષપાત્રોની હતી, છે અને રહેશે. આજે તો અમે તમને એટલું જ કહીશું કે-પુરુષપાત્રોના અભાવે અમને - માફ કરજો, આ નાટક નહીં થાય....

[પડદો]

[આ નાટક લેખિત પરવાનગી અને રૉયલ્ટીની રસીદ મેળવ્યા વગર ભજવવાનો પ્રયત્ન કરનારને ઑડિયન્સને કહેવાનો વખત આવશે કે 'માફ કરજો, આ નાટક નહીં થાય' એ નાટક, માફ કરજો, નહીં થાય.] (૩૭૫)

સોનું અને સુગંધ

સોનું અને સુગંધ બંનેનો નિવાસ પૃથ્વી છે. પણ પૃથ્વીનાં પડ ઉખેડવાથી સોનું મળે, સુગંધ ન મળે. કમળમાં નૈસર્ગિક સૌરભ છે. માનવ સોનાનું કમળ ઘડે, પણ એમાં સૌરભ ન મૂકી શકે. સુગંધ નિસર્ગદત્ત છે, કૃત્રિમ રીતે ઉપજાવાતી થી માનવને સુવર્ણની અપેક્ષા તો રહે છે, પણ જીવનમાં સુવાસની કિંમત સોનાથી અદકી છે.

સુવાસ માનવના સંસ્કારમાં રહે છે. કુલક્રમાગત સંસ્કારોને માનવ જન્મથી પ્રાપ્ત કરે છે, જન્મ્યા પછી વિકસાવે છે, એ એના જીવનને સુવાસિત કરે છે. માનવ પોતાના પુત્રપરિવારને સોનાનો વારસો આપે છે તેમ સંસ્કારસૌરભનો વારસો પણ આપે છે. સોનું પેટીમાં રહે છે, સંસ્કારસૌરભ માનવના હૃદયમાં રહે છે. એ એનું અમૂલ્ય આંતર દ્રવ્ય છે.

સોનું અને સુગંધ એકત્ર હોય એવી વ્યક્તિ વિરલ છે. પુરુષ સોનું રળવામાં સુગંધને લગીર વીસરી જાય; પણ સ્ત્રીએ તો એ સુગંધને, સંસ્કારસૌરભને જમાનાઓ સુધી જાળવી રાખેલી છે. આ કાર્યવિભાગ પ્રાચીન છે : 'પુરુષ મેળવે અને સ્ત્રી કેળવે.' પુરુષ યુદ્ધમાં, વણજ વહેવારમાં, નોકરીમાં રોકાઈ રહ્યો ત્યારે સ્ત્રીએ કુલસંસ્કાર જાળવ્યા અને કેળવ્યા - અને સંસ્કારી સંતતિ જણી અને કેળવી. રસ્કિને આ કાર્યવહેંચણીનો ઉલ્લેખ કરીને King's Treasuresમાં સ્ત્રીનો સૌરભરક્ષણનો ધર્મ ઉપદેશ્યો છે.

એવા પણ પુરુષો થઈ ગયા છે કે જેઓ સોના સાથે સુગંધને જાળવી શક્યા છે. એવી પણ સ્ત્રીઓ થઈ ગઈ છે જેણે સુગંધ જાળવતાં અને ખીલવતાં, સોનું કમાવાની આવી પડેલી ફરજ અદા કરી છે. પણ હવે સ્ત્રીએ બુદ્ધિના ક્ષેત્રમાં, કાર્યશક્તિના પ્રદેશમાં પુરુષની બરોબરી કરી છે. એટલે જ પ્રશ્ન થાય છે કે હવે હૃદયનિષ્ઠ સંસ્કારને કોણ રક્ષશે ? નર અને નારી બંને સોનું રળે ત્યાં સુગંધનું શું થશે ? જ્યાં વર્ષો પહેલાં માત્ર પુરુષો જ દેખાતા એવાં અનેક ક્ષેત્રોમાં નારી નરની પડખોપડખ, નરના જેવું અને જેટલું કાર્ય કરવા લાગી છે. નારીની આવી આધુનિક પ્રગતિને સમાજ કે રાજ્ય રોકે તે શક્ય નથી, શક્ય હોય તો ન્યાય્ય નથી, ઈષ્ટ પણ નથી. નવાં ક્ષેત્રોમાં પોતાની શક્તિ અને સમય વાપરનારી નારી ગૃહિણી તરીકેનાં પોતાનાં કર્તવ્યો પણ, અગાઉની રીતે કરે એવી આશા આપણે ન રાખી શકીએ. નોકરીમાં શક્તિનો વ્યય કર્યા પછી ગૃહકાર્ય માટે પૂરતી શક્તિ શેષ ન રહે તો તે ક્ષન્તવ્ય ગણાય. આવી નારી પ્રત્યે સમભાવ દર્શાવવો જોઈએ અને ગૃહકાર્યમાં સહકાર આપવો જોઈએ.

પણ પ્રશ્ન માત્ર બહારની ફરજનો અને ઘરનાં કામકાજનો નથી, એની વહેંચણીનો, વ્યવસ્થાનો કે એમાં સહકારનો નથી. પ્રશ્ન છે એ, કે સ્ત્રી અને પુરુષ બંને સોનું રળવામાં રોકાશે ત્યારે સુગંધની-સંસ્કારસૌરભની જાળવણીની ખિલવણી કોણ કરશે ? પુરુષ તો બીચારો ક્યારનો આ સંસ્કારરક્ષણની જવાબદારી સ્ત્રી ઉપર નાખીને પરવાર્યો છે. હવે પ્રશ્ન આ છે : સોના પાછળ જેને દોડવું પડે છે એવી સ્ત્રી સુગંધથી વંચિત તો નહિ રહે ને ? બુદ્ધિનો અને શક્તિનો વિકાસ સાધીને એનો દ્રવ્યોપાર્જનમાં ઉપયોગ કરતી નારીમાં હૃદયગુણનો હ્રાસ તો નહિ થાય ને ? હૃદયનિષ્ઠ સંસ્કૃતિમાં નારી આજ સુધી નરથી પોતાની વિશિષ્ટતા જાળવી રહી છે. આત્મીયભાવરૂપી હૃદયગુણ નારીએ આજ સુધી નરથી વધારે કેળવ્યો છે.

આત્મીયભાવને વિકસાવવો, પરાર્થે સ્વસમર્પણ કરવું એ ગુણ માનવમાત્રમાં આવશ્યક છે; પણ લગ્નરૂપ સંબંધથી જ સમાજવ્યવસ્થા ઘડાઈ છે તેમાં પારકાંને પોતાનાં કરવાં એ ધર્મ માત્ર નારીને જ પ્રાપ્ત થાય છે, પુરુષને નહિ. જે જન્મથી સ્વજનો નહિ તેને પરણ્યા પછી સ્વજનો ગણવાં-સ્વજનોથી પણ વધારે ગણવાં એવી આવશ્યકતા વ્યાપક રૂપે નારીના જીવનમાં જ ઉત્પન્ન થાય છે. આ હૃદયગુણ નારીએ આજ સુધી જાળવ્યો છે, વિકસાવ્યો છે તેમાં નોકરી કરવાને કારણે ઊણપ ન આવે એ સમાજને માટે ઈષ્ટ છે. આજ સુધી નારી પારકાંને પોતાનાં કરતી આવી છે તેને બદલે ભવિષ્યમાં પુરુષે પારકાંને પોતાનાં કરવાં પડે એવો સમાજવ્યવસ્થામાં ફેરફાર થાય તો તે જુદી વાત છે. એ ગુણ પુરુષે પણ કેળવવો જોઈએ. પણ સ્ત્રીઓએ તો કેળવ્યો છે; - અને એટલે જ એનો હ્રાસ ન થાય એ જોવાની જરૂર છે. (૪૪૯)

રામપ્રસાદ પ્રે. બક્ષી



'કુમાર'ના પ્રિય-પરિચિત **લેખક - સુકાની** ની એક નવી સાગર કથા

સ્વતંત્ર ભારતની આઝાદ અરમાર. મુલ્કની આઝાદીને સલામત બનાવનાર દરિયાઈ કિલ્લેબંધી. સમંદરી જવાંમર્દીના ઝૂલતા જંજીરા. એનું સરખેલ જહાજ તે 'દિલ્હી', જેનું સામૈયું કરવા ખુદ જવાહરલાલ હજાર કોશ ઊડીને હાજર થયા.

સૈકાઓની ગુલામીમાંથી હોશમાં આવીને હિંદી જ્યારે ખડો થયો ત્યારે એણે પગ નીચે તૂટેલી જંજીરના ટુકડા ભાળ્યા; સર ઊંચું કરી જોયું તો અશોક-ચક્રાંકિત ત્રિરંગી ઝંડો ફરકતો હતો. એના હૈયામાં હરખનાં પૂર આવ્યાં.

એક અણમોલી સવારે એણે બીજું રોમાંચક દૃશ્ય જોયું. ભારતની બંદરગાહમાં કોઈ તરી ગઢ આવીને નાંગર્યો. અંગ્રેજી સલ્તનતની વીરગાથા જેવી ક્રૂઝર 'એકિલિસ'; એની વાંઢરકાઠીએ ત્રિરંગી ઝંડો ચડતો હતો. મોરાને પડખે 'એકિલિસ'ને બદલે 'દિલ્હી' નામ ચમકતું હતું. એના તૂતક ઉપર ચિરયુવા જવાહર, હિંદુસ્તાની જવાનોની ક્વાયતી સલામી ઝીલી રહ્યા હતા; એના હરખમાં સાચી જવાનીના જુવાળ ઊછળી પડ્યા.

આજે, એ સરજહાજ 'દિલ્હી'ની હકૂમતમાં બત્રીસ' લક્ષણી જહાજાત ખડેપગે તહેનાત બજાવી રહી છે : કાવેરી, કૃષ્ણા, જમના અને સતલજ; કુકરી અને તીર; આસામ; કર્ણાટક, કોંકણ, કુમાઉં, ખૈબર, રોહિલખંડ, બૉમ્બે, મદ્રાસ, કોચીન, બિહાર, ઓરિસ્સા, ડેક્કન, બંગાલ, અમૃતસર, નાસિક... આપણા નવા ચણાતા સાગરકોટના એ કળશ-કાંગરા; ઘૂઘવતા પાણી ઉપર હિલોળતા એ મત્ત માતંગ એના પર સવાર થઈ દસ હજાર હિંદુસ્તાની નવજવાનો દેશની અમાપ દરિયાવાટ પર ખડો પહોરો ભરી રહ્યા છે.

હિંદુસ્તાનની અરમાર હજુ નાની કહેવાય. ખુદ 'દિલ્હી'નું વજન આશરે ૮,૦૦૦ ટનનું છે, જ્યારે ક્રૂઝરો તો ૧૭,૦૦૦ ટન સુધી પહોંચે છે. બીજાં જહાજો તો હજુ મુકાબલે રમકડાં જેવાં છે. પરંતુ હિંદુસ્તાની જવાનો રમકડાં જેવા નથી રહ્યા. અરમારની કામયાબી એના વજન ઉપર નથી પણ એ જવાનોની ઝિન્દાદિલી પર છે.

વેપારી વહાણવટું એટલે ભાવતાલ ને રૂખ પરખીને સોદા પઠવનારું ઠાવકું મહાજન. જંગી અરમાર એ તો સાવજ-દીપડાનો અખાડો. પરંતુ પ્રચણ્ડકાય હાથી ઉપર ઝડપ મારનાર સાવજ પોતાની નાની કાયાનો ખ્યાલ કરવા નથી બેસતો. દુશ્મન નજરે ચડે કે એને હુમલાબાજીનો નશો બેહોશ બનાવી દે છે. મરવું કે મારવું એ જ એનું નિશાન બની જાય છે. એની નસેનસમાં કેસરિયાં ખૂન ઊછળી રહે છે. 'હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં. જીત્વા

ગયા મહાયુદ્ધમાં હિંદી જવાનોએ દાખવેલાં સાહસ ને શૌર્યની આ સાચી વીરગાથા


આજે જ્યારે આપણાં ખુશ્કી, તરીને હવાઈદળોમાં ને શહૂર વિષે આપણને સભાન કરીને આજે યે ઓછા જાણીતા રહેલા એ ક્ષેત્ર વિષે જિજ્ઞાસા પ્રેસક માહિતી આપતી ઝિંદાદિલ જવાનોને તે માટે પ્રેરી રહેશે.

વા ભોક્ષ્યસે મહીમ્' એ કહ્યા પછી ખુદ શ્રીકૃષ્ણે પણ સામે કેટલી અક્ષૌહિણી સેના ઊભી છે એની ગણતરી કરી જોવાનું નથી કહ્યું. આવી કેસરિયા અરમારના એક નાનકડા જહાજની આ સાચ્ચી કહાણી છે.

સન ૧૯૪૨ના ભર ઉનાળામાં નવેમ્બર માસની સાંજ પડી હતી. પશ્ચિમ ઑસ્ટ્રેલિયાના ફ્રિમૅન્ટલની બંદરગાહ પર ધગધગતો સૂરજ આથમવા આવ્યો હતો. દિવસ આખો ગરમી ઉપરાંત હવામાં મુંઝારો વધી ગયો હતો. બારામાં પડેલી અનેકાનેક આગબોટો બેવડી સગર નાખવા મંડી હતી. સવાર પહેલાં હવામાં નવાજૂની થવાની એની એ ચોક્કસ નિશાની હતી.

બારા પર પડતા રાજમાર્ગના એક બેઠા મકાનને ઉપલે માળે ચાળીસેક આશરે કપ્તાનો ભેગા મળ્યા હતા. સાથી રાજ્યોની દરેક પ્રજાના માણસો એમાં દેખાતા હતા. બરાબર છ વાગતાં બધા ખુરશીઓ ઉપર ગોઠવાઈ ગયા. સામેની દીવાલ ઉપરના એક મોટા નકશા પાસે. બરતાનિયા(બ્રિટન)ની શાહી અરમારની વરદીમાં એક અફસર આવી ઊભો. કંઈ પણ પ્રસ્તાવના વગર એણે બોલવા માંડ્યું. દરેકેદરેક જણ ધ્યાનથી સાંભળી રહ્યાં. આ કપ્તાનોની આગબોટો બારામાં થોડે દૂર કતારબંધ પડી હતી. દરેકનાં ડોલ ઉપર કૉનવૉયમાંના ઠરેલા સ્થાનનો આંકડો દેખાવવા સાંકેતિક ઝંડો ઊડતો હતો. જેમ જૂના કાળમાં ચોરડાકુઓના ભયથી વેપારીઓ ભેગા મળીને મુસાફરી માટે વણજાર કાઢતા. તેમ લડાઈના વખતમાં સબમરીન જેવાં દુશ્મની જહાજોની બીકે વેપારી વહાણો કૉનવૉય'માં સંઘ રૂપે સફર કરતાં. આવો એક કૉનવૉય સફરે ઊપડવાની તૈયારીમાં હતો ને એ અરમારી અફસર કૉનવૉયના કપ્તાનોને કતાર, ક્રમ, ઝડપ, દિશા વગેરે માહિતી અને હુકમો સમજાવી રહ્યો હતો. આખરે બધા જવા ઊઠ્યા. પાછળ માત્ર એક વલંદો કપ્તાન રહ્યો. એનું વહાણ 'ઑન્ડીના' આશરે ૭,૦૦૦ ટન તેલ અને પેટ્રોલ ભરી તૈયાર હતું. શાહી અફસરે એને ખાનગીમાં કહ્યું, 'કૅપ્ટન બ્જૉર્ન્સન, તમે ફક્ત થોડા કલાક જ કૉનવૉય ભેગા રહેવાના છો. તમારી સાથેના એસ્કૉર્ટ કમાન્ડર તમને જે હુકમ ફરમાવે તે મુજબ આગળ વધજો. એના હુકમ માટે ખબરદારી રાખજો. તમારે ક્યાં જવાનું છે એ એટલું બધું ખાનગી છે કે હું પણ એ બંદરનું નામ નથી જાણતો.' બેય જણ હાથ મેળવી છૂટા પડ્યા.

મધરાતનાં અંધારાં ઓસરે તે પહેલાં વણજાર ઊપડી ગઈ હતી. ૧૮ જહાજ એક તરફ; ૨૩ જહાજ બીજી તરફ. બેય સાથે ડિસ્ટ્રૉયર, સ્લૂપ, ફ્રિગેટ વગેરે ચોકિયાત અરમાર હતી. કૅપ્ટન બ્જૉર્ન્સન અને એની 'ઑન્ડીના' વાળી વણજારે ઉત્તર તરફ મોરા રાખ્યા હતા. પરંતુ વહેલી સવારે પર્થ બંદર નજરાતાં, ડાબી તરફ-પોર્ટ બાજુએ-પૂરી નેવું ડિગ્રીએ સુકાન ફેરવવાનો હુકમ મળતાં બધાં વહાણો પશ્ચિમ તરફ નોંધાઈ ગયાં. નવેમ્બર આઠમીનો આખો દિવસ કોઈ પણ જાતની દિક્કત વગર પસાર થઈ ગયો.



આઝાદી પછી આપણી નવી રચાયેલી અરમારનું પહેલું સરજહાજ 'દિલ્હી' ક્રૂઝર-જે તે અગાઉ અંગ્રેજી સલ્તનતની પરાક્રમ-ગાથાની પ્રતીક સમી ક્રૂઝર 'એકિલિસ' હતી. સામેના પાનને મથાળે : એચ.એમ.આઇ.એસ. 'બંગાળ'નો ખયાલ આપતું ચિત્ર.

વળાવિયા ડિસ્ટ્રૉયરો આખો દહાડો આગળપાછળ ઘૂમતી રહી હતી. ઘડીકમાં ઝડપ વધારી આગલો રસ્તો જોઈ આવે તો ઘડીકમાં વણજારની ચાર કતાર વચ્ચે આંટા મારી જાય. ઘડીકમાં આખી વણજારને થોડી વાર દાહિના તો થોડી વાર ખબા સુકાન ફેરવાવે અને એ રીતે પોતાની વણજારને સાબદી અને સલામત રાખતી જાય. આખો દહાડો એમ ને એમ પોઠ વહેતી રહી' અને કૅપ્ટન બ્જૉર્ન્સન ચોથી કતારની આગલી આગબોટનું વાંઢાર જોતાં જોતાં કંટાળી ગયો. એને વણજારમાં પોઠિયા પેટે રગસિયા સફર કરવાનો સખત કંટાળો હતો. પરંતુ સાગરજીવનનો વજ્ર જેવો સિદ્ધાંત, 'હુકમ બજાવણી,' 'ઑર્ડર્સ આર ઑર્ડર્સ', એ તો એના ધાવણમાં જ સિદ્ધ થયો હતો.

આખરે રાત પડી. લગભગ દશ વાગવા આવ્યા હતા. 'ઑન્ડીના' ઉપર એક અફસર અને એક કડેટ આંખે દૂરબીન ખોડી ડિસ્ટ્રૉયરના ડોલ ઉપર કંઈ પણ હુકમ ફરકે તે પકડી લેવા નિશ્ચલ ઊભા હતા. આખરે અંધારાંને ભેદતું ઑલ્ડિસ કંદીલ ઝડપથી ઈશારા ચમકાવવા લાગ્યું : 'ડિડ્ ડા ડિડ્ ડા ડિડ્; ડિડ્ ડા ડિડ્ ડિડ્' - 'ખડે રહો, હું બહુ અગત્યનો સંદેશો મોકલાવું છું.' બધી દૂરબીનો સાબદી થઈ ગઈ. કંદીલે આગળ ચલાવ્યું : 'ડા, ડા; ડા, ડિડ્; ડિડ્ ડિડ્; ડિડ્...' 'ઑન્ડીનાનો અફસર આંખ ખોડી રહ્યો. કડેટ ચાર સીડી કુદાવતો કૅપ્ટનને ખબર કરવા દોડ્યો. તૂતક ઉપર આવી કૅપ્ટન બ્જૉર્ન્સને હુકમ સાંભળ્યો : 'ઑન્ડીના અહીંથી કૉનવૉય બ્જાર્ન્સને હુકમ સાંભળ્યો : 'ઑન્ડીના અહીંથી કૉનવૉયમાંથી છૂટી પડશે. કોર્સ : ૩૭ ડિગ્રી લાલ; ગતિ બાર નોટ; આશરે ૨૩.૩૦ કલાકે તમારી અગાડી સફરમાં ચોકિયાત તરીકે મુકરર થયેલું અરમારી જહાજ તમારો ભેટો કરશે. ત્યાર બાદ એના હુકમ મુજબ આગળ વધવાનું છે. એ જહાજનું એંધાણ વી. ટી. એમ. એસ. ૫૬. સંદેશો પૂરો થયો. મેસેજ કમ્પ્લીટ : રિપીટ મેસેજ. 'ઑન્ડીનાએ આખો સંદેશો પોતાના કંદીલ પર ફરી ચમકાવી દેખાડ્યો. ડિસ્ટ્રૉયરે જવાબ આપ્યો : 'ડા, ડિડ્, ડા, ડિડ્ - યૂ આર કરેક્ટ, ગુડ બાઈ; ગુડલક.' અને ફરી અંધારું છવાઈ ગયું.

એ અંધારામાં હવે ઑન્ડીના કૉનવૉયમાંથી ખસવા લાગી. એના સુકાનીએ ચક્કર વીંઝ્યું. : ૩૭ ડિગ્રી લાલ પર મણિ સ્થિર કર્યો. કૅપ્ટને નળી વાટે એન્જિન રૂમમાં ઝડપ વધારવાનો હુકમ આપ્યો : 'રૅવોલ્યુશન્સ એકસો વીસ.' અને ઘડિયાળ સામેજોયું. હજુ ૨૨.૨૦ વાગ્યા હતા. ૨૩.૩૦ આશરે અરમારી વળાવિયો દેખાવો જોઈએ. પીંજરિયાઓને સાવધ રહેવા ચેતવ્યા. બરાબર ૨૩.૨૮ વાગતાં અંધારામાં ફરી કંદીલ ઝબક્યું : 'તમે કોણ છો ? એંધાણ આપો !' ઑન્ડીનાએ સંકેત આપ્યો અને પૂછ્યું : 'તમે કોણ છો ?' જવાબમાં કંદીલ ઝબક્યું, 'વી. ટી. એમ. એસ. ૫૬; કોર્સ ચાલુ રાખો; ઝડપ હાલ મુજબ.'

કૅપ્ટન બ્જૉર્ન્સને પોતાના વડા માલમ સામે જોયું : 'તને ખબર છે નુડસન, કે આ અરમાર કોણ છે ?'

'હા સાહેબ. મેં કમાન્ડ ઑર્ડર્સમાં જોયું. આ હિંદુસ્તાનની અરમાર એચ. એમ. આઈ. એસ. 'બંગાલ' છે.'

થોડી વાર ચૂપ રહી નુડસને ઉમેર્યું : 'સાહેબ, એનું વજન ફક્ત ૬૫૦ ટન છે. એની પાસે ચાર બંદૂકડીઓ છે : એક ત્રણ ઈંચની, એક ૪૦ મિલિમીટરની અને બે ૨૦ મિલિમીટરની. ગયે અઠવાડિયે હું પર્થ ગયો હતો ત્યારે ડુમિનિયન થિયેટરમાં એના બે અફસરો સાથે ભેટો થઈ ગયો. એનો કમાન્ડર વિલ્સન વેપારી વહાણવટી છે, સાહેબ; અને લેફ્ટનન્ટ મેહરા, હજુ મૂછ પણ નથી ફૂટી.'

કૅપ્ટન બ્જાર્ન્સને કોઠી જેવડી ચિલમ કાઢી અંદર તંબાકુ ઠાંસતાં નુડસન સામે જોયું. તંબાકુ સંભાળથી પેટાવી એની બળતી શીખને અંગૂઠાથી સંકોરી. પછી, ભેંસના ગળામાં શોભે એવો અનક્ષરી અવાજ કર્યો. નુડસન સમજી ગયો કે થોડાબોલા કૅપ્ટને બધું જ કહેવાનું કહી નાખ્યું.

રાત વધવા માંડી, કૅપ્ટન બ્જૉર્ન્સને પોતે જ તૂતક પર ફર્યા કયુ. વારંવાર ચોપાસ આંખ ખોડી જોયા કર્યું. ૬૫૦ ટનનું હિંદુસ્તાની રમકડું ! એક જ અંગ્રેજ અફસર, ને તે પણ પોતા જેવો જ વેપારી વહાણવટી. લેફ્ટનન્ટ મેહરા : હજુ મૂછ નથી ફૂટી. બા ખુદા ! મારી ચોકી મારે જ કરવી પડશે. બલકે, પેલા બંદૂકડીબાજની ચોકી પણ મારે જ કરવી પડે; કૅપ્ટન બ્જૉર્ન્સને દાઢીએ હાથ ફેરવતાં પોતાની વાંઢારે સજ્જ કરેલી ચાર ઈંચની તોપ તરફ જોયું.

કાળાં ભોર પાણીને ફીણ ફીણ બનાવતી નાળ જરા જરા ઉપરનીચે ઝૂકતી હતી. વાંઢાર પર તોપચી ખડી ચોકીએ ઊભો હતો. સુકાની તૂટક પર કૅપ્ટન ચિલમ પર ચિલમ સળગાવ્યે રાખતો હતો. દૂર અંધારામાં સફેદ ફીણની નાની ધાર ધપી જતી હતી 'બંગાલ'. એના તૂટક ઉપર લેફ્ટનન્ટ મેહરા દૂરબીનમાં આંખ ખોડી ટટ્ટાર ખડો હતો. બીજે પડખે સબ લેફ્ટનન્ટ નાગશેપન્ ફરતો હતો. સુકાન પર બુધિયો જીવો હોકાના તખતા પર મીટ માંડી પહોળા પગ કરી ચક્કર સમતોલતો હતો. જાણે બંદરમાં સહેલગાહે નીકળી હોય તેમ આ હિંદુસ્તાની અરમારી માઈનસ્વીપર, હિંદી મહાસાગરનાં તોતિંગ મોજાં પર સવાર થઈને વહી રહી હતી. ૭,૦૦૦ ટન તેલ ને પેટ્રોલ ! એને હજારો માઈલ દૂર બંદરે સલામત પહોંચાડવાનું હતું. દુશ્મન કદાચ બારૂદ જતો કરે; પણ તેલ ? તેલ પર તો આગબોટો ચાલે, પેટ્રોલ પર હવાઈ જહાજો ચાલે. તેલ ને પેટ્રોલ જતાં કરે તો જરૂર સમજવું કે દુશ્મન ઊંઘે છે.

ઓચિંતા શેપન્ પથ્થર થઈ ગયો ! લેફ્ટેનન્ટ મેહરાને એણે ધીમેથી કહ્યું : 'ત્યાં કંઈક દેખાય છે, સાહેબ ! લીલો ૨૧.'

લેફ્ટનન્ટે થોડો વખત ધ્યાનથી જોયું. પછી શાંતિથી સુકાની તરફ બે બોલ ફેંક્યા : 'સ્ટારબડ !' બુધિયાએ ચક્કર ફેરવતાં સામો અવાજ દીધો : 'સ્ટારબડ સા-આ-બ !'

'સ્ટેડી !' બીજો હુકમ છૂટ્યો. 'સ્ટેડી સાઆબ-'

અને 'બંગાલ' ચિત્તા પેઠે ઊછળી આગળ વધી. નાળને મોંએ ફીણની ટેકરીઓ ઊભરાઈ રહી. જહાજના બદનમાં એન્જિનના ધબકારા ત્રંબી રહ્યા. થોડી વારમાં જ જ્યાં શંકા પડી હતી ત્યાં 'બંગાલ' આવી પહોંચી. થોડોક ભંગાર. સપાટી પર તેલ, ને આસપાસ કેવળ મોજાંના હીલોળા. 'ગરીબ બિચારો !' લેફ્ટનન્ટ મેહરાએ કહ્યું : 'પૂઅર ડેવિલ !'

'બંગાલ' મોરો ફેરવી 'ઑન્ડીના'ને પડખે આવી; મોટે સાદે હુકમ કર્યો : 'અરધા કલાક સુધી - કૉર્સ ૧૫ લાલ, ૨૦ લીલો; ચાર વાર લાલ, ત્રણ વાર લીલો; મેસેજ કમ્પ્લીટ, રિપીટ મેસેજ !' ઑન્ડીનાએ સંદેશાની પુનરાવૃત્તિ કરી દેખાડી. પછી જરાક ચોખ્ખો ચાંપી જોવા પૂછ્યું : 'પણે શું હતું ?' 'બંગાલ' પરથી કંદીલે કડકાઈથી જવાબ આપ્યો : 'માઈન્ડ યૉર ઓન બિઝનેસ : કેરી ઑન :' (તમારે જાણવાની જરૂર નથી; હુકમ તામીલ કરો. ૧૫ લાલ, ૨૦ લીલો, ચાર વાર લાલ, ત્રણ વાર લીલો.)

કૅપ્ટન બ્જૉર્ન્સને મોંએ હાથ ફેરવ્યો : 'ઓત્તારી ! આ હિંદુસ્તાનીઓ ચડી વાગ્યા લાગે છે !' પણ એણે તુરત હુકમબજાવણી શરૂ કરી : 'ફિફ્ટીન પોર્ટ !' ને સુકાનીએ ચક્કર ફેરવતાં સામો અવાજ દીધો : 'ફિફટીન પોર્ટ ઇટ ઇઝ સર.'

નવમી નવેમ્બરની સવાર ઊગી ત્યારે 'ઑન્ડીના' ઉપરથી દરેક ગોરો અફસર અને ખલાસી એ કડકેબાજ હિંદુસ્તાનીને ધારીધારીને જોવા લાગ્યો. મેલબોર્ન કે મુંબઈનાં બંદરોમાં કેવળ બંદરી લૉન્ચમાં ખપી જાય એવું એનું નાનું કદ. તૂતક ઉપર આગળપાછળ તોપો. પણ કેવી તોપો ? દિવાળીનાં નાળિયાં જેવી ! એક છ શેરિયા, ત્રણ તસુની તોપ; એક બોફર અને બે ઓર્લીકોન.

મહાસાગરનાં મોજાં આન્ડીનાને જ્યારે માંડ માંડ ઝોંક આપી શકતાં હતાં, ત્યારે એના રક્ષણ માટે બહાર પડેલી એ અલ્પકાય 'બંગાલ'ને એ જ મોજાં જાણે હમણાં જ ભરખી લેશે એમ એના તૂતક ઉપર પાણી રેલાવી રહ્યાં હતાં, ને એને આખી ઉઠાવી આમથી તેમ નારિયેળની કાચલી પઠે એક મોજેથી બીજે મોજે પછાડ ખવડાવી રહ્યાં હતાં. રાતનાં જ્યારે 'બંગાલ'નું વર્ણન સાંભળ્યું ત્યારે તો ઑન્ડીનાના કપ્તાનની શ્રદ્ધા કેવળ હાલી ગઈ હતી. પણ ઊગતા સૂરજને અજવાળે જ્યારે એણે 'બંગાલ' પ્રત્યક્ષ કરી ત્યારે તો એની લાગણી શબ્દોમાં મૂકી શકાય એમ નહોતું. પાસે ઊભેલા અફસર તરફ ફરી એણે બેય હાથ હવામાં ઉડાડી માત્ર એક જ શબ્દ કહ્યો : 'વોન્ડુરફુલ !'

અરમાર-એ-શાહ-એ હિંદુસ્તાન 'બંગાલ' ઉપર તો, વલંદો કપ્તાન શા વિચાર કરતો હશે એનો ખ્યાલ સુધ્ધાં કરવાની કોઈને પરવા ન હતી. સવાર પડતાં જ કમાન્ડર વિલ્સન સરઅફસરી લેબાસમાં સજ્જ થઈ અમલી તૂતક પર ઊભો હતો. બીજા અમલદારો અને જહાજીઓ પોતપોતાના કામમાં મશગૂલ બની જહાજ ઉપર ફરી રહ્યા હતા. સર્જન લેફ્ટનન્ટ મેનન અને એન્જિનીઅર લેફ્ટનન્ટ હસન કઠેડા પર નમીને કોઈક ચર્ચામાં જામી પડ્યા હતા. ગનર લેફ્ટેનન્ટ રણબીર સિંઘ તોપચીઓની રોજિંદી ક્વાયત લઈ રહ્યો હતો. જેઓની 'ઑફ વૉચ' હતી, (એટલે કે જેઓને ચાર કલાકની છૂટી હતી) તેઓ પોતપોતાની અંગત ખુશી મુજબ, કોઈ આરામ લેતા હતા, કોઈ વાતે ચડ્યા હતા, કોઈ કપડાંમાં થાગડથીગડ કરતા હતા, તો કોઈ આમતેમ લટાર મારતા હતા. આવડા નાનકડા જહાજને જ્યાં બંદરથી દૂર મોકલવામાં પણ દહેશત લાગવી જોઈએ, ત્યાં વતનથી પણ હજારો કોસ દૂર, તાગ વગરના અને સીમ વગરના મહાસાગરની વચ્ચે, અરમારી હુકમથી, આવવું પડ્યું હતું. એમાં ટોપસથી માંડીને કમાન્ડર સુધી કોઈને જરા પણ અવનવું નહોતું લાગતું. નાનકડા કાંઠાનું જહાજ મોજાંઓની અલગાર ઉપર ઢળતું ઊછળતું, બેય પાસા ભેરવ ઝોક ખાતું આગળ ધપ્યે જતું હતું. પીંજરિયાઓ કેવળ પગના અંગૂઠાની કોરથી ખાટલી સાથે જડાઈને આભઊંચા ડોલ પરથી સાગરની સપાટી અને ક્ષિતિજના કૂંડાળાની બારીક નિગરાણી કરી રહ્યા હતા. રેડિયો લોકેશન રડાર અફસર કાને ડાબલા ચડાવી રડારના આરસામાં મીટ માંડી જોઈ રહ્યો હતો. હવાઈ જહાજને પકડનાર વિશાળ દૂરબીનો નીચે નિગાહકાર જહાજીઓ અનિમિષ આંખે આકાશ ફેંદી રહ્યા હતા. અમલી તૂતક પછવાડેના કમરામાં વાયરલેસ ઑપરેટકર કાને રિસીવર ચડાવી ફ્રિમેન્ટલમાં ખરીદેલી નવલકથા વાંચવામાં તલ્લીન થઈ ગયો હતો. આખા જહાજ ઉપર જાણે બધા સહેલગાહે ઊપડ્યા હોય એવું નભરવસ અને અનાતુર વાતાવરણ પ્રસરી રહ્યું હતું. એક જ અંગ્રેજ કમાન્ડર સિવાય બીજા ૧૧૦ આશરે હિંદી અફસરો અને જહાજીઓ તેમાં ત્રાવણકોર, મલબાર અને મદ્રાસ મુખ્ય હતા. પંજાબી, બંગાળી, મરાઠી અને ઉત્તર તરફના 'પરદેશી' બધા એક જ જિંદગીને એક જ શાનથી પોતપોતાની ફરજ અદા કરતા હતા. એક જ કબીલો હોય એમ મહિનાઓ થયા સાથે રહેતા હતા. 'ઑન્ડીના' પરથી જોરદાર દૂરબીનો 'બંગાલ' પરની દરેકેદરેક હિલચાલ અને દરેકેદરેક વ્યવહાર જોઈ રહી હતી અને આજ સુધી મહાસાગર ઉપર અફસરી દરજ્જે ન ભાળેલા આ હિંદુસ્તાનીઓની કુમક ઉપર કેટલો મદાર રાખવો એની વિમાસણમાં તેઓ પડ્યા હતા !

નવેમ્બરની નવમી પણ કોઈ દખલ થયા વગર પસાર થઈ ગઈ અને દસમીની સવાર પડી. એમ ને એમ આસાનીથી દસમી

પણ પસાર થઈ ગઈ ને અગિયારમીનો દિવસ પણ લગભગ પૂરો થવા આવ્યો. 'ઑન્ડીના' ઉપર બધા નીચે જીવે વાતે ચડ્યા હતા. છેલ્લા બેત્રણ દિવસ જે આસાનીથી ગયા તે જોતાં દુશ્મનની ગિશત આ તરફથી ક્યાંય દૂર દૂર ફરતી હોવાનું અનુમાન સહુને સકારણ લાગતું હતું. દરેકનાં મન નચિંત થઈ ગયાં હતાં.

એવામાં 'બંગાલ' ઉપરથી ઓચિંતાં હળવો ધડાકો સંભળાયો, ને એક હવાઈ સુસવાટ કરતી આભ તરફ ચડી ગઈ. તારાઓનું ઝૂમખું ફૂટ્યું અને પાણી તરફ ઊતર્યું.

કૅપ્ટન બ્જૉર્ન્સન તૂતક ઉપર પૂતળા જેવો ખડો થઈ ગયો ને 'બંગાલ'ના તૂતક તરફ મીટ માંડી જોઈ રહ્યો.

'બંગાલ'ના વાયરલેસ પર ૧૬.૪૦ વાગ્યે અમેરિકન હેવી ક્રૂઝર ટૉલેડો પરથી સંદેશો પકડાયો હતો, જે મુજબ આ જગ્યાની આસપાસ બે જબ્બર જપાની આર્મ્ડ ક્રૂઝર હોવાની આગાહી મળી ! બીજી જ ક્ષણે 'બંગાલ'નો એક્કેએક આદમી પોતાના સ્થાન પર સાવધાન થઈ ગયો. નાનકડી પણ તોપ અને તોપની તાકાત, જેટલી એના કદ અને બારૂદગોળા પર હોય છે તેનાથી પણ વધારે એના તોપચીઓની નિશાનબાજી ઉપર હોય છે. ધીરસિંહ ગોહેલ, બાપુ કરમારકર અને નેલન્દૂર પિલૈ અરમારના નામચીન ગોલંદાજ ગણાતા હતા. ગનરી લેફ્ટનન્ટ રણબીર સિંઘે એ ત્રણેને જુદી જુદી તોપ ઉપર ગોઠવી દીધા. રડાર ઉપર બેવડી તકેદારી મુકાઈ ગઈ. દરેક જહાજીએ નાહીધોઈ કેવળ ચડ્ડી ને બાંડિયાં ચડાવી લીધાં. ચામડી સાફ હોય તો જખમ બગડવાનો ભય ઓછો થાય ને ઝાઝાં કપડાં જંગ ખેલવામાં આડાં આવે. સર્જન લેફ્ટનન્ટ મેનને બધાને ફરજિયાત સલ્ફાના ડોઝ આપી દીધા. બગડેલા જખમનો સામનો કરવાનો એ કારી ઈલાજ છે. ૧૭.૦૦ કલાક પહેલાં દરેકેદરેક જણ જમી રહ્યો, અને જે થાય તે જોઈ લેવાની મૂક તૈયારી થઈ રહી. ૧૭.૧૦ કલાકે રેડિયો ઑફિસરના કાનમાં ગુંજારવ શરૂ થયો ! જોરદાર અવાજે બે સ્ટેશન વાત કરતાં હતાં : ભાષા સંકેતની હતી. અર્થ ન સમજાય એવો એ સંકેત હતો. શાયદ, સાથી અરમારનો એ સંકેત ન હતો. નિશ્ચય બે દુશ્મન અરમારો થોડા કોસને અંતરે વાત કરતી હતી એમાં શક ન રહ્યો.

દરેકનાં મન હિલોળે ચડ્યાં હતાં, છતાં જાણે કશું જ ન હોય તેમ જ્યાં ઊભા હતા ત્યાં જ બધા ધીમેધીમે વાતો કરતા હતા. ખરા શૂરવીરની સ્વૈર કથા ઘરખોરડાની, મા-બાપની, ભાઈભાંડરુની કે પ્રિયતમ-પ્રેયસીની હોય છે. જંગે મયદાન અને રોમાંચક લડાઈઓની જરાજરામાં વાતો, ઘણુંખરું કોઠી પછવાડે છુપાઈ રહેનારા કે છાપાંઓની કતારમાં જંગ ખેલનારા જ કરે.

૧૯.૩૫ કલાકે હજુ અંધારાં ઘેરાયાં ન હતાં, એટલે હવાઈ કુદરતી રીતે ઝાંખી પડે અને ઑલ્ડિસ લૅમ્પનો ઈશારો ધોળે દિવસે પણ ચમકી ઊઠે એમ હોવાથી, સબ-લેફ્ટનન્ટ શેપન્ તૂતકને છેડે ગયો અને કમાન્ડર વિલ્સનનો હુકમ મળતાં એણે હવાઈ છોડી. 'ઑન્ડીના'ના તૂતક પર આ હવાઈ દેખાઈ ને કેપ્ટન બ્જૉર્ન્સને હુકમ આપ્યો : 'ઍક્શન સ્ટેશન્સ !' પાણીના ગાળા પર ઊડતો એનો ઘોઘારી અવાજ ઠેઠ 'બંગાલ'ના તૂતક પર સંભળાયો !

તે જ પળે એન્જિન રૂમમાં મૂકેલા સાઉન્ડ ડિટેક્ટરનાં રિસીવરોમાં પંખાઓનો અવાજ પરખવા લાગ્યો અને એન્જિનીઅર લેફ્ટનન્ટ હસને કમાન્ડર વિલ્સનને ખબર કરી. 'બંગાલે' હવે બીજી હવાઈ ચગાવી. એનો અર્થ હતો : 'ફૉલો માઈ કોર્સ !' (હું જે રસ્તે જાઉં તે રસ્તે ચાલ્યા આવો.) અને સુકાનીને હુકમ મળ્યો : 'થર્ટી રેડ !' સુકાન ત્રીસ અંશ બાંયા-ડાબા ફેરવી પૂતળા જેવા સુકાકની દુર્લભ ગીગાએ પડઘો પાડ્યો : 'થર્ટી રેડ ઈટ ઈઝ, સર.'

'સ્ટેડી' કમાન્ડરે કહ્યું. સુકાન ફરતું થંભી ગયું. ફરી ગીગાનો અવાજ સંભળાયો : 'સ્ટેડી ઈટ ઈઝ, સર !'

'બંગાલે' મોરો ડાબો ફેરવ્યો. એના શિરોટા સાથે બરાબર ૩૦ અંશનો કોણ પડ્યો, અને એ જ રીતે 'ઑન્ડીના'એ પણ મોરો ફેરવ્યો.

નીચેથી એન્જિનીઅર લેફ્ટનન્ટ હસને ફરી તૂતક પર ફોન કર્યો. 'હવે એક નહીં પણ બે પંખાઓનો અવાજ આવે છે. મારી માન્યતા મુજબ એક દુશ્મન બાયાં છે, એક દાહિના છે અને એ બે વચ્ચે અંદાજે દસ કોસનું અંતર છે. બેય દુશ્મનના મોરા આપણને સોંત લેતા હોય એમ જણાય છે.' કમાન્ડરે હસનની વાત સાંભળી કહ્યું : 'થૅન્કક્યૂ હસન.' અને લેફ્ટનન્ટ મેહરા અને લેફ્ટનન્ટ હીફને તે મસલત માટે ચાર્ટ રૂમમાં લઈ ગયો.

બે જંગી આર્મ્ડ ક્રૂઝર સામે ૬૫૦ ટનની માઈન સ્વીપર જાણી જોઈ જંગ ખેલવાની હુડબડાઈ કરે એ તો નર્યો આપઘાત જ કહેવાય; પણ જો બે દુશ્મન ક્રૂઝરો સામેથી પડકાર કરતી આવતી જ હોય તો છેલ્લા ગોળા સુધી ને છેલ્લા આદમી સુધી જંગ ખેલવો જ, એમાં ત્રણેયનો એકમત હતો. માત્ર ૭,૦૦૦ ટન જેટલું તેલ ને પેટ્રોલ અગર દુશ્મનના હાથમાં જાય અથવા દરિયામાં ગરક થઈ જાય એ અટકાવવા માટે જ આ મસલત તો હતી.

બેચાર જ પળમાં મસલત પૂરી થઈ. સિગ્નલ ઑફિસર સખપાલને બોલાવી કમાન્ડરે સંદેશો લખાવ્યો. નીચલા તૂતકની છત નીચેથી વીજળીની નાની ટૉર્ચ વડે સખપાલે એ સંદેશો 'ઑન્ડીના'ને પહોંચાડ્યો : 'કમાન્ડર વિલ્સન, કૅપ્ટન બ્જૉર્ન્સનને, સલામ સાથે ફરમાવે છે કે 'ઑન્ડીના' તાબડતોબ પીઠ ફેરવી જેટલી બને એટલી ઝડપે ફરી પૂર્વ તરફ નાસી છૂટે. શાહી અરમારી જહાજ 'બંગાલ' દુશ્મનોનો ભેટો કરવા ઊપડી જાય છે, અને જેટલો બનશે એટલો સામનો કરી એને રોકી રાખશે. એમ કરતાં જો 'બંગાલ' ખતમ થઈ જશે તો તમને વાયરલેસથી ચેતાવશે. દરમ્યાન જેટલો પંથ કપાય તેટલો કાપી 'ઑન્ડીના' સલામતી મેળવવાની કોશિશ કરે. ફેરવેલ ઍન્ડ ગૂડ બાઈ; ગૂડ

લક. મેસેજ કમ્પ્લીટ. સંદેશો સમજાયો હોય તો નિશાન આપો.'

'ઑન્ડીના' ઉપર સિગ્નલર ટૉર્ચ લઈ તૈયાર ઊભો હતો. સિગ્નલરના હાથમાંથી ટૉર્ચ ઝૂંટવી લઈ કેપ્ટન બ્જૉર્ન્સને જવાબ આપ્યો : 'ડૉટ, ડૅશ, ડૅશ... (તમારી બત્તી ઝાંખી છે, મને હુકમ વંચાતો નથી.)' સામપાલે બીજી મોટી ટૉર્ચ ઉઠાવી ફરી ચીવટથી આખું ફરમાન ઝબકાવી બતાવ્યું. 'ઑન્ડીના'એ ફરી જવાબ આપ્યો : 'ડૉટ, ડૅશ, ડૅશ... !' સામપાલે ત્રીજી વાર ધીરજની સંદેશો પાઠવ્યો. ત્રીજી વારનો જવાબ પણ એ જ આવ્યો : 'ડૉટ, ડૅશ, ડૅશ...' સામપાલ મુંઝાઈ ગયો. પણ બાજુમાં ઊભેલો લેફ્ટનન્ટ મેહરા ખડખડાટ હસી પડ્યો : 'જીતે રહો બ્હાદર ! હમ તુમ મિલ કે દુશ્મન કો મિટ્ટીમેં મિલા દેંગે.'

લેફ્ટનન્ટ મેહરાએ કમાન્ડરને ખબર કર્યા કે 'ઑન્ડીના' નાસવાનો સાફ ઇન્કાર કરે છે. કમાન્ડરે જાતે ટૉર્ચ ઉપાડી 'ઑન્ડીના'ને કહ્યું : 'બ્રાવો ! મારી પછવાડે પાંચ-સાત માઈલ જઈ ઊભા રહો.' 'ઑન્ડીના'એ આ હુકમ તરત બજા કર્યો અને ગતિ ધીમી પાડી દીધી. લેફ્ટનન્ટ મેહરાએ કહ્યું : 'આ હુકમ હવે અને બરાબર દેખાયો.'

૨૩.૧૨ની મિનિટે રડારના પરદા ઉપર ધૂપછાંવ તરવરવા લાગી. એ જ ક્ષણે એન્જિનીઅર લેફ્ટનન્ટનો ફોન આવ્યો : 'દુશ્મન ઘણા નજદીક હોવાનું જણાય છે.' કમાન્ડરે તૂતક ઉપર એક બટન દાબ્યું. આખા વહાણમાં ઘંટડીઓ રણકવા માંડી. દરેક જવાન સાબદો બની ગયો. 'આખરે-ઍક્શન સ્ટેશન્સ !'

રડાર પર આકાર દેખાવા લાગ્યા. લેફ્ટનન્ટ મેહરા બે મિનિટ એ ચિત્ર જોઈ રહ્યો. એના હોઠમાંથી સિસોટી નીકળી ગઈ ! ફાળ ભરતો એ તૂતક પર પહોંચ્યો. અરમારી સલામ કરી એણે ગંભીરતાથી કહ્યું : 'દુશ્મનની બે આર્મ્ડ ક્રૂઝર સાહેબ ! ચારેક કોસથી વધારે દૂર નથી લાગતી.'

'તમે રડારના આકારથી તેને ઓળખી શકો છો ?'

'હા જી, હોકોકુ મારુ અને કિયોસુમી મારુ, સાહેબ.'

થોડી વાર રહી કમાન્ડરે કહ્યું : 'હોકોકુ મારુ ? સાડા દસ હજાર ટન ! કિયોસુમી મારુ સાડા આઠ હજાર ટન...'

'ને સાહેબ, દરેક પર છ છ ઇંચની આઠ આઠ તોપો છે.'

'બરાબર, લેફ્ટનન્ટ, એ આઠમાંથી એક જ તોપ જો ધારીને નોંધાય તો 'બંગાલ' દરિયાઈ જહાજને બદલે હવાઈ જહાજ બની જાય !'

'હા સાહેબ; પણ તોપ એક ચીજ છે, નિશાનબાજી કોઈ ઔર ચીજ છે, અને-કિસ્મત કોઈ ત્રીજી જ ચીજ છે.'

'ક્વાઈટ, ક્વાઈટ, લેફ્ટનન્ટ ! જોઈએ કોનું કિસ્મત જોર કરે છે.'

અને કાળાંઘોર અંધારાંમાં વીજળી જેવો સબાકો થયો. એકાદ પળ પછી જબ્બર ધડાકો સંભળાયો. એ ધડધડાટી શમે તે પહેલાં 'બંગાલ'થી પાંચસોએક વાર દૂર ગોળો પછડાયો ને પાણીના ધોધ ઉછાળતો ગરક થઈ ગયો.

'શાબાશ બેટે ! ઐસી હી કરતે રહો !' નિશાળિયા પેઠે કૂદી કૂદીને લેફ્ટનન્ટે કહ્યું અને બીજો સ્બાકો ક્યાંથી આવે છે એ જોવા દૂરબીન ઉપાડી. 'બંગાલ'ની નાની તોપો જવાબ વાળી શકે એટલા પાસે હજુ દુશ્મન નહોતા આવ્યા. એટલે 'બંગાલ' આગળ ધપી.

પછીના બે કલાકમાં શું થયું ને શું ન થયું એ આજે પણ કોઈ કહી નથી શકતું. બેય જપાનીઓએ 'બંગાલ' ઉપર અને 'ઑન્ડીના' ઉપર તોપોનો મારો શરૂ કર્યો. 'બંગાલ'ની નાની તોપ હજુ 'રેન્જ'માં નહોતી આવી, એટલે 'ઑન્ડીના'એ પહેલો જવાબ આપ્યો. રેન્જ લેવા 'બંગાલ' આમથી તેમ ઘૂમવા માંડી. એના એન્જિનીઅરોએ બૉઈલર ફાટે એટલું સ્ટીમનું દબાણ ઉપાડ્યું. એથી, ખુદ બંગાલ જ તોપનો ગોળો હોય એમ છૂટી. હિંદુસ્તાની શાહી અરમારમાં ગોલંદાજીનું બિરુદ મેળવનાર ગોહિલ, કરમારકર અને પિલૈ છબીઘરમાં કૅમેરાનું ફોકસ લેતા હોય તેટલી શાંતિથી રેન્જફાઈન્ડર જોતા ઊભા.

આખરે 'બંગાલ' રેન્જમાં આવી, અને, છ-શેરિયા તોપે પહેલો ગોળો ફેંક્યો. બીજી બેએ સાથ આપ્યો. દુશ્મનની આસપાસ પડતા ગોળઓ પરથી માપ લઈ બીજો બાર કર્યો અને બરાબર હોકોકુ મારુના પાછલા ફાલકા ઉપર ધડાકો કર્યો !

'શાહબાશ જવાન !' ગનરી લેફ્ટનન્ટ સિંધે પોકાર કર્યો. અને એટલામાં બીજું નિશાન પણ ઘર બેઠું. હોકોકુ મારુનો પાછલો ડોલ ઊડી ગયો !

'ફુલ સ્ટીમ ઍહેડ !' કમાન્ડરે કહ્યું.

ટેલેગ્રાફનું હૅન્ડલ ચલાવી નાગશેપને સામો જવાબ આપ્યો : 'ફુલ સ્ટીમ ઍહેડ, સર !'

'સ્ટેડી ધ હેલ્મ !' કમાન્ડરે કહ્યું.

'સ્ટેડી ઇટ ઇઝ, સર !' ગીગા સુકાનીએ જવાબ દીધો.

ને 'બંગાલ' થોડી પળમાં બે દુશ્મનો વચ્ચે આવી ઊભી !

એની બેય પડખેની તોપો હવે સાવ નજદીકથી દુશ્મન ઉપર ઘા કરવા માંડી. આ અદ્ભુત સાહસ ઉપર 'ઑન્ડીના'નો કપ્તાન આફરીન થઈ ગયો ! મોંએથી તો એણે એટલું જ કહ્યું : 'ઍન્ડ નાઉ ? ફિનિશશ—ધ ફૂલ્સ્ !' થોડી વાર રહી એણે સુધાર્યું : 'ધ ડૅમ ફૂલ્સ્ !'

પણ 'બંગાલ'ના આ દાવે દુશ્મનને મૂંઝવી દીધા ! જો 'બંગાલ' ઉપર એની દૂરની રેન્જવાળી તોપો માંડે તો સામે પડખે ઊભેલા સાથીને જ ઘા પડે ! બેય જપાનીઓના તોપચીઓ થંભી ગયા. બેય જપાની કમાન્ડરો પળભર વિચારમાં પડી ગયા અને એ પળભરમાં તો 'બંગાલે' બેયનાં બદન ઉપર અનેક કારી ઘા મારી લીધા !

છેવટે કિયોસુમી પાછળ હઠવા માંડી અને હોકોકુ એનો અરથ

કળી ગઈ અને સહજ આગળ વધવા માંડી. પણ 'બંગાલ' પર ખ્યાલ રાખતાં જપાનીઓ 'ઑન્ડીના'ને ભૂલી ગયા હતા. પાછળ હઠતી કિયોસુમીના વાંઢાર ઉપર ધગધગતો ગોળો ધડૂક્યો અને એના બે પંખામાંથી એકનો ચૂરો થઈ ગયો ત્યારે જ એણે જોયું કે 'ઑન્ડીના' સાવ ઢૂકડે આવી પહોંચી હતી. 'બંગાલ'ને પડતી મૂકી એણે 'ઑન્ડીના' ઉપર હુમલો કર્યો, અને 'બંગાલે' કિયોસુમીનો પીછો પકડ્યો. ગોળાઓનો અસોસ વર્ષાદ વરસાવી એણે કીયોસુમીનું સુકાન તોડી નાખ્યું. જવાબમાં કિયોસુમીએ 'ઑન્ડીના' પર સખત મારો શરૂ કર્યો અને તેલ તથા પેટ્રોલથી ભરેલી 'ઑન્ડીના' પર આગના ભડકા ઊઠ્યા ! 'બંગાલે' વાયરલેસથી 'ઑન્ડીના'ને કરડો હુકમ કર્યો. દરિયાપરજની વ્હાલસોઈ ઇબાદતમાં એ હુકમ હતો : 'ગેટ ધ હેલ આઉટ ઑફ હીઅર !' 'અહીંથી તાબડતોબ ચાલ્યા જાઓ-; ગમે તો જહન્નમમાં જાઓ, પણ અહીંથી જાઓ ! તમારું બંદર ડિયોગ ગાર્સિયા; શેગોસ આઈલૅન્સ; અક્ષાંશ અને અર્જાશ : લોન્જી ટ્યૂડ-૭૫ ઈસ્ટ; લૅટીટ્યૂડ-૬ સાઉથ.'

'ઑન્ડીના' એમોરો ફેરવવા માંડ્યો. કૅપ્ટન બ્જૉર્ન્સને રેડિયો ઑફિસરને બોલાવી વાયરલેસ ઉપર સંકેત મોકલવાનું કહ્યું : 'મારા વહાણ ઉપર સાત હજાર ટન તેલ અને પેટ્રોલ છે. દુશ્મનની બે આર્મ્ડ ક્રૂઝર સાથે ભેટો થતાં જહાજ ઉપર આગ લાગી છે. હું બને તો સલામતી માટે અહીંથી ખસી જાઉં છું. હિંદુસ્તાનની શાહી અરમારનું બહાદુર જહાજ 'બંગાલ' બેય દુશ્મનનો સામનો કરતું લડી રહ્યું છે. આ ઠેકાણાના અક્ષાંશ અને અર્જાશ : લોન્જીટ્યૂડ-૯૨ ડિગ્રી, ૪૦ મિનિટ ઈસ્ટ; લૅટીટ્યૂડ-૧૯ ડિગ્રી ૪૫ મિનિટ સાઉથ.'

'ઑન્ડીના'ને દૂર જતી જોઈ 'બંગાલે' હવે કેસરિયાં કરી લેવાનો નિશ્ચય કર્યો. આવડી ગબ્બર ક્રૂઝર-બબ્બે ક્રૂઝરની સોળ સોળ તોપોનો સામનો કરવા તો બૅટલશિપ જોઈ, એમાઇન સ્વીપરો આવા જંગ માટે નથી બનાવાતી. એનું કામ તો દરિયામાં પાથરેલી સુરંગો ઉસેડવાનું.

'બંગાલ'ના બદનમાં કારી ઘા પડ્યા હતા. એના તૂતક પર જખ્મીઓ પડ્યા હતા. છતાં એના જવાનોની ઝિન્દાદિલી ભભૂકતી જતી હતી. એના અફસરો હોળી ખેલતા હોય તેમ હસતે હસતે જંગ ખેલી રહ્યા હતા. લેફ્ટનન્ટ મેહરાએ કમાન્ડરને કહ્યું : 'સાહેબ, તમે વેપારી જહાજ ઉપર કામ કર્યું છે. આ બેય જપાનીઓ મૂળ તો વેપારી વહાણો છે. જો તમે એવા જહાજ ઉપર હો તો તમે બારૂદખાનું (દારૂગોળાનો જથ્થો) ક્યાં રાખો ?'

મેહરાનો સવાલ સાંભળી કમાન્ડર વિલ્સન થંભી ગયો. એના મોં પર સ્મિત ચમકી ગયું : 'વેલ ડન માઈ સન ! (રંગ છે બેટા !) મને એ કેમ ન સૂઝ્યું ? હું જો હોકોકુ મારૂનો કપ્તાન હોઉં તો મારું જરૂરી બારૂદખાનું એન્જિનથી દૂર પાંચ નંબરના ફાલકામાં રાખું.'

'થૅન્ક યુ સર ! નંબર ફાઈવ આફ્ટર. હોલ્ડ ઇટ ઇઝ, સર' કહી લેફ્ટનન્ટ મેહરા ગનરી લેફ્ટનન્ટ સિંઘને શોધવા દોડ્યો. કમાન્ડર વિલ્સને ઘડિયાળ સામે જોયું. એની આંખો જરા પહોળી થઈ. જંગ શરૂ થયે હજુ વીસ જ મિનિટ થઈ હતી.

હવે ઘડિયાળ એક એક મિનિટ માટે એકેક કલાક લેતી લાગી. કાંટો જાણે થંભી ગયો લાગ્યો—બલ્કે પાછળ જતો લાગ્યો—પળપળ જાણે ઢસડાતી લાગી. કમાન્ડરે જાતે ટેલેગ્રાફનો હાથો પકડ્યો; શેપન્‌ને દૂરબીન આપી; અને ધીમે સાદે સુકાનીને હુકમ આપ્યો : 'ટ્વેન્ટી ગ્રીન.'

'ટ્વેન્ટી ગ્રીન ઇટ ઇઝ, સર.' ગીગાએ કહ્યું.

પછી એન્જિન રૂમમાં ટેલેગ્રાફ વાગ્યો : 'હાફ ઍહેડ સ્ટારબ'ડ, ફુલ ઍહેટ પોર્ટ.' 'બંગાલ' ફરવા માંડી.

હોકોકુ મારૂના કપ્તાને 'બંગાલ'ને પોતા તરફ ફરતી જોઈ અને તેના ઉપર ચારેચાર તોપો નોંધવાનો હુકમ આપ્યો : 'નિશાન તાકો-અને પાસે આવે એટલે ફૂંકી દો !' જપાની કમાન્ડરે ફરમાવ્યું.

'બંગાલે' હોકોકુનાં પડખાં પર મારો રાખ્યો હતો, જેથી જપાની તોપચીઓને નોંધણી મુશ્કેલ પડે. જપાની કમાન્ડરે સુકાન ફેરવ્યું ને બંગાલના પડખાંભેર પડખું ફેરવ્યું.

એ જ પળે 'બંગાલ'ના તૂતક ઉપરથી એકસામટા સબાકા થયા, અને એવડી નાની તોપોમાંથી કદી ન થઈ એવડી ધડધડાટી થઈ. હોકોકુ મારુ ભોંત ખાઈ ગઈ. હવામાં ઊછળી, પડખે પછડાઈ; ને ફરી ઊઠવા ગઈ, ખાંગી થઈ ગઈ અને એના તૂતક પર આગ ભડકી ઊઠી ! પાંચ નંબરના ફાલકાનો બારૂદ સળગી ઊઠ્યો હતો.

નેલંદૂર પિલ્લૈની પીઠ થાબડતાં ગનરી લેફ્ટનન્ટ સિંઘે કહ્યું : 'બ્હોત ખૂબ જવાન ! કલ તુઝે બિરિયાનિ ખિલાયેંગે.'

'બંગાલ'ના જવાનો હરખના પોકાર કરી રહ્યા...


દરમિયાનમાં કિયોસુમી મારુએ 'ઑન્ડીના'ની પૂંઠ પકડી હતી. એની તોપોએ 'ઑન્ડીના'ના બૂરા હાલ કરવા માંડ્યા. એક બદનસીબ ગોળાએ 'ઑન્ડીના'ના બહાદુર કપ્તાનને જબ્બેહ કર્યો ! 'ઑન્ડીના' પર લોથો પડી. આગ તો વધતી જ હતી. આખરે બચેલા અફસરો અને જહાજીઓએ સ્ટીમરનો ત્યાગ કરવાનો ઠરાવ કર્યો અને લાઇફ બોટમાં ઊતરી ગયા. કીયોસુમી મારૂએ 'ઑન્ડીના'ને ડુબાડવા એના ઉપર ટૉરપીડો છોડી, પણ નિશાન ચુકાઈ ગયું. જપાનીએ બીજી ટૉર્પિડો છોડી. એ પણ ચૂકી ગઈ. લાઇફ બોટો ઉપર એમણે મશીનગનથી મારો ચલાવ્યો. 'ઑન્ડીના'ના એકેએક જાણે હવે જિંદગીથી હાથ ધોઈ નાખ્યા.

બરાબર એ જ વખતે દૂર ધડાકો સંભળાયો, અને કિયોસુમી મારૂના કમાન્ડરે હોકોકી મારૂની આખરની ઘડી ભાળી, એટલે એ એના સાથીની મદદે પાછો ફર્યો. પરંતુ એક પણ જપાની લાઇફ




પોરો નિર્જન વગડામાં ઢળતી સાંજે પોરો-થાક ખાવા બેસી ગયેલી ગ્રામનારીના નિરૂપણમાં

(ચિત્રકાર • કનૈયાલાલ યાદવ) ચિત્રકારે રંગ અને રેખા બંનેનો અજબ સુમેળ સાધ્યો છે. એક તરફ સ્ત્રીપાત્રનાં કપડાં અને અલંકારોને ઝીણવટથી આલેખ્યાં છે તો એને પડછે પશ્ચાદભૂ માટેની થોડીશી જગ્યામાં માત્ર ગણતરીની જ રેખાઓ વડે ખુલ્લા વગડાના મોટા પટને ઊંડાણભરી સચોટતાથી દર્શાવ્યો છે. રંગ પણ માત્ર અમુક ભાગમાં જ ભર્યા છે, અને તેય મોટે ભાગે મૂંઝડા-ભૂખરા. પણ સ્ત્રીના ઓઢણાની કોર અને કબજાની ભાતીગળ રતાશ સમગ્ર ચિત્રને રંગભર્યું બનાવી દે છે. કલાદૃષ્ટિ અને કલાકૌશલ બંનેનું દ્યોતક ચિત્ર.



ગોઠડી · ૧૮મી સદીનું મુગલ લઘુચિત્ર



એચ.એમ.આઈ.એસ. 'બંગાલ', પછી જ્યારે ત્રિંકોમાલી બંદરે પહોંચી ત્યારે તેના એ પરાક્રમ માટે 'ડી.એસ.સી.' ('ડિસ્ટિંગ્વિશ સર્વિસ ક્રૉસ')નું યુદ્ધમાં અપાતું બહુમાન તેને આપવામાં આવ્યું ત્યારનું દશ્ય. બ્રિટિશ નૌ-સેનાપતિ ઍડમિરલ સર આર્થર રીડ એ જહાજના સાઠ અફસરો ને નાવિકોની વચ્ચે દેખાય છે. બાકીના શુમારે ૫૦ જણ એ વેળા હૉસ્પિટલમાં હતા.

બોટ સુધ્ધાં ક્યાંય દેખાતી ન હતી. લાઈફ બોટ ઊતરે એવું રહ્યું જ ન હતું. એણે વિફરેલી વાઘણ જેવી 'બંગાલ'ને પોતા તરફ આવતી જોઈ ને 'જીવતો નર ભદ્રા પામે' એ ગણતરીએ ક્યિોસુમી મારૂ ઈશાન ખૂણા તરફ નાસવા લાગી. નાસતે નાસતે 'ઑન્ડીના' ઉપર એણે ત્રીજી ટૉર્પિડો છોડી, પરંતુ એ પણ ફોક ગઈ !

હવે 'બંગાલે' ઑન્ડીના' તરફ વહેતું મૂક્યું. શૂર ચડેલા હિંદુસ્તાની જવાનોએ 'ઑન્ડીના'ને બચાવવાનો નિશ્ચય કર્યો. વિજયી 'બંગાલ'ને જોઈ ઑન્ડીનાનાં માણસોમાં પણ નવું બળ આવ્યું. કલાકની જહેમત પછી 'ઑન્ડીના'ની આગ કાબૂમાં આવી અને એટલામાં નવેમ્બરની બારમીનો સૂર્ય ઊગ્યો.

'બંગાલ'ના બદનમાં ખૂબ ગાબડાંઓ પડ્યાં હતાં, પરંતુ એની તાકાત હજુ આબાદ હતી. એના ૧૧૦ જવાનોમાંથી ૫૦ જખમી થઈ પડ્યા હતા; પણ કિસ્મતની કરામત કે એક્કેય જવાનની જિંદગી નહોતી જોખમાઈ.

કમાન્ડર વિલ્સને ફરી 'ઑન્ડીના'નો એસ્કોર્ટ શરૂ કર્યો. હજુ એના બારૂદખાનામાં ત્રણ તોપ વચ્ચે પાંચ ગોળા સાબૂત હતા !

બ્રિટિશ ઍડમિરાલ્ટીએ ઇન્ડિયા ઑફિસને લખ્યું કે 'ઍડમિરાલ્ટીના લૉર્ડ હાઈ કમિશનર્સ હિંદી અરમારના આભારી છે અને ઇચ્છે છે કે ઇન્ડિયા ઑફિસ સંદેશો પાઠવે : 'ધેઅર ડીપ ઍડમિરેશન ફૉર ધ વેરી ગૅલન્ટ પાર્ટ પ્લેડ બાઈ એચ.એમ.આઈ.એસ.' 'બૅન્ગાલ' ! લંડન ગેઝેટમાં છપાયું કે 'ટુ થિન્ક ધૅટ એ સ્મોલ શિપ, વિથ ઓન્લી વન ટ્વેલ્વ પાઉન્ડ ગન,' શુટ એન્ગેજ ટુ રેડર્સ, બોથ મોર, ધેન ટેન ટાઇમ્સ હર ઑન સાઇઝ, ઍન્ડ ઇચ વિથ અબાઉટ ટ્વેન્ટી ટાઇમ્સ હર ગનપાવર, ઍન્ડ સોએનેબલ ધ ટૅન્કર ટુ એસ્કેપ સિન્ક વન રેડર, ઍન્ડ ધેન ગેટ અવે હર સેલ્ફ, ઇઝ ઑલપોસ્ટ મિરૅક્યુલસ.'

ઇંગ્લૅન્ડ અને અમેરિકાનાં વર્તમાનપત્રોમાં - ખાસ તો અંગ્રેજ અમેરિકન જવાનો માટે પ્રકટ થતાં મેગેઝીનોમાં, અવારનવાર 'બંગાલ'ની વીરગાથા હજુયે આવે જ જાય છે. આ દેશનાં વર્તમાનપત્રોમાં એના વિષે લગભગ હજુ તો કોરાં પાનાં જ દેખાયાં છે; અને જો આ છપાશે, તો સારાય દેશમાં 'કુમાર'માં જ પહેલવહેલો ઇતિહાસ પ્રકટ થયો ગણાશે. (૩૦૦)

તાંડવ-લક્ષણ

યોગેન્દ્ર પ્રિયદર્શી

પ્રાચીન નાટ્યશાસ્ત્રનો પરિચય આપતી લેખમાળામાંથી

નૃત્યના બે પ્રકાર : સ્રી-ઉચિત નૃત્ય તે લાસ્ય અને પુરુષોચિત તે તાંડવ. એ બીજા નૃત્ય-પ્રકારમાં આવતાં શરીરનાં વિવિધ ચલનો અને સ્થિતિઓની સમજ, વિવિધ ચિત્રો સાથે આ લેખમાં આપી છે.

卐

લાસ્ય અને તાંડવ વચ્ચેનો ભેદ આપણે અગાઉ જોઈ ગયા છીએ. સ્રી-ઉચિત સહજ નૃત્યને લાસ્ય કહે છે; અને પુરુષોચિત અ-સહજ નૃત્યને તાંડવ કહે છે. ટૂંકમાં, લાસ્ય અને તાંડવ વચ્ચેનો ભેદ મધુર અને ઉગ્ર કે સહજ અને અ-સહજ વચ્ચેના ભેદ જેવો છે. લાસ્ય પાર્વતીથી અને તાંડવ તંડુ ઋષિથી ઉત્પન્ન થયેલું કહેવાય છે.

નાટ્યશાસ્ત્રમાં કરણ, અંગહાર, રેચક, પિંડીબંધ વગેરે નૃત્યના વિવિધ એકમોનું જે વર્ણન આવે છે તે આ તાંડવ નૃત્યનાં જ અંગ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે 'ચારી'માં જ નૃત્તની ઉત્પત્તિ છે. (નૃત્યનાં પ્રાથમિક પગલાં - Basic Stepsને ચારી કહેવામાં આવે છે.) પરંતુ ચારીની જેમ નૃત્તનાં આ અંગો પણ ખૂબ મહત્ત્વનાં છે. આપણે ચારીના પ્રકારો - 'ભૌમી' ચારી તથા 'આકાશી' ચારી પણ જોઈ ગયા છીએ. ભૂમિ પર થતી પગની ક્રિયાઓને આકાશી ભૌમી - ચારી કહે છે અને ભૂમિથી અધ્ધર થતી ક્રિયાઓને આકાશી ચારી કહે છે. એ 'ચારી' પછીના નૃત્તના મોટા એકમો અંગહાર, કરણો વગેરે છે. ચારીની જેમ તે પણ શરીરની અમુક મૂળભૂત ક્રિયાઓ અને સ્થિતિઓ છે.

નટરાજ શિવે નૃત્તનાં આ અંગો રચીને તંડુ મુનિને આપ્યાં અને તંડુ મુનિએ તેને સંગીત સાથે સુયોજિત કરીને પ્રચલિત કર્યાં, તેથી તંડુ નામ ઉપરથી તે તાંડવને નામે ઓળખાયાં.

નાટ્યશાસ્ત્રના ચોથા અધ્યાયમાં તેનાં લક્ષણો વગેરેનું વર્ણન આપેલું છે, પરંતુ તેમાં આ અંગો વચ્ચેના ભેદો તથા તેમની વ્યાખ્યાઓ સ્પષ્ટરૂપે આપી નથી. તેનું કારણ કદાચ એ હોય કેં અસલના વખતમાં નૃત્તનાં આ અંગો એટલાં બધાં જાણીતાં હશે કે તેના વધુ સ્પષ્ટીકરણની જરૂર નહીં જણાઈ હોય.

તાંડવ-લક્ષણનું પ્રકરણ નાટ્યશાસ્ત્રનું સૌથી ગૂઢ અને ગૂંચવણભર્યું પ્રકરણ છે. કરણો, અંગહારો, પિંડીબંધ વગેરેનાં લક્ષણો તથા કર્મો વિષે ભાગ્યે જ કંઈ ચોક્કસ નિર્ણય પર આવી શકાય તેવું છે. તેનો ઉકેલ કરવા હજી સુધી કોઈ તત્પર પણ થયું નથી. આથી નૃત્તનાં આ અંગો હજી સુધી એક સમસ્યારૂપે જ નાટ્યશાસ્ત્રનાં પાનાંઓ વચ્ચે દબાયેલાં પડ્યાં છે. પ્રસ્તુત લેખ તે આ વિષયને સરળ રીતે સમજવાનો મારો વ્યક્તિગત પ્રયત્ન છે. આથી મારા કોઈ કથનમાં ક્ષતિ જણાય તો તે બદલ વિદ્વાનોની પહેલેથી ક્ષમા માગી લઉં છું. નૃત્તનાં આ અંગોની સરળ સાધારણ સમજણ માટે એમ કહી શકાય કે નૃત્તમાં થતાં શરીરનાં જુદાં જુદાં ચલનો (movements), સ્થિતિઓ (position & અને સ્થાનો (poses) વગેરેને અંગહાર, કરણ વગેરે નામો આપવામાં આવેલાં છે.

કરણ : શાસ્ત્રમાં કહ્યું છે કે 'ચારી' અને 'નૃતહસ્ત'ના સંયોગથી 'માતૃકા' નામનું એક 'મોટું નૃત્ત એકમ બને છે, અને આવા કેટલાક એકમોના સંયોગને 'કરણ' કહે છે. એમ પણ કહ્યું છે કે નૃત્તનું દરેક એકમ શરીર તથા હાથ, પગ વગેરે અંગોની અમુક સ્થિતિ કે દશા ધરાવે છે અને આ સર્વના સંયોગને 'કરણ' કહેવામાં આવે છે. ટૂંકમાં શરીર તેમ જ હાથપગની અમુક સ્થિતિ (position)ને આપણે કરણ કહીશું.

એવાં ત્રણ કરણમાંથી એક 'કલ્પક' બને છે, ચાર કરણથી એક 'ભંડક' થાય છે ને પાંચ કરણના સમૂહને 'સંઘાટક' કહે છે.

આ નૃત્ત-કરણો દક્ષિણ હિંદમાં આવેલા ચિદમ્બરમ્‌ના અતિપ્રાચીન શિવમંદિરમાં શિલ્પાકૃતિઓ રૂપે હજી જળવાઈ રહેલાં છે. કહેવાય છે કે, આ મંદિરના હજાર થાંભલાવાળા સહસ્રસ્તંભમંડપમાં ખુદ નટરાજ શિવે પોતાનો તાંડવપ્રયોગ દર્શાવ્યો હતો. આ વિષે દક્ષિણના લોકોમાં અનેક દંતકથાઓ અને પદો પ્રચલિત છે. ભરતનાટ્યમ્ નૃત્યમાં પણ આ ઘટના અંગેના અનેક પદો જોવામાં આવે છે. એ મંદિરનાં પૂર્વ અને પશ્ચિમ પ્રવેશદ્વારે(ગોપુરમ્)માં વિવિધ કરણોની શિલ્પાકૃતિઓ કોતરવામાં આવેલી છે.કરણો તાંડવ નૃત્યનું અંગ હોવાથી તે છે તો પુરુષોચિત, પરંતુ ત્યાં કોતરવામાં આવેલાં કરણો સ્રીઆકૃતિઓમાં દર્શાવેલાં છે. આથી કરણો સ્રીયોચિત હોવાનો તર્ક કેટલાકો કહે છે, પરંતુ તે સ્રીસુલભ ન હોવાથી એમ માનવું રહ્યું છે કે, સ્રી સૌંદર્યનું પ્રતીક ગણાતી હોવાથી શિલ્પીએ શોભા ખાતર જ આ છૂટ લીધી હશે.

આ શિલ્પાકૃતિઓને આધારે દક્ષિણની અન્નામલાઈ યુનિવર્સિટી તરફથી 'તાંડવ-લક્ષણમ્' નામનો એક અંગ્રેજી ગ્રંથ તૈયાર થયેલો છે. છતાં આ વિષયમાં સંશોધનને હજી અવકાશ છે જ; કારણ કે અંગહારો, કરણો વગેરેનાં લક્ષણો તથા કર્મો વિષેની અસ્પષ્ટતા તેમાં પણ જેમની તેમ જારી રાખેલી છે. વળી જેને આધારે તે ગ્રંથ તૈયાર થયેલો છે તેમાંની કેટલીક શિલ્પાકૃતિઓ

નાટ્યશાસ્ત્રમાં દર્શાવેલાં લક્ષણોથી જુદી પડે છે, કારણ કે નાટ્યશાસ્ત્રના નિયમો શિલ્પને બાધ્ય થતા નથી; તેમાં અમુક છૂટ અનિવાર્ય ગણાય છે. વળી આ શિલ્પાકૃતિઓની સંખ્યા પણ પૂરતી નથી. કરણોની કુલ સંખ્યા ૧૦૮ છે. નાટ્યશાસ્ત્રના પ્રખર ટીકાકાર અભિનવગુપ્તના જણાવવા પ્રમાણે એ સંખ્યામાં પણ સર્વ કરણોનો સમાવેશ થતો નથી; પરંતુ એ સિવાયનાં અન્ય કરણોનાં નામ હાલ ઉપલબ્ધ નથી. એ ૧૦૮ કરણોનાં નામ આ પ્રમાણે છે :

૧. તલપુષ્પપુટમ્
૨. વર્તિતમ્
૩. વલિતોરુ
૪. અપવિદ્ધમ્
૫. સમનખમ્
૬. લીનમ્
૭. સ્વસ્તિકોચિત્તમ્
૮. મંડલસ્વસ્તિકમ્
૯. નિકુટ્ટમ્
૧૦. અર્ધનિકુટ્ટમ્
૧૧. કટિછિન્નમ્
૧૨. અર્ધરેચિતમ્
૧૩. વક્ષસ્વસ્તિકમ્
૧૪. ઉન્મત્તમ્
૧૫. સ્વસ્તિકમ્
૧૬. પુષ્ટસ્વસ્તિકમ્
૧૭. દિક્સ્વસ્તિકમ્
૧૮. અલાતમ્
૧૯. કટિસમમ્
૨૦. આક્ષિપ્તરેચિતમ્
૨૧. વિક્ષિપ્તાક્ષિપ્તકમ્
૨૨. અર્ધસ્વસ્તિકમ્
૨૩. અંચિતમ્
૨૪. ભુજંગત્રાસિતમ્
૨૫. ઊર્ધ્વજાનુ
૨૬. નિકુચિંતમ્
૨૭. મત્તલ્લિ
૨૮. અર્ધમત્તલ્લિ
૨૯. રેચક નિકુટિતમ્
૩૦. પદાપવિદ્ધકમ્
૩૧. વલિતમ્
૩૨. ઘૂર્ણિતમ્
૩૩. લલિતમ્
૩૪. દંડપક્ષમ્
૩૫. ભૂજંગત્રસ્ત રેચિતમ્
૩૬. નૂપુરમ્
૩૭. વૈશાખ રેચિતમ્
૩૮. ભ્રમરમ્
૩૯. ચતુરમ્
૪૦. ભુજંગ અંચિતમ્
૪૧. દંડક રેચિતમ્
૪૨. વૃશ્ચિક કુટ્ટિતમ્
૪૩. કટિભ્રાન્તમ્
૪૪. લતાવૃશ્ચિકમ્
૪૫. છિન્નમ્
૪૬. વૃશ્ચિક રેચિતમ્
૪૭. વૃશ્ચિકમ્
૪૮. વ્યંસિતમ્
૪૯. પાર્શ્વનિકુટ્ટનમ્
૫૦. લલાટતિલકમ્
૫૧. ક્રાન્તકમ્
૫૨. કુંચિતમ્
૫૩. ચક્રમંડલમ્
૫૪. ઉરોમંડલમ્
૫૫. આક્ષિપ્તમ્
૫૬. તલવિલાસિતમ્
૫૭. અર્ગલમ્
૫૮. વિક્ષિપ્તમ્
૫૯. આવૃત્તમ્
૬૦. દોલપાદમ્
૬૧. વિવૃત્તમ્
૬૨. વિનિવૃત્તમ્
૬૩. પાર્શ્વક્રાન્તમ્
૬૪. નિશુમ્ભિતમ્
૬૫. વિદ્યુત્ભ્રાન્તમ્
૬૬. અતિક્રાન્તમ્
૬૭. વિવર્તિકમ્
૬૮. ગજક્રીડિતમ્
૬૯. તલસંસ્ફોટિતમ્
૭૦. ગરુડપ્લુતકમ્
૭૧. ગડસૂચિ
૭૨. પરિવૃત્તમ્
૭૩. પાર્શ્વજાનુ
૭૪. ગૃધ્રાવલીનકમ્
૭૫. સંનતમ્
૭૬. સૂચિ
૭૭. અર્ધસૂચિ
૭૮. સૂચિવિધામ્
૭૯. અપક્રાન્તમ્
૮૦. મયૂરલલિતમ્
૮૧. સર્પિતમ્
૮૨. દંડપાદમ્
૮૩. હરિણપ્લુતમ્
૮૪. પ્રેખોલિતમ્
૮૫. નિતંબમ્
૮૬. સ્ખલિતમ્
૮૭. કરિહસ્તમ્
૮૮. પ્રસર્પિતમ્
૮૯. સિંહવિક્રીડિતમ્
૯૦. સિંહાકર્ષિતમ્
૯૧. ઉદ્વૃત્તમ
૯૨. ઉપસૃતમ્
૯૩. તલસંઘટ્ટિતમ્
૯૪. જનિતમ્
૯૫. અવહિતમ્
૯૬. નિવેશમ્
૯૭. અલકાક્રીડિતમ્
૯૮. ઉરુવૃત્તમ
૯૯. મદસ્ખલિતમ્
૧૦૦. વિષ્ણુકાન્તમ્
૧૦૧. સંભ્રાન્તમ્
૧૦૨. વિષ્કંભકમ્
૧૦૩. ઉદઘટ્ટિતમ્
૧૦૪. વૃષભક્રીડિતમ્
૧૦૫. લોલિતમ્
૧૦૬. નાગઉપરાર્પિતમ્
૧૦૭. શકટાસ્યમ્
૧૦૮. ગંગાવતરણમ્

આ કરણોનાં ફોટોચિત્રો તથા આકૃતિઓ ચિદમ્બરમ્‌ની શિલ્પાકૃતિઓ ઉપરથી ઉપર્યુક્ત 'તાંડવ-લક્ષણમ્' પુસ્તકમાં આપ્યાં છે. પરંતુ તે સર્વ અહીં આપવાનું અશક્ય અને બિનજરૂરી છે, કારણ કે જુદાં જુદાં કરણો વચ્ચેની ભિન્નતા ખૂબ અલ્પ તથા તાત્ત્વિક પ્રકારની જ હોવાથી તે સામાન્ય રીતે એક જ લાગે તેવાં છે. વળી સર્વ કરણોનાં ચિત્રો તેમનાં લક્ષણોને મળતાં પણ આવતાં નથી. આથી અહીં મુખ્ય મુખ્ય વીસ કરણોનાં ઉદાહરણો જ આપેલાં છે.

ચિત્રોની પેઠે સર્વ કરણોનાં લક્ષણો આપવાનું પણ નિરર્થક છે, કારણ કે તે નૃત્યની અમુક પરિભાષામાં અતિશાસ્ત્રીય તથા સૂચનાત્મક રીતે દર્શાવેલાં હોવાથી સરળતાથી સમજાય તેવાં નથી અને તેનું લંબાણ અરસિક થઈ પડવાનો પૂરતો સંભવ છે. આથી સરળ રીતે સમજી શકાય તેવાં અમુક મુખ્ય કરણોનાં લક્ષણો જ અહીં દર્શાવ્યાં છે.

લક્ષણો : મુદ્રાઓને જેમ હસ્ત-સંકેતો કહીએ છીએ, તેમ કરણોને 'અંગ-સંકેતો' કહી શકાય. કારણ કે મુદ્રાઓની પેઠે કરણો પણ ઘણી વખત અમુક ભાવ કે અર્થના દ્યોતક હોય છે અને તે અમુક વસ્તુનું સૂચન કરતા હોય છે. તે જેમ નૃત્યક્રિયાઓનાં અંગો છે તેમ મુદ્રાઓની દ્યોતક ક્રિયાઓ પણ તે જ છે. મુદ્રાઓને તેને અનુરૂપ કરણો સહિત દર્શાવવાથી તેના અર્થને અમુક દીપ્તિ કે ચમક મળે છે.

કરણોનાં લક્ષણો શાસ્ત્રીય પરિભાષામાં દર્શાવેલાં હોવાથી તે

સરળ રીતે સમજવાં મુશ્કેલ છે. દાખલા તરીકે અર્ધરચિત કરણનું લક્ષણ નાટ્યશાસ્ત્રમાં આ મુજબ આપેલું છે : 'એક હાથને 'અપવિદ્ધ' તથા પગને 'સૂચિ' કરી 'નિકુટ્ટક' તેમ જ પાર્શ્વ 'સન્નત' કરવાથી 'અર્ધરેચિત' થાય છે.' આ જ પ્રમાણે 'ધૂર્ણિત' નામના કરણનું લક્ષણ આ પ્રમાણે આપ્યું છે : 'જમણો હાથ 'વર્તિતોધૂર્ણિત' (વર્તિત કરીને ધૂર્ણિત), ડાબો હાથ 'દોલિત' તથા પગ 'સ્વસ્તિકાપસૃત' (સ્વસ્તિક કરી અપસૃત) કરવાથી 'ધૂર્ણિત' થાય છે.' આમ, આ લક્ષણો સમજવા માટે પ્રથમ તેના મૂળ શબ્દોનાં લક્ષણો સમજવાં જોઈએ. એ શબ્દો તે હાથ, પગ વગેરે અંગોની વિવિધ ક્રિયાઓનાં શાસ્ત્રીય નામો છે. તે સમજવા માટે, આપણે ઉપર જોઈ ગયા છીએ તે 'ચારીઓ' તથા 'અંગાભિનય'ના પ્રકરણમાં ઊતરવું પડશે. આથી નાટ્યશાસ્ત્રમાં સરળ રીતે આપેલાં અમુક વીસ લક્ષણો જ તેનાં ચિત્રો સાથે આ નીચે આપ્યાં છે. અન્ય કરણો ઉદાહરણો પરથી સમજી લેવાં. કરણોના પ્રયોગો નાટ્યશાસ્ત્રમાં આપેલા ન હોવાથી તે ટીકાકાર અભિનવગુપ્તની ટીકા પરથી સરળ રૂપે સંક્ષિપ્તમાં લીધાં છે.


(૧) તલપુષ્પપુટમ્


(૫) પસમનખમ્


(૬) લીનમ્


(૮) મંડલસ્વસ્તિકમ્

તલપુષ્પપુટમ્ : ડાબી તરફ પુષ્પપુટ-હસ્ત કરી (આ હસ્ત આપણે 'સંયુક્ત હસ્ત'ના પ્રકરણમાં આગળ જોઈ ગયા છીએ), એક તરફ સહેજ નમેલા પાર્શ્વથી 'પદાગ્ર-તલ-સંચર' કરવાથી (અર્થાત્ પગનો આગલો ભાગ ઊંચો રહે તેમ ઊભા રહેવાથી), આ કરણ બને છે. તે નાટ્યારંભે સૂત્રધાર દ્વારા રંગભૂમિ પર પુષ્પો વેરી અંજલિ અર્પવામાં પ્રયોજાય છે.

સમનખમ્ : બન્ને પગનાં નખ સમાન રહે તેમ જોડાજોડ પગ રાખીને, લટકતા હાથે સ્વાભાવિકપણે ઊભા રહેવું તેને સમનખમ્ કહે છે. આ કરણ સમપાદમ્ ચારી પરથી આવેલું છે અને નર્તકના પ્રથમ પ્રવેશમાં તે પ્રયોજાય છે.

લીનમ્ : છાતી પાસે 'અંજલિ હસ્ત' કરીને સહેજ વાંકા ખભાથી સીધા ઊભા રહેવું તેને 'લીનમ્' કહે છે. તે વિનતિ, વિનય, આદર વગેરે ભાવો તથા તેવા અર્થની મુદ્રાઓ દર્શાવતી વખતે પ્રયોજાય છે.

મંડલસ્વસ્તિકમ્ : મંડલ-સ્થાનથી ઊભા રહી, બંને હાથે સ્વસ્તિક (cross) કરવામાં આવતા હોઈ આ કરણ 'મંડલ-સ્વસ્તિકમ્' કહેવાય છે. તે નૃત્યમાં અમુક ચરણો (steps)ને અંતે વિરામ રૂપે યોજાય છે.

ઉન્મત્તમ્ : અંચિત (વળેલા તથા પગનો ફણો ઊંચો રહે તેવા) પગ તથા રેચિત (પ્રસારેલા) હસ્તથી ઊભા રહેવાથી ઉન્મત્તમ્ થાય છે. તે નામ પ્રમાણેના ભાવમાં યોજાય છે.

સ્વસ્તિકમ્ : હાથ તથા પગ બંનેને સ્વસ્તિક દશામાં રાખવા તેને સ્વસ્તિકમ્ કહે છે.

અલાતમ્ : આ કરણ આ જ નામની ચારીમાથી આવેલું છે. જમણો હાથ અરધો વાળીને એક પગ ઊર્ધ્વજાનુ કરવાથી (ઘૂંટણ ઊંચો કરવાથી) તે થાય છે અને લલિત નર્તનમાં તથા ગોળ ચક્કર ફરવામાં પ્રયોજાય છે.



(૧૪) ઉન્નતમ



(૧૫) સ્વસ્તિકમ્



(૧૮) અલાતમ્



(૧૯) કટિસમમ્



(૨૩) અંચિતમ્



(૨૪) ભુજંગવાસિતમ્



(૨૫) ઊર્ધ્વજાનુ

કટિસમમ્ : આ કરણમાં બન્ને હાથ કટિ સમાન (નાભિ તથા કમર પાસે) રાખવામાં આવતા હોવાથી તેને કટિસમમ્ નામ આપેલું છે. સૂત્રધારની જર્જરવિધિમાં તે પ્રયોજાય છે.

અંચિતમ્ : આ કરણમાં અંચિત હસ્ત (છાતી પાસે રાખેલો હસ્ત) પ્રયોજાતો હોવાથી તે એ નામે ઓળખાય છે. આ નટી બીજી નટી પાસે પોતાની શ્રેષ્ઠતાથી ઉન્માદિત થઈ હોય ત્યારે તે પ્રયોજાય છે.

ભુજંગત્રાસિતમ્ : એક પગ કમર સુધી ઊંચો કરી, ઘૂંટણમાંથી તે વળેલો રહે તેમ રાખવાથી આ કરણ થાય છે. તે આ જ નામની ચારી પરથી આવેલું છે.

ઊર્ધ્વજાનુ : વળેલો એક પગ ઊંચકી, જાનુ (ઘૂંટણ) ઊંચો રહે તેમ રાખવો તેને ઊર્ધ્વજાનુ કહે છે. તેમાં હાથ મરજી મુજબ રાખવાની છૂટ છે. આ જ નામની ચારી પરથી આવેલું છે.

મત્તલ્લિ : આ કરણ પણ એ જ નામની ચારી પરથી આવેલું છે. તેનાથી પગને જમીન પર ખસેડવાની ક્રિયા થાય છે,



(૨૭) મત્તલ્લિ



(૩૪) દંડપક્ષમ્



(૪૪) લતાવૃશ્ચિકમ્



(૪૫) છિન્નમ્



(૫૦) લલાટતિલકમ્



(૫૨) કુંચિતમ્

તથા હાથ છાતી પાસેથી આગળ લઈ જઈ ગોળાકારે ફેરવવામાં આવે છે. તે કેફ કે મસ્ત દશામાં દર્શાવાય છે.

દંડપક્ષમ્ : ઊર્ધ્વજાનુ કરી બન્ને હસ્ત લતા (વિલંબિત) કરવાથી આ કરણ થાય છે.

લતાવૃશ્ચિકમ્ : એક પગ વૃશ્ચિક કરીને (પાની ઉપર રહે તેમ પગ પાછળ વાળીને) ડાબો હાથ 'લતા' કરવાથી લતાવૃશ્ચિકમ્ બને છે, અને આકાશમાંથી ઊતરવું વગેરે ક્રિયાઓમાં તે પ્રયોજાય છે.

છિન્નમ્ : આ કરણનું મુખ્ય લક્ષણ 'છિન્નમ્' છે (તે કમરના એક ચલનનું નામ છે જે આપણે અંગાભિનયમાંથી જોઈ ગયા છીએ) તેથી તેને તે જ નામ આપ્યું છે. તેમાં 'અલપદ્મ' હસ્ત કટિ પાસે રાખી, વૈશાખસ્થાનથી ઊભા રહેવામાં આવે છે.

લલાટતિલકમ્ : આ કરણથી જમણો પગ વૃશ્ચિક કરી તેના અંગૂઠા વડે લલાટમાં તિલક કરાય છે, આથી તેને લલાટતિલકમ્ નામ આપેલું છે.

કુંચિતમ્ : જમણો પગ, ઘૂંટણ જમીનને અડે તેમ પાછળ વાળવો તથા ડાબો પગ ઊભો રાખવો તેને કુંચિતમ્ કહે છે. તેનાથી પ્રિય દેવતાની સ્તુતિ તથા તે દ્વારા પ્રાપ્ત થયેલો પરમાનંદ દર્શાવાય છે.



(૭૦) ગરુડપ્લુતકમ્



(૯૪) જનિતમ્



(૧૦૪) વૃષભક્રીડિતમ્

ગરુડપ્લુતકમ્ : (જુઓ સામેન પાને) પાછળ પ્રસારેલા પત્ર, 'લતારેચિત' હસ્ત, તથા ઉન્નત છાતી, તે આ કરણનાં લક્ષણો છે. તે ગુરુડના ઉડ્ડયનમાં દર્શાવાય છે.

જનિતમ્ : મૂઠી વાળેલો હાથ છાતી પર તથા બીજો લટકતો રાખી, એક પગ તાલીમ સંસ્થિત (ફણા પર મંડાયેલો) કરવો તે આ કરણનાં લક્ષણો છે. આ કરણ પણ એ જ નામની ચારીમાંથી આવેલું છે.

વૃષભક્રીડિતમ્ : 'અલાત' કરીને બંને હાથ 'રેચિત' કરી રાખવાથી આ કરણ થાય છે.

અંગહાર : અંગહારની ઉત્પત્તિ કરણમાંથી છે. બે, ત્રણ, ચાર કે તેથી વધુ કરણના સંયોગને અંગહાર કહે છે. અંગહાર એટલે અંગવિક્ષેપ અથવા શરીરનું એક સ્થાનમાંથી બીજા સ્થાન સુધીનું ચલન. અમરકોશના કર્તા અમરે અંગહારની વ્યાખ્યા આ રીતે આપેલી છે : 'શરીરની બદલાતી રહેતી સ્થિતિ તે અંગહાર. નાટ્યશાસ્ત્રના ટીકાકાર અભિનવગુપ્તની વ્યાખ્યા વધુ સ્પષ્ટ છે. તે શરીરની વિવિધ દશા કે સ્થિતિને અંગહાર કહે છે. અંગહારો અનેક છે, એવો ઉલ્લેખ નાટ્યશાસ્ત્રમાં છે, પણ તેમાંના મુખ્ય ૩૨ અંગહારોનાં નામો જ આપેલાં છે. કેટલાક અંગહારોમાં તો કરણોનાં જ નામો જોવામાં આવે છે.

કરણો અને અંગહારો વચ્ચેનો મુખ્ય ભેદ એ છે કે કરણમાં શરીર અમુક ચોક્કસ સ્થિર સ્થિતિમાં હોય છે, જ્યારે અંગહારમાં શરીરની સ્થિતિ કે સ્થાન બદલાતું રહે છે. નૃત્યકરણો તો સદ્ભાગ્યે શિલ્પાકૃતિઓ તરીકે ભાંગ્યાતૂટ્યા અવશેષ રૂપે પણ હજી સુધી સચવાઈ રહ્યાં છે, પરંતુ અંગહારોને તો કોઈ એક નિયત સ્થાન (pose) ન હોવાથી તેને અંકિત કરવાની પ્રતિકૂળતાને કારણે તે લગભગ વિલુપ્ત જેવા જ છે. નાટ્યશાસ્ત્રમાં માત્ર તેનાં નામ દસ્તાવેજ રૂપે રહી જવા પામ્યાં છે. બત્રીસ અંગહારોનાં એ નામ આ પ્રમાણે છે :

૧. સ્થિરહસ્તમ્
૨. પર્યસ્તકમ્
૩. સૂચિવિદ્ધમ્
૪. અપવિદ્ધમ્
૫. આક્ષિપ્તકમ્
૬. ઉદ્ઘટ્ટિતમ્
૭. વિષ્કંભકમ્
૮. આજરાજિતમ્
૯. વિષ્કંભાપતમ્
૧૦. મત્તાક્રીડમ્
૧૧. સ્વસ્તિક રેચિતમ્
૧૨. પાર્શ્વસ્વસ્તિકમ્
૧૩. વૃશ્ચિકમ્
૧૪. ભ્રમરમ્
૧૫. મત્તસ્ખલિતમ્
૧૬. મદવિલાસિતમ્
૧૭. ગતિમંડલમ્
૧૮. પરિછિન્નમ્
૧૯. પરિહૃત રેચિતમ્
૨૦. વૈશાખ રેચિતમ્
૨૧. પરાવૃત્તમ્
૨૨. અલાતકમ્
૨૩. પાર્શ્વચ્છેદમ્
૨૪. વિદ્યુત્ભ્રાન્તમ્
૨૫. ઉદ્ધૃતકમ્
૨૬. આલિઢ્મ્
૨૭. રેચિતમ્
૨૮. આચ્છુરિમ્
૨૯. આક્ષિપ્તરેચિતમ્
૩૦. સંભ્રાન્તમ્
૩૧. ઉપસર્પિતમ્
૩૨. અર્ધનિકુટ્ટમ્

રેચક : શરીરના કોઈ અંગને એક તરફથી બીજી તરફ ખસેડવાની ક્રિયા કે ચલનને રેચક કહે છે. તે ચાર પ્રકારનાં કહ્યાં છે : (૧) પદરેચક, (૨) કટિરેચક, (૩) કરરેચક, અને (૪) કંઠરેચક, અર્થાત્ હાથ, પગ, કમર કે ડોક ખસેડવાની ક્રિયાને જ રેચક એવું નામ આપ્યું છે.

પિંડીબંધ : નાટ્યશાસ્ત્રમાં જુદી જુદી પિંડીઓનાં નામ આવે છે, પરંતુ તે સિવાય તેનો વધુ ઉલ્લેખ જોવામાં આવતો નથી, તેથી આ પિંડીબંધ તે શું તે ચોક્કસ રીતે કહેવું મુશ્કેલ છે. પણ તેના નામ ઉપરથી જણાય છે કે દેવતાઓનાં વાહનો, ચિહ્નો કે લક્ષણો દર્શાવતી નૃત્યક્રિયાઓને 'પિંડી' કહેવામાં આવતી હશે. તે નૃત્યમાં દેવતાઓને તેમનાં લક્ષણો તથા ચિહ્નો દ્વારા દર્શાવવામાં કામમાં આવતી હશે

એમ જણાય છે. દેવોનાં પ્રિય કરણો છે જેમાં તેઓ દેખા દે છે તેને પણ પિંડીઓ કહેવામાં આવતી હોવાનું પ્રમાણ મળે છે. તે ચાર પ્રકારની જણાવી છે : (૧) પિંડીબંધ, (૨) મુખલિકા, (૩) લતાબંધ, અને (૪) ભદ્રક. પરંતુ આ પિંડીઓનો ઉલ્લેખ નાટ્યશાસ્ત્રમાં નથી. અમુક નૃત્યભાગની એક સંપૂર્ણ નૃત્યાકૃતિને પણ અમુક ગ્રંથમાં પિંડી તરીકે ઓળખાવી છે. આમ, પિંડીઓ સંબંધનાં અટપટાં વિધાનને કારણે તેને ચોક્કસ સ્વરૂપે વર્ણવવી શક્ય નથી. પ્રાચીન ગ્રંથોમાં આવી કેટલીયે વસ્તુઓ અણઉકેલી પડેલી છે. આપણી રાષ્ટ્રીય સરકાર વખત જતાં પુરાતન ભારતના આ શાસ્ત્રોક્તજનને શોધી કાઢવાના યોગ્ય પ્રયત્નો કરશે તેવી આશા રાખીએ.

જુદા જુદા દેવતાઓની પિંડીઓ નાટ્યશાસ્ત્રમાં આ પ્રમાણે દર્શાવી છે : ઈશ્વર(શિવ)ની વૃષપિંડી, કુમાર(કાર્તિકેય)ની મયૂરપિંડી, નાંદિની પદપિંડી, લક્ષ્મીની રૂપપિંડી, ચંડિકાની સિંહવાહિની, જાહ્નવી(ગંગા)ની ધારા પિંડી, વિષ્ણુની ગરુડપિંડી, યમની પાશપિંડી, સ્વયંભૂ(બ્રહ્મા)ની પદ્મપિંડી, વરુણની નદી-પિંડી, શક્ર (ઇંદ્ર)ની ઐરાવતી, કુબેરની યાક્ષી, મન્મથ (કામદેવ)ની મત્સ્યપિંડી, બલરામની હલપિંડી. આ રીતે અન્ય સર્વ દેવતાઓની જુદી જુદી પિંડીઓ જાણવી.

આમ, આપણે કરણ, અંગહાર, રેચક ને પિંડીબંધ જોયાં. નૃત્યનાં આ અંગોના સંગીતસંમિલિત નૃત્યપ્રયોગ તે તાંડવ. (૩૦૦)

સંગીત અને અધ્યાત્મ

વર્તમાન સમયમાં આપણે જે સંગીતનો ઉપયોગ કરીએ છીએ તે કેવું છે અને શું છે એ વિષે કોઈ વિચાર કરતું નથી; અને સંગીત એટલે 'સારું ગીત,' જે આપણને ગમે તે, એથી વિશેષ એની વ્યાખ્યા કોઈ કરતું નથી. સંગીતથી મનુષ્યને શા ફાયદા થાય, સંગીતની શી અસર થાય, તે વિષે સામાન્ય જનસમામાં અમુક જ માન્યતાઓ પ્રવર્તે છે. (૧) સંગીત એ આનંદ મેળવવાનું સાધન છે; (૨) સંગીતથી થાક ઊતરી જાય છે; (૩) પશુપક્ષીઓ મુગ્ધ બને છે અને (૪) સંગીતથી ભગવાન પ્રસન્ન થાય છે.

પણ ઉપર પ્રમાણેની બધી જ માન્યતાઓ કાંઈ વર્તમાન સમયમાં ગવાતા સંગીતની અસર નીચે આવતી નથી. તેથી સંગીત એટલે શું તે પ્રથમ સમજવાની જરૂર છે. વળી, જે સંગીતથી ભગવાન પ્રસન્ન થાય બલ્કે માણસ આધ્યાત્મિક બને તે સંગીત કયું તે પણ જાણવું જોઈએ.

દેશી અને માર્ગી સંગીત

સંગીતના બે પ્રકાર છે : (૧) દેશી, (૨) માર્ગી. હાલ આપણે જેને સંગીત કહીએ છીએ તે દેશી સંગીત છે. 'સંગીત રત્નાકર'માં શ્લોક છે કે

यत्तु वाग्येकारेण रचितं, लक्षणान्वितम् ।
देशिरागादिषु प्रोक्तं तद् गानं जनरंजनम् ॥

આ શ્લોક પરથી એમ સમજાય છે કે જનમનના રંજનના હેતુથી જે સંગીતને નિયમબદ્ધ કરવામાં આવ્યું (એટલે કે જેનું શાસ્ત્ર રચવામાં આવ્યું) તે દેશી સંગીત કહેવાય છે. એટલે આજ જે શાસ્ત્રીય સંગીત આપણે ગાઈએ છીએ તેનો હેતુ ફક્ત મનુષ્યોના મનનું રંજન કરવાનો જ છે. આવી જ વ્યાખ્યા સંગીતના રાગ માટે પણ મળે છે.

रंजको जनचित्तानां स राग: कथ्यते बुधै: ।

આમ આ મનરંજનના હેતુ માટે રચાએલ સંગીત એ સર્વને પ્રિય છે. અને તેથી જ દેશકાલ પ્રમાણે પરિવર્તનશીલ છે.

હવે માર્ગી સંગીત વિષે 'સંગીત રત્નાકર'નો અભિપ્રાય જોઈએ:

अनादि संप्रदायम् यद् गंधर्वै: संप्रयुज्यते ।
नियत श्रेयसो हेतु: तद् गांधर्वं जगुर्बुधा: ॥

ઉપર શ્લોકમાં 'નિયતમ્ શ્રેયસો હેતુઃ' એ જ મુખ્ય વસ્તુ છે. એ જ ગંધર્વગાન છે, એ જ નિત્ય છે, એમાં જ મનુષ્યનું શ્રેય છે. એવા એ શ્રેયસ્કર સંગીતને માર્ગી કહીશું, કારણ કે આવું જ સંગીત મનુષ્યનો શ્રેયનો માર્ગ બતાવે છે. આત્માના કલ્યાણને માર્ગે વાળે છે. વળી યોગીઓ જેમ અમુક સિદ્ધિઓ દ્વારા ઈશ્વરને પ્રાપ્ત કરે છે, તે જ રીતે માર્ગી સંગીત પણ ઈશ્વરના સાંનિધ્યનો માર્ગ ચીંધે છે. માટે જ તેને માર્ગી કહ્યું છે.

આજ સુધી જે ભક્તો માર્ગી સંગીતને અનુસર્યા છે તેમને ઈશ્વરાભિમુખ થવામાં તથા સાક્ષાત્કારમાં જરૂર સહાય મળી છે. એ તો જાણીતું છે કે સંગીત ચિત્તને એકાગ્ર કરવામાં સહાય કરે છે; અને એકાગ્રતાથી જ એ સાંનિધ્ય સિદ્ધ થાય છે. આમ, માર્ગી એ દિવ્ય સંગીત ગણાયું છે અને દિવ્ય સંગીતને 'સામગાન' કહ્યું છે.

यंब्रह्मा वरुणेन्द्र-रुद्र-मरुत: स्तुन्वन्ति दिव्यै: स्तवै
वेंदै: साङ्गा-पद-क्रमोपनिषदैर्गायन्ति यं सामगा:

પરમાત્માની સ્તુતિ બ્રહ્મા-વરુણ-ઈન્દ્ર વગેરે દેવો પણ સામગાનયુક્ત વેદ-પદ-ક્રમ ઉપનિષદના દિવ્યમંત્રોથો કરતા.

સંગીતની સિદ્ધિ

આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે અમુક મહાત્માએ એક માણસને ધન આપ્યું અથવા રોગી માણસનો રોગ મટાડ્યો વગેરે. એ જ રીતે સંગીતની સાધનાથી પણ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. મલ્હાર ગાવાથી વરસાદ થવો, દીપક રાગથી અગ્નિ પ્રકટવો, માણસને મોહવશ કરવો, નિદ્રામાં નાખવો વગેરે. પણ આ સિદ્ધિના મોહમાં ન ફસાતાં જે આગળ વધે છે તે જ પરમાત્માના પદકમળ સુધી પહોંચે છે.

આપણે જે ભજનો ગાઈએ છીએ તે એક રીતે માર્ગી સંગીતના અંગ રૂપે છે. આજના રાગ-રાગિણીના આલાપ વગેરેને છોડીને જો ભજનના શબ્દોના ભાવયુક્ત ગાન પર લક્ષ્ય આપીએ તો એ વધુ સારું ગવાય છે. ભજન એટલે ઈશ્વરસ્તુતિ જ ને ? તેમાં ભાવ જ મુખ્ય વસ્તુ છે. ભાવથી જ એકાગ્રતા આવે અથવા તેમાં લીન થવાય. અને એટલે જ તે શ્રેયસ્કર છે. આથી જ આપણે જોઈએ છીએ કે કબીર, મીરાં વગેરે જેવા કેટલા યે સંતોએ સગીતને અપનાવેલું છે. એ હમેશાં ભજનમાં જ ઈશ્વરનાં ગુણગાન કરતા મસ્ત રહેતા, અને સગીત દ્વારા પોતાનું આધ્યાત્મિક જીવન જીવતા.

સ્વ. કવિવર ટાગોરે ગીતાંજલિમાં એક જગ્યાએ લખ્યું છે કે 'તારા દર્શન માટે મેં કોટિ ઉપાય કર્યા પણ હું નિષ્ફળ ગયો; ફક્ત સંગીત દ્વારા જ હું તારાં ચરણ પાસે આવવા લાયક થયો.'

અધ્યાત્મની દ્રષ્ટિએ તપ, સંયમ કે બીજા કોઈ પણ માર્ગ કરતાં સંગીત દ્વારા એકાગ્રતા અને તાદાત્મ્ય સાધવાનો માર્ગ ટૂંકો, સહેલો અને ઉચ્ચ કોટિનો ગણાયો છે. આમ, માર્ગી સંગીત આધ્યાત્મિક જીવન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. જેમણે જેમણે સંગીતની એ સમજથી આરાધના કરી છે તે સૌ જીવનની ઉચ્ચ સપાટીએ પહોંચ્યા છે. (૩૮૦)

રામચન્દ્ર નારાયણ ખરે

લઘુ-યોગ

લાંબું જીવવા અને સુખ પ્રાપ્ત કરવા માટે સંસારમાં રહીને કરી શકાય તેવો રોજિંદો કાર્યક્રમ



સાધુરામ દવે


યોગ જેવા ઊંડા અને ગહન વિષયને, સામાન્ય માણસને પણ સમજણ પડે તે રીતે ટૂંકાવીને સમજાવતા આ લેખમાં શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિને માટે આખા યોગશાસ્ત્રના અને બીજા થોડા સામાન્ય નિયમોમાંથી તારવીને ઘેર કરી શકાય તેવાં કેટલાંક સૂચનો તથા કસરતો આપવામાં આવ્યાં છે. આશા છે કે દરેક જણ તે પ્રામાણિકપણે અને નિયમિતપણે કરશે તો તેનું અદ્ભુત પરિણામ જોઈ શકાશે.

યોગી બનવું તે સામાન્ય વાત નથી જ. કોઈ વિરલાઓ જ તે કઠણ માર્ગે જવાનો પ્રયત્ન કરશે, ને તેમાંથી વળી કોઈક જ 'યોગી' બની શકશે. આધુનિક જમાનો જુદી જ જાતનો છે. પહેલાંના જેવી શાંત અને સરળ જિંદગી હવે રહી નથી. આત્મોન્નતિના એ વિચારો ઝટ દઈને લોકોના મગજમાં પેસવાના નથી. એટલે આ અમૂલ્ય બક્ષિસને આજના જમાનાને અનુરૂપ ટૂંકાવીને એક ચોક્કસ કાર્યક્રમ યોજવો ઇષ્ટ છે. તે કાર્યક્રમ સૌ ભાઈ કે બહેન, નાનાં યા મોટાં, જુવાન કે ઘરડાં પણ કરી શકે તેવો છે. તેનાથી કોઈ જાતનું નુકસાન થવાનું નથી. આજે તો આત્માના દિવ્ય જોડાણની વાત કરતાં લોકોને પોતાની હોજરીનાં ચાંદાં અને લોહીના દબાણની વાતમાં જ ઝાઝો રસ છે. એટલે નરી ફિલસૂફીની વાત કોઈ સાંભળનાર નથી. દરેક જણ પોતાનું દુઃખ જ રડ્યા કરે છે ત્યાં કુંડલિની જાગ્રત કરવામાં કોણ રસ લેશે ? એટલે આપણે જનહિતને ખાતર પણ ઊંચી ભૂમિમાંથી નીચે જમીન ઉપર ઊતરવું પડશે. અને એ દૃષ્ટિએ જ આ વીસ મિનિટનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો છે.

આ સંસારની દોડધામ અને તેનાં અનેક દુઃખો વચ્ચે આત્મિક શાંતિ અને સાચા સુખની માણસને જરૂર તો છે જ, પરંતુ સુખી શી રીતે થઈ શકાય તે જ કોઈને સમજાતું નથી. તેને માટે ભારતની પ્રખ્યાત અને સર્વશ્રેષ્ઠ યોગપદ્ધતિને આધુનિક જમાનામાં અનુસરી શકાય તેવી રીતે અત્રે આપી છે. એમાં અસલ યોગની અઘરી ક્રિયા-પ્રક્રિયાઓને છોડી દીધી છે, છતાં યોગનાં સર્વ પગથિયાંનો, ટૂંકમાં સમાવેશ કર્યો છે. એથી ઉચ્ચ સ્થિતિ તો પ્રાપ્ત કરી શકાશે. આવા આ સહેલા, આધુનિક, દરેક જણ માટે શક્ય અને રોજ કરી શકાય તેવા 'યોગ'ને આપણે 'લઘુયોગ' કહીશું.

આમાં માત્ર ધ્યાન એટલું રાખવાનું કે બતાવેલી ક્રિયાઓ ખૂબ ધીમેથી, શાંત ચિત્તે, સંપૂર્ણ લાભ જ થનાર છે એવા વિશ્વાસથી કરવાની છે. શંકાને આમાં સ્થાન જ નથી. આ ક્રિયાઓ સહેલી પણ એટલી જ છે. દરરોજની માત્ર વીસ મિનિટથી માણસ એમાંથી અકલ્પ્ય લાભ ઉઠાવી શકશે. આ વાત કેટલાકને ગળે નહિ ઊતરે. છતાં દરેક જણ પ્રામાણિકપણે ને નિયમિત તે ક્રિયાઓ એક જ માસ કરે અને પછી તેનું પરિણામ જુએ. ઇંગ્લંડમાં તો આને માટે ખાસ વર્ગો ચાલે છે. હજારો વિદ્યાર્થીઓના અનેક પ્રામાણિક દાખલા પણ મોજૂદ છે. અલબત્ત, આમાં ગોટલાવાળું ગંઠાયેલું શરીર નહીં બને; યા તો વજન વધારવાનો આ કીમિયો પણ નથી. પરંતુ શરીરને નીરોગી, સશક્ત, ચપળ ને તેજસ્વી બનાવી સાથોસાથ મનને શાંત, હિંમતબાજ ને ચિંતામુક્ત બનાવવાનો આ પ્રતીતિજનક ને પ્રમાણભૂત માર્ગ છે, એટલું ચોક્કસ, મનુષ્ય હંમેશાં આનંદી રહી, ઉચ્ચ ધ્યેયે જ કાર્ય કરે તેવી માનસિક પ્રકૃતિ પ્રાપ્ત કરવાની આ કળા છે. જો કોઈ આ ક્રિયાઓ રોજ કરવાની પ્રતિજ્ઞા સાથે ઓછામાં ઓછો એક માસ કરે તો તેને તેથી એટલો તો ફાયદો થયેલો જણાશે કે પછી તે આને જિંદગીનું એક આવશ્યક ને અનિવાર્ય અંગ બનાવ્યા વિના નહિ રહે.

આ ક્રિયાઓને આપણે ચાર ભાગમાં વહેંચીશું અને તે દરેકને માટે પાંચ જ મિનિટ બસ થઈ પડશે. પછી પ્રત્યેક જણ પોતાની જરૂરિયાત મુજબ તે યોગ વધારશે તો આનંદની વાત છે, પરંતુ પાંચ મિનિટ પણ દરેક ક્રિયા માટે પૂરતી છે. પ્રથમ પગથિયું 'આરામ' જેને અંગ્રેજીમાં deep relaxation કહે છે તે છે. બીજું સ્નાયુઓને તંગ કરવાની સહેલી કસરત જેને અંગ્રેજીમાં deep contraction કહે છે તે છે. ત્રીજું પગથિયું ઊંડા શ્વાસોચ્છ્વાસ(deep breathing)નું અને ચોથું મનની એકાગ્રતા(deep Concentration)નું છે. આમાં યોગશાસ્ત્રનાં ત્રણથી આઠ પગથિયાં આવી જાય છે. 'યમ'–'નિયમ' વિષે વધુ લખવાની જરૂર નથી, કારણ કે દરેક જણ સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકશે કે પવિત્ર જીવન જીવવા માટે એ બધા સદ્ગુણોની જરૂર છે જ. મનુષ્ય અપ્રામાણિક રહીને ઉચ્ચ ધ્યેયની આશા કદાપિ ન જ રાખી શકે તે



દેખીતું છે. માટે યમ-નિયમ તથા સદ્‌ગુણોની જરૂર તો નિશ્ચિત સમજી જ લેવાની છે. હવે આપણે દરેક પગથિયું ક્રમશઃ સમજીએ.

૧. ઉચ્ચ પ્રકારની શિથિલતા અને સંપૂર્ણ આરામ (deep delaxation) : આને માટે ચોક્કસ ગુજરાતી શબ્દ મળ્યો નથી. આપણા બાપદાદાઓના શાંતિમય જીવન કરતાં આપણે આજે સહેજે દસ-પંદરગણી ઝડપવાળું જીવન જીવી રહ્યા છીએ. દરેક વાત ઉતાવળે કરવાને લીધે આપણે ખોટા થાકના ભોગ બન્યા છીએ. તેથી આપણે માટે આરામની વિશેષ જરૂર છે. એટલે આપણે તે બધો થાક પાંચ જ મિનિટમાં ઉતારવાની કળા સમજી લેવી જરૂરની છે.

જમીન ઉપર એક શેતરંજી પાથરીને ચત્તા સૂઈ જાઓ. શરીરના દરેક અવયવને ખૂબ જ ઢીલો કરી દો. જાણે મડદું જ પડ્યું હોય તેવી રીતે સૂઓ. આને 'શવાસન' પણ કહેવાય છે. એકેએક વિચાર મનમાંથી કાઢી નાખો અને નિશ્ચિંત પડી રહો. જે જગ્યામાં તમે આમ પડી રહો ત્યાં એ પાંચ મિનિટ દરમિયાન કોઈ ના આવે તે ધ્યાનમાં રાખવું, કારણ કે તમારી એ પાંચ મિનિટની શાંતિનો ભંગ કોઈ હિસાબે ન થવો જોઈએ. આમ સૂતા બાદ, એક હાથને ધીરેથી ઊંચકો – ખૂબ જ ધીમેથી અને એટલી જ શાંતિથી તે હાથને નીચે મૂકો. તેવી જ રીતે વળી બીજો હાથ. હવે એ જ રીતે બંને પગને વારાફરતી લઈ શકાય. આ કાર્ય ખૂબ જ ધીમેથી થવું જોઈએ. સાથે સાથે તે વખતે ખ્યાલ કરવો કે પોતાની સામે અનંત સમય પડ્યો છે. કોઈ જ વાતની ઉતાવળ નથી. સર્વત્ર શાંતિ છે, આનંદ છે, હું અમર છું, મારો આત્મા અજન્મા છે, તેથી કોઈ ચીજની ફિકર નથી; આખા દિવસના કાર્ય માટેની શક્તિનો પ્રવાહ હું અત્યારે ભરી લઉં છું. હું અનાસક્ત છું – આવા આવા વિચારો સંપૂર્ણ શ્રદ્ધાથી કરવા. આમાં ચાર વસ્તુ મુખ્ય છે : (૧) આવો સંપૂર્ણ આરામ લેવાની ઈચ્છા, (૨) આ પદ્ધતિ એ નવા જમાનાની 'ફૅશન' નથી, પરંતુ આપણા આ મહાન દેશની એક પ્રાચીન, પ્રખ્યાત ને સિદ્ધ યોગક્રિયા છે તેની ખાતરી, (૩) તેને કાર્યમાં મૂકવાની પ્રતિજ્ઞા, અને (૪) સૌથી અગત્યનું તો એ કે આ આરામ આપણે બળજબરીથી નહીં પણ નિરાંતથી, પ્રસન્નતાથી લઈએ છીએ એવી પ્રતીતિ. આમ, ખૂબ જ શાંતિથી, ધીમેથી ને ચોક્કસ રીતે ઉચ્ચ શિથિલતા પ્રાપ્ત કરવાની છે. આવી થોડા વખતની ટેવ પછી તો બેઠાં બેઠાં પણ આ સંપૂર્ણ આરામ લઈ શકીએ. એક જ અઠવાડિયામાં તમને સમજાશે કે આ પાંચ જ મિનિટમાં કેટલી સરસ રીતે સંપૂર્ણ આરામ લઈ શકાય છે.

આપણે જોઈએ છીએ કે કેટલાયે માણસો સ્થિર બેસી જ શકતા નથી. તેમનાં આંગળાં, પગ, હાથ કે ખભા હાલ્યા જ




પ્રાણીબાગમાં જઈને કોઈ રીંછને આરામથી પડેલું જોજો

કરવાનાં. કેટલાકને હોઠ ચાટવાની કે ભવાં ફેરવવાની ટેવો પણ હોય છે. તે બધા જાણે ગતિનાં જ પોટલાં હોય તેમ જણાય છે. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે આમાં શક્તિનો ફોગટ વ્યય થાય છે. જે આ ઉચ્ચ પ્રકારની શિથિલતા(deep ralexation)ની ક્રિયા કરશે તેને આવી ટેવો નહીં રહે.


સવારનો શૌચાદિથી પરવાર્યા બાદનો સમય આ માટે ખૂબ જ અનુકૂળ છે. તેની અનુકૂળતા ન હોય તેઓ સાંજે પણ આ ક્રિયાઓ કરી શકે છે. માત્ર જમ્યા બાદ ત્રણ કલાક જવા દેવા જરૂરી છે. ઑફિસમાં યા કોઈ બીજે સ્થળે થાક લાગ્યો હોય તો ત્યાં ને ત્યાં બેઠાં બેઠાં પણ પાંચ જ મિનિટમાં આ ક્રિયાથી પૂરતી સ્ફૂર્તિ મેળવી શકાય છે.

(૨) સ્નાયુઓ અને શરીરને તંગ કરવાની ક્રિયા (deep concentractionn) : શરીરને જોઈતી કસરતો નહીં મળવાથી મનુષ્યયોનિમાં તરેહતરેહના, બેડોળ, જુદી જુદી આકૃતિના માણસો આપણી નજરે પડે છે. જ્યારે પશુઓમાં ભાગ્યે જ આવી વિકૃત આકૃતિઓ મળશે. સિંહ જુઓ તો બધા જ જાણે સરખા. એવી જ રીતે ચકલીઓ જુઓ તો જાણે એક જ જાતની. જ્યારે મનુષ્ય જુઓ. આપણી આસપાસ જ નજર કરશો તો બેડોળ કહી શકાય તેવા પાતળા, જાડા, હાથપગ વગેરે વિકૃત અવયવોવાળા માણસો જોશો. જો પશુઓ જ કદાચ આપણા મનુષ્યોનું પ્રદર્શન ભરે તો તેઓ તો હસ્યા જ કરે ! આપણે સૌથી ઉચ્ચ યોનિના છતાં આવી વિચિત્ર દશામાં જીવીએ છીએ જ્યારે પશુઓ કુદરતને ખોળે રહીને જાતને એકસરખી જાળવી રહ્યાં છે તે સમજવા જેવું છે.


અમુક પ્રકારની, એક જ જાતની કસરતો સરવાળે નકામી ને કંટાળાભરેલી છે. કોઈએ સિંહ કે વાઘને એવી રીતે અમુક જ પ્રકારની કસરતો કરતાં જોયો છે ? છતાં તેની અખૂટ તાકાત વિષે કોઈને શંકા નથી. આ પરથી આપણે એમ કહી શકીએ કે શરીરની જે કુદરતી અને સહજ હિલચાલ તે જ ખરી કસરત. પરંતુ આપણે મોટે ભાગે બેઠાડુ જીવન ગાળીને,



પશ્ચિમોત્તાન આસન



ભુજંગાસન



હલાસન

શરીરના દરેક અવયવને જે રીતે હલાવવા-ચલાવવા જોઈએ તે કરતા જ નથી. ચાલવા જેવી સારી કસરત કોઈ નથી, છતાં આપણે અત્યારે બે ફર્લોંગ જવા માટે પણ વાહનનો ઉપયોગ કરતા થઈ ગયા છીએ !

પશુઓ પોતાની પુખ્ત વયે પહોંચ્યા પછી પાંચગણું જીવે છે, જ્યારે મનુષ્ય બેથી ત્રણગણું જ જીવે છે. પશુઓમાં સરેરાશ ⅚ ભાગ પોતાના આયુષ્ય સુધી સશક્ત હોય છે, જ્યારે મનુષ્યોનો તો અર્ધો ભાગ જ સશક્ત હોય છે. આપણે પશુઓમાંથી પાઠ ગ્રહણ કરવાનો છે. તે માટે આપણે શરીરના દરેક સ્નાયુને થોડી પણ કસરત મળે અને શરીરના દરેક છેડા સુધી લોહી બરાબર પહોંચી સારી રીતે ફરી શકે તેવી સરળ કસરત કરીશું. આસનો એ માટે જ બતાવેલાં છે, પરંતુ આપણે તો પાંચ મિનિટમાં જ આ આખો લાભ ઉઠાવવાનો હોઈ આસનોને પણ ટૂંકાવીને જરૂરી જ કસરત કરી લઈશું. પહેલી કસરતમાં આખું શરીર આરામમય બનાવી બેઠા થતાં આપણે શક્તિનો પ્રવાહ આપણા શરીરમાં જાણે ભરી લીધો. હવે આપણે બીજી કસરત જોઈએ.

શાંત ચત્તા સૂઈ જાઓ. એ જ ઓરડો ને એ જ શેતરંજી કાયમ છે. હવે ધીમથી પગને ખેંચીને (તંગ કરીને) ઊંચકો. આને લીધે કેડ, જાંઘ અને પગના બધા સ્નાયુઓ તંગ બનશે. બને તેટલો વખત પગને તે સ્થિતિમાં રાખીને, પછી ખૂબ જ ધીમેથી નીચે મૂકો. આ સર્વાંગાસન અને હલાસનની પ્રાથમિક ક્રિયાઓ થઈ.

હવે બેઠા થાઓ. બંને પગ સીધા લાંબા કરો, ને બંને પગના અંગૂઠા બંને હાથથી પકડો. કેડને વાળો. થોડી વાર એમ ને એમ રહો. પછી ધીમેથી ટટાર થાઓ, બેઠાં બેઠાં જ. આ પશ્ચિમોત્તાસન થયું.

ત્યાર બાદ ઊંધા સૂઓ. હાથને પેટ આગળથી કોણીએ દબાવી, પેટને ઊંચકો. આમાં થોડા અનુભવની જરૂર પડશે. થોડા જ દિવસમાં તે ફાવી જશે. આ ભુજંગાસન થયું.

છેવટે ઊભા થાઓ. જાંઘ ઉપર હાથ રાખો. શ્વાસ કાઢી નાખીને, પેટના ઉપરના ભાગને ઊંચકો અને પછીથી ધીમેથી પાછા ટટાર ઊભા રહો. આ ઉડીયાન-બંધનું પ્રથમ પગથિયું થયું.

આ ક્રિયાઓ પરથી એટલું સમજાયું હશે કે તે સ્નાયુઓને તંગ કરવાની ક્રિયા છે. તે સૂતાં, ઊભાં કે બેઠાં પણ થઈ શકે. તેમાં તમારે આમ જ કરવું એવું કંઈ નથી, પરંતુ મરજી ફાવે તેવી રીતે ગરદન, છાતી, કરોડ, હાથ, પગ, કેડ વગેરેને ખૂબ જ ધીમેથી તંગ કરી, બને તેટલો સમય તે જ દશામાં રાખવાં, ને પછી ખૂબ જ ધીમેથી ઢીલાં કરવાં. મુખ્ય ધ્યેય શરીરના ખૂણેખૂણામાં લોહી પહોંચાડવાનું છે, દરેક સ્નાયુ જે અત્યાર સુધી એમ ને એમ સુસ્ત પડ્યો રહેલો તેને કસરત આપવાનું છે. માટે 'ફલાણું જ આસન કરો' એવું આમાં નથી. સૌ પોતાને ફાવે તેવો પાંચ-સાત મિનિટનો કાર્યક્રમ ઘડી કાઢે. આસન એકલાં જ કરવાં હોય તો સર્વાંગાસન શ્રેષ્ઠ છે. તે બે મિનિટ કરો, બે મિનિટ પશ્ચિમોત્તાનાસન કરો અને બીજી બે મિનિટ બીજા અવયવો ખેંચવાની ક્રિયા કરો.

ઉપરની બંને ક્રિયાઓમાં પશુઓમાંથી આપણે ઘણું શીખવાનું છે. બને તો પ્રાણી-બાગમાં જઈને પ્રાણીઓને ધ્યાનથી નીરખજો. રીંછ, હરણ યા કોઈ પણ પશુ જ્યારે આરામની અવસ્થામાં હોય ત્યારે ધ્યાનથી જોજો. તેનું જાણે મડદું જ પડ્યું છે. જાણે કોઈ ચિંતા જ નથી. દરેક અવયવ ખૂબ જ ઢીલો કરીને તે પડી રહે છે. તે જ રીતે કૂતરાં, બિલાડાં, ભેંસ યા ગાયને જોવાથી પણ આરામ (relaxation)નો ખરો ખ્યાલ આવશે. તે જ પ્રમાણે જ્યારે તે પ્રાણીઓ ઊંઘમાંથી ઊઠે છે યા તો તેમને કસરતની જરા પણ જરૂર લાગે છે ત્યારે પોતાના પગ ધીમેથી પણ જોરથી ખેંચી તેઓ આળસ મરડે છે. વાઘ મોં ફાડીને, ઊંડું બગાસું ખાઈ બધા સ્નાયુઓને જોઈતો લોહીનો પ્રવાહ આપીને, સ્વસ્થ થઈ જાય છે. ઘોડો હણહણીને યા પાછલા બે પગે ઊભો થઈને સ્ફૂર્તિ મેળવી લે છે. પંખીઓ પાંખો પસારી યા ફફડાવીને પોતાની સ્વસ્થતા જાળવી લે છે. આ બધાં પાસેથી આપણે પણ એટલું શીખીએ કે તેમાં શરીરના દરેક સ્નાયુને ધીમેથી ખેંચી લોહીને શરીરના દરેક છેડા સુધી ધકેલી આપવાનું હોય છે.

(૩) ઊંડો અને દીર્ઘ શ્વાસોચ્છ્વાસ (deep breathing) : શ્વાસોચ્છ્વાસ એ શરીરની મુખ્ય ક્રિયા છે. એક દિવસના આપણે ૨૩,૦૦૦ શ્વાસ લઈએ છીએ. આ ક્રિયા ઉપર કાબૂ ધરાવનારા જીવતા દટાઈને અમુક કલાક બાદ સજીવન નીકળવાના દાખલા મોજૂદ છે. શીત પ્રદેશમાં પ્રાણીઓ આ જ રીતે મહિનાઓ સુધી દટાઈ રહે છે.

શ્વાસ લેવા ને બહાર કાઢવાની મુખ્ય બે ક્રિયાઓ છે. આપણે કેટલી હવા અંદર લઈ શકીએ તે આપણાં વજન, ઊંચાઈ, શ્વાસ લેવાની ક્રિયા વગેરે પર અવલંબે છે. શ્વાસ અંદર લેવાનું સામાન્ય પ્રમાણ વીસ ઘન ઇંચ છે, તે વધારીને સો ઘન ઇંચ સુધી પણ કરી શકાય. કોઈ પણ વખતે શરીરમાં અમુક પ્રમાણમાં હવા તો હોય છે જ. યોગીઓ કદાચ આ જાતની સિલક હવા ઉપર જ લાંબા વખત સુધી દટાઈ રહેતા હોય.

ફેફસાં વાટે હવા લોહીમાં મળી જાય છે. આમ, હવા એ આપણો મુખ્ય ખોરાક છે. છતાં બીજા ખોરાક ઉપર આપણે જેટલું ધ્યાન આપીએ છીએ, તેના પ્રમાણમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા પર કાંઈ જ આપતા નથી.

શુદ્ધ હવા શરીરમાં અંદર જઈ, છેવટે કાર્બનડાયૉક્સાઇડ રૂપે બહાર આવે છે, શાંતિમાં જે પ્રવાહ ચાલુ હોય તેના કરતાં ગુસ્સામાં યા ચિંતામાં તે પ્રવાહ લગભગ આઠગણા વધી જાય છે. એટલે આ શ્વાસોચ્છ્વાસની ક્રિયા એકલી શારીરિક જ નથી, પરંતુ માનસિક વૃત્તિઓ પર પણ તેનો ઘણો આધાર રહે છે.

હવે આપણે પાંચ મિનિટમાં ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવાની

પદ્ધતિ જોઈએ. યોગશાસ્ત્રમાં બતાવેલી પ્રાણાયામની ક્રિયાઓ સાચા ગુરુ વિના કરવી જોખમકારક હોઈ, અહીં એવી સાદી ક્રિયા બતાવી છે કે જેનાથી કોઈને કાંઈ પણ નુકસાનનો સંભવ નથી. શ્વાસને અટકાવવાની ક્રિયા 'કુંભક' આપણે કાઢી જ નાખીએ અને ફક્ત શ્વાસ અંદર લેવો ને બહાર કાઢવો એટલી જ સાદી ક્રિયા રાખીએ. તમે તે સૂતાં, ઊભાં યા તો બેસીને પણ કરી શકો છો. ઉપર જણાવેલી બંને કસરતો કર્યા પછી આ ક્રિયા કરવી. ભૂખ્યે પેટે થાય તો ઉત્તમ, નહિ તો જમણ બાદ ત્રણ-ચાર કલાકને અંતરે જ તે કરવી. શ્વાસ ખૂબ જ ધીમેથી ને નાક વાટે (એટલે કે મોં બંધ કરીને) અંદર લેવા માંડો.

શ્વાસ પહેલાં પેટના ભાગમાં જવાથી તે ભાગ ઊંચો આવશે. પછી તે છાતીના ભાગમાં જશે. શ્વાસ જેટલો ઊંડો લઈ શકાય તેટલો જ અને ધીમેથી જ લેવો. આપણે ઇનામ મેળવવાનું નથી. આપણાથી બને તેટલો જ દીર્ઘ શ્વાસ લેવો ને ખૂબ જ ધીમેથી તેને નાક વાટે જ બહાર કાઢવો. 'ખૂબ જ ધીમેથી' એટલી વાત હંમેશ ખ્યાલમાં રાખજો.

આ તો ખૂબ સહેલી ક્રિયા છે, પરંતુ તે કરતાં કરતાં એટલી જ અગત્યની બીજી વાત એ ધ્યાનમાં રાખવાની છે કે શ્વાસ અંદર લેતાં તમારે માનસિક સૂચનો કરવાનાં છે. મુખ્ય બાબત આ જ છે. એ સૂચનો નીચે મુજબ હોઈ શકે : આ પ્રાણશક્તિ જ્યારે મારા શરીરમાં જાય છે ત્યારે હું નિત્ય યૌવન, સત્ત્વસંશુદ્ધિ અને દીર્ઘાયુષી જીવન પ્રાપ્ત કરું છું; પ્રાણના સરોવરમાં હું તરી રહ્યો છું; શિવ સંકલ્પવાળું મારું મન બન્યું છે અને પ્રકાશનો ધોધ મારી સમક્ષ વહી રહ્યો છે, વગેરે. ટૂંકમાં નવજીવન પ્રાપ્ત કરવાની ભાવના કરવી. તે જ મુજબ શ્વાસ બહાર કાઢો ત્યારે પણ સૂચન કરવાનાં છે. તે નીચે મુજબનાં હોઈ શકે : 'આ અપાન વાયુ જ્યારે મારા શરીરમાંથી બહાર જાય છે ત્યારે મારા શરીરનાં સર્વ રોગ, ભય, આળસ તથા થાકને તાણીને બહાર ખેંચી જાય છે. સાથે સાથે કામ, ક્રોધ, ઈર્ષ્યા, લોભ એ સર્વ મારી ત્રુટિઓને પણ તે સાથે લેતો જાય છે.'


જે સારા સંકલ્પની ઇચ્છા હોય તે, શ્વાસ અંદર લેવા સાથે કરવી અને પોતાને જે વસ્તુથી સુધરવાની જરૂર હોય તેને શ્વાસ બહાર જવા સાથે ખૂબ જ ભારપૂર્વક ધ્યાન નીચે લાવી તે બહાર જતી હોય તેમ હાથની સંજ્ઞા કરવી. આ માનસિક સૂચનો કોઈએ હસી કાઢવા જેવાં નથી. તેના પ્રત્યક્ષ ફાયદા એક અઠવાડિયામાં જ જોઈ શકાશે.

પ્રાણ આમ તો શરીરમાં આપણા શ્વાસોચ્છ્વાસની સાથે જાય છે જ, પરંતુ કોઈ પણ શક્તિકેન્દ્ર ઉપર તેને કેન્દ્રિત કરવાથી તે શક્તિકેન્દ્રો જાગ્રત થઈ શકે છે. માટે જે ભાગને આપણે વધુ બળવાન બનાવવો હોય તેની ઉપર, શ્વાસ જ્યારે અંદર જાય ત્યારે મનને કેન્દ્રિત કરવું અને તે ભાગમાં નવજીવન ભરાય છે તેવી ચોક્કસ કલ્પના કરવી.

સામાન્ય રીતે શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં 'રેચક' કરતાં 'પૂરક' ઓછો હોય છે, પરંતુ અહીં આપણે બંનેને સરખા જ લઈશું. જેટલી વખત 'પૂરક' આવે, તેટલી જ વખત આશરે 'રેચક'. આ 'પૂરક' ને 'રેચક'નું ચક્ર આપણે સપ્રમાણ ને તાલબદ્ધ ક્રિયા તરીકે કરવાનું છે. આમ થોડી મિનિટો શ્વાસોચ્છ્વાસની ક્રિયા બાદ છેલ્લો શ્વાસ 'શુદ્ધિશ્વાસ' તરીકે લેવો. તેમાં પહેલાંની જ માફક શ્વાસ નાક વાટે ધીમેથી અંદર લઈ જવો, પરંતુ બહાર કાઢવાને વખતે એક જ આંચકાની સાથે મોં વાટે બહાર કાઢવો. તે બહાર કાઢતી વખતે 'યુ' શબ્દ જાણે મોંથી બોલતા હોઈએ તેમ કરશો તો શ્વાસ ખૂબ સહેલાઈથી બહાર નીકળી જશે. ધ્યાન રાખવું કે આ 'શુદ્ધિ-શ્વાસ' એ છેલ્લી જ વારની ક્રિયા છે, ને આ સિવાય યોગમાં મોંનો ઉપયોગ નિષિદ્ધ મનાયો છે.

(૪) સંપૂર્ણ એકાગ્રતા (concentration) : આ છેલ્લી વસ્તુ જોકે જરા કઠિન છે, પરંતુ તે પણ સંકલ્પબળથી સાધ્ય છે. એમાં મૂળ આધાર આપણા મન પર છે. એક ઓરડીમાં બે કેદીઓને પૂરેલા. રાત્રે વરસાદ પડ્યા પછી ચાંદની ખીલી ત્યારે એક જણ કહે કે 'જ્યાં જુઓ ત્યાં કાદવ અને કીચડ જ દેખાય છે.' જ્યારે બીજો કહે કે 'આકાશ કેટલું સ્વચ્છ ને સુંદર લાગે છે. ચંદ્ર અને તારાનાં દર્શન કેટલાં આહ્લાદજનક છે !' માટે સર્વ આધાર મનુષ્યના મન ઉપર છે. દરેક જણ કહેશે કે 'શું કરું, મારું મન એકાગ્ર થતું જ નથી !' પરંતુ આ વાત તદ્દન નાપાયાદાર છે. દરેક મનુષ્ય દરેક વખતે કશાકમાં તો એકચિત્ત હોય છે જ. પરંતુ માણસ પોતાનું લક્ષ્ય નક્કી

તમે જોયું હશે કે વાઘ મોં ફાડીને બગાસું ખાઈને, ઘોડી હણહણીને અને પંખીઓ પાંખો ફફડાવીને સ્વસ્થતા મેળવી લે છે.



કરતો નથી માટે જ તેનું મન આમથી તેમ દોડ્યા કરે છે. જિંદગીના ચાલુ પ્રવાહમાં ડૂબી ન જતાં આપણે તેનાથી પર રહેવાનું છે. અશાંતિ, ઈર્ષ્યા, ગુસ્સો, ભય વગેરે ખંખેરી નાખવાનાં છે, અને અનાસક્તિ કેળવવાની છે. જીવનના ગમે તેવા ઝંઝાવાતો સામે પણ શાંત, સ્વસ્થ અને આપણને જાણે કાંઈ સ્પર્શતું જ નથી એમ અલિપ્ત રહેતાં શીખવાનું છે. વાત સહેલી નથી, પરંતુ સતત પ્રયત્ન બાદ પણ શક્ય જ છે.

આશરે ૫૦૦૦ વર્ષ પૂર્વે યોગને મન તથા ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાનું શાસ્ત્ર કહેવામાં આવેલું. પોતાની જાતને જ શોધવાનું શાસ્ત્ર તેને ગણેલું છે. આધુનિક માનસશાસ્ત્રીઓ કરતાં પહેલાંના યોગીઓ આ વિષયમાં ક્યાંયે આગળ હતા. આત્મજ્ઞાન મેળવવાની તેમણે નક્કી કરેલી પદ્ધતિ ઉત્તમ છે તે નિ:શંક છે. સતત ધ્યાન અને ધારણાથી માણસ પોતાની જ અંદર ડૂબકી મારી, બહારના સંજોગોથી પર રહી, હમેશાં શાંત, ચપળ અને આત્મવિશ્વાસવાળો રહી શકે તે તેમણે શોધ્યું અને આચરી બતાવ્યું છે. પોતાની મન:શાંતિથી માણસ, વિચાર ને લાગણી જ્યાંથી ઉદ્ભવે છે ત્યાં જ તેને વશ કરી શકે છે. મનની એકાગ્રતા મેળવી, એકચિત્ત બની તે પોતાનું ધાર્યું કાર્ય કરી શકે છે. આ માટે કડક માનસિક શિસ્ત પાળી, ધ્યાન અને ધારણાના સતત પ્રયોગથી યોગીઓ સમાધિસ્થ થતા. પરંતુ હાલની દુનિયામાં સાચા ગુરુઓ મળતા જ નથી ને જોઈતી ધગશ પણ નથી. માટે અહીં તો ફક્ત પાંચ જ મિનિટનો આપણા જમાના પૂરતો પ્રયોગ બતાવ્યો છે.

આપણે જિંદગીનું જેવું ચિત્ર કલ્પીશું તે અનુસાર તે બદલાયા કરશે. એટલે જિંદગી વિષે આપણે એવો નિશ્ચય કરવાનો કે તેમાં જોઈતા રંગો પૂરી આપણું ભવિષ્ય આપણે જ પલટી શકીએ. કારણ કે આજના જ વિચારોમાંથી આપણું આવતી કાલનું કાર્ય નક્કી થાય છે. આ વાત એટલી સહજ છે કે આપણે તે સંબંધે વિચાર જ કરતા નથી. પરંતુ 'યોગ' આપણને તેનો રાજમાર્ગ ચીંધી દે છે કે, 'ભાઈઓ, તમારા વિચાર ઉપર કાબૂ રાખો. એકાગ્રચિત્ત એ જ તેની ચાવી છે.' આ ચાવી દરેકની પાસે કટાયેલી દશામાં તો પડેલી જ છે. માત્ર તેનો કાટ ઉખેડવાની જરૂર છે.

ઘણાને નિશ્ચયો કરવાના તો ગમે છે જ. 'આજથી આમ ચોક્કસ જ કરીશ' એવા નિર્ણયો તો તે ગોઠવે છે, પરંતુ એ માત્ર 'ગોઠવાયેલા' જ રહે છે, કાર્યમાં પરિણત થતા નથી; કારણ કે એમાં એકાગ્રચિત્ત ન હોવાને લીધે બાહ્ય પ્રસંગો મનુષ્ય પર ચડી બેસે છે. એક કાર્ય ન સધાય ત્યાં સુધી બીજા વિચારને સ્થાન જ ન મળે તેનું નામ એકાગ્રચિત્ત.

કૂદાકૂદ કરનાર મનને એક જ કાર્યની પાછળ લગાડવાથી શરૂઆતમાં નાનાં કાર્યો અને પછી મહાન કાર્યોમાં પણ એ મન ધાર્યું કામ આપે છે. તે માટે પહેલાં મનને કેન્દ્રિત કરો. તેની તાલીમ માટે પહેલાં તો કોઈ ફૂલ પોતાની આગળ મૂકી તેના પર ધ્યાન કેન્દ્રિત કરો. પહેલે દિવસે ભલે ત્રીસ સેકંડ જ તેના ઉપર તમારું ધ્યાન - માત્ર દૃષ્ટિ જ નહીં પણ ધ્યાન, તમારો આખો વિચારપ્રવાહ કેન્દ્રિત કરો. શરૂમાં આ કંટાળાજનક લાગશે, પરંતુ દરરોજ આ નિયમ ચાલુ રાખો. ઉછાળા મારું મન ધીમે ધીમે શાંત થશે. મુખ્ય વસ્તુ ટેવની છે. સતત પ્રયત્નથી જ ટેવ પડવાની છે. મન પહેલાં તો કેન્દ્રિત થવાને બદલે આમતેમ ભટકશે વધારે, પરંતુ જેવું તે એકાગ્ર થવા માંડ્યું કે પછી આજુબાજુ ગમે તે બનતું હશે તોપણ તમારા પસંદ કરેલા વિચારોમાં જ તે અનાસક્ત ભાવે ધીમે ધીમે રહેવા માંડશે. પછી તો ખોટા વિચારો મનમાં ટકવા મુશ્કેલ બનશે. પછી એક જ ધ્યેયથી તમે જે કાર્ય હાથમાં લીધું હશે તે પાર પડતાં સુધી પોતાની સર્વ શક્તિનો મારો તે કાર્યમાં જ રહેશે.

મનના આ કાબૂને અંગે તમે વાતાવરણના દાસ ન બનતાં વાતાવરણ જ તમારું દાસ બનશે. તમારો મિજાજ એટલો સ્વસ્થ બનશે, તમે એટલા સ્વયંમાર્ગી ને પ્રસન્ન—આનંદી બન્યા હશો કે આજુબાજુના માણસો પણ તમારા ચેપથી આનંદી અને નીરોગી બનશે.

આનાથી તમે અનાસક્તિ કેળવશો. સારા યા નરસા પ્રસંગો તમારી ઉપર, તમારી ઇચ્છા વગર કશી જ અસર નહીં કરી શકે. તમારી બધી ટેવો પદ્ધતિસરની, મુદ્દાવાળી અને શાંત બનશે. છો તેના કરતાં તમે વધુ યુવાન દેખાશો. સંજોગો પ્રતિકૂળ હોવા છતાં તમે શાંત જ રહેશો અને આજુબાજુ જે કાંઈ બને છે તેમાંથી તમારી જાતને બાકાત રાખીને, હંમેશાં સ્થિર ને શાંત રહી શકશો. પોતે તો પરદા પાછળથી આ જિંદગીનું નાટક જોનાર માત્ર પ્રેક્ષક છો એવો તમે પ્રત્યક્ષ અનુભવ કરશો.

આમ તો સારી યા નરસી રીતે આપણે કોઈ ને કોઈ વસ્તુમાં એકાગ્રચિત્ત તો હોઈએ જ છીએ. આપણા અભ્યાસની ચિંતામાં, આપણા ધંધાની જંજાળમાં, આપણા સંસારની આંટીઘૂંટીઓમાં આપણું મન એકાગ્ર રહીને તેનાં ભય, ચિંતા, અસૂયા વગેરે ભોગવતું જ હોય છે. કોઈ ભયંકર રોગની સાંભળેલી યા વાંચેલી વાતો ઉપરથી, આપણે તેના ભોગ થવા માટેની ચિંતા યા ભય પણ કેળવવા માંડીએ છીએ. આ બધું નકારાત્મક રીતે આપણું ચિત્ત એકાગ્ર થયું કહેવાય. અત્યારે દાક્તરો પણ કહે છે કે આપણાં દરદોનો પચાસ ટકા ભાગ ચિંતા અને ભયના જ વાતાવરણમાંથી જન્મે છે. ખોટી કલ્પનાઓ, અદેખાઈ, ક્રોધ અને ધનલોલુપતાને પરિણામે ઉદ્ભવતી હલકટ વૃત્તિમાંથી પચાસ ટકા ઉપરાંત રોગ જન્મે છે તે યુરોપમાં પણ સાબિત થયું છે. મૂળ આ શારીરિક રોગ નથી પરંતુ રોગી મન પોતાનો પ્રભાવ શરીર ઉપર પાડે છે તેનાં પરિણામ છે.

અત્યારના માણસો એકાગ્રચિત્ત જરૂર રહે છે, પણ તે પોતાનાં દરદો ઉપર, અને ભાગ્ય ઉપર. પરંતુ બધા જ ભૂલી જાય

છે કે જો એ જ ચિત્તને તમે હંમેશાં તંદુરસ્તીના ખ્યાલમાં જ રાખો તો ચોક્કસ તમે તંદુરસ્ત જ રહેશો, તમારું ભાગ્ય ચોક્કસ ખૂલશે જ. સાજા થવાનો ભાર એકલા દાક્તર ઉપરથી ઉઠાવી તે તમારી જાત ઉપર નાખો અને જુઓ કે સુધારો કેટલો ઝડપી થાય છે. પોતે અંદરથી જ સાજા થવાનું છે, મનને એકાગ્ર કરવાનું છે. એ દવા પોતે લખવાની છે, પોતે જ બનાવવાની છે ને પીવાનીયે પોતે જ છે. હંમેશ સારા દૃઢ વિચારોની ટેવ પાડો. કોઈ ખરાબ વિચાર વચ્ચે આવે તો તેને ધકેલીને ફેંકી દો અને તેની સામે સારા જ વિચાર મૂકતા જાઓ. મનમાં જેમ જેમ ફાલતુ વિચારોની સંખ્યા ઓછી થતી જશે તેમ તેમ ભવિષ્યની ઉપર તમારો કાબૂ વધતો જશે, અને થોડા જ વખતમાં તમે અદ્ભુત પરિણામ અનુભવતા થશો.

માત્ર મનને જગાવવાનું છે. પરંતુ એ શી રીતે થાય ? એ થાય વિચારની શક્તિથી ને અનાસક્તિથી. વિચારની શક્તિ માટે એકાગ્રતાની જરૂર છે અને અનાસક્તિ માટે પોતાની ઇન્દ્રિયોના વેપારમાં ડૂબવાની વૃત્તિ જતી કરવાની છે. સતત પ્રયત્નથી આ વસ્તુઓ શક્ય છે જ. પરિણામ તેનું એટલું તો સુખકર છે, કે તેમાં પ્રયત્નની કચાશ રાખવાની જ ન હોય.

આજે તો આપણે આપણી મોટરના એંજિન પર, કે આપણી ઘડિયાળ પર જેટલું ધ્યાન આપીએ છીએ તેટલું આપણાં મન ને શરીર પર આપતા નથી. માટે આજથી જ તે ભૂલ સુધારો. આ વીસ મિનિટની ક્રિયા નિયમિતપણે કરવાથી વીસ વર્ષનું આયુષ્ય વધશે જ તેની ખાતરી રાખો. આ ક્રિયા વૃદ્ધવસ્થામાં પણ તમને તંદુરસ્ત રાખી શકશે. જિંદગીમાંથી આનંદ જાય એટલે જ માણસ મરે છે. પોતાની જરૂરિયાત માણસને આ દુનિયામાં ન જણાય એટલે જ તે મરે છે. પોતાને કોઈ ધ્યેય ન હોય તો જ માણસ મરે છે. પરંતુ આ વીસ મિનિટની ક્રિયામાંથી તમે આનંદ મેળવશો, પોતાની જરૂરિયાત સમજશો અને ઉચ્ચ ધ્યેયને વળગીને તમારું કાર્ય અનાસક્તિથી કર્યે જ જશો એ ખાતરી સાથે આજથી જ આ 'લઘુ-યોગ'ની ક્રિયાઓ શરૂ કરો.

જુઓ, તમારી પાસે માત્ર વીસ મિનિટ જ માગી છે : પાંચ મિનિટ સંપૂર્ણ આરામ, પાંચ મિનિટ શરીરના સર્વ અવયવોને તંગ કરવાની ક્રિયા, પાંચ મિનિટ ઊંડા શ્વાસોચ્છ્‌સવાસ અને પાંચ મિનિટ ધ્યાન, મનની એકાગ્રતા, મનને કાબૂમાં રાખવાની કળા. આ સર્વ ક્રિયાઓ ખૂબ જ શાંતિથી, ધીમેથી, શ્રદ્ધાપૂર્વક, એકાગ્ર-ચિત્તે કરો અને નીરોગી, દીર્ઘાયુ તથા ઉચ્ચ જીવન જીવો. (૩૮૦)
(Desmond Dunneના 'યોગ ફૉર એવરી મૅન'ના આધારે.)

સ્વાર્થનાં સગાં

સ્વાર્થનિવારણ એ માણસનો અસલ ધર્મ છે, આગવો ધર્મ છે. કૂતરાને ભૂખ લાગી, રસ્તામાં રોટલાનો ટુકડો જોયો એટલે ધસીને એ મોંમાં લીધો ને ખૂણામાં જઈને ખાઈ ગયો. કદાચ બીજા કૂતરાને વધારે ભૂખ હશે, વધારે જરૂર હશે, એટલે રોટલાનો ભાગ પાડીને વહેંચીને ખાઈએ તો સારું, એ વિચાર કૂતરાને આવતો નથી. ઊલટું, જો બીજો કૂતરો રોટલો જોઈને સામેથી આવે ને પોતાનો દાવો નોંધાવે તો એ જરૂરિયાત કે લાયકાત જોયા વગર ચેતવણીના સૂર કાઢશે, દાંતિયાં કરશે, ને આગંતુકનો દુરાગ્રહ ચાલુ રહેશે તો લડી લેશે. પારકાનો ખ્યાલ ને સ્વાર્થનો ત્યાગ તેના સ્વભાવમાં નથી. ભેંશને ગરમી લાગી ને રસ્તામાં ગંદા પાણીનું ખાબોચિયું આવ્યું કે તરત તેમાં જઈને પડી. બીજી ભેંશને પણ ગરમી લાગતી હશે, થાક લાગતો હશે એટલે ચાલો, એને માટે જગ્યા કરી આપીએ એવો સુવિચાર ભેંશના મનમાં (?) સ્ફુરતો નથી. બીજાનો ખ્યાલ કરવો એ તેની પ્રકૃતિ નથી.

પણ માણસની વાત જુદી છે. માણસનો ધર્મ જુદો છે. પેટમાં ભૂખ હોય, હાથમાં કોળિયો આવે, પણ સામે પોતાના કંગાળ ભાઈને જુએ તો પોતે ભૂખ્યો રહીને તેને ખવડાવે છે, અને પોતે ખાધું હોય એના કરતાં ઉપવાસી રહીને બીજાને ખવડાવવામાં એ વધારે આનંદ અનુભવે છે. પોતે થાક્યોપાક્યો આવીને ગાડીમાં ચડે, જેમતેમ જગ્યા શોધે, નિરાંતનો શ્વાસ લઈને બેસે.... પણ તેના પછી ગાડીમાં કોઈ માજી ચડી આવે, નિરાશાથી આસપાસ જુએ, ઊભા રહે.... ત્યારે એ (કેટલાક સજ્જનો હજુ કરે છે તેમ) પોતે ઊભા થાય, એમને બોલાવે, પોતાની જગ્યા ઉપર બેસાડે, ને હળવે હૃદયે પોતાના પગનો થાક ભુલાવે. માણસનો ધર્મ જુદો છે. તે માણસ જ છે. મૂઢ ભેંશ કે જગલી કૂતરું નથી. તે પોતાનો ભોગ આપીને બીજાને સુખી બનાવી શકે, એ દિવ્ય વૃત્તિ એના દિલમાં છે, અને એ ઉપરથી જ પ્રાણીસૃષ્ટિની વચ્ચે એ માનવી તરીકે ઓળખાય છે.

એટલે જો માનવીને ખરેખર માનવી થવું હશે તો તેનું એ લક્ષણ એણે કેળવવું રહેશે. જ્યાં સુધી એ પોતાના સ્વાર્થને વળગી રહેશે ત્યાં સુધી એ મૂઢ જનાવરોથી સૃષ્ટિમાં ખપવાનો. જ્યારે એ સ્વાર્થનો ત્યાગ કરે ત્યારે એ માનવીની કોટિમાં આવી જાય.

'સૌ સ્વાર્થનાં સગાં' એમ લોકોક્તિ કહે છે; અને વાત સાચી છે, કારણ કે સૌના દિલમાં સ્વાર્થનાં મૂળિયાં છે. પણ એ મૂળિયાં ઉખેડીને સ્વાર્થનાં કડવાં ફળ આવતાં અટકાવવાની પણ સૌના દિલમાં વૃત્તિ છે. માટે નિરાશાને અવકાશ નથી. સ્વાર્થને દબાવીને પરમાર્થની વૃત્તિ બહાર લાવવાની છે અને પરમાર્થ આખરે તો 'પરમ અર્થ' એટલે મુક્તિ જ છે ને ?

ફાધર વાલેસ

મકરરેખાની જબાની



બાપુની કહાની-૧

અમૃતલાલ વેગડ

મારા નામથી કોણ અજાણ હશે ? દરેક વિદ્યાર્થી મને જાણે છે. તમારે ત્યાં શિયાળો હોય છે, ત્યારે મારે ત્યાં ઉનાળો રહે છે. એ સમયે સૂરજનાં કિરણો મારા પર સીધાં પડે છે. પણ વાત હું એક બીજા સૂરજની કરવા માગું છું જે ભારતમાં ઉદિત થયો હતો અને જે પોતાની સોળે કળાએ મારા પર વરસો સુધી પ્રકાશ્યો હતો. એનું નામ છે મહાત્મા ગાંધી. હેતથી લોકો એમને બાપુ કહે છે.

એમના સાર્વજનિક જીવનનો આરંભ મારે ત્યાંથી થયો. વિષુવવૃત્ત ઓળંગીને તેઓ દક્ષિણ આફ્રિકા આવ્યા. અહીં તેઓ વરસ-બે વરસ નહીં, પૂરાં એકવીસ વરસ રહ્યા, જે છોડને એમણે અહીં કૂંડામાં વાવ્યો, એણે જ આગળ જઈને ભારતમાં એક વિશાળ વડનું રૂપ લીધું. એનું નામ છે સત્યાગ્રહ અને મને એનું ગૌરવ છે. એવાં અનેક સ્થાન, જે બાપુની સાધનાથી પવિત્ર થયાં, તે મારે જ આંગણે વસ્યાં છે.

હું ૨૩ ½ અંશ દક્ષિણ અક્ષાંશ બતાવું છું. બાપુ ૧૮૯૩માં અહીં આવ્યા ત્યારે એમની ઉંમર ૨૩½ વરસની હતી. બાપુએ વિચાર્યું હશે કે જ્યારે મકરરેખા જવું છે, તો ઉંમર પણ એવી જ લઈને જવું જોઈએ ! તમે એમને વૃદ્ધરૂપે જ જોયા. મેં તો એમને યુવાન જોયેલા.

અહીંના જે બે પ્રાંતો જોડે બાપુનો સંબંધ હતો, એ છે નાતાલ અને ટ્રાન્સવાલ. નાતાલ તો મારાથી દૂર છે એટલે એની વાત હું નહીં કરું. પણ ટ્રાન્સવાલ તો મારી જ બન્ને બાજુ ફેલાયેલો છે. બાપુના અહિંસક યુદ્ધનું કુરુક્ષેત્ર ટ્રાન્સવાલ જ હતું. એટલે હું અહીંનાં આ બે પ્રમુખ શહેર પ્રિટોરિયા અને જોહાનિસબર્ગની વાત જ કહીશ.

બાપુ જે કેસ અંગે અહીં આવેલા એ પ્રિટોરિયામાં ચાલતો હતો. અહીં તેઓ એક વરસ રહ્યા. એમનું સાર્વજનિક જીવન અહીંથી જ શરૂ થયું. અહીંના હિંદીઓ સાથે તેઓ એકરસ થઈ ગયા. એમનાં દુઃખદર્દને પોતાનાં દુઃખદર્દ બનાવી લીધાં. જે કેસને અંગે તેઓ અહીં આવ્યા હતા, એના બન્ને પક્ષો વચ્ચે એમણે પરસ્પર સમજૂતી કરાવી દીધી. આમ, વરસો સુધી ચાલનાર કેસ એક જ વરસમાં પતી ગયો !

પછી બાપુ જોહાનિસબર્ગમાં રહ્યા. અહીં એમની વકીલાત ખૂબ ચાલી. હતા પણ તેઓ એમના ઢંગના એક જ વકીલ. ન ખોટું બોલતા, ન ખોટો કેસ લેતા. મને એ દિવસ આજેય યાદ છે, જ્યારે કચેરીમાં કેસ લડતી વેળા એમને ખબર પડી કે એમના અસીલનો કેસ જુઠો છે. એમણે જજને તરત કહ્યું કે મારો અસીલ જુઠ્ઠું બોલી રહ્યો છે; આવો કેસ હું ન લડી શકું. જજ હેરાન ! અસીલના મોં પરથી લોહી ઊડી ગયું. ત્યાર બાદ તો બાપુની એવી આણ વરતી કે એમની પાસે જુઠો કેસ લાવવાની કોઈ હિંમત જ ન કરતું.

બીમારોની સેવા કરવાનો બાપુમાં જે અનુપમ ગુણ હતો, એનું ઉજ્જવળ રૂપ સૌ પહેલાં મેં જ જોયું. ૧૯૦૪માં જોહાનિસબર્ગમાં હિન્દીઓની વસ્તીમાં પ્લેગ ફાટી નીકળ્યો. બાપુએ પોતાના પ્રાણની પરવા કર્યા વગર બીમારોની સેવામાં દિવસરાત એક કર્યાં. પાછળથી જ્યારે એ હિંદીઓને શહેરથી તેર માઈલ દૂર રાખવામાં આવ્યા, ત્યારે એમના ખબરઅંતર પૂછવા બાપુ પોતાની સાઇકલ પર દરરોજ ત્યાં જતા. ભારતમાં ભાગ્યે જ કોઈએ એમને સાઇકલ પર જોયા હોય. હું એમને છવ્વીસ-છવ્વીસ માઈલ સાઇકલ ચલાવતા જોઈ ચૂકી છું !

પણ મારે જોહાનિસબર્ગને જે સૌથી મોટું ગૌરવ મળ્યું છે તે તો એ કે બાપુએ સત્યાગ્રહના શ્રીગણેશ આ જ શહેરમાં કર્યા. સત્ય અને અહિંસા પર દૃઢ રહી વિરોધીને પ્રેમથી જીતવાની વાત એમને અહીં જ સૂઝી. ભારત આજે મોટે ભાગે બુદ્ધ અને ગાંધીના દેશને નામે ઓળખાય છે. બુદ્ધને જ્ઞાનની પ્રાપ્તિ ગયામાં થઈ હતી. બાપુને જોહાનિસબર્ગમાં એક મકરરેખાની નજીક, બીજાને મકર રેખાની પાસે !

આ સત્યાગ્રહ દરમ્યાન બાપુ પર એક વાર કેસ ચાલ્યો. જે અદાલતમાં તેઓ સેંકડો વાર એક પ્રતિષ્ઠિત વકીલની રૂએ હાજર રહી ચૂક્યા હતા, એ જ અદાલતમાં તેઓ અપરાધીના પાંજરામાં ઊભા રહ્યા. જજ, જે એમને બહુ માનથી જોતો હતો, એ તો સંકોચમાં પડી ગયો. બાપુએ કહ્યું : 'જજ મહોદય, મેં સાંભળ્યું છે કે પ્રિટોરિયામાં મારા સાથીઓને સખત સજાઓ આપવામાં આવી રહી છે. મારી પણ આપને વિનંતી છે કે મને પણ આપ સખતમાં સખત સજા આપો !'

બાપુએ એમનું સુપ્રસિદ્ધ 'ટૉલ્સ્ટૉય ફાર્મ' જોહાનિસબર્ગથી એકવીસ માઈલ દૂર વસાવ્યું હતું. અહીં સત્યાગ્રહીઓનાં કુટુંબોને વસાવવામાં આવ્યાં હતાં. અહીં તેઓ સાદગીથી રહેતા અને સ્વેચ્છાથી શારીરિક શ્રમ કરતા. બાપુએ અહીં આરોગ્ય માટે કુદરતી ઉપચાર અજમાવ્યા ને ખોરાકના પ્રયોગો કર્યા. પાંચ વરસ સુધી કેવળ ફળ ખાઈને રહ્યા. એમાં કમજોરી અનુભવવી તો દૂર રહી. એક દિવસમાં પચાસ-પચાસ માઈલ ચાલવું એમને મન મામૂલી વાત હતી. આ દિવસોમાં એમના ઉમંગ ને ઉત્સાહ જોવા જેવાં હતાં. પાછળથી એમણે કહેલું પણ ખરું કે ટૉલ્સ્ટૉય ફાર્મમાં મારી હિંમત અને શ્રદ્ધા પરાકાષ્ઠાએ પહોંચેલાં હતાં.

બાપુનો સત્યાગ્રહ આઠ વરસ ચાલ્યો એનાં કેટલાંયે પાવક

સ્મરણો હું સાચવી બેઠી છું. એમાંનું એક જ કહું. જોહાનિસબર્ગની જ વાત છે. સરકાર જોડે થયેલી જે સમજૂતી મુજબ બધા હિન્દીઓએ અહીં રહેવા માટે સ્વેચ્છાએ પરવાના કઢાવી લેવાના હતા. પરંતુ કેટલાક પઠાણોએ આનો વિરોધ કર્યો. બાપુને મારી નાખવાની ધમકી આપી. બાપુ જ્યારે પરવાનો કઢાવવા જતા હતા ત્યારે એમણે લાઠીઓથી એમના ઉપર હુમલો કર્યો. બાપુ બેહોશ થઈને પડી ગયા. ભાન આવતાં પહેલી વાત એમણે એ કહી કે અપરાધીઓને કોઈ પણ સજા ન થવી જોઈએ. બીજી એ કે સરકારી અધિકારીને તરત બોલાવવામાં આવે, જેથી હું સૌ પ્રથમ પરવાનો કાઢી શકું. મને આજે પણ યાદ છે, કણસતા બાપુએ જ્યારે પોતાની દસે આંગળીની છાપ આપીને પરવાનો મેળવ્યો ત્યારે ગોરા અધિકારીની આંખો ભીની થઈ હતી ! અને એ પછી જ્યારે સરકારે વિશ્વાસભંગ કર્યો, ત્યારે આ જ શહેરમાં બાપુએ એ જ પરવાનાઓની હોળી સળગાવીને સત્યાગ્રહ કર્યો.

બાપુ કઈ માટીના બન્યા હતા. એ ભારતવાસીઓએ પાછળથી જાણ્યું. એની પહેલી જાણ મને થઈ. આ મારું સૌભાગ્ય છે. એથી જ મારા મનમાં એક નાની શી ઇચ્છા છે. પણ હું એ નહીં કહું. મારા તરફથી બહેન કર્કરેખા જ કહેશે. (૫૫૦)

કર્કરેખાની જબાની

બાપુની કહાની-૨



મકર રેખાની વાત તમે સાંભળી. દક્ષિણ ગોળાર્ધમાં જે સ્થાન મકર રેખાનું છે, એ જ સ્થાન ઉત્તર ગોળાર્ધમાં મારું છે. અને મજાની તો વાત એ છે કે બાપુના જીવનમાં જેવું મહત્ત્વનું સ્થાન એનું છે, એવું જ મારું છે.

બાપુનું જન્મસ્થાન પોરબંદર. એમનું શરૂનું ભણતર રાજકોટમાં. દક્ષિણ આફ્રિકાથી આવીને એ રહ્યા શાંતિનિકેતનમાં. આ બધાં સ્થળો મારી જ આસપાસ છે, છતાં કંઈક દૂર છે. એથી એમનાં નામનો ઉલ્લેખ કરીને જ હું સંતોષ લઈશ, પણ બે સ્થાન એવાં છે, જે મારી બહુ નજીક છે, ને જેમનું બાપુના જીવનમાં અનેરું સ્થાન છે. એ છે અમદાવાદ અને નોઆખલી. એમની જ વાત હું કરીશ.

દક્ષિણ આફ્રિકાથી આવ્યા બાદ રહેવા માટે બાપુએ અમદાવાદ પસંદ કર્યું. એમના આગમનથી અમદાવાદ આન્તરાષ્ટ્રીય ખ્યાતિનું શહેર બની ગયું. અહીં ૧૯૧૫માં બાપુએ સાબરમતી નદીને કિનારે પોતાના આશ્રમની સ્થાપના કરી. આજે તો એ આશ્રમ શહેરનો જ એક ભાગ લાગે છે. પણ બાપુએ જ્યારે એની સ્થાપના કરી હતી, ત્યારે વાત એવી ન હતી. શહેરથી ૪ માઈલ દૂર, એક વેરાન ભૂમિ પર એની શરૂઆત થઈ. હા, પાસે જ એક જેલ છે. બાપુ માટે એથી વધુ સારો પાડોશ બીજો કયો હોઈ શકે ?

શરૂમાં સૌ તંબૂમાં રહ્યા. ચોમાસું માથે હતું. સાપનો ડર હતો. આશ્રમવાસીઓએ આ મુસીબતો હસતે મોઢે ઝીલી. જોતજોતામાં નવી વસાહત થઈ. વણાટનું કામ શરૂ થયું. બાદમાં રેંટિયો મળ્યો, એટલે કાંતણનું કામ જોરશોરથી ચાલ્યું. મહેનત-મજૂરીનું દરેક કામ આશ્રમવાસી જાતે કરતા. સવારસાંજ પ્રાર્થના થતી. અને દિવસભરની સખત મહેનત બાદ રાત્રે સૌ ઘસઘસાટ ઊંઘી જતા.

આ આશ્રમ આધુનિક ભારતની તપોભૂમિ બન્યો. દરેક આશ્રમવાસીને અમુક વ્રતો લેવાં પડતાં. એ વ્રતોનું સખત પાલન કરવું પડતું. તેઓ સમય, ત્યાગ ને સેવાનું જીવન ગાળતા. ભારતના લગભગ દરેક પ્રાંતના વાસીઓથી આશ્રમ વાજતો રહેતો. અહીંથી પ્રેરણા લઈ તેઓ પોતપોતાના પ્રાંતોમાં જઈ બાપુના સંદેશવાહક બની જતા. આ આશ્રમ એક આકાશદીપ સમો હતો જ્યાંથી સારાયે ભારતને પ્રકાશ મળતો.

આશ્રમના શરૂના દિવસોની વાત છે. એક હરિજન કુટુંબ અહીં રહેવા આવ્યું. બાપુ બહુ ખુશ થયા. પણ જે ધનિકોની એમને મદદ મળતી હતી, એમણે પૈસા આપવા બંધ કર્યા, પૈસાના અભાવે બાપુ આશ્રમને બંધ કરવાનું વિચારી રહ્યા હતા, ત્યાં એક શેઠે આવીને એમના હાથમાં તેર હજાર રૂપિયા મૂક્યા. આશ્રમ બંધ ન થયો.

એક વાર બાપુ એટલા બીમાર પડ્યા કે બચવાની આશા ન રહી. ડૉક્ટરનું કહેવું હતું કે બાપુ જો દૂધ પીએ તો બચે. બાપુની પ્રતિજ્ઞા હતી કે દૂધ નહિ લઉં. કસ્તૂરબાએ માર્ગ કાઢ્યો. કહ્યું : તમે ગાયભેંસનું દૂધ ન પીવાની પ્રતિજ્ઞા કરી છે, બકરીનું દૂધ લેવામાં શો વાંધો ? આખરે બાપુ માની ગયા. આમ આ આશ્રમમાં-અને બાપુના જીવનમાં-બકરીએ પ્રવેશ કર્યો.

કેટલાય સત્યાગ્રહ બાપુએ આ આશ્રમમાં રહેતાં કર્યા. એક લડાઈ એમણે અમદાવાદના મિલમાલિકો સામે પણ લડી. મજૂરોની ગરીબી જોઈને એમણે એમની કાઠિયાવાડીની પાઘડી છોડી ને એને ઠેકાણે ખાદીની ટોપી અપનાવી. આમ ગાંધીટોપીનો જન્મ થયો. ખેડા અને બારડોલી સત્યાગ્રહનું સંચાલન એમણે અહીં રહીને જ

કર્યું. 'યંગ ઇંડિયા'ને 'નવજીવન'નું પ્રકાશન કરીને પત્રકાર પણ અહીં જ થયા.

બાપુ પર કેસ પણ આ જ અમદાવાદમાં ચલાવવામાં આવ્યો. એમના પર લોકોને સરકાર વિરુદ્ધ ઉશ્કેરવાનો આરોપ હતો. કોર્ટમાં બાપુએ જ્યારે પ્રવેશ કર્યો ત્યારે એમના માનમાં સૌ ઊભા થઈ ગયા. એમણે ત્યાં જે બયાન આપ્યું, એ ઇતહાસમાં અમર રહેશે, જજે બહુ આદરથી કહ્યું કે જજે સજા મારે આપને આપવી પડે છે એ જો ઓછી થઈ જશે, તો સૌથી વધુ આનંદ મને જ થશે.

બાપુને અંગ્રેજોએ જેલોમાં કેટલી યે વાર બંધ કર્યા, પણ એમના પર કેસ માત્ર બે જ વાર ચલાવ્યો : એક જોહાન્સબર્ગમાં, બીજો અમદાવાદમાં. એક મકર રેખા પર, બીજો કર્ક રેખા પર !

આ આશ્રમનું છેલ્લું સંભારણું હું કેમ વીસરું ? ૧૨ માર્ચ ૧૯૩૦. અહીં બાપુનો એ છેલ્લો દિવસ હતો. તે દિવસે આશ્રમ એક છાવણી બની ગયો હતો. નમક-સત્યાગ્રહ માટે દાંડીયાત્રાએ નીકળતાં પહેલાં એમણે કહ્યું : 'કાગડાકૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પગ નહિ મૂકું' એમની આ પ્રતિજ્ઞાએ આખાયે દેશને હચમચાવી મૂક્યો. જે આશ્રમને બાપુએ પોતાના બાળકની જેમ ઉછેર્યો હતો અને જ્યાં તેઓ ૧૫ વરસ રહ્યા હતા, એને તેઓ હંમેશને માટે છોડી રહ્યા હતા. સાઠ વરસના બાપુ જ્યારે એમના સાથીઓ જોડે તેજ કદમોથી સમુદ્ર તરફ ચાલી નીકળ્યા, ત્યારે હું એમને બસ જોતી જ રહી ગઈ.

આના ૧૬ વરસ બાદ બાપુની આવી જ મહાન યાત્રા જોવાનો અવસર ફરીને મને જ મળ્યો. આઝાદી પહેલાં પૂર્વ બંગાળના મુસ્લિમ બહુમતીવાળા નોઆખલી જિલ્લામાં હિંદુઓ પર વ્યાપક હુમલા થયા. પાશવતાએ માઝા મૂકી. બાપુથી રહેવાયું નહિ ત્યારે પોતાનાં સઘળાં કામ છોડીને વૃદ્ધ ને કમજોર શરીરે અહીં આવ્યા, ને ગામડે ગામડે પગપાળા ફર્યા. યાત્રા બહુ કઠણ હતી. ડગલે ને પગલે મોતનો ડર હતો. પણ મોતનો ડર તો બાપુ ક્યારના છોડી ચૂક્યા હતા. એમની યાત્રાનો વિસ્મયજનક પ્રભાવ પડ્યો. હુલ્લડો શાંત થઈ ગયાં. જ્યાં ગુંડારાજ કાયમ હતું, ત્યાં ભરીભરી જિંદગી લહેરાવા લાગી. ત્યાર બાદ આવો જ ચમત્કાર એમણે કલકત્તામાં કરી બતાવ્યો. તે વેળાના વાઈસરૉયે કહ્યું પણ ખરું કે પંજાબમાં જે કામ સેનાના પંચાવન હજાર જવાન ન કરી શક્યા, એ કામ બંગાળમાં એકલા બાપુએ કરી બતાવ્યું.

જે દિવસે ભારત આઝાદ થયો તે દિવસે બાપુ દિલ્લીમાં નહિ, પણ મારી પાસે કલકત્તામાં હતા. જે યજ્ઞનો આરંભ એમણે સુદૂર મકર રેખાથી કર્યો, એની પૂર્ણાહુતિ એમણે મારે ત્યાં જોઈ. અને ભારત આઝાદ થયો '૪૭માં. જરા મારા અક્ષાંશને બેવડાવી જુઓ તો !

મારા માટે બાપુનું આ અંતિમ દર્શન હતું. ઘણાં વરસો પહેલાં રાજકોટમાં મેં એમને એક સાધારણ બાળકના રૂપે જોયા હતા. અહીં મેં એમને મહાનતાના ઉચ્ચતમ શિખર પર જોયા.

(૫૫૧)

ઘરનું સુખ

ઘરનો મુખ્ય હેતુ ગૃહવાસીઓને બાલ જગતથી રક્ષણ આપીને સુખી બનાવવાનો હોય છે. સુખી ગૃહજીવન માટે ઘરની અમુક પ્રકારની બાંધણી તથા સવલતોની જરૂર છે તે ખરું; પણ સુખ એવું સરણું હોય છે કે તેને શબ્દોની વ્યક્ત થતી વ્યાખ્યામાં કોઈ બાંધી શકતું નથી, તો પછી ઘરની ચાર દીવાલોનું તો તેને જકડી રાખવાનું શું ગજું ? મંત્ર શરીરને સગવડ આપનારાં સાધનોથી સુખી થવાનું હોત તો શ્રીમન્ત લોકો સદાસર્વદા સુખમાં આળોટતા હોત. સુખનો ઘણો આધાર મનુષ્યના મન પર રહેલો હોય છે. શરીરને સુખી કરવા માટે પૈસો એ એક માત્ર સાધન કદાચ પૂરતવું હોઈ શકે; પણ મત-માણસનું મન-એમ ઝટ પ્રસન્ન થઈ જાય એવું આશુતોષ-નથી હોતું. ચિત્તની પ્રસન્નતા બીજી અનેક વસ્તુઓ પર અવલંબતી હોય છે.

ઘરમાં સુખથી વસવા માટે બે બાબતો સૌથી મહત્ત્વનાં હોય છે : સંપ અને સંતોષ. મિલમાં સામાન્ય કારકુની કરતા, ટૂંકા પગારવાળા એકે પુરુષને એવી ડાહી, ચતુર સ્ત્રી મળી છે કે તેનો ઊજળો ગૃહસંસાર જોઈ કોઈને પણ આનંદ થયા વગર ન રહે. એક જ ખંડમાં પોતાના ઘરમાં તે પતિ તથા ચાર બાળકો સાથે કિલ્લોલતો સંસાર ચલાવે છે. જ્યારે જુઓ ત્યારે ગૃહિણીનો ચહેરો હસતો હોય છે, અને બાળકો પણ સ્વચ્છ અને ઠીકઠાક જણાય છે. એક ખંડના ઘરને પણ તેણે એવી સરસ રીતે સજાવ્યું છે, ઘરવખરી એવી સારી રીતે ગોઠવી છે કે તેને ઘેર જઈએ તો ઘડીભર બેસવાનું મન થાય. સહકારી ધોરણે બંધાતી એક મંડળીમાં જોડાઈ તેના પતિએ હમણાં જ નાનુંશું મકાન બંધાવ્યું. મેં તે ઘરનું નામ 'સંતોષ' પાડી આપ્યું. તે નામથી તે સંતોષી કુટુંબના સંતોષમાં ઓર વધારો થયો છે.

વિનોદિની નીલકંઠ

બલા જેવી આ પ્રથાને બદલે કોઈ યોગ્ય નવી પદ્ધતિ ન શોધાય ત્યાં લગી તો, આજે જીવન-સાફલ્યના આધાર રૂપ લેખાતી એ પદ્ધતિમાં વિજય મેળવવાની રીત જાણી લેવી જરૂરી છે.

પરીક્ષા... અને ભણવાની કળા

વાંચવું કેવી રીતે ? . . . ક્યારે વાંચવું ? . . . વાંચતાં થાક કેમ લાગે છે ? . . . સ્મરણશક્તિ કેમ કેળવવી ? કવિતા કેમ યાદ રાખવી ? . . . પુનર્વાચન કેમ કરવું ? . . . પ્રશ્નપત્રો કેમ લખવા ? . . . મૌખિક પરીક્ષા વખતે કેમ વર્તવું ? . . . વગેરે સમજાવતો આ લેખ પરીક્ષાઓ નજીક આવે છે ત્યારે ઉપયોગી જણાશે.

——— ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ———

કેળવણીના પાયા તરીકે સ્વીકારાયેલી પરીક્ષાની કપરી કસોટી-માંથી દરેકને વિદ્યાર્થીજીવનમાં પસાર થવું પડે છે. આ સદીનું લાક્ષણિક ચિહ્ન થઈ પડેલી આ પરીક્ષાની શરૂઆત કંઈ આજકાલની નથી, પણ જૂના યુગની છે. માનવની જંગલી અવસ્થામાં શક્તિની સ્પર્ધામાં થોડા ઘાએ શિકાર પાડનાર માણસ ચાલાક ને વિજયી ગણાતો હશે. મહાભારતમાં ઉલ્લેખ છે કે દ્રોણ ગુરુએ પોતાના વિદ્યાર્થીઓની ધનુર્વિદ્યાની પરીક્ષા ઝાડની ડાળીમાં પક્ષી સંતાડી કરી હતી અને તેમાં ફક્ત અર્જુન જ ફતેહમંદ નીવડ્યો હતો.

મૂળમાં તો વિદ્યાર્થીનાં અધ્યયન, નિરીક્ષણ અને કૌશલ્યનું માપ કાઢવા પરીક્ષા યોજાઈ હશે. પણ હાલની પરીક્ષાની પદ્ધતિથી વિદ્યાર્થીની શક્તિનું સાચું માપ નીકળતું નથી. પરીક્ષાની આજની એ પદ્ધતિમાં વિદ્યાર્થીની વિશિષ્ટતા તરફ કશું ધ્યાન અપાતું નથી.

પરીક્ષાના આજના તંત્રથી વિદ્યાર્થી, જ્ઞાનની ઇચ્છા ત્યજીને માત્ર માર્ક મેળવવાનું ધ્યેય રાખી ભણે છે. આથી તેને ખરી માનસિક કેળવણી મળતી નથી. પરીક્ષાના દિવસોમાં વિદ્યાર્થી કેટલીક હકીકતો ગોખણપટ્ટી કરી મગજની સપાટી ઉપર તરતી રાખે છે, પણ પરીક્ષા પછી તે સદાને માટે ભુલાઈ જાય છે. પ્રોફેસર આઇન્સ્ટાઈન કહે છે કે, 'આજની પરીક્ષાઓમાં વિચારશક્તિ કેળવાતી નથી, પણ સ્મરણશક્તિ જ કેળવાય છે, સ્મરણશક્તિ અને બુદ્ધિને ગાઢ સંબંધ છે એ ખરું, પણ સ્મરણશક્તિ એ જ બુદ્ધિ નથી.'

પરીક્ષામાં સહેલાઈથી વિજયી થવા વિદ્યાર્થીને પરીક્ષા પૂરતા જ અભ્યાસક્રમના વર્તુળમાં જકડાઈ રહેવું પડે છે; જ્ઞાનની કુંજોમાં વિહરવાનું અને બીજી પ્રવૃત્તિઓમાં જોડાવાનું તેને માટે નિષિદ્ધ બને છે. વળી, પરીક્ષાની હૈયાહોળીમાં રાતમધરાત દવાના ડોઝ અને ચાના ઉકાળા પીને ઉછીની શક્તિ આણી, માનસિક ઘાણીએ જોડાઈ અથાગ માનસિક તથા શારીરિક પરિશ્રમ પણ ઉઠાવવો પડે છે.

આમ, પરીક્ષા એ બૂરી બલા છે એ વાત તો ખરી; પણ જ્યાં સુધી કેળવણીની પદ્ધતિમાં ફેર ન થાય, અને વિદ્યાર્થીના બુદ્ધિ-માપન માટે કોઈ નવી પદ્ધતિ નક્કી ન થાય, કે ડૉ. બૅલાર્ડની આગાહી મુજબ યંત્ર દ્વારા પરીક્ષાઓ ન થાય, ત્યાં સુધી શિથિલ સંકલ્પવાળા વિદ્યાર્થીઓને અભ્યાસરત કરવા પરીક્ષાની જરૂર તો રહેવાની. એટલે જ્યાં સુધી પરીક્ષાના પ્રમાણપત્ર પર જ જીવનસાફલ્યનો આધાર છે, ત્યાં સુધી પરીક્ષામાં વિજય સરળતાથી મળે તે જાણવું જરૂરી છે.

પરીક્ષામાં સફળતા મેળવવા માટે વિદ્યાર્થીએ ભણવાની કળા સિદ્ધ કરવી જોઈએ. એ કળાના મુખ્ય મુદ્દા જોઈએ : પહેલું તો ભાષા. વિચારનું વાહન ભાષા છે, એટલે સૌ પ્રથમ તો વિદ્યાર્થીને અભ્યાસની ભાષા સારી રીતે આવડતી હોવી જોઈએ. અશુદ્ધ જોડણી, વ્યાકરણની ભૂલો ને કઢંગી વાક્યરચના અક્ષમ્ય ને દોષપાત્ર લેખાય. શબ્દોના યોગ્ય વપરાશની ખૂબી પણ શીખવી જોઈએ અને વિચારોને સ્પષ્ટ રીતે સમજાવવા માટે લખવાની છટા પણ કેળવવી જોઈએ. આ ઉપરાંત અતિ મહત્ત્વની બાબત સુવાચ્ય લેખનની છે. લખાણની સુઘડતા ને ચોખ્ખાઈનો આદર્શ સૌ કોઈએ પોતાનો કરી લેવો જોઈએ.

બીજો મુદ્દો વાચન : વાચન વિષે તો ઘણું કહી શકાય. વિષયને જાણવા, તેને સમજવા અને યોગ્ય રીતે યાદ રાખવા વાંચવું જરૂરી છે. પણ વાંચવાનીયે કળા છે, ને તે બહુ થોડાએ કેળવી હોય છે. કોઈ પણ વિષય વાંચવાની શરૂઆત કરતાં પહેલાં તે વિષય પરત્વે આપણે શું અને કેટલું જાણીએ છીએ, તેનો થોડી મિનિટ સુધી મનમાં વિચાર કરવો. વાંચતી વખતે નોંધ લેતા જવું કે મહત્ત્વની જગ્યાએ નિશાનીઓ કરી લેવી એ ખોટું નથી; પણ ઠેરઠેર એવી લીટીઓ દોરવામાંય કશો અર્થ નથી. ખરી રીતે તો કોઈ બાબતમાં અનુસંધાન કે પૂર્તિરૂપે લખાણ હોય ત્યાં લીટીઓ દોરી હાંસિયામાં તેની નોંધ કરવી. વાંચતી વખતે જે નોંધો લીધી હોય તે નોંધોમાં પણ તે વિષયનાં બીજાં પુસ્તકો વાંચીને ઉમેરો કરવો જોઈએ અને તેને માહિતીથી સમૃદ્ધ કરવી જોઈએ. આવી નોંધ પુનર્વાચન અને પરીક્ષા વખતે અમૂલ્ય સાધન થઈ પડે છે.

વાચન દરમ્યાન થોડી થોડી વારે થોભીને, જે વંચાઈ ગયું હોય તે યાદ કરી જવાની ટેવ પાડવી. વળી બીજા દિવસે તે વિષય આગળ વાંચતાં પહેલાં પાછલું વાંચેલું અને તેની નોંધ પ્રથમ વાંચી જવાં.

પાઠ્યપુસ્તક ઉપરાંત તે વિષયનાં બીજાં પુસ્તકો વાંચવાં એ

અતિ અગત્યનું છે. બીજાં પુસ્તકો વાંચવાથી માહિતી, વસ્તુની રજૂઆત અને સમજૂતી વગેરે દ્વારા આપણો વિષય બહુ સરળ બની જાય છે. પ્રથમ તો અભ્યાસના વિષયનું સ્વરૂપ જાણી લેવા એક વાર પાઠ્યપુસ્તકો પહેલેથી છેલ્લે સુધી આંખ નીચે કાઢી જવાં અને તેને લગતાં બીજાં પુસ્તકો હોય તો તે પણ જોઈ જવાં. આ પછી પાઠ્યપુસ્તકોનું નિયમબદ્ધ અધ્યયન શરૂ કરવું. એ અભ્યાસ દરમ્યાન તેને લગતી માર્ગદર્શિની કે નોટ્સ અને માસિકો વાંચવાં હિતાવહ છે. આથી વિષય સમજવો સહેલો થાય છે અને અગત્યની બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત થાય છે.

વાંચવા માટે ખાસ વખત કયો સારો તેની સલાહ આપવી યોગ્ય નથી. જેનું ધ્યેય સતત વિદ્યાભ્યાસનું છે તેને તો બધો સમય અનુકૂળ હોય છે. પણ એમ કહી શકાય કે જ્યારે પ્રેરણા જાગે ત્યારે વાંચવું. વાંચવાનો વખત થયો છે માટે ચોપડીમાં માથું ઘાલીને બેસવું તેના કરતાં અભ્યાસ કરવાની તીવ્ર ઇચ્છા ઉદ્ભવે ત્યારે વાંચવા બેસવું તે ઉત્તમ છે. અને આવે સમયે વાંચવાથી વિષય સહેલાઈથી સમજાય છે અને ઝટ યાદ પણ રહી જાય છે. છતાં મનને ટેવ પાડવા માટે વાચનનો અનુકૂળ કોઈ સમય નિયત કર્યો હોય તો સારું.

વિદ્યાર્થીઓનો મોટો સમૂહ या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमीની પેઠે રાતના દસથી તે બે-ત્રણ વાગ્યા સુધીનો સમય અભ્યાસ માટે સર કરતો હોય છે. આ સમય અભ્યાસને અનુકૂળ ન લેખી શકાય. ઇરાસમસ કહે છે કે, 'રાતના વાંચવાથી મગજ બહેર મારી જાય છે અને હૃદય ઉપર અસર થાય છે.' અને મધરાત પછી વાંચવાનું ચાલુ રાખવું એ તો પોતાની જાતની છેતરપિંડી જેવું છે. જે રાતના સુનકારમાં આપણા વિચારોનું વહન ઝડપથી થાય છે; પણ એમાં આપણે 'વાંચતા' વધારે હોઈએ છીએ, પણ 'ભણતા' નથી હોતા, વાંચેલું ગ્રહણ કરી શકતા નથી હોતા. રાતનો ઉજાગરો વેઠી સવારમાં જાગ્રત થતાં ભારે મગજ તથા શિથિલ અને અસ્વસ્થ મનની ભેટ પામેલો વિદ્યાર્થી આપ્તજનોને કે મિત્રોને ચીડિયાં કરતો કે મોઢું ચડાવી વિહરતો માલૂમ પડે છે.

અધ્યયન માટે તો, છેક વેદકાળથી પ્રાતઃકાળનો સમય ઉત્તમ લેખાતો આવ્યો છે. વહેલી પરોઢના એક કલાકનું વાચન એટલું કે દિવસના બે-ત્રણ કલાકનું વાચન તેની તોલે ન આવી શકે. સાંજના જમ્યા બાદ અને ઊંઘતા પહેલાં થોડું હળવું વાચન શ્રેયસ્કર લેખાય. આખા દિવસના પરિશ્રમથી થાકેલા જ્ઞાનતંતુઓને તો ગાઢ નિદ્રા દ્વારા આરામ મળવો ઉચિત છે. પાંચ વાગ્યે જાગ્રત થતાં મન પ્રફુલ્લ અને મગજ શાંત તથા સ્વસ્થ હોય છે. આ સમયે વાંચવાથી ધ્યાનમગ્નતા જળવાય છે અને વાંચેલું યાદ રહી જાય છે. વળી આપણું વાચન ક્રમબદ્ધ અને નિયમાનુસાર જ હોવું જોઈએ. રોજ થોડુંઘણું તો વંચાવું જ જોઈએ; અને વળી દરરોજ દરેકેદરેક વિષયનાં થોડાં પાનાં વાંચવાની ચીવટ રાખવી જોઈએ.

વાચન, ચર્ચા-વિવાદ- આ બધાં અભ્યાસનાં ઉપયોગી અંગો છે; પણ વિષયને સમજવા, સરળ કરવા અને યાદ કરવા માટે તો લખવાની ટેવ પાડવી બહુ જરૂરી છે. એથી તે વિષય પરત્વે આપણા વિચારો સ્પષ્ટ થાય છે, વિષય આપણી આગળ સરળ બની રહે છે અને યાદદાસ્ત પણ વધે છે.

વાંચેલું યાદ રહે તે માટે મનની એકાગ્રતા ઉપરાંત વાચનમાં રસ પણ પ્રકટવો જોઈએ. અને વાંચનમાં રસ ઉપજાવવા જે કંઈ કરવું ઘટે તે કરી છૂટવું જોઈએ. શરત, હરીફાઈ વગેરે પણ અજમાવવાં જેવાં છે. કોઈ વાર સુંદર નવલકથાનું વાચન પણ મગજને પ્રફુલ્લિત કરી, અભ્યાસ પ્રત્યે રસ ઉપજાવે છે. શાંત વાતાવરણ, સ્વચ્છ ને સુઘડ ખંડ, અભ્યાસને અનુકૂળ ઉલ્લાસ અને સ્વસ્થ મન, આ સર્વ અભ્યાસમાં રસ ઉપજાવનારાં બાહ્યાંગો છે. વળી, બેઠાં બેઠાં વાંચવું જ ઉત્તમ છે; પથારીમાં પડ્યા પડ્યા વાંચવું નુકસાનકારક છે. વળી મનમાં અને ઝડપી વાંચવાની ટેવ પણ કેળવવી જોઈએ.

વાંચવામાં એક ચેતવણી ભૂલવા જેવી નથી. મિનિટોની મિનિટો પર્યંત સતત વાંચ્યા કરવું ન જોઈએ. આમ કરવાથી વાંચેલું વિચારવાનો સમય મળતો નથી, અને પછી લખતી વેળા વિચારો મેળવવા મુશ્કેલ પડે છે. વાંચતી વખતે પિસ્તાળીસ-સાઠ મિનિટના અંતરે, થોડો વખત શાંત પડી રહેવાનો સમય કાઢવો.. આમ પડી રહેવાથી આપણું અજાગ્રત મન આપણે વાંચ્યું હોય તેના સંસ્કારો સંઘરી લે છે. કોઈ પણ જ્ઞાનપ્રાપ્તિ માટે અજાગ્રત મનના સંસ્કારો અગત્યનો ભાગ ભજવે છે. મગજની કામગીરી પછીની આવી આરામની વેળામાં અજાગ્રત મન કાર્ય કરે છે. આ સમયે તે વિચારને છાણે છે, તેનું પૃથક્કરણ કરે છે અને તેના તથ્યાંશનું ઘટક સંઘરે છે. ગણિતનો કોઈ અટપટો દાખલો કે કોઈ પ્રશ્નનો ઉકેલ રાત સુધી આપણને પજવતો હોય પણ ઊંઘી ઊઠ્યા પછી સવારમાં તેનો ઉકેલ જડી આવે છે એનું રહસ્ય પણ એ જ છે.

મગજની કાર્યદક્ષતા માટે સંપૂર્ણ તંદુરસ્તીની જરૂર પહેલી છે. (જોકે એક બાબત જાણવા જેવી છે કે સાધારણ તપેલા શરીર વખતે વાંચેલો કઠણ વિષય પણ સમજવામાં સરળ થઈ પડે છે ! માંદગીની તીવ્ર વેદના વખતે બાયરન, કીટ્સ, શેલી, સ્ટીવન્સન જેવા કવિઓએ બુદ્ધિમત્તાની ઉચ્ચતા દર્શાવતાં કાવ્યો લખ્યાં છે.) શારીરિક શ્રમ અને માદક વસ્તુઓ મગજની કાર્યશક્તિ ઓછી કરે છે, પણ સાધારણ કસરત મગજને પ્રફુલ્લિત કરે છે.

વાંચતી વખતે 'થાક' લાગે તો શારીરિક થાક નથી, પણ 'કંટાળો' છે. માનસશાસ્ત્રીઓ કહે છે કે મગજ કદી 'થાકતું' નથી. એ તેના દેખીતા 'થાક' પાછળ કોઈ સંવેદન કે ચિંતા કામ કરી રહ્યાં હોય છે. જો પોતાના કામમાં ખરો રસ હોય છે તો તંદુરસ્ત માણસ કલાકો તો શું પણ દિવસો સુધી કાર્યમાં જરા પણ ક્ષતિ આવ્યા વિના માનસિક શ્રમ ઉપાડી શકે છે. વાંચતી વેળા જો

આવી 'અરુચિ' ઉત્પન્ન થાય તો તેવે વખતે મનને દબાવી, બરાબર કાબૂમાં રાખી પાંચ-દસ મિનિટ વાંચવામાં ખેંચી કાઢવામાં આવે, તો થોડા વધારે કલાકો વાંચવામાં ગાળી શકાય છે.

પણ અભ્યાસનો મૂળ પાયો તો 'યાદ રાખવા'માં રહેલો છે. એ સ્મરણશક્તિનું રહસ્ય હજુ અણઉકેલાયેલું રહ્યું છે. સ્મરણશક્તિનાં ત્રણ અંગો છે : એક તો વાચનની છાપ કે અસર. આ છાપ વિષય ઉપર અપાયેલા ધ્યાન પર અવલંબે છે. વિષયમાં ધ્યાનમગ્ન બન્યા વિના તેને યાદ રાખવો મુશ્કેલ છે. કોઈ પણ બાબતને મગજનાં કેન્દ્રોમાં પકડવા માટે એકાગ્રતાની ખાસ જરૂર છે.

સ્મરણશક્તિનું બીજું મહત્ત્વનું અંગ તે ગ્રહણ કરેલી છાપને કાયમ રાખવી તે છે. આ કાયમ રાખવાની શક્તિ માણસે માણસે જુદી જુદી હોય છે. વિલિયમ જેમ્સ લખે છે કે, 'કેટલાક માણસોના મનમાં પૂર્વાપર સંબંધ વિનાની વસ્તુઓ ભુંસાઈ જાય છે, ત્યારે કેટલાકમાં તેનું સ્મરણ એવું તો 'સૂક્ષ્મ' હોય છે કે જરા જેટલી સંવેદના પામતાં તે પ્રકટી ઊઠે છે. જે વ્યક્તિઓ નામ, સરનામાં, બનાવો, સાલવારી, ગપ્પાં, કાવ્યો, કહેવતો ને એવી ઘણી ઘણી બાબતો વગર મહેનતે યાદ રાખી શકે છે, તેમની યાદદાસ્ત મોટે ભાગે અવ્યવસ્થિત અને અપ્રમાણ હોય છે. આથી યાદદાસ્તીનું કાયમીપણું રહે તે માટે યાદ રાખવા જેવી બાબતો પસંદ કરી લેવી જોઈએ. એટલે જ યાદ રાખવાના જેટલો જ ઉમદા ગુણ વિસ્મૃતિનો પણ છે. એટલે શું યાદ રાખવું અને શું ભૂલી જવું તે નક્કી કરવું જોઈએ.

યાદદાસ્તને તાજી કરવી તે સ્મરણશક્તિનું ત્રીજું અંગ છે. આ માટે યાદગાર બાબતોના પૂર્વાપર સંબંધના સંસ્કાર મદદકર્તા નીવડે છે. તે સારુ કેટલીક સંજ્ઞાઓ, મિતાક્ષરો વગેરે ઉપયોગી નીવડે છે.

યાદદાસ્તની શક્તિ વિષે ઘણા પ્રયોગો થયા છે. તેથી જાણવા મળ્યું છે કે શીખેલી કે વાંચેલી હકીકતોમાંથી પચાસ ટકા તો એક કલાકમાં ભુલાઈ જાય છે. બાકીનીમાંથી સોળ ટકા દિવસના અંત સુધીમાં અને પછી બીજા ચૌદ ટકા મહિના સુધીમાં સ્મરણપટ પરથી વિલીન થઈ જાય છે. આ ઉપરથી સાબિત થાય છે કે, 'થોડા દિવસ અગાઉ વાંચેલા કરતાં થોડા કલાક પહેલાં વાંચેલું આપણને બહુ ફાયદાકારક નથી નીવડતું. એટલે પરીક્ષાના છેલ્લા કલાક સુધી વાંચ વાંચ કરવાથી વધારે લાભ થાય તેમ નથી.'

માનસશાસ્ત્રીઓનું કહેવું છે કે આપણામાંનો દરેકેદરેક જણ કલ્પનામાં પણ ન આવે એવા યાદશક્તિના પ્રયોગો કરી શકે તેમ છે. સામાન્ય કોટિનો વિદ્યાર્થી પ્રસંગો, લખાણો, મહત્ત્વનાં નામો અને આંકડા યાદ રાખી 'શકતો' નથી હોતો, કારણ કે ખરી રીતે તે યાદ રાખવા તેણે મુદ્દલે પ્રયાસ જ કર્યો નથી હોતો. વળી તેની વાંચવાની પદ્ધતિ પણ ખામી ભરેલી હોય છે.

વિષયને મગજના સ્મૃતિપટ પર અંકિત કરવા માટે બે સાધનોની ઉપયોગિતા છે. એક તો મગજ રૂપી કૅમેરા, ને બીજું એ કૅમેરાના લેન્સ રૂપે કામ કરતી બે આંખો. મગજનું સ્મૃતિકેન્દ્ર ફિલ્મનું કાર્ય કરતું હોય છે. ફોટો પાડતી વખતે જેમ શરીર સ્થિર રાખી કૅમેરાની ચાંપ દબાવવી અતિ મહત્ત્વની છે, તેમ વાંચતી વખતે પણ આંખ અને મગજને કાર્યવંતાં રાખવાં જરૂરનાં છે.

ધીમે ધીમે વાંચવાની સાથે સમજીને વાંચવું જોઈએ. વળી પાછલા ફકરાના વિચારો પકડી રાખી આગળ વાંચતા રહેવું જોઈએ ને વિષય પૂરો થયા બાદ તેમાં શું કહેવામાં આવ્યું છે તે મગજમાં પકડી રાખવું જોઈએ. આવું અભ્યાસયુક્ત વાચન જલદી યાદ રહી જાય છે.

માનસશાસ્ત્રીઓએ પ્રયોગો બાદ સિદ્ધાંત તારવ્યો છે કે યાદ રાખવાનો વિષય સૂતાં અગાઉ વાંચી જવો. સૂતાં અગાઉ બે કલાક પહેલાં વાંચ્યું હોય તો તે પણ નકામું છે. વાંચીને તરત સૂઈ જવામાં આવે તો વાંચેલું મગજમાં ઠસી જાય છે.

કવિતા ગોખવાની હોય તો તેની કડીઓ ટુકડાબં ના ગોખો. તેને પહેલેથી છેવટ સુધી વાંચી જવી. આવી રીતે જેટલી વાર વંચાય તેટલી વાર વાંચી જવી, પણ 'ગોખવી' નહીં. એકી પલાંઠીએ કવિતા પંદર વાર વાંચવા કરતાં અઠવાડિયા સુધી સૂતાં પહેલાં બે વખત તેને બોલી જવામાં આવે તો તે સહેલાઈથી યાદ રહી જાય છે.

માનસશાસ્ત્રીઓએ પ્રયોગો કર્યા બાદ યાદશક્તિ કેળવવા માટે કેટલાક સિદ્ધાંતો તારવ્યા છે. તે મુજબ કોઈ વિષય શીખવા માટે ખૂબ મહેનત ન કરો. આમ કરવાથી મગજના કોષો ખૂબ ઉત્તેજિત થવાથી યાદ રહેવાની ક્રિયા મંદ પડી જાય છે. વળી તમારી સ્મરણશક્તિ માટે માન ધરાવો. 'મારું મગજ તો ચાળણી જેવું છે' એમ કહેનાર 'ચાળણી' જેવા એ મગજમાં વધારે કાણાં પાડતો હોય છે ! યાદશક્તિ અમુક જણાનો જ હક્ક છે તે માન્યતાયે ખોટી છે.

વૈજ્ઞાનિક રીતે પરીક્ષાના સમય પહેલાં અભ્યાસનું પુનર્વાચન કરી જવું જરૂરી છે. આ વખતે પાઠ્યપુસ્તકો વાંચવા કરતાં, અગાઉ જે 'નોટ્સ' લીધી હોય તેનું વાચન કરી જવું પૂરતું છે. કોઈ અસ્પષ્ટ બાબત કે શંકાના નિવારણ માટે પાઠ્યપુસ્તકો જોવાં એ ઠીક છે. પરીક્ષા અગાઉ દરેક વિષયનું ત્રણથી ચાર વાર પુનર્વાચન થઈ જવું જોઈએ. પુનર્વાચન વખતે સાથીઓ જોડે ચર્ચા કે પ્રશ્નોત્તરી પણ ફાયદાકારક નીવડે છે, તેમ જ અગાઉની પરીક્ષાઓના પ્રશ્નપત્રોના ઉકેલ પાછળ થોડા કલાક ગાળવા પણ લાભદાયી થઈ પડે.

પરીક્ષાને છેલ્લે દિવસે અભ્યાસમગ્ન રહેવામાં કશો અર્થ નથી તે આપણે જોઈ ગયા. કેટલાક તો પરીક્ષાના દિવસ પહેલાં આઠ દિવસ અગાઉથી વાંચવાનું બંધ કરવાની સલાહ આપે છે ! પણ સામાન્ય વિદ્યાર્થીઓ માટે એ સલાહ ઉચિત ન લેખાય. પણ તેમને માટેયે ચોવીસ કલાક અગાઉથી તો વાંચવાનું બંધ કરવું ઇષ્ટ છે. પરીક્ષાના અઠવાડિયા અગાઉ રાતના દસ વાગ્યા પછી સૂઈ જ જવું અને અજાગ્રત મનને અધ્યયનની છાપને સંસ્કારવાની

તક આપવી જોઈએ, એ કદી વિસરવા જેવું નથી.

પરીક્ષામાં વિદ્યાર્થી કેટલું જાણે છે તેની કિંમત નથી અંકાતી પણ તે કેવી રીતે લખે છે તેનું મૂલ્યાંકન થાય છે.

પ્રશ્નપત્ર મળે કે તરત લખવા મંડી ન પડવું. પ્રથમ તો પ્રશ્નપત્રને એક વાર ધીરજથી વાંચી જવો. તે પછી ફરી વાર વાંચી જવામાંયે થોડો વધારે વખત વિતાવવો પડે તો વાંધો નહીં, પણ પ્રશ્નોને બરાબર સમજી લેવા જોઈએ. પ્રશ્નને પૂરા સમજ્યા વિના ગમે તેટલું ભારેખમ લખ્યું હોય તોયે અર્થહીન જ નીવડવાનું. પ્રશ્નોના ઉત્તરો સંપૂર્ણ લખવા જોઈએ, પણ જેમ બને તેમ ટૂંકામાં પતાવવા જોઈએ. લંબાણપૂર્વક લખવાના કદી માર્ક નથી મળતા, પણ અર્થપૂર્ણ વિગતોના માર્ક મળે છે. વળી બધા જ પ્રશ્નોના ઉત્તરો આપવા પ્રયત્ન કરવો જોઈએ. પ્રશ્નનો થોડોકે ઉત્તર આપ્યો હોય તો તેના થોડા ગુણ પણ મળવાના જ, અને આ રીતે મેળવેલા થોડા ગુણ પણ માર્કની કુલ સંખ્યામાં વધારો કરવાના જ.

મૌખિક પરીક્ષામાં મોં ઉપર ઉત્સાહ અને મનમાં વિશ્વાસ રાખવાં જરૂરનાં છે. કદાચ પ્રશ્નના ઉત્તર જાણતા હોઈએ તોપણ થોડી પળ વિચારશીલ દશામાં ગાળવાથી પરીક્ષક ઉપર સારી અસર થાય છે. પરીક્ષકની ધૂન પ્રમાણે જવાબ આપવામાં પણ ઘણો લાભ થાય છે.

જોકે પરીક્ષામાં અકસ્માતને ઘણો અવકાશ છે. માર્ક આપવામાં કોઈ પ્રમાણભૂત ધોરણ ન હોવાથી કે પ્રશ્નોના ઉત્તર આપવામાં આદર્શ ઉત્તર કયો તેનું ધોરણ નહિ હોવાથી પરીક્ષકો માર્ક આપવામાં ઘણા અચોક્કસ હોય છે. એક જ ઉત્તરના એક વખતે થોડા માર્ક આપવામાં આવ્યા હોય તો વળી થોડા દિવસ બાદ તેના જ વધારે માર્ક મળે એવું બનવું સંભવિત છે. સર ફિલિપ હરટોગ અને ઇ. સી. હોર્ડ્ઝે ઈ.સ. ૧૯૩૫માં 'પરીક્ષાની પરીક્ષા' નામના રિપોર્ટમાં, વિદ્યાર્થીઓના એકના એક ઉત્તરપત્ર ઉપર અનુભવી પરીક્ષકોને હાથે અપાયેલા માર્કોના ભારે તફાવતનું પૃથક્કરણ કરી, માર્ક આપવાની પદ્ધતિની પોકળતા, તેમાં વિદ્યાર્થીઓને સમાયેલા ગંભીર અન્યાય અને અકસ્માતના અવકાશનું રહસ્યપૂર્ણ નિરૂપણ રજૂ કર્યું છે. માટે, કદાચ પરીક્ષામાં નિષ્ફળતા મળે તો કદી નાસીપાસ ન થવું કે પોતાની બુદ્ધિ માટે ઓછો આંક ન માંડવો, યા પોતાની શક્તિ માટે લાઘવગ્રંથિવાળા થઈ નીચા વિચારોથી પીડાવું નહિ; પણ સદા પ્રયત્નશીલ રહેવું, અભ્યાસની રીત બદલવી અને પુનઃ વિશ્વાસ તથા શ્રદ્ધા સાથે નસીબ અજમાવવા કટિબદ્ધ થવું.

અંતમાં એક અતિ અગત્યની બાબત ઉપર ધ્યાન દોરવું જરૂરી છે. અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થીએ પાઠ્યપુસ્તકોના કિલ્લામાં જ ઘેરાઈ રહેવું ખોટું છે. કદાચ પરીક્ષાના ત્રાસથી વિદ્યાર્થીઓ સાહિત્યવિમુખ રહેતા હોય, પણ જીવનની સર્વાંગી કેળવણી ખાતર આપણે જગતસાહિત્યની શિષ્ટ, સંસ્કારપ્રેરક અને પ્રેરણાદાયક સામગ્રી - કાવ્ય, ઇતિહાસ, કથાનકો અને મુખ્યતઃ જીવનકથા ને આત્મકથા વગેરે સામગ્રીનો રસાસ્વાદ માણવો જોઈએ. આથી નૈસર્ગિક બુદ્ધિનો વિકાસ થાય છે અને જ્ઞાન વિશદ થાય છે; ભાષા ઉપર કાબૂ આવે છે અને લખાણમાં સચોટતા આવે છે. પરીક્ષાની કૂંચી ઉપર જ મંડી રહેલા પણ સાહિત્ય પરત્વે પરાઙ્મુખતા કેળવેલા તેજસ્વી વિદ્યાર્થીની જીવન- કારકિર્દી નિસ્તેજ ને નિષ્ફળ નીવડે છે. આપણે આ જગતના વાસી તરીકે સમસ્ત જગતની સંસ્કૃતિના વારસ છીએ એમ સમજી અભ્યાસ દરમ્યાન સાહિત્યના સતત સંપર્કમાં રહેવું ઇષ્ટ છે. (૩૦૨)

રસ્તો

(ગઝલ)

શહેરોમાં રહે છે, જંગલોમાં જાય છે રસ્તો;
કહીં સંસાર માંડે, ક્યાંક સાધુ થાય છે રસ્તો !
અહીંથી સાવ સીધો ને સીધો આ જાય છે, તોપણ
તમારા ધામ પાસે કેટલો વંકાય છે રસ્તો !
નથી પડતાં કદમ એ તમ મિલન માટે નથી પડતાં;
વિના વાંકે બિચારો વિશ્વમાં નિંદાય છે રસ્તો !
પ્રણયના પંથ પર ક્યારેક લ્હેરાતો હતો પાલવ,
નજર સામે, હવે મૃગજળ રૂપે લ્હેરાય છે રસ્તો !
નહીંતર, ખીણમાં એ સોંસરો આવી નહિ પડતે,
મુસાફરને શું દેવા દોષ ? ઠોકર ખાય છે રસ્તો !
હું ઈશ્વરની કને તો ક્યારનો પ્હોંચી ગયો હોતે,
કરું શું ? મારા ચરણોમાં બહુ અટવાય છે રસ્તો !
મુસાફર નહિ, નદીમાં એ ન ડૂબી જાય તે માટે
બને છે પુલ,—સામે પાર પ્હોંચી જાય છે રસ્તો !
નથી જોતા મુસાફર એકબીજાને નથી જોતા,
નજરને શું થયું છે કે ફક્ત દેખાય છે રસ્તો !
ન જાણે શી શરમ કે બીક લાગે ચાલનારાની,
કદી સંતાય છે રસ્તો, કદી ગુમ થાય છે રસ્તો !
વિહંગો શી રીતે સમજી શકે આ મારી મુશ્કેલી ?
ચરણ આગળ વધે છે ત્યાં જ પટકી જાય છે રસ્તો !
અનિલ, મારા જીવનની પણ કદાચિત્ એ હકીકત છે :
રહી પણ જાય છે પાછળ, ને આગળ જાય છે રસ્તો !
નથી એક માનવી પાસે હજી માનવ બીજો પહોંચ્યો,
અનિલ, મેં સાંભળ્યું છે, ક્યારનો બંધાય છે રસ્તો !

રતિલાલ અનિલ

★ પહેલું સુખ તે જાતે નર્યા ★

કસરત ક્યારે ન કરવી?

નિરામય શરીર માટે રોજની થોડીઘણી કસરત આશીર્વાદ સમી નીવડે છે એ વાત આજે કોઈને સમજાવવા બેસવાની ભાગ્યે જ જરૂર છે. વ્યાયામ કેમ કરવો અને ક્યારે કરવો એ વિશે તો ઘણુંબધું લખાઈ ગયું છે. આજે આપણે વ્યાયામ ક્યારે ન કરવો એની જ ચર્ચા અહીં કરીશું.

સંપૂર્ણ ભોજન લીધા પછીના બે કલાક દરમિયાન કદી કસરત ન કરવી જોઈએ એ વાત ખાસ યાદ રાખવી; કારણ, પાચનક્રિયાની જેમ કસરત પણ લોહીનો વધારો માગે છે અને એથી સફળતાને ધોખો પહોંચે છે. ખાધા પછી તરત કરેલી કસરત પાચન અને વ્યાયામ બંનેને બગાડે છે. જોકે પાચનક્રિયાનું કાર્ય તો એ બે કલાક પછી પણ ચાલે છે, પરંતુ એ પહેલાં કરતાં મંદ હોય છે. જ્યારે જમ્યા પછીના તરતના બે કલાકમાં વ્યાયામને લઈ મચનારાઓમાં અસ્વસ્થતા, નબળાઈ અને ક્યારેક તો મૂર્છા આવી ગયાના દાખલા પણ બન્યા છે.

ઝડપી વ્યાયામ કરતાં ધીમો અને લાંબા સમયનો વ્યાયામ વધારે ઇચ્છનીય છે; જેવું કે ફરવું, તરવું, ટેકરાઓ ચડવા વગેરે. અને એવા હળવા વ્યાયામમાં વચ્ચે થોડો ઉપાહાર લીધો હોય તો એ શરીરને હાનિ કરવાને બદલે ઊલટો સ્ફૂર્તિ આપે છે.

કેટલાંક વરસ પર વળી પથારીમાંથી ઊઠીને તરત વ્યાયામ કરવાનો પવન ફેલાવવામાં આવ્યો હતો, પણ એ માત્ર ધતિંગ જ છે કારણ, એ વખતે શરીરમાં લોહીનું દબાણ તથા ઉષ્ણતામાન નીચામાં નીચાં હોઈ વ્યાયામ વડે તેમાં થતો ઝડપી વધારો સારીને બદલે વિપરીત જ અસર કરે છે. એવી જ રીતે સૂતાં પહેલાંના થોડા વખતનો વ્યાયામ પણ નાપાયાદાર છે. એથી મગજમાં લોહીનો તાજો ભરાવો થઈ વિચારશક્તિ ઉત્તેજાય છે, જે ઊંઘના દુશ્મનની જ ગરજ સારે છે.

ખૂબ જ થાક લાગ્યો હોય ત્યારે અથવા કોઈ શારીરિક ઈજા કે માંદગી વખતે પણ વ્યાયામપ્રવૃત્તિ બહુ ન વિકસાવવી; કારણ કે એવી સ્થિતિમાં મન વ્યાયામનો જોઈતો આનંદ લઈ શકતું નથી; એટલે શારીરિક અને માનસિક બંને રીતે તે હાનિકર્તા નીવડે છે.

ધંધાદારી લોકોને માટે કસરતનો સારામાં સારો વખત નમતા પહોરમાં વાળુના પહેલાંના એક કલાકનો છે. એ વ્યાયામ અને પછીનું ભોજન શરીરને પૂરતી આસાએશ આપી મનને એવું તાજું બનાવી દે છે કે ત્યાર પછી બીજું કંઈ પણ કાર્ય કરવા માટે તે પૂરતું તૈયાર થઈ રહે છે. દિવસના અંતે ઘણા માણસો એવા વિવશ બની જાય છે કે તેમને કશા કાર્યમાં પરોવવાનું મન નથી થતું અને તેથી જ્યાંત્યાં પોતાના શરીરનો ખડકલો કરી દઈ, રાત પડવાની રાહ જોતા પડ્યા રહે છે. એ વિવશતા શારીરિક શ્રમને લીધે હોય તો રમતગમત વગેરે મનને બહેલાવવાનાં હળવાં સાધનો અજમાવવાં; પણ જો માનસિક શ્રમને કારણે હોય તો તો થોડી કસરત તેને પાછો બહારમાં આણી દે છે.

વ્યાયામ કેટલા પ્રમાણમાં કરવો તેનો ચોક્કસ જવાબ તો કોઈ આપી શક્તું નથી - ડૉકટરો સુધ્ધાં નહિ. પોતાની ગુંજાશનું માપ દરેકે પોતાની જાતે જ મેળવી લેવું રહ્યું.

જીવનનો ઉદ્દેશ આનંદ લેવાનો જ હોય તો સ્વસ્થ શરીરમાંથી મળતો આનંદ જતો કરવા જેવો નથી જ. અને વ્યાયામ એ આનંદનો સૌથી યોગ્ય પ્રદાતા છે. એનાથી શ્વાસોચ્છ્વાસનો વેગ જેમ વધે છે તેમ તેનું ઊંડાણ પણ વધે છે. શરીર આરામમાં પડ્યું હોય ત્યારે એ ક્રિયા એટલી તો ધીમી ચાલે છે કે ફેફસાંનો ૧/૫ ભાગ પણ ભાગ્યે જ એની પાછળ રોકાય છે; જ્યારે વ્યાયામ પછી એની કામગરી ફેલાઈને લોહીનું ચાર કે પાંચગણું ઝડપી શુદ્ધીકરણ થાય છે.

ઊંઘને હમેશાં શારીરિક શ્રમ આમંત્રે છે, માનસિક શ્રમ નહિ, અને શારીરિક થાક મોટા સ્નાયુઓના ખેંચાણથી નીપજે છે, જ્યારે માનસિક (neuromuscular) થાક નાજુક સ્નાયુઓના ખેંચાણથી જન્મે છે. પરંતુ એ બંને પ્રકારના થાકનો બોજો શરીરના બીજા કોઈ પણ ભાગો કરતાં હૃદય અને રક્તશિરાઓ પણ ઊતરે છે, એટલે પોતાની સહનશીલતાની સીમાએ પહોંચ્યા કે એથી વિશેષ આગળ શારીરિક કે માનસિક કશો શ્રમ કદી ન વધારવો.

(અમેરિકન મેડિકલ ઍસોશીએશનના
માસિક 'હાઈજીઆ' પરથી)

ખલીફાનું વેતન : હઝરત અબુબક્ર સિદિકકી જ્યારે ખલીફા બન્યા ત્યારે પ્રશ્ન ઊભો થયો કે ખલીફાનું વેતન કેટલું ઠરાવવું. ખૂબ વિચારણાને અંતે એવું નક્કી થયું કે આ બાબત ખલીફાની મરજી ઉપર છોડી દેવી. એ મુજબ અબુબક્રને પૂછવામાં આવ્યું ત્યારે એમણે સામે પ્રશ્ન કર્યો કે મદીનામાં એક મજૂરની રોજની આવક કેટલી છે ? બસ, એટલું વેતન મને આપશો તો ચાલશે. જે રીતે મજૂર ચલાવી લે છે એ રીતે હું પણ ચલાવી લઈશ. આનો એક ફાયદો એ થશે કે હું સતત એવી કોશિશ કરતો રહીશ કે મજૂરની આવક વધતી રહે ને એથી મારી આવકમાં વધારો થાય.

મુગલ ચિત્રકળા

રવિશંકર રાવળ

(ચિત્રકળાને વખોડનારા કેટલાક માનવીઓ જોઉં છું ત્યારે મને તેમના પર અણગમો થાય છે. મને તો લાગે છે કે ખુદાને પિછાનવાની ચિત્રકારને અજબ શક્તિ મળેલી છે. કોઈ પણ હયાત પ્રાણી કે તેનું અંગ ચીતરતી વેળા તેને જરૂર લાગતું હશે કે પોતાની ગમે તેવી શક્તિ છતાં જીવ મૂકવાની તાકાત પોતાનામાં નથી. તેથી જ અલ્લાહ તાલા (Giver of Life)નો ખ્યાલ કરી તે વધુ ડહાપણ મેળવી શકે છે.

(શાહાનશાહ અકબર)

બાબર અને તેની પછીના મોગલ શહેનશાહોના સમયમાં હિંદમાં જે કળા ઊછરી અને વિકસી તે મુગલ કળાને નામે ઓળખાય છે. તેના સંસ્કારનું ખરું મૂળ તૈમુરના સમયથી હિંદમાં ઊતરી આવતા મુગલોની સાથેના ઈરાની કળાસંસ્કારોમાં રહેલું છે. આમ, મુગલ ચિત્રકળા હિંદમાં વિધર્મી પ્રજાએ ઉછેરી, છતાં તેમાં એક પણ અંશ એવો નહોતો કે જે હિંદુઓની કળા સાથે મળી જતાં વિસંવાદી બને. આનું કારણ એ જ લાગે છે કે બંને કળાઓનું કેન્દ્રસ્થાન એક જ હોવું જોઈએ. સમસ્ત એશિયાની ચિત્રકળામાં જે એકરૂપતા દેખાય છે તેનું કારણ પણ એવું જ છે. બૌદ્ધ ધર્મે ચીન ને જાપાન મારફત મૉંગોલિયા, તાર્તાર ને ઈરાન સુધી પગપેસારો કર્યો અને એ ધર્મના આચારની સાથે કલાસંસ્કારની એકરૂપતાનાં બીજ પણ નખાયાં. તેના પુરાવા રૂપે આજે પણ મધ્ય એશિયામાંથી મૂર્તિઓ ચિત્રપટો અને ગુફામંદિરો મળી આવે છે. ચીનની છઠ્ઠા સૈકા સુધીની ચિત્રકળા અને મધ્ય એશિયાના આ અવશેષો તથા તક્ષશિલાના શિલ્પની વચ્ચે અજબ પ્રકારનું સંસ્કારસામ્ય દેખાય છે.

ઈસ્લામ ધર્મના કાનૂનોએ માનવઆકૃતિ ચીતરનારને માટે સખ્ત ફરમાનો કર્યાં છે, છતાં કળાની વેલ તો સદાયે પાગરતી જ રહી છે. માનવઆકૃતિ ચીતરવાના એ નિષેધે કલાશક્તિને બીજાં રૂપોમાં વાળી અને વિવિધ આકૃતિરૂપો તથા શોભન આલેખનોમાં તેઓએ અસાધારણ પ્રાવીણ્ય મેળવ્યું. આજે પણ જાતજાતના વેલબુટ્ટાઓ અને ભૌમિતિક રંગરચનામાં તુર્કસ્તાન તથા ઈરાનને કોઈ દેશ ન પહોંચે. પરંતુ બગદાદની ખિલાફત તૂટ્યા પછી કળાનાં બંધનો પણ તૂટીને ઢીલાં થયાં. એ સમયના અયૂબ સુલતાનોએ સિક્કાઓ પર મહોરાં છાપેલાં, તે પરથી આ બાબતની સાબિતી મળે છે. ચીનના વ્યવહારનો એક ધોરી માર્ગ તિબેટ, તાર્તાર ને ગ્રીસ મારફતે યુરોપમાં જતો હતો તેથી એશિયાની અનેક કળાઓ ઈસ્લામી રાજ્યમાં સહેજે પ્રચાર પામી શકતી હતી. તેમાંયે ચીન સામ્રાજ્યની સત્તા વધીને ઈરાનની બહુ નજીક આવેલી પશ્ચિમ કરતાં પૂર્વની કળા ત્યાં વધારે ઊછરી ને પાંગરી.

આપણે શરૂઆતમાં જોઈ ગયા તેમ મુગલ કળાનો સંસ્કારપાશ મૂળે આ ઈરાની કળાનો. ઈરાનમાં મરઘાના, સુલતાનિયા ને તેબ્રીઝ કળાનાં મોટાં મથકો તરીકે મશહૂર થયાં હતાં અને તૈમુર રાજવંશની સત્તા જામતાં તો ઘણી જાતની સંસ્કૃતિ ત્યાં ઉદય પામી હતી. તેમના વખતમાં ઑક્સસ, બુખારા અને સમરકંદ નવજીવન પામ્યાં. હિંદુસ્તાનને તૈમુરની યાદી બહુ જ દુઃખદાયક છે, પણ તેના જ વંશમાંથી હિંદમાં મુગલ સામ્રાજ્યનો પાયો નાખનાર બાબર ઊતરી આવ્યો અને તેને જ હાથે લલિત રેખાવંતી મુગલ કળાનાં સીમાચિહ્નો મંડાયાં એ પણ અજબ વિધિયોગ નહિ તો બીજું શું ?

હેરાતમાં તૈમુરનો જ પુત્ર શાહરૂખ પોતે કવિ હતો અને ઘણા કવિઓને પોતાને દરબારે નિભાવતો.. એક કવિને તો તેણે ચીન સુધી મોકલ્યો હતો. પંદરમા સૈકાને અંતે સુલતાન મીરઝાંના દરબારમાં એ કાળના અતિ મશહૂર ચિતારા ભેગા થયા હતા, તેમાં ઈરાનનો નામચીન ચિતારો બૈઝાદ પણ હતો. ઈ.૧૫૦૬માં એ કલાપ્રિય સુલતાનના મરણ પછી બૈઝાદ સદબીશાહ સુલતાન હુસેન ખુશરૂખાનના દરબારે ગયો અને ઈ. ૧૫૧૪માં મૃત્યુ પામ્યો. એ જ વંશમાં ઈરાનનો પ્રખ્યાત કલાપોષક શાહ અબ્બાસ થયો. ઈ. ૧૫૨૫માં બાબરે હિંદ ઉપર સવારી કરી તે વખતે લડાઈના મામલાને લીધે તેને હિંદુસ્તાનનો ખરો ખ્યાલ મળી શક્યો નહિ; પણ બૈઝાદનાં ચિત્રોની તેણે બહુ તારીફ કરી છે અને તેને એ જમાનાનો મોટો ઉસ્તાદ ગણ્યો છે. આ પરથી બાબરની રસિક્તા સ્પષ્ટ સમજાય છે. પાંચ વર્ષ બાદ બાબરના મરણ પછી તેના પુત્ર હુમાયુ પાસેથી શેર અફઘાને ગાદી છીનવી લીધી અને તે ઈ.સ. ૧૫૫૫ સુધી તેબ્રીઝ (ઈરાન)માં શાહ તમસ્પને આશ્રયે રહ્યો.

આ વખતે બૈઝાદ ગુજરી ગયો હતો, પણ મીર સૈયદઅલી

નામનો જુવાન ચિતારો નામના જમાવી રહ્યો હતો. તેનો બાપ મીર મન્સૂર બાદકશા બૈઝાદનો સમોવડિયો હતો. મીર સૈયદઅલી અને એક બીજો ચિતારો અબ્દુસ્સમદ આ રાજભ્રષ્ટ શાહ હુમાયુની નજરમાં વસી ગયા અને ફરી તેને રાજગાદી મળતાં ઈ. ૧૫૫૦માં તે બંનેને તેણે પોતાના દરબારમાં તેડાવી લીધા. એ વખતે મીર સૈયદઅલીને મીર હમઝાની કથા (દાસ્તાને મીર હા મઝા) સચિત્ર કરવાનું કામ સોંપાયું. તેણે કેટલાક ચિતારાઓને હાથમાં રાખી સો સો પાનનું એક એવાં બાર પુસ્તકો તૈયાર કર્યાં. તેમાંનાં કેટલાંક આજ વીએનાના સંગ્રહાલયમાં છે અને પચીસ પાનાં લંડનના મ્યુઝિયમમાં છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે હિંદમાં પણ તે વખતે જોઈએ તેવા કુશળ ચિત્રકારો મળી આવતા હશે. અકબરને બચપણથી જ પિતાના દરબારમાં આવા ચિત્રકારોનો સહવાસ મળવાથી તેનામાં અતિ ઉચ્ચ રસિકતા અને શોખ પ્રકટ્યાં, અને પરિણામે હુમાયુના મૃત્યુ પછી તે ગાદીએ આવતાં ચિત્રકળા અતિ ઉદાર અને કદરદાન આશ્રયદાતા પામી.

દિલ્હીના મુગલ દરબારમાં આમ તૈયાર થયેલાં અત્યાર સુધીમાં બધાં ચિત્રોનાં ઈરાની કળાની છાપ આગળ પડતી હતી. તસવીરો કરવાનો હુન્નર બૈઝાદે ખૂબ અજમાવ્યો હતો. મુગલ દરબારમાં તે ફૂલીફાલી નીકળ્યો અને અકબરશાહની ઉદાર ધાર્મિક્તા તથા ઊંચી સંસ્કારદૃષ્ટિને લીધે તેના દરબારમાં દેશદેશના પંડિતો અને કળાબાજો ખેંચાઈ આવ્યા. આમાં ગુજરાતના પણ દશેક ચિત્રકારો હતા એમ સ્વ. શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીનું માનવું છે.

બાબર અને હુમાયુના દરબારનાં ચિત્રોમાં બૈઝાદની તાલીમ અને શૈલી ખૂબ જળવાઈ હતી. પણ અકબર તો હિંદમાં જન્મ્યો ને ઊછર્યો હતો તથા તેણે હિંદુજીવનના ઉચ્ચ સંસ્કારનો સ્વીકાર કર્યો હતો અને મહાન સામ્રાજ્યની એકતા સાધવા હિંદુ-મુસલમાનને એક જ આંખે જોતો હતો. એટલે તેના દરબારમાં ફરૂક કલમા, અબ્દુસ્સમદ શિરાઝી અને તેબ્રીઝના મીર સૈયદઅલી તેમ જ સમરકંદના કેટલાક ઉસ્તાદ ચિતારા જેમ માનવંત હોદ્દે હતા, તે સાથે માધવ, ભીમ ગુજરાતી, અને તે બસાવન, દશવન્ત, કેશવદાસ વગેરે ચિતારાઓને પણ એટલો જ આદર મળ્યો હતો.

દશવન્ત અને બસાવનની વચ્ચે તો સરસાઈ ચાલતી. દશવન્તની જીવનકથા કંઈક અદ્ભુત અને કરુણ કહાણી જેવી લાગે છે. તે કહાર જાતિના પાલખી ઉપાડનારનો પુત્ર હતો, પણ જન્મથી જ તેનામાં કળા પર અજબ પ્રેમ હતો અને તે પર એ જીવન વારી બેઠો હતો. જ્યાં આવે ત્યાં ભીંતો પર માનવીઓ અને જનાવરો એ ચીતર્યા જ કરતો. કોઈ અજબ સંજોગે તે બાદશાહની નજરે પડ્યાં એટલે તેની પ્રતિભા જોઈ તેણે તેને ખ્વાજા અબ્દુસ્સમદનો શાગિર્દ બનાવ્યો. થોડા જ વખતમાં તે બહુ વધી ગયો અને જમાનાનાં એક ઉસ્તાદ લેખાતો થયો. પણ જીવનની કોઈ નિરાશાએ તે દીવાનો બની આપઘાત કરી મૂઓ. એક હલકી કોમમાં જન્મીને શાહી ચિત્રકાર જેવા માનવંત પદે તે પહોંચ્યો તે પરથી માની શકાય કે એ સમયમાં ઘણા એની પેઠે સમાજની વાડો વટાવી ઉપર આવી શક્તા હશે.

ઈ.સ. ૧૫૬૯માં શાહી ફરમાનથી ફતેહપુર સિક્રીના કળામહાલયો બાંધવાને હિંદ ને ઈરાનના કારીગરોએ મોટો સમારંભ કર્યો. ત્યાંનું બાંધકામ થઈ રહ્યા બાદ ચિતારાઓએ તેના જે શણગાર કર્યા તેમાં કેટલાયે શુદ્ધ હિંદી અને કેટલાયે શુદ્ધ ઈરાની છે. નવી કળા અપનાવી લેવામાં હિંદુ ચિતારાઓ કેટલા કુશળ હતા તેની ખાતરી ત્યાંથી મળે છે.

ઈરાની કવિ નિઝામીના કાવ્યગ્રંથો અને બીજા કેટલાક સાહિત્યગ્રંથો હિંદુ માનસને તો તદ્દન પરદેશી લાગે, છતાં તેના પર ચિત્રો કરવાનું કામ પણ બાદશાહે તેમને સોંપ્યું હતું તે પરથી જણાય છે કે ઇરાની અને હિંદુ ચિતારા શાહી છત્ર નીચે એક દિલથી સાથે મળી કાર્ય કરતા, એકબીજાનાં હુન્નર તથા શૈલીમાંથી અનેક પાઠ શીખી લેતા અને બંને કોમ એકબીજાને સહાય કરવા તથા નુસખાઓ બનાવવા હમેશાં ઉત્સુક રહેતી. આવી સહકારભરી દિલસોજીને લીધે હિંદુ અને ઈરાની કળાનું સુંદર મિશ્રણ થવા લાગ્યું અને મુગલ શૈલીનો વિજય થયો. આ બંને શૈલીઓનાં મિશ્રણ સ્પષ્ટ બતાવતાં ચિત્રો અકબરના જમાનામાંથી ખૂબ મળે છે ને તે જલદી પારખી શકાય છે. આ શૈલી શરૂઆતમાં તો અમીરવર્ગમાં જ પ્રચાર પામી હતી; આમવર્ગ જોડે તેને કશો સંબંધ નહોતો, કારણ કે તે દ્વારા આમવર્ગને રસ પડે એવા વિષયો પ્રકટ થયા જ નહોતા. પણ વખત જતાં તે લોકોમાં સારો પ્રચાર પામી અને તેની પડતીના વખતમાં તો ઠેઠ રંક દુનિયામાંયે તે જાણીતી થઈ ગઈ હતી. પરંતુ તે મુખ્યત્વે તસવીરી કળા રૂપે જ પ્રચાર પામી.


આ તસવીરની કળા એ મુગલ કળાની ખાસ વિશિષ્ટતા ગણી શકાય. માણસોની તસવીર કરાવવાનો મુગલોનો શોખ અજબ હતો. હયાતી ભોગવતા ચિત્રપ્રસંગો ને માણસો તથા દમામભર્યાં દરબારચિત્રો એ મુગલ કળાનો પ્રધાન પ્રયત્ન છે. પણ આ બધાં ચિત્રો મોટે ભાગે બહુ નાના માપમાં ચીતરાયાં છે. બૌદ્ધયુગનાં ભવ્ય ભીંતચિત્રોની તોલે આવવાની અભિલાષા તેમાં દેખીતી જ નથી, ને તેથી 'મીનીએચર પેઇન્ટિંગ' - નાનાં તસવીરી ચિત્રો તરીકે જ તે લોકોમાં ઓળખાતાં. એ ઈરાની કિતાબી ચિત્રોની પણ અસર માની શકાય.


અકબરશાહે ચિત્રકળા પાછળ પુષ્કળ ખર્ચ રાખ્યો હતો. દેશવિદેશના હિંદુ ને મુસલમાન કળાકારોને તેની તરફથી માન, શિરપાવ કે ઈનામો મળ્યાં જ કરતાં અને ઉસ્તાદોને મનસબદાર અથવા અમીર-ઉમરાવો જેવા ગણવામાં આવતા. અબ્દુસ્સમદને તેણે ફતેહપુરની ટંકશાળનો ઉપરી બનાવ્યો હતો અને પાછળથી મુલતાનનો વહીવટદાર નીમ્યો હતો. અબુલફઝલ લખે છે કે



બાબરનો પડાવ
અકબરકાલીન મુગલ શૈલી

દિલ્હી, લંડન, પારીસ અને લેનિનગ્રાડના કલાસંગ્રહસ્થાનોમાં 'બાબરનામા'ની સચિત્ર નકલો સંઘરાયેલી છે. અકબરના હયાતીકાળમાં કે પછી તેના મૃત્યુ બાદ તુરતમાં એ તૈયાર થઈ હોવાનુ મનાય છે. આ ચિત્ર નવી દિલ્હીના રાષ્ટ્રિય કલાસંગ્રહમાં છે. બાબરનામાની આ નકલ તે સમયના શાહી ગ્રંથાલયની મનાય છે, કારણ રસમ પ્રમાણે આ નકલ પર શાહજહાંના હસ્તાક્ષરો થએલા છે. આ નકલમાં ૪૮ ચિત્રકારોએ કરેલાં ૧૮૩ આવાં સુંદર ગ્રંથચિત્રો છે. અકબરના સમયમાં વિકસેલી વર્ણનાત્મક મુગલ શૈલીના આ ચિત્રમાં બાબરના કોઈ એક પડાવની વિગતસભર સુંદર રજૂઆત છે. અન્ય મુગલોની સરખામણીમાં બાબરનો વર્ણ સહેજ શ્યામ હતો તે આ ચિત્રમાં પણ દર્શાવ્યો છે.





વૃક્ષ તળે એકઠાં થઈ ચર્ચા કરતા હિંદુ-મુસ્લિમ સાધુ-ફકીરો અને (જમણી બાજુ) ટીટોડી. સત્તરમી સદીના પૂર્વાર્ધકાળનાં આ બંને ચિત્રો માનવ પાત્રો અને પક્ષીની લાક્ષણિકતા દર્શાવવામાં મુગલ શૈલીના ચિત્રકારોના નિરીક્ષણ અને આલેખન બંનેની શક્તિની દ્યોતક છે.

'અકબરશાહને નાનપણથી જ ચિત્રકળા માટે બહુ પ્રેમ છે. તે દરેક રીતે આ કળાને ઉત્તેજન આપે છે, કારણ કે તેમાંથી એને આનંદ ને અભ્યાસ બંને મળે છે. આથી એ કળાનો વિકાસ પણ બહુ થાય છે. દર અઠવાડિયે બાદશાહ જનાબ આગળ દરોગાઓ અને હજૂરિયાઓ બધા ચિત્રકારોનાં કામ રજૂ કરે છે, બાદશાહ પોતે તે જોઈને કારીગરી પ્રમાણે ઇનામો આપે છે, અગર માસિક પગારમાં વધારો કરી આપે છે. ચિત્રકારોને ખપના પદાર્થોમાં પણ ઘણો સુધારોવધારો થયો હતો ને દરેક વસ્તુના બજારભાવ નક્કી કરવામાં આવ્યા હતા. રંગનાં મિશ્રણો વધુ સુધર્યાં હતાં અને તેથી ચિત્રોમાં પહેલાં કરતાં વધુ ખૂબી આવી હતી. હવે તો બહુ ઉત્તમ ચિત્રકારો મળી શકે છે. અક્ષરો લખવાની કળા પણ એટલી જ ઉત્તેજન પામી હતી. ઇસ્લામી ધાર્મિક માન્યતા પ્રમાણે અક્ષરો લખવાની કળા વધારે ઉપયોગી ગણાઈ છે. ખુદાઈ વાણીની સુંદર આકૃતિઓ લખવા-લખાવવામાં પુણ્ય મનાય છે. દિલ્હી અને આગ્રાના મહેલોનાં શાહી કિતાબખાનાંમાં સુંદર લિપિથી લખાતું બધી જાતનું ઉત્તમ સાહિત્ય વપરાતું હતું અને તેમાં સુશોભન તરીકે નાનાં નાનાં ચિત્રો ચિતરાવવા પાછળ તથા તેની સુંદર બાંધણી કરાવવા માટે બેશુમાર ખર્ચ થતો હતો. ઈ.સ. ૧૫૫૮માં ઈરાની ભાષામાં 'રઝ્મનામા' નામથી મહાભારતનો તરજુમો કરાવેલો તેની કિંમત ચાળીસ હજાર સોનૈયા જેટલી થઈ હતી. આ પુસ્તક હાલ જયપુરમાં છે. રામાયણનું પણ એક પુસ્તક તૈયાર કરાવેલું તેની કિંમત તેથી અરધા જેટલી થયેલી અને તે હાલ વૉશિંગ્ટન(અમેરિકા)માં છે.

બરનામામાં ૧૧૭ મોઘાં ચિત્રો છે. ૧૬૪૧માં ફાધર સેબાસ્ટિયન કરીને સ્પેનનો એક પાદરી આગ્રામાં હતો. તેણે લખ્યું છે કે તે શહેરમાં ૨૪,૦૦૦ કિતાબો હતી જેની કિંમત ૬૪,૬૩,૭૩૧ રૂપિયા થાય; એટલે કે સરેરાશ ગણતાં દરેક ચોપડી ૨૭૦ રૂપિયાની થાય. આ કિતાબખાનાં અકબર પછીના બાદશાહોએ ઠેઠ પડતી સુધી સાચવ્યાં હતાં, પણ ૧૮મા અને ૧૯મા સૈકાની આંધીમાં તે વેરણછેરણ થઈ ગયાં. રોહિલા સરદારો અને આઉધના નવાબોએ એવાં જ કિતાબખાનાં કરેલાં તે પણ નાશ પામ્યાં છે. આ અદ્ભુત સંગ્રહોના જે ટુકડા યુરોપના ખાનગી સંગ્રાહકો પાસે આજે છે તે જોતાં તેની જાહોજલાલીનો પૂરતો ખ્યાલ મળી રહે છે. ઈ.સ. ૧૬૧૦માં આલેખાયેલી અન્વરે સુહેલી - હિતોપદેશની કથાઓ (The Lights of Canopus) નામની એક સુબોધ વાર્તાવલિ ૧૮૫૧માં બ્રિટિશ મ્યુઝિયમે પ્રજાની મિલકત તરીકે ખરીદી લીધી હતી. તેમાં જે છત્રીસ ચિત્રો છે તેમાં અકબર અને જહાંગીરના સમયના ઉત્તમ ચિત્રકારોએ કામ કર્યું છે.

અકબરશાહના અંત સમયે તેના દરબારમાં એકસો ઉપરાંત નામીચા ચિતારાઓ હતા જેમાંના કેટલાકને તો ઉમરાવની પદવીઓ મળી હતી. અકબરની આ નીતિમાં કળાપ્રેમ તો છે જ; સાથે થોડે અંશે આત્મગૌરવ ને સ્વકથા અમર રાખવાની ઇચ્છા પણ પ્રેરક થઈ હોય એમ લાગે છે.

પણ મુગલ ચિત્રકળાને પૂરા રંગમાં ખીલવવાનું માન તો જહાંગીરને જ ઘટે છે. ચિત્રકળા તેની લાડીલી મોજ હતી. અને તેનો સર્વાંગે વિકાસ કરવામાં તેણે પૂરી ઉદારતા વાપરી છે. તે શાહી ચિતારાઓની કુશળતા પર હમેશાં ગુમાન રાખતો. શાહી તસવીરોને શિકારના પ્રસંગો એના સમયમાં ખૂબ જ ચીતરાયા છે, પણ તે સાથે વનસ્પતિ તથા ફૂલફળોનાં અને વિવિધ જનાવરોનાં ખાસ ચિત્રો કરવામાં પણ અજબ લાગણી બતાવવામાં આવી છે. બાદશાહે ખાસ ફરમાનથી કેટલાંક જૂજવાં જનાવરો અને ફૂલોનાં ચિત્રો કરાવ્યાં હતાં તેમાંનાં કોઈ કોઈ હાલ મળી આવે છે. જહાંગીરમાં તો અકબર જેવી થોડીઘણીયે ધર્મપ્રિયતા કળાપ્રેમમાં આડી આવતી નહોતી. એ તો જમાનાનો એક ખરેખરો રસભોગી જીવ હતો. કળાના મળી આવે તેટલા ઉત્તમ નમૂના તે સંઘરતો. કારીગરીની બારીકી તે સમજતો અને બાખૂબ તેની કદર કરી શકતો. કોઈ પણ મૂલે કળાની ઉત્તમ ચીજ હાથ કરવા તે આગ્રહ રાખતો અને તે માટે ભારેમાં ભારે કિંમત આપતો.

તેણે શાહજાદાઓને નીતિશિક્ષણ આપવા અન્વરેસુહેલી તૈયાર કરાવી. તે માટે સોળ ચિતારાઓએ કામ કર્યું જેમાં દસ હિંદુ અને છ મુસલમાન હતા. તે દરેકનાં નામ એમાં આપેલાં છે. એ ચોપડીમાં પંચતંત્રની કેટલીક વાર્તાઓનો તરજુમો છે, પણ ચિત્રોનાં પાત્રો તો મુગલ જમાનાનાં જ આલેખાયેલાં હોવાથી તેમાંથી એ સમયના જીવનનો આબેહૂબ ખ્યાલ મળી શકે છે. એ ચોપડી માત્ર ૯॥ ઈંચ લાંબી એન ૬ ઈંચ પહોંળી છે, પણ એમાંનાં એ ચિત્રોમાં તો મુગલ કળાની અજબ રૂપરંગાવટ અને રેખાવટનો પૂરેપૂરો આંક બતાવ્યો છે.

જહાંગીરના વખતમાં વળી ઈરાનથી પણ નામચીન ચિતારાઓ આવતા; તેમ હિંદના ચિતારા ઈરાન સુધી પણ જતા. તે પોતે તખ્ત પર આવ્યો તે પહેલાં તેની હજૂરમાં હેરાતનો આકા રઝા કરીને એક નામીચો ચિતારો હતો. પણ તેનો પુત્ર અબુલ હસન તેને આંટ મારે એવો થયો. તેણે શાહાનશાહ જહાંગીર ગાદીનશીન થયા તે વખતનું ચિત્ર બનાવ્યું તે ખાતર તેને જહાંગીરે નાદીર-ઉઝ્-ઝમાન (જમાનાનો અદ્ભુત પુરુષ) કહ્યાં અને ખૂબ ઇનામો આપ્યાં.

હિંદુ ચિતારો બિશનદાસ પણ તેનો એટલો જ માનીતો હતો. બાદશાહે પોતાના ચરિત્રમાં તેના માટે લખ્યું છે કે એ જમાનામાં બિશનદાસની બરોબર કોઈ ચહેરા ઉતારી શકતું નહિ. તેને ખાસ સવારી સાથે ઇરાનના શાહ તથા તેના દરબારીઓની છબી લેવા મોકલ્યો હતો અને તે પછી એક હાથી ઇનામ આપ્યો હતો.

એ સિવાય મન્સૂર અને ફરૂકબેગ તેના દરબારના ચુનંદા ચિત્રકારો ગણાતા. મનોહર અને મન્સૂર જનાવરો ચીતરનાર તરીકે

ખ્યાતિ પામ્યા હતા.

જહાંગીરના મૃત્યુ પછી મહાન મુગલ સમ્રાટ શાહજહાંએ ચિત્રકળાને બદલે સ્થાપત્યને વધુ માનીતી કળા તરીકે સ્થાન આપ્યું અને તેથી મુગલ ચિત્રકળામાંથી ગુણ ઓસરવા માંડ્યો. પહેલાં કરતાં ચિત્રોમાં રંગનો ઠાઠમાઠ અને વૈભવ વધ્યો, પણ હથોટી નબળી પડી ગઈ. આ વખતે સ્થાપત્ય તેની સોળે કળાએ પ્રકટ્યું. આના કારણમાં એમ પણ હોય કે સ્થાપત્યકળાની સમુત્પત્તિ માટે વિશેષ સાધનસમારંભની રાહ જોવી પડે, જ્યારે ચિત્રકળા સરળતાથી તૈયાર થઈ શકે; એટલે સ્થાપત્યને બે પેઢી સુધી રાહ જોવી પડી હોય. ચિત્રોનો જથ્થો ઓછો ન થયો, પણ હળવાં થવા લાગ્યાં. મૂળે મુગલકળા રાજ્યા પર નભનારી તો હતી જ, એટલે એ આશ્રય કમી થતાં તેનાં પાણી ઊતરે તેમાં નવાઈ નથી. શાહજહાંના જ સમયમાં તેના હલકા પ્રકારને લોકો દિલ્હી કલમથી ઓળખવા લાગ્યા હતા.

આ સમયની અતિ કરુણ કથાનો નાયક દારા શિકોહા - શાહજહાંનો મોટો પુત્ર - એક અમૂલ્ય સ્મૃતિ મૂકી ગયો છે. ઈ.સ. ૧૬૫૮માં ઔરંગઝેબ પિતા તથા ભાઈઓને હઠાવી તખ્ત પર આવ્યો તે વખતે તેના ત્રાસથી આ મોટો ભાઈ દારા શિકોહા ચારે તરફ નાસભાગ કરતો હતો. તેની વહાલી બેગમ સિંધના રણમાં તરસ અને તાપથી મૃત્યુ પામ્યાના ખોટા ખબર તેને મળતાં તે બેભાન જેવી હાલતે એક બેવફા મિત્રને ત્યાં પહોંચ્યો, જેણે તેને તુરત ઔરંગઝેબને હવાલે કરી દીધો.

બાદશાહ શાહજહાંના શાહજાદા મહમુદ દારા શિકોહે અતિ પ્રિય બાનુ નાદીર બેગમને ભેટ આપેલું એવા તેના ખુદના હસ્તાક્ષરવાળું ઈ.સ. ૧૬૩૧ - હી. ૧૦૫૧ની સાલનું એક ચિત્રઆલબમ ઇન્ડિયા હાઉસની લાઇબ્રેરીમાં આજે મોજૂદ છે; અને એ જોતાં, એટલી ઉચ્ચ કળાના કદરદાન ને ઉદાર એ રસિયા રાજકુમારના જીવનનો જે કરુણ અંત આવ્યો તેની યાદ આવીને હૃદય આર્દ્ર બને છે. તેમાંનાં ચિત્રો અપ્રતિમ મુગલ શૈલીનાં છે અને કલાના આશકો કેવી મમતાથી ચીજ તૈયાર કરાવતા તેના અપૂર્વ નમૂના રૂપ છે.

ઔરંગઝેબના રાજ્યદરબારની તો કળાની હદપારી જ થઈ અને કોઈ છૂટાછવાયા રસિક અમીર, ઉમરાવ તથા શ્રીમંતોના આશ્રયે જઈ તે થોડો વખત ભરાઈ. પણ જેઓ દિલ્હી છોડી દૂરના પ્રાંતોમાં જઈ મુગલ સલ્તનતથી સ્વતંત્ર થયા તેમણે તો તેને પૂરેપૂરી અપનાવી અને કેટલેક ઠેકાણે તો તે આબાદ પણ થઈ.

દક્ષિણમાં નિઝામના રાજ્યમાં તે 'દખણી કલમ'થી ચાલુ થઈ. પટણા, બિહાર અને આઉધના નવાબોએ પણ કળાનો શોખ સાચવી રાખ્યો. ઔરંગઝેબ પછીના દિલ્હીપતિઓએ નામ પૂરતો કળાનો શોખ રાખ્યો હતો. અઢારમા સૈકામાં તો એ દિલ્હી કલમ માત્ર ધંધાદારી થઈ પડી અને કંપનીના અમલદારો માટે તસવીરો કરી નભવા લાગી હતી. યુરોપ અને એશિયાની ભેળસેળ શૈલીની હાથીદાંત પર આલેખેલી એવી તસવીરો આજે પણ દિલ્હીના બજારમાં મળી આવે છે.

મુગલ કળા રાજવૈભવના ખોળે જન્મ પામી ને રાજ્યના રસો પર જ જીવી રહી હતી; અને એ શાહી આધાર પડી ભાંગતાં પોતે પણ ગઈ. આમ, મુગલ કળા પ્રજાજીવનનાં પડોમાં ઊતરી શકી નથી એ ખરું, પણ જે જમાનાએ તેને સર્જાવી હતી તેનાં ભભકદાર, આબેહૂબ,. જીવંત ચિત્રો તે અમર કરતી ગઈ છે. દુનિયાના કોઈ પણ ઇતિહાસને ચિત્રકળાએ આવી સેવા આપી નહિ હોય.

મુગલ ચિત્રકળાની ખાસિયતો

પ્રાચીન કાળથી એશિયામાં અક્ષરો લખવાની કળા મહત્ત્વનું સ્થાન પામી છે. ખાસ કરીને ચીને એ પરંપરા શુદ્ધ રીતે જાળવી છે અને ચીની સામ્રાજ્યની અસર જ્યાં જ્યાં પહોંચી ત્યાં ત્યાં અક્ષર લખવાની કળાનો પ્રચાર થયો છે. અક્ષર લખવાની કળા મૂળે ચિત્રલિપિમાંથી જન્મી હોવાને કારણે અક્ષરોમાં જાતજાતના વળાંકો અને પાંખડાંનો પ્રચાર થયો છે. ચીની, જાપાની, અરબ્બી અને ઈરાની લિપિઓમાં રેખાઓના અનેક લહેકા નજરે પડે છે. આથી હાથને એક જાતની તાલીમ મળી જાય છે, અને આ બધા દેશના ચિત્રકારો ચિત્રો દોરવામાં એ જ લહેકાનો ઉપયોગ કરતા દેખાય છે. માત્ર હિંદુસ્તાનની પ્રાચીન કળા અને લિપિ વચ્ચે આવો સંબંધ દેખાતો નથી. અજંતાનાં ચિત્રો અને સંસ્કૃત, પાલિ કે બ્રાહ્મી લિપિ જુઓ તો કોઈ વાતે તેમની લીટીઓનો ઠાઠ મળતો દેખાશે નહિ.

આવા કારણથી જ એશિયાની બીજી ચિત્રકળાને હિંદની મૂળ ચિત્રકળા વચ્ચે પ્રધાન ભેદ દેખાય છે. પણ બીજી રીતે આ બધી કળાઓ રેખાજન્ય હોવાથી એકબીજાના અંશ અપનાવી લેવામાં બહુ સફળ નીવડી છે.

ઈરાની ચિત્રકળા ચીનના સંસર્ગથી ઘડાયેલી હોવાથી મૂળ ઈરાની ચિત્રો જોતાં તેમાં રંગ અને રૂપની જમાવટ લગભગ સંપૂર્ણ લાગે છે. તે સુમધુર, લાડકી અને લહેરભરી લાગે છે, પણ ભાગ્યે જ ઊર્મિભરી હોય છે. ઈરાની અને હિંદી ચિત્રો પોતાના ગુણદોષથી આપોઆપ જુદા પડી જાય છે. હાલ હિંદી ચિત્રો અતિ અભિનયભર્યાં થઈ જાય છે અને હલકાં ઈરાની ચિત્રો વિવશનાભર્યાં-પાશવતાભર્યાં હોય છે. ઈરાની કળાનાં પાત્રોની આંખો ઠંડી અને અવયવો હાલચાલ વિનાનાં ચીતરેલાં હોય છે.

ઈરાની કળા મોટે ભાગે કિતાબી ઝાકઝમાળ, વિવિધ રંગો ને સોનેરી શણગારમાં આવી રહે છે. તેના ચિત્રપ્રસંગોમાં મોટ ભાગે લડાઈ, પ્રેમ અથવા આનંદભરી મહેફિલો હોય છે, એટલે કે મોટે ભાગે દુન્યવી ખ્યાલોનું તે નિરૂપણ કરે છે, જ્યારે હિંદી કળા વીરરસપ્રધાન કાવ્યો, અદ્‌ભુત કથારસ કે પુરાણપ્રસંગો અથવા ભાવપ્રધાન કે ગીતલહરીના તરંગો ચિત્રોમાં ઉતારવા મથી રહી

હોય છે. ઉપરાંત તે કળા લોકજીવનના પ્રદેશમાં જન્મી, ઊછરી અને જીવતી રહી છે.

ઈરાનથી નીકળી હિંદમાં આવ્યા પછી ઈરાની કળા ઈરાની રહી નથી. અહીં તે ખરા અર્થમાં હિંદી બની ગઈ હતી, પણ તેના આશ્રયદાતાઓના સ્વભાવલક્ષણને અધીન રહી હોવાથી તેમના રાજ્યવૈભવો અને શોખનાં ચિત્રો પૂરતી જ તે ખીલી શકી અને ઈરાનની ધાટીએ કિતાબી ચિત્રોથી આગળ વધી નહિ. પણ તેમાં માનવજીવનની આકર્ષક્તા ને ખરી મનોહરતા તો ઊતરી જ છે.

ઈરાની ઉસ્તાદો તેમની સ્વચ્છ, પ્રકાશમાન, રંગભરી સૃષ્ટિમાં છાયા લાવતા જ નથી, પણ એક પ્રકારની ભભકભરી પસંદગી તેમનાં ચિત્રોમાં વ્યાપ્ત લાગે છે. સાધારણ જોનારને ઈરાની બૈઝાદનાં અને અકબરી ચિતારાઓનાં કામમાં ફરક દેખાશે નહિ, પણ ઝીણવટથી જોનારને લાગશે કે હિંદુ ચિતારાઓને રેખા અને રંગ માટે ઈરાનીઓ જેટલો આગ્રહ નથી, એટલું જ નહિ પણ પદાર્થોના સ્વરૂપ માટે પણ તેઓ ઘણું જતું કરે છે; અને એમ છતાં કામમાં જમાવટ વિશેષ લાવે છે. તેઓ ઈરાની સાહિત્યથી કામ કરે છે ખરા, પણ તેમનું ધ્યાન બીજી જ તરફ દેખાય છે. તેઓ માનવી પાત્રોમાં વધારે રસ લેતા દેખાય છે. તેથી જ તેઓ તસવીરો બનાવવામાં ચડિયાતા જણાયા છે. પણ ઈરાની ઢબે માનવસમૂહ ચીતરતી વખતે તેઓના કામમાંથી ખુલ્લાપણું તથા સફાઈ કમી થઈ જાય છે અને એક જાતનો નકશો કે ગીચ ભરેલી આકૃતિઓની ચાદર બની જાય છે.

અકબરના સમયમાં ઈરાનની અસર મુગલ ચિત્રોમાં વધારે જણાતી હતી, પણ સત્તરમી સદીમાં તો તે સદંતર ઓસરી ગઈ જણાય છે. જહાંગીર અને શાહજહાંના વખતમાં ખરેખરાં હિંદી ઢબનાં જ ચિત્રો થયાં છે. તે વખતે સમરકંદનો એક ચિતારો તેનાં ચિત્રો પાછળ 'સમરકંદવાળો' એમ સહી કરે છે, પણ તેણે દોરેલી તસવીરોમાં ઈરાની તત્ત્વ જેવું કશું જણાતું નથી. રઝ્મનામું ચીતરનારા અઠ્ઠાવીસ ચિતારા હતા તેમાં બાવીસ નામો તો હિંદુઓનાં છે. એ સિવાય ઘણાંય ચિત્રો મળે છે; તે બધાની ચિત્રશૈલી એક જ જાતની હોવાથી ઘણી વાર કોનાં કયાં ચિત્રો છે તે નક્કી કરવું મુશ્કેલ પડે છે.

આ ચિતારાઓ કોઈ પણ વિષયનું ચિત્ર ઉપાડતાં અચકાતા નથી. પર્સ્પેક્ટિવ (દૃષ્ટિનિયમો) કે છાયાપ્રકાશનાં ધોરણો તેમની આડે આવતાં નથી. યુરોપનો મહાન ચિત્રકાર રૂબેન્સ જે વિષય લેતાં વિચાર કરી અટકે, તેવાંય ચિત્રો આ ચિતારાઓએ ચીતરી જાણ્યાં છે. આજકાલના પર્સ્પેક્ટિવ શોધનારા તે ચિત્રોનો ખરો રસ નહિ પામે. ફોટોગ્રાફર, એન્જિનીઅર કે સર્વેયરની પર્સ્પેક્ટિવથી ચિત્રોની પૂર્ણતા ન જ તોળાય. મુગલ ચિત્રકળા ત્રણસો વર્ષ સુધી તેના પ્રેક્ષકોને રીઝવી શકી તેમાં ચિતારાઓની સાચું બ્યાન આપવાની જે અજબ શક્તિ, દશ્યની વિશાળતા અને અંતરનું ભાન બતાવવાની સચોટ રીતિ હતી તે પર્સ્પેક્ટિવ માટે જ ટળવળતા ચિતારાઓને સુલભ નથી.

ગમે તેમ હોય, પણ આ ચિત્રોમાંના પ્રસંગો આકર્ષણ તો કરે જ છે. કેટલી પ્રામાણિક્તા અને ઝીણવટથી તેમણે માણસોના ચહેરા તથા પોષાકની વિગતો ચીતરી આપણે માટે સંઘરી મૂક્યાં છે ! હમણાંનો યુરોપી ચિત્રકાર ચિત્રયોજના કરતાં તેમાંનું ઘણું જવા જ દે. હિંદુ ચિતારાના એક ચિત્રમાં શહેર બંધાય છે, રાજા તે જોવા આવ્યો છે, કડિયા કામ કરે છે, મજૂરો સામાન પહોંચાડે છે, એમ એ પ્રસંગની બધી પ્રવૃત્તિ અને વ્યવહાર આપણે રોજના જીવનની પેઠે સ્પષ્ટ નિહાળીએ છીએ.

મુગલાઈ તસવીરો

હિંદની ચિત્રકળામાં તસવીર-આલેખનની કળાને તો મુગલોએ જ ઉત્તમ રીતે ખીલવી. ખરેખરી તસવીરો મુગલ જમાનામાંથી જ મળે છે. છતાં હિંદના પ્રાચીનકાળમાં પણ તસવીરનો ખ્યાલ હોય એમ તો લાગે છે. અજાતશત્રુને બુદ્ધનું ચિત્ર જોઈતું હતું. તે વખતે એક કપડા પર બુદ્ધની છાયા પાડીને રેખા પાડી લીધી અને પછી તેને રંગથી ભરી કાઢ્યું એવું પ્રાચીન વર્ણન છે. આ છાયાચિત્રમાંથી એક બાજુનાં મહોરાં ચીતરવાની પ્રથા જન્મી હોય એમ આપણે માની શકીએ. શ્રીગિરિની ગુફાઓમાંની કશ્યપ રાજાની રાણીઓની તસવીરો સાચી છે એમ મનાય છે. અજંતાની પહેલા નંબરની ગુફામાં આવેલાં કોઈ યવન વ્યક્તિનાં ચિત્રો પણ સાચાં માનવીઓની છબી છે એવું અનુમાન કરવાને કારણો મળ્યાં છે. તિબેટમાં માંગરીઝનાં મઠમાં એક ચિત્રકારે એક ખૂણે પોતાની છબી મૂકી છે તે પણ સાચી તસવીર મનાય છે. આઠમા સૈકામાં સિંધમાં પણ તસવીરકામ થતું હશે એવી હકીકત મળી છે.

મુગલ જમાનાની જે તસવીરો હિંદમાં મળે છે તેમાં પ્રથમ નમૂના હિંદુ ચિતારાઓના મળે છે. ભગવતી સોળમા સૈકાનો તસવીરબાજ થઈ ગયો અને હોનહાર તે પછી થયો. એ ચિતારાઓમાં વંશપરંપરાથી ઊતરેલી વિદ્યા હતી કે મુગલ આશ્રયે તેઓનો વિકાસ થયો હતો તે નક્કી થયું નથી. ભગવતીના કામમાં ઈરાનની અસર ચોખ્ખી છે. પણ હોનહારમાં રાજપૂત ઢબ છે અને તે પરથી અનુમાન થાય છે કે તેને પરંપરાથી વિદ્યા મળી હશે અને મુગલ જમાનાની જરૂરિયાત પ્રમાણે કામ કરી તે બહાર આવ્યો હશે.

સોળમા સૈકામાં આ તસવીરબાજોના કામે ખાસ ધ્યાન ખેંચ્યું હશે કારણ કે આઈને અકબરીમાં લખાયું છે કે 'બાદશાહ પોતાની છબી ચીતરાવવા બેઠા અને તમામ સરદારોની છબી એ રીતે લેવા હુકમ કર્યો. એ રીતે એક મોટું આલબમ તૈયાર કરાવ્યું અને તેથી જેઓ ગુદસ્ત થઈ ગયા તેમને નવી હયાતી મળી ને જેઓ હયાત છે તેમને અમરતા મળી.'

આ તસવીરોમાં ભાગ્યે જ એક કરતાં વિશેષ પાત્રો હોય છે. ઘણે ભાગે એક ઊભી લંબચોરસ તક્તીમાં તસવીરનું પાત્ર તલવાર કે ફૂલ પકડી એક બાજુએ નજર રાખી ઊભું હોય છે. જો શાહી પાત્ર હોય તો તે સિંહાસન ઉપર બેઠેલું અથવા ઝરૂખામાં બેઠેલું હોય અને પાસે એકબે હજૂર ઊભા હોય અને મુખ્ય પાત્રના ચહેરાની આસપાસ સોનેરી કૂંડાળું આપ્યું હોય.

પહેલાંની ઈરાની તસવીરોમાં ચહેરા જરા પોણા દેખાતા, એટલે બીજી આંખ પણ દેખાતી; પરંતુ મુગલ ચિતારાઓએ તે બાબતમાં પાછું ડગલું ભર્યું જણાય છે અને માત્ર પડખાનો જ ચહેરો ચીતર્યા કર્યો છે. બધી મુગલ તસવીરો એક જ મર્યાદાવાળી રીતભાતથી ચીતરાઈ છે. આવાં બંધનોમાં ચિત્રો અનાકર્ષક, અક્કડ અને નીરસ બની જાય, પરંતુ મુગલ ચિતારાઓએ અજબ સામર્થ્યથી એવી મર્યાદાઓ સાચવીને પણ કળાપૂર્ણ તસવીરો ઉતારી છે. મુગલ તસવીરોમાં એક પ્રકારની જે છટા અને છાપ છે તે અનેરી જ છે. એ તસવીરો ખરા માનવીઓની જ છબીઓ છે. તેના પુરાવા રૂપે તેમનાં કેટલાંક તો ચિત્રો મળી આવે છે. જેમાંનાં કેટલાંકમાં નોંધ માટે સુંદર રેખામાં ચહેરા આબેહૂબ પાડી લીધેલા હોય છે અને શરીરનું ખોખું માત્ર રેખાઓમાં જ આલેખેલું બાકી રાખ્યું હોય; તો કેટલીક તકતીમાં ચહેરો જ બાકી રાખી બાકીનું શરીર ચીતરી રાખ્યું હોય. આવી નોંધો સાથે રાખીને પાછળથી તેઓ આખરી તસવીર ઉપજાવતા. પણ તેમાં ચહેરાનું માત્ર સાદૃશ્ય જ મેળવીને તેઓએ સંતોષ લીધો નથી. સાથે સાથે ઊંચી પ્રતિની કારીગરીથી આછી છાયાઓ અને પોશાક તેમ જ બેઠકની નકશીઓ કરીને પોતાની અદ્‌ભુત પીંછીની પરીક્ષા આપી ગયા છે.

ઉપર જણાવેલી તેમની નોંધોમાંયે અજબ છટાભરી, આબાદ નિરીક્ષણભરી રેખાઓ અને પાત્રનિરૂપણની શક્તિ આપણને તાજુબ કરે એવાં છે. આ સાદાં ચિત્રોને દીપકયંત્રથી મોટાં કરી જુઓ તોપણ તેનાં ગુણ અને ખૂબી ઓછાં નહિ થાય.

સંપૂર્ણ ચિત્રોમાં, છોગાં તથા ફૂમતાંવાળાં તાજ, હીરા-માણેકના હાર અને ચહેરાફરતું સુવર્ણ કૂંડાળું અથવા સોનેરી આકાશ, આ બધાં સાધારણ તત્ત્વો મુગલ તસવીરોમાં છે. ઘણી વાર રાજમહેલની અટારી કે બગીચાના ક્યારાઓ પાત્રના શોખની સાક્ષી આપતાં કે તેને ખુશ કરનારાં તત્ત્વો તરીકે ચીતરાયાં છે. તેમ છતાં મુખ્ય પાત્રનો ભપકો, ઠાઠ વગેરે આગળપડતાં જ રાખવામાં આવ્યાં છે.

આવી કડક મર્યાદાઓવાળી મુગલ તસવીરોમાં એક બાબત ખાસ નવાં આકર્ષણો કરનારી છે. તે હાથની વિવિધ છટા અને ચિત્રણા. અજંટાના ચિતારાઓ હાથનું વૈવિધ્ય બતાવવામાં જેવા કુશળ હતા તેવા જ મુગલ ચિતારાઓ એ બાબતમાં બાહોશ જણાયા છે. બીજા કોઈ યુગના ચિતારાએ આ મુગલ ચિતારા જેટલી હાથની કિંમત ગણી લાગતી નથી. મુગલ ચિતારો તેના પાત્રના હાથ રખાવવામાં અતિ ચાતુર્ય અને બુદ્ધિ દર્શાવે છે. હાથ અને હાથની અંગુલિઓથી કેટકેટલું દર્શાવી શકાય તે બુદ્ધવી, મુગલ કે રાજપૂત ચિતારાને જ આવડ્યું છે. સરસ મુગલ ચિત્ર પારખવાની કૂંચી તરીકે હાથ તરફ નજર કરવાનું કહીએ તો જરાયે અતિશયોક્તિ નહિ થાય.

તસવીરોમાં હાથ ઘણી વાર તલવારની મૂઠ પર હોય છે. ઘણી વાર હીરારત્નજડિત વીંટીવાળા હાથમા ફૂલ ધરી રાખ્યું હોય છે. આજના માણસોને ફૂલ રાખી ઊભા રહેવામાં બાયલાપણું લાગે, પણ મુગલ જમાનામાં તો બગીચો ને ફૂલ અમીરી શોખનાં ચિહ્નો હતાં.

શરૂઆતમાં તો આવી તસવીરો માત્ર અમીરવર્ગ માટે જ થતી; પણ ધીરે ધીરે લોકોને તેનો શોખ લાગ્યો અને તેમાંથી સસ્તી જાતની તસવીરો થવા લાગી. ત્યારથી તે કળાની પડતી શરૂ થઈ; અને અઢારમા સૈકામાં તો નામચીન માણસોની તસવીરો વેચવાનો ધંધો એટલો બધો ફાટી નીકળ્યો કે અસલ તસેવીર કરનાર કોઈક જ રહ્યા. આ ધંધાની કારગત ટ્રેસ કરેલા કાગળોમાં સમાઈ ગઈ હતી. ઘણી વાર બાદશાહો અને બેગમો અરધાં ખરાખોટાં જૂના ચિતારાઓ પરથી નકલો પામી ખૂબ બદલાઈ પણ જતાં. પણ અસલ ચિતારાઓ ખાસ ખૂબીથી મૂળ શખ્સની કેટલીક ખાસિયતો એવી આબાદ પકડતા કે નકલો કરનાર પણ તેટલી સાચવી શખતા. નકલો કરનારા ચામડાના કાગળો અથવા 'ચરબા' પર બહુ સરસ ટ્રેસિંગ લઈ રાખતા અને તે પર દરેક જગ્યાના રંગો નોધી રાખતા. આના ઉપર ઝીણાં કાણાં પાડી કોલસાની ભૂકીથી જોઇએ એટલી નકલો બીજા કાગળો પર છાપી લેતા અને તે રંગીરંગીને ઘરાકોને પધરાવતા. આવી કેટલીયે નકલો આજના સંઘરનારા ગૃહસ્થો પાસે છે. ઘણા પાસે એક જ જાતની નકલો છે.

આ નકલો પર ખોટાં ખોટાં નામો પણ હોય છે. ઔરંગઝેબને શાહજહાં લખ્યો હોય; અકબર અને જહાંગીરમાં પણ ગોટાળો કર્યો હોય ! છતાં ચહેરાના માહિતગારો ખરું નામ તરત કહી શકે એટલી તસવીર તો સાચી હોય છે. જૂનાં હિંદી અને રાજપૂત ચિત્રો કરતાં મુગલ ચિત્રોમાં એક ખાસિયત વિશેષ હોય છે અને તે ચિત્રનું માઉન્ટિંગ અથવા કિનારશોભા. મુખ્ય તસવીરને એક મોટા માપસર કાગળ પર સફાઈથી ચોડીને તેની આસપાસ સુંદર રંગોની વેલપટીઓ તથા ફૂલકળાઓ, એક અથવા અનેક, એવા હિસાબથી નાખી હોય છે કે વચ્ચેના ચિત્રને તેથી ખાસ ઉઠાવ મળે છે. પટીઓની આસપાસ ઘણી છૂટવાળી જગ્યા રાખી હોય છે અને તેમાં સોનેરી વેલબૂટીઓ છૂટી છૂટી નાખી હોય છે અથવા તો કોઈ સુનેરિયા રંગની છાંટ નાખી હોય છે. આ શોભાને પણ એક ખાસ કળા કહી શકાય; અને ઘણી વાર તો ચિત્ર કરનાર કોઈ હોય અને આ શોભા કરનાર પણ કોઈ બીજો હોય. ઘણી વાર તો ચિત્ર ચીતરનાર એક જણ હોય તો રંગ પૂરનાર બીજો હોય. ચિત્રના ભાગને તસવીર કહે છે અને બાકીના ભાગને હાંસિયો કહે છે.

મુગલ ચિતારો મન્સૂર ઘણાં ચિત્રો પાછળ પોતાને 'મન્સૂર નક્કાશ' તરીકે ઓળખાવે છે. 'નક્કાશ' એટલે Designer- જાતજાતના આલેખો કરનાર. આ નક્કાશ દરેક કારીગરીના ધંધાવાળાને ચીતરી આપે અને તે પ્રમાણે જ કોતરણી કે છાપકામ થાય એવો રિવાજ હતો; અને આથી ઘણી વાર એ સમયનાં ચિત્રો પરની વેલબુટ્ટીઓ તથા સોનારૂપા, ચામડાં કે કાપડ પરની છાપોની આકૃતિઓ મળતી આવે છે.

મુગલકળાની ધન-સામગ્રીઓ

મુગલ જમાનામાં ચિત્રકારનાં સામાન અને ઓજારો માટે બહુ જ કાળજી લેવાઈ છે. તેઓ પોતે જ પોતાનો સામાન તૈયાર કરતા અથવા નજર તળે તૈયાર કરાવતા. ખાસ કરીને કાગળ માટે તેઓ બહુ ચીવટ ધરાવતા. બહુ મહેનતે જોઈએ તેવા કાગળો લાવી રાખી તેને ઘટતી ક્રિયાઓથી ઘૂંટી સંઘરી મૂકતા. એ કાળમાં ચિતારાઓને ખપતા કાગળો માટે ઘણાં સ્થળો જાણીતાં હતાં. 'હરીરી' અથવા 'રેશમી' (રેશમનો બનાવેલો) કાગળ અને 'દૌલતાબાદી' જાતો નિઝામના દોલતાબાદમાંથી મળતી. સાધારણ બજારમાં વપરાતો 'હિંદી' તરીકે ઓળખાતો કાગળ પણ ઘણી વાર ચિતારાને કામ આવતો. પંજાબમાંથી સિયાલકોટી કાગળ પણ આવતો. દક્ષિણનો મુગલાઈ અને મૈસુરનો 'કાર્દી' પણ ઠીક ખપતા. આ કાગળો મોટે ભાગે વાંસ, શણ કે તુલ (રૂ)ના બનાવેલા હતા. તુલના બનાવેલા કાગળો તુલાટ તરીકે જાણીતા હતા. ઈરાની કે ઈસ્પહાની કાગળો માટે પણ ચિતારા ઝંખતા.

આ કાગળો તદ્દન સફેદ નહિ, પણ ભૂખરા પીળા રંગના હતા. મનગમતા કાગળો લઈને ચિતારા બે કે ત્રણ એકબીજા પર ચોડીને ચિત્ર માટે જોઈતું દળ કરી લેતા. પુસ્તક માટે તો એક પડ જ રાખતા.

ચિત્ર કરતાં પહેલાં કાગળની સપાટી અકીકના પથ્થરથી ઘૂંટીને ખૂબ લીસી બનાવતા અને પછી લાલ રંગની પીછીથી ચિત્રની મુખ્ય રેખાઓ દોરતા. અથવા નકલ હોય તો ચરબા પરથી કોલસાની છાપ પાડી પીછીથી ચિત્ર પાકું કરી લેતા અને તેની ઉપર આછો સફેદો મારતા. તે સુકાય એટલે જરૂરની લીટીઓ ઘૂંટીને તાજી કરી લઈ રંગો તથા વિગતો પૂરતા.

કાળો રંગ કપૂરની મેશમાંથી પાડતા. લાખ, માટી, હલકાં રત્નો વગેરેનું શોધન કરી તેમાંથી જોઈતા રંગો મેળવી, તેને ખરલ કરી ઘૂંટીને ડબીઓ ભરી મૂકતા. આ રંગોના ઉજાસ અને તેજ આજ સુધી કમી થયાં નથી અને ઠીક સચવાયેલાં ચિત્રો તો કાલે જ રંગ પૂર્યા હોય એવાં દીપે છે. ચિત્ર કરવાની તેમ જ તેને 'માઉન્ટ' કરવાની ક્રિયાનું એક સુંદર ચિત્ર બલરામપુર રાજ્યમાંથી અન્વર-ઇ-સુહેલીની પ્રતમાં છેલ્લે પાને છે. આ પુસ્તક અકબરના અંતિમ કાળનું છે.

મુગલ જમાનામાં એક જ ચિતારા પાસે તેનાં ચિત્રોની નકલોની માગણી બહુ રહેતી હોવાથી નકલો ઉતારવાનો હુન્નર પણ ચિતારાની તાલીમમાં આવી જતો. ને સારા ટ્રેસિંગ એ ચિતારાનો વારસો લેખાતો અને બાપ અથવા ઉસ્તાદ બહુ જતનથી સંઘરી તેના વારસોને તે આપતા. આ ટ્રેસિંગ માટે ચરબા અથવા ચર્મપત્ર હરણની પાતળી ચામડીમાંથી કાઢતા.

પીંછીને તે કલમ કહેતા અને બકરાં, હરણ, ખિસકોલી, નોળિયા કે ઊંટના વાળમાંથી જોઈએ તેવી બનાવી લેતા. આ સિવાય ચિત્રો પર મોતીપન્નાં ચોડી ઉઠાવદાર કામ કરતા તેને 'ઝારણ' કહેતા.

મુગલ ચિત્રકળાનાં ચિત્રો અને તસવીરોને લીધે એક મોટા રાજવંશનો જમાનો આપણને આબેહૂબ જોવા મળે છે. એ બાદશાહો, હજૂરિયાઓ, બેગમો, અમીરો, સરદારો, સાધુઓ, શિકારીઓ ને સિપાઈઓ, મજૂરો ને તવંગરો એક ચોક્કસ વખતે આ જગત પર હયાતી ધરાવતાં હતાં તેમને આજે આપણે જોઈ શકીએ છીએ. આવ ચિત્ર-તવારીખ કોઈક જ દેશમાંથી મળી શકશે. આપણા જૂના કાળના ઇતિહાસલેખકોએ પૂરતું અને પ્રમાણભૂત લખાણ મૂક્યું નથી એવો આરોપ થાય છે. તેની ખોટ આ ચિતારાએ પૂરી ભરપાઈ કરી આપી છે. પોતાના સમયનાં માનવીઓ અને પાત્રોને અજબ સજીવતા આપી તેમણે આપણી આંખ સામે મૂકી દીધાં છે.એ ઉપરાંત તેમણે વધારે કામ તો એ કર્યું છે કે હિંદ અને ઈરાનની સ્મૃતિમાં ઘૂમી રહેલા પૂર્વના રાજવંશીઓને પણ રૂપ આપી અમર કર્યા છે અને ઘેરઘેર તેમની છબીઓ પહોંચાડી દીધી છે; એટલું જ નહિ પણ તેમના ચહેરા એટલા તો લોકપ્રિય કરી દીધા છે કે ગમે ત્યાં જુઓ કે તરત તમે તેમને ઓળકી કાઢો. ઈરાનનો રાજકુમાર ઈરેઝ, તાતાર વંશ નો પહેલો બાદશાહ જંઘીસખાન, મહમદ પયગંબરના જમાઈ ઇમામઅલી વગેરેના ચહેરા છપાઈ ગયેલા કાટલાં જેવા છે. હિંદમાં અઢાર મહિના રહેલા સિકંદરને પણ આ લોક પક્ષોએ છોડ્યો નહોતો. અકબર, જહાંગીર, શાહજહાં કે ઔરંગઝેબ અને દોસ્તમહંમદ તો આ ચિતારાઓની આંગળીને ટેરવે એવા બેસી ગયા હતા કે નકલ વિના પણ યાદીથી ચીતરી શકતા. અને આ રીતે દરેક ચહેરાનું એક એવું સાદું રૂપ ઘડી કાઢવામાં આવ્યું છે કે ગમે એટલા ચહેરા વચ્ચેથી અમુક વ્યક્તિ જરૂર ઓળખી શકાય.

વિખ્યાત કલામીમાંસક શ્રી આનંદકુમારસ્વામીએ મુગલ કલાની પ્રશસ્તિ એક વાક્યમાં અતિ ઉચિત રીતે કરી છે, તે વડે આ પરિચય સમાપ્ત કરીએ : 'જે સંસ્કૃતિમાં તે ઉત્પન્ન થયાં તેના ગૌરવની સબળ સાક્ષી પૂરતાં તે ચિત્રોનાં સૌંદર્ય માટે અતિશયોક્તિ કે અતિ મૂલ્યાંકનનો સંભવ નથી.' (૧૦૬)

જ્યોતિષ આકાશપટે પથરાયેલા તેજઃપુંજોનાં જ્ઞાન અને જીવન પર તેમની અસરનાં અનુમાનોનું શાસ્ત્ર

– હીરાલાલ અમૃતલાલ શાહ –

જ્ઞાનનો લોપ

ઘણા કાળથી આપણે જ્યોતિષને વીસરી ગયા છીએ. એ વસ્તુ જ ભૂલી ગયા છીએ; એટલું જ નહિ પણ એના અર્થ તથા મહત્ત્વને પણ ભૂલી ગયા છીએ. પ્રખ્યાત મુસલમાન વિદ્વાન આલ્બેરુની (ઈ.સ. ૯૭૩-૧૦૪૮) નોંધ કરે છે કે 'તારાઓની માહિતી હિંદુઓમાં છે નહિ. નક્ષત્રમંડળમાં ચંદ્ર માટે નક્ષત્રો ઓળખાવનાર મને એક પણ માણસ મળ્યો નહિ અને આંગળીથી દેખાડી શક્યો નથી.' આ નોંધ એક જ વસ્તુ સૂચવે છે કે જે કાંઈ જ્યોતિષ હતું તે માત્ર અસ્તવ્યસ્ત પંચાંગોમાં અને તેના તે કાળના ગણિતમાં હતું. પણ તે ગણિત જે માટેનું હતું તેને ખુદ સમજવાની કે ઓળખવાની દૃષ્ટિ રહી નહોતી!

આજે આપણી નજર ઘડિયાળ ઉપર છે. સમયનું જ્ઞાન તેના કાંટા આપે છે. વ્યવહારમાં તેથી વિશેષ નથી રહ્યું. આપણે ઈ.સ. ૧૦૦૦ આસપાસ હતા તેથી પણ નીચે ઊતરતા ચાલ્યા છીએ. અને તેનું કારણ પણ મુખ્યત્વે એક જ લાગે છે કે આપણે મૂળ જ્યોતિષ ભૂલ્યા અને તે જ્યોતિષ પર રચાયેલા આપણા દેવો તથા ઉત્સવોનો પરિચય છોડ્યો.

મૂળ જ્યોતિષ તે વેદાંગ અને તેને મળતું પ્રાચીન જૈન જ્યોતિષ છે. સૂર્યસિદ્ધાંત (જે ઈ.સ. ૫૩૦ની આસપાસ રચાયો) તેનાથી જ જુદા પ્રકારનું છે. હાલનાં પંચાગોમાં ઉત્સવો, વ્રતો ને ઉપાસનાસૂચક દિનો વેદાંગ જ્યોતિષ અનુસાર લાગે છે, જ્યારે વર્ષ, માસ ઈત્યાદિની રચના સૂર્યસિદ્ધાંત અનુસાર છે ! અને તે આજે કબૂલી નહિ શકાય તેવા સ્થૂળ ગણિત ઉપર ચાલે છે. આજે હવે જે સાધનો સુલભ્ય છે તેથી સૂક્ષ્મ ગણિત થઈ શકે છે. અને તેવા ગણિતનો મેળ આજે મેળવ્યા વગર ઈ.સ. ૫૩૦ તથા પછીના ગ્રંથો આપણને યોગ્ય રીતે મદદકર્તા નથી થતા. સૂક્ષ્મ ગણિત સ્વીકાર્યા પછી પણ આપણે મૂળ જ્યોતિષને પુનઃ ઓળખી લેવાની જરૂર રહેશે જ. તેને વીસરીને આપણી સમાજરચના સમજી નહિ શકીએ. અને તેવી રીતે જીવનરચનાનો પણ જીર્ણોદ્ધાર નહિ કરી શકીએ.

પૂર્વકાળમાં પ્રત્યેક વિદ્યાર્થીને આવશ્યક શીખવાનાં વ્યાકરણ ઈત્યાદિ જે છ અંગ હતાં તેમાં જ્યોતિષ તથા અથર્વવેદમાં વૈદકનાં સામાન્ય જ્ઞાન સમાઈ જતાં. 'પોતાને માટે, પોતાના હિત સારુ પ્રત્યેક વ્યક્તિએ જ્યોતિષ અને વૈદક જાણવાં જોઈએ.' એવો તે કાળનો ગુરુસંપ્રદાય હતો અને તે આજે પણ બરાબર વિચારીએ તો તે યોગ્ય જ હતો.

જ્યોતિષ

પ્રસ્તુત વિષય જ્યોતિષનો હોવાથી તે વિષયનો જ ઊહાપોહ કરીશું. જ્યોતિષ એટલે સામાન્ય રીતે નજૂમફળ કહેવું તે - એમ માની લેવાયું છે; પણ તે ભૂલ છે.'જ્યોતિઃ' એટલે તેજઃપુંજ જેવા તારાઓ તથા ગ્રહો તેમનો પરિચય અને તેમની ગતિનું જ્ઞાન તે 'જ્યોતિષ' એ તે જાણનાર તે જ્યોતિર્વિદ કે જ્યોતિષી. જેમ 'માધવજી' (શ્રીકૃષ્ણ)નું અપભ્રંશ થતાં થતાં માવજી થયું ને તે પણ ઉપાહાસાત્મક (નિર્માલ્ય) માવજીભાઈ સુધી પહોંચી ગયું તેમ આજે 'જ્યોતિષી'માં વિકૃતિ થઈ 'જોશી' અને 'જોશી મહારાજ'નું સ્વરૂપ રહ્યું છે. આ સર્વ સમજવા માટે જૂનો ને નવો જ્યોતિષનો પ્રદેશ આપણે ઓળખી લેવો જોઈએ.

જ્યોતિષના બે મહાન વિભાગ પડે છે. એકમાં તેજઃપુંજોનું જ્ઞાન ઇ. હોય છે. બીજામાં તે જ્ઞાનને આપણા જીવન સાથે સાચી કે ખોટી રીતે જોડવાથી જે આભાસ ઉત્પન્ન થાય છે તેનો અને તેજઃપુંજોની મનુષ્ય પર, હવા પર, વનસ્પતિ પર, સમુદ્ર પર, (ભરતીઓટ પર) જુદી જુદી રીતે થતી અસરો બાબતનાં અનુમાનોનો સંગ્રહ કરેલો હોય છે. મૂળ જ્યોતિષમાં જે શીખવાનો આગ્રહ હતો તે પ્રથમ વિભાગનો હતો. આજે સમાજમાં માત્ર બીજો વિભાગ વિકૃતિ પામી, મૂળ જ્ઞાનથી દૂર થઈ, અધિકાર ચલાવી રહ્યો છે!

તારામંડળ

પ્રથમ વિભાગ તેજઃપુંજો (તારા, ગ્રહ ઇ.)ને નરી આંખથી નિહાળવાનો ને તેમની ગતિ સમજવાનો છે. ભૂતકાળમાં વધુ સાધન નહોતાં; નિરીક્ષણ હતું. આજે પણ નિરીક્ષણ તો છે જ. પરંતુ સાધનની વિપુલતા વધી છે. દૂરબીનો મળ્યાં છે. પાસાવાળા કાચ (પ્રિઝમ)ના ઉપયોગથી કિરણો વક્રી કરી, તેના રંગો છૂટા પાડી તેજ અને તેજની પાછળ સૂચિત ધાતુ, ગૅસ, રાસાયણિક વસ્તુ ઈત્યાદિનાં અનુમાનો ગોઠવી, તેમ જ ફોટોગ્રાફીથી તે સર્વની નોંધ કરી, વૈજ્ઞાનિક ને રાસાયણિક જ્ઞાનમાં વૃદ્ધિ કરી, આપણી તથા દૂરની દુનિયા વચ્ચે, ઉપરનાં સામાન્ય તત્ત્વો દ્વારા કેવું ને કેવા પ્રકારનું ઐક્ય અથવા કેવું વિવિધપણું રહ્યું છે તે નક્કી કરી નવેસરથી જ્ઞાનસંચય કરતા જઈએ છીએ. પૂર્વકાળમાં તેવા પ્રકારનો જ્ઞાનસંચય ન હતો, પરંતુ હતો તેનો પ્રકાર આથી જુદો પડતો હતો. કેવી રીતે તે આપણે તપાસીએ.

કાળજ્ઞાન


તારા અને ગ્રાહના યોગ તરફ નજર નખાતી તે મુખ્યત્વે સમય જાણવા માટે ને કાળનું માપ કરવા માટે નખાતી. કાળમાપનું વિશેષ સાધન અમુક નિર્ણિત માપની ગળણી (નાલિકા) લઈ તેમાં છિદ્ર કરી, તે ગળણીને પાણીમાં મૂકી તે ડૂબી જતાં સુધી જેટલો વખત જાય તેને નક્કી કરવાનું હતું. તેવી ગળણીની આકૃતિ નક્ષત્રમંડળમાં ચંદ્ર ઇત્યાદિના જાણીતા માર્ગમાં એક નક્ષત્રમંડળની જણાવાથી તે નક્ષત્રનું નામ 'ભરણી' પડેલું હશે અને આજે પણ તેને 'ભરણી' તરીકે આપણે ઓળખીએ છીએ.

કાળ જાણવા માટે બીજું સાધન સૂર્યના પ્રકાશથી પડતી છાયાનું માપ લેવાથી મેળવી લેવાતું. પોતાના શરીરના ઓળાથી, અગર ઊભી કરેલી લાકડીના પડછાયાથી, અગર જે ઉત્તર ધ્રુવ તરફ ઢળતો રહે ને જેને છેડે ઉત્તર ધ્રુવ બરોબર દેખાય તેટલો જ ઢાળ રાખી ઊભા કરેલા 'શંકુ'ના પડછાયાથી કાળનું માપ લેવાતું. આ માપની કથા તે વખતે પ્રત્યેક જણ જાણે અને સાધુવર્ગ તથા બ્રાહ્મણવર્ગ વિશેષે કરીને જાણે તેવો પ્રબંધ હતો. આ જ્ઞાન સર્વને આવશ્યક હતું. વળી સૂર્યની ગતિ ઉત્તરદક્ષિણ વધઘટ થતી હોવાથી, સવારસાંજના પશ્ચિમ ને પૂર્વ માર્ગમાં પડતી છાયા ઉપરાંત ઉત્તર કે દક્ષિણ તરફની છાયા પરથી અનુભવે દિન તથા વર્ષનો આરંભ કે વર્ષના અન્ય વિભાગ સ્પષ્ટતાથી નક્કી થતા. પુરુષના પોતાના ઓળાથી છાયા પડે તે ભરીને પણ નક્કી થતું; તેનો પ્રચાર હજી પણ જૈનોની દિનચર્યામાં 'પૌરુષી' શબ્દથી સૂચિત છે. જયપુર, દિલ્હી, કાશી વગેરેની હિંદી વેધશાળાઓમાં ઉપર જણાવ્યો તેવો મહાન શંકુ વિદ્યમાન છે અને લાકડી રાખીને તેની છાયા તો દરેક ઘરમાં લઈ શકાતી.

ઉપર દર્શાવેલ સમયજ્ઞાન સૂર્યનો આધાર લઈએ થતું. રાત્રિએ ચંદ્રની અને નક્ષત્રોની ગતિ ઉપરથી સમયનું, વર્ષનું તથા વર્ષના પ્રત્યેક વિભાગનું જ્ઞાન મેળવી લેવાતું. સૂર્યના તેજમાં અડખેપડખેનાં નક્ષત્રો અદૃશ્ય થતાં (લોપ થતાં). અન્ય નક્ષત્રો ક્યારે ક્ષિતિજ પર આવે છે ને જાય છે, ક્યારે મધ્ય આકાશમાં આવે છે વગેરે નિરીક્ષણો ચાલુ રહેતાં. આજે પણ ગામડામાં 'હરણી' (મૃગમંડળ - Orion) તથા 'વીંછીડા' (વૃશ્ચિકમંડળ - Scorpion) દ્વારા ઋતુનું અને રાત્રિ કેટલી વધી કે બાકી છે તેનું માપ કાઢે છે. વળી ચંદ્રની કળા વધઘટ થતી હોવાથી તે પણ કાળગણનામાં અગત્યના અંગ તરીકે લેખાતું અને તે વધઘટ સાથે ચન્દ્ર સૂર્યથી કેટલો દૂર છે તે નક્કી થતું હોવાથી, નક્કી કરેલી કળા સાથે નક્કી થઈ જતી તિથિ પણ કહી શકાતી. ચન્દ્ર અર્ધ હોય તો અષ્ટમી હોય; ઝીણી રેખા હોય તો બીજ હોય કે તેટલી જ તિથિ બાકી (અમાવાસ્યામાં) રહી હોય તેમ કહી શકાય. વળી પૂર્ણિમા વખતે ચન્દ્રનું પૂર્ણ બિમ્બ તેજસ્વી હોય અને તેની બાજુનાં નક્ષત્ર પરથી વર્ષનો માસ પણ નક્કી કરેલો હોય. કૃત્તિકાની આજુબાજુ તે મુજબ હોય ત્યારે કાર્તિક સુદિ પૂનમ હોય. ચિત્રાની આસપાસ હોય ત્યારે ચૈત્રી પૂનમ હોય. આમ તારામંડળનાં નામ પરથી માસનાં નામ, અને ચન્દ્રની કળામાં થતી વધઘટ ઉપરથી તિથિ નક્કી એ સમયે કાળજ્ઞાનનું ઉત્તમ અંગ ઊભું કરેલું આ પંચાંગની ખૂબી એ કે સામાન્યમાં સામાન્ય માણસ થોડા પરિચયથી, રાત્રે ચંદ્ર તથા તારામંડળને જોઈ, માસ તિથિ અને નક્ષત્રોને ક્ષિતિજથી નજીક કે દૂર જોઈ, સમય ઇત્યાદિ કહી શકે. તે જ્ઞાન સહેજે હજી પણ પ્રાપ્ત થઈ શકે છે. વળી, આવા જ્ઞાનવાળા માણસને દુનિયામાં ગમે ત્યાં મૂક્યો હોય તોપણ પુસ્તકની મદદ વગર માત્ર આકાશદર્શન કરી વર્ષ, માસનો તથા દિવસ (કે રાત્રિ)નો સમય કહી દેશે. ઉપરોક્ત પંચાંગની અત્યંત મહત્ત્વની ખૂબી એ છે કે જ્ઞાન માટે પુસ્તકની પરાધીનતા રહેતી નથી ને સ્વતંત્રપણે દરેક સામાન્ય માણસ આકાશદર્શનના આહ્‌લાદની સાથે પોતાની મેળે સમયજ્ઞાન પણ ધરાવતો થાય છે. જ્ઞાનને ઘરેઘર પહોંચાડવાની યોજનાનો આ એક અદ્‌ભુત પુરાવો છે. હાલ તે જ્ઞાન લુપ્ત થયું છે. આજે રહ્યો છે તે આધાર માત્ર ઈ.સ. ૫૩૦ પછીના ગણિતગ્રન્થો પર રચાયેલાં પંચાંગનો છે. ભિક્ષા પર નિર્વાહવૃત્તિ કરનાર ભિક્ષુક બ્રાહ્મણવર્ગ પાસેથી આપણે આંગણે સાંભળવાનો. 'આજે એકાદશી-પુણ્યપર્વણી-ઇત્યાદિ' લાભ મળે છે.

ગ્રહો

ઉપરના કાળગણનાના વધુ વિવેચનમાં હવે અહીં નહિ ઊતરીએ. જોકે તેમાંથી અત્યંત મહત્ત્વનું પ્રકરણ ઊભું થાય છે, પણ તેનો વિસ્તાર અહીં શક્ય નથી. ઉપરના જ્ઞાનમાંથી બે વસ્તુઓ તરી આવે છે અને તે નીચે મુજબ : (૧) તારાઓનું જ્ઞાન. (૨) ગ્રહોનું જ્ઞાન. તેમાંથી આજે ગ્રહોનું જ્ઞાન રહ્યું છે અને આધુનિક સાધનોથી તેની નવીન દિશા ઊઘડી છે. ગ્રહો એટલે રવિ, ચન્દ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, યુરેનસ તથા નેપ્ચ્યુન. (આમાના છેલ્લા બે દૂરબીનને લીધે શોધાયાં છે.) ગ્રહો તારાઓ પરત્વે ખસતા દેખાય છે; એક તારામંડળને છોડી બીજા પાસે જતા હોય છે. તેને લીધે ચન્દ્ર નક્ષત્રનાથ કહેવાયો છે. 'રોહિણી'ના તારામંડળની પાસે થઈને - ઘણુંખરું તેને ભેટીને - ચન્દ્ર જતો હોવાથી તેને રોહિણીરમણ પણ કહ્યો છે. અત્યંત સ્નેહી સ્ત્રીપુરુષને માટે રોહિણીચન્દ્રની કલ્પના લયલા-મજનૂન જેવી અપાયેલી છે. વળી રેંકડીના આગલા ભાગ જેવી એ તારામંડળની આકૃતિ હોઈ તે ઉપરથી 'રોહિણી' શબ્દ ઉત્પન્ન થયેલો છે અને તે મંડળ શકટ આકૃતિ તરીકે પ્રસિદ્ધ છે. મંગળ તેની વચ્ચેથી પસાર થાય ત્યારે શકટભેદ થયો કહેવાય ને જ્યોતિષનો બીજો વિભાગ - જેને આપણે 'ફળ જ્યોતિષ' કહીએ છીએ તે વિભાગ - અનુભવથી એમ કહે છે કે શકટભેદ થાય ત્યારે લાંબા વખતનો દુકાળ પડે.



તેવી જ રીતે ઉપરોક્ત શકટભેદ ચન્દ્રથી થાય અગર ચન્દ્ર શકટની આગળ, પાછળ કે ઊંચે અસ્ત થતી વખતે (ચૈત્ર સુદિ પંચમીને દિને) આવે તે ઉપરથી ગુજરાતનો ખેડૂતવર્ગ આગામી વર્ષાઋતુના તથા તેના પરિણામના સારાસારનું માપ કાઢે છે. આ વિષય ફળજ્યોતિષનો, અનુભવગમ્ય અને માનવા નવા અનુભવથી સુધારોવધારો થનાર મનાવો જોઈએ; પરંતુ તે વાત આપણા 'જોશીઓ' વીસરી ગયા છે, - એટલી હદ સુધી કે ખરી રીતે અનુભવ માટે ભૂતકાળના દાખલા રાખવા જ જોઈએ, ત્યારે આપણે ત્યાં તો કહેવત ચાલી છે કે 'ગઈ તિથિ જોશી પણ ન વાંચે !' જ્ઞાનના લોપથી થતી માનસિક દુર્બળતાનો આ એક સારો દાખલો છે.

ફળજ્યોતિષ નામના જ્યોતિષના એ બીજા વિભાગને દૂર કરીને ફરી પાછા પ્રથમ વિભાગ તરફ વળીએ.

પૂજા-ઉત્સવ

'આકાશગંગા' એ આકાશમાં આવેલો ઉત્તમ તેજઃપુંજોનો અનંત સમૂહ છે. સૂર્ય જ્યારે તેની પાસે થઈ આગળ જાય છે ત્યારે

તે સમૂહની પાર ઊતરે છે, અને તે વખતે આપણે 'ગંગાદશહરા'નો ઉત્સવ કરીએ છીએ. ગંગાની મૂર્તિ સ્થાપીએ છીએ, તેનાં પૂજન-અર્ચન વગેરે વિધિ કરીએ છીએ. આપણા ઉત્સવો અને મૂર્તિઓ પાછળ આવાં આવાં અનુપમ રહસ્ય રહેલાં છે. સંધ્યા થતાં તારાસ્વરૂપ દેવો આકાશમાં પ્રત્યક્ષ થતાં જાય કે આપણે મંદિરમાં રહેલા તેમના પ્રતિનિધિની આરતી (=આ + રાત્રિ) પ્રતિનિધિનું મંગળકૃત્ય કરી લઈએ છીએ અને શેષ રાત્રિ રહે ને (આકાશના પ્રત્યક્ષ) દેવ વિસર્જન થતાં પુનઃ આરતી કરી પ્રતિનિધિ દ્વારા તેમની સાથેનો સંબંધ ચાલુ રાખીએ છીએ. આપણાં મંદિરોમાં મંગળ દીપિકાનું આવું મહત્ત્વ છે. તે બીજા લેખમાં થોડા વિસ્તારથી જાણીશું. હવે જો આપણું નક્ષત્રજ્ઞાન - જ્યોતિષનું જ્ઞાન - જીવતુંજાગતું હોય તો આપણે આ પૂજન, અર્ચન, ઉપાસના કે ઉત્સવમાંથી સ્પૃશ્યાસ્પૃશ્યત્વમાં - અડવા ન અડવામાં ઊતરી પડીએ ખરા કે ? આકાશના નક્ષત્રનું પ્રતિનિધિત્વ ધરાવનાર દેવની મૂર્તિ કોઈનાથી પણ અભડાય ખરી ? જેને જેમ ઠીક લાગે તેમ સેવા, ભક્તિ, અર્ચન કરી પોતાનો માનસિક પ્રસાદ મેળવી લે. સમાજે ઊભાં કરેલાં ખોટાં પ્રતિબંધનોમાંથી છૂટવાનો સાચો માર્ગ જ્ઞાન અને સેવા છે અને તેમાં જ્યોતિષનું જ્ઞાન કાળગણનામાં સ્વતંત્ર મદદ આપે છે એટલું જ નહિ, પણ ધર્મરહસ્ય પણ સુલભ કરી પાખંડમાંથી આપણને મુક્ત કરે છે.

આ ઉપરાંત આકાશદર્શન તે ચક્ષુ-ઇન્દ્રિયનો વિષય થવાથી નિરીક્ષણનો આનંદ પણ ખૂબ આપે છે. રાત્રિએ ગમે તે સ્થળે માણસને એકલાપણું લાગતું નથી. એકાન્તનો લોપ થાય છે, વિશ્વબંધુત્વ પ્રકટે છે અને નિર્જીવ રાત્રિ સજીવ બની જાય છે. જેની નજર વિવિધ આકૃતિ શોધી રાજી થતી હોય તે માણસ તો આકાશમાં જુદા જુદા તારામંડળની વચ્ચે થતી ભૂમિતિવિષયક આકૃતિઓ જોઈને ખૂબ રાજી થશે. લીટી એટલે શું ? બે બિંદુને જોડનાર આંખથી દોરાયેલી લીટીઓની મજાને તેમાં આવતી વિવિધતાનો આનંદ માત્ર આકાશદર્શનથી જ આવશે; કાગળ પર નહિ આવે. વળી જેની નજર વિવિધ રંગો પર ઠરતી હસે તેને પણ આકાશદર્શન અદ્‌ભુત વિષય થઈ પડશે. કેટલાક તારામાં વાદળી રંગ છે, કેટલાકમાં રક્તવર્ણ - સિંદૂરવર્ણ છે ને અગત્સ્ય જેવામાં તો આજે તેના દરેક ચમકારે એક પછી એક બદલાતા રંગો દેખાય છે. એ રંગોની ખૂબી આપણને આ પૃથ્વી ઉપર શોધી નહિ જડે. દૂરબીનમાંથી જોવાની તક મળે પછી તો તે રંગોની છાપ મગજમાં એવી કોતરાઈ રહેશે કે જેની આગળ બીજા રંગો જોવા નહિ ગમે. આ રીતે જ્યોતિષનો વિષય ચક્ષુ ઇન્દ્રિયના સંતોષનો અને તેની દ્વારા અત્યંત ઉમદા ને ઉપયોગી વિવિધ જ્ઞાનનો વિષય થાય છે. ઉપર કહેલી વસ્તુ નીચેના કોઠામાં પુનઃ આ વાત પ્રતીતિ સારુ મૂકેલી છે.

તારાઓ

ઉપર જણાવેલ તારાઓનું જ્ઞાન ગ્રહના જ્ઞાન ઉપરાંત જરૂરી માન્યું ને તેનાં થોડાંક કારણો અહીં દર્શાવ્યાં; પરંતુ હજી થોડીક તારાની સમજણ આપ્યા પછી જ આ લેખ સમાપ્ત કરી શકાય.

તારાઓ કાળાન્તરે - હજારો વર્ષે જરા જેટલું જ ખસે છે, એટલે તેમને આપણે સ્થિર માની લઈએ. સૂર્ય, ચન્દ્ર વગેરે ગ્રહો ખસતા દેખાય છે તે અમુક મર્યાદામાં જ, ને તે વળી પૂર્વ-પશ્ચિમના વિભાગમાં જ ખસતા લાગે છે. તેમાં ચન્દ્ર પોતે ખૂબ ફરતો જણાય છે એટલે તે એક દિનથી બીજે કેટલો - ક્યાં ગયો તે જણાવવા આકાશના પૂર્વપશ્ચિમના વિભાગમાં નાના નાના ભાગો પાડ્યા છે. આવા લગભગ ૨૭-૨૮ દિવસમાં ચન્દ્ર મૂળ ભાગ પાસે પાછો આવે છે; એટલે એવા દરેક ભાગમાં ચન્દ્રની ઉપર, નીચે કે પડખે ધ્યાન ખેંચે તેવો તારો (અગર ઝાઝા તારા) હોય, તે દરેકનું આકૃતિથી, સ્થાનથી કે બીજા કારણે નામ પાડેલું હોય છે. તે દરેકને આપણે 'નક્ષત્ર' તરીકે ઓળખીએ છીએ અને તેવાં કુલ (અશ્વિની નક્ષત્રથી માંડી) ૨૮ નક્ષત્રચન્દ્ર વગેરે ગ્રહોનાં સ્થાન દર્શાવવા કહીએ છીએ. આ નક્ષત્રવિભાગ ઉપરાંત ઉપરનીચે (ઉત્તર-દક્ષિણમાં) પણ ઘણાં ધ્યાન ખેંચે તેવાં તારામંડળો છે, જેમાં ઉત્તરમાં અતિ પ્રસિદ્ધ સપ્તર્ષિમંડળ છે. દક્ષિણમાં તેવું જ 'હાઈડ્રા' - તારામંડળ (સર્પમંડળ) છે. (૧૦૦)

ઈતરા નામની એક સૌંદર્યવતી શુદ્રાણીને એક મુનિથી પુત્ર થયા બાદ મુનિ બંનેને ત્યજીને ચાલ્યા ગયા. પછી ઈતરાએ પુત્રને ખૂબ પ્રેમ અને કાળજીથી ઉછેરીને મોટો કર્યો. પણ શૂદ્રાણીના પુત્રને કોઈ ઋષિ વિદ્યા ભણાવે નહીં. અંતે એક મુનિ તૈયાર થયા, પણ એમણે શરત મૂકી કે તારી માતા શૂદ્રાણી હોવાથી એના નામ ઇતરા ઉપરથી પડેલું તારું નામ 'ઐતરેય' તું બદલી નાખે તો તને વિદ્યા આપું. પણ ઐતરેયે મક્કમપણે ના ભણી દીધી કે 'જે માતાએ મને જન્મ આપ્યો અને પિતાએ ત્યજી દીધા પછી ઉછેરીને મોટો કર્યો એને તો છેહ નહીં દઉં. ભલે હું અબુધ જ રહું.'...મુનિએ ઐતરેયના મહાજ્ઞાનને માપી લીધું અને પરિણામે એ એવડો મોટો જ્ઞાની બન્યો કે પોતાના નામના 'ઐતરીય ઉપનિષદ'ની એણે રચના કરી. (૧૧૭)

નવના ૯ આંકની ૯ મહત્તા

ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

આંકડાશાસ્ત્રની દુનિયામાં એવી કેટલીયે સંભાવ્ય ઘટનાઓ અસ્તિત્વ ધરાવે છે કે એ ઘટનાઓને જાદુ તરીકે ઓળખાવવાને બીજાઓ લલચાય પણ ખરા. તેમાં પણ બીજા બધા આંકડાઓમાંથી માત્ર નવ (૯)ના આંકને જ એવું ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરવાનું સાંપડ્યું છે. એ સ્થાન એની કયા વિશિષ્ટ પ્રકારની શક્તિને આભારી છે તે સમજવા માટે નીચે આપેલાં થોડાંક દૃષ્ટાંતો બસ થશે :

(૧) બેથી વીસ લાખ સુધીની કોઈ પણ સંખ્યા લો અને તેને નવ વડે ગુણો એટલે જવાબમાં આવનારા આંકડાઓનો સરવાળો કાં તો નવ થશે અગર તો નવથી નિઃશેષ ભાગી શકાય એવી કોઈ સંખ્યા થશે. જેમ કે : ૬×૯=૫૪ અને ૫+૪=૯. એમ જ, ૪૨૭૬૪×૯=૩૮૪૮૭૬ એટલે ૩×૭+૪+૮+૭+૬=૩૬ અને ૩+૬=૯.

(૨) એકથી નવ સુધીના આંકડાઓને ઊલટા એટલે ઊંધા ક્રમ મુજબ લખો અને પછી નવ વડે તે રકમને ગુણશો એટલે પરિણામે નવમાં સમાયેલી ચમત્કૃતિ આપોઆપ સમજાશે. જેમ કે,

૯૮૭૬૫૪૩૨૧×૯=૮૮૮૮૮૮૮૮૮૯

આવી રીતે નવ આઠડા તથા એક નવની બનેલી રકમના બધાં અંકસ્થાનોનો સરવાળો કરવામાં આવતાં જવાબ ૮૧ આવે છે અને એ ૮૧ એટલે ૮+૧=૯ !

(૩) નવના આંકની અનોખી ઉપયોગિતા સમજવા માટે નીચે આપેલું એક જ ઉદાહરણ બસ થશે :

૧×૯+ ૨ =૧૧
૧૨×૯+ ૩ =૧૧૧
૧૨૩×૯+ ૪ =૧૧૧૧
૧૨૩૪×૯+ ૫ =૧૧૧૧૧
૧૨૩૪૫×૯+ ૬ =૧૧૧૧૧૧
૧૨૩૪૫૬×૯+ ૭ =૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭×૯+ ૮ =૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮×૯+ ૯ =૧૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮૯×૯+૧૦=૧૧૧૧૧૧૧૧૧૧

(૪) એકથી નવ સુધીનાં અંકસ્થાનોને અનુક્રમવાર લખ્યા પછી નવ વડે ગુણવાથી પણ નવાઈ ઉપજાવે એવું પરિણામ આવે છે. જુઓ :

૧૨૩૪૫૬૭૮૯×૯ = ૧૧૧૧૧૧૧૧૦૧

અને નવ એકડા તથા એક મીંડાની બનેલી એ રકમનાં અંકસ્થાનોનો સરવાળો ૯ જ થાય છે !

(૫) નવમા આંકની વિશિષ્ટતા દર્શાવનારું એક વધુ દૃષ્ટાંત આ રહ્યું :

૧૨૩૪૫૬૭૯×૫૪=૬૬૬૬૬૬૬૬૬૬

અને નવ છગડા એટલે પાછા ૫૪ જ.

તાત્પર્ય એટલું જ કે આ દૃષ્ટાંતમાં આપેલી અસલ રકમને નવના વર્ગની કોઈ પણ રકમથી ગુણવામાં આવે ત્યારે તેના ગુણાકારનો સરવાળો આપણે પ્રથમ દૃષ્ટાંતમાં જણાવી ગયા તેમ ૯ અથવા ૯ વડે નિઃશેષ ભાજ્ય રકમનો જ આવે.

(૬) કોઈ પણ સંખ્યાના બધા આંકડાઓને નવ વડે ભાગતાં જે શેષ વધે છે તે જ શેષ, તે આખી સંખ્યાને નવ વડે ભાગતાં વધે છે. જેમ કે ૮૩૪૫ એ સંખ્યાને નવ વડે ભાગતાં ૨ શેષ વધે છે અને એ રકમના સરવાળા રૂપે બનેલા ૨૦ (૮+૩+૪+૫)ને પણ નવ વડે ભાગતાં એ જ શેષ રહે છે.

(૭) એકથી નવ સુધીની કોઈ પણ સંખ્યા પર ગમે તેટલાં મીંડા ચઢાવી તેને નવ વડે ભાગતાં, જે અંક પર મીંડાં ચઢાવ્યાં હોય તે અંક પોતે શેષ તરીકે બાકી વધે છે. એટલે એક પર ગમે તેટલાં મીંડાં ચઢાવીને નવ વડે ભાગતાં ૧ વધે; પાંચ પર ગમે તેટલાં મીંડાં ચઢાવીને નવથી ભાગતાં પાંચ શેષ રહે; અને સાત પર મરજી પડે તેટલાં મીંડાં ચઢાવીને નવ વડે ભાગતાં સાત જ શેષ રૂપે રહેવાના.

(૮) કોઈ સંખ્યાને નવ વડે ગુણીને જવાબ રૂપે આવતા ગુણાકારના સઘળા અંકોના સરવાળાને નવ વડે ભાગીએ તો ભાગાકાર પૂર્ણાંક આવે, એટલે કે શેષ શૂન્ય જ રહે.

(૯) જે સંખ્યામાં બધા નવડા હોય તેને નવ વડે ગુણવામાં આવે તો ગુણાકારનો પહેલો અંક એક આવે. બીજા શબ્દોમાં કહીએ તો ગુણાકારના પહેલા અને છેલ્લા અંકોનો સરવાળો નવ થાય ને વચ્ચે બધા નવડા જ આવે. જેમ કે ૯૯૯૯૯૯ × ૯ = ૮૯૯૯૯૯૧.

(૧૦) કોઈ સંખ્યામાં બધા બગડા, તગડા, ચોગડા, પાંચડા, છગડા, સાતડા અથવા આઠડા હોય અને તેને નવ વડે ગુણવામાં આવે તો જવાબમાં પહેલા તથા છેલ્લા અંક સિવાય બધા નવડા જ આવે; અને પહેલાં તથા છેલ્લા અંકો પણ, એ અસલ રકમના છેલ્લા અંકને નવ વડે ગુણતાં જે ગુણાકાર આવે એ ગુણાકારનો ડાબી તરફનો અંક તે પહેલો અને જમણી તરફનો અંક તે છેલ્લો અંક બને. જેમ કે, ૪૪૪૪ × ૯ = ૩૯૯૯૬

વળી, અસલ રકમ (૪૪૪૪)માં જેટલા અંકો હોય તેનાથી સંખ્યામાં એક ઓછો હોય તેટલા જ નવડા જવાબની રકમમાં આવેલા આંકડાઓ તરીકે આવવાના અને એ રકમમાં અસલ જેટલા અંકો હોય તેના કરતાં એક જ અંક જવાબમાં વધારે આવવાનો.

(૧૧) કોઈ પણ બે મોટી સંખ્યા લો અને તેમનો ગુણાકાર કરો. હવે એ ગુણાકારના બધા અંકોનો સરવાળો કરી તેને નવ વડે ભાગો અને જે શેષ આવે તેને ધ્યાનમાં રાખો; બીજી બાજુએ એ અસલ બન્ને સંખ્યાઓના અંકોનો જુદો જુદો સરવાળો કરો અને તે બન્ને સરવાળાને વારાફરતી નવ વડે ભાગો. જે બે શેષ રહે તેનો ગુણાકાર કરો અને એ ગુણાકારના સઘળા અંકોનો સરવાળો કરી નવ વડે ભાગશો તો અગાઉ રાખી મૂકેલી શેષ જેટલી જ શેષ વધશે.

(૧૨) કોઈ પણ નાની કે મોટી રકમ લો અને તેના અંકોને ઊલટાવી નાખો. એ રીતે જે બે રકમો બને તેમાંની મોટીમાંથી નાની બાદ કરો. જે જવાબ આવે તેના સઘળા અંકોનો સરવાળો કાં તો નવ થશે અગર નવ વડે ભાગી શકાય એવી કોઈ સંખ્યા થશે.

૪૯૮૫૩ રકમ
-૩૫૮૯૪ ઉલટાવેલી રકમ
૧૩૯૫૯ એટલે,
૧+૩+૯+૫+૯=૨૭=૯

(૧૩) હજુ એક વધુ ગમ્મત. છ નવડાને એવી રીતે ગોઠવવા કે જવાબમાં ૧૯૯ આવે. આ રહ્યું એ :

એક રીત : (૯×૯)+૯+૯+(૯ |૯)=૧૦૦

બીજી રીત : $૯૯ \frac{૯૯}{૯૯} = ૧૦૦$

સુપ્રસિદ્ધ ગ્રીક ફિલસૂફ પાઈથેગોરાસે ત્રણના આંકને સંપૂર્ણ અંક તરીકે પુરવાર કર્યો હતો, પરંતુ બૌદ્ધ ધર્મના કોઈ સાચા જાણકારે એને સ્થાને નવના આંકને સ્થાપ્યો અને પાછળથી આરબોએ, મોગલોએ તથા ચીનાઓએ પણ તેને અપનાવ્યો.

એ નવના અંકનો ઉપયોગ આપણા રોજિંદા જીવનમાં કેવો ઓતપ્રોત થઈ ગયો છે એ તો આપણી કહેવતોમાં તેનો છૂટથી થયેલો ઉપયોગ બતાવી આપે છે. કોઈ મનુષ્યથી આપણે દૂર રહેવા ઇચ્છતા હોઈએ ત્યારે આપણે ઘણી વાર કહીએ છીએ કે તેનાથી તો 'નવ ગજના નમસ્કાર' જ સારા. વળી કોઈ નવા વિદ્યાર્થીને શાળામાં બેસાડવામાં આવે છે ત્યારે બહુ જ સૂચક રીતે કહેવામાં આવે છે કે, 'નવો નિશાળિયો નવ દિવસ.' મૌનનો માયનો સમજાવતાં ઘણી વખત સુણાવવામાં આવે છે કે, 'ભાઈ, ન બોલ્યામાં નવ ગુણ' એ ગુણ ક્યા તે તો કોઈ જાણકાર સમજાવે ત્યારે ખરું. વળી જ્યારે કોઈ માણસ 'વિવાહનું વરસી' જેવું કરી આવે છે ત્યારે કહેવામાં આવે છે કે તે તો 'નવનું સાડીતેર કરે' તેવો છે. આ ઉપરાંત, બહુ બોલકી સ્ત્રીની જીભને પણ આપણે 'નવ ગજની જીભ' તરીકે ઓળખાવતાં અચકાતા નથી. વળી એવું કહેવાય છે કે, 'મિત્રતા પણ નવના અંક જેવી રાખવી.'

નવને લગતી કહેવતોનો અંત આટલેથી જ નથી આવતો. એવી બે વધુ કહેવતો આ રહી : ૧. 'નવ કોળાં ને તેર લાગાં'; ૨. 'નવકુળ નાગનું ઉચ્છેદ ગયું, ત્યારે અળશીઆનું રાજ થયું.' એમાંની પહેલી કહેવતનો અર્થ તો સ્પષ્ટ જ છે. બીજીનો માયનો એ થાય છે કે, જ્યારે રણસંગ્રામમાંથી બહાદુર લડવૈયાઓ ચાલ્યા ગયા હોય, એ સમયે માયકાંગલીઓ જોર પર આવીને તેમને ફાવે તે રીતે ડંફાસ મારવા તૈયાર થાય છે.

આવી કહેવતો સિવાય બીજી પણ અનેક રીતે આપણે એ નવના આંકનો પ્રયોગ કરીએ છીએ એવાં થોડાંક દૃષ્ટાંતોની વીણણી આ નીચે રજૂ કરેલી છે :

૧. 'નવ એકમ'ને તો આપણે સૌ ઓળખીએ છીએ. આ રહ્યા તે : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯.

લઘુકથા

ઘરગોખલાં

— જન્યત મોઢા —

મેડિકલ લાઈનનો સાત વર્ષનો કોર્સ પૂરો કરી, પુરંદર દેશમાં આવી રહ્યો હતો.

'હાઉ નાઈસ ઈઝ ધ ક્લાઈમેટ, સુનુ !' 'યા, ડીઅર !'

એર ઈન્ડિયાની ફલાઈટમાં પોતાની સાઈડની સીટમાં ગોઠવાયેલાં એક નવપરિણીત જેવા લાગતા યુગલના સંવાદમાં 'સુનુ' સંબોધનથી તેનું ધ્યાન ખેંચાયું. સુનુ....સુની...સુનંદા !

તેને બચપણના વીતેલા દિવસો એકાએક યાદ આવી ગયા. તે જૂનું ઘર, ત્યાંનો આડોશ-પાડોશ, ને સુનંદા સાથેની ઘરગોખલાંની રમત.

કોઈ રમતના પ્રસંગે તેણે મિલમજૂર બની કહેલું : 'સુનંદા ! હું મિલમાં પાળી ભરવા જઉં છું; તું રસોઈ વહેલી કરી રાખજે.'

'છી ! આપણે મિલમાં નથી જવું. તું તો દાક્તર છે. ચાલુ, હું દવાની પેટી તૈયાર કરી દઉં; તું દવાખાને જા...' સુનંદાએ લાડપૂર્વક કહેલું.

પુરંદરના પિતા તે વખતે એક કાપડ-મિલમાં વીવર હતા. સુનંદાના પિતા ગુજરી ગયા હતા અને મા કોઈ દાક્તરને ત્યાં ઘરકામ કરવા જતી હતી. કૌટુંબિક સંજોગો પ્રમાણે ઉચ્ચ અભ્યાસ કરવાની પુરંદરની કશી હેસિયત ન હતી, પણ તે વખતે અજ્ઞાત માનસમાં ખાસ વિચારનું મુદ્રણ થઈ ચૂક્યું અને સંજોગોનો સાથ મળતાં શમણું વાસ્તવિક્તા બન્યું.

વિમાને એર પોર્ટ પર ઉતરાણ કર્યું ત્યાં સુધી પુરંદર સુનુના વિચારો વાગોળતો રહ્યો, ને પછી ઊતરવાની, લગેજ કાઢવાની, રિસીવ કરવા આવેલાં પિતા અને અન્ય સંબંધીઓ તથા મિત્રોને મળવાની ધમાલમાં તેનું વિસ્મરણ થઈ ગયું. બીજે દિવસે ફરી સુનંદા તેના સ્મૃતિપટ પર ચડી આવી. તેણે નાની બેનને પૂછ્યું : 'બેન ! આપણે જૂને. ઘરે, સામે પેલી સુની રહેતી તે...'

'સુનીને તો રમાબેને પરણાવી દીધી.'

'એમ ! ક્યાં ?' પ્રશ્નમાં અધીરાઈ અછતી નહોતી રહેતી.

'અમદાવાદ ત્યાં તેનો ધણી બનતાં સુધી કોઈ કાપડની મિલમાં કામે જાય છે...કેમ ?'.... (૬૬૯)

૨. 'નવ કાંકરી'ની રમત ગુજરાતભરમાં રમાય છે.

૩. 'નવ કુળ' અથવા 'નવ નાગ' એ સર્પનાં નવ કુટુંબો માટે વપરાય છે. તેનાં નામ નીચે મુજબ છે : અનંત, કાલીય, કંબલ, તક્ષક, ધૃતરાષ્ટ્ર, પદ્મનાભ, વાસુકિ, શેષ અને શંખમાલ.

૪. 'નવ ખંડ' એટલે આપણી પૃથ્વીના નવ ભાગ પાડેલા છે એમ હિંદુ ધર્મશાસ્ત્રો કહે છે તે. એનાં નામ માટે વિદ્વાનોમાં મતભેદ છે. એક પક્ષ આ પ્રમાણે એ નામો જણાવે છે : કેતુમાલ, દ્રામાળા, ભરત, મહિ, રામ, વર્ત, વિધિવસ, સુવર્ણ અને હિરે; બીજો પક્ષ માને છે તે નામ આ રહ્યાં : ઈલાવૃત, કિંપુરુષ, કેતુમાલ, કુરુ, ભદ્રાક્ષ, ભરત, રમ્યક, હરિવર્ષ અને હિરણ્યમય.

૫. 'નવ ગ્રહ'નાં નામ તો સૌ કોઈ જાણતા હોય છે. રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ (બૃહસ્પતિ), શુક્ર, શનિ (શનૈશ્ચર), રાહુ અને કેતુ.

૬. 'નવઘરું' એટલે નવ પ્રકારનાં રત્નનાં નંગ જેમાં જડ્યા હોય એવું ઘરેણું.

૭. 'નવચંદરી' શબ્દ નવ ચાંદાંવાળી ભેંસ માટે વાપરવામાં આવે છે. એનો માલિક ભાગ્યશાળી લેખાય છે.

૮. નવચંડી અથવા નવદુર્ગા. કાત્યાયની, કાલરાત્રિ, કુષ્માંડા, ચંદ્રઘંટા, બ્રહ્મચારિણી, મહાગૌરી, શૈલપુત્રી, સિદ્ધિદા અને સ્કંધમાતા. આ 'નવચંડી' અથવા 'નવદુર્ગા'ને 'નવ કાવ્ય દેવીઓ' તરીકે પણ ઘણી વાર ઓળખાવવામાં આવે છે. પાશ્ચાત્ય દેશોનાં સાહિત્યમાં 'નવ દેવતાઓ'નો ઉલ્લેખ પણ આવે છે.

૯. 'નવછિદ્રો' એટલે જેને નવ છિદ્ર હોય છે એવો મનુષ્યદેહ. એ છિદ્રો તે મુખ, બે આંખ, બે કાન, બે નસકોરાં, મૂત્રદ્વાર અને મળદ્વાર. એ 'નવછિદ્ર'ને 'નવદ્વાર' તરીકે પણ ઓળખાવામાં આવે છે. (આ નવ છિદ્રો સાથે નાભિ મળી શરીરનાં દસ દ્વારો તરીકે પણ ઓળખાય છે.)

૧૦. 'નવટાંક' એટલે નવ પૈસાભાર અથવા પાંચ રૂપિયાભાર. શેરનો આઠમો ભાગ.

૧૧. 'નવ તત્ત્વ'ની ફિલસૂફી જૈનોમાં વિશેષ કરીને પ્રચલિત છે. એ નવ તત્ત્વો આ રહ્યાં : જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ.

૧૨. 'નવધા ભક્તિ' એટલે નવ પ્રકારની ભક્તિ. એનાં નામ : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવા, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન.

૧૩. 'નવનાગેલીઓ' એટલે ઉપરાઉપર નવ નળિયાં મૂકીને છોકરાંઓ રમે છે તે રમત.

૧૪. 'નવનાડી' માનવદેહની અંદર રહેલી છે : એમનાં નામ : ઈડા, પિંગલા, સુષુમ્ણા, ગાંધારી, ગજજિહ્વાહ, પૂષા, પ્રસાદ, શનિ અને શંખિની.

૧૫. 'નવ નિધિ' : કુબેરના ભંડાર નવ પ્રકારના હોય એમ મનાય છે. એનાં નામ : મહાપદ્મ, પદ્મ, શંખ, મકર, કચ્છપ, મુકુંદ, કુંદ, નીલ અને ખર્વ.

૧૬. 'નવ રત્ન' : હીરો, માણેક, મોતી, પાનું, પોખરાજ, ગોમેદ, લસણીઓ, પરવાળું અને નીલમ. કોઈ કોઈ વિદ્વાનો એ નામ આ રીતે આપે છે : મુક્તા, માણેક, વૈદૂર્ય, ગોમેદ, વજ્ર, વિદ્રુમ, પદ્મરાગ, મરતક અને નીલ. એ ઉપરાંત એ નવ રત્ન એટલે રાજા વિક્રમાદિત્યના દરબારમાંનાં નવ કવિરત્નો, જેનાં નામ આ પ્રમાણે છે : ધન્વન્તરિ, ક્ષપણ, કોમળસિંહ, શંકુ, વેતાલ ભટ્ટ, ઘટકર્પર, કાલિદાસ, વરાહમિહિર અને વરરુચિ.

૧૭. 'નવરસ'નો ઉપયોગ કવિઓ તેમ જ સાક્ષરો કરે છે. આ રહ્યા તે નવે રસ : અદ્ભુત, કરુણા, બીભત્સ, ભયાનક, રૌદ્ર, વીર, શાંત, શૃંગાર અને હાસ્ય.

૧૮. 'નવરાત્રિ'ના પર્વનો મહિમા સૌને જ્ઞાત છે.

૧૯. 'નવલખ' એટલે નવ લાખની કિંમતનું, જેમ કે 'નવલખો હાર.' એ જ રીતે, 'નવલખું' રાજ્ય એટલે કે નવ લાખની ઊપજવાળું રાજ્ય.

૨૦. 'નવલખી હવેલી'ને ઓળખો છો? વગર ભાડાની કોટડી!

૨૧. 'નવ શક્તિ' : પ્રભા, માયા, જયા, સૂક્ષ્મા, વિશુદ્ધ, નંદિની, સુપ્રભા, વિજયા અને સર્વસિદ્ધિદા. કેટલાકો એ નામ આ રીતે ગણાવે છે : વૈષ્ણવી, બ્રહ્માણી, રૌદ્રી, માહેશ્વરી, નારસિંહી, વારાહી, ઇંદ્રાણી, કાર્તિકી અને સર્વમંગલા.

૨૨. 'નવ શાયક' એટલે 'નવ નાયક.' નવ પ્રકારના પછાત વગનાં મનુષ્યો. એમના પ્રકાર : કર્મકાર, કુંભાર, કોષ્ટિ, ગોવાળીઓ, તેલી, તંત્રી, માળી, વાળંદ ને હલવાઈ.

૨૩. 'નવશ્રાદ્ધ' : મૃત્યુ પામેલા મનુષ્યની પાછળ ત્રીજે, પાંચમે, સાતમે,નવમે અને અગિયારમે દિવસે સરાવવામાં આવતાં શ્રાદ્ધ. એ હિંદુપ્રથા છે.

૨૪. 'નવસરહાર' એટલે નવ સેરવાળો હાર.

૨૫. 'નવ વાડ' : જૈન તત્ત્વજ્ઞાનમાં બ્રહ્મચર્યની નવ વાડનો ઉલ્લેખ મળી આવે છે.

આ રીતે એ નવના આંકની બોલબાલા છે.

૨૬. નવઘર : કાઠિયાવાડમાં કન્યાવિક્રય તરફ ઈતરાજી દાખવ-નારા ઔદિચ્ય બ્રાહ્મણો પોતાને 'નવઘર' માંહેના તરીકે ઓળખાવે છે.

૨૭. નવનાત : વણિક કોમની જુદી જુદી નવ નાત હોય છે. દા.ત. : દશા, વીશા, સોરઠિયા, કપોળ, મોઢ, ઓરવાડ, પોરવાડ, સોની.

૨૮. નવેતરી નગરી : જે શહેરનો વિસ્તાર ૯×૧૩ ગાઉનો હોય તે એ નામે ઓળખાય છે. અસલના વારામાં સંજાણ અને ચાંપાનેર માટે એ શબ્દ વપરાતો.

૨૯. નવવિકાર : કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષ્યા, અસૂયા અને અભિમાન.

૩૦. નવખંડ : આખી પૃથ્વી, જેમ કે 'રહે કીર્તિ નવખંડ.'

પાશ્ચાત્ય દેશોમાં તો ન્યાયમંદિરમાં પણ તે ઘૂસી જવા પામેલો છે. અંગ્રેજીમાં એને લગતી એક કહેવત છે કે, 'કબજો એ કાયદાના નવ મુદ્દા બરાબર છે.' (Possession is nine points of Law). એ નવ મુદ્દા તે ૧. પુષ્કળ પૈસો; ૨. અસીમ ધીરજ; ૩. સાચો દાવો; ૪. કાબેલ વકીલ; ૫. સાચી સલાહ; ૬.

સત્યનિષ્ઠ સાક્ષીઓ; ૭. નિષ્પક્ષપાતી પંચ (Jury); ૮. કાયદાબાજ ન્યાયાધીશ; ૯. સારું ભાગ્ય.

વળી, એ નવના અંકની મહત્તા તેમ જ વિચિત્રતા તરફ કવિઓ તેમ જ ફિલસૂફો પણ આકર્ષાયા વગર રહ્યા નથી. તે સિવાય કેટલાક ઐતિહાસિક પટ્ટાઓ અને સનંદોની મુદતની મર્યાદા પણ નવ્વાણુંથી નવ સો ને નવ્વાણું વરસ સુધીની અંકાયેલી હોય છે !

નવના અંકને લગતી અંગ્રેજી ભાષામાં પણ એક કહેવત વિશેષ પ્રચલિત છે : 'એ નાઈન ડેઝ વન્ડર' (A nine day's wonder), જેનો અર્થ આપણી 'નવો નિશાળિયો નવ દિવસ'ને કંઈક મળતો હોય એમ લાગે છે. એમાં સૂચવાયેલા 'નાઈન' એટલે નવ નહીં, પણ થોડાક. એ કહેવતનો સારગર્ભ એટલો જ છે કે સનસનાટી ઉપજાવે તેવો અગર તો અદ્ભુત આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવો કોઈ બનાવ કે ઘટના માત્ર થોડા દિવસ સુધી જ જનસમાજને આકર્ષી શકે છે અને પછી એ આપમેળે ભુલાઈ જાય છે.

પ્રાચીન દંતકથાઓમાં પણ નવનો ચમત્કાર ભર્યો પડ્યો છે. ઈ.સ.ના બીજા સૈકામાં થઈ ગયેલા મહાન ખગોળવેત્તા ટોલેમીએ પ્રબોધેલી ખગોળવિદ્યાની પદ્ધતિમાં પણ સૂચવાયું હતું કે પૃથ્વીને મધ્યસ્થ રાખીને નભોમંડળમાં ફરતી નવ ગોળાકૃતિઓ હતી. વળી યુરોપખંડમાં આવેલા સ્કેન્ડિનેવિયા નામના દ્વીપકલ્પમાં પણ એવા પ્રકારની દંતકથાઓ ચાલી રહેલી છે, જેમાં નવ પૃથ્વીઓનો સ્પષ્ટ ઉલ્લેખ આવે છે.

અસલના યહૂદી લોકોમાં પણ એક એવા પ્રકારની પ્રથા પ્રચલિત હતી કે તાવ, દાંતનો દુઃખાવો, મરડો ઇત્યાદિના નિવારણ માટે મંત્રવિદ્યાના પ્રભાવે એક માદળિયું તૈયાર કરવામાં આવતું અને તેને નવ દિવસ સુધી પહેર્યા પછી નદીના વહેણમાં ફેંકી દેવામાં આવતું. કોઈ ચર્મપત્ર (Parchment) પર 'એબ્રાકેડેબ્રા' નામના ગૂઢ શબ્દો નીચે મુજબ લખીને તેમાં દોરો પરોવીને તેને ડોકમાં પહેરવામાં આવતું :

A
B B
R R R
A A A A
C C C C C
A A A A A A
D D D D D D D
A A A A A A A A
B B B B B B B B B
R R R R R R R R R R
A A A A A A A A A A A

આ મંત્રને AB (પિતા), BEN (પુત્ર) અને Ruach Acadsh (પવિત્ર આત્મા) નામના હિબ્રૂ ભાષાના શબ્દોના પ્રથમાક્ષરો પરથી તૈયાર કરવામાં આવતો હતો. રોગનિવારણ માટે આ માદળિયાને અકસીર ઇલાજ તરીકે પ્રાચીન યહૂદીઓ સ્વીકારતા.

શેક્સ્પિયર નામનો સુપ્રસિદ્ધ આંગ્લકવિ તેના 'મૅકબેથ' નામના નાટકમાં ચુડેલો પાસે નવ વખત રાસડા લેવરાવે છે. તેના 'લવ્ઝ લેબર લૉસ્ટ' નામના બીજા એક નાટકમાં તે નવ મહાપુરુષો (Nine Worthies)નો ઉલ્લેખ કરે છે : જોશુઆ, ડેવિડ અને જ્યુડાઝ મૅક્કેબીઅસ; હેક્ટર, અલેક્ઝાંડર અને જુલિયસ સિઝર; આર્થર, શાર્લમેન અને બુલોંનો ગોડફે. પહેલા ત્રણ બાઈબલના, બીજા ત્રણ શિષ્ટ સાહિત્યના ગ્રંથોના અને ત્રીજા ત્રણ રોમાંચ - કથાઓના વીર પુરુષો છે. (૨૦૧)

લઘુકથા

'સ્ત્રી'

— રમેશ ત્રિવેદી —

છોકરાનો દાંત હાલતો હતો, અને એ બારીએ ઊભો રહીને નીચે પાણીના નળ પાસે ઝઘડી રહેલી એની મા સામે વ્યથિત ચહેરે તાકી રહ્યો હતો. મા એના સ્વભાવ પ્રમાણે ગરજતી હતી; જ્યારે સામે પક્ષે સ્વભાવનાં શીળાં ને ક્યારેય કોઈની સાથે ઊંચા સાદે ન બોલતાં રમાબહેન રડમસ સાદે એની મા સાથે બોલતાં હતાં. રમાબહેનની સામે લાંબો હાથ કરીને બોલતી માના કર્કશ શબ્દો છોકરાના કાને પડ્યા : 'બહુ મોડું થતું હોય ને રમાબેન, તો ઘરમાં ચકલી લઈએ, હા; ને તમે કોના સારુ બધું ભેગું કર્યાં કરો છો ?.... પાછળ તો...' અને બાકીના શબ્દો એ ગળી ગઈ. રમાબહેન તો આ શબ્દો કાને પડ્યા ન પડ્યા કે ઘરમાં દોડી ગયાં - ખાલી ડોલ લઈને. ઝગડો શમી ગયો.

છોકરાનો હાલતો દાંત પડી ગયો. હાથમાં દાંત લઈ, દાદરો ઊતરી છોકરો રસોડામાં ગયો. તપેલીમાં ઊકળતી દાળ સામે તાકતી બેઠેલી મા સામે જોતાં એણે કહ્યું : 'મારો દાંત પડી ગયો, મમ્મી !'

'તે એમાં મને શું બતાવવા આવ્યો છે ? જા ફેંકી દે....' લુખ્ખા સાદે બોલતી છોકરાની માના કપાળે કરચલીઓ પડી ગઈ.

છોકરો વિચારમાં પડી ગયો. થોડાક દિવસો અગાઉ જ્યારે પહેલી જ વાર એનો દાંત પડી ગયેલો ત્યારે પડોશના બોખા મોંવાળા ઘેલા દાદાએ હસતાં હસતાં એને કહેલું : 'લ્યા છોકરા. તારું મોં ય મારા જેવું થઈ જશે !...'ને ત્યારે એ રડી પડેલો. એની માએ એને કહેલું : 'લ્યા, ગાંડા ભૈ, આ તો દૂધિયા દાંત છે. ફરી આવશે બીજા...' અને હસીને ઉમેરેલું : જા, નાખી આવ દાંત છે. ફરી આવશે બીજા....' અને હસીને ઉમેરેલું : 'જા, નાખી આવ દાંતને રમાબેનને છાપરે.'

એણે પૂછેલું : 'શા માટે રમાબેનને છાપરે ?' ત્યારે મોં મલકાવીને કહેલું : 'રમાબેનને ત્યાં તારા જેવો દીકરો આવે ને, એટલે....'


વિચારમાંથી જાગેલા છોકરાએ વિષાદમઢ્યા ચહેરે બેઠેલી માને ઢંઢોળી : 'મમ્મી, કોના છાપરે ફેંકુ દાંતને ?....'

'રમાબેનના....' અને એટલું બોલી એની મા નીચું જોઈ ગઈ.

(૬૨૫)

ભારતના સંગીત - સાહિત્યનો સુવર્ણકાળ

— વિભુકુમાર શિ. દેસાઈ



વીણા ઉપર સંગીતનાં સ્વરો, સપ્તકોનાં, તથા શ્રુતિઓનાં સ્થાન દર્શાવી આકૃતિ

ઈસુનો સત્તરમો સૈકો એ ભારતીય સંગીત-સાહિત્યની દૃષ્ટિએ સુવર્ણકાળ હતો. એ સૈકામાં ભારતમાં સંગીત ઉપર સૌથી વધુ પુસ્તકો રચાયેલાં છે, જેની સંખ્યા આશરે અગિયાર છે :

૧. રાગવિબોધ (સોમનાથ) ઈ.સ. ૧૬૦૯-૧૦; ૨. સંગીત-દર્પણ (દામોદર-મિશ્ર) ઈ.સ. ૧૬૨૫; ૩. સંગીત-સુધા (ગોવિંદ દીક્ષિત) ૧૬૧૪ થી ૪૦; ૪. હૃદય-કૌતુક (હૃદયનારાયણ) ઈ.સ. ૧૬૬૦; ૫. હૃદય-પ્રકાશ (હૃદયનારાયણ) ઈ.સ. ૧૬૬૦; ૬. ચતુર્દંડ-પ્રકાશિકા (વ્યંકટમખી) ઈ.સ. ૧૬૬૦; ૭. સંગીત-પારિજાત (અહોબલ) સત્તરમા સૈકાનો ઉત્તરાર્ધ; ૮. રાગતત્ત્વાબોધ (શ્રીનિવાસ) ૧૭મા સૈકાનો ઉત્તરાર્ધ; ૯. અનૂપ-સંગીત-વિલાસ; ૧૦. અનૂપ સંગીત રત્નાકર અને ૧૧. અનૂપ સંગીતાંકુશ – ત્રણેના કર્તા ભાવભટ્ટ અને ત્રણેનો સમય ઔરંગઝેબનો.

(૧) રાગવિબોધ : દક્ષિણના કર્ણાટક સંગીત વિષે આ મહત્ત્વનું પુસ્તક ગણાય છે. 'સ્વરમેલ-કલાનિધિ' ગ્રંથના કર્તા રામ અમાત્યની માફક આના કર્તા પંડિત સોમનાથ પણ આંધ્ર પ્રદેશના વતની હતા અને રાજમહેન્દ્રીમાં રહેતા. તેમના પિતાનું નામ મુદ્ગલસુરી અને માતાનું નામ જામ્પામ્બા હતું, અને દાદા પંડિત મેન્ગનાથ પણ એક જાણીતા પંડિત હતા. સોમનાથ પોતે પણ સંસ્કૃત તેમ જ સંગીતશાસ્ત્રના વિદ્વાન હતા, અને તેઓ થોડો સમય બનારસમા રહ્યા હતા તેથી ઉત્તર હિંદના સંગીતની અસર એમના ગ્રંથ 'રાગવિબોધ'માં જણાય છે.

રામ અમાત્યની માફક સોમનાથે પણ (૧) સ્વર, (૨) વીણા, (૩) મેલ, તથા (૪) રાગ – એ ચાર વિષયો ઉપર જ વિવેચન કરેલું છે અને 'સ્વરમેલ-કલાનિધિ'ની તેમના પુસ્તકમાં અસર પડેલી જણાય છે. સોમનાથ ક્યારે થઈ ગયા તે વિષે ચોક્કસ હકીકત ઉપલબ્ધ નથી, પરંતુ એમના પુસ્તકને અંતે જણાવ્યા પ્રમાણે તેમણે શાકે ૧૫૩૧ની આશ્વિન સુદમાં હસ્ત નક્ષત્ર, અગ્નિતિથિ અને સોમવારે (એટલે કે ઈ.સ. ૧૬૦૯ની ૧૮મી સપ્ટેમ્બર ને સોમવારે) એ પૂરું કર્યું હતું. એટલે તે ૧૭મા સૈકાની શરૂઆતમાં થઈ ગયા મનાય.

રામ અમાત્ય તથા પં. સોમનાથના શુદ્ધ સ્વરો અનુક્રમે ૪, ૭, ૯, ૧૩, ૧૭, ૨૦ તથા ૨૨મી શ્રુતિ ઉપર આવેલા છે અને વિકૃત સ્વરો પણ સરખા જ છે; પરંતુ સોમનાથે ચ્યુત **સા**, ચ્યુત **મ**, અને ચ્યુત **પ**ને બદલે મૃદુ **સા**, મૃદુ **મ** એ મૃદુ **પ**નાં નવીન નામો આપેલાં છે તેનું કારણ ઉત્તરના સંગીતની અસર હશે. વળી રામે અમાત્યના 'સ્વરમેલ-કલાનિધિ'માં જણાવ્યા પ્રમાણે પં. સોમનાથ પણ સારંગદેવના બાર વિકૃત સ્વરોને બદલે સાત વિકૃત સ્વરો ગ્રાહ્ય રાખે છે, કારણ કે પેલામાં કેટલાક સ્વરો બેવડાતા હતા. અચ્યુત **સા** અને અચ્યુત **મ** એ બંને સ્વરો અનુક્રમે શુદ્ધ **સા** અને શુદ્ધ **મ** સ્વરોની બરાબર હતા, અને તેવી જ રીતે ચતુઃશ્રુતિ **રી** અને ચતુઃશ્રુતિ **ધ** એ સ્વરો શુદ્ધ **રી** તથા શુદ્ધ **ધ** સ્વરોની બરાબર હતા તથા ચતુશ્રુતિ **ધ** એ વિકૃત **ધ** અગર વિશ્રુતિ **ધ** બરાબર હતા, એટલે 'સંગીત રત્નાકર'ના સમય સુધી જે બાર વિકૃત સ્વરો હતા તેના હવે સોળમા–સત્તરમા સૈકામાં સાત વિકૃત સ્વરો થયા, એ મહત્ત્વની હકીકત ગણાય.

વળી એમણે ગ્રહ, અંશ, ન્યાસ વગેરે સ્વરોનું તેમ જ ગ્રામ, મૂર્છના, તાન, વર્ણ, અલંકારો અને તેના પ્રકારો વિષેનું પણ વર્ણન કર્યું છે, પરંતુ તેમાં ખાસ કોઈ નોંધ કરવા યોગ્ય વિશેષતા જણાતી નથી.

એમણે વીણાની રચના, તેના પ્રકારો તથા તે મેળવવાના તેમ જ વગાડવાના નિયમો પણ દર્શાવ્યા છે. વીણાના પ્રકારો આગળ મુજબ છે.

આમ એમણે વીણાના ચાર પ્રકાર દર્શાવ્યા છે, જ્યારે એમની પહેલાંના રામ અમાત્યે પોતાના 'સ્વરમેલ કલાનિધિ'માં શુદ્ધમેલ તથા મધ્યમેલ વીણાના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે એટલો તફાવત છે. આ વીણાને ચાર તાર લગાડવામાં આવતા હતા. વીણાના તાર ઉપર સ્વરોનો નિર્ણય કરવા વિષે તેમ જ વીણાવાદનને તેમણે ઠીક મહત્ત્વ આપેલું છે.

મેલ તથા રાગ ઉપર તેમણે કરેલા વિવેચનમાં એક, બે, ત્રણ, ચાર અને પાંચ સ્વરોના દરેકના અનુક્રમે કુલ મેલ ૧૫, ૮૯, ૨૬૧,

૩૭૮ અને ૨૧૬ની વિગતો એમણે આપેલી છે, જેની અહીં જરૂર નથી. તેઓ ૨૩ પ્રકારના જે મુખ્ય મેલ:થાટ અને ૭૫ જન્ય રાગો જણાવે છે તેનાં નામ નીચે પ્રમાણે છે : (૧) મુખારી (૨) રેવગુપ્તિ (૩) સામવરાલી (૪) તોડી (૫) નાદરામકી (૬) ભૈરવ (૭) વસંત (૮) વસંતભૈરવી (૯) માલવગૌડ (૧૦) રીતિગૌડ (૧૧) આભીરનાટ (૧૨) હમીર (૧૩) શુદ્ધ વરાટી (૧૪) શુદ્ધ રામકી (૧૫) શ્રી (૧૬) કલ્યાણ (૧૭) કાંબોદી (૧૮) મલ્લારી (૧૯) સામંત (૨૦) કર્નાટ ગૌડ (૨૧) દેશાક્ષી (૨૨) શુદ્ધ નાટ અને (૨૩) સારંગ. આ સર્વ મેલ-થાટમાં કયા કયા સ્વરો આવે તેના શ્લોકો આપેલા છે અને તેને ગાવાનો સમય પણ આપ્યો છે. તેવી જ રીતે ૭૫ જન્ય રાગોમાં કયા સ્વરો તથા કયા ગ્રહ, અંશ, ન્યાસ વગેરે લેવાના ઈત્યાદિ હકીકત આપેલી છે.

વળી, રામ અમાત્ય પઠે પં. સોમનાથે પણ 'રાગ-વિબોધ'માં રાગોના (૧) ઉત્તમ (૨) મધ્ય અને (૩) કનિષ્ઠ-અધમ એવા ત્રણ પ્રકારો દર્શાવ્યા છે, જે વિભાગ બીજા કોઈ ગ્રંથમાં જણાતા નથી. આની વ્યાખ્યા એમણે આ પ્રમાણે આપી છે : જે રાગો આલાપ, આલપ્તિ અને પ્રબન્ધમાં ગાવા યોગ્ય હોય તે ઉત્તમ રાગ કહેવાય; જેમાં આલાપ વગેરે લેવાય તે મધ્ય રાગ, ને જે આલાપ યોગ્ય ન ગણતાં જેમાં સંગીતનો ખૂબ પ્રચાર હોય તે કનિષ્ઠ રાગ કહેવાય. અર્થાત્ આજના ધોરણે ઉત્તમ એટલે ધ્રુપદ, મધ્ય એટલે ખયાલ અને તે સિવાયનું સંગીત કનિષ્ઠ.

આ ઉપરાંત એમણે રાગોનાં ધ્યાન, દેવતા, રાગો ગાવાનો સમય વગેરે દર્શાવ્યાં છે. દા.ત. શંકરાભરણ સૂર્યોદય સમયે, જેતશ્રી તથા તોડી સવારમાં, ગૌડ બપોરે વગેરે. આમાં આજની દૃષ્ટિએ જોતાં જરા તફાવત આવવા સંભવ છે, પરંતુ તેની સરખામણી થઈ શકે. લંબાણભયે અહીં માત્ર બે ચિત્રોના નમૂના લઈ આગળ ચાલીશું.

શંકરાભરણ

गजराजि कमलराजिमलि भसिती रत: सदा नृत्ये ।
सुन्दरगौर: शोणाम्बरधरण: शंकराभरण:॥ १६१ ॥

અર્થાત્ શંકરાભરણ રાગની મૂર્તિ રંગે સફેદ, નૃત્યની શોખીન, ગળામાં કમલફૂલની માળાથી સુશોભિત અને લલાટમાં વિભૂતિ હોઈ શરીર ઉપર તેણે રાતું વસ્ત્ર પહેરેલું છે. હવે તોડી રાગનો બીજો નમૂનો લઈએ :

ललितविपंची विपिने ललितहरिणाऽरुणाम्बरा हरिणी।
धवलाङ्गरागरचना मृदुवचना भूषिता तोडी ॥ १८० ॥

અર્થાત્ તોડી રાગિણીની મૂર્તિ સ્ત્રીની કલ્પી છે. તે લીલા રંગની ને મીઠાં વચનોવાળી છે. તેણે રાતાં વસ્ત્રો ધારણ કરેલાં છે, વનમાં વસનારી છે, વિપંચી વીણાનું તે વાદન કરે છે, હરણને રમાડનારી છે અને ધવલ પુષ્પોની સુગંધીથી પોતાના શરીરને સુગંધિત બનાવે છે.

આવાં કુલ ૫૧ રાગનાં ધ્યાનચિત્રો એમણે આપ્યાં છે. જુદા જુદા સંગીતશાસ્ત્રીઓનાં આવાં ધ્યાનચિત્રોમાં તફાવત માલૂમ પડે છે, તેનાં કારણો સંશોધન અને અભ્યાસનો વિષય છે. (આ વિષે જુઓ લેખકના લેખ 'રાગ ને ચિત્રો' દિવાળી પૂર્તિ-જન્મભૂમિ અંક : તા. ૨૬-૧૦-'૫૪) આમ, આ પુસ્તક સંગીતની દૃષ્ટિએ ઘણી ઉપયોગી માહિતી આપે છે.

(૨) સંગીત-દર્પણ : લક્ષ્મીધરના પુત્ર દામોદર પંડિતે ઈ.સ. ૧૬૨૫ની આસપાસ રચેલું આ પુસ્તક બંગાળમાં વધુ પ્રચલિત છે, અને ફારસીમાં તેનો અનુવાદ થયો છે એ એની વિશિષ્ટતા ગણાય. પરંતુ લેખકે 'સંગીત-રત્નાકર'માંથી સ્વરાધ્યાયની છૂટથી નકલ કરેલી છે, તથા રાગાધ્યાય પણ એક અજાણ્યા ગ્રંથમાંથી ઉતારી લીધો જણાય છે. એમણે પણ રાગોનાં ધ્યાનચિત્રો આપેલાં છે, જેનો ઘણા સંગીતકારો આજ પણ ઉપયોગ કરે છે. તેઓ મુખ્ય ૨૦ રાગો જણાવે છે, પરંતુ તે નામો અન્ય સંગીતકારોનાં નામો કરતાં જરા જુદાં પડે છે; જેમાં મધ્યમ, પાડવ, રક્તહંસ, પ્રભાવ, આમ્ર-પંચમ વગેરે નામો અપરિચિત છે; જ્યારે શ્રી, નટ, ભૈરવ, કામોદ વગેરે થોડાં નામો પરિચિત છે. હનુમાન મત તેમ જ રાગાર્ણવના ધોરણે તેઓ રાગોનું વર્ગીકરણ કરે છે.

(૩) સંગીત-સુધા : કર્ણાટકી સંગીત વિષેનું આ પુસ્તક તાંજોર રાજાના ગોવિંદ દીક્ષિત પંડિતે ઈ.સ. ૧૬૧૪-૪૦માં લખેલું છે.

રાગના તે દસ પ્રકાર પાડે છે : (૧) ગ્રામરાગો (૨) ઉપરાગો (૩) શુદ્ધ રાગો (૪) ભાષા (૫) વિભાષા (૬) અંતરભાષા (૭) રાંગાંગ (૮) ભાષાંગ (૯) ક્રિયાંગ અને (૧૦) ઉપાંગ. આમાં ગ્રામરાગોની સંખ્યા એમણે ૩૦ દર્શાવી છે તથા ૮ ઉપરાગો અને ૨૦ શુદ્ધ રાગો ઉપરાંત અન્ય રાગોની વિગતો આપેલી છે, જે જૂના જાતિરાગો જણાય છે. આ ઉપરથી એમ કહી શકાય કે ઉત્તરના સંગીતમાં જે નવીનતા તથા વિવિધતા આવી હતી તે હજી દક્ષિણમાં દાખલ થઈ ન હતી.

આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે 'સ્વરમેલ-કલાનિધિ'માં ૨૦ મેલ, રાગવિબોધમાં ૨૩ અને ગોવિંદ દીક્ષિત ૭૨ મેલ જણાવે છે. એટલે મેલની સંખ્યામાં ધીરે ધીરે વધારો થતો ગયો એમ કહી શકાય.

(૪) હૃદયકૌતુક અને (૫) હૃદયપ્રકાશ : ઉત્તર હિંદના સંગીતને લગતાં આ પુસ્તકોના કર્તા હૃદયનારાયણ દેવ પોતે ગડાદેશના નરેશ હતા અને ઈ.સ. ૧૬૬૦માં થઈ ગયા એમ પુસ્તકના છેડે લખ્યું છે. આ પુસ્તકમાં સ્વરપ્રકરણ 'રાગતરંગિણી'માંથી અક્ષરશઃ લીધેલું છે.

વળી આ લેખક 'રાગતરંગિણી' પ્રમાણે થાટ પણ ૧૨ જણાવે છે, પરંતુ તેમાં એમણે 'હૃદયરામ' નામનો પોતાનો એક

નવીન થાટ રાગ દાખલ કર્યો છે. રાગની વ્યાખ્યાનો પ્રકાર બદલી તેમાં નવીનતા આણી છે અને રાગમાં આવતા સ્વરો તેના વર્જ્યાવર્જ્ય સાથે આપેલાં છે, જેને આજે આપણે લક્ષણગીતો કહી શકીએ. આ પૈકી એક દાખલો લઈએ તો 'હમીર' રાગની વ્યાખ્યા તેમણે આમ આપી છે :

'गमौ पनीधनी सोहि: सनिसा रिगमा: पदौ।
मपो सरी सनिधप मपी गम-गमा रिसौ।
हिमीर रागराजन्य: संपूर्ण: कथितो बुधै:॥'

એટલે અત્રે હમીર રાગના ફક્ત સ્વરો જ દર્શાવ્યા છે, અને આ રાગ ગાવામાં આ સ્વરોનો પ્રયોગ કરવાનો એમ ઠરે છે.

આ 'હૃદયકૌતુક' પુસ્તક કરતાં એમનું 'હૃદયપ્રકાશ' વધુ ઉપયોગી ગ્રંથ છે, કારણ કે શુદ્ધ અને વિકૃત સ્વરો વીણાના તાર ઉપર કઈ જગ્યાએ આવે તે એમાં નક્કી કરેલું છે. આના એક બે દાખલા લઈએ :

ध्वन्यवच्छिन्नवीणायां मध्ये तारकसंस्थिति:।
त्र्यंशिनस्याद्यमागंते मध्यस्थ च पंचमम्॥

વીણાના તારના મધ્ય ભાગે તાર **સા** આવે ને આખા તારના જો ત્રણ સરખા ભાગ પાડીએ તો મધ્યમ સમકનો **પ** પહેલા ભાગને અંતે આવે.

આમ **સા** અને **પ**નાં સ્થાન નક્કી થયાં. હવે શુદ્ધ **ગ** તથા શુદ્ધ **મ** અને શુદ્ધ **રી**નાં સ્થાન વિષે નીચેનો શ્લોક આપેલો છે :

मध्यमं षड्जयोर्गतु सपयोर्मध्यमानयेत्।
त्र्यंशितस्य तयोमध्यस्याद्यांशान्ते तथार्षमम्॥

બે ષડજની બરાબર વચ્ચે શુદ્ધ **મ** આવે, **સા** અને **પ**ની બરાબર મધ્યમાં શુદ્ધ **ગ** આવે, અને **સા** તથા **પ**ના અંતરના જો ત્રણ સરખા વિભાગ કરવામાં આવે તો શુદ્ધ **રી** પહેલા વિભાગને અંતે આવે.

આવી રીતે બધા શુદ્ધ અને વિકૃત સ્વરોનાં સ્થાન તેમણે નિર્ણીત કર્યાં છે. એ નિર્ણય તારની લંબાઈ લંબાઈ ૩૬ ઇંચ માનીને તેમણે કર્યો છે.

સ્વરોની લંબાઈ તથા તેનાં આંદોલનો તે નીચે પ્રમાણે જણાવે છે :

સ્વરો	સા	રી	ગ	મ	પ	ધ	નિ	સા
તારની લંબાઈ	૩૬	૩૨	૩૦	૨૭	૨૪	૨૧$\frac{1}{2}$	૨૦	૧૮
આંદોલનો	૨૪૦	૨૭૦૨૪૮,	૩૨૦,	૩૬૦,	૪૦૫,	૪૩૨,	૪૮૦	

સ્વરપ્રકરણ આખું તેમણે 'રાગતરંગિણી'માંથી લીધેલું હોઈ આ તથા 'રાગતરંગિણી'ના સ્વરો સરખા ગણાય. વાદી, સમવાદી, અનુવાદી વિવાદી, વગેરે સ્વરોના ધોરણમાં પણ કાંઈ ફેર એમણે નથી કર્યો.

(૬) ચતુર્દંડપ્રકાશિકા : પંડિત વ્યંકટમખીનું આ પુસ્તક 'રાગવિબોધ' લખાયા પછી ઈ.સ. ૧૬૬૦ની આજુબાજુ લખાયું લાગે છે. દક્ષિણ સંગીતને લગતા આ પુસ્તકના લેખક સમર્થ વિદ્વાન હતા, ને હજુ પણ દક્ષિણમાં પ્રમાણભૂત મનાય છે. એમનું મહત્ત્વનું કાર્ય એ છે કે, એમણે સંગીતના ૧૨ સ્વરોના કુલ ૭૨ મેલ નક્કી કર્યા, અને તેથી વધુ ન જ થઈ શકે એવો આગ્રહ રાખ્યો એમાં એ જરા દુરાગ્રહી અને અભિમાની પણ લાગે. 'સ્વરમેલકલનિધિ'ના પુસ્તક ઉપર તેઓ એવી તો સખ્ત ટીકા કરે છે કે તેમના જેવા પંડિતને ન શોભે. પરંતુ તે વિષે કાંઈ ન કહેતાં આપણા વિષય ઉપર આવીએ.

એમના આ ૭૨ ઠાઠના વર્ગીકરણને લીધે દક્ષિણ તેમ જ ઉત્તરના રાગોના વર્ગીકરણમાં ઘણી સહાય મળી અને ઉત્તરના રાગોમાં પણ આ પ્રથા દાખલ થઈ, એટલે તેમાં વ્યવસ્થા આવી અને એક પદ્ધતિ નક્કી થઈ. આ ધોરણે એમણે જોકે ૭૨ ઠાઠ નક્કી કર્યા હતા, પરંતુ છેવટે તો તેમણે ૧૯ મેલ જ પસંદ કર્યા હતા.

ઉત્તર હિંદના સંગીતમાં પણ આ જ પ્રથા પં. ભાતખંડેએ દાખલ કરી છે અને આ ૧૯માંથી ફક્ત ૧૦ જ મેલ-ઠાઠ એમણે નક્કી કર્યા છે. હવે આ ઠાઠ-પદ્ધતિને લીધે દક્ષિણના શાસ્ત્રીય ગ્રંથો આપણને અભ્યાસ કરવામાં ઉપયોગી થઈ પડે તેમ છે, કેમ કે મુખ્ય ૧૨ સ્વરો અને ઠાઠની રચનાના સિદ્ધાંતો તો બધે એકસરખા છે :

પં. ભાતખંડેએ પોતાના ૧૦ ઠાઠોનો આ રીતે મેળ બેસાડ્યો છે :

	ઉત્તરના	**દક્ષિણના**
૧.	યમન	શાન્તકલ્યાણ
૨.	બિલાવલ	ધીર શંકરાભરણ
૩.	ખમાચ	હરિકેદારગૌળ
૪.	ભૈરવ	માયામાલવ ગૌળ
૫.	પૂર્વી	કાશીરામ ક્રિયા
૬.	મારવા	ગમન ક્રિયા
૭.	કાફી	શ્રીરાગ
૮.	આસાવરી	નારીરી તિગૌળ
૯.	ભૈરવી	જનીતોડી.
૧૦.	તોડી	શૈવ પંતુવરાળી

(૭) સંગીત-પારિજાત : અહોબલ નામના સંગીતશાસ્ત્રીએ સત્તરમા સૈકાના ઉત્તરાર્ધમાં લખેલું આ પુસ્તક હવે છપાયું છે ને મળી શકે છે. તેમાં જે ટીકાઓ લખાઈ છે તે ઉપરથી તે સમયના સંગીતની સારી ઝાંખી થઈ શકે છે. આ પુસ્તકનું મહત્ત્વ તો એટલે સુધી છે કે પંડિત દીનાનાથે તેનો ફારસી અનુવાદ પણ ઈ.સ. ૧૭૨૪માં કર્યો હતો.

ઉત્તર હિંદના સંગીતને લગતો આ ગ્રંથ સંગીતના ઇતિહાસમાં એક સીમાચિહ્ન મનાય છે. એમાં સ્વરો, શ્રુતિઓ અને રાગ વિષે ઝીણવટભર્યું વિવેચન કરેલું છે. આપણે આગળ 'હૃદયપ્રકાશ'માં જોઈ ગયા તેમ અહોબલ પંડિત પણ સ્વરોનો નિર્ણય વીણાના

તારના આધારે કરે છે, અને એ બંને પંડિતો સમકાલીન હતા એટલે કોણે કોનામાંથી લીધું અને વીણાના તારના ધોરણે સ્વરનિર્ણય કરવાનું માન પ્રથમ કોને મળે તે વિષે જરા શંકા પડે છે. પરંતુ આ બંને પંડિતોએ સ્વરનિર્ણયની પદ્ધતિ જે દાખલ કરી તે હકીકત જ ઘણી મહત્ત્વની ગણાય. પં. ભાતખંડેએ જણાવ્યું છે તેમ હૃદયનારાયણના અને અહોબલના સ્વરો લગભગ સરખા જ છે. ફક્ત તીવ્ર ગને તીવ્ર નિ ને બદલે હૃદયનારાયણ તીવ્રતર ગ અને તીવ્રતર નિ શબ્દો વાપરે છે. આ પુસ્તકનો શુદ્ધ મેલ એ હાલના કાફી રાગનો મેલ છે, એટલે વેદકાળથી તે ચાલતો આવેલો છે. આ પુસ્તક છપાયેલું હોઈ વિશેષ વિવેચન ન કરતાં તેમાં આપેલાં કેટલાંક પ્રકરણોની જ નોંધ લઈએ : (૧) ઉદ્દેશપ્રકરણ (૨) સ્વરપ્રકરણ (૩) ગ્રામ-લક્ષણ (૪) મૂર્છના (૫) વર્ણલક્ષણ (૬) જાતિપ્રકરણ (૭) સમયનિરૂપણ, જેમાં સ્વરોની વીણાના તાર ઉપર નિર્ણય કરવાની હકીકત આપેલી છે અને (૮) રાગપ્રકરણ જેમાં ૧૨૫ રાગોનાં લક્ષણો, ગાવાનો સમય વગેરે આપેલાં છે, તે ઘણાં ઉપયોગી છે. પણ આ સર્વમાં 'સ્વર'નું પ્રકરણ મહત્ત્વનું છે. એમાં હૃદયનારાયણની માફક અહોબલે પણ રીતસર શ્લોકો આપી સ્વરોનો નિર્ણય કરેલો છે.

(૮) રામતત્ત્વવિબોધ : શ્રીનિવાસ પંડિતે આશરે સત્તરમા સૈકાના ઉત્તરાર્ધમાં લખેલા આ ગ્રંથની પોથી વડોદરા સંસ્કૃત લાઈબ્રેરીમાં છે અને તેનું સંશોધન થઈ છપાવવાની તજવીજ ચાલે છે. અત્રે તો ફક્ત ટૂંકમાં જ નોંધ લઈએ. આ પુસ્તકમાં ધ્વનિ, શ્રુતિ તથા જાતિ, સ્વરો (શુદ્ધ તથા વિકૃત - વાદી, સમવાદી, અનુવાદી વગેરે) તેમ જ ગ્રામ, મૂર્છના, ગમક, મેલ અને રાગ, મેલ તથા રાગ વચ્ચેનો તફાવત, ગીતના ધ્રુપદ પ્રમાણે ચાર વિભાગ (ઉદ્ગ્રાહ, સ્થાયી, સંચારી તથા મુક્તાયી તથા ઘોતક) આ સર્વ વિષે સવિસ્તર હકીકત આપી છે.

'સંગીત-પારિજાત'ના ધોરણે પંડિત શ્રીનિવાસ પણ વીણાના તાર ઉપર સ્વરોનો નિર્ણય કરે છે, એટલે સ્વરોની ચોકસાઈ વિશેષ થઈ શકે છે. આ રીતે સ્વરોનો નિર્ણય હૃદયનારાયણના સમયથી વીણાના તાર ઉપર થતો આવતો જોવામાં આવે છે, અને હૃદયે 'રાગ-તરંગિણી'માંથી સ્વરપ્રકરણ લીધેલું છે, એટલે આ નિર્ણય છેક લોચન કવિના સમયથી ચાલતો આવે છે એમ કહી શકાય. તે પહેલાંની હકીકતનું સંશોધન થવું હજી બાકી છે. પં. શ્રીનિવાસે પોતાના આ પુસ્તકમાં મેલ તથા રાગ વિષે જ વધુ વિવેચન કરેલું છે, એટલે હવે તેમના મેલ તથા રાગ વિષે થોડી વિગત સમજી લઈએ :

મેલઃ સ્વરસમૂહઃ સ્યાદાગવ્યંજનશક્તિમાન્।
શિલષ્ટોચ્ચારણમેવાત્ર સમુદાયઃ પ્રકીર્તિતઃ॥

મેલ એટલે સ્વરોનો સમૂહ, જે રાગ ઉત્પન્ન કરી શકે. એટલે મેલને હાલના થાટ સાથે સરખાવી શકાય. મેલના ત્રણ વિભાગો આપેલા છે : સંપૂર્ણ, ષાડવ અને ઓડવ, અને તેની સંખ્યા પણ દર્શાવી છે : સંપૂર્ણ મેલ ૧ પ્રકારનો, ષાડવ છ પ્રકારના અને ઓડવના ૧૫ પ્રકાર દર્શાવ્યા છે. કુલ ૩૧ પ્રકારના મેલોનું વર્ણન કરેલું છે. વ્યવધાન વિકૃત મેલના ૧૫ પ્રકાર દર્શાવ્યા છે, અને ૧૦૧ રાગોનું વિગતવાર વર્ણન કરેલું છે. મેલનાં નામો આપેલાં નથી.

પણ પં. શ્રીનિવાસે પોતાનો રાગઅધ્યાય અક્ષરશઃ 'સંગીત-પારિજાત'માંથી જ લીધેલો કોઈ છે, એટલે આ પુસ્તકનું મહત્ત્વ ખાસ રહેતું નથી.

છેલ્લાં ત્રણ પુસ્તકોના કર્તા પંડિત ભાવભટ ઔરંગઝેબના સમયમાં બિકાનેરના રાજા અનૂપસિંહના દરબારમાં આશ્રિત હતા, તેમના પિતાનું નામ જનાર્દન ભટ્ટ હતું, જે શાહજહાંના દરબારમાં આશ્રિત હતા. કદાચ ઔરંગઝેબનો સમય સંગીતને અનુકૂળ ન હોવાથી પં. ભાવભટ ત્યાંથી બિકાનેર ગયા હોય એવો સંભવ ખરો.

ભાવભટ એવા તો વિદ્વાન સંગીતશાસ્ત્રી હતા કે બિકાનેરનરેશ અનૂપસિંહે (ઈ.સ. ૧૬૭૪થી ૧૭૦૯) તેમને 'અ નુષ્ટુપ-ચક્રવર્તી સંગીતરાય'નો ઇલકાબ આપ્યો હતો. પરંતુ તેમણે પણ સ્વાધ્યાય તેમ જ ગ્રામ, મૂર્છના, જાતિ, વર્ણ, અલંકાર, તાનો વગેરેની હકીકતો 'સંગીત રત્નાકર'માંથી જ લીધેલી છે. તેમણે શ્રુતિ ૨૨ જણાવી છે અને તેના બે નવીન પ્રકાર (૧) ગાત્રજ તથા (૨) યંત્રજ દર્શાવ્યા છે.

ભાવભટે પોતાની પદ્ધતિના આધારરૂપ જે શુદ્ધ મેલ લીધો છે તે મુખારી મેલ છે, અને મેલના કુલ ૨૦ પ્રકાર દર્શાવ્યા છે : (૧) તોડી (૨) ગૌડ (૩) વરાટી (૪) કેદાર (૫) શુદ્ધ નાટ (૬) માલવ-કૌશિક (૭) શ્રી (૮) હમીર (૯) અહિરી (૧૦) કલ્યાણ (૧૧) દેશાક્ષી (૧૨) દેશકાર (૧૩) સારંગ (૧૪) કર્ણાટ (૧૫) કામોદ (૧૬) હિઝાજ (૧૭) નારદામકી (૧૮) હિંડોલ (૧૯) મુખારી (૨૦) સોમ.

આ રાગોનાં જે લક્ષણો આપેલાં છે તે આજ પણ ઘણાં ઉપયોગી થાય તેવાં છે, એટલે આ પુસ્તકનું મહત્ત્વ વધી જાય છે. વળી ૨૩૪ રાગો તથા ઉપાંગ રાગો - બિલાવલ, કેદાર, ગૌરી, પુરીઆ વગેરે તેમ જ કાનડાના પ્રકારો - દરબારી, નાયિક, અડાના, સહાના વગેરેના તેમણે આપેલા વર્ણનથી તે સમયના ઉત્તર હિંદના સંગીત ઉપર ઠીક પ્રકાશ પડે છે. ઉપરાંત એના ૧૬ જાતના નટ, ૧૪ જાતના કર્ણાટ તથા વેલાવલીના ૧૬ પ્રકાર, તોડીના ૯ પ્રકાર અને ૩૭ ગ્રામ રાગની હકીક્ત આપેલી છે. ભાવભટનાં આ ત્રણે પુસ્તકો છાપાયાં છે.

આમ, ૧૭મા સૈકાના સંગીતની સમાલોચના કરતાં જણાય છે કે આ સૈકામાં પુસ્તકો સૌથી વિશેષ પ્રસિદ્ધ થયાં છે અને વીણાના તાર પર સ્વરોનાં સ્થાનનો શાસ્ત્રીય નિર્ણય થયો છે. (૩૮૩)

સંસ્કૃતિઓની માતામહી જ્યારે માનવતાને પારણે ઝુલાવી આર્યત્વના અમૃતે પોષતી તે

ઋગ્વેદીય સમયનું જીવન

– ડોલરરાય રંગીલદાસ માંકડ–

ભૂસ્તરશાસ્ત્રીઓ કહે છે કે આપણી આ આજની પૃથ્વીએ ભૂતકાળમાં ઘણાં જુદાં જુદાં સ્વરૂપો ધારણ કર્યાં છે. ઋગ્વેદના અભ્યાસકોને ઋગ્વેદમાં એવા પુરાવા લાગે છે કે આપણા પુરાણા ઋષિઓ, આર્યદ્રષ્ટાઓ જ્યારે સપ્તસિંધુમાં રહેતા ત્યારે હિંદુસ્તાની ભૌગોલિક પરિસ્થિતિ આજે છે તેના કરતાં જુદી જ હતી. ઋગ્વેદમાં, સરસ્વતી નદી સમુદ્રમાં પોતાનાં પાણી ઠાલવતી એવો ઉલ્લેખ છે. આજે તો એવું કંઈ નથી, છતાં ભૂસ્તરશાસ્ત્રીઓએ એવું સિદ્ધ કર્યું છે કે આજે જેને આપણે રાજપૂતાના કહીએ છીએ તે એક વખતે જમીન હતી જ નહિ, પણ તેની તથા સિંધના તદ્દન નીચેના ભાગની જગ્યાએ સમુદ્રનો એક હસ્ત લંબાયો હતો. આ સમુદ્રને તેઓ રાજપૂતાના સમદ્રને નામે આલેખે છે. ત્યારે સરસ્વતી નદી આ રાજપૂતાના સમુદ્રને મળતી. આ સમય આજથી લગભગ ૨૫,૦૦૦ વર્ષ પહેલાંનો ગણાય છે.

આ કાળના ઋગ્વેદીય ઋષિઓ સપ્તસિંધુમાં જ રહેતા. ગંગા નદી સુધી તો હજી તેઓ પહોંચતા હતા. આ સપ્તસિંધુમાં આજનો પંજાબ તથા થોડોક સિંધનો ને થોડોક બલૂચિસ્તાનનો ભાગ, એટલાનો સમાવેશ થતો.

આમ સૃષ્ટિના આરંભકાળે મનુજવંશના પારણા જેવા એ દેશમાં વસતા લોકો કેવા હતા, તેમની સંસ્કૃતિ કેવી હતી ?

આ લોકો વણે ભાગે છૂટા છૂટા ગોઠમાં રહેતા; અને છતાં ક્યાંક ક્યાંક કિલ્લેબંધી ગામો પણ હતાં ખરાં. સિંધમાં તો હજી આજે પણ દસેક ઘરનું એક નાનું ગામ હોય તેને ગોઠ કહેવાય છે. આ ગોઠનું મૂળ સંસ્કૃત રૂપ ગોષ્ઠ. તેનો અર્થ 'જ્યાં ગાયને રાખવામાં આવે તે જગ્યા.' આવા ગોઠો કોઈ વાર એક જગ્યાએ પડાવ નાખતા તો કોઈ વાર બીજી જગ્યાએ. તે વખતે ગાય તો લોકધન કહેવાતું. જેની પાસે વધુ ગાય હોય તે વધુ પૈસાદાર ગણાય. પણ દરેક કુટુંબની પાસે જેટલી ગાય તે બધીને સાચવવાને દરેક કુટુંબને જુદા વાડા નહોતા, તેથી ઘણે ભાગે કેટલાંક કુટુંબ સાથે મળીને અમુક એક વાડામાં પોતાની ગાયોને બાંધતા ને સાથે રાખતા. આ વાડાને ગોત્ર કહેતા અને જે જે કુટુંબો એક જ વાડાનાં હતાં (એટલે કે જેમની ગાયો એક જ ગોત્રમાં રખાતી) તેઓ એક જ ગોત્રના કહેવાતા. સામાન્ય રીતે એક જ ગોત્રમાં ગાયો રાખનાર નજીકનાં સગપણવાળાં હશે તેથી પછીના કાળમાં એક જ ગોત્રમાં લગ્નની મનાઈ કરવામાં આવી છે. પણ આવાં ગોત્રમાં રહેતી બધી ગાયો તેમ જ બીજાં જુદાં જુદાં ગોત્રમાં રહેતી બધી ગાયોને ચારવાને માટે વળી જુદી જગ્યા રાખવી પડતી. ચરવાની એક મોટી જગ્યા હોય તેમાં ચાર-પાંચ ગોત્રની ગાયો એકઠી થઈને ચરે. આવી જગ્યાને ગોષ્ઠ કહેતા અને જેટલાં ગોત્રોની ગાયો એક જ ગોષ્ઠમાં ચરતી તે બધાં ગાત્રોની એક એક ગોષ્ઠી બનતી. આવી કેટલીક ગોષ્ઠીઓ મળીને એક ગામ બનતું. સામાન્ય રીતે તો આ ગોષ્ઠીઓનું કામ ગોપાલન અને ગોવર્ધનનું હતું; તેથી એક જગ્યાએ સ્થાયી થઈને તેઓ ન રહેતા, પણ જુદે જુદે સ્થળે વસતા. પરંતુ પછીના કાળમાં જ્યારે સમાજ ગોપપ્રધાન મટી કૃષિપ્રધાન બન્યો ત્યારે આવાં એકત્ર વસતાં કુટુંબોનાં ગોઠો અને ગ્રામો બન્યાં. આ સ્થાયી વસવાટના કાળ પછી, ઋગ્વેદમાં કેટલીક વાર ઉલ્લેખાયાં છે તે કિલ્લેબંધીવાળાં ગામો અસ્તિત્વમાં આવ્યાં હશે. ઋગ્વેદની રચનાનો જેને આપણે મધ્યયુગ કહીએ તે કાળે તો આવાં સ્થાયી ગ્રામો હયાતીમાં હતાં જ. સમાજ કૃષિપ્રધાન હતો છતાં પ્રગતિશીલ હતો. તેથી તે કાળની સંસ્કૃતિ પ્રાથમિક યુગની દૃષ્ટિએ આશ્ચર્ય પમાડે તેવી હતી.



આ કાળના લોકોને લડાઈ જાણીતી નહોતી એમ નથી. તેઓ લડતા, પણ તેમનાં હથિયારો જુદા જુદા યુગનાં ભિન્ન ભિન્ન હતાં. પથ્થરનાં હથિયારોનો ઉલ્લેખ ઋગ્વેદમાં મળે છે. હાડકાંનાં

હથિયારો વપરાતાં એમ ઈન્દ્રનું વજ્ર (જે દધિચિનાં હાડકાંનું બન્યું હતું એમ નોંધ છે એ પુરવાર કરે છે. પછીના કાળમાં જાણીતાં લોઢાનાં હથિયારો પણ પ્રચારમાં હતાં. આ લોકોમાં રાજા હતો. એટલું જ નહિ પણ આ રાજા કૌટિલ્યના વિજીગીષુની પેઠે વિજય કરવા પણ નીકળતો. છતાં એવા દાખલા ઓછા બનતા. આર્યો આર્યોમાં પણ લડાઈ થતી ખરી, અને મહાભારતની આગાહી કરતો હોય તેવો દાશરાદી વિગ્રહ ઋગ્વેદના ઐતિહાસિક પ્રસંગોમાંનો એક ચોક્કસ પ્રસંગ છે. આમાં સુદાસ વગેરે દસ રાજાઓને માંહોમાંહે જબ્બર વિગ્રહ થયો હતો. રાજગાદી આનુવંશિક હતી, છતાં કેટલીક જગ્યાએ પ્રાંતિક સમિતિઓના મતથી રાજા ચૂંટાતો.

સામાન્ય રીતે સમાજમાં વર્ણો નહોતા. બ્રાહ્મણ અને ક્ષત્રિયના ઉલ્લેખ ઋગ્વેદમાં બહુ જ વિરલ છે. અને એક બ્રાહ્મણ લડાયક બની ક્ષાત્રધર્મ પ્રમાણે રહે તથા એક ક્ષત્રિય વનવાસ કરી બ્રાહ્મણધર્મ પ્રમાણે રહે તો કંઈ નવાઈની વાત નહોતી. કેટલાયે ક્ષત્રિયો ઋગ્વેદના મંત્રદ્રષ્ટાઓ છે. વળી ક્ષત્રિય-બ્રાહ્મણનાં આંતર્લગ્નો પણ થતાં. છતાં ઋગ્વેદીય યુગના અંતકાળે આ વર્ણો જુદા પડતા હતા. બ્રાહ્મણોનું - એટલે જે લોકો બ્રાહ્મણનાં કામ કરતા તેમનું સ્થાન સમાજમાં ઊંચું હતું.

એક વાત આ સ્થળે આપણે ન ભૂલવી જોઈએ કે ઋગ્વેદ યુગ એટલે કંઈ સો-બસો વર્ષની વાત નથી પણ હજાર કે બે હજાર કે તેથી પણ વધારે વર્ષોની. ઋગ્વેદનાં સૂકતો રચાતાં લાગ્યાં હોય; આથી ઋગ્વેદમાં તદન પ્રાથમિક યુગથી માંડીને ઠીક ઠીક સંસ્કૃત થયેલ યુગ સુધીના ઉલ્લેખો આવે છે. એટલે આપણી દૃષ્ટિ ચોક્કસ નહિ, પણ અસ્પષ્ટ રહેવાની... છતાં એ લાંબા સમયમાં શું શું હતું તે બને તો નક્કી સમજવાની બધાની ફરજ છે, એટલે આ લેખમાં 'એ કાળ' એવો જ્યાં ઉલ્લેખ હોય ત્યાં આ લાંબો કાળ સમજવાનો છે.

સમાજમાં યજ્ઞયાગ ખૂબ થતા, કર્મકાંડ પણ ખૂબ પ્રચારમાં હતો. વહેમ તે કાળના લોકોમાં હતો. તેઓ મંત્રોમાં માનતા. પણ સાથે જ પ્રકૃતિનાં તત્ત્વોને તેઓ દેવ તરીકે ગણી પૂજતા. અદ્વૈત બ્રહ્મનું તત્ત્વજ્ઞાન તો આ વખતે જન્મ પણ નહોતું પામ્યું. કાવ્યસર્જકો અને વિચારકોનાં મન સ્વતંત્ર હતાં, તેમની કલ્પનાનાં ઉડ્ડયનો અપ્રતિમ હતાં, તેથી તો આ કાળને અંતે 'પુરુષસૂક્ત' વગેરે બેત્રણ સુંદર સૂકતો રચાયેલાં દેખાય છે.

લોકોને પોતાનાં ચારિત્ર્ય માટે નૈતિક ભય રહેતો, અને એમ લાગે છે કે સાધારણ રીતે લોકો સીધે માર્ગે જ ચાલ્યા જતા. છતાં આપણે જેને નીચી ભૂમિકાનાં ગણીએ એવાં, શત્રુનો પરાજય થાય, પોતાના પુત્રો વીર બને, પોતાનાં ઢોરઢાંખરની સંપત્તિ વધે, વગેરે - પાર્થિવ સુખોની પ્રાર્થના ઠેર ઠેર મળે છે.

લોકોનાં જીવન સરળ હતાં, જીવનની જરૂરિયાતો બહુ ઓછી હતી. એટલે કૃત્રિમતા પણ ઓછી હતી. જીવનમાં તાજગી ભરી હોય એવો તે યુગ હતો. સ્ત્રીપુરુષોને સમાજમાં સરખું જ સ્થાન હતું. યજ્ઞમાં પત્ની પતિ સાથે ભાગ લઈ શકતી. સમાન મનથી ઉષઃકાળે યોગ્ય શબ્દો વડે, બંને દેવોને આરાધતાં. સભામાં સ્ત્રીપુરુષો સાથે મળીને જતાં એવા ઉલ્લેખો મળે છે. હરવાફરવામાં પણ કોઈ ટેકરીના ઢોળાવ ઉપર કે કોઈ લીલોતરીથી છવાઈ રહેલ વનપ્રદેશમાં પ્રેમીઓ સાથે મળી ખૂબ આનંદ લૂંટતાં. વળી ઋગ્વેદનાં કેટલાંક સૂકતો સ્ત્રીઓએ પણ બનાવ્યાં છે. સ્ત્રીનું સ્થાન ઋગ્વેદના કાળમાં ઊંચું હતું એમાં શંકા નથી.

અને યુવાનો સ્વાતંત્ર્ય અને બળના પૂજારી હતા. રમતગમતના મેળાવડાઓમાં યુવાનો અને યુવતીઓ ખૂબ ભાગ લેતાં. છૂટાં જીવન, કૃત્રિમ વાતાવરણનો અભાવ અને નિત્ય જીવનમાં અભય વધારવાની જરૂરને લીધે યુવાનો તે કાળે સ્વાશ્રયી અને બલશાળી બનતા. તેમાંથી કેટલાક પોતાની અપૂર્વ મેધાના ચમત્કારથી ઋષિ તરીકે પણ ઉત્તમ સ્થાન મેળવતા, જ્યારે બીજાઓ સામાન્ય વ્યવહારમાં કુશળ બનતા.

લગ્નમાં લોકો બહુધા એકપત્નીત્વ પાળતા, પણ લડાયક વર્ગોમાં બહુપત્નીત્વનો પ્રચાર પણ સારી પેઠે હશે એમ લાગે છે. બ્રાહ્મણોમાં પણ બહુપત્નીત્વ હોવાના દાખલા મળે છે. બહુપતિત્વના રિવાજથી એ સમાજ અજાણ નહોતો; પણ એનાં દૃષ્ટાંતો અમુક જાતિઓમાં જ મળતાં. સામાજિક ઉત્સવો અને એવા બીજા પ્રસંગોએ યુવકયુવતીઓ મળતાં અને આવા પ્રસંગે થયેલી ઓળખાણ જો લાંબી ચાલતી તો લગ્ન માટે પિતાની અથવા તેની ગેરહાજરીમાં જયેષ્ઠ ભ્રાતાની સંમતિ લેવી પડતી. અરસપરસ દ્રવ્ય વગેરે આપવામાં આવતું. વિધવાના પુનરુદ્વાહનો ચાલ તે કાળે હતો. લોકો જુદા જુદા ધંધા કરતા. કઠિયારો લાકડાં કાપવાનું તેમ જ સુતારનું કામ કરતો. મોચી ચામડું ભેગું કરી, મશક, ધનુષની દોરી વગેરે બનાવતો. લુહાર ને કુંભાર પણ હતા. સ્ત્રીઓ સાદડીઓ ભરવાનું, વણવાનું ને ગૂંથવાનું જાણતી. લૂગડાં વણવાની કળામાં તે કાળના લોકોએ ઠીક પ્રાવીણ્ય મેળવ્યું હતું. કારીગરો હથિયારો બનાવવામાં કુશળ હતા. રથ વગેરે વાહનો પણ બનતાં.

વહાણવટામાં તો તે કાળના લોકો સારી પેઠે આગળ વધેલા હતા. તેમનું વહાણવટું માત્ર સિંધુ નદીમાં જ મર્યાદિત નહોતું, પણ સમુદ્રની સફરે પણ તેઓ જતા એમ હવે તો પુરવાર થઈ ગયું છે. ત્રણ દિવસ સુધી ભુજ્યુને દરિયામાં મુસાફરી કરવી પડી હતી તે કોઈ નદીમાં ન હોય. વળી ભુજ્યુની નૌકાને સો હલેસાં હતાં એવો ઉલ્લેખ છે તે ઉપરથી નૌકારચનામાં પણ તેઓએ સારી પેઠે પ્રગતિ કરી હશે એમ સિદ્ધ થાય છે.

જુદી જુદી કળાઓમાં સંગીતકળાનો વિકાસ તે વખતે ઠીક ઠીક થયો હશે એમ કહી શકાય. સામવેદમાં મળતી ખૂબ વિકસેલી સંગીતપદ્ધતિ ઋગ્વેદના કાળથી પ્રચાર પામવા માંડી હશે. નૃત્યકળામાં પણ તે લોકો પ્રાથમિક ભૂમિકા છોડીને આગળ વધ્યા હશે. યુવકયુવતીઓનાં મિશ્ર નૃત્યોના ઉલ્લેખો પણ મળે છે. નાટ્યના ઉલ્લેખ નથી. લખવાની કળા જાણીતી હશે, તો પણ બહુ જ પ્રાથમિક દશામાં હોવાનો સંભવ છે. વૈદકમાં વિકાસ થતો હતો. ખગોળવિદ્યામાં કેટલાક ગ્રહોને તેઓ પારખી શક્યા હતા. ચાંદ્ર અને સૌર્ય બંને વર્ષો તેઓ જાણતા. પણ એક કળા જે ચિરકાળથી વિકાસ પામતી હતી, તે કાવ્યકલા. ઋગ્વેદના ઋષિઓની કાવ્યશક્તિનું આજે પણ જગતભરમાં માથું ઊંચું છે.

આવાં સુખી જીવનમાં પણ દુઃખના ધાબાં હતાં. ત્યારે ચોર-લૂંટારા હતા; લુચ્ચાલફંગા પણ હતા. અરક્ષિત કન્યાઓ ઉપરના જુલમો અને પરિણીત સ્ત્રીનાં નીતિશૈથિલ્ય વિશે અહીંતહીં ઉલ્લેખો મળે છે ખરા. તે કાળે પણ સ્ત્રીને ચંચળ, અવિશ્વસનીય અને નિર્ણયહીન ગણવામાં આવતી. કુમારિકા પુત્રનો એકાદ ઉલ્લેખ પણ મળે છે. પાપીચારી સ્ત્રીઓ પોતાનાં પાપકર્મોનાં ફળને સંતાડવાનો અપરાધ કરતી; એ વારાંગનાઓ પણ તે વખતે નહોતી એમ નથી લાગતું. વળી જુગાર રમવાની ટેવ પણ ઠીક ઠીક પ્રચારમાં હશે એમ અનુમાન થાય છે. મદ્ય નહીં પણ મદ ચડે એવાં પીણાંનો પ્રચાર તો બહુ વ્યાપક હતો. દરેક યજ્ઞ વખતે સોમપાન આવશ્યક ગણાતું અને એક સૂક્તમાં તો સોમપાને મત્ત બનેલા ઇન્દ્રની સ્થિતિનું વર્ણન કરીને તે ઋષિએ, આવાં પીણાંથી ભાન ભૂલી જતા બ્રાહ્મણો ઉપર ઠીક કટાક્ષ કર્યો છે. (૧૦૦)

ડોલરરાય રંગીલદાસ માંકડ

વિદ્વાન ભાષાશાસ્ત્રી, સંશોધક અને ચિંતનશીલ વિવેચક શ્રી ડોલરરાય રંગીલદાસ માંકડ.

કચ્છ વાગડમાં જંગી ગામે આવેલા મોસાળમાં ઇ. ૧૯૨૦માં મૂળ (સૌરાષ્ટ્ર)ના વડનગર નાગર કુટુંબમાં જન્મેલા. રાજકોટ, જૂનાગઢ ને કરાચીની દયારામ જેઠમલ સિંધ કૉલેજમાં અભ્યાસ કરી ગુજરાતી અને સંસ્કૃત સાથે ૧૯૨૭માં એમ.એ. થયા અને એ જ કૉલેજમાં પ્રથમ લેકચરર ને પછી પ્રાધ્યાપક તરીકે નિમાઈને ૧૯૪૭સુધી સંસ્કૃતનું પ્રશિક્ષણ આપવા સાથે સાથે પોતાની વિદ્વત્તા અને સૌજન્ય વડે ત્યાંના સમાજમાં સારી ચાહના મેળવી. એ બે દાયકા દરમિયાન કરાચીના સાહિત્યિક અને સાંસ્કૃતિક જીવનમાં એકધારી આગળ પડતી સેવા આપવા ઉપરાંત, 'કરાચી સંસ્કૃત એસોસીએશન'ની સ્થાપના કરીને બે વર્ષ સુધી જાતે એનું સંચાલન પણ સંભાળેલું. પ્રેમાનંદનાં નાટકોના કર્તૃત્વ અંગે ઊંડી અભ્યાસપૂર્ણ ચર્ચા કરતાં 'એ ત્રણ નાટકો' નામના પહેલા જ લેખથી એમણે પોતાની અભ્યાસી સંશોધક તરીકેની પ્રતીતિ કરાવેલી. ભાષાશાસ્ત્ર અને ગવેષણા એમના પ્રિય વિષયો, અને એ માટે જરૂરી બધી યોગ્યતા પોતે કેળવી હોઈ એ પછી એમણે લખેલાં અનેક પુસ્તકો ને નિબંધલેખો હમેશાં અભ્યસનીય ને માહિતીપ્રદ બની રહેલાં. સાત વર્ષ સુધી 'નાગરિક' ત્રિમાસિકનું સંપાદન અને બે વર્ષ 'ઊર્મિ'નું સહસંપાદન પણ એમણે કરેલું. ગુજરાતની સંસ્કારિતા અને સાહિત્યમાં વિશિષ્ટ અર્પણ કરવા માટે ઇ. ૧૯૪૬માં અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાનો રણજિતરામ સુવર્ણચંદ્રક એમને અર્પણ થયેલો.

ઇ. ૧૯૪૭ થી '૫૩ તેઓ વલ્લભવિદ્યાનગરના વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયમાં ગુજરાતીના પ્રાધ્યાપક રહેલા, જેમાં વચ્ચે બે વર્ષ ત્યાં આચાર્યપદ પણ સંભાળેલું. ૧૯૫૩માં જામનગર નજીક અલિયાબાડામાં દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલયની સ્થાપના કરી તેના આચાર્ય બન્યા. અહીં એમણે વિકસાવેલી ગંગાજળા વિદ્યાપીઠ એમની જીવનભાવનાનું પ્રતીક બની રહી છે. એની ખાતર એમણે કરેલાં ત્યાગ અને તપશ્ચર્યા એમના જીવન પ્રત્યેના ઉચ્ચ ભાવનાપૂર્ણ અભિગમનું ઉદાત્ત દર્શન કરાવે છે. ૧૯૬૦માં તેમણે ત્યાંનું આચાર્યપદ છોડી માત્ર સંસ્કૃતનું પ્રાધ્યાપન જ સ્વીકારેલું. ૧૯૬૧માં શ્રીનગરમાં મળેલી અખિલ ભારત પ્રાચ્ય વિદ્યાપરિષદમાં ઇતિહાસ વિભાગનું પ્રમુખપદ પણ એમને અપાયેલું. છેલ્લે છેલ્લે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિપદેથી સેવા આપી બીમારીને લીધે નિવૃત્ત થયેલા.

આમ, કરાચીની શારદા મંદિર જેવી વિદ્યાસંસ્થાઓ, સમાજસેવાની મંડળીઓ, સાહિત્ય સભાઓ, વિદ્યાપીઠો, કેન્દ્ર તથા રાજ્ય સરકારની અનેક સમિતિઓ વગેરે પ્રવૃત્તિઓ સાથે એમની વિદ્વત્તા, અધ્યપન અને અધ્યાયનનું વાઙ્મય-પ્રદાન વિશાળ અને વિવિધ છે. 'રુદ્રાધ્યાય,' 'શકાદયઃ સ્તોત્ર' ને 'ધ્વન્યાલોક'નાં સુંદર ભાષાંતરો, 'લગ્નવિધિ,' 'સંસ્કૃત નાટયશાસ્ત્રના વિકાસની રૂપરેખા,' 'પિંગળપ્રવેશિકા,' 'અલંકારપ્રવેશિકા,' 'ઇ. ૧૯૩૬ના ગુજરાતી વાઙ્મયની સમીક્ષા' વગેરે સાથે અનેક ગુજરાતી નિબંધ લેખો તથા અંગ્રેજીમાં 'ધ ટાઈમ ઑફ સંસ્કૃત ડ્રામા', 'યુગપુરાણ', 'સ્ટડીઝ ઇન ધનંજયઝ દશરૂપક,' 'પુરાણિક ક્રૉનૉલૉજી' ઇત્યાદિ પુસ્તકો સાથે સંખ્યાબંધ નિબંધો વગેરે એમનાં અભ્યસનીય સર્જનો છે. એમના નિબંધરૂપ લેખોનો સંગ્રહ 'નૈવેદ્ય' તો ભારત સરકાર દ્વારા પુરસ્કૃત પણ થયો છે.

આ રીતે અધ્યાપન ઉપરાંત, આજીવન સાહિત્યોપાસના સાથે એમણે સ્વસ્થ શાંત સૌમ્ય ને સરલ આભિજાત્ય વડે જે સંસ્કારમધુર જીવનનું દૃષ્ટાંત જીવી બતાવ્યું છે તે સદા પ્રેરક અને અનુકરણીય રહેશે. (૫૬૧)

દેવભાષા સંસ્કૃત

પ્રા. મધુકર રાંદેરિયા

કવિકુલગુરુ કાલિદાસે ગિરિગુરુ હિમાલયને દેવાત્મા કહીને બિરદાવ્યો છે. ત્યાં ધનપતિ કુબેરનો વાસ છે. તપસ્યામૂર્તિ શિવનો વાસ છે અને વિહારમૂર્તિ કામદેવ પણ ત્યાં જ વસે છે. ધન, તપસ્યા ને વિહારની ત્રિવિધ માનવભાવનાએ જીવનમાં કવિતા ઉતારી છે.

આર્યોની એ કવિતાને દેવભાષા સંસ્કૃતમાં શબ્દદેહ મળ્યો છે. આ દેવભાષા એટલી સમૃદ્ધ છે કે સર વિલિયમ જોન્સ જેવા વિદ્વાન ભાષાપ્રેમી બ્રિટિશજન કહે છે કે, 'સંસ્કૃત ભાષા ગ્રીક કરતાં વધુ સંપૂર્ણ સ્વરૂપની છે, લૅટિન કરતાં વધુ વ્યાપક છે, અને એ બેઉ કરતાં વિશેષ સુંદર રીતે સંસ્કાર પામેલી છે.'

સંસ્કૃત વાક્

સંસ્કૃતનું પ્રાચીનતમ સાહિત્ય તે આપણા સમર્થ ઋષિવરોએ ગાયેલાં વૈદિક સૂત્રો. એ વૈદિક સાહિત્યમાં એક આશાવાદી જીવનદૃષ્ટિ છે ને જીવનનો રસાસ્વાદ માણવાની રંગદર્શી ઇચ્છા છે. કાળ વીત્યે એ વૈદિક સાહિત્યના વાસ્તવવાદને સ્થાને એક નૂતન આદર્શવાદની સવારી આવે છે. ભગવાન પાણિનિ, મહર્ષિ વાલ્મીકિ, વેદવ્યાસ અને ભગવાન કૌટિલ્ય આ ચાર નામો સૌષ્ઠવપ્રિય સંસ્કૃત ભાષાનાં પરોઢ અને ઉદયની મંગલા આરતી વગાડે છે. ભગવાન પાણિનિએ જગતની મધુવાહિની સંસ્કૃત ભાષાને વ્યાકરણ વડે સંપૂર્ણતાનો ઘાટ આપ્યો. વ્યાસ અને વાલ્મીકિ તો વિશ્વપ્રેરણાનાં ઉદ્ગમસ્થાનો છે. જગતનાં પ્રથમ વીરકાવ્યોના એ જનકો છે : 'મહાભારત' અને 'રામાયણ' એટલે વેદનાસભર વિચારોનું મધુરતમ વાણીસ્વરૂપ. આજ ત્રણ ત્રણ હજાર વર્ષો થયાં એ બે અડીખમ ઊભાં છે - કવિતાકલા ને જીવનભાવનાના ધ્વજ ફરકાવતાં. તેની સાથે સ્મૃતિ-પુરાણોનાં ધર્મશાસન ગ્રંથોએ સનાતન ધર્મને પગભર કર્યો છે.

અઢાર પુરાણોમાં જીવનની દિશાને પલટાવી દે એવો બોધ સંઘરેલો છે. વેદો પંડિતો માટે હતા, પુરાણો આમજનતાના દિલને અડતાં હતાં અને તે પછી આવે છે કવિકુલગુરુ કાલિદાસ : બે મહાકાવ્યો, ત્રણ અત્યુત્તમ નાટકો અને બે ઊર્મિકાવ્યોનો રચયિતા. કાલિદાસનાં બે મહાકાવ્યો તે રઘુવંશ અને કુમાર સંભવ. રઘુવંશમાં રામના નિકટના પૂર્વજોની કથા દેહ પામે છે, કુમારસંભવમાં પાર્વતી પરમેશ્વરનાં પરિણયની મોહક કથા છે.

શૃંગારકાવ્ય

સંસ્કૃતની પ્રતિભા વસ્તુ પરત્વે ઊર્મિલ હોય છે, અને એનો રણકો નૈતિક હોય છે. કાલિદાસના વિક્રમોર્વશીય જેવા નાટકમાં ચોથો અંક આખો ઊર્મિપ્રધાન છે. શાકુંતલમાં પણ કન્યાવિદાયનો ચોથો અંક સંસ્કૃત નાટ્યસાહિત્યમાં અનુપમ કહેવાય છે એનું કારણ ઊર્મિતત્ત્વ છે. ગોપિકા-ગીત અને જયદેવનું ગીત-ગોવિંદ પ્રેમલક્ષણા ભક્તિનાં ઊર્મિસભર કાવ્યો છે. કાલિદાસનાં બે ઊર્મિકાવ્યો છે ઋતુસંહાર અને મેઘદૂત. ઋતુસંહારમાં પ્રણયી યુગ્મને માટે ઋતુઓનો સંદેશ વ્યક્ત થયો છે, અને મેઘદૂતની પકડ તો જેણે અનુભવી હોય તે જ જાણે. જગતનું એ અમર ઊર્મિગાન છે. શ્રી શંકર, અમરુક, બિલ્હણ, જયદેવ, જગન્નાથ અને બીજા અસંખ્ય ઊર્મિકવિઓ આપણે માટે ઉત્તમ શૃંગાર કાવ્યોનો સમૃદ્ધ વારસો મૂકી ગયા છે.

ગદ્યકૃતિઓ

સાહિત્યક્ષેત્રે પ્રથમ કવિતા જ અવતરે છે; ગદ્યસ્વરૂપ સૈકાઓ પછી ઘડાય છે. સંસ્કૃતમાં તો કાવ્ય એવું વર્ચસ્ ધરાવે છે કે એમાં ગદ્યને પણ કાવ્યમય બન્યા વિના ચાલ્યું નથી.

છઠ્ઠા શતકમાં દણ્ડીએ કાવ્યાદર્શ નામનો સમીક્ષાગ્રંથ લખ્યો. સંસ્કૃત ભાષાના બીજા ઘણા સમીક્ષાકારોની માફક દણ્ડી પણ સર્જનશીલ અને સમીક્ષક કલાકાર છે.

સાતમાં શતકમાં કનોજના હર્ષનો આશ્રય પામનાર કવિ બાણ બીજો સમર્થ ગદ્યસ્વામી છે. એણે હર્ષ-ચરિત રચ્યું છે. પણ બાણભટ્ટની કીર્તિનું શિખર છે એની કાદંબરી.

સુબન્ધુનું 'વાસવદત્તા' એના શ્લેષાર્થ માટે ખૂબ જ જાણીતું છે. હર્ષ-ચરિતના અનુકરણમાં વેળાભૂપાલચરિત લખનાર વામન બાણ છેલ્લો સમર્થ ગદ્યલેખક હતો.

ચંપૂઓ

ચંપૂઓ, શૈલી પરત્વે નાટકો જેવાં છે. પરંતુ નાટકો તખ્તા પર ભજવવા માટે રચાતાં; જ્યારે ચંપૂનો સંગીત સાથે પાઠ કરવાનો હોય છે, ને એમાંનું ગદ્ય પણ કાદંબરીના કાવ્યમય ગદ્ય કરતાં વધુ સંગીતમય હોય છે. 'વિશ્વગુણાદર્શ' ચંપૂના રચયિતા વેંકટધ્વરિનનું ગદ્ય મદિરા જેવું છે, અને કવિતા દ્રાક્ષ જેવી છે !

લોકકથા ને બોધકથા

વૈદિક સાહિત્યમાં - અને ખાસ કરીને 'બ્રાહ્મણો'માં, મહાકાવ્યોમાં અને બૌદ્ધ જાતકોમાં રજૂ કરવામાં આવેલી કથાઓ જગતના ઇતિહાસમાં પ્રાચીનતમ છે. એના બે વર્ગ પાડી શકાય : બૌદ્ધોની જાતકકથા અથવા પ્રાકૃતમાંની જૈનકથાઓ જેવી ધાર્મિક રચનાના ઉદ્દેશ માટે એકઠી કરવામાં આવેલી કથાઓ, અને પંચતંત્ર કે હિતોપદેશ જેવા જગતના વહેવાર, શાણપણ અને

રાજકીય સિદ્ધાંતોનો સમાવેશ કરવાના ઉદ્દેસથી લખાયેલા વાર્તાગ્રંથો. પંચતંત્ર તો જગતની અનેક ભાષાઓમાં અનૂદિત થયું છે. વ્યાવહારિક ગૃહનીતિ અને રાજનીતિનું એ જ્ઞાનચક્ર છે, એની રચના પણ અત્યંત વિશિષ્ટ છે. 'અરેબિયન નાઇટ્સ' માટે એમાંથી પ્રેરણા લેવામાં આવી છે. બોકેસિયો અને ચોસર પણ પરોક્ષ રીતે એનાં ઋણી છે.

નાટક

સંસ્કૃત નાટ્યકારોમાં ભાસનું નામ ઉજ્જવલ તેજે પ્રકાશે છે. તેનાં તેર નાટકો વડે હિંદનું ને જગતનું સાહિત્ય ખરેખર સમૃદ્ધ થયું છે. એની જીવનદૃષ્ટિ વાસ્તવવાદીની છે. રાબેતા મુજબનાં નાટકોથી ભિન્ન એવા એના નાયક જીવનનાં બધાં જ ક્ષેત્રોમાંથી આવે છે. કાલિદાસના અભિજ્ઞાન શાકુંતલને તો જગવિખ્યાત જર્મન કવિ ગેટે માથે મૂકીનો નાચ્યો હતો અને શાકુંતલની પ્રશસ્તિ કરતું એક મુક્તક પણ એણે રચ્યું હતું. એનાં બીજાં બે નાટકો 'માલવિકાગ્નિમિત્ર' અને 'વિક્રમોર્વશિયમ્'માં અનુક્રમે શુંગ વંશના એના આશ્રયદાતા રાજા અગ્નિમિત્રની પ્રણયકથા અને ઉર્વશી-પુરુરવાના અપોર્મિલ સ્વભાવ નિરૂપવામાં આવ્યા છે. દિઙ્નાગનું 'કુંદમાલા' પણ સીતાજીવનને સ્પર્શતું નોંધપાત્ર નાટક છે. ભવભૂતિએ એ જ કૃતિને પગલે ચાલી રામના વીરકાવ્યની સમગ્ર વાર્તાને બે નાટકોમાં નાટ્યસ્વરૂપ આપ્યું છે : પહેલા ભાગ 'મહાવીર ચરિત'માં રાજ્યાભિષેક સુધીની કથા છે. બીજા 'ઉત્તરરામચરિત'માં તો કાલિદાસનેયે આંબી જાય એવી કલાનાં દર્શન થાય છે.

કૃષ્ણમિશ્ર તત્ત્વજ્ઞાનનાં સૂત્રો સમજાવવામાં નાટકનો ઉપયોગ કરે છે. એમનું 'પ્રબોધચંદ્રોદયનાટક' અદ્વૈતની પ્રશસ્તિ કરતું રૂપક છે.

અલંકારશાસ્ત્ર મીમાંસા

'કાવ્યમીમાંસા' સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં એક ગણનાપાત્ર પુસ્તક છે. એનો લેખક રાજશેખર, ઊગતા કાવ્યશોખીનો - કવિવરોને ચરણે બેસી કાવ્યકલાના પાઠ શીખી શકે તેની વિવિધ પદ્ધતિઓ દર્શાવે છે. એ લખે છે કે કવિતા, એ અલબત્ત, પ્રતિભાનું ફળ છે, છતાં વાચન, મનન, અધ્યયનથી એ સાધ્ય થઈ શકે છે. તેની પત્ની અવંતીસુંદરી વિદ્વાન સમીક્ષક સાથે કવયિત્રી પણ હતી. રાજશેખરે 'કર્પૂર મંજરી' નામનું નાટક પણ રચ્યું છે.

આ છે સંસ્કૃત ભાષાની આછી રૂપરેખા. એ ભાષાની સમૃદ્ધિથી ભારતવાસીઓનાં જીવન સમૃદ્ધ થઈ શકે એમ છે. ❑

પ્રિય હે !

(વસંતતિલકા)

મારા અભાગી ઘરની પ્રિય હે ! તું લક્ષ્મી;
તારા સુમંગલ મુખે લસતી પ્રભાએ
અંધારગ્રસ્ત મુજ સાંકડી ઘોલકીનું
ઊઠ્યું ઝગી સકલ ઓજસ પૂર્ણિમા શું.

તારા પદે કમલકોમલ સ્વસ્તિકોની
શી આ રચાય પ્રિય ! કુંકુમ ભાગ્યલીલા !
પૂર્વે ન રંક ઘરઆંગણ જે સુદેવી,
આવી પ્રપૂર્ણ લઈ રિદ્ધિ તું ભાગ્યદેવી.

ના કૈં કમી, સકળ તેં ભરી દીધ કોષ
હું રંક સ્તબ્ધ, મુજ ભાગ્ય સહી શકું ના;
શું હીન ભાગ્ય કદી છાજત આ સુદેવી !?
સંમૂઢ અંતર : શું સત્ય અરે શું સ્વપ્ન ?!
ને દીન મૂઢ ઉર એમ વિમાસતું'તું,
ત્યાં તેં દીધો ચરમ ભાવથી ચૈત્યસ્પર્શ.

શશિશિવમ્ (૪૬૦)

યાત્રા સાફલ્ય

(શાર્દૂલવિક્રીડિત)

નિઃસંતાન અમે ઘણાં વ્રત કર્યાં, અંતે અવસ્થા થયે
યાત્રાર્થે ચહ્યુ ધીમની નીકળતાં તાળાં દઈ ડેલીએ;
દોડ્યો બાળ પડોશીનો અમ સહેજાવા, રડ્યો, થાબડી
હેવાયા શિશુને પટાવી, દઈ કૈં ચાલ્યાં પરાયો ગણી.

'બંધાવ્યું નહિ પારણું' કહી અમે રોયાં જગન્નાથમાં;
ગંગાને તટ શેષ જીવન ચહ્યું નાહી હરદ્વારમાં;
માયાશી ઘરની ? બધું જ સરખું; છેલ્લી વ્યવસ્થા ચહી
પાછાં ઘેર વળ્યાં, હશે ઘર દશા શી, કલ્પના એ લઈ.

ગ્રીષ્મે એ બળતે બપોર સઘળું આગે હતું હાંફતું,
સૂનાં પાદર સીમ ગામ, પશુયે શેરી વિષે ના હતું;
જ્યાં આવ્યાં ઘર પાસ ત્યાંજ નીરખ્યો, તાળાંદીધાં દ્વારને
ધક્કા દૈ હીબકાં ભરી કકળતો, 'મા, મા ઉઘાડો મને.'

લીધો ઊંચકી, બારને ઝુલવતો ગોપાલ ઘેલો હસ્યો,
યાત્રાન્તે વહતો કરી અમ ગૃહે ગંગોઘ વાત્સલ્યનો.

મુકુન્દરાય વિ. પારાશર્ય (૪૬૧)

હિજરતી શબ્દો

– નટવરલાલ માલવી –

શબ્દોના ઇતિહાસ બહુ ચમત્કારિક અને અતિ રસાળ હોય છે. માણસોની પેઠે, અગર કહો કે બહુરૂપીની પેઠે, શબ્દો જાતજાતના વેશ કે સ્વાંગ ધરે છે. તેમાં કદી કદી તો આ બહુરૂપી છે - વેશધારી છે એવી લગારે શંકાયે ન ઊપજે એવો હૂબહૂ નવો સ્વાંગ તેઓ ધારણ કરે છે.

શબ્દોની હિજરત કરવાની ટેવ પણ જાણીતી છે અને જેમ હિજરતીઓ નવા વસવાટમાં મૂળ પ્રદેશનાં પહેરવેશ, અલંકાર, રીતભાત વગેરે તજી નવાં જ વેશાદિ ધારણ કરે છે, તેમ શબ્દો પણ કરે છે. અને ઘણી વાર તો સાવ ભુલાવે ચડાવી દે તેવું સાંગોપાંગ નવું રૂપ ધારણ કરે છે. નવા પ્રદેશમાં વસવાટ કરતા કે નવી પ્રજાની જીભે ચડતા શબ્દો એવાં જૂજવાં રૂપ ધારણ કરે છે, કે તેમનું મૂળસ્થાન કે રૂપ પકડી જ શકાતું નથી, પકડવું અતિ મુશ્કેલ બને છે. દાખલા તરીકે અંગ્રેજોની જીભે ચડતાં ખંભાત 'કેમ્બે' બન્યું, ભરૂચ 'બ્રોચ' બન્યું અને મથુરા 'મુટ્રા' બન્યું. સતત અમુક જ ઉચ્ચારો કર્યા રહેવાથી રચાયેલી પ્રજાની વદન-ઉપાંગોની વિશિષ્ટ રચનાનો આમાં સવિશેષ ફાળો હોય છે. ને તે રીતે રૂપાંતર ઘણી વાર નવો જન્મ જ બની જાય છે. વળી દેશાંતરની પેઠે જ કાળાંતર પણ મૂલગામી ફેરફારો કરે છે. જેમ કે સ્તંભાવતી કાળાંતરે ખંભાત બન્યું, ને ભૃગુકચ્છ ભરૂચ બન્યું. ગુજરાતી ભાષામાં રૂપપલટો અહીં ચર્ચવા ધાર્યો છે.

મરકી : આ શબ્દનો જાણીતો ને સર્વત્ર ચલણી અર્થ 'ગાંઠિયો તાવ' છે, જોકે હવે તેનું સ્થાન અંગ્રેજી 'પ્લેગ' શબ્દે લીધેલું છે. તે ઉપરાંત બીજો એક અર્થ ભગવદગોમંડળમાં નીચે મુજબ આપ્યો છે : 'એક જાતની મીઠાઈ; અડદના લોટની જલેબી.' વિદ્યાપીઠકોશમાં નીચે મુજબ છે : 'મહામારી; ઘણા લોક મરે તેવો રોગ; કોગળિયું, પ્લેગ વગેરે. (૨) એક મીઠાઈ'

પણ બંને કોશોમાંથી એકમાં પણ આ શબ્દની મૂળ વ્યુત્પત્તિ આપેલી નથી. અલબત્ત, 'મરવું' સંસ્કૃત મૃ ધાતુ પરથી આવેલું ક્રિયાપદ મરકીના રોગભાવી અર્થના મૂળમાં છે. પણ એ જ શબ્દ મીઠાઈ માટે શી રીતે વપરાતો થયો તે કારણ અપાયેલું નથી.

મરકી – અડદના લોટની જલેબી એ અમદાવાદમાં બનતી મીઠાઈ છે. સુરતમાં તે બનતી જાણી નથી. અમદાવાદ આ મીઠાઈ માટે કંઈક પ્રખ્યાત પણ ગણાતું, હવે તો ત્યાં પણ એ મીઠાઈ કદીક જ અને મુસીબતે મળે છે, પણ પહેલાં તેની નામના હતી. સને ૧૯૦૮-૯ અને પછી છેક ૧૯૧૨-૧૩માં એમ બે'ક વાર મેં પણ એ ખાધાનું સ્મરણ છે.

પણ મરકી જેવું વિચિત્ર, જાણે અવળચંડું નામ આ મીઠાઈને શાથી લાધ્યું એ વિચાર મને ઘણી વાર આવતો. ઠેઠ સને ૧૯૪૬ સુધી આ ગૂંચનો ઉકેલ મને જડ્યો ન હતો. પણ એ સાલમાં મારે ઉજ્જૈન-ઇંદોરની મુસાફરીએ જવાનું થયું. ને ત્યાંનાં બજારોમાં ફરતાં મને આ શબ્દનું મૂળ સાંપડ્યું. એ જ મીઠાઈ – એવી જ અડદના લોટની મીઠાઈ ઉજ્જેન-ઈન્દોરના કંદોઈઓને ત્યાં 'અમૃતી' નામથી વેચાય છે. ઉચ્ચાર 'અમરતી' થાય છે. એ અમરતી શબ્દમાંનો હળવો ઉચ્ચાર 'અ' લોપ પામ્યો અને છેલ્લે 'ત' ઉચ્ચારાંતરે, દેશાંતરે 'ક'નું રૂપ પામ્યો. 'ક' અને 'ત' અવેજી ઉચ્ચારો છે, એ જાણીતું છે. એ રીતે અમરતી-મરતી-મરકી એવું રૂપ બન્યું. આમ 'મરકી' - મીઠાઈને મરવા સાથે નહીં પણ અમરવા - ન મરવા સાથે સંબંધ છે. કચ્છી ભાઈઓમાં 'ખીઅશી' એવું નામ પણ ક્ષયસિંહ નહીં પણ અક્ષયસિંહમાંનો 'અ' લોપ પામ્યાથી બનેલું છે.

આમ ગાંઠિયો તાવ 'મરકી' અને અડદજલેબી - મીઠાઈ 'મરકી' બંને શબ્દનો મૂળ ધાતુ તો એક જ છે. મીઠાઈને અમૃતી નામ શા કારણે અપાયું હશે એની ચર્ચામાં ઊતરવું બિનજરૂરી છે. અમૃત જેવી સ્વાદિષ્ટ ચીજ તરીકે એ નામ સાંપડે એ સ્વાભાવિક છે. જોકે અમૃતનો સ્વાદ કેવો હશે, સારો કે માઠો, મીઠો કે ખારો, ખાટોતૂરો એની તો કોઈને ખબર નથી, તેમ કદી ખબર પડી શકે એવું લાગતું પણ નથી.

મરકી શબ્દનો એક ત્રીજો અર્થ 'સોનાનું કાનમાં પહેરવાનું ઘરેણું' છે. તે અર્થ ફક્ત ભગવદ્‌ગોમંડળમાં જ અપાયેલો છે. તે પણ અમૃત પરથી જ આવ્યો હશે એમ માની શકાય. પણ એ ઉપયોગ મારા સાંભળ્યામાં નથી. (વચ્ચે જાડી અને છેડા મળે ત્યાં પાતળી એવી કડીઓના રૂપનું એ ઘરેણું અમદાવાદના નીચલા અને મધ્યમ વર્ગમાં પચીસ-પચાસ વર્ષ પહેલાં પહેરાતું. હજી પણ અમુક વર્ગ પહેરે છે.-તંત્રી)

ગાદી : ગાદી, ગાદલું, ગાદલી, ગદેલું આવા રૂપાંતરે વપરાતો આ શબ્દ મૂળ કઈ ભાષાનો હશે અને આપણે ત્યાં ક્યાંથી આવ્યો હશે, એ વિષે મને છેલ્લાં પાંચ-સાત વર્ષથી વિચાર આવ્યા કરતો હતો; પરંતુ ઉકેલ જડ્યો ન હતો. હમણાં થોડા વખત પર હું સુદાન દેશનો પ્રવાસ કરી આવ્યો ત્યાંથી આ ઉકેલ મને મળી આવ્યો છે.

લલ્લુભાઈ ગો. પટેલના કોશમાં આ શબ્દનો અર્થ નીચે મુજબ આપ્યો છે : 'ઊંચી બેઠક; દળદાર બિછાનું; આસન, પાટ, તખ્ત, સિંહાસન'. મૂળ વ્યુત્પત્તિનો તેમાં ઉલ્લેખ નથી.

ભગવદ્‌ગોમંડળમાં એને વિષે નીચેના ઉલ્લેખ છે : ગાદી (હિં.) સ્ત્રી, એક જાતનું પકવાન; ઇજારો; ઊંચી બેઠક, તખ્ત સિંહાસન; ઘોડા પર બેસવા માટે રાખવામાં આવતું નાનું રૂ

ભરેલું આસન.

આમ આ શબ્દ હિંદી પરથી આપણે ત્યાં આવ્યાનું માન્યું છે. ગાદી શબ્દ પકવાન-ખાવાની ચીજના અર્થમાં વપરાતો મેં કદી સાંભળ્યો કે વાંચ્યો નથી, પણ વપરાતો જ હશે. કેટલાક ઓતાડા અર્થ માટે એ કોશમાં કેટલેક ઠેકાણે સ્થાનોલ્લેખ કરેલો છે. તાલુકા કે પંથકનાં નામ પણ આપેલાં છે; પણ આ અર્થ માટે નથી.

હવે ગાદીનો જે ચાલુ, બહુજનવ્યાપી ઉપયોગ છે, તે અર્થનું મૂળ જોઈએ. સુદાન દેશનો અને તેમાંય પશ્ચિમ વિભાગનો પ્રવાસ મેં ન ખેડ્યો હોત, તો વ્યુત્પત્તિ મને ન સાંપડત.

બહુ અચરજભર્યું લાગશે, પણ આ શબ્દ 'કાઝી' (કાજી) શબ્દનો જ ઉચ્ચારભેદ છે ! કાઝી એટલે ન્યાયાધીશ, વડો અધિકારી, ચુકાદો આપનારો અમલદાર, એ શબ્દ જ ઉચ્ચારાંતરે 'ગાદી' બોલાય છે !

સુદાનની ભાષા અરબી છે. સુદાનના પૂર્વ પ્રદેશમાં 'કાઝી' શબ્દનો ઉચ્ચાર 'કાદી' થાય છે. પોર્ટ સુદાન, કસાલા આદિ પૂર્વીય ગામોમાં મેં એ જ ઉચ્ચારે એ શબ્દ સાંભળ્યો છે. ફારસી લિપિમાં આ શબ્દનો પાછલો અક્ષર 'ઝવાદ' લખાય છે. સ્વાદવાળા દ્વાદ અને ઝવાદ બે અવેજી અક્ષરો ને ઉચ્ચારો ગણાય છે. એ રીતે દ અને ઝ એ દેશમાં અવેજી ઉચ્ચારો છે. ફારસીના અક્ષરો દાલ અને ઝાલ પણ એ જ રીતે ફક્ત ટપકાફેરે બનતા હોઈ અવેજી છે, અને તેનો એક બહુ સ્પષ્ટ નમૂનો આપણે ત્યાં ચલણી છે : 'કાગળ.' કાગળનું મૂળ કાગદ-કાગઝ; તે વેચનારો તે કાગદી કહેવાય છે, કાગઝી પણ કહેવાય છે. (મૂળમાં તો ગ નહીં પણ ધ 'ઘએન' અક્ષર છે. આમ દને બદલે ઝ તથા ઝને બદલે દ ઉચ્ચાર કરવાનો ત્યાં રવૈયો છે. (એ અક્ષર ઉપરનું મીંડું લેખન સમયે ઊઠી જવાને કારણે પડ્યો હશે.) એ રીતે કાઝી શબ્દનો ઉચ્ચાર પૂર્વ સુદાનમાં કાદી પણ થાય છે.

બીજી બાજુ ક ને ગ તો અવેજી ઉચ્ચારો છે જ. કાક અને કાગ, કબલભાઈ ને ગબલભાઈ, કકરું ને કગરું એવા નમૂના છે. 'શોક' શબ્દ 'સોગ'ના રૂપમાં પણ બોલાય છે. મિસરના 'ગમાલ પાશહ' તે 'કમાલ પાશહ' જ છે. 'પંક્તિ' શબ્દમાંનો 'ક' 'ગ' બનીને 'પંગત' રૂપ ધારણ કરે છે. હવે આ નમૂનો જુઓ. આપણે ત્યાં ઈસ્લામ ફેરિયાઓ નાનકડી પ્યાલીઓમાં દૂધ, ખાંડ વગરની કોફી વેચે છે, તે 'કાવો' કહેવાય છે. આ શબ્દ પૂર્વ સુદાનમાંનો 'કહાવા' શબ્દ જ છે, પણ પશ્ચિમ સુદાનમાં એ જ શબ્દ 'ગડાવા' બોલાય છે. આ ઉચ્ચારાંતર અનુસાર એ જ રીતે પશ્ચિમ સુદાનમાં 'કાદી' (એટલે કે કાઝી) શબ્દ ઉચ્ચારભેદે 'ગાદી' બોલાય છે.

મેં આ ઉચ્ચાર અલ-ઉબૈદ ગામ, જે પશ્ચિમ સુદાનમાં આવેલું છે તેમાં સાંભળ્યો. લેણદેણના ખટલાની વાત કરતાં એક ભાઈ બોલ્યા : 'એ બાબતમાં હું ગાદીને મળી પણ આવ્યો.' પૂર્વસુદાનમાં કાદી ઉચ્ચાર સાંભળેલો, અહીં ગાદી સાંભળતાં જ જરા ચમક્યો, બીજી જ પળે અર્થ કળી ગયો અને મને ગાદી શબ્દનું મૂળ સાંપડી ગયું. બોલનાર ભાઈએ એ શબ્દ 'પોલીસ વડા'ના અર્થમાં વાપરેલો, અસલના કાજી જેવી કેટલીક સત્તાઓ એ અધિકારીને હશે એવું લાગ્યું.

કાઝી=કાદી=ગાદી; સજા, નિર્ણય કરવાની સત્તા ધરાવનાર અમલદાર, અને તેથી, એ જેના પર બેસે તે આસન. આસન અને સત્તા પરંપરાથી સમાનાર્થી શબ્દ બની જાય છે. અમુક સત્તા એના આસન સાથે જ સંકળાયેલી હોય છે, તે આસન પરથી જ વાપરી શકાય છે. આપણે ત્યાં પણ અદાલતી ચુકાદો ન્યાયાધીશે, તેની નિશ્ચિત જાહેર ખુરશી પર બેસીને જ સંભળાવવાનું કાયદાથી ઠરાવેલું છે. બીજે આસનેથી આપેલો ચુકાદો કાયદેસર લેખાતો નથી, જોકે રવૈયાને લીધે આવી બાબતમાં કોઈ વાંધો ઉઠાવતું નથી.

આ રીતે કાઝી=કાદી=ગાદીની સત્તાનું આસન ગાદી કહેવાતું થયું અને પછી તો, ધીમે ધીમે સત્તાવાળું કે વગરનું પણ જરા ઊંચું આસન-બિછાત-ગાદી કહેવાતું થઈ ગયું. એમાંથી ગાદલી-ગાદલું-ગદેલું વગેરે બાળકો જન્મ્યાં.

તદ્ભવ અર્થોના આવા પ્રયોગો-પ્રયોગાંતરો-પ્રયોગભેદોના અપાર નમૂના, પ્રત્યેક ભાષામાં હોય છે. કઢી એટલે ખરું જોતાં કોઈ પણ ઉકાળેલો પદાર્થ; પણ આજે તો છાસમાં ચણા કે બાજરીનો લોટ નાખી ઉકાળેલું વઘારેલું પ્રવાહી એ જ અર્થ રહ્યો છે. ચશ્મ (ફા.) એટલે આંખ, તેનું બહુવચન ચશ્માન્-ચશ્મા એટલે આંખો, પણ રૂઢ અર્થ ઉપનેત્ર, આંખને મદદરૂપ પથ્થર કે કાચના ટુકડાઓની મઢત એ અર્થ બની ગયો છે. 'ચન્દ્ર'માંથી નીકળેલો 'ચાંદલો' શબ્દ લગ્નાદિ વહેવારમાં કેવો અર્થાન્તર પામી ગયો છે !

આ રીતે કાઝી=કાદી=ગાદી શબ્દ સત્તાવાચકમાંથી આસનવાચક બન્યો. એ હિંદીમાંથી આવ્યાનું ભગવદ્ગોમંડળ લખે છે, પણ મુસ્લિમ રાજત્વ સાથે આવેલો હોય, એવી વધારે શક્યતા છે. ભગવદ્ગોમંડળમાં એક શબ્દ 'મોયા' છે. એ લ. ગો. પટેલના કોશમાં નથી. એનો અર્થ 'પાણી તથા કાદવનો ઝરો' આપેલો છે. એડન પ્રદેશમાં તેમ સુદાનમાં પણ અરબીમાં પાણીને 'મોયા' કહે છે. સૌરાષ્ટ્રમાં આરબ શિરબંદીઓ ગઈ સદીમાં ખૂબ હતી. તેણે આ શબ્દ પ્રચલિત કર્યો હશે. આ જ રીતે ગાદી શબ્દ આવ્યો લાગે છે.

શબ્દોના ઈતિહાસમાં કેવા કેવા ચમત્કાર, કેવાં દશાંતર રૂપાંતર, વેશપલટા બને છે ! (૪૦૧)

(ગુજરાતી સાહિત્ય પરિષદ(નડિયાદ ૧૯૫૫)માં રજૂ થયેલો નિબંધ)



નર્મદાકાંઠાનો ભીલ — કૉલાજ : અમૃતલાલ વેગડ



મનામણું · દખ્ખણી શૈલી તરીકે દક્ષિણ ભારતમાં વિકસેલી મુગલ પ્રભાવવાળી શૈલીનું એક ચિત્ર.

સાબરમતિયાના સપાટામાં

- તનસુખ ભટ્ટ -

સાબરમતીને શાંત તીરે વાડજ ગામની નજીકમાં એક ગોશાળા આવી હતી. તેને અંગે થોડીઘણી ખેતી પણ ચાલતી. ગાયો, વાછરડાં, ખેતરો વગેરેથી દૃશ્ય બહુ રળિયામણું લાગતું.

એક વાર પડોશમાં એક મરણ થયું. વાડજને આરે શબની દહનક્રિયા કરવાની હતી. લાકડાં વગેરે લઈને બધા દાહભૂમિ પર પહોંચ્યા. હું ગોશાળામાં મારા કામ પર હતો. ત્યાં થોડી વાર પછી એક છોકરાએ આવી ખબર દીધા કે લાકડાં ખૂટી પડ્યાં છે ને બીજાં વધુ જોઈશે.

'જાયમલ !' મેં મારવાડી છોકરાને હાક મારી. રબારીએ કહ્યું કે જાયમલ તો શહેરમાં ગયો છે.

રબારીને દોહવાનું ચાલુ રાખવાની સૂચના આપી હું લાકડાના ઢગલા તરફ ગયો. જોઈતાં વધુ લાકડાં જુદાં કાઢ્યાં. પછી વળ્યો રેંકડી લેવા. રેંકડી તો લીધી. પણ બળદ ગયો હતો શહેરમાં. મેં બીજલને કાંઈક તોડ કાઢવાનું કહ્યું.

'આ સાબરમતિયો છે, જો તમારા હાથમાં રહે તો.' તેણે મારું ધ્યાન મુશ્કેલી તરફ ખેંચતાં કહ્યું.

સાબરમતી ગાય જાતવંત હતી. એનો વાછરડો એટલે તોફાનીઓનો સરદાર, ભાર ખેંચવાની રેંકડીમાં એને જોડવો એ એનું અપમાન હતું, એટલે એને બેસવાની હલકી રેંકડીમાં જોડતા. રેંકડીમાં હાંકનાર બેસે ન બેસે ત્યાં તો તે તરવર તરવર કરતા ઊપડ્યો જ હોય ! ગળે ઘૂઘરો ઘમકતો હોય અને માથું તાલબંધ નાચતું હોય ત્યારે સમજવું કે રેંકડીમાં સાબરમતિયો જાત્યો છે. એ જાયમલનો હાથ વરતી ગયો હતો.

મેં ધીરુની સાથે રેંકડીમાં ભારે ભારે લાકડાં ખડક્યાં. ધીરુ તે પર ચડી બેઠો. હું હાથમાં રાશ લઈને હજી બેઠો ન બેઠો ત્યાં રેંકડીનાં પૈડાં ફરવાં શરૂ થઈ ગયાં.

બંને બાજુ ખેતરો મૂકતા અમે થોડી જ વારમાં સડક પર આવી પહોંચ્યા, એની સાથે જ સાબરમતિયાએ તેતરની ચાલે ગાડી ઉપાડી. હું ફૂટતી મૂછનો જુવાનિયો હતો. ધીરુ મારા કરતાં ચાર વરસ નાનો હતો. મને થયું કે ગાડીની ગતિ વધવી જોઈએ. ધીરુને પણ દોડતી ગાડી ઉપર બેસવું ગમતું તો હતું જ. મેં ડચકારો કર્યો અને સાબરમતિયાની પીઠ ઉપર અંગૂઠા અને તર્જનીનો ચીપિયો ભરાવ્યો. થઈ રહ્યું. ઘૂંઆપૂંઆ કરતો સાબરમતીનો વત્સરાજ ચારે પગે ઊછળતો ઊપડ્યો.

બપોરનો વખત હતો. આશરે બે વાગ્યા હશે. સડક સુમસામ હતી. હું રાશ તાણીને બેસી રહ્યો. ધીરુ પણ સંભાળીને બેઠો. મને થયું કે જાયમલ જ આને વશમાં રાખી શકે એમ થોડું છે ? છોને પૂરપાટ જતો.

દૂધેશ્વર મહાદેવનું દેવાલય સડસડાટ કરતું વટાવ્યું.પણ આ શું ? રાશ ઢીલી કાં ? જોઉં તો રાશ નાથમાંથી વછૂટી ગઈ. મને ફ્રાસકો પડ્યો. બળદને કાબૂમાં રાખવાનું એક માત્ર સાધન જતું રહ્યું. ડચકારો ખાઈને સાબરમતિયો અપમાનિત તો થયો હતો, પણ હવે તો તે અક્ષરશઃ ઉદ્દામ બન્યો. તેનાં નસકોરાં ફૂલી ગયાં, આંખો ફાટી રહી અને ચારે પગે ઊલળતો રેંકડીને રમકડાની જેમ ખેંચતો તે સીધી સડકે ધસ્યો જતો હતો. સામે જો કાંઈ મોટર આવી હોત તો વાડજના આરા ઉપર એકને બદલે બે કે ત્રણ મડદાં કદાચ સાથે જ બળત. ચન્દ્રભગાનો લોખંડી પુલ પણ અમે આમ ને આમ વટાવ્યો. પણ હવે તો ઊલટું વસમું થયું. પુલથી તે વાડજ ગામ સુધી ઊંચી સડકની બંને બાજુ ખાઈ જેવી જમીન હતી. સામે કોઈ આવતાં પેલો વિફરેલો બળદ કદાચ બાજુએ તરે તોપણ અમે બધા જ ખાઈમાં ગબડી પડીએ. બળદની ભૈરવજંપ ખાવાની ઇચ્છા હોય એમ તો લાગ્યું નહીં પણ તેણે પોતાની ભૈરવદોડ મોળી પાડી નહીં. હું તો કૂદી પડું એમ હતું. પણ નાના ધીરુનું શું થાય અને એને આ ગાંડા પલીતને ભળાવીને મારાથી જવાય પણ ક્યાં ?

'ધીરુ, કૂદી પડ ! પાછળ હુંયે પડું છું.' મેં ધીરુને બૂમ મારી. પણ ધીરુ કૂદી શક્યો નહીં.

સડકે ચકરાવો લેવો શરૂ કર્યો. એ ચકરાવા પછી ઊલટી દિશામાં તે બીજો ચકરાવો લેતી હતી. સામેથી મોટર ક્યારે આવશે તે જાણવું શી રીતે ? આમ ને આમ આ સાબરમતિયો ક્યાં લઈ જશે ?

મને છેલ્લો ઉપાય સૂઝ્યો. એમાં નર્યાં આંધળિયાં જ હતાં. નાસતી-ઊછળતી રેંકડી પરથી હું નીચે ઠેકી પડ્યો. સાબરમતિયા સાથે હવે મેં દોડવું શરૂ કર્યું. થોડી જ પળોમાં તેનાથી હું આગળ નીકળવા લાગ્યો. પોતાથી મને આમ આગળ જતો જોઈ તેણે વધુ ભૂરાયા થઈ દોડવા માંડ્યું. પણ રેંકડીએ ગતિવિઘ્નની ગરજ સારી. હું તેનાથી આગળ નીકળી ગયો અને તેના રસ્તાની વચ્ચોવચ ખેતરના ચાડિયાની જેમ બે હાથ પહોળા કરીને ઊભો રહ્યો. સાબરમતિયો દેમાર કરતો નજીક આવ્યો, એટલે મારામાં હતું તેટલું જોર વાપરીને મેં હાકલો કર્યો, 'હે... એ... એ...' તેને હવે જવા ન દેવાનું મેં નક્કી કરી રાખેલું. જો તે મારી સામે ધસીને મને બાજુ પર કરવા માગે તો તરીને તેની નાથ ખેંચી તેને

શાન્તિ

પ્રફુલ્લ રાવલ

'વિશ્વશાન્તિ'ના કવિનું 'છિન્નભિન્ન છું' કાવ્ય વાંચતાં મન ક્ષુબ્ધ થઈ જાય છે. વિશ્વની શાન્તિનો આહ્‌લેક જગાવ્યા પછી છિન્નભિન્નતા ! કેવો અવળો ક્રમ ! ઉપનિષદનો શાન્તિપાઠ આજે પણ નિરામય શાન્તિની લાગણી ફેલાવે છે. ઘડીભર પ્રજ્ઞા શાતા પામે છે. ખેતરમાં મૂંગા ઊભેલાં ઠૂંઠાંને જોતાં શાન્તિનો મર્મ સમજાય છે. ચાડિયાને શાન્તિનું પ્રતીક માનવું રહ્યું. પ્રકાશ વગરની રાત્રિમાં હું ઘોંઘાટ ઘૂંટું છું, ક્ષણેક્ષણ જીવવાનો મંત્ર ભણ્યે રાખું છું. જીવવું એ શાન્તિનો સત્યાગ્રહી અસહકાર છે. જન્મતાંની સાથે જ ખંડની શાન્તિ દોટ મૂકીને પાદરે નાસી જાય છે. પાદરે સ્મશાન એનું સ્વાગત કરે છે. સ્મશાનમાં ભેગી થયેલી શાન્તિમાં એ ભળી જાય છે. દરેક મનુષ્યે શાન્તિને ભગાડી છે, છતાં ય જ્યારે એ શાન્તિનો જાપ જપે છે ત્યારે એની ફરતે મહામાનવ હોવાનો દંભ વીંટળાઈ વળે છે. શાન્તિ એ ડોળ છે, દંભ છે.

ઘરમાં બાળકોના સતત ઘોંઘાટે કંટાળી જવાય છે. પણ બાળકોની અનુપસ્થિતિમાં ઊભી થતી શાન્તિ રુચતી નથી. સૂનુંસૂનું ઘર ખાવા ધાય છે. ગમે છે કોઈને આ શાન્તિ ?

શાબ્દિક રમતમાં શાન્તિનો અર્થ જટિલ નથી. છતાં ય શાન્તિની શક્ય તેટલી શ્રદ્ધેય વ્યાખ્યા આપવી અઘરી છે. પ્રચલિત વ્યવહારમાં શાન્તિ એ કેવળ ઉપલું આવરણ છે. જે અનુભવાય છે તે શાન્તિનો આભાસ માત્ર છે. નિર્જન જંગલમાંથી મધ્યરાત્રિએ એકલા પસાર થતી વખતે ચારે બાજુ વીંટળાયેલી શાન્તિ ભીંસે છે. એકલો મુસાફર શાંતિથી બીએ છે. એને પૂછો કે તને શાન્તિ ગમે છે ખરી ? એને મન શાન્તિ બિહામણી છે, આવી નીરવ શાન્તિએ જ ભૂતનો ખયાલ દૃઢ બનાવ્યો છે. સિસોટી વગાડતો મુસાફર સમયને ઓગાળે છે, શાન્તિને પડકારે છે, એનો પ્રતિકાર કરે છે.

અટકચાળું કરવાની ઉંમરવાળો છોકરો સૂનમૂન રસ્તા પરથી પસાર થતો જોઉં છું ત્યારે જીવતું મડદું સ્મરણપટ પર સવાર થઈ જાય છે. એની શાન્તિ મને કોરે છે. ગ્રીષ્મની બપોરે મહોલ્લામાં ઘોંઘાટ કરનારને શાન્ત રાખવા કોઈ પદયાત્રાએ નીકળતું નથી. એ જ ખરા બપોરે છાપરાંની છાંયમાં બેસીને ઘૂઘૂઘૂ કરતા સફેદ કબૂતરને શાન્તિનું પ્રતીક માનવા મારું મન તૈયાર નથી ! ખરા બપોરે તળાવમાં ભેંસને નિરાંતે બેઠેલી જોઈને એને શાન્તિની પ્રતીક બનાવવાનું મન થાય છે. એની અલસતા કેવી મનોહર છે ! જીભ કાઢીને હાંફતું કૂતરું નિરાંતે સતેજ નયને બેઠું બેઠું શાન્તિનો મંત્ર ભણે છે. છતાંય એની શાન્તિ ક્ષણની છે. કોઈના પગરવે એ ભસી ઊઠે છે.

ફિલ્મી ગીત જોરશોરથી ગાનારને અશાંતિનો ચાહક ગણીને જેલ પાછળ ધકેલાતો નથી. એ ગુનેગાર નથી. અશાંતિનો હિમાયતી લેખાતો નથી. યુદ્ધના વિરામની નોબત ફૂંકનાર શાંતિનો ફિરસ્તો નથી. માનસિક સ્ખલનો હોવા છતાં બાહ્ય રૂપ શાંતિમદ્દવું દેખાય છે. અશાંતિ કરવા અસમર્થ તે શાંતિચાહકો અશાંતિની અનુપસ્થિતિનો યે શોક કરે છે. છતાં ય એ સ્મશાનને સ્વર્ગ કહેતા નથી. ફિલ્મ કે નાટકમાં ક્યારેક વચ્ચે નીરવતા છવાઈ જતાં દિગ્દર્શકની ક્ષતિનો ઢોલ ટીપાય છે. બે-ઘડી શાન્તિનો મહિમા ગાનાર તરીકે એનું બહુમાન થતું નથી.

શાંતિ પ્રત્યેક યુદ્ધની પૂર્વભૂમિકા છે. અશાંતિની પ્રત્યેક ક્ષણ શાંતિનો યજ્ઞ છે.

ભયથી સર્જાતું વાતાવરણ તે શાંતિ.

શાંતિ સર્જાય છે એકાન્ત. એકાન્ત છે અનિષ્ઠોનું પ્રભવ-સ્થાન. શાંતિપાઠ કે શાંતિ હોમ કરનાર વાણીને આરાધે છે. શાંતિ એ વાણીનું ઉચ્છેદન છે. વાણીની શિથિલતાથી મન ચંચળ બને છે: ભ્િઅફૂર્િક્ૂ ત્ઞ્અફ ક્કંચ્અ દૈંચિંફૂિફ અફૂદ્ ફૂ અંરુફૂઁ કહેવું એ શાંતિનું યશોગાન છે. છતાં યે કોઈ મૂગાને પ્રેમી તરીકે પસંદ કરતું નથી. સહુને વાણીનાં નરવાં રૂપો માણવાં ગમે છે. પરોક્ષ રીતે એ શાંતિની અવરોધક ગતિને આવકારે છે.

શાંતિ સહુ ઝંખે છે. મનની શાંતિ મળવી દોહ્યલી છે. સઘળું ત્યજીએ ત્યારે તે મળે. એ પ્રાપ્ત કરવા યોગી બનવું પડે. આથી જ અશાંત પળોમાં સ્વસ્થતાથી શાંતિની વિશિષ્ટ કરવા જનાર કૃષ્ણને યોગેશ્વર રૂપે આપણે પૂજીએ છીએ

બેહદ શાંતિની ક્ષણો ભયંકર છે. શાંતિનું ગાણું ગાનારનું મન શાંત છે ખરું ? કવિની આંતરિક શાંતિ ખળભળી ઊઠે છે ત્યારે કવિતા જન્મે છે.

યંત્રયુગ શાંતિને ભક્ષી ગયો છે. પ્રત્યેક પળ યંત્રના કાબૂમાં છે. યંત્રો શાંતિનાં શત્રુ છે. ચારે કોર શોર સંભળાય છે. ઘડીભર બહેરાં થઈ જવાની આકાંક્ષા જન્મે છે. ન સાંભળી શકનાર માટે સર્વત્ર શાંતિ છે.

દેખીતી શાંતિમાં છુપાયેલો કોલાહલ ક્રાંતિનો જનક છે. દેખીતા કોલાહલમાં શાંતિ પામનારની સ્વસ્થતા કેટલી ભવ્ય છે !

છેલ્લાં કેટલાક દિવસથી ખરા બપોરે બારી પાસે બેસીને શાંત ચિત્તે વાંચતો હોઉં છું ત્યારે એક કાબર ક્લિકિલાટ કરી મૂકે છે. તેની તરફ જોઉં કે તરત જ તે ઊડીને જતી રહે છે. ઘડીભર શાંત મનમાં એના કિલકિલાટનો ધ્વનિ નૂતન પરિમાણ ઉમેરે છે. એ ધ્વનિથી થોડીક ક્ષણો અશાંત બની રહે છે. ક્ષણ માટે મારા વિચારતંતુને તોડીને પુનઃ શાંતિ સ્થાપિત કરતી કાબરની કવિતા રચવા મન લલચાય છે. આ કિલકિલાટ જ મારે મન શાંતિમંત્ર છે.

કશાય વળગણ વગર જીવાતું જીવન શાંતિમય હોઈ શકે. પ્રત્યેક ક્ષણ વળગણ છે. કેટલી ક્ષણો તોડવી મારે ? (૭૧૧-૭૧૨)

રોકવાનું મેં ધાર્યું હતું.

રસ્તા વચ્ચે ચાડિયો જોઈ તે તોફાની ચમક્યો. મને તરીને જવાનો તેણે પ્રયત્ન કર્યો. તેમ કરવા જતાં તે સડક પરથી નીચે ઢાળ તરફ ઊતરી પડ્યો. અહીં ઢાળમાં માટી અને રેતી હતી. પૈડાંઓ તેમાં ઊતરવા લાગ્યાં. વિફરેલો સાબરમતિયો ડાહ્યો બનીને ઊભો રહ્યો. ઊંડી ખાડ તો સડકની જમણી બાજુ પર હતી; અમે ઊતરી પડેલા સડકની ડાબી બાજુ પર. એટલે બહુ જોખમ હતું નહીં.

લાકડાં આપીને પાછા વળતી વખતે સાબરમતિયાને હું બહુ સન્માનપૂર્વક પાછો લાવેલો. ❑

ફારસી સાહિત્યની વાનગી

– નરીમાન સોરાબજી ગોળાવાળા –

ગઝનીના બાગમાં શાહ મહમૂદના દરબારના ત્રણ કવિઓ ઉન્સરી, ફરરોખી અને અસ્જદી ઉજાણી કરી રહ્યા હતા. ત્યાં એક પરદેશી આવી ચડ્યો. કવિઓએ આ પરદેશીને જોઈને અણગમો દાખવ્યો. એકે તેને મારી કાઢવાનો વિચાર કર્યો. બીજાએ કહ્યું કે નહિ, ટાઢે પાણીએ ખસ જાય એવું કાંઈ કરીએ. ત્રણે કવિઓને પોતાની કાવ્યશક્તિ માટે ખૂબ જ અભિમાન હતું. તેઓએ મસલહત કરી ફારસી ભાષાના એવા ત્રણ શબ્દો શોધી કાઢ્યા કે જેનો કાફિયો (પ્રાસ) મેળવવા ચોથો શબ્દ હોય જ નહીં. તેઓએ પેલા પરદેશીને જણાવ્યું કે અમે ત્રણ એકેક લીટી બોલીશું, તારે ચોથી લીટી રચી કાવ્ય પૂરું કરી આપવું. ન થઈ શકે તો અહીંથી ચાલ્યા જવું. પરદેશીએ નમ્રતા દાખવી શરત કબૂલ કરી.

કવિઓએ કાવ્ય-લડાઈ શરૂ કરી. ઉન્સરીએ પહેલી લીટી આમ રચી :

ચું આરે ઝે તો માહ્ નબાશદ્ રઉશન્

(તારા મુખ જેવો તો ચંદ્ર પણ ઝળકાટભર્યો નથી.)

ફરરોખીએ ઉમેર્યું :

માન્નદે રોખત્ ગુલ્ ન બુવદ્ દર્ ગુલશન્

(તારા ગાલ જેવું તો આ બાગમાં ગુલાબનું ફૂલ પણ નથી.)

અસ્જદીએ સૂર મેળવ્યો :

મેઝગાનત્ ગુઝર્ હમી કુનદ દર્ જઉશન્

(બખ્તરનેય વીંધે એવાં તારી આંખનાં પાંપણ છે.)

પરદેશી, જે કોઈ જ નહીં પણ શાયર ફિરદોસી હતો, તેણે શીઘ્ર કાફિયો પૂરો કર્યો :

માન્નદે સનાને ગીવ્ દર્ જન્ગે પશન્

(પશનની લડાઈમાં જેમ ગીવનો ભાલો)

આ ચારે લીટીનો અર્થ એક હિંદુ લેખકે આમ કર્યો છે :

સુંદરી, તારા વદનના તેજ આગળ ચંદ્રનું તેજ કુચ્છ વિસાતમાં નથી. તારા ગાલ સાથે હરીફાઈ કરે એવું ગુલાબફૂલ કોઈ પણ વાડીમાં મળે એમ નથી. તારા નેત્રકટાક્ષ કવચનુંયે વિદારણ કરવા સમર્થ છે. તેને ઉપમા તો પશનના યુદ્ધમાં મહારથી ગીવના ભાલાની જ શોભે.

*

મોગલ શાહનશાહ જહાંગીર પત્ની નૂરજહાન કવિ હતી. જહાંગીર પણ તેવો જ રસિક હતો. બંને એકલાં હોય ત્યારે કાંઈ ને કાંઈ કાવ્યગોષ્ટિ કરે. એક દિવસ મહેલની અટારીએ ઊભાં રહી તેઓ નીચે રસ્તા ઉપરથી જતા રાહદારીઓનો મહેમાર જોઈ રહ્યાં હતાં. કેટલાંક માણસોને ઘડપણને લીધે કમરેથી વાંકા વળીને જતાં જોઈ જહાંગીરે પૂછ્યું :

ચરા ખમ ગશ્તેહ્ મી ગરદન્દ પીરાને જહાન દીદેહ

(આ માણસો પોતાનાં શરીર વાંકાં વાળીને કાં ચાલી રહ્યાં છે ?)

નૂરજહાંને તરત જવાબ આપ્યો :

બઝીરે ખાક મી જુયન્દ અય્યામે જવાની રા

(કારણ કે તેઓ પોતાની યુવાનીના દિવસો ધૂળમાંથી શોધી રહ્યા છે)*

દરબારની એક ખૂબસૂરત યુવતી બોલતાં તોતડાતી હતી. એ બોલવા જાય ને બધા હસી પડે. એની મૂંઝવણ જાણીને દરબારના એક કવિએ નીચલી ટૂકોથી એનો બચાવ કરી દીધો :

ઝ લકનત્ નીસ્ત્ આન મેહ રા સુખન્ કે
ઝ દયર્ મી આયદ્
જુદાઈએ અઝ આન્ દહાને ઊ સુખન્ રા
આર મી આયદ્

(આ ચંદ્રમુખીના શબ્દો તેના ઓષ્ઠ વાટે ધીમે ધીમે બહાર પડે છે તે કાંઈ તેના તોતડાપણાને લીધે નહીં; ખરું કારણ તો એ છે કે શબ્દો એના મીઠા મુખથી જુદા પડવા જ નથી માગતા !)

*

ફારસી સાહિત્યમાં 'સવાર પડી', 'સૂર્ય ઊગ્યો', 'રાત થઈ' એ કહેવા માટે અલંકારી ભાષા ભરપૂર છે. એમાં શાયર ફિરદોસીએ કમાલિયત દેખાડી છે. બે ઉદાહરણ :

બબૂર્ઝે બરહ તાજ બર્ સર્ નેહાદ્,
અઝૂ ખાવરો બાખ્તર્ ગશ્ત્ શાદ.

(મેષ રાશિમાં પ્રવેશીને સૂરજે પોતાને માથે તાજ મૂક્યો ત્યારે પૂર્વથી પશ્ચિમ સુધીની દુનિયા ખુશાલ બની.)

બહાનગહ કે ખુર્ ચાદરે મુશ્કબૂય્,
બેદરદીદો બર ચર્ખ બેન્મૂદ રૂય્.

(સૂરજે કાળી કસ્તૂરીની સુવાસિત ચાદર ફાડી નાખીને આકાશ ઉપર પોતાનું મુખ ખુલ્લું કર્યું.)

* સરખાવો કવિશ્રી દલપતરામનું કાવ્ય 'કેડેથી નમેલી ડોશી'.

ગદ્યકવિ બાણભટ્ટનો

આત્મવૃત્તાન્ત

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી –

સંસ્કૃત સાહિત્યના ગદ્યકવિઓમાં કવિ બાણભટ્ટનું સ્થાન અનુત્તમ રહ્યું છે. તે સમયે ગદ્યસાહિત્યના બે પ્રકાર પ્રચલિત હતા : કથા ને આખ્યાયિકા. કથાનું વસ્તુ સામાજિક નવલકથા જેવું ને આખ્યાયિકાનું વસ્તુ ઐતિહાસિક નવલકથા જેવું રચાતું. બાણભટ્ટે આ બંને પ્રકારની ઉત્તમ કૃતિઓ રચી : કથામાં 'કાદંબરી' અને આખ્યાયિકામાં 'હર્ષચરિત'. કથાના પ્રાસ્તાવિક શ્લોકોમાં અને આખ્યાયિકાના પ્રારંભિક ઉચ્છ્વાસો(પ્રકરણો)માં કવિનો આત્મવૃત્તાંત આપવામાં આવતો. આ પ્રથાને લીધે આપણને આવા એક પ્રખર કવિનો આત્મવૃત્તાંત જાણવાની સારી તક રહી છે. કાદંબરીના પ્રાસ્તાવિક શ્લોકોમાં તો આત્મવૃત્તાંતની ઘણી આછી રૂપરેખા મળે છે, પરંતુ હર્ષચરિતમાં એ વૃત્તાંત સારા વિસ્તારથી આપેલો છે. એમાંય કવિએ પોતાના સમગ્ર જીવનની રૂપરેખા નહીં, પરંતુ જીવનના અમુક પ્રસ્તુત ભાગની જ હકીકત આપી છે; છતાં જે હકીકત આપી છે તે કુટુંબના તેમ જ તેના પોતાના જીવનની માહિતી માટે ઘણી રસપ્રદ છે.

એક પ્રસંગે બ્રહ્મલોકમાં મુનિઓ વિદ્યાવિવાદ કરતા હતા, ત્યારે મુનિ દુર્વાસાએ સમ ગાવામાં સ્વરદોષની ભૂલ કરી. એ સાંભળી દેવી સરસ્વતીને હસવું આવ્યું. આથી કોપાયમાન થઈ દુર્વાસાએ સરસ્વતીને શાપ દીધો : 'નીચે જા, મર્ત્યલોકમાં.' પછી પિતામહે અનુકંપાથી આ શાપ ભોગવવાના કાળની મુદત બાંધી.

સરસ્વતીએ પૃથ્વી પર ઊતરીને શોણ નદના પશ્ચિમતીરે નિવાસ કર્યો. ત્યાં તેને સુકન્યા-ચ્યવનના પુત્ર દધીચ મુનિ સાથે સ્નેહ થયો. થોડા વખતના સહવાસ પછી આ દંપતીને ત્યાં પુત્ર જન્મ્યો. હવે પોતાના શાપની મુદત પૂરી થઈ એમ જાણી સરસ્વતી પોતાના પુત્રને સર્વ વિદ્યાકલાની સિદ્ધિનું વરદાન આપી બ્રહ્મલોકમાં પાછી ફરી. દધીચ મુનિ પણ પોતાનો પુત્ર અક્ષમાલા નામે ભાભીને સોંપી વનમાં તપ કરવા ચાલ્યા ગયા. અક્ષમાલાને પોતાનો એક એવડો પુત્ર હતો. સરસ્વતીના પુત્રનું નામ 'સારસ્વત' અને અક્ષમાલાના પુત્રનું નામ 'વત્સ' રાખવામાં આવ્યું.

મોટો થતાં સારસ્વત્ પોતાની સર્વ વિદ્યા વત્સને આપી, પોતે તપસ્વી બની, પિતાની પાસે ચાલ્યો ગયો. વત્સ ગૃહસ્થ બની એ પ્રદેશમાં પ્રીતિકૂટ નામે નિવાસ રચી ત્યાં જ રહેવા લાગ્યા. વત્સના વંશમાં જન્મેલા બ્રાહ્મણો વાત્સ્યાયન કહેવાયા.

આ વાત્સ્યાયન વંશમાં આગળ જતાં કુબેર નામે એક વિખ્યાત દ્વિજ થયા, જે ગુપ્ત રાજાઓનું સન્માન પામ્યા હતા. તેમને ચાર પુત્ર હતા : અચ્યુત, ઈશાન, હર અને પાશુપત. પાશુપતના પુત્ર અર્થપતિને અગિયાર પુત્ર હતા. તેમાંથી આઠમા પુત્ર ચિત્રભાનુને રાજદેવી નામે પત્ની હતી. આ દંપતીને ત્યાં બાણનો જન્મ થયો. બાળપણમાં જ બાણની માતાનું મૃત્યુ થવાથી, તેને ઉછેરવાનું કામ પિતાએ સંભાળ્યું. ઉંમર લાયક થતાં તેને ઉપનયનાદિ સંસ્કાર કરવામાં આવ્યા. એમ કરતાં કરતાં તે ચૌદ વર્ષનો થયો, ત્યારે વળી તેના પિતા દેવલોક પામ્યા. દૈવના આ બીજા પ્રહારનો કારી ઘા રુઝાતાં ઘણા દિવસ લાગ્યા. કાદંબરીમાં પોપટનાં બચ્ચાંની વાતમાં બાણે જાણે પોતાની આ બધી આપવીતી જ આલેખી લાગે છે.

એકલો પડેલો બાણ હવે છોકરવાદના છંદે ચડ્યો. તેને હવે દૂર દૂર સ્વૈરવિહાર કરવા જવાની તાલાવેલી લાગી. તેના સરખેસરખા મિત્રો અને સાથીઓ તો તૈયાર જ હતા. તેમાં કોઈ ભાષાકવિ હતા, કોઈ વર્ણકવિ હતા, કોઈ ભાટ હતા, કોઈ ગારુડી હતા, કોઈ તંબોળી હતા. કોઈ વૈદ હતા, કોઈ સોની હતા, કોઈ લેખક હતા, કોઈ ચિત્રકાર હતા, કોઈ ગાયક હતા, કોઈ ચારણ હતા, કોઈ જુગારી હતા, કોઈ નર્તક હતા, કોઈ ભિક્ષુ હતા, કોઈ સાધક હતા, કોઈ જાદુગર હતા, કોઈ સંન્યાસી હતા, તો કોઈ ભિક્ષુણી હતી, કોઈ સૈરન્ધ્રી હતી, કોઈ નર્તકી હતી ! બાણના મિત્રમંડળમાં આવાં ચાળીસ-પિસ્તાળીસ સ્ત્રીપુરુષ હતાં. પોતાના ઘરમાં જ વિદ્યા તેમ જ વસુનો વિભવ હોવા છતાં બાણ એના અનેક સાથીદારોને લઈને સ્વૈરવિહાર કરવા નીકળી પડ્યો. પ્રવાસ દરમ્યાન મોટાં રાજકુળો, ગુરુકુળો ને વિજ્ઞાનમંડળોનો લાભ લેતો લેતો તે લાંબા સમયે પોતાને વતન પાછો ફર્યો ને ત્યાં બાંધવોનાં ભવનોમાં ભમતો સુખે રહેવા લાગ્યો.

ધગધગતા ઉનાળાની એક સાંજે તે જમીને ઘેર બેઠો હતો, ત્યારે ચક્રવર્તી હર્ષદેવના ભાઈ કૃષ્ણે મોકલેલો માણસ તેની પાસે આવ્યો. તે સંદેશો લાવ્યો કે, 'દુર્જનોએ ચક્રવર્તીને તમારે વિષે આડુંઅવળું ભરમાવ્યું છે ને ખરાખોટાની તપાસ કરતાં અમને જણાયું છે કે તે ખરું નથી. નાનપણમાં તો દરેક જણ છોકરવાદને છંદે ચડે. અમે ચક્રવર્તીને આવો ખુલાસો કર્યો છે. તો તમે હવે વિના વિલંબે રાજકુળની મુલાકાતે આવી જાઓ. સંદેશો લાવનારને મેમાલકના જમવા-રહેવાનો બંદોબસ્ત કરીને બાણે મનોમંથન કર્યું : 'શું કરવું ? એક બાજુ રાજાનો પૂર્વગ્રહ, બીજી બાજુ નિઃસ્વાર્થ કૃષ્ણનો સંદેશો ! ને નોકરીથી તોબા ! તેમાંય મોટા રાજકુળનાં મૂળ ઊંડાં ! નથી ત્યાં કંઈ ઓળખાણ-પિછાણ છતાં જવું છે જરૂર.'

બીજે દિવસે સવારે ઊઠીને, સ્નાનસંધ્યા કરીને, મહાદેવની પૂજા કરીને, અગ્નિહોમ કરીને, શુક્લ વસ્ત્ર પહેરીને, માલતી ફોઈ પાસે પ્રવાસનો મંગલવિધિ કરાવીને, શુભ મુહૂર્ત જોઈને બાણે પ્રીતિકૂટથી પ્રયાણ કર્યું. પહેલે દિવસે મલ્લકૂટ ગામે પહોંચ્યો ને ત્યાં

જગત્પતિ નામે સ્નેહીને ત્યાં રહ્યો. બીજે દિવસે ગંગા નદી ઓળંગીને દૃષ્ટિગ્રહક ગામમાં રાત ગાળી. ત્રીજે દિવસે મણિતાર નગર પાસેની રાજછાવણીએ પહોંચ્યો.

સ્નાન-ભોજનથી પરવારી સાંજના તે છાવણીના જુદા જુદા ખંડ જોતો જોતો રાજભવનને દરવાજે પહોંચ્યો. પછી દ્વારપાળ દ્વારા પરવાનગી મેળવીને તે અંદર દાખલ થયો. પહેલા ખંડમાં દર્પશાત નામે ગજરાજનું નિરીક્ષણ કર્યું. પછી ચોથા ખંડમાં બિરાજેલા ચક્રવર્તી હર્ષને જોયા. રાજાએ પૂછ્યું, 'આ પેલો બાણ ? એને એમ ને એમ મુલાકાત ન આપું'. એમ કહી પાછળ બેઠેલા માલવદેશના રાજપુત્રને કહે, 'આ ભારે લહેરી છે.'

બાણે વિનયથી જવાબ દીધો, 'દુનિયાની વાતો જાતજાતની હોય છે. મહાન માણસોએ ખરી વાત જોવી જોઈએ. મારે માટે આડુંઅવળું ધારવું ન ઘટે. હું સોમપાયી વાત્સ્યાયનના વંશમાં જન્મેલો બ્રાહ્મણ છું. સમયસર ઉપનયનાદિ સંસ્કાર કર્યા છે. વેદવેદાંગ બરાબર ભણ્યો છું, શાસ્ત્રોનું શિક્ષણ લીધું છે. વિવાહ કરી ઘરબારવાળો બન્યો છું. આમાં મારું શું લહેરીપણું છે ? નાનપણમાં નિર્દોષ છંદે ચડેલો ખરો, પણ હવે તો મનમાંય અવિનયનો ભાવ દેખા દેતો નથી. વખત જતાં આપ પોતે જ મને પિછાનશો.'

રાજાએ કહ્યું : 'આવું અમે સાંભળ્યું'તું.' ને પછી મૌન સેવ્યું. પછી સૂર્યાસ્તનો સમય થતાં રાજાએ દરબાર બરખાસ્ત કર્યો. તે દિવસે બાણ પર માત્ર દૃષ્ટિપાતની કૃપા થઈ. છતાં બાણને રાજાની સમજ વિશે એકંદરે સારી છાપ પડી. પછી તો તે એ સ્થળે વધુ રોકાયો ને દિવસે દિવસે રાજાને તેનો ખરો ખ્યાલ આવતો ગયો. થોડા જ દિવસમાં લહેરી ગણાતો બાણ રાજાનો માનીતો થયો. આમ, અંતે બાણને હર્ષના દર્પ વિશેનો તેમ જ હર્ષને બાણના સ્વચ્છંદ વિશેનો પૂર્વગ્રહ દૂર થયો. પછી તો એ મહાકવિએ પોતાના પિતરાઈઓના આગ્રહથી હર્ષનું ચરિત રચ્યું. સંસ્કૃત આખ્યાયિકા-ઓમાં આ 'હર્ષ-ચરિત' અગ્રિમ સ્થાન ધરાવે છે. (૩૦૦)

અથાણું

એક સ્ત્રી (પાડોશણને) : અમે આવતા અઠવાડિયે નવા મકાનમાં રહેવા જઈશું. ત્યાં અમને બહુ જ સારો પાડોશ મળશે.

પાડોશણઃ ને અમને પણ હવે તો મળવાનો.

સ્ત્રી : કેમ, તમે પણ મકાન બદલવાનાં છો ?

પા. : ના, અહીં જ રહેવાનાં છીએ, એટલે !

•

'રમણલાલે પોતાનાં જોડકાં બાળકોને ઓછે ખર્ચે કેળવવાનો નવો રસ્તો શોધી કાઢ્યો છે !'

'શો !'

'તે એકને સવારે અને બીજાને સાંજે નિશાળે મોકલે છે, ને ફી એકની જ ભરે છે.'

•

બાપા : (વાંચતાં વાંચતાં વિચારમાં પડી ગયેલા રમેશને) કેમ, શો વિચાર કરે છે ?

રમેશ : એ જ કે, માછલીનાં બચ્ચાં તરતાં શીખ્યાં પહેલાં ડૂબી કેમ નહિ જતાં હોય ?

•

હોટેલમાં એક ગ્રાહકે બીજાને કહ્યું, 'મને લાગે છે કે આપણે અગાઉ મળ્યા છીએ.'

'એમ ? તમે શું મને ઓળખો છો ?'

'તમને નહિ પણ તમારી છત્રીને. ત્યારે તે તમારી પાસે નહિ, પણ મારી પાસે હતી.'

•

એક કવિ ખરીદી માટે બજારમાં જતા હતા. તેની પત્નીએ તેને બે રૂપિયા આપ્યા અને કહ્યું કે એકની ખાંડ લાવજો ને બીજાનો ગોળ લાવજો. થોડી વારે કવિ ખાલી હાથે પાછા ફર્યા.

પત્નીએ પૂછ્યું : 'કેમ પાછા આવ્યા ?'

કવિ : 'હું એ પૂછવું ભૂલી ગયો કે કયા રૂપિયાની ખાંડ અને કયા રૂપિયાનો ગોળ લેવો.'

•

શિક્ષક : ચાલો જોઈએ, બિહારમાંથી આપણે ત્યાં શું આવે છે?

છોકરો : 'મને ખબર નથી.'

શિક્ષક : 'કેમ સાકર ક્યાંથી આવે છે તેની તને ખબર નથી ?'

છોકરો : 'એ તો અમે પાડોશીને ત્યાંથી ઉછીની લાવીએછીએ.'

•

'તમે પ્રતિવાદીને હિસાબો બતાવ્યા ?' વકીલે અસીલને પૂછ્યું.

'હા, સાહેબ.! અસીલે જવાબ દીધો.

'તો પછી તેણે શું કહ્યું ?

'કહે કે જહન્નમાં જા.'

'એટલે પછી તમે શું કહ્યું ?'

'હું સીધો તમારે ત્યાં આવ્યો.'

•

નાસ્તો પૂરો કરી ગ્રાહકે મેનેજર પાસે જઈ કહ્યું, 'તમારું રસોડું બહુ સ્વચ્છ હોવું જોઈએ.'

'આપનો આભાર.' મેનેજર બોલ્યા, 'મેં તો જાણ્યુ કે આપ કંઈક ફરિયાદ કરવા આવ્યા હશો. પણ આપને અમારું રસોડું ચોખ્ખું છે એવો ખ્યાલ શાથી આવ્યો ?'

'કારણ કે લગભગ એકેએક ચીજમાં સાબુનો સ્વાદ આવે છે.' ગ્રાહકે શાંતિથી કહ્યું.

•

'પંદર વરસ સખત મજૂરી સાથે જેલ, ને પછી દેશપારી' – ન્યાયાધીશે સજા જાહેર કરી, ને પછી આરોપીને પૂછ્યું, 'તારે કૈં કહેવું છે !'

'હા જી' આરોપી બોલ્યો 'પહેલાં મને દેશ પાર કરવામાં આવે.


(૪૫૩)

ભુલાઈ ગયેલી કચ્છીલિપિ

રામસિંહજી રાઠોડ

કચ્છી ભાષાને પોતાની લિપિ પણ હતી એ કેટલા લોકો જાણે છે ? અત્યાર લગી તો કચ્છી ભાષાની લિપિ નથી એમ ચોક્કસપણે મનાતું આવ્યું છે અને છચોક કહેવાતું આવ્યું છે, કેમ કે કચ્છી ભાષાનું જે સાહિત્ય લખાયું છે કે ગ્રંથસ્થ થયું છે તે ક્યારેક પ્રથમ નાગરીમાં અને પછી તો ગુજરાતી લિપિમાં જ હમેશાં રજૂ થતું આવ્યું છે. કોઈએ કચ્છી ભાષાની પોતીકી લિપિમાં તેનું લખાણ કર્યું હોય તેવી નોંધ કે ઉલ્લેખ ક્યાંય ઉપલબ્ધ નથી. કાળબળે અને સ્થળભેદે ઐતિહાસિક સંજોગોમાં કચ્છી લિપિ અગોચર બની ગઈ, ભુલાઈ ગઈ ને ભૂંસાઈ પણ ગઈ. કચ્છી લિપિનો જાણે લોપ થયો અને કચ્છી 'ભાષા' કચ્છી 'બોલી' બની રહી.

સંસ્કૃત બોલાવાનો લોપ થયો, પરંતુ સંસ્કૃતની નાગરી લિપિએ તેની ભાષાને જીવતી રાખી. એ એક પ્રબળ અને સબળ લિપિ છે અને હિંદી, મરાઠી આદિ ભારતની ભાષાઓની લિપિ બની રહેવા ઉપરાંત ગુજરાતી, બંગાળી, શારદા, ગુરુમુખી વગેરે પ્રદેશભાષાઓની લિપિઓની તે જનેતા પણ છે. એ જ રીતે સંસ્કૃત ભાષા અને દેવનાગરી લિપિ કચ્છી ભાષા (કચ્છી બોલી) અને કચ્છી લિપિની જનેતા છે. કચ્છી 'બોલી' નહિ પણ 'ભાષા' છે અને કચ્છી ભાષાને તેની આગવી લિપિ પણ છે એમ પ્રસ્થાપિત કરવાનો આ પ્રયત્ન છે.



Δ જૂની કચ્છી કલાપ્રતો તથા 'ખીજકી' વાચનમાળાના આધારે કરેલો ગુજરાતી કચ્છી ને ખીજકી મૂળાક્ષરોનો તુલનાત્મક આલેખ (કૉપીરાઈટ : રામસિંહજી રાઠોડ)

કચ્છમાં અને કચ્છ બહાર કચ્છી વસાહતોમાં, કચ્છી કોમમાં કચ્છી ભાષા કાયમ રહી છે. જે પ્રદેશમાં જે ભાષા કે જે લિપિ વપરાતી હોય અને જે સર્વગ્રાહ્ય હોય તે જ ત્યાં પ્રચલિત રહી ત્યાં પ્રાબલ્ય પામે છે. એ દૃષ્ટિએ કચ્છી લિપિ કચ્છમાં સર્વસ્વીકૃત ન રહેતાં કચ્છી લખાણ ગુજરાતી લિપિમાં અને કચ્છનો ભાષાવ્યવહાર ગુજરાતીમાં ચાલુ રહ્યો છે. પરિણામે પોતાના પ્રાદેશિક આગવા અને અલગ સંસ્કારવાળી કચ્છી કોમને કચ્છી લિપિનો અભાવ હીણપતભર્યો લાગ્યા કર્યો છે. એ સંજોગોમાં સમયે સમયે કચ્છીની નવી લિપિ ઊભી કરવાના, તેને પ્રચલિત કરવાના પણ કેટલાક નાકામયાબ નીવડેલા પ્રયત્નો થવામાં છે. પરંતુ બેનજર બની ઓઝલ થયેલી કચ્છીની મૂળ લિપિ સંભારવાની કે તેનો વ્યવહારમાં ઉપયોગ કરવાની હેસિયત કોઈમાં થઈ નહિ.

ભારતની આઝાદી હાંસલ થવાના કાળ લગી કચ્છમાં ચાલતી આગાખાનની ખોજા કોમની શાળાઓમાં 'ખોજકી' શીખવવામાં આવતી. અસલ કચ્છી લિપિમાંથી પરંપરામાં આ 'ખોજકી' લિપિ વિકસિત થયેલી છે. ધર્મની ભાષા તરીકે ખોજાઓનાં ધર્મપુસ્તકોમાં એ વપરાતી રહીને સચવાઈ અને છતાંય ગૂઢ બની રહી.

'મામૈની વાણી'ના* અસલી ફકરાઓમાં કચ્છી લિપિ વપરાઈ છે. વણિકઅખર અને હટાઈ ભાષામાં કેટલાક કચ્છી લુહાણા અને ભાટિયા વેપારીઓ તેમના ચોપડા લખવામાં આ કચ્છી લિપિને એક ગૂઢ સાંકેતિક અક્ષરો તરીકે ઉપયોગ હમણાં લગી કરતા આવ્યા હતા; અને તે 'વણિક અખર' કે 'હટાઈ ભાષા' તરીકે ઓળખાતી હતી. નારાયણસરમાં ગોરના જૂના ચોપડાઓમાં યાત્રિકોની રહેતી નોંધમાં એવી કચ્છી લિપિમાં કરાયેલી સહીઓ

* ભાવિની આગાહીની વાણી.

આ લખનારને ઉપલબ્ધ થઈ છે.

હાર્વર્ડ યુનિવર્સિટી માટે 'ખોજકી ધર્મને વ્યવહાર' એ વિષય ઉપર જેમણે પોતાનો મહાનિબંધ તૈયાર કર્યો છે એ કેમ્બ્રિજમાં રહેતાં કચ્છનાં ખોજા બહેન કુમારી ગુલશન ખાકી સાથે ૧૯૭૦-૭૧માં 'ખોજકી કચ્છી'ના સંશોધનનું કેટલુંક ક્ષેત્રકામ આ લખનારે કર્યું હતું. કેરા, ભારાપર, મુંદ્રા અને સિનોગ્રા-નાંગલપુરમાં આગાખાનની શાળાઓમાં એ ચાલુ હતી ત્યાં લગી તેમાં ચાલતી ધાર્મિક ભાષા 'ખોજકી' માટે અમે ત્યારે ખાંખાંખોળાં કરેલાં ત્યારે આ એ વારે વિષયમાં વિશેષ ઊંડાં ઊતરતાં અમને 'કચ્છી-લિપિ'ના અસ્તિત્વનો પરિચય થયો. એ ઉપરથી જૂની મળેલી હસ્તપ્રતોના આધારે તેમ જ ખોજકી કચ્છીની વાચનમાળાના મૂળાક્ષરોને અનુસરીને ત્યાર પછી 'કચ્છી લિપિ'નો ઉભો કરેલો સરખામણીનો આલેખ આ સાથે રજૂ કર્યો છે. તેથી પ્રસ્થાપિત થાય છે કે કચ્છી ભાષાની લિપિ પણ છે. વ્યવહારમાં એ ભલે લોપ પામી હોય, પરંતુ જૂની હસ્તપ્રતો અને પ્રાચીન અવશેષોમાં એ ઉપલબ્ધ રહી છે. એટલે 'કચ્છી ભાષા' તેની આગવી લિપિ અને વાણી ધરાવે છે. સંસ્કૃતમાંથી ઊતરેલી કચ્છી જબાનની અજનબી અજબ છે. 'કચ્છી' એક વિરલ ભાષા છે.

વાણી-વ્યવહારના જે સામાન્ય નિયમ છે તદનુસાર બૃહદ્ સમાજમાં લઘુ સમાજ સેળભેળ થાય ત્યારે મોટાં જૂથની ભાષા વ્યવહારમાં સર્વસામાન્ય બને છે અને સર્વસ્વીકૃત થાય છે. નાના જૂથની માતૃભાષા ગૃહભાષા બનતે સીમિત થતી જાય છે. આવી કાંઈક પ્રક્રિયાની અસર તળે કચ્છીની લિપિ પણ અગોચર બની રહી. સમર્થ ભાષાવિદ્ શ્રી ગ્રીઅરસને પણ કચ્છી ભાષાની જે નોંધ લીધી છે તે પણ ગુજરાતી લિપિમાં ઉતારી છે. એ રીતે આધુનિક સાંભરણમાં કચ્છી બોલી ગુજરાતી લિપિમાં જ છપાતી ને લખાતી રહી છે. પરિણામે આજે કચ્છની ભાષા કચ્છી સાથે ગુજરાતી થાય છે અને એ ભાષાની લિપિ ગુજરાતી બની રહી છે. (૬૩૧)

ગણિત-ગમ્મત

— રસિક એસ. શાહ —

કોઈ પણ રકમનો વર્ગમૂળ કાઢવાની રીત તો શાળામાં શીખવાય છે, પરંતુ ઘનમૂળ (અંગ્રેજીમાં જેને ક્યૂબરૂટ કહે છે તે) કાઢવાનો આવે તો શું કરો ? કૉલેજમાં ગણિતશાસ્ત્ર લેતા વિદ્યાર્થી 'લૉગેરિધમ્સ'ની મદદથી તે કાઢી શકે, પણ તેમાંયે વાર તો લાગે જ.

જો આપેલી રકમ, ૧૦થી ૯૯ સુધીના કોઈ પણ બે આંકડાના મૂળની સંપૂર્ણ ઘન રકમ હોય તો, તેમાંથી નીચેની રીતે ઘનમૂળ નીકળી શકશે. એ સૌને ગમશે ને સહેલી પણ પડશે. એમાં માત્ર થોડી બાબતો યાદ રાખવાની છે. એ યાદ હોય તો ગમે ત્યારે, ગમે તે રકમનો તમે જવાબ કાઢી શકો

ઘન રકમ	છેલ્લો આંક	ઘનમૂળમાં મૂકવાનો આંક
૧×૧×૧=૧	૧	૧
૨×૨×૨=૮	૮	૨
૩×૩×૩=૨૭	૭	૩
૪×૪×૪=૬૪	૪	૪
૫×૫×૫=૧૨૫	૫	૫
૬×૬×૬=૨૧૬	૬	૬
૭×૭×૭=૩૪૩	૩	૭
૮×૮×૮=૫૧૨	૨	૮
૯×૯×૯=૭૨૯	૯	૯
૦×૦×૦=૦૦૦	૦	૦

બસ, આટલું જ યાદ રાખવાનું. હવે નીચે પ્રમાણે રીત અજમાવો :

(૧) આપેલી ઘન રકમ લો. તેના છેલ્લા અંક ઉપર નિશાની કરો. પછી બે અંક છોડો અને તે પછીના અંક પર નિશાની કરો.

(૨) હવે એ રકમનો છેલ્લો અંક જુઓ અને તેને માટે ઉપરના કોઠામાં ઘનમૂળમાં મૂકવાનો જે આંક આપ્યો હોય તે એક કાગળ પર મૂકો. દાખલા તરીકે છેલ્લો અંક ૩ હોય તો કાગળમાં ૭ મૂકવો. (આમાં ફક્ત ૮, ૭, ૩ અને ૨માં જ યાદ રાખવાનું છે, બાકી તો છેલ્લો અંક અને ઘનમૂળમાં મૂકવાનો અંક એક જ છે.)

(૩) હવે તમે જ્યાં બીજી નિશાની કરી હોય ત્યાં સુધીની પહેલેથી આખી રકમ લો, અને તેથી વધુ રકમ, કોઠાના પહેલા ખાનામાં વધુમાં વધુ જે રકમ આપી છે તેમાંથી શોધો; ને તેનો ઘનમૂળમાં મૂકવાનો આંક નં. ૨ વડે મૂકેલા આંકની આગળ મૂકી દો. તમારો જવાબ તૈયાર.

દા.ત. બીજી નિશાની કર્યા સુધીની રકમ ૨૯ છે. તેમાંથી વધુમાં વધુ ૨૭ જઈ શકે તેમ છે એટલે તેનો ઘનમૂળનો આંક ૩ છે તે મૂકવો.

આટલું જાણ્યા પછી સ્પષ્ટતા માટે થોડાં ઉદાહરણ લઈએ. દાખલા તરીકે ૬૮૯૨૧નું ઘનમૂળ શોધવું છે. તો પ્રથમ તો છેલ્લા અને છેલ્લેથી ચોથા આંક ઉપર નિશાનીઓ મૂકો. એટલે ૬૮' ૯૨૧' થયું.

હવે (૨) પ્રમાણે છેલ્લો આ રકમનો અંક ૧ છે, તો તમે યાદ રાખેલા કોઠામાં બતાવેલા ઘનમૂળમાં મૂકવાનો અંક ૧ કાગળ પર મૂકો.

પછી, બીજી નિશાની સુધીની રકમ ૬૮' છે તેમાં વધારેમાં વધારે ૬૪ બાદ થઈ શકે; એટલે તેનો ઘનમૂળનો અંક (કોઠા પ્રમાણે) ૪ છે તે ૧ની અગાઉ મૂકો; એટલે ૪૧ થયા. એ જવાબ.

બીજો દાખલો લઈએ : ૯૭૦૨૯૯નું ઘનમૂળ કાઢવું છે. તો નં. ૧ પ્રમાણે ૯૭૦' ૨૯૯'; નં. ૨ પ્રમાણે છેલ્લો=૯' તેનો અંક ૯; નં. ૩ પ્રમાણે ૯૭૦' ૭૨૯'; તેનો પણ છેલ્લો અંક ૯; એટલે જવાબ=૯૯.

ઉદાહરણ ૩ : ૧૭૫૭૬. રીત : નં. ૧ પ્રમાણે ૧૭' ૫૭૬'; નં. ૨ પ્રમાણે છેલ્લા અંક ૬'નો અંક પણ ૬; અને ૩ પ્રમાણે ૧૭'='=૧૭-૮=તેનો આંક ૨; એટલે જવાબ=૨૬.

માનવજાતિના અક્ષય કલ્પવૃક્ષ **કુમારમાંથી** જ જગના પુરુષોત્તમો પાંગર્યા છે

– રમણલાલ વ. દેસાઈ –

માનવજાતને પ્રભુએ વરદાન આપ્યું. એ વરદાન તે કુમાર. માનવી જે જે માગે છે તે તે કુમાર આપે છે. દુનિયા જે કંઈ કહે છે તે કુમાર બને છે. માનવીનું કલ્પવૃક્ષ તે કુમાર.

એક પ્રભુદ્રોહી રાક્ષસ હતો. સર્વવ્યાપી સર્વસમર્થ સત્તાનો તે અનાદર કરતો હતો. પ્રભુની ભક્તિને તે પાપ માનતો-મનાવતો હતો. ભક્તિ વગર ગૂંગળાઈ ગયેલી પ્રજાએ એક ભક્ત માગ્યો. રાક્ષસનો જ કુમાર એ ભક્ત બની ઊભો. પ્રભુને પાણીમાં, પથ્થરમાં, પાવકમાં પ્રગટ કરી તેણે પ્રભુમહિમા પ્રત્યક્ષ કરાવ્યો. પ્રભુદ્રોહી યુગને ભક્તની જરૂર પડી ત્યારે કુમારમાંથી જ પુણ્યશ્લોક ભક્ત પ્રહ્‌લાદ વિકસ્યો !

આર્યો નર્મદાકિનારે આવી અટક્યા. કદાચ આર્યોનું આર્યત્વ ત્યાં સુધીમાં ખૂટી ગયું હશે. પરંતુ આર્યત્વ તો જગતભરમાં ફેલાવા માટે સર્જાયેલું છે. તે નર્મદાનાં નીર કે વિંધ્યાની દીવાલો આગળ જ કેમ અટકી જાય ? એક કુમારમાં એ આર્યત્વ મૂર્તિમંત બની આખા દક્ષિણ ખંડ ઉપર ફેલાઈ ગયું. એ કુમાર તે રામ. તેણે હોડી ચલાવનારં ખારવાને આર્ય બનાવ્યો; ગીધ જેવાં પક્ષીઓનાં નામ ધારણ કરનાર વનવાસી જટાયુને આર્ય બનાવ્યો; ભીલડી શવરીને આર્ય બનાવી; વાનર સરખા ચપળ ને મસ્તીખોર દ્રવીડોમાં આર્યત્વ રેડ્યું; એટલું જ નહીં પરંતુ ભીષણ રાક્ષસોને પણ આર્યત્વના ઉપાસકો બનાવ્યા. આદર્શ આર્ય કોણ ? એક કુમાર. આદર્શ આર્યત્વ કયું ? એક વચન, એક બાણ અને એક પત્ની. એવો એકટેકી આર્ય કુમાર રાજા બને તો ? પ્રજાસેવા જ એ રાજાના આર્યત્વનો અર્ક. આર્યાવર્તનો આદર્શ કોણ ? કુમાર રામ. છેક આજ સુધી પણ તે જ આદર્શ રહ્યો છે. કુમારમાંથી પતિતપાવન રામનું પ્રાકટ્ય થયું.

પિતાને પદભ્રષ્ટ કરી, ભાઈભાંડુને કારાગૃહમાં પૂરી, ચારે પાસ જુલમ વર્તાવતો એક રાક્ષસ મનુષ્ય રાજ્ય કરતો હતો. એનું નામ કંસ. કંસ સમયમૂર્તિ હતો; રાજ્યસત્તાની સ્વાર્થમૂર્તિનું તે પ્રતિબિંબ હતો. કંસનું બૃહદ્ સ્વરૂપ તે કૌરવો; કંસનું કલામય સ્વરૂપ તે કૌરવો. જગત ઝંખતું હતું કે સ્વાર્થી રાજ્યસત્તાનો નાશ થાય. પછી તે રાજ્યસત્તા નિષ્ઠુરપણે સ્વાર્થપ્રદર્શન કરતી હોય કે પાસાબાજીઓ ખેલી સ્વાર્થને ઢાંકી રૂપાળાં રમકડાં રમાડતી હોય. એક મહાન કિશોર યમુનાકિનારે વેણુ વગાડતો ઊભો થયો. એ કુમારે કંસને માર્યો. કૌરવો તોયે ન સમજ્યા. અંતે વગર શસ્ત્રે એણે મહાભારત ગોઠવ્યું અને મદાંધ રાજ્યસત્તાને માટી ભેગી કરી. આમ, રઢિયાળા કુમારમાંથી કૃષ્ણ પ્રગટ્યો.

ધર્મની નિર્મળ સાદાઈને સ્થાને કર્મકાંડના આડંબરની પ્રતિષ્ઠા સ્થપાઈ. આત્મસમર્પણને બદલે પરાયાં બલિદાન માન્ય ગણાયાં. ધર્માંધોએ જ્ઞાનધ્યાનને સ્થળે વાચારહિત પશુઓને મારવા-બાળવામાં ધર્મરક્ષા માની. બળતાં પ્રાણીઓના અણુઅણુને વાચા થઈ. તેમના પોકારે એક કુમાર પ્રગટાવ્યો. એ કુમાર રાજકુમાર હતો. તેણે રાજ્યને ઠોકર મારી, વૈભવને તિલાંજલિ આપી, મા-બાપ અને પુત્રપત્નીને અળગાં કર્યાં અને આડંબરી ધર્મહુતાશ હોલવી જગતભરમાં અહિંસા પરમો ધર્મઃ એ સૂત્રનું શિક્ષણ ફેલાવ્યું. રાજકુમારમાંથી મહાદયાળુ, મહાજ્ઞાની બુદ્ધ વિકસી આવ્યા.

નાનકડા ગ્રીસના એક નાના વિભાગનો રાજા ફિલિપ. અશ્વ એ રાજ્યકર્તાઓનું સનાતન વિજયચિહ્ન. અશ્વપૂજા એટલે વિશ્વવિજયની ભાવનાનું પૂજન. મહારાજા ફિલિપનો અશ્વ કોઈનું નિયમન માને નહીં ને કોઈને બેસવા દે નહીં. ભલભલા નામચીન સવારો એ અશ્વ આગળ હારી ગયા. એવે મેદાનમાંથી એક કુમાર નકળી આવ્યો. રાજા ફિલિપનો જ તે કુમાર. સૌએ તેને વાર્યો. પરંતુ વારવાથી દૂર બેસી જાય એ તો વૃદ્ધત્વ, કૌમાર નહીં. ભયને હસતો કુમાર આગળ ધસ્યો. અશ્વને પકડી તેણે તેના ઉપર આરોહણ કર્યું. એ અશ્વારોહી કુમાર જગજ્જેતા સિકંદર તરીકે અમર થયો.

પેલું કોણ શાળામાં રમતી વખતે બરફના કિલ્લાઓ બાંધી મોરચા ગોઠવે છે ? એ તો કુમાર નેપોલિયન. વનવાસી ભીલ બાળકોની ટુકડીઓ પાડી યુદ્ધના દાવ રમતા પેલા બીજા કુમારને જોયો ? એ કુમાર વનરાજ. અને મહાભારતની વાતો વંચાવી પ્રેરણા પીતો ભાવિ હિંદુ હિંદનાં ઘડતર ઘડતો પેલો ત્રીજો કુમાર શિવાજી. કુમાર નેપોલિયન યુરોપ ધ્રુજાવતો જગતમાન્ય સેનાપતિ બની ઇતિહાસમાં અમર થયો. કુમાર વનરાજે પરદેશી ચાલુક્યોને હરાવી ગુજરાતને સ્વતંત્ર કર્યું. ચારે પાસ જકડી રહેલી મુસ્લિમ સત્તાના બંધ હચમચાવી, વચમાંથી એક મહાન હિંદુ રાજ્ય કોરી કાઢી, મુગલાઈ સમી સમર્થ સત્તાને ઊથલાવી નાખનારી હિંદુ-સત્તાના ઉત્પાદક મહાન શિવાજીએ કુમાર શિવાજીમાંથી જ ખીલી નીકળ્યો.

કુમારમાંથી શું શું ન નીપજે ? કુમાર એ શક્યતાઓનો અખૂટ ભંડાર છે. જગતે જે માગ્યું તે કુમારોએ આપ્યું. કુમાર એ ભૂતકાળનો વારસ છે એ ખરું. પરંતુ બાપદાદાની મિલકત ઉપર બેઠો રહી મોજમજા કરનાર શક્તિહીન વારસ માત્ર નહીં. તે ભાવિનો સમર્થ

યોજક પણ છે. ભાવિની મહોલાતનો મધ્યસ્તંભ છે.

ઊકળતા પાણીની વરાળ ચાદાનીના ઢાંકણાને નચાવતી હતી. એક કુમાર એ વરાળનૃત્યને બેઠો બેઠો નીરખી રહ્યો હતો. એણે ધીમે ધીમે વરાળ સાથે દોસ્તી બાંધી એ મહાશક્તિને પાળી. એકાએક માનવી જાદુગર બની ગયો. વરાળે માનવીને આગગાડી આપી, આગબોટ આપી, કારખાનાં આપ્યાં. ચાલતું જગત દોડતું બની ગયું. જગતને એ વરાળશક્તિની ભેટ આપનાર બીજો કોઈ જ નહીં પણ કુમાર જેમ્સ વૉટ હતો.

વીજળી આકાશમાં દોડતી નાચતી હતી. તેનાં 'ઝબક નર્તન' માનવીને ભય પમાડતાં હતાં. બિહામણું હસતી એ મહાશક્તિ મૃત્યુવાહક હતી. એટલું જ ભયભીત માનવી જાણતો હતો. એ શક્તિ એક કુમાર ઉપર પ્રસન્ન થઈ. પતંગ ઉડાડતા એ રમતિયાળ કુમાર જોડે રમવા તે પતંગની દોરીમાં ઊતરી આવી. કુમારે તેને ઓળખી; તેની આરાધના કરી. આજ જગતમાં વીજળી યુગ પ્રવર્તે છે. પૃથ્વીને એક છેડે બોલતા માનવીને બીજે છેડે ઊભેલો માનવી તે જ ક્ષણે સાંભળી શકે છે. વિલાયતમાં ચાલુ થતાં સંગીત ચીનમાં સંભળાય છે. માનવીના બોલને ચિરંજીવી બનાવી શકાય છે. તેનાં હલનચલનને જગતવ્યાપી બનાવી શકાય છે; એટલું જ નહીં પણ મૃત્યુસૂચક એ શક્તિના મૃત્યુનિવારક ગુણોની પણ ઝાંખી થવા લાગી છે. આવતી એ વીજળી જગતમાં જાણીતી થઈ એક કુમારને લીધે. એ કુમાર બેન્જામિન ફ્રેંક્લિનનો આભાર જગત જુગજુગ સુધી નહીં ભૂલે. વરાળથી યે મોટો જાદુ એ કુમારે જગતને ચરણે ધર્યો.

કુમારમાંથી જ વીરસેનાની થયા છે; સેનાપતિ નીપજ્યા છે. ચક્રવર્તી બન્યા છે. કુમારમાંથીતચ જ ફિલસૂફ, સાહિત્યકારક ઉદ્ભવ્યા છે. વિજ્ઞાનવિદ્ શાસનર અને પયગંબર કુમારોમાંથી જ પ્રગટ્યા છે. કુમાર એ જગતનો સાચો સૈનિક, સાચો સેવક અને સલાહકાર છે. કુમાર દ્વારા જગતે જે જે મેળવ્યું છે. તેનો વિચાર કરતાં જગતે કુમાર પ્રત્યે પૂજ્યભાવ કેળવવો જોઈએ. કેટકેટલી વાર જગતનો તારણહાર કુમારમાંથી નીકળી આવ્યો છે ?

(૧૦૦)

જો

જો, તારી સંગાથના સૌકોઈ પોતાના મગજ ઉપરનો કાબૂ ખોઈ બેસે અને તેનો દોષ તારે શિર ઓઢાડે તેવે સમયે પણ, તું તારા મગજ પર કાબૂ રાખી શકતો હો;

તારે માટે બધા વહેમાતા હોય ત્યારે એમના એ વહેમને લેખવતો છતાં પણ જો તું તારા આત્મવિશ્વાસને અડગપણે જાળવી શકતો હો; જો તું ધીરજ ધારણ કરી શકતો હો અને તેમ કરવામાં જરા પણ કંટાળતો ન હો;

તારા વિષે ભલે ગમે તેવાં જુઠાણાં ફેલાવતાં હોય છતાં પણ જો તું પોતે હરગીઝ અસત્ય સેવન ન કરતો હો;

બીજાઓ તને ધિક્કારતા છતાં ધિક્કારની એ લાગણીને જો તું ઘોળીને પી જઈ શકતો હો; અને આ બધું છતાં યે દેખાવમાં બહુ ભલો કે વાતચીતમાં બહુ ડાહ્યો હોવાનો તું ડોળ ન કરતો હો;

જો તું સ્વપ્નસેવી હો છતાં સ્વપ્નોનો ગુલામ ન બનતો હો;

તુ મનન કરી શકતો હો પણ માત્ર મનનને જ ધ્યેય બનાવી બેસી ન રહેતો હો;

જો વિજય તેમજ પરાજયને ભેટવા છતાં પણ તું તારા માનસિક સ્થૈર્યને જાળવી શકતો હો;

તારા ઉચ્ચારેલાં સત્યોને વિકૃત સ્વરૂપમાં રજૂ કરી એ દ્વારા મૂર્ખાઓને ફસાવવાના થતા પ્રયત્નોને જો તું સાંખી શકતો હો;

અથવા જે ચીજોની સિદ્ધિ માટે તેં તારું જીવન આપ્યું હોય તેને કકડભૂસ થતી જોઈ શકતો હો, અને છતાં તરત તારા હારેલાં હથિયાર સંભાળી લઈ તે સિદ્ધ કરવા ફરી તૈયાર હો;

જો તારી સઘળી પ્રાપ્તિઓ અને સિદ્ધિઓનો ઢગલો કરી દઈને તું ચડતી-પડતીના કોઈ ચક્રાવામાં એ બધું હોમવા ને ગુમાવવા તૈયાર હો; અને પછી એ નુકસાન વિના ફરી એકડે એકથી શરૂ કરીને ઉત્સાહપૂર્વક તું મંડ્યો રહેતો હો;

તારા દેહ અને દિલની બધી શક્તિ ખતમ થઈ ગયા પછી પણ તું જો તારું કર્તવ્ય બજાવ્યે જઈ શકતો હો; અને એમ 'મથ્યે જ જા' એવું પડકારનારા પ્રબલ સંકલ્પબળ વિના તારામાં કાંઈ જ બાકી ન રહ્યું હોય એવે સમયે પણ તું મચ્યો રહી શકતો હોતો;

જો જનતાની સાથે ભળવા છતાં પણ તું તારાપણું જાળવી શકતો હો, અને મોટા મહારાજાઓના સંબંધમાં આવવા છતાં પણ જનસમૂહથી અળગો ન પડી જતો હો;

જો કટ્ટા દુશ્મનો કે હેતાળ મિત્રો તને કશી ઈજા ન પહોંચાડી શકતા હો;

જો સર્વ મનુષ્યો તારા સહવાસમાં આવી શકતા હોય છતાં પણ એનો અતિરેક ન થતો હોય; જો તું તારા વખતનો કડક હિસાબ રાખી પળેપળને કામથી ભરચક રાખી શકતો હો;

તો, હે પુત્ર !

આ આખી યે પૃથ્વી અને તેની અંદરની સઘળી વસ્તુઓ તારી જ છે; અને – ખરું તો એ કે – તો જ તું સાચો સંપૂર્ણ મનુષ્ય બનીશ.

(૪૪૬)

મૂળ રડિયાર્ડ કિપ્લિંગ પરથી અનુવાદક-ત્રિભુવન વી. હેમાણી